View metadata, citation and similar papers at core.ac.uk

brought to you by CORE

provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Palan, Jagruti M., 2009, "*કાયદાનો આંતર વિષયક અભ્યાસ વૈષ્ણવ સંપ્રદાયના સંદર્ભમાં*", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/741

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# LEGAL AID CLINIC : IN GUJARAT PROBLEMS AND PROSPECTS

## કાનૂની સહાય કેન્દ્ર : ગુજરાતમાં સમસ્યાઓ અને સંભાવનાઓ

(કાયદા વિદ્યાશાખામાં પીએચ.ડી.ની પદવી માટે રજૂ થયેલ સંશોધન લેખ)


**સંશોધક**

**મેવાડા દિલીપકુમાર અમૃતલાલ**

બી.એ.એમ.એસ., એલએલ.એમ.

**સિધ્ધાર્થ લૉ કોલેજ, ગાંધીનગર.**

**માર્ગદર્શક**

**ડૉ. ડી. ડી. ધામેલિયા**

એમ.એ., એલએલ.એમ., પીએચ.ડી.

**ભૂતપૂર્વ પ્રોફેસર**

**કાયદા ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ**



**કાયદા ભવન**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**

**રાજકોટ–૩૬૦ ૦૦૫**

**નોંધણી નંબર : ૨૪૯૩** **તારીખ: ૦૯–૦૬–૨૦૦૦**

# LEGAL AID CLINIC : IN GUJARAT PROBLEMS AND PROSPECTS

# કાનૂની સહાય કેન્દ્ર : ગુજરાતમાં સમસ્યાઓ અને સંભાવનાઓ

(કાયદા વિદ્યાશાખામાં પીએચ.ડી.ની પદવી માટે રજૂ થયેલ સંશોધન લેખ)

**સંશોધક**

**મેવાડા દિલીપકુમાર અમૃતલાલ**

બી.એ.એમ.એસ., એલએલ.એમ.

**સિધ્ધાર્થ લૉ કોલેજ, ગાંધીનગર.**

**માર્ગદર્શક**

**ડૉ. ડી. ડી. ધામેલિયા**

એમ.એ., એલએલ.એમ., પીએચ.ડી.

**ભૂતપૂર્વ પ્રોફેસર**

**કાયદા ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ**

**કાયદા ભવન**

# LEGAL AID CLINIC : IN GUJARAT PROBLEMS AND PROSPECTS

# કાનૂની સહાય કેન્દ્ર : ગુજરાતમાં સમસ્યાઓ અને સંભાવનાઓ

(કાયદા વિદ્યાશાખામાં પીએચ.ડી.ની પદવી માટે રજૂ થયેલ સંશોધન લેખ)


**સંશોધક**

**મેવાડા દિલીપકુમાર અમૃતલાલ**

બી.એ.એમ.એસ., એલએલ.એમ.

**સિધ્ધાર્થ લૉ કોલેજ, ગાંધીનગર.**

**માર્ગદર્શક**

**ડૉ. ડી. ડી. ધામેલિયા**

એમ.એ., એલએલ.એમ., પીએચ.ડી.

**ભૂતપૂર્વ પ્રોફેસર**

**કાયદા ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ**



**કાયદા ભવન**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**

**રાજકોટ–૩૬૦ ૦૦૫**

નોંધણી નંબર : ૨૪૯૩ તારીખ: ૦૯–૦૬–૨૦૦૦

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી મેવાડા દિલીપકુમાર અમૃતલાલ એ મારા માર્ગદર્શન અને સલાહ સૂચના પ્રમાણે 'કાનૂની સહાય કેન્દ્ર : ગુજરાતમાં સમસ્યાઓ અને સંભાવનાઓ' શીર્ષકવાળો સંશોધન અધ્યયન 'કાયદા' વિષયમાં પી એચ.ડી. પદવી માટે તૈયાર કર્યો છે.

વિશેષમાં સંશોધકે રજુ કરેલ સંશોધન કે તેનો કોઈ અંશ મારા જાણવા તથા માનવા પ્રમાણે આ હેતુ સિવાય, બીજા કોઈ હેતુ, પદવી કે સનદ્ માટે રજુ કર્યો નથી. તે સંશોધનકર્તાએ મારા માર્ગદર્શન અને દેખરેખ હેઠળ કરેલ સંશોધનના કાર્યનું પરિણામ છે.

સ્થળ : રાજકોટ

તારીખ :૦૭–૦૬–૨૦૦૭

ડૉ. એન.કે.ઈન્દ્રાયન
અધ્યક્ષ
કાયદા ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ–૩૬૦ ૦૦૫

ડૉ. ડી.ડી.ધામેલિયા
ભૂતપૂર્વ પ્રોફેસર
કાયદા ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ–૩૬૦ ૦૦૫

# નિવેદન

વર્તમાન સંશોધનનું શીર્ષક "કાનૂની સહાય કેન્દ્ર : ગુજરાતમાં સમસ્યાઓ અને સંભાવનાઓ" છે.

આ એક મૌલિક સંશોધન અધ્યયન છે. આના દ્વારા ગુજરાત, કે જે કાનૂની સલાહ અને સહાયમાં સમગ્ર રાષ્ટ્રમાં અગ્રેસર અને પથદર્શક છે. તેમાં વિશ્વના સૌ પ્રથમ અને એક માત્ર ચોવીસ કલાક ચાલતા કાનૂની સહાય કેન્દ્ર વિશે, તે અંગેની કેટલીક સમસ્યાઓ અને સંભાવનાઓની તથા તે દ્વારા સામાજિક ન્યાયની પ્રાપ્તિ માટે ભરાયેલ અને પ્રાપ્ત થયેલા ધારાકીય તેમજ ન્યાયિકપગલાંઓ તથા પ્રયાસોનું વિશ્લેષ્ણાત્મક રીતે અધ્યયન કરવામાં આવ્યું છે.

કાનૂની સહાય ક્ષેત્રમાં કામ કરતા સર્વે જેવાં કે, પેરાલિગલ્સ વર્કસ (કાયદાના સહાયકો), સંશોધનકર્તાઓ, વકીલો, સામાજિક તેમજ રાજકીયક્ષેત્રમાં કાર્યરત વ્યકિતઓ તથા તજજ્ઞો માટે અને સૌથી વધુ તો તેનાથી લાભ મેળવનારાઓને આ વર્તમાન સંશોધન આ વિષયની અદ્યતન અને સુક્ષ્માતિસુક્ષ્મ માહિતી તથા જ્ઞાન પુરૂ પાડશે.

આ અધ્યયનના સંશોધનકારે આ સંશોધનના સંદર્ભમાં આ કે અન્ય કોઈ યુનિવર્સિટી દ્વારા કોઈ પ્રમાણપત્ર પદવી કે વિશિષ્ટતા આ પુર્વે ગ્રહણ કર્યા નથી અને આ ક્ષેત્રનું તેમનું આ પહેલું અધ્યયન અને સંશોધન છે.

સ્થળ : રાજકોટ
તારીખ:૦૭–૦૬–૨૦૦૭

મેવાડા દિલીપકુમાર અમૃતલાલ
(સંશોધકનું નામ)

**અનુક્રમણિકા**

| પ્રકરણ નંબર | વિષય | પાન નંબર |
|---|---|---|
| | **પ્રમાણપત્ર** | |
| | **આમુખ** | |
| **પ્રકરણ – ૧** | **પ્રારંભિક** | **1-48** |
| | ૧.૧ સામાજિક ન્યાય : સમયની આવશ્યકતા | **09** |
| | ૧.૨ કાયદાનું શાસન : ન્યાયના પાયા તરીકે | **24** |
| | ૧.૩ કાયદા સમક્ષ સમાનતા | **30** |
| | ૧.૪ સમાન ન્યાય | **36** |
| | ૧.૫ ઝડપી અને અસરકારક ન્યાય | **37** |
| | ૧.૬ મફત અને સક્ષમ ન્યાય | **47** |
| **પ્રકરણ – ૨** | **કાનૂની સહાયનો ખ્યાલ અને ઐતિહાસિક વિકાસ** | **49-143** |
| | ૨.૧. કાનૂની સહાયનો ખ્યાલ અને વ્યાખ્યા | **49** |
| | ૨.૨. કાનૂની સહાયની ઐતિહાસિકપ્રશ્ચાત ભૂમિકા | **65** |
| | ૨.૩ આંતરરાષ્ટ્રિય | **66** |
| | ૨.૩(૧) કાનૂની સહાય અને રાષ્ટ્રસંઘ | **68** |
| | ૨.૩(૨) સંયુકત રાષ્ટ્રસંઘનું હકકપત્રક | **69** |
| | ૨.૩(૩) માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા | **70** |
| | ૨.૩(૪) માનવ અધિકારોના રક્ષણ માટેની યુરોપીય સમજૂતિ | **73** |
| | ૨.૩(૫) સંયુકત રાષ્ટ્ર સંમેલન – ૧૯૬૫ | **74** |
| | ૨.૩(૬) દિવાની અને રાજકિય અધિકારોની આંતરરાષ્ટ્રિય સમજૂતિ – ૧૯૬૬ | **74** |
| | ૨.૩(૭) શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો અંગેની આંતરરાષ્ટ્રિય સમજૂતિ–૧૯૬૬ | **75** |
| | ૨.૩(૮) માનવઅધિકારો ઉપર અમેરિકાની સમજૂતિ – ૧૯૬૯ | **76** |
| | ૨.૩(૯) તહેરાન સમજૂતિ – ૧૯૬૭ | **76** |
| | ૨.૩(૧૦) આંતરરાષ્ટ્રિય કાનૂની સહાય સમિતિ | **78** |
| | ૨.૩.૧ ઈંગ્લેંડ | **79** |
| | ૨.૩.૧(૧) ધિ પુઅર પર્સન્સ પ્રોસીજર– ૧૯૧૪ | **83** |
| | ૨.૩.૧(૨) ધિ રસકલીફ સમિતિ | **86** |
| | ૨.૩.૧(૩) લિગલ એઈડ એન્ડ એડવાઈસ એકટ, ૧૯૪૯ | **87** |
| | ૨.૩.૧(૪) દિવાની દાવાઓમાં કાનૂની સહાય | **88** |

| પ્રકરણ નંબર | | વિષય | પાન નંબર |
|---|---|---|---|
| | | ૨.૩.૧(૫) ફોજદારી કેસોમાં કાનૂની સહાય | **90** |
| | ૨.૩.૨ | અમેરિકા | **91** |
| | | ૨.૩.૨(૧) ઈકોનોમિક ઓપરચ્યુનીટી એકટ, ૧૯૬૪ | **93** |
| | | ૨.૩.૨(૨) ધિ ઈકવલ એસેસ ટુ જસ્ટિસ એકટ, ૧૯૮૦ | **93** |
| | | ૨.૩.૨(૩) અપરાધિક બાબતોમાં કાનૂની સહાયતા | **94** |
| | ૨.૩.૩ | કેનેડા | **98** |
| | ૨.૪ | અન્ય દેશો | **99** |
| | | ૨.૪(૧) રોમ | **100** |
| | | ૨.૪(૨) આર્જેન્ટિના | **101** |
| | | ૨.૪(૩) અલ્જીરીયા | **101** |
| | | ૨.૪(૪) ઓસ્ટ્રેલિયા | **102** |
| | | ૨.૪(૫) ડેનમાર્ક | **103** |
| | | ૨.૪(૬) ચીલી | **104** |
| | | ૨.૪(૭) કોલંબીયા | **104** |
| | | ૨.૪(૮) સ્કોટલેન્ડ | **105** |
| | | ૨.૪(૯) ફિનલેન્ડ | **105** |
| | | ૨.૪(૧૦) ફ્રાન્સ | **105** |
| | | ૨.૪(૧૧) ફેડરલ રિપબ્લીક ઓફ જર્મની | **106** |
| | | ૨.૪(૧૨) હોંગકોંગ | **106** |
| | | ૨.૪(૧૩) ઈન્ડોનેશીયા | **107** |
| | | ૨.૪(૧૪) ઈટાલી | **107** |
| | | ૨.૪(૧૫) જાપાન | **107** |
| | | ૨.૪(૧૬) કોરીયા | **108** |
| | | ૨.૪(૧૭) મલેશીયા | **108** |
| | | ૨.૪(૧૮) મેકિસકો | **108** |
| | | ૨.૪(૧૯) નેધરલેન્ડ | **109** |
| | | ૨.૪(૨૦) નોર્વે | **109** |
| | | ૨.૪(૨૧) પેરૂ | **109** |
| | | ૨.૪(૨૨) ફીલીપાઈન્સ | **109** |
| | | ૨.૪(૨૩) પોલેન્ડ | **109** |
| | | ૨.૪(૨૪) સ્પેન | **110** |
| | | ૨.૪(૨૫) થાઈલેન્ડ | **110** |
| | | ૨.૪(૨૬) શ્રીલંકા | **110** |
| | | ૨.૪(૨૭) સ્વીડન | **110** |

| | | |
|---|---|---|
| | ૨.૪(૨૮) આંતરરાષ્ટ્રિય કાનૂની સહાય ડીરેકટરી | **111** |
| **પ્રકરણ નંબર** | **વિષય** | **પાન નંબર** |
| | ૨.૫ ભારત | **113** |
| | ૨.૫.૧ વૈદિક–કૌટિલ્ય–મુસ્લિમ–બ્રિટિશ સમય | **115** |
| | ૨.૫.૧(૧) વૈદિક યુગ | **115** |
| | ૨.૫.૧(૨) કૌટિલ્યનો સમયગાળો | **118** |
| | ૨.૫.૧(૩) મુસ્લિમ સમયગાળો | **120** |
| | ૨.૫.૧(૪) ભારતમાં કાનૂની સહાયની ઉત્પતિ અને વિકાસ | **124** |
| | ૨.૫.૧(૫) બોમ્બે કમિટી ૧૯૪૯ | **126** |
| | ૨.૫.૧(૬) પશ્ચિમ બંગાળ સમિતિ ૧૯૪૯ | **130** |
| | ૨.૫.૧(૭) લૉ કમિશનનો ૧૪મો અહેવાલ, ૧૯૫૮ | **133** |
| | ૨.૫.૧(૮) ગુજરાત સમિતિ, ૧૯૭૦ | **138** |
| | ૨.૫.૧(૯) નિષ્ણાતોની સમિતિ | **139** |
| | ૨.૫.૧(૧૦) જયુડીકેચર સમિતિ | **142** |
| **પ્રકરણ – ૩** | **ભારતમાં બંધારણીય અને અન્ય ધારાકીય જોગવાઈઓ** | **144-249** |
| | ૩.૧ બંધારણીય જોગવાઈઓ તથા બેંતાલીસમો બંધારણીય સુધારો | **144** |
| | ૩.૧(૧) સામાન્ય જોગવાઈઓ | **154** |
| | ૩.૧(૨) રાજયનિતીના માર્ગદર્શક સિદ્ધાંતો તરીકે | **158** |
| | ૩.૧(૩) મૂળભૂત હકક તરીકે | **159** |
| | ૩.૨ અન્ય કાયદાઓ | **165** |
| | ૩.૨(૧) કાનૂની સહાય અને ફોજદારી કાર્યવાહી ધારો | **165** |
| | ૩.૨(૨) કાનૂની સહાય અને દિવાની કાર્યવાહી ધારો | **171** |
| | ૩.૨(૩) બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એકટ | **175** |
| | ૩.૩ અદાલતી ચુકાદાઓ | **176** |
| | ૩.૪ કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ, ૧૯૮૭ | **188** |
| | ૩.૫ અન્ય રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશો | **239** |
| | ૩.૫(૧) આંધ્ર પ્રદેશ | **240** |
| | ૩.૫(૨) અરૂણાચલ પ્રદેશ | **240** |
| | ૩.૫(૩) આસામ | **240** |
| | ૩.૫(૪) બિહાર | **241** |
| | ૩.૫(૫) રાજસ્થાન | **241** |

| | | |
|---|---|---|
| | ૩.૫(૬) હરિયાણા | 242 |
| **પ્રકરણ નંબર** | **વિષય** | **પાન નંબર** |
| | ૩.૫(૭) હિમાચલ પ્રદેશ | 242 |
| | ૩.૫(૮) જમ્મુ અને કાશ્મિર | 242 |
| | ૩.૫(૯) કર્ણાટક | 242 |
| | ૩.૫(૧૦) કેરલ | 243 |
| | ૩.૫(૧૧) મધ્ય પ્રદેશ | 243 |
| | ૩.૫(૧૨) મહારાષ્ટ્ર | 244 |
| | ૩.૫(૧૩) મણીપુર | 244 |
| | ૩.૫(૧૪) મેઘાલય | 245 |
| | ૩.૫(૧૫) મીઝોરમ | 245 |
| | ૩.૫(૧૬) નાગાલેન્ડ | 245 |
| | ૩.૫(૧૭) ઓરિસ્સા | 245 |
| | ૩.૫(૧૮) પંજાબ | 246 |
| | ૩.૫(૧૯) સિક્કિમ | 246 |
| | ૩.૫(૨૦) તામિલનાડુ | 246 |
| | ૩.૫(૨૧) ઉત્તર પ્રદેશ | 247 |
| | ૩.૫(૨૨) પશ્ચિમ બંગાળ | 247 |
| | ૩.૫(૨૩) આંદામાન નિકોબાર | 247 |
| | ૩.૫(૨૪) ચંદિગઢ | 247 |
| | ૩.૫(૨૫) દાદરા અને નગર હવેલી | 248 |
| | ૩.૫(૨૬) દિલ્હી | 248 |
| | ૩.૫(૨૭) ગોવા, દમણ અને દિવ | 248 |
| | ૩.૫(૨૮) લક્ષ્યદિપ | 248 |
| | ૩.૫(૨૯) પોંડીચેરી | 248 |
| **પ્રકરણ – ૪** | **કાનૂની સહાય કેન્દ્ર** | **250-296** |
| | ૪.૧ ક્લિનિક (કાનૂની સહાય કેન્દ્ર)નો ખ્યાલ અને ઐતિહાસિક વિકાસ | 250 |
| | ૪.૨ ન્યાયિક ક્રિયાશિલતા | 250 |
| | ૪.૩ કાનૂની સહાય કેન્દ્રનો અર્થ | 255 |
| | ૪.૪ કાનૂની સહાય કેન્દ્ર માળખું | 260 |
| | ૪.૫ અભિવર્ધક/પ્રોત્સાહક–રક્ષણાત્મક | 261 |
| | ૪.૫.૧ નિવારક પદ્ધતિ | 261 |
| | ૪.૫.૧(૧) કાનૂની સલાહ | 263 |
| | ૪.૫.૧(૨) કાનૂની શિક્ષણ | 264 |
| | ૪.૫.૧(૩) પ્રતિનિધિત્વ અથવા ગરીબ પક્ષીય નિરૂપણ | 264 |

| | | |
|---|---|---|
| | ૪.૫.૨ સારવારલક્ષી પદ્ધતિ | **264** |
| **પ્રકરણ નંબર** | **વિષય** | **પાન નંબર** |
| | ૪.૬ કાનૂની સહાયના માધ્યમો | **265** |
| | ૪.૬.૧ શાળાઓ | **265** |
| | ૪.૬.૨ કોલેજો | **267** |
| | ૪.૬.૩ યુનિવર્સિટી | **283** |
| | ૪.૬.૪ વકીલો | **284** |
| | ૪.૬.૫ ન્યાયાધીશો | **294** |
| | ૪.૬.૬ બિન સરકારી સંસ્થાઓ | **294** |
| | ૪.૬.૭ સરકારી સત્તામંડળો | **295** |
| **પ્રકરણ – ૫** | **કાનૂની સહાય ગુજરાતમાં** | **297-416** |
| | ૫(૧) ગુજરાત પરિચય | **297** |
| | ૫.૧ સ્વાતંત્ર્ય પૂર્વે અને સ્વાતંત્ર્ય પશ્ચાત | **303** |
| | ૫.૧(૧) ગુજરાત રાજયમાં ભગવતી કમિટિની રચના | **306** |
| | ૫.૧(૨) ભગવતી કમીટિનો અહેવાલ | **308** |
| | ૫.૧(૩) ગુજરાતમાં ભગવતી કમીટિના રિપોર્ટનો અમલ | **310** |
| | ૫.૨ ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ | **312** |
| | ૫.૨(૧) ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડની રચના | **312** |
| | ૫.૨(૨) ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડનું માળખું | **313** |
| | ૫.૨(૩) ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડની પ્રવૃત્તિ | **315** |
| | ૫.૨(૪) કાનૂની સહાય અને સલાહ ક્ષેત્રે | **316** |
| | ૫.૨(૪)(૧) કાનૂની સહાય અને સલાહ મેળવવા માટે | **318** |
| | ૫.૨(૪)(૨) કાનૂની શિક્ષણ શિબિર ક્ષેત્રે | **322** |
| | ૫.૩ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ | **327** |
| | ૫.૩(૧) ગુજરાત રાજયમાં લિગલ સર્વિસીઝ ઓથોરિટીઝ એકટ, ૧૯૮૭ નો અમલ | **327** |
| | ૫.૩(૨) ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળની રચના | **329** |
| | ૫.૩(૩) ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળનું માળખું | **330** |

| | | |
|---|---|---|
| | ૫.૩(૪) ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળની પ્રવૃત્તિ | 331 |
| **પ્રકરણ નંબર** | **વિષય** | **પાન નંબર** |
| | ૫.૪ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ અને નિયમનો કાનૂની સહાય અને લિગલ સર્વિસીઝ ઓથોરિટીઝ એકટ–૧૯૮૭ | 334 |
| | ૫.૫ કાયમી કાનૂની સહાય કેન્દ્ર | 342 |
| | ૫.૫.૧ વિશ્વનું પ્રથમ ચોવીસ કલાક કાર્યરત સહાય કેન્દ્ર | 342 |
| | ૫.૬ સંસ્થાગત માળખું | 362 |
| | ૫.૭ વૈકલ્પિક તકરાર નિવારણ પદ્ધતિ | 368 |
| | ૫.૮ વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યો | 373 |
| | ૫.૮.૧ કિલનિકની પ્રાપ્તિઓ | 376 |
| | ૫.૮.૨ વિભાગો અને સેલ (એકમ) | 380 |
| | ૫.૮.૩ સામાન્ય સેલ | 384 |
| | ૫.૮.૪ મહિલા સેલ | 392 |
| | ૫.૮.૫ જવાન સેલ | 402 |
| | ૫.૮.૬ જેલ સેલ | 402 |
| | ૫.૮.૭ ભૂકંપ સેલ | 404 |
| | ૫.૮.૮ મોબાઈલ યુનિટ (ન્યાયરથ) | 407 |
| | ૫. ૯ કાનૂની સહાય કેન્દ્રની પ્રાપ્તિઓ | 408 |
| **પ્રકરણ – ૬** | **સમસ્યાઓ અને સંભાવનાઓ** | **417-433** |
| | ૬.૧ યુનિવર્સિટી | 418 |
| | ૬.૨ વકીલો | 419 |
| | ૬.૩ ન્યાયાધીશો | 421 |
| | ૬.૪ બિન–સરકારી સંસ્થાઓ (એન.જી.ઓ.) | 425 |
| | ૬.૫ સરકારી સંસ્થાઓ | 426 |
| | ૬.૬ લાભાર્થીઓના સંદર્ભે | 428 |
| **પ્રકરણ – ૭** | **પ્રશ્નોત્તરી – નિષ્કર્ષ** | **434-477** |
| **પ્રકરણ – ૮** | **ઉપસંહાર અને સૂચનો** | **478-512** |
| | **દાવા સૂચિ** | **513-516** |
| | **સંદર્ભ સૂચિ** | **517-524** |
| | **ક. પુસ્તકો** | **517** |
| | **ખ. અહેવાલ** | **520** |
| | **ગ. લેખ** | **521** |
| | **ઘ. સમાચાર–પત્રો અને સામાયિકો** | **522** |

| | | |
|---|---|---|
| | **ચ. કાયદાઓ અને નિયમો** | **524** |
| | **પરિશિષ્ટ** | **525-601** |


## પરિશિષ્ટ


| પરિશિષ્ટ નંબર | વિષય | પાન નંબર |
|---|---|---|
| પરિશિષ્ટ–૧ | કાનૂની સહાય અથવા સલાહ મેળવવા માટેની અરજીનો નમૂનો | **252** |
| પરિશિષ્ટ–૨ | કાનૂની સહાય કેન્દ્ર દ્વારા, વકીલ મિત્રને મોકલવામાં આવતી યાદી | **256** |
| પરિશિષ્ટ–૩ | ગુજરાત રાજય કાનૂની સહાય કેન્દ્ર દ્વારા શરૂ કરાયેલ વિવિધ સેલના આરંભની તારીખ અને વિગતો | **527** |
| પરિશિષ્ટ–૪ | ફરિયાદ એકમમાં વર્ષવાર મળેલ અરજીઓ | **528** |
| પરિશિષ્ટ–૫ | વિવિધ સેલની માહિતી | **529-530** |
| પરિશિષ્ટ–૬ | તા.૦૧/૦૫/૨૦૦૭ સુધીમાં કાનૂની સહાય કેન્દ્ર, અમદાવાદ દ્વારા અપાયેલ કાનૂની સહાય | **531** |
| પરિશિષ્ટ–૭ | કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલ લાભાર્થીઓ માટે પ્રશ્નોત્તરી | **534** |
| પરિશિષ્ટ–૮ | કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલ વકીલો તથા સમાધાનકારીઓ માટેની પ્રશ્નોત્તરી | **540** |
| પરિશિષ્ટ–૯ | કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલ ન્યાયાધિકારીઓ માટેની પ્રશ્નોત્તરી | **545** |
| પરિશિષ્ટ–૧૦ | કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલ કન્સલ્ટન્ટની યાદી | **550** |
| પરિશિષ્ટ–૧૧ | કાનૂની સહાય કેન્દ્ર દ્વારા અપાયેલ પેરા લિગલ ટ્રેનિંગની સૂચિ | **552** |
| પરિશિષ્ટ–૧૨ | કાનૂની સહાય કેન્દ્રની મુલાકાતે આવેલ મહાનુભાવોની યાદી | **570** |
| પરિશિષ્ટ–૧૩ | સમાચાર પત્રનો અહેવાલ | **588** |
| પરિશિષ્ટ–૧૪ | ભારતના વિવિધ રાજયો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કાનૂની સહાયને લગતા અધિનિયમના અમલની તારીખ | **589-591** |
| પરિશિષ્ટ–૧૫ | કાનૂની સહાય કેન્દ્ર દ્વારા ઉજવવામાં આવતા મહત્વના દિવસોની યાદી | **592** |

| | | |
|---|---|---|
| પરિશિષ્ટ–૧૬ | કાનૂની સેવાઓ સાથે સંકળાયેલી અગત્યની તારીખો | 593 |
| પરિશિષ્ટ–૧૭ | કાનૂની સહાય કેન્દ્ર દ્વારા પ્રસિદ્ધ કરીને પ્રચાર અર્થે વહેંચણી કરાતું સાહિત્ય (નંબર : ૧ થી ૭) | 594-601 |


## આમુખ

ભારત દેશ યુગોથી ગુલામી, જાતિવાદ, કોમવાદ, ગરીબી તેમજ નિરક્ષરતા જેવા અનેક દૂષણોથી પીડાતો રહયો છે. આની સમગ્રતયા અસર સામાજિક–રાજકિય ઉપરાંત આર્થિક બાબતો ઉપર પડેલી છે. જેના પરિણામે સમાજનો મોટો ભાગ અને તેમાં પણ ખાસ કરીને નબળા વર્ગો સામાજિક અને આર્થિક ન્યાયથી વંચિત રહયા છે.

ભારતના સ્વાતંત્ર્ય સમયે રાષ્ટ્ર સમક્ષ અનેકવિધ પ્રશ્નો હતા. ભારતના નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય આપવાનો એક પ્રચંડ પડકાર હતો. બંધારણના ઘડવૈયાઓની દુરંદેશીતા તેમજ કલ્યાણ રાજય પ્રાપ્ત કરાવવાના ધ્યેયને પરીણામે ભારતની પ્રજાને સામાજિક, આર્થિક તથા રાજકીય ન્યાયની ખાત્રી આપવામાં આવી જેના પરીણામે ભારત દેશના કાયદાઓ અને ન્યાયતંત્ર સમગ્રતયા સામાજિક અને આર્થિક ન્યાયની ઉપલબ્ધી માટેના પર્યાયરૂપ બની રહયા છે. સામાજિક ન્યાય પ્રાપ્તિ માટેના પ્રયત્નો આજે પણ અવિરત પણે ચાલી રહયા છે. જેમાં ન્યાયતંત્રનો અમુલ્ય ફાળો છે.

વર્તમાન યુગની સૌથી મોટી સમસ્યા અટપટી, વિલંબકારી તથા ખર્ચાળ ન્યાયની પદ્ધતિ છે. પ્રક્રિયાત્મક તથા પુરાવાના કાયદાઓની અત્યંત જટીલતાને કારણે અદાલતી કાર્યવાહી સામાન્ય કેસમાં પણ વિલંબરૂપ બનતી જોવા મળી છે, જેના પરિણામે ન્યાય મેળવવો અતિદુષ્કર, વિલંબ અને ખર્ચાળ બની જાય છે. ન્યાયની પ્રાપ્તિને સરળ

બનાવવા તેમજ એ થકી પ્રજાને સહાયરૂપ બનવા માટે કાનૂની સહાયનો અભિગમ સ્વીકારવામાં આવ્યો છે.

કાનૂની સહાયના ખ્યાલ દ્વારા સામાજિક ન્યાય નિશ્ચિત કરવાના હેતુસર રાજય દ્વારા ધારાકીય તેમજ ન્યાયિક પ્રયાસો કરવામાં આવ્યા છે. બંધારણના મુળભૂત અધિકારો તેમજ રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની જોગવાઈઓ દ્વારા કાનૂની સહાયના પ્રાવધાનથી સામાજિક  ન્યાયની પ્રાપ્તિના પ્રયત્નો, તેને લગતા અન્ય આનુષાંગિક કાયદાઓ દ્વારા કરવામાં આવ્યા છે. લોકોને ઝડપી, સરળ અને મફત ન્યાય પ્રાપ્ત થાય તે માટે કાયદાકીય જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતમાં કાનૂની સહાય કેન્દ્ર તેને લગતી સમસ્યાઓ અને સંભાવનાઓનું અધ્યયન વર્તમાન સંશોધનનો વિષય છે.

કાનૂની સહાય કેન્દ્ર દ્વારા સમાજના નબળા વર્ગોને ઝડપી, સરળ, સક્ષમ અને મફત ન્યાય પ્રાપ્ત કરાવી શકાય કે કેમ તે આ સંશોધનની અગત્યની સમસ્યા છે. સામાજિક  ન્યાયની ભાવના તેમાં કઈ રીતે પ્રતિબિંબિત થાય છે, ઉપરાંત ભારતના બંધારણમાં એવી કઈ જોગવાઈઓ કરવામાં આવી છે કે, જે કાનૂની સહાયના ખ્યાલને અતિવ્યાપક બનાવે છે. ઉપરાંત અન્ય કાયદાઓમાં કાનૂની સહાયને સંબંધિત કયા પ્રાવધાનો છે, ઉપરાંત અન્ય દેશો તેમજ ભારતના અન્ય રાજયોમાં કાનૂની સહાયનું સ્વરૂપ કયા પ્રકારનું છે, કાનૂની સહાય કેન્દ્ર દ્વારા લોકોને કયો લાભ પ્રાપ્ત થાય છે અને કઈ સમસ્યાઓનો સામનો કરવો પડે છે. તે સમસ્યાના ઉકેલો શોધવાનો અને તે સંદર્ભમાં કાનૂની સહાય કેન્દ્રની ઉપલબ્ધિઓ દર્શાવવાનો આ સંશોધનમાં પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ સંશોધન અધ્યયનનું શિર્ષક, "કાનૂની સહાય કેન્દ્રઃગુજરાતમાં સમસ્યાઓ અને સંભાવનાઓ"(LEGAL AID CLINIC: IN GUJARAT

PROBLEMS AND PROSPECTS)છે. આ સંશોધન અધ્યયન પ્રમાણમાં નવું હોવાને કારણે અહિં PROSPECTS અર્થ, ભવિષ્યની સંભાવનાઓ એવા સંદર્ભમાં થઈ શકે. આમ સંશોધન અધ્યયનમાં કાનૂની સહાય કેન્દ્ર અંગે, ગુજરાત રાજયના સબંધમાં તેની સમસ્યાઓ અને ભવિષ્યમાં સમગ્રતયા તે કેવો આકાર લેશે,તે માટેની સંભાવનાઓ દર્શાવવામાં આવી છે. અને તે માટેના ભાવિ સંભવિત સૂચનો દર્શાવવામાં આવ્યા છે.

કાનૂની સહાય કેન્દ્ર તરીકે આ સંશોધન અધ્યયનમાં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ – કાયમી કાનૂની સહાય સેવા કેન્દ્ર છે. જે બંગલા નં. ૧૨, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪ તરીકે જાણીતું છે. તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

આ સંશોધન અધ્યયનમાં કેટલીક જગ્યાએ સંદર્ભમાં તેમજ ફૂટનોટમાં, સંદર્ભ ગ્રંથોને અંગ્રેજીમાં દર્શાવ્યા છે.તેનું કારણ એ છે કે, કાનૂની સહાય કેન્દ્ર (લીગલ એઈડ કિલનિક) અંગેનું મોટાભાગનું સાહિત્ય તથા સંદર્ભ ગ્રંથો અંગ્રેજીમાં જ ઉપલબ્ધ હોવાને કારણે, તે સ્પષ્ટ રીતે વ્યકત થાય તે માટે તેને અંગ્રેજીમાં દર્શાવવામાં આવ્યા છે.

સંશોધન કાર્ય કરવાના મુખ્ય હેતુઓ નીચે જણાવ્યા મુજબના છે.

૧. કાનૂની સહાય અંગેનો ખ્યાલ સ્પષ્ટ કરવો.

૨. કાનૂની સહાય અંગેનો ઈતિહાસ અને ક્રમિક વિકાસ તપાસવો.

૩. કાનૂની સહાય અંગેનો વિશ્વના બીજા દેશોના સંદર્ભમાં તુલનાત્મક અભ્યાસ કરવો.

૪. ભારતીય બંધારણમાં તથા અન્ય કાયદાઓમાં કાનૂની સહાય અંગેની કઈ જોગવાઈઓ કરવામાં આવી છે. તેનો છણાવટપૂર્વક અભ્યાસ કરવો.

૫. સામાજિક ન્યાયના સ્વરૂપમાં કાનૂની સહાય કેન્દ્રના કાર્ય, સ્વરૂપ તેમજ અગત્યતાનું વિશ્લેષણ કરવું.

૬. કાનૂની સહાય કેન્દ્ર અંગેનું સ્વરૂપ નકકી કરવું.

૭. કાનૂની સહાય કેન્દ્રના કાર્યો દ્વારા તેના વાસ્તવિક સ્વરૂપનો ખ્યાલ આપવો.

૮. કાનૂની સહાય કેન્દ્ર થકી મેળવેલ પરિણામો અંગે વિશ્લેષણાત્મક અભ્યાસ કરવો.

૯. કાનૂની સહાય કેન્દ્રના વિવિધ કાર્યલક્ષીપાસા જેવાં કે લોક અદાલત અને કાનૂની જાગરૂકતા શિબિર વિગેરેનું અધ્યયન કરવું.

૧૦. કાનૂની સહાયના ખ્યાલ તથા સ્વરૂપથી, કાયદાના વિદ્યાર્થીઓ, શિક્ષકગણ તથા જુનિયર વકીલોને કાનૂની પ્રત્યક્ષ શિક્ષણ પદ્ધતિનાં સંદર્ભમાં કઈ રીતે અનુકુલન સાધીને વૈકલ્પિક તકરાર નિવારણના અગત્યના સાધન વડે સામાજિક ન્યાયને સિદ્ધ કરી શકાય તેનું અધ્યયન કરવું.

૧૧. કાનૂની સહાય કેન્દ્રના કાર્યો અને તેના સ્વરૂપના સંદર્ભે પ્રજાને, વકીલો તથા તજજ્ઞોને કઈ રીતે ઉપયોગી બને શકે તે અંગેના સુચનો તૈયાર કરવા.

૧૨. કાનૂની સહાય મેળવનાર હકદાર વ્યકિત મહત્તમ લાભ કઈ રીતે પામી શકે તેનો અભ્યાસ કરવો.

વર્તમાન સંશોધન અંગેની સમસ્યાના અધ્યયન માટે ઉપરોકત હેતુઓ પૂર્ણ કરવા માટે આ સંશોધનની નીચે જણાવેલી અવધારણાઓ નકકી કરવામાં આવી છે.

૧. શું કાનૂની સહાય કેન્દ્ર દ્વારા ઝડપી ન્યાય પ્રાપ્ત થઈ શકે છે ?

૨. શું કાનૂની સહાય કેન્દ્ર દ્વારા સમક્ષ ન્યાય પ્રાપ્ત થઈ શકે છે ?

૩. શું કાનૂની સહાય કેન્દ્ર દ્વારા મફત ન્યાય પ્રાપ્ત થઈ શકે છે ?

૪. કાનૂની સહાય કેન્દ્રના વિવિધ કાર્યલક્ષીપાસાઓ દ્વારા પ્રાપ્ત પરિણામો સંદર્ભે પક્ષકારો, વકીલો તેમજ ન્યાયાધીશો શું માને છે ?

૫. કાનૂની સહાય કેન્દ્રના નિવારક અને ઉપચારાત્મક પાસાની કાર્યવાહી અને સ્વરૂપમાં ફેરફાર સુચવી શકાય તેમ છે ?

૬. કાનૂની સહાય કેન્દ્ર અંર્તગતના લોક અદાલત અને કાનૂની જાગરૂકતા શિબિરથી સામાજિક ન્યાયનો હેતુ પૂર્ણ થાય છે ?

૭. કાનૂની સહાય કેન્દ્ર વર્તમાન સંર્દભમાં વૈયકિતક તકરાર નિવારણ પદ્ધતિથી કેટલે અંશે સુસંગત છે ?

૮. કાનૂની સહાય કેન્દ્ર થકી પક્ષકારોને વાસ્તવમાં રાહત મળે છે ?

૯. કાનૂની સહાય કેન્દ્ર અંગેની સમસ્યાઓ પ્રત્યેનો અભિગમ કઈ રીતે બદલી શકાય ?

૧૦. કાનૂની સહાય કેન્દ્રની સંભાવનાઓ સામે કઈ રીતે અસરકારક રીતે પગલાં ભરી શકાય?

૧૧. શું કાનૂની સહાય કેન્દ્ર, અદાલતોના પૂરક તરીકે સંભવી શકે ?

૧૨. શું કાનૂની સહાય કેન્દ્રની જોગવાઈઓ પૂર્ણ છે ?

૧૩. શું કાનૂની સહાય કેન્દ્રની જોગવાઈઓ અસરકારક છે ?

૧૩. શું કાનૂની સહાય કેન્દ્રની જોગવાઈઓ સમાજ માટે ઉપયોગી છે ?

વર્તમાન સંશોધનના હેતુ અને સંશોધનના વ્યાપમાં રહીને તેના ઉદ્ગમસ્થાનથી અને ભારતના સંદર્ભમાં તેમાં પણ ખાસ કરીને ગુજરાતના સંદર્ભે સ્વાતંત્ર્ય પૂર્વે અને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદની કાનૂની સહાય તેમજ કાનૂની સહાય કેન્દ્રને લગતી કાયદાકીય

જોગવાઈઓ, તેની અસરો, તેને લગતી સમસ્યાઓ અને સંભાવનાઓનું અધ્યયન કરવામાં આવ્યું છે.

આ સંશોધનનો મૂળભૂત હેતુ ગુજરાત રાજયમાં કાનૂની સહાય કેન્દ્ર અંગેનો વ્યાપક અભ્યાસ અને તે થકી ગુજરાત રાજયમાં અમલમાં આવેલ કાનૂની સહાયની જોગવાઈઓનું અધ્યયન કરવામાં આવ્યું છે. ભારતના અન્ય રાજયોની કાનૂની સહાય અંગેની જોગવાઈઓનો અભ્યાસ સિમીત હેતુસર કરવામાં આવ્યો છે.

ગુજરાત રાજયમાં અમદાવાદમાં આવેલ ચોવીસ કલાક કાર્યરત કાયમી કાનૂની સહાય સેવા કેન્દ્ર અંગેનો સમગ્રતયા તેમજ તેને સંબંધી કાયદાકીય જોગવાઈઓનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે.

કાનૂની સહાય કેન્દ્ર અંગે શકય તેટલી ઉંડાણપૂર્વક વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કર્યો છે. જેના પરિણામ સ્વરૂપ કાનૂની સહાયને સબંધિત કાયદાઓ, કાનૂની સહાય કેન્દ્રના વિવિધ એકમો, તેને સંબંધિત અગત્યના ચુકાદાઓ, તેની પ્રાપ્તિઓ ને ખાસ સ્પર્શવામાં આવી છે. આ ઉપરાંત કાનૂની સહાય અંગેની વ્યાખ્યા, કાનૂની સહાયનો ખ્યાલ ઉપરાંત તેને લગતા આનુષાંગિક સિદ્ધાંતોનો પણ વિશ્લેષણાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. ખાસ કરીને ગુજરાતમાં કાનૂની સહાય કેન્દ્ર અમલમાં આવ્યા પશ્ચાત્‌વ્યવહારમાં તેની ન્યાયિક ઉપરાંત સામાજિક અસરોનું વિશ્લેષણ ટીકાત્મક અભિગમ સાથે કરીને આ અંગેની સમસ્યાઓ તથા સંભાવનાઓને સમજાવવાનો સંશોધન કર્તાનો પ્રયત્ન રહયો છે.

કાનૂની સહાય કેન્દ્ર દ્વારા સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવાના હેતુસર રાજય દ્વારા જે ધારાકીય તથા ન્યાયિક પ્રયાસ કરવામાં આવ્યા છે તેમાં મુખ્યત્વે બંધારણ દ્વારા પ્રાપ્ત કરાવાયેલા મુળભુત અધિકારો ઉપરાંત રાજયનિતીના માર્ગદર્શક સિધ્ધાંતો તેમાં પણ ખાસ કરીને અનુચ્છેદ – ૩૯ (એ) ની જોગવાઈઓ અને ત્યારબાદ કાનૂની

સહાયનો અનુચ્છેદ – ૨૧ માં મૂળભૂત અધિકાર તરીકેનો સમાવેશ આ સમગ્ર બાબતો દ્વારા કાનૂની સહાય અને કાનૂની સહાય કેન્દ્રનું મહત્વ દર્શાવવામાં આવ્યું છે.

લોકોને તેમાં પણ ખાસ કરીને સમાજના નબળા તેમજ વંચિત વર્ગોને તેમના રહેઠાણની આસપાસની જગ્યામાં જ ન્યાય પ્રાપ્ત થાય તે માટેના કાયદાઓ બનાવવામાં આવ્યા છે, તે થકી કાનૂની સહાય કેન્દ્રની કાર્યવાહી ઝડપી, સરળ અને અસરકારક બને તે માટે જે પ્રબંધો કરવામાં આવ્યા છે તેનું સમગ્રતયા અધ્યયન પણ વર્તમાન સંશોધન અંગેની વિષય વસ્તુ છે.

વર્તમાન સંશોધનનો આધાર પ્રાથમિક અને ગૌણ માહિતી અંગેની સામગ્રીના સંકલન ઉપર રહેલો છે.

માહિતીના સંકલન માટે કાનૂની સહાય કેન્દ્રની કાર્યવાહીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેમજ સકારાત્મક કે નકારાત્મક રીતે જેમને અસર થઈ હોય કે થવાની સંભાવના હોય તેવી વ્યકિતઓને સાંકળી લેવામાં આવી છે. આ તારણો મેળવવા માટે વૈજ્ઞાનિક સંશોધન પદ્ધતિના નિયમોનુસાર જુદી જુદી પ્રશ્નોત્તરી તૈયાર કરવામાં આવી છે. જેમાં કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલા ન્યાયાધીશો, વકીલો, પક્ષકારો, સામાજિક કાર્યકર્તાઓ, કાયદાના વ્યાખ્યાતાઓ તેમજ લાભાર્થીઓ વિગેરેનો સમાવેશ કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

પ્રશ્નોત્તરીની સાથે પ્રાથમિક માહિતીના સંકલન માટે સાક્ષાત્કારની પદ્ધતિનો પણ પ્રયોગ કરવામાં આવ્યો છે. પ્રશ્નોત્તરી દ્વારા વ્યકિતગત રૂપે મળીને તેમના ઉત્તરો મેળવવામાં આવ્યા છે.

આ સંશોધન કાયદાકીય તથા સામાજિક ક્ષેત્રે અત્યંત આગવું મહત્વ ધરાવે છે. કાનૂની સહાય ખ્યાલના ઉદ્ભવથી આજ પર્યંતની પ્રાપ્ય માહિતીને એકત્ર કરી તેની સંકલન કરીને તેનો તુલનાત્મક, ઐતિહાસિક, વિશ્લેષણાત્મક તથા ટીકાત્મક

અભિગમોથી અભ્યાસ કરવામાં આવ્યો છે. જે આ ક્ષેત્રથી સબંધિત સર્વેને ઉપયોગી બની રહે તેમ છે.

આ સંશોધનના નિષ્કર્ષને આધારે કાનૂની સહાય કેન્દ્રની પ્રવર્તમાન પદ્ધતિ, પ્રક્રિયા તેમજ આયોજન વગેરેમાં ફેરફારો થવાની સંભાવનાઓ છે. તેને પણ દર્શાવી છે. ગ્રંથસુચી તથા દાવાસુચી પણ આ વિષયના તજજ્ઞોને તેમજ કાયદાવિદ્દોને ઉપયોગી નીવડી શકે તેમ છે. ભવિષ્યમાં આ વિષય અંગે અન્ય સંશોધકને કાનૂની સહાય તેમજ કાનૂની સહાય કેન્દ્ર સંબંધી માહિતી પ્રાપ્ત થતા આ સંશોધન પર આધારિત નવું સંશોધન કરવું અત્યંત સરળ રહેશે.

કાનૂની સહાય તેમજ કાનૂની સહાય કેન્દ્રના અત્યંત અગત્યના પાયારુપ ગણાતા કાયદાના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને પણ આ સંશોધનથી આ વિષયમાં વધુ જાણકારી પ્રાપ્ત થઈ શકે તેમ છે.

ગુજરાતના કાનૂની સહાય કેન્દ્રનું અધ્યયન કરતા જણાયું છે કે, પ્રવર્તમાન કેટલીક મુશ્કેલીઓને કારણે કાનૂની સહાય કેન્દ્રની ઉપયોગિતા નોંધ પાત્ર હોવા છતાં તેના ઈચ્છીત પરીણામોને પ્રાપ્ત કરવામાં કંઈક અંશે ઉણી ઊતરી છે. વર્તમાન અધ્યયનમાં કાનૂની સહાય કેન્દ્ર અંગેના ધારાકીય તથા ન્યાયિક પ્રયાસોની વિશ્લેષણ કરવામાં આવ્યું છે અને આ પ્રણાલી વધુ અસરકારક બને તે માટેના પ્રયાસો માટેના સુચનો પણ કરવામાં આવ્યા છે જેનાથી કાનૂની સહાય કેન્દ્રની કાર્યવાહી અત્યંત ઝડપી અને અસરકારક રીતે થઈ શકે. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા નિર્ધન તેમજ અજ્ઞાન લોકોને સરળતાથી તેમજ ઝડપી, સક્ષમ અને મફત ન્યાય પ્રાપ્ત થઈ શકે છે.

કાનૂની સહાય કેન્દ્ર સંસ્થાની શાખાઓ જેમ જેમ વિસ્તરશે અને દૃઢ થશે તેમ તે સરળતા પૂર્વક કાર્ય કરવા માંડશે. જેના પરીણામે વર્ષોથી અદાલતમાં અનિર્ણીત પડેલા કેસોનો અત્યંત ઝડપી ઉકેલ પ્રાપ્ત થશે જેથી અદાલતોનો કાર્યભાર પણ ઓછો થશે.

કાનૂની સહાયનો ખ્યાલ ભારતમાં સક્રિય ન્યાયાકિ સક્રિયતાના અભિગમમાંથી ઉપસ્થિત થયેલ છે.

કાનૂની સહાયના ક્ષેત્રમાં ગુજરાત કે જે સમગ્ર રાષ્ટ્રમાં અગ્રેસર છે. જેનાથી ન્યાયક્ષેત્રે પ્રગતિકારક પરિણામો પ્રાપ્ત થઈ શકશે અને તેથી સમગ્ર રાષ્ટ્ર તેમજ ગુજરાત, વિશ્વના અન્ય રાષ્ટ્રોની સાથે પોતાનો સામાજિક અને આર્થિક વિકાસ કરીને વિશ્વમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરી શકશે.

વર્તમાન સંશોધનનું કાયદા ઉપરાંત સમાજ વિજ્ઞાનના ક્ષેત્રના જ્ઞાનમાં પણ અસરકારક મહત્વ છે. આ અધ્યયન કાયદાના વિદ્યાર્થીઓ, ધારાશાસ્ત્રીઓ, ન્યાયવિદ્દો, વિધિવિજ્ઞાનીઓ અને સમાજશાસ્ત્રીઓને પોતાના ક્ષેત્રમાં કામ કરવામાં એક માર્ગદર્શક અધ્યયનની જેમ ફળદાયી નીવડશે. આ અધ્યયનથી સબંધિત ક્ષેત્રમાં કામ કરતા અધ્યયન કરતાઓ પણ ને ધારાકીય અને ન્યાયિક પ્રયાસોનું વિશ્લેષ્ણાત્મક અધ્યયન પણ મળી શકશે. જે થકી આ ક્ષેત્રમાં કામ કરતી વ્યકિતઓને વર્તમાન પરિસ્થિતિ તથા વર્તમાન પ્રયાસોની સાથે સાથે તેને લગતી સમસ્યાઓ અને તેને સુધારવાના પગલાંઓના વિચાર માટેની એક દિશા પણ પ્રાપ્ત થશે.

વર્તમાન સંશોધનના હેતુઓની પ્રાપ્તિ તેમજ નકકી કરેલ અવધારણાઓને આધારે હાથ ધરાયેલ વર્તમાન સંશોધનને આઠ પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવેલી છે.

**પ્રકરણ–૧** માં કાનૂની સહાયના અગત્યના અને અવિચ્છનીય અંગોની વિષદ્ ચર્ચા કરવામાં આવી છે. સમાજના વંચિત વર્ગો માટે ભેદભાવભર્યા વર્તનને કઈ રીતે દૂર કરી શકાય તેને સામાજિક ન્યાયના સંદર્ભમાં મુલવવામાં આવ્યું છે જે આજના સમયની આવશ્યકતા છે. વંચિતો એક અથવા વધુ કારણસર ન્યાય મેળવવાથી વંચિત રહી જાય છે. આ માટે કોઈ એક વ્યકિતનું નહી પરંતુ કાયદાનું શાસન હોવું જોઈએ તે ન્યાયના

મુળભૂત પાયા તરીકેનું લક્ષણ છે. કાયદાના શાસનમાં એક અગત્યનો ગુણધર્મ એ છે કે, કોઈ એક વર્ગ કે વ્યકિતના વિશેષાધિકારોનો અભાવ, તેનો અર્થ એ થાય કે કાયદા સમક્ષ સૌ સમાન છે આ સમાનતાના લક્ષણને કાનૂની સહાયની એક અગત્યનું અંગ ગણવામાં આવ્યું છે કોઈ એક વર્ગ, ગરીબાઈ કે નિરક્ષરતા વગેરે કારણોને લીધે જો ન્યાય મેળવી શકતો ન હોય તો તે સમાનતાનો ઈન્કાર છે કાયદા સમક્ષ સમાનતા એટલે કે પ્રવર્તમાન કાયદા સમક્ષ સૌ સમાન છે, અને સૌને કાયદાનું સમાન રક્ષણ પ્રાપ્ય છે. આમ દરેકને સમાન ન્યાય મળે તે જરૂરી છે. પ્રવર્તમાન ન્યાય પ્રણાલીમાં વિલંબ એ જાણે ન્યાયનો પર્યાય બની ગયો છે. ચુકાદો આવતા વર્ષો વીતી જાય છે. કાનૂની સહાય દ્વારા ઝડપથી ન્યાય મળે છે આ ઉપરાંત અત્યંત અસરકારક ન્યાય પણ મળે છે કે જે દ્વારા કેટલીકવાર કોઈ એક પક્ષની હાર કે જીત ન થતા સમજાવટ અને સુલેહ દ્વારા અસરકારક રીતે સમાધાન પૂર્ણ ન્યાય મળે છે. પ્રવર્તમાન ન્યાયપ્રણાલીનુ બીજુ એક પાસુ એ છે કે તે વધુ ખર્ચાળ છે.કાનૂની સહાય કેન્દ્ર દ્વારા મફત ન્યાય પુરો પાડવમાં આવે છે, ફકત મફત જ નહી પરંતુ સક્ષમ ન્યાય પણ પુરો પડાય છે.

**પ્રકરણ–૨** માં કાનૂની સહાયના ખ્યાલને તેની ઐતિહાસિક પૃષ્ટભૂમિમાં સમજાવવામાં આવ્યો છે કાનૂની સહાયના ખ્યાલને આંતરાષ્ટ્રીયસ્તરે જેમાં ખાસ કરીને ઈંગ્લેન્ડ, અમેરીકા ઉપરાંત અન્ય દેશોમાં તેના ઉદ્ભવસ્થાન અને વિકાસને સમજાવીને તેને વ્યાખ્યાયિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સાથો સાથ ભારત દેશમાં પણ ન્યાયપંચ જેવી પ્રાચીનતમ પ્રથાને ધ્યાનમાં રાખીને વૈદિક કાળ, કૌટલ્યનો સમયગાળો, મુસ્લિમ સમયગાળા દરમ્યાન ત્યારબાદ, બ્રિટીશ સમય દરમ્યાન કાનૂની સહાયની જે તે સમયની પ્રણાલીનો અભ્યાસ કરવામાં આવ્યો છે સ્વાતંત્ર્ય પૂર્વે તથા સ્વાતંત્ર્ય પશ્ચાત ભારતમાં કાનૂની સહાયને લગતી જોગવાઈઓ અને તે પ્રાપ્ત કરવા અંગેની ગડમથલોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

**પ્રકરણ–૩** માં ભારતમાં બંધારણીય અને અન્ય કાયદાકીય જોગવાઈઓ હેઠળ જેવા કે, દિવાની કાર્યવાહી ધારા અને ફોજદારી કાર્યવાહી ધારા હેઠળની જોગવાઈઓને અદાલતી ચુકાદાઓના સંદર્ભમાં મુલવવામાં આવી છે. બેતાલીસમાં બંધારણીય સુધારા દ્વારા રાજયનિતીના માર્ગદર્શક સિદ્ધાંતોમાં અનુ. ૩૯–એ નો સમાવેશ અને ત્યારબાદ અનુ.૨૧ હેઠળના મૂળભુત અધિકારની શ્રેણીમાં સમાવેશ થવા સુધીની હરણફાળ અંગેની ચર્ચા કરવામાં આવી છે. કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ,૧૯૮૭ તેમાં થયેલ વખતો વખત સુધારા વધારાને ભારત તેમજ ભારતના રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના સબંધમાં વિસ્તારપૂર્વક સમજાવવામાં આવે છે.

**પ્રકરણ–૪** માં કાનૂની સહાય કેન્દ્રના ખ્યાલને તેમજ તેના ઐતિહાસિક વિકાસને દર્શાવીને એક નવા અભિગમ રૂપ અને ન્યાયિક ક્રિયાશીલતાના ભાગરૂપ કાનૂની સહાય કેન્દ્રને સમજાવવામાં આવ્યું છે. જેમાં કાનૂની સહાય કેન્દ્રનો અર્થ, તેનું માળખું અને તેના સ્વરૂપો જેવા કે, નિવારક અને ઉપચારકને સમજાવવામાં આવ્યા છે. કાનૂની સહાયનું સ્વરૂપ અને પદ્ધતિને દર્શાવી તે શાળા કોલેજોમાં, વકીલો અને ન્યાયાધિશોમાં તેમજ બીન સરકારીસંસ્થાઓમાં કઈ રીતે ઉપયોગી બની શકે અને તેનો મહત્તમ લાભ પ્રાપ્ત થઈ શકે તે અંગે દિશાસૂચન કરવામાં આવ્યા છે.

**પ્રકરણ–૫** માં કાનૂની સહાયનો ખ્યાલ, ગુજરાતના સંદર્ભમાં વિસ્તારપૂર્વક કરવામાં આવ્યો છે. કાનૂની સહાયની બાબતમાં ગુજરાત, કે જે સમગ્ર દેશમાં અગ્રેસર છે. તેની સ્વાતંત્ર્ય પૂર્વે અને સ્વાતંત્ર્ય પશ્ચાતની પરિસ્થિતિઓ ઉપરાંત ગુજરાત રાજય કાનૂની સેવા અને સહાય બોર્ડ, ત્યારબાદ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળની જોગવાઈઓનો અભ્યાસ કરી, તેના અંતર્ગત રચાતા કાનૂની સહાય કેન્દ્રને તેમાં પણ, વિશ્વનું સૌ પ્રથમ ચોવીસ કલાક કાર્યરત તેવું કાયમી કાનૂની સલાહ કેન્દ્ર તેનું માળખું અને રચના તેની પ્રવૃત્તિઓ અને પ્રાપ્તિઓ તેના જુદા જુદા વિભાગો અને એકમોનું

સ્થાપનાથી આજ પર્યંત પ્રાપ્તિઓ અને સિદ્ધિઓને નોંધપાત્ર ચુકાદાઓના સંદર્ભમાં સમજાવવામાં આવી છે.

**પ્રકરણ**–૬ માં કાનૂની સહાય કેન્દ્રને ગુજરાત રાજયના સંદર્ભમાં તેના કાર્યો બજાવવા દરમ્યાન ઉપસ્થિત થયેલી સમસ્યાઓ તેમજ ભવિષ્યમાં આ કેન્દ્ર દ્વારા વંચિતોને વધુ સારી સગવડો તથા વધુ સારો લાભ કઈ રીતે મળી શકે અને તે સંદર્ભમાં કાયદાની કોલેજો, વકીલો, ન્યાયાધિશો, સરકારી અને બિનસરકારી સંસ્થાઓ, તેમજ લાભાર્થીઓના સંદર્ભે આ સમસ્યાઓ અને સંભાવનાઓની ચર્ચા કરવામાં આવી છે.

**પ્રકરણ**–૭ માં કાનૂની સહાય કેન્દ્ર સાથે સબંધીત લાભાર્થીઓ, વકીલ મિત્રો તથા સમાધાન કર્તાઓ તથા કાનૂની સહાય સાથે સંકળાયેલા ન્યાયાધિકારીઓ સાથેના સાક્ષાત્કાર તથા પ્રશ્નોત્તરી અંગેના નિષ્કર્ષને દર્શાવવામાં આવેલ છે.

**પ્રકરણ**–૮ માં કાનૂની સહાય યોજના અને તેના મહત્વના અંગ તરીકે કાનૂની સહાય કેન્દ્ર અંગેનું વિશ્લેષણાત્મક અધ્યયન, ઉપરાંત તેની સમસ્યાઓ અને સંભાવનાઓ પર આધારિત, કાનૂની સહાય કેન્દ્ર થકી, કાનૂની સહાય યોજનાને કેવી રીતે લોકપ્રિય અને લોકભોગ્ય બનાવી શકાય તેમજ સામાજિક ન્યાયની દિશામાં તે વધુ સારી રીતે કાર્ય કરી શકે અને તેના લક્ષ્યાંકોની પ્રાપ્તિ કરી શકે તે માટેના સૂચનો ઉપરાંત આ સંશોધન અધ્યયન અંગેનો ઉપસંહાર દર્શાવવામાં આવેલ છે.

કાનૂની સહાય કેન્દ્ર, અમદાવાદ પાસેથી પ્રાપ્ય માહિતીને આધારે શકય અદ્યતન માહિતી પૂરી પાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

સમગ્ર ભારતમાં કાનૂની સહાયના ક્ષેત્રમાં ગુજરાત રાજય અગ્રેસર છે. ગુજરાત રાજયમાં કાનૂની સહાય સબંધી ઘણી જુદી જુદી યોજનાઓ બની હતી અને દરેકના અમલના પણ જુદા જુદા તબકકાઓ રહયા હતા. વર્તમાન કાયદાઓનો અમલ કરવામાં ગુજરાત રાજયને પણ અનેક સમસ્યાઓનો સામનો કરવો પડયો છે આમ છતાં આવી

સમસ્યાઓને સરળતા પૂર્વક દૂર કરીને ગુજરાત રાજયે કાનૂની સહાય કેન્દ્ર દ્વારા લોકોને ઝડપી, સરળ અને મફત ન્યાય પૂરો પાડવાનું મુશ્કેલ કાર્ય સરળતાથી પાર પાડયું છે.

આ વિષયનું ક્ષેત્ર બહુજ વિશાળ છે. આ મહાનિબંધ તૈયાર કરવામાં સંશોધકના નિરિક્ષક અને માર્ગદર્શક ર્ડા. ડી. ડી. ધામેલીયા સાહેબે જે રીતે બહુવિધ માર્ગદર્શન આપીને આ મહાનિબંધના સંશોધકને જે સહાય કરી છે તે બદલ જેઓના ઉપકારને વ્યકત કરવા સંશોધક જેટલા પણ શબ્દો વ્યકત કરે તે અપૂરતા ગણાય. માનનીય સાહેબશ્રીએ આ સંશોધન બાબતમાં સંશોધકને વખતોવખત અમૂલ્ય સમય ફાળવીને સંશોધનના દરેક ક્ષેત્ર વિષે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું જેને લીધે સંશોધનના કાર્યમાં સરળતા રહી છે.

ર્ડા. બી. એમ. શુકલ સાહેબ (ગુજરાત યુર્નિવસિટીના સ્કૂલ ઓફ લૉ ડિપાર્ટમેન્ટના ભૂતપૂર્વ ડાયરેકટર અને સંશોધનકર્તાના શિક્ષક હતા. તેઓનું યોગ્ય તથા સતત માર્ગદર્શન મળવાથી તેમજ ર્ડા. એચ. સી. ધોળકીયા સાહેબ અને ર્ડા. એસ. એસ. શર્મા (ડીન, જે.એન.યુ., જોધપુર, રાજસ્થાન)ના યોગ્ય માર્ગદર્શન દ્વારા સંશોધન કાર્ય સિદ્ધ થયું છે તે બદલ સંશોધન કર્તા તેમનો પણ ઋણી છે.

સંશોધન કર્તાને તેના સંશોધન કાર્યની શરૂઆતથીજ આ મહાનિબંધમાં કાનૂની સહાય કેન્દ્ર અને તેના પબ્લિકેશનનો ઉપયોગ કરવાની પરવાનગી જે તે સમયના કારોબારી અધ્યક્ષશ્રી ન્યાયમૂર્તિશ્રી ર્ડા. જે. એન. ભટ્ટ સાહેબ દ્વારા પ્રાપ્ત કરાવવામાં આવી તે બદલ માનનીયશ્રી ભટ્ટ સાહેબનો તેમજ આ મહાનિબંધને તૈયાર કરવામાં જરૂરી પ્રયત્નો તથા તેના સંબંધકર્તા માહિતી પૂરી પાડવા માટે ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના સભ્યસચિવશ્રી સુધિરભાઈ શાહના પણ સંશોધક આભારી છે.

આ સંશોધન કાર્ય તૈયાર કરવામાં, આ સંશોધન હેઠળના વિષય બાબતોના પ્રકાશનોના અત્યંત વિદ્વાન લેખકો, ભારતીય ન્યાયતંત્રના સુપ્રસિધ્ધ ચુકાદાઓથી આ

સંશોધન કાર્યને યોગ્ય રીતે સમૃદ્ધ કરનાર સુપ્રીમ કોર્ટ, ગુજરાત હાઈકોર્ટ અને અન્ય હાઈકોર્ટસના ન્યાયમૂર્તિશ્રીઓ અને દેશ–વિદેશના આ વિષયને લગતા કાનૂની ક્ષેત્રના પ્રકાશકોના પણ સંશોધન કર્તા ખૂબજ ઋણી છે.

વિશેષમાં સંશોધનકર્તાના પરમમિત્રો શ્રી રાજેન્દ્રભાઈ આર. શુકલ (પ્રમુખશ્રી, યોગક્ષેમ માનવ ગૌરવ સંસ્થાન, અમદાવાદ) કે જેઓનું પણ મફત કાનૂની સલાહ અને સેવા ક્ષેત્રમાં આગવું સ્થાન  અને યોગદાન છે ઉપરાંત શ્રી ભરતભાઈ લખતરીયા (રિપોંટર) અમદાવાદ, બન્ને મિત્રો થકી સતત દરેક પ્રકારની સહાય, માર્ગદર્શન અને હુંફ મળતી રહી છે તે માટે તેમના પણ આભારી છીએ.

અંતમાં આ મહાનિબંધનું સંશોધન કરવાનો નિર્ણય તથા અનેક વિકટ પરિસ્થિતિઓ વચ્ચે મનોબળ ટકાવી રાખવા માટે મારી અર્ધાંગીની, સહધર્મચારીણી સોનલ કે જેના સાથસંગાથ વિના આ સંશોધન કદાપી શકય બન્યુ ન હોત તેનો, ઉપરાંત મારા સ્વર્ગસ્થ પરમ આદરણિય પૂજય પિતાશ્રી અમૃતલાલ મેવાડા તથા મારા માતૃશ્રી મંજુલાબેનના સતત આર્શિવાદ ઉપરાંત મારા પુત્ર લવના સહકાર સાથે સમગ્ર પરિવારના સાથ  અને સહકારને કારણે તેમનો પણ હું હદય પૂર્વક આભારી છું.

સંશોધન એક મહાન યજ્ઞ છે અને તેમાં નામી અનામી અનેકની પ્રત્યક્ષ કે પરોક્ષ સહાયની જરૂર પડતી જ હોય છે આ સંશોધન કાર્ય પૂર્ણ કરતી વખતે તેમજ તેને રજુ કરતી વખતે એ સૌનો પણ અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

તા.૦૭–૦૬–૨૦૦૭ દિલીપકુમાર અમૃતલાલ

મેવાડા

ગાંધીનગર (સંશોધનકર્તા)

# પ્રકરણ–૧

## ૧. પ્રારંભિક

કાયદો, સામાજિક પરિવર્તનનું એક અગત્યનું સાધન છે. દરેક રાજયની કાયદા પ્રણાલી દ્વારા તે રાજયના સામાજિક, આર્થિક તેમજ રાજકીય મુલ્યોને આપણે નિહાળી શકીએ છીએ. દરેક રાજયમાં સામાજિક, રાજકીય તથા નૈતિક મુલ્યો સતત પરિવર્તન શીલ હોય છે તેથી તેને નિયમન કરતા અને નિયંત્રણ કરતા કાયદાઓ પણ પરિવર્તન શીલ હોય છે. કોઈપણ રાજયમાં કાયદા પ્રણાલી અપરિવર્તનશીલ ન હોઈ શકે.

મધ્યકાલિન યુગમાં વિશ્વના અનેક રાજયોમાં અવ્યવસ્થા, અરાજકતા અને અંધાધૂધી ફેલાયેલી હતી. નિરંકુશ હિંસા અને અત્યાચારના સંદર્ભે એ યુગના વિચારકો એવા નિષ્કર્ષ પર આવ્યા કે માનવ સમાજમાં શાંતિ અને સંવાદિતતા સ્થાપવા માટે એક પ્રબળ કેન્દ્ર સત્તા અનિવાર્ય છે સાર્વભોમ સત્તાને નિરપેક્ષ અને અમર્યાદિત સત્તાથી સજજ કરીને સમાજને વ્યવસ્થિત બનાવી શકાશે. આ સિદ્ધાંતે સમાજના બળવાન વર્ગને માટે ખૂબજ મોટું આકર્ષણ ઉત્પન્ન કર્યુ હતુ.[1]

આના અનુસંધાને સૌપ્રથમ વંશપરંપરાગત રાજાશાહીનો યુગ અસ્તિત્વમાં આવ્યો. રાજા સર્વોપરી, સર્વશકિતમાન અને અંતિમ નિર્ણાયક હતો તેના દ્વારા કાયદા ઘડવામાં આવતા, અમલ કરાવવામાં આવતા અને ન્યાયનું વિતરણ પણ કરવામાં આવતું હતું. જેના પરિણામે લોકોમાં શાંતિ અને વ્યવસ્થા સ્થાપિત થઈ. ધીરે ધીરે શાસકોએ બળપૂર્વક પ્રજાને આધિન બનાવી અને કાયદો અને વ્યવસ્થાના નામે પ્રજાના મૂળભૂત સ્વાતંત્ર્યો અને અધિકારોનો નાશ કર્યો. કાળાંતરે એકહથ્થુ, મનસ્વી

---

[1] Principles of Hobbes.

અને અમર્યાદિત રાજયસત્તા સામે અસંતોષની ભાવના ફેલાવવાનું શરૂ કર્યું.

રૂષો જેવા ફ્રેન્ચ ક્રાન્તિકારીઓએ પ્રજાને જાગૃત્ત કરવાનું શરૂ કર્યું. સત્તરમી અને અઢારમી સદીના માનવ અધિકારો પ્રત્યે પ્રજાની જાગૃતિ વધવા માંડી. અને એકહથ્થુ રાજયશાસનની જગ્યાએ લોકોનુંશાસન એટલે કે લોકશાહીની નવી ભાવનાનો વિચાર અસ્તિત્વમાં આવ્યો. ઈંગ્લેન્ડમાં સંસદીય લોકશાહીનો મજબૂત પાયો નખાયો. બ્રિટીશ પ્રજાએ રાજાના દૈવીઅધિકારોને ફગાવી દીધા. તેવી જ રીતે ફ્રાન્સના વિપ્લવે યુરોપના રાજદ્વારી માળખાને નષ્ટ કરી નાખ્યુ અને રાજાવિહિન લોકશાહી શાસન પદ્ધતિની શરૂઆત થઈ. જેમાં પ્રજાને સામાજિક, આર્થિક તેમજ રાજકીય અધિકારો તથા સમાનતા, સ્વાતંત્ર્ય અને ન્યાયના મૂળભૂત તત્વો પ્રાપ્ત થવાની શરૂઆત થઈ. આમ વ્યકિતના જીવનમાં રાજયનો હસ્તક્ષેપ ઓછો થયો પરંતુ ત્યારબાદ આવેલી ઔદ્યોગિકક્રાન્તિએ નવી સમસ્યાઓને જન્મ આપ્યો, પરિણામે સમગ્ર પરિસ્થિતિની પુનઃ મુલ્યાંકન કરવાની જરૂર ઉપસ્થિત થઈ. મૂડીવાદી ઉદ્યોગપતિઓ સમાજના નબળા વર્ગો ઉપર તેમની સત્તાનો દુરઉપયોગ કરે નહિ તે માટે રાજયે આર્થિક ક્ષેત્રમાં હસ્તક્ષેપ શરૂ કર્યો. માનવીના સ્વાતંત્ર્યના અધિકારને અસાધારણ મહત્વ આપવામાં આવ્યું જેના પરિણામે સામાજિક તણાવની પરિસ્થિતિ ઉત્પન્ન થઈ જેના પરિણામે સમાજના વર્ગો વચ્ચે અસંતુલન થયું જેના પરિણામે કાયદાના ક્ષેત્રમાં સમૂહવાદનો જન્મ થયો.

સમૂહવાદ, વ્યકિતવાદના કરતા, આમજનતાના સામાજિક કલ્યાણને વધુ મહત્વ આપે છે. સમુહવાદના સિદ્ધાંતો પ્રચલિત થતા રાજયના કાર્યક્ષેત્રમાં અસાધારણ વૃદ્ધિ થઈ, જેના પરિણામે માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવનાર રાજય "પોલીસરાજય" મટીને "કલ્યાણરાજય" બન્યુ.[2] કલ્યાણ રાજય અંતર્ગત રાજયની એ

---

[2] Jyotsana Bhagat; Socio-Economic Justice Through Lok-Adalat in Saurashtra (Ph.D.Thesis).p.3

ફરજ છે કે તેણે એવું વાતાવરણ ઉપસ્થિત કરવું જોઈએ કે જેમાં સમાજની દરેક વ્યકિતને સંપૂર્ણ વિકાસની તક મળે અને એક વર્ગ દ્વારા બીજા વર્ગનું શોષણ ન થાય.

બ્રિટનના બંધારણવિદ્ ડાઈસીના મત મુજબ "સમાજમાં જે વ્યકિત પોતાના હિતોની સુરક્ષા કરવા અસમર્થ હોય તેને રાજયે વિશિષ્ટ સુરક્ષા તથા સહાય આપવી જોઈએ" [3]

પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટના શબ્દોમાં રાજયના શાસકોની શાસન અંગેની નીતિ એવી હોવી જોઈએ કે જેથી દરેકને વિકાસની તથા આગળ વધવાની પૂરી તક મળે અને કોઈપણ વ્યકિત તેની મૂળભૂત જરૂરીયાતોથી વંચિત ન રહે એટલે કે સર્વેને માટે અછત અને ગરીબાઈ તથા ભયમાંથી મુકિત એજ કલ્યાણ રાજયનો આદેશ છે. [4]

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ભારત કલ્યાણ રાજય બન્યુ છે. ગરીબી અને નિરક્ષરતા એ સૌથી મોટી સમસ્યાઓ છે. સમાજના ગરીબ અને વંચિત વર્ગને સામાજિક ન્યાય પ્રાપ્ત થાય તે અંગેની મોટી જવાબદારી રાજય પર છે. પરંતુ પ્રવર્તમાન પરિસ્થિતિ મુજબ આ વ્યવસ્થામાં ગરીબી કે નિરક્ષરતાને પરિણામે સમાજનો આ વર્ગ સામાજિક તથા રાજકીય હકકને પુરો મેળવી શકતો નથી તેથી રાજયની એ સર્વોચ્ચ ફરજ બની જાય છે કે સમાજના નબળા અને વંચિત વર્ગોની સુરક્ષા માટે તથા કલ્યાણ માટે સંરક્ષણાત્મક કાયદાઓ ઘડવા. આમ કલ્યાણ રાજયનો હેતુ દરેક પ્રકારની સામાજિક તેમજ આર્થિક અસમાનતાઓ તથા અસમર્થતાઓ દુર કરીને ન્યાયના વહીવટમાં સરળતા પ્રાપ્ત કરવી તે છે.

ભારતની ન્યાય પ્રણાલીમાં કેટલીક ક્ષતિઓ જોવા મળી છે. વિલંબ એ ન્યાયનો પર્યાય બની ગયો છે પ્રક્રિયાત્મક કાયદાઓની જટિલતા, પ્રક્રિયાત્મક ખામી,

---

[3] A.V.Dicey;Law and Public Opinion in England,Macmillan & Co.Ltd.London (1962) at 261.
4 A.C.Kapur; Principles of Political science,S.Chand & Co.Ltd.Ramnagar,New Delhi (1981) at 611.

અત્યંત ખર્ચાળ પ્રક્રિયા વગેરેને કારણે અદાલતોમાં કેસોનું ભારણ અત્યાધિક જોવા મળે છે. ન્યાય પ્રક્રિયા સમાજના નબળા અને વંચિત વર્ગ માટે ભૂલભૂલામણી જેવી બની છે ન્યાયિક કાર્યવાહી એવી જટિલ છે કે ગરીબ અને અભણ પ્રજા તેને સમજતી નથી. પોતાનો કેસ અદાલતમાં ચાલતો હોય ત્યારે તે મુક પ્રેક્ષકની જેમ અદાલતમાં બેસી રહે છે અને સ્તબ્ધ થઈ જાય છે. અને સરવાળે તે કાયદા તથા ન્યાયની અદાલતથી દૂર જવા સતત પ્રયત્નશીલ રહે છે. ન્યાય મેળવવાની અપેક્ષાએ તે વધુને વધુ અન્યાયનો ભોગ બને છે.

ન્યાયની અદાલતો એ મંદિરો છે પણ આ ન્યાયની અદાલતો, ભારતના ગરીબ પ્રજાજનો માટે શ્રીમંતોની ખર્ચાળ પંચતારક હોટલો જેવી છે, જેમાં પ્રવેશ કરવા માટે પુષ્કળ નાણાં જોઈએ, પૂરતો સમય જોઈએ જેથી અદાલતો સમક્ષ ઘણીવાર આવો વંચિત વર્ગ ન્યાયનો અધિકારી હોવા છતાં તે ન્યાયથી વંચિત થઈ જાય છે. ગરીબી તેમના ન્યાય મેળવવાના માર્ગમાં પ્રબળ અવરોધરૂપ સાબિત થાય છે.[5]

ન્યાયમૂર્તિ શ્રી પી. એમ. ભગવતી ચેતવણી આપતા જણાવે છે કે "આ પરિસ્થિતિ અત્યંત ભયજનક અને સ્ફોટક છે, અને તેની ગંભીરતા જેટલી ઝડપથી આપણે સ્વીકારીએ તેટલું આ દેશ તથા આપણા માટે સારુ છે"[6] વંચિત વર્ગોની કાયદા તથા ન્યાયમાંથી શ્રદ્ધા ઉઠી જાય તે પહેલા કાયદાએ માત્ર કાનૂની ભાષામાં વાત કરતા જ નહી, પરંતુ ન્યાય કરવા માટે ન્યાયી વર્તન અને વ્યવહાર કરવાની પણ શીખી લેવું પડશે. આ પરિસ્થિતિ ત્યારે જ બની શકે કે જયારે કાનૂની સહાયની જોગવાઈઓ આ કાયદા પ્રથામાં વ્યાપ્ત થાય.[7]

---

[5] Supra note 2, p.6.

[6] G.M.Lodha, Judiciary- Fumes Flames and Fire, Unique Traders, Jaipur (1983) at vii.

[7] Supra note 2, p.6.

કાયદાનું શાસનનો સામાજિક અર્થ સામાન્ય રીતે બધી પ્રજા માટે તેને સામાન્ય ક્રમમાં, બધી સુરક્ષા મળવી જોઈએ. ગરીબોને પણ નાગરિક અને રાજકીય અધિકારો હોય છે.[8] અને હોવા જોઈએ કાયદાના શાસનનો તાત્વિક અર્થ એવો થાય છે કે પક્ષપાત કે એક તરફી વલણ કે વર્તનને અપવર્જીત કરી શકાય એવું તથ્ય સૈદ્ધાંતિક રીતે સ્થાપિત કરવું જોઈએ કે, લોકો કાયદા પ્રમાણેના શાસન હેઠળ જીવે છે, કોઈપણ દેશમાં કાયદાનું શાસન છે એમ ત્યારેજ કહી શકાય કે જયારે કાનૂની ઉપાય સરળતાથી અને તુરતજ ઉપલબ્ધ થતો હોય, ગરીબોને તથા શ્રીમંતોને સમાન સ્તરે મુકવા જોઈએ. અને આ માટે ગરીબને શ્રીમંત વિરોધ પક્ષ સામે પુરતી અને ઉચિત કાનૂની સહાય મળવી જોઈએ. [9] કોઈપણ તંદુરસ્ત લોકશાહીના અસ્તિત્વ ઉપરાંત તેને ટકાવી રાખવા માટે કાનૂની સહાય અનિવાર્ય આવશ્યક છે. જે લોકશાહી સમાન અને માનવીય ગૌરવ તથા ગરીમા પર આધારિત હોય તેના દેહમાં કાનૂની સહાયની સરળ ઉપલબ્ધિ પ્રાણ સમાન છે જે સમાજ સામાજિક તથા આર્થિક અસમર્થતાઓથી ઘેરાયેલ હોય તે બિન લોકશાહી છે. આપણા દેશનું ન્યાયતંત્ર પુરતા પ્રમાણમાં અસરકારક સાબિત થાય તે માટે તેના સંચાલનમાં "કાનૂની સહાય" ને આવરી લેવામાં આવે તે આવશ્યક છે. બધા જ મહત્વના કાનૂની સિદ્ધાંતોનો અર્થ કાનૂની સહાયની ભાવનાના સંદર્ભમાં જ થવો જોઈએ.

કાનૂની સહાયનો ખ્યાલ એ સમાનતા પર આધારિત છે. ન્યાય અને સમાનતા એ લોકશાહી શાસન વ્યવસ્થાના આધારભૂત સ્થંભ છે અને તેની યથાર્થતા કાનૂની સહાય ઉપર જ અવલંબિત છે કાનૂની સહાય એ ગરીબ કે વંચિત વર્ગો માટે પરોપકારનો પ્રશ્ન નથી પરંતુ લોકશાહી વ્યવસ્થામાં તે તેમના અધિકારોનો પ્રશ્ન છે ? કાનૂની સહાય કે સામાજિક ન્યાયના સિદ્ધાંતો તથા ભારતના બંધારણના આમુખમાં

8 Peoples Union for Democratic Rights v. Union of India, AIR 1982 SC 1473.

9 Report of Gujarat Legal Aid Committee (1971) at 107.

વ્યકત થયેલ બંધારણીય હેતુઓ અને આદર્શો સાથે સંબંધિત છે કાનૂની સહાય યોજનાને શરૂઆતમાં  બંધારણમાં વ્યકત રીતે સ્થાન મળ્યુ ન હતું. પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રયત્નો તથા ભારતની કેટલીક બિનસરકારી સંસ્થાઓના પ્રયત્નોથી બંધારણના ૪૨ માં સુધારા દ્વારા રાજયનીતિના માર્ગદર્શનના સિદ્ધાંતોને સબંધિત પ્રકરણ–૪ માં અનુચ્છેદ–૩૯–એ દ્વારા ઉમેરીને તેને સ્થાન અપાયું છે. જેના આધારે "કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ, ૧૯૮૭" અસ્તિત્વમાં આવ્યો છે. જેમાં કાનૂની સહાય અંગેનો વિગતવાર પ્રબંધો થયા છે. હવે કાનૂની સહાય કાયદા સમક્ષ ભારત એક વિકાસશીલ દેશ છે. અત્યંત વૈવિધ્યપૂર્ણ વારસો અને વિવિધતાઓ ધરાવે છે. સાથે સાથે ગરીબાઈ અને નિરક્ષરતાની સામે પણ ઝઝૂમે છે. આવા સંજોગોમાં કાનૂની સહાયના મહત્વને અવગણી શકાય નહી. જયાં સુધી સમાજમાં ગરીબાઈ, અજ્ઞાનતા કે બીજા કોઈ કારણોસર ભેદભાવ રહેશે ત્યાં સુધી કાનૂની સહાયની જરૂરિયાત જણાશે. કોઈપણ લોકશાહી દેશમાં સમાજના દરેક વર્ગો વચ્ચે આર્થિક અને સામાજિક ન્યાય ઉપરાંત તક અને દરજજાની સમાનતા હોય તે જરૂરી છે. અને આ પ્રક્રિયામાં કાનૂની સહાય એક અગત્યનો ભાગ ભજવી શકે તેમ છે. આમ કાનૂની સહાય કે સમાજ જીવનમાં પ્રચલિત અસમાનતાઓ પ્રત્યેની એક પ્રબળ પ્રક્રિયા છે. ન્યાયના ફળોની સમાન વહેંચણી એ તેનું પરમ ધ્યેય છે. કાનૂની સહાય સમાજના નબળા અને વંચિત વર્ગોની અસમર્થતાઓ દૂર કરીને  સામાજિક અસમાનતાને મીટાવીને વાસ્તવિકતા તરફ લઈ જવાનો માર્ગ છે.

ભારતના ગરીબો માટે, ન્યાય પ્રાપ્તિનો કાર્યક્રમ આર્થિક, સામાજિક કલ્યાણનો એક ભાગ છે અને આજની કાનૂની તથા ન્યાયિકપ્રથાઓની ક્ષતિઓના નિવારણનું એક સાધન છે. કાનૂની સહાયનો અર્થ માત્ર કોર્ટ ફી કે પ્રોસેસ ફીમાંથી મુકિત એટલો જ નથી થતો અથવા તે ગરીબ પક્ષકાર માટે વકીલ રોકી આપવો એટલો જ નથી થતો અથવા અદાલતમાં અન્ય કાનૂની મદદ એવો પણ નથી થતો  પણ તેના દ્વારા,

અંતમાં, સમગ્ર કાનૂની પ્રક્રિયાનું સર્વગ્રાહી અને સંપૂર્ણ રીતે સામાજિકરણ કરી તેના દ્વારા ગરીબોના કલ્યાણની ઉપલબ્ધિ કરવાનો અર્થ થાય છે.[10] ભારતમાં કાનૂની સહાયની યોજના લોકપ્રિય થઈ રહી છે આમ છતાં હજુ પણ તે પૂરતી પરિપકવ કે ક્રિયાશીલ નથી. આ યોજના અને તેને અંતર્ગત કાર્યક્રમ આજના દિવસે જોઈએ તેટલા પ્રમાણમાં અસરકારક નથી એટલે કે, તે તેના લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં પૂરતી સફળ થઈ નથી.

માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણામાં કાનૂની સહાયની ભાવના કેન્દ્રસ્થ છે. ભારતમાં આજે કાનૂની સહાયને મહત્વ આપીને તે માટેના કાયદાઓ, નિયમો, યોજનાઓ અને કાર્યક્રમોનું ભારતના બધાજ રાજયોમાં અમલીકરણ થઈ રહેલ છે. ગુજરાત રાજય કે જે કાનૂની સહાયના ક્ષેત્રમાં અગ્રેસર છે. તેના સંદર્ભમાં આ અધ્યયનનો વિશેષ દ્રષ્ટિકોણથી અભ્યાસ કરવામાં આવ્યો છે.

કાયદાનું શાસન અને કાયદા સમક્ષ સમાનતા એ લોકશાહીના બે મૂળભૂત સ્તંભ છે જેને કાનૂની સહાય નામના સાધન દ્વારા આપણે સિદ્ધ કરી શકીએ તેમ છીએ.

કાનૂની, સહાય જે આધુનિકયુગનો ખ્યાલ જણાય છે તેનો સ્ત્રોત આપણને બારમી સદીમાં જોવા મળે છે.[11] બીજા સામાજિક અને કાનૂની ખ્યાલોની જેમ કાનૂની સહાય પ્રત્યે પણ વિશ્વભરમાં થોડુ મોડુ ધ્યાન આકર્ષિત થયું છે.

કાનૂની સહાય તેના સામાન્ય અર્થમાં સમાજના નબળા વર્ગના સભ્યોને માટે તેમના હકક અને સ્વતંત્રતાઓને પૂરી પાડવા માટે કરાતી સહાય છે. સમાજના સમૃદ્ધ અને બળવાન સભ્યો દ્વારા તેમના હકક અને લાભને જો છીનવી લેવાયા હોય તો

---

10 N.R.Madhav Menon,Justice for the Poor;Rationale, Retrospect and Prospect in Law and Poverty, edited by "D.M.Singhvi,N.M.Tripathi Pvt.Ltd," (1973),at 281.

11 Sujansingh, Legal Aid: Human Right To Equality,Deep & Deep Publications, New Delhi (1996), at 1.

કાનૂની સહાય દ્વારા તેને પાછા મેળવી શકાય છે કે રક્ષણ કરી શકાય છે. [12] ન્યાયમૂર્તિ શ્રી પી. એન. ભગવતીના શબ્દોમાં કાનૂની, સહાય એ સમાજમાં કરાયેલી એવી વ્યવસ્થા છે કે જે દ્વારા ન્યાયનું પ્રવર્તન સરળ બને અને જેના દ્વારા, જેમને કાયદાના હકક અપાયેલા છે અને જે તેની પહોંચની બહાર છે. તેમને આ અધિકારો પ્રાપ્ય કરાવાય છે. આગળ તેમણે જણાવ્યું કે, ગરીબ અને નિરક્ષર, લોકો અદાલતનો સંપર્ક કરી શકે તે માટે તેમની ગરીબાઈ કે અજ્ઞાનતા તેમને, અદાલતો પાસેથી મળતા ન્યાયમાં અડચણરૂપ બનવી ન જોઈએ, તે અંગેનું સાધન છે.[13]

ન્યાયમૂર્તિશ્રી કિષ્ણાઐયરના મત અનુસાર કાનૂની સહાય ચળવળનો આધ્યાત્મિક અર્થ, કાયદાને માનવીય આત્મા સાથે સાંકળવું. તેવો કરાયો છે. [14]

સામાન્ય અર્થમાં કાનૂની સહાય એ એવી સામાજિક વ્યવસ્થા કે ગોઠવણ છે કે જે ગરીબ અને સમાજના નબળા વર્ગોને તેમના કાનૂની હકક મેળવવામાં ખાસ મદદ કે સહાય કરે છે. જેથી તેઓ કાયદાની પ્રક્રિયા દ્વારા બળવાન અને અમીર લોકો સાથે એક સરખા સ્તરે પર ઉભા રહી શકે.

'મેગ્નાકાર્ટા'[15] નામના હક પત્રમાં  કાયદાકીય સહાયનો વિચાર એક અંકુરરૂપે હતો પરંતુ, આધુનિક સમયમાં વીસમી સદીમાં જ એ અંકુર વિકસ્યો અને સંપૂર્ણતાએ પહોંચ્યો છે. કાયદાકીય સહાયની વિભાવના સ્પષ્ટ કરવામાં આવી છે અને તેના ઉદ્દેશોનો સાર્વત્રિકપણે સ્વીકારવામાં અને માન્ય કરવામાં આવ્યા છે. આ માટે પરિણામલક્ષી, ચોકકસ વ્યવસ્થાતંત્ર ઘડવામાં આવ્યું છે. આધુનિક કલ્યાણ રાજય પણ સમાજના સૌથી વધુ નબળા, તરછોડાયેલા અને વંચિતવર્ગોને ન્યાય મળેતે માટેના

---

[12] Ibid.

[13] Government of Gujarat, Report of the Legal Aid Committee,1971,para 1.08,p.5.

14 Govt.of India,Ministry of Law,Justice & Company Affairs,Report of The Expert Committee on Legal Aid-" Processual Justice to the People", May 1973,para 5,p.10.

[15] The Original 'CARTA' was in Latin consist of 70 clauses.

કલ્યાણકારી કાયદાકીય પગલાંઓ ઘડવા અને તેનો અમલ કરવામાં પાછળ નથી રહયું. કાનૂની સહાય સિદ્ધાંતની સીમા અને વ્યાપને, કાયદાકીય અને બંધારણીય જોગવાઈના સંદર્ભે સ્પષ્ટ કરવા અને વિસ્તૃત કરવામાં ન્યાયપ્રણાલીએ ભજવેલ ભાગ પણ નોંધપાત્ર તથા પ્રશંસનીય છે. વકીલ મંડળ અને સામાજિક સંસ્થાનોએ પણ, આ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે.

## ૧.૧ સામાજિક ન્યાય : સમયની આવશ્યકતા

સામાજિક ન્યાય એ મૂળભૂત અધિકાર છે. [16]

અનંત કાળથી જ સામાજિક ન્યાય વિષેનો કોલાહલ કે મોટા અવાજે કરાતી માંગણીઓ નજરે પડી છે. ભારત દેશ પણ તેમાંનો એક છે. ભારતમાં અત્યારે સામાજિક ન્યાયના પાલન, રક્ષણ અને અમલ એ જ સમયની તાતી જરૂરિયાત છે.

કાનૂની સહાય એ સામાજિક ન્યાયનું અત્યંત આવશ્યક તત્વ છે. તેને સામાજિક ન્યાય સાથે અત્યંતનિકટનો સબંધ છે સામાજિક ન્યાય, જીવનના સામાજિક અને આર્થિક સબંધો સાથે સબંધિત છે એટલા માટે સામાજિક અને આર્થિક વિષમતાઓને દુર કર્યા વિના, સામાજિક ન્યાય સ્થાપવો સભંવ નથી. સામાજિક ન્યાય માટે એ જરૂરી છે કે લોકો શોષણથી મુકત હોય અને તેમને તેમના જીવનમાં વિકાસની યોગ્ય અને સમાનતા તક મળે. ભારત જેવા દેશમાં સામાજિક અને આર્થિક વિષમતા હોવાને કારણે કાનૂની સહાય વિના, સામાજિક ન્યાયની સ્થાપના અસંભવ લાગે છે કાનૂની સેવાનો ઉદ્દેશ એ છે કે તે સામાજિક અને આર્થિક રૂપે પછાત લોકોને વધારાની સુવિધાઓ પુરી પાડે તથા ન્યાય મેળવવાની સમાનતક પુરી પાડે, સામાજિક વિષમતાઓને દુર કર્યા વિના સામાજિક ન્યાય શકય નથી. એટલા માટે કાનૂની સહાય

[16] Ashok kumar Gupta v. State of U.P.AIR (1997) SCC 201 para 26.

યોજના દ્વારા સમાજના નબળા વર્ગોને ઉપર લાવવામાં તથા સમાનતા સ્થાપિત કરવામાં મદદ મળે છે.

પ્રાચીન સમયમાં મોટાભાગનાં, રાજય પોલીસ રાજય હતા. તેમની મુખ્ય ફરજોમાં પ્રજાનું બાહય આક્રમણથી રક્ષણ કરવું. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવી અને કર ઉઘરાવવા પૂરતી સીમીત હતી. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ભારત રાજય એ કલ્યાણ રાજય બન્યું છે. મોટા ભાગના આધુનિક રાજયોની ફરજ માનવજીવનનાં દરેક પાસાને નિયંત્રિત કરતાં તેવા કાયદા અને નિયમો ઘડવાનું છે. આધુનિક રાજયો વ્યકિતગત અને તેમાં પણ ખાસ કરીને વંચિત વર્ગોમાં સર્વાંગી વિકાસ માટો સભાન છે. સમગ્ર તથા વ્યકિતત્વ વિકાસને સ્થાપિત કરવું એ સ્વતંત્રતા,સમાનતા અને સામાજિક ન્યાયનો સ્વિકૃત સિદ્ધાંત છે. સમાનતા બીજા અર્થમાં સમરૂપતા છે. સામાજિક કલ્યાણને વરેલા સમાજમાં વ્યકિતની વર્તણૂંકોમાં સામાજિક ન્યાય માટે સામાજિક સંતુલન જળવાઈ રહે તેમાં રાજયની દખલ જરૂરી બની જાય છે. આ તથ્યોને ધ્યાનમાં રાખીને ભારતની સંસદે તથા અનેક રાજયોની વિધાનસભાએ સમાજના નબળા વર્ગોના સર્વાંગી વિકાસ માટે અનેક કાયદાકીય પગલાંઓ ભરેલા છે.

એક ખ્યાતનામ લેખક[17] ભારતીય બંધારણને સમગ્ર રાષ્ટ્રની ઈમારતના મુખ્ય પથ્થર કે મૂલાધાર તરીકે વર્ણવેલ છે.[18] જે અંતર્ગત વંચિત વર્ગો માટે તેના તરફથી પૂરતી જોગવાઈઓ પ્રદાન થયેલી છે. ભારતીય બંધારણે સામાજિક ન્યાય ઉપર અત્યંત ભાર મૂકયો છે. સમાજના નબળા વર્ગો માટે કરાયેલા અને અપાયેલા રક્ષણાત્મક જોગવાઈઓ અંગેના કોઈપણ વિશ્લેષણ સામાજિક ન્યાયના સંદર્ભ વિના તેનો સર્વગ્રાહી અભ્યાસ સંભવ જ નથી. કાનૂની સહાય અંગેના આ અભ્યાસને પણ

---

17 Granviie Austine,Indian constitution-A CornerStone.

18 Social Justice and Weaker Sections-Role of The Judiciary, Smt.P.Nagabooshanam,(2000), C.Sitaraman & C..Chennai.Preface.

ભારતીય બંધારણ અને અન્ય કાયદાઓની જોગવાઈઓના સંદર્ભમાં, સમાજના નબળા વર્ગો માટેની કલ્યાણકારી જોગવાઈઓને સામાજિક ન્યાયના સંદર્ભે જ મૂલવવામાં આવી છે.

સામાજિક ન્યાયનો ખ્યાલ, એ બાબત પર આધારિત છે કે સમાજમાં દરેક વ્યકિત કોઈપણ જાતના ધર્મ, જ્ઞાતિ, જાતિ, રંગ કે બીજા કારણોસરના ભેદભાવ વિના સમાન છે. અને સમાજમાં વિશેષાધિકાર ધરાવતા વર્ગનો અભાવ છે.

ન્યાયમૂર્તિશ્રી ગજેન્દ્ર ગડકરે કહયું હતું કે, સામાજિક ન્યાયનો ખ્યાલ દરેક પ્રકારની અસમાનતાને દૂર કરવાના હેતૂસર તથા સમાન તકોને પૂરી પાડવા માટેનો છે.

સમાજના દરેક નાગરિકને તેના સામાજિક ઉપરાંત આર્થિક વ્યવહારોમાં રહેલી દરેક પ્રકારની અસમાનતાઓને દૂર કરવાનો અને દરેક નાગરિકોને સમાન તક પૂરી પાડવાનો (પ્રાપ્ય કરાવવાનો) મૂળભૂત હેતુ રહેલો છે.[19]

મૂળભૂત રીતે સામાજિક વ્યવસ્થા એ રીતે ગોઠવાઈ કે ગોઠવવામાં આવી હતી કે જેથી પ્રભુત્વ ધરાવતા અને ગૌણ દરજજો ધરાવતા વચ્ચે સાંમજશ્ય જળવાઈ રહે. જેથી તેમની વચ્ચેનું સામાન્ય હિત સચવાઈ રહે.[20]

એલ.ટી. હોબ્હાઉસ વધુમાં જણાવે છે કે, સામાજિક ન્યાય નામના ખ્યાલના મૂળ ઓલ્ડ અને ન્યુ ટેસ્ટામેન્ટમાંથી મળી આવે છે.[21] સામાજિક ન્યાય એકોઈપણના કાનૂની અધિકારોને વિશાળ વર્ગના લાભ માટે કરાયેલ વ્યવસ્થા છે.

સમાજની જરૂરીયાતથી અભેદ તેવા દાર્શનિક વાલી(પ્લેટોનીક ગાર્ડીઅન્સ)નાં સૈન્ય જેવા સૈદ્ધાંતિક ખ્યાલ કરતાં પ્રવર્તમાન કાનૂની પદ્ધતિ કે જે

---

[19] Justice Gajendra Gadkar,Law Liberty and Social Justice, in Human Rights and Social Justice, Gokulesh Sharma(1997), Deep & Deep Publication,Delhi,p.393.

[20] L.T.Hobhouse, The Elements of social Justice pp.114-115.

[21] Ibid.

સમાજની સેવા કરવા માટે સજ્જ છે, તે અત્યંત ઉપયોગી છે.[22]

સામાજિક ન્યાય એ સામાજિક અસમતૂલાને દૂર કરવાનું એક સર્વગ્રાહી સ્વરૂપ છે કે જે સમાજના વિવિધ વર્ગો કે જૂથોના પ્રતિકૂળ હકને કાયદાકીય રીતે એકરૂપ કરવા માટે છે કે જેથી કલ્યાણ રાજય બનવાનું શકય બને.સમાજના સામૂહિક સ્ત્રોતને વધુને વધુ પ્રમાણમાં વિસ્તારીને કુદરતી માનવીય અને તેમના સમાન વિતરણ કરવું તેવો થાય છે.

ન્યાયમૂર્તિશ્રી ક્રિષ્ણા ઐયર સામાજિક ન્યાયના ખ્યાલના સિધ્ધાંતને વ્યાખ્યાયિત કરવો સહેલો નથી. તેમ જણાવીને 'જીવન જીવવાના અધિકારને – કે જે માતાના ગર્ભમાંથી શરૂ થાય છે તેને પણ સામાજિક ન્યાયના અંતર્ગત ભાગ રૂપે જણાવે છે. સમાજમાં, અત્યંત કિંમતી એવો સમાનતાનો હક, અર્થપૂર્ણ, સાતત્યપૂર્ણ તથા ખરા અર્થમાં ઉપયોગી બની રહે તે માટે સામાજિક ન્યાયના ખ્યાલને એક ઉદ્દીપક એજન્ટ તરીકે જોવામાં આવે છે. જે મનુષ્ય જીવનના, સમાનતાના હકને, જેમાંથી કદાપી પણ વિમુકત કે છુટો ના કરી શકાય તે રીતે સ્પર્શે છે.

આ સદીમાં ન્યાયતંત્રએ વ્યકિતગત હકોનાં રક્ષણકર્તા અને વાલી તરીકેની ભૂમિકા ભજવે છે.[23]

જસ્ટીસ હિદાયતુલ્લાએ કહયું હતું કે, ''આપણા બંધારણે ન્યાયતંત્રને વ્યકિતગત અને સમાજ વચ્ચેના મધ્યસ્થી તરીકે મૂકેલ છે અને ન્યાય માટેની તમામ જરૂરી આવશ્યકતાઓથી તેને સજ્જ કરેલ છે.[24] બીજી તરફ, મુખ્ય ન્યાયમૂર્તિશ્રી ચાગલાએ જણાવ્યું છે કે 'અદાલતે સામાજિક ન્યાયના ખ્યાલનાં સંદર્ભમાં કોઈપણ

---

22 Mr.Y.V.Chandrachud,Opening Address by The chief Justice of India,pp.3-4.Third International Conference of Appellate Judges and Conference of CommanwealthChief Justices, March 5-10,1984

23 Bryce-Modern Democracy,Vol:II,p.384

24 M.Hidaytullah;Laajpat Rai Memorial Lectures delivered by A.K.Sen and Others,Justicefor the Comman Man,1964,p.15

કાયદા કે ધારાના અર્થઘટન વખતે પોતાનો અંગત ભાવ દર્શાવવો જોઈએ નહિ.[25] પરંતુ ઉપરોકત નિર્ણયની સામે જસ્ટીસ હોબ્સે[26]. જણાવ્યું હતું કે, કાયદાનું અર્થઘટન સામાજિક ન્યાયના સંદર્ભ સિવાય થઈ શકે જ નહિ. જો કે તેમણે જણાવ્યું હતું કે, સામાજિક ન્યાયનો ખ્યાલ એ અત્યંત વિશાળ તેમજ વ્યાપક ખ્યાલ છે અને સામાજિક ન્યાયને સમજાવવો અઘરો છે.

સામાજિક ન્યાય માટે નીચે જણાવેલી શરતો આવશ્યક છે.

(૧) કાયદા સમક્ષ સમાનતા.

(૨) અદાલતોની સ્વતંત્રતા.

(૩) આપખુદશાહી સત્તાનો અભાવ.

(૪) વ્યકિતનું ગૌરવ.

તાજેતરમાં સામાન્ય માણસને સામાજિક ન્યાય પૂરો પાડવા માટે રાજય દ્વારા નવી યુકિત યોજવામાં આવી છે. સામાજિક ન્યાય નીચેની બાબતોને અનુસરવાથી પ્રાપ્ત થઈ શકશે.

(૧) કાનૂની સહાય પૂરી પાડવાથી,

(૨) જાહેર હિત વિવાદની અરજીઓ દાખલ કરવાથી,

(૩) લોકઅદાલતો યોજવાથી અને જરૂરીયાત મંદને ન્યાય પૂરો પાડવાથી.

ઉપરોકત સર્વે દ્વારા સામાજિક ન્યાય પૂરો પાડવામાં આવે છે. [27]

સમાજના વિશાળ વર્ગને સામાજિક ન્યાય પૂરો પાડવામાં ન્યાયતંત્ર અગત્યનો ભાગ ભજવે છે. જો ન્યાયતંત્ર સામાજિક ન્યાયના પડકારોનો અસરકારક

---

25 Prakash Cotton Mills v. State of Bombay,1959 Bombay L.R.836.

26 Human Rights and SocialJustice,Gokulesh sharma(1997),Deep & Deep Publication,Delhi,p.394

27 Roma Mukharji, Women, Law and Free Legal Aid in India p.20

રીતે સામનો કરવા માંગતી  હોય તો તેણે પોતાનો જૂના પુરાણો અભિગમને ત્યજવો પડશે.

લોર્ડ મેકમીલને, ઈંગ્લેન્ડના લોયર્સની એક મીટીંગમાં યાદગાર શબ્દો કહયા હતા. જે મુજબ 'મહાનુભાવો, હું આપ સર્વેને એક વાર એક અપીલ કરૂં છું. ટેબલ પરથી આપની આંખો ઉપર કરો અને આપની ચેમ્બરની બારીની બહાર નિહાળો. ત્યાં તમને સામાન્ય માણસ તમારા તરફ પ્રસ્થાન કરતો દેખાશે. તે પ્રશ્નાર્થ ઉત્પન્ન કરે છે. સામાન્ય માણસ દ્વારા ઉત્પન્ન કરાયેલ પ્રશ્નો કદાચ આજે નિઃશબ્દ કે અદ્રશ્ય લાગતો હશે. પરંતુ તે આવતીકાલે દ્રશ્ય અને વાચાળ બની શકે તેમ છે.[28] આજે સમાનતા એ પ્રથમ પંકિતની દલીલ છે. અને વિશ્વનાં ઈતિહાસના કોઈપણ તબકકે તેની જરૂર ન હતી તેટલી આજે છે.સાધન સંપન્ન અને સમૃદ્ધ સમાજમાં પણ અસમાનતા એ હઠીલી અને જીંદગીની વાસ્તવિકતા છે.[29]

પ્લેટોએ 'Ethica Nicomachea:' માં સમાનતા અને ન્યાય એ પર્યાય છે. સમાન હોવું તે ન્યાય થવા બરાબર છે. અસમાન હોવું તે અન્યાયી છે.તેવું કહયું હતું. [30]

ભારતીય બંધારણ એ સૌ પ્રથમ મહત્વનો સામાજિક દસ્તાવેજ છે.[31]

ભારતના બંધારણના ભાગ–ચારમાં, જે રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દર્શાવવામાં આવ્યા છે તે સામાજિક તથા આર્થિક ક્રાંતિને લક્ષમાં લઈને જ ઘડાયા છે અને બંધારણના આટલા વર્ષો પછી પણ તે અસરકારક રહયા છે. રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો એ ભારતીય બંધારણના અમૂલ્ય પદ્ચિન્હ છે કે જેઓ

---

28 Mr.P.N.Bhagvati, Justice ,Supreme court of India, Concluding remarks and Vote of Thanks,,pp.22-23.Third International Conference of Appellate Judges and Conference of Commanwealth Chief Justices, March 5-10,1984.

29 Supra note 22.

30 Ibid.

31 Supra note,18.p.31.

સામાજિક ન્યાયને નિશ્ચિત કરવા માટે ઘડાયેલા છે. આ સિદ્ધાંતો મૂળભૂત કેન્દ્રવર્તી છે અને તે દ્વારા પ્રજાની સામાજિક – આર્થિક સ્થિતિની સુધારણા શકય બની છે.

સામાજિક ન્યાયનો ખ્યાલ મૂળભૂત રીતે એ ખ્યાલ ઉપર આધારિત છે કે, દરેક માણસ, સમાજમાં કોઈપણ જાતના જ્ઞાતિ, જાતિ, ધર્મ, રંગ કે નાત–જાતના ભેદભાવ સિવાય સમાન છે. સામાજિક ન્યાય કોઈપણ વ્યકિતના કાનૂની હકને વંચિત કર્યા સિવાય સમાજના મોટા ભાગના વર્ગના વધુને વધુ સુખ કે હિત માટે હોય છે.[32]

ભારતીય બંધારણના આમુખ ઉપરાંત ખાસ અનુચ્છેદ ૩૮,૩૯,૩૯(એ), ૪૧,૪૨,૪૩,૪૩(એ),૪૫,૪૬ સામાજિક ન્યાયને પ્રદર્શિત કરતા મુખ્ય અધિકારો છે. તક અને દરજજા વિશેની સામાજિક અસમાનતાઓને નાબૂદ કરવા માટે તે ઘડવામાં આવ્યા છે.

સામાજિક ન્યાયનો ખ્યાલ એ અત્યંત વિશાળ તેમજ વ્યાપક ખ્યાલ છે. ભારતીય બંધારણના આમુખમાં સામાજિક ન્યાયના સિદ્ધાંતને એક અત્યંત પાયાના સિદ્ધાંત તરીકે જણાવવામાં આવ્યો છે આમુખ જણાવે છે કે,

"અમે ભારતના લોકો, ભારતને સાર્વભૌમ,
સમાજવાદી, બિનસાંપ્રાદાયિક, લોકશાહી,
પ્રજાસત્તાક સંસ્થાપિત કરવાનું અને તેના
તમામ નાગરિકો માટે :
સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય ;
વિચાર, અભિવ્યકિત, માન્યતા, ધર્મ અને
ઉપાસનાની સ્વતંત્રતા, દરજજા અને તકની સમાનતા;
નિશ્ચિત કરવાનો અને તેમનામાં

---

[32] D.D.Basu, shorter Constitution of India,13th ed.2003.p.3.

વ્યકિતનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા

અને અખંડિતતાની ખાતરી આપતી

બંધુતા વિકસાવવાનો ગંભીરતાપૂર્વક

નિર્ણય કરીને, આજે તા. ૨૬ નવે., ૧૯૪૯ ના

રોજ, અમારી બંધારણસભામાં આ બંધારણ અપનાવીને તેને

કાયદાનું રૂપ આપીને અમે અમારી

જાતને સમર્પિત કરીએ છીએ.''

આમ આમુખ એ ભારતના લોકો દ્વારા કરવામાં આવેલ દ્રઢતાપૂર્વકનો નિર્ધાર છે.

ભારતના બંધારણનું આમુખ એ બંધારણ સભામાં ૧૩ ડીસે. ૧૯૪૬ના રોજ શ્રી જવાહરલાલ નહેરુ દ્વારા રજુ કરાયેલ તથા ૨૨ જાન્યુ. ૧૯૪૯ના રોજ બંધારણ સભા દ્વારા સ્વીકારાયેલ ''ઉદ્દેશો અંગેના ઠરાવ''નું ટુંકી સ્વરૂપ છે આમ સામાજિક ન્યાયનો આમુખજન્ય ખ્યાલ એ ''ઉદ્દેશો અંગેના ઠરાવ''ના સબંધીત ભાગમાંથી લેવામાં આવ્યું છે. ભારતીય બંધારણના ઘડવૈયાઓએ સામાજિક ન્યાયના ખ્યાલને બધાજ ખ્યાલમાંથી ચઢીયાતા કે પ્રભાવશાળી ખ્યાલ તરીકે પ્રસ્થાપિત કરવાનો આગ્રહ રાખ્યો હતો. નવી ભેદભાવ વિનાની સમાજ રચના માટે તે અત્યંત જરૂરી છે તેવું તેઓ માનતા હતા.

તક અને દરજજા વિષયની સામાજિક અસમાનતાઓને નાબૂદ કરવા માટે સામાજીક ન્યાયના ખ્યાલને અત્યંત મહત્વ આપવામાં આવ્યું છે. આમ, સામાજિક ન્યાયનો ખ્યાલ આમુખજન્ય સંબંધિત ભાગમાંથી લેવામાં આવ્યો છે. સામાજિક ન્યાય માટેની બંધારણની જોગવાઈઓએ એવી સતત અને તરલ પ્રક્રિયા છે કે જેથી સમાજના દરેક વર્ગને ન્યાય સાથે સુમેળ સધાય તેમની અસહાયતા અને અસમર્થતાને દૂર કરવા માટે તેમને સુવિધાઓ અને તક પૂરી પાડવી.

સામાજિક ન્યાય શબ્દ એ બંધારણના આર્ટીકલ ૪૬ માં વ્યકત થયો છે. જેનો મુખ્ય ઉદ્દેશ સમાજના નબળા વર્ગોનું સામાજિક અન્યાય સામે રક્ષણ કરવાનો છે.આ સંદર્ભમાં બીજા પણ કેટલાક અનુચ્છેદ જેવા કે ૧૫(૪),૧૬(૪),૧૯(૧), ૨૭૫, ૩૩૦,૩૩૫[33]

ટૂંકમાં અનુચ્છેદ ૧૪ થી ૧૮ માં દર્શાવેલ સમાનતાના સિદ્ધાંતને ભારતીય બંધારણના ભાગ–૪ માં સામાજીક ન્યાય સંદર્ભે અનુચ્છેદ ૩૮,૩૯,૩૯(એ),૪૧, ૪૬ ને સમજવા જોઈએ.[34]

અનુચ્છેદ–૩૮ એ સામાજિક ન્યાયના ખ્યાલનો મુખ્યાધાર કે આશ્રયસ્થાન છે અને તે બાકીના સામાજિક ન્યાયને પ્રદર્શિત કરતા કલ્યાણકારી ધારાઓનું સંચયસ્થાન પણ છે. ભારતીય બંધારણનાં આમુખ ઉપરાંત કેટલાક ખાસ અનુચ્છેદોને સામાજિક સુદ્રઢ વ્યવસ્થા માટે ઘડવામાં આવ્યા છે. આવા મુખ્ય અધિકારો નીચે મુજબના છે.

**અનુ. ૩૮.**

જેમાં સામાજિક, આર્થિક તથા રાજકીય ન્યાયથી રાષ્ટ્રિય જીવનની તમામ સંસ્થાઓ માહિતગાર થયેલ હોય તેવી સામાજિક વ્યવસ્થા શકય તેટલી અસરકારક રીતે સિદ્ધ કરીને અને તેને રક્ષણ આપીને રાજય લોકકલ્યાણની વૃદ્ધિ માટે પ્રયત્ન કરશે.

રાજય ખાસ કરીને ફકત વ્યકિતઓ વચ્ચે નહીં, પરંતુ અલગ અલગ વિસ્તારોમાં રહેતા અથવા અલગ અલગ વ્યવસાયોમાં રોકાયેલા લોકોનાં જૂથો વચ્ચે પણ આવકની અસમાનતા ઓછી કરવાનો પ્રયત્ન કરશે તેમજ દરજજો, સગવડો અને

---

33 Sadhuram Bansal v.Pulin Behari Sarkar AIR 1984 SC 1471.
34 Indra Sawhney v.Union of India AIR 1993 SC 477 para 4.

તકોની અસમાનતા નાબૂદ કરવાનો પ્રયત્ન કરશે.

**અનુ. ૩૯.**

રાજય ખાસ કરીને, એવી નીતિ અનુસરશે કે જેથી નીચેની બાબતો સિદ્ધ થાયઃ

(એ) પુરુષ અને સ્ત્રી નાગરિકોને આજીવિકાનું પૂરતું સાધન મેળવવાનો સમાન અધિકાર રહે;

(બી) સમાજની ભૌતિક સાધનસામગ્રીની માલિકી અને નિયંત્રણનું વિતરણ લોકહિત ઉત્તમ રીતે સાધી શકાય તે રીતે થાય ;

(સી) અર્થતંત્રનું સંચાલન એવી રીતે થાય કે જેથી સંપત્તિ અને ઉત્પાદનનાં સાધનોની જમાવટ ન થાય અને લોકહિતને નુકસાન થાય તે રીતે ન થાય ;

(ડી) પુરુષો અને સ્ત્રીઓ બંનેને એકસરખાં કામ માટે સમાન વેતન મળે ;

(ઈ) પુરુષ અને સ્ત્રી કામદારોનાં આરોગ્ય અને શકિતનો અને બાળકોની કુમળી વયનો દૂરુપયોગ ન થાય, અને આર્થિક જરૂરિયાતના કારણે તેમની ઉંમર કે શકિતને અનુકૂળ ન હોય તેવા રોજગારમાં જોડાવાની નાગરિકોને ફરજ ન પડે

(એફ) બાળકોને સ્વસ્થરીતે અને સ્વાતંત્ર્ય અને ગૌરવયુકત સ્થિતિમાં વિકાસની તકો અને સગવડો આપવામાં આવે, અને બાળકો તથા યુવાનોને શોષણ સામે અને તેમની નૈતિક અને આર્થિક ઉપેક્ષા સામે રક્ષણ મળે.

**અનુ. ૩૯–એ.**

રાજય, કાનૂની પ્રથાના અમલથી સમાન તકના ધોરણે ન્યાયનો ઉત્કર્ષ સધાય તેમ કરશે અને ખાસ કરીને, આર્થિક અથવા અન્ય અસમર્થતાઓના કારણે કોઈપણ નાગરિકને ન્યાય મેળવવા માટેની તકોનો ઈન્કાર કરવામાં નહીં આવે, તે માટે

યોગ્ય કાયદાઓ, યોજનાઓ અથવા અન્ય રીતે, મફત કાનૂની સહાયની જોગવાઈ કરશે.

**અનુ. ૪૧.**

રાજય, પોતાની આર્થિક શકિત અને વિકાસની મર્યાદામાં રહીને, વૃદ્ધાવસ્થા, માંદગી અને અપંગતાના પ્રસંગે અને વિના વાંકે વેઠવી પડતી તંગીના અન્ય પ્રસંગે કામ, શિક્ષણ અને જાહેર મદદ મળી રહે તે માટે અસરકારક જોગવાઈ કરશે.

**અનુ. ૪૨.**

રાજય, કામ અંગેની ન્યાયી અને માનવીય શરતો અને પ્રસૂતિ સહાય માટે જોગવાઈ કરશે.

**અનુ. ૪૩.**

રાજય, યોગ્ય વિધિવિધાનથી કે આર્થિક વ્યવસ્થા દ્વારા અથવા અન્ય કોઈ રીતે, ખેતીના, ઉદ્યોગના કે અન્ય પ્રકારના તમામ કામદારોને કામ, નિર્વાહ વેતન, તેમજ શિષ્ટ જીવનધોરણની અને વરાશના અને સામાજિક અને સાંસ્કૃતિક તકોના પૂરેપૂરા ઉપયોગની ખાતરી આપતી કામની પરિસ્થિતિ સિદ્ધ કરવા પ્રયત્ન કરશે અને ખાસ કરીને, ગ્રામ વિસ્તારોમાં વ્યકિતગત અથવા સહકારી ધોરણે ગૃહઉદ્યોગોને ઉત્તેજન આપવાનો પ્રયત્ન કરશે.

**અનુ. ૪૩–એ.**

રાજય, યોગ્ય વિધિવિધાનથી અથવા અન્ય રીતે, કોઈ ઉદ્યોગમાં રોકાયેલા સાહસો, સંસ્થાઓ અથવા અન્ય સંગઠનોના વહીવટમાં કામદારો ભાગ લેતા થાય તેમ કરવા પગલાં લેશે.

**અનુ. ૪૫.**

આ બંધારણની શરૂઆતથી દસ વર્ષના સમયમાં રાજ્ય, તમામ બાળકોને તેમની ચૌદ વર્ષની ઉંમર પૂરી થાય ત્યાં સુધી, મફત અને ફરજિયાત શિક્ષણ આપવાની જોગવાઈ કરવાનો પ્રયત્ન કરશે.

**અનુ. ૪૬.**

રાજ્ય, લોકોના નબળા વર્ગોના અને ખાસ કરીને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના શૈક્ષણિક અને આર્થિક હિતોની ઉન્નતિ વિશેષ કાળજીથી કરશે અને સામાજિક અન્યાય અને તમામ પ્રકારનાં શોષણ સામે તેમનું રક્ષણ કરશે.

ભારતીય બંધારણે સામાજિક ન્યાય ઉપર અત્યંત ભાર મુકયો છે સમાજના નબળા વર્ગો માટે ઘડાયેલા અને અપાયેલા રક્ષણાત્મક જોગવાઈઓ અંગેનું કોઈપણ વિશ્લેષણ સામાજિક ન્યાયના સંદર્ભ વિના તેના સર્વગ્રાહી અભ્યાસના રૂપે સંભવ જ નથી. કાનૂની સહાય અંગેના આ અભ્યાસને પણ ભારતીય બંધારણ અને અન્ય કાયદાઓની જોગવાઈઓના સંદર્ભમાં સમાજના નબળા વર્ગો માટેની કલ્યાણકારી જોગવાઈઓને સામાજિક ન્યાયના સંદર્ભે જ મુલવવામાં આવી છે.

સમાજમાં અત્યંત કિંમતી એવો સમાનતાનો હકક અર્થપૂર્ણ, સાતત્યપૂર્ણ તથા ખરા અર્થમાં ઉપયોગી બની રહે એ માટે સામાજિક ન્યાયના ખ્યાલને એક ઉદ્દીપક એજન્ટ તરીકે  જોવામાં આવે છે. જે મનુષ્ય જીવનમાં સમાનતાના હકકને જેમાંથી કદાપી પણ વિમુકત કે છુટો ના કરી શકાય તે રીતે સ્પર્શે છે.

ગરીબોને સમાન ન્યાય પ્રાપ્ત કરાવવાના હેતુસર અનુચ્છેદ ૩૯(એ)[35] ને, ૧૯૭૬ નાં બેંતાલીસમા બંધારણીય સુધારાથી ઉમેરવામાં આવ્યો છે જે મફત

---

35 Art. 39(A) was inserted by $42^{nd}$ Amendment in 1976.

કાનૂની સહાય પૂરી પાડવા અંગેનો છે જે મુજબ "રાજય સરકાર એવી ખાત્રી કરશે કે કાનૂની કાર્યવાહીથી પ્રત્યેક નાગરિકને સમાન તક મળે અને ન્યાયનો ઉત્કર્ષ થાય. ખાસ કરીને યોગ્ય અધિનિયમ કરીને અગર યોજનાઓ દ્વારા અગર અન્ય કોઈ રીતે ભારતનો કોઈપણ નાગરિક આર્થિક કે અન્ય અસમર્થતાને કારણે મફત કાનૂની મદદ મેળવવાથી વંચિત રહે નહીં."

આ આર્ટીકલના સંદર્ભે, રાજયો દ્વારા તથા જુદી જુદી સંસ્થાઓ દ્વારા ગરીબ અને અજ્ઞાન એવા દેશના વિશાળ વર્ગ માટે મોટા પ્રમાણમાં કાનૂની સહાય કાર્યક્રમો કરવામાં આવ્યા છે. રાજયોની હાઈકોર્ટ દ્વારા તથા સુપ્રિમ કોર્ટ દ્વારા પણ આવા, ગરીબ અને નિઃસહાય લોકો, શોષણનો ભોગ બનેલા માટે સહાનુભૂતિપૂર્વક અભિગમ રહયો છે.

અનુચ્છેદ ૩૯–એ ને સાથે વાંચતા સામાજિક ન્યાયમાં કાયદાકીય ન્યાયનો પણ સમાવેશ થાય છે. જેનો અર્થ એ પણ થાય કે ન્યાયના વહીવટી તંત્રે સત્તા, અસરકારક અને ઝડપી ન્યાય પૂરો પાડવો જોઈએ. સમાજના દરેક વર્ગના લોકોને તેમની સામાજિક કે આર્થિક પરિસ્થિતિ અથવા તો તેમના આવકના સ્ત્રોતને ધ્યાનમાં રાખ્યા સિવાય આ અંગેની જોગવાઈ કરવી જોઈએ.[36]

રામકુમાર વિરુધ્ધ સ્ટેટ ઓફ બિહારમાં,[37]રામકુમાર મિશ્રા, પ્રમુખ લિગલ એન્ડ કમિટિ, ભાગલપુર દ્વારા લખાયેલા એક પત્રને સુપ્રિમકોર્ટ દ્વારા ભારતીય બંધારણના અનુચ્છેદ ૩ર મુજબ કરાયેલ 'રીટપીટીશન ' તરીકે ગણવામાં આવ્યો હતો. તેના પર ચૂકાદો આવતા કોર્ટે બિહારના લેબર ડીપાર્ટમેન્ટને, ગરીબ કામદારોને, આ રીટ સંદર્ભે રાહત આપવા જણાવ્યું હતું.

---

36 Baburam L.v. Raghunathji Maharaj AIR 1976 SC 1734.

37 AIR 1984 SC 536.

બંધુઆ મુકિત મોરચા વિ. યુનિયન ઓફ ઈંડિયા[38] માં, અમુક રાજયોના મજૂરોને તેમની કામકાજ દરમ્યાનની અમાનવીય બાબતો પર સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ દ્વારા જાહેર હિત અંગે રાહત આપવામાં આવી હતી અને બંધુઆ મુકિતના દૂષણને દૂર કરવા જણાવ્યું હતું. આમ સમાનતાના ખ્યાલને ગરીબ તથા વંચિત વ્યકિતઓના લાભાર્થે, વિસ્તારીને સમાનતાના ખ્યાલને તેના ખરા અર્થમાં અને ઉપયોગી કોઈપણ જાતના ભેદભાવ વિનાના અર્થમાં જણાવવામાં આવ્યો હતો.

સામાજિક ન્યાય એ કોઈપણના કાનૂની અધિકારોને વંચિત કર્યા સિવાય વિશાળ વર્ગના લાભ માટે કરાયેલ વ્યવસ્થા છે. સામાજિક ન્યાયના સંદર્ભે આર્ટી. ૨૧ અને આર્ટી. ૩૯–એ નું અદાલતો દ્વારા અર્થઘટન કરતી વખતે નીચે દર્શાવેલ માર્ગદર્શિકાઓને ધ્યાનમાં લેવી જોઈએ.

૧. જયારે આરોપી ગરીબી અથવા અન્ય કોઈ કારણસર વકીલ રોકી શકવા સમર્થ ન હોય, ત્યારે રાજય દ્વારા તેના બચાવ માટેઆરોપીને વાંધો ન હોય, તેવા વકીલને રોકીને મફત કાનૂની સહાય માટે જણાવી શકે છે નહિ તો આવી પ્રક્રિયા નિરર્થક રહેશે. [39]
૨. જરૂરિયાતમંદ આરોપીનો આ અધિકાર તેને પ્રથમવાર મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કરવાની ક્ષણથી જ ઉત્પન્ન થાય છે.[40]

તે માટે તેના તરફથી કોઈ અરજીની જરૂર રહેતી નથી.[41] યોગ્ય કિસ્સાઓમાં સુપ્રિમ કોર્ટ દ્વારા સંબંધિત જીલ્લા ન્યાયાધિશોને કાનૂની સહાયની ગોઠવણ

---

[38] AIR 1984 SC 802.
[39] Hussainara Khatoon v. State of Bihar AIR 1979 SC 1369,
Hoskot Madhav Hayawadanrao v.State of Maharashtra AIR 1978 SC 1548,
State of Haryana v. Smt.Darshna Devi AIR 1979 SC 855.
[40] Khatri v. State of Bihar AIR 1981 SC 928
[41] Sukdas v. Union Territory of Arunachal Pradesh AIR 1986 SC 991

કરવાના માર્ગદર્શન આપેલ છે.[42] જો કે, અદાલત એવો આદેશ આપી શકે કે, કેદીને સ્વૈચ્છિક કાનૂની સેવા સંસ્થાઓનો સંપર્ક કરાવવો.[43]

ન્યાયાધીશ લોઢાએ કહયું છે કે સામાજિક ન્યાયનો આ સ્વર્ણીમ અધ્યાય ફરી એકવાર વિક્રમાદિત્યના ન્યાય સિંહાસન અને જહાંગીરનાં ન્યાયના ઘંટની યાદને તાજા કરે છે. ન્યાયનું પ્રતિક ત્રાજવું છે.[44]. અને આપણે આના દ્વારા આ સંતુલનને બનાવી રાખવાનું છે,[45] જો આ સંતુલન બગડી જશે તો સંપૂર્ણ વ્યવસ્થા ડગમગી જશે અથવા તો લોકો પોતે આ વ્યવસ્થાને ફગાવી દેશે. અને સંભવિત રીતે પ્રવર્તમાન વ્યવસ્થાથી અલગ કોઈ પોતાનું સ્વતંત્ર ન્યાયાલય સ્થાપિત કરશે. આજે સમસ્યા એ છે કે સક્ષમ અને ધનિક વર્ગને તો આસાનીથી ન્યાય મળી જાય છે પરંતુ ગરીબ તેનાથી વંચિત રહી જાય છે. નિર્બળ અને ગરીબ વર્ગ કે જેમને ન્યાયની સૌથી વધુ જરૂર છે. તેને ન્યાયથી વંચિત રાખવા એક બહુ મોટી વિડંબના છે. કાનૂની સહાયથી આપણે આ વિડંબનાનું નિદાન કરી શકીએ છીએ.

દેશમાં સામાજીક ન્યાયની પરિસ્થિતિને જો મૂલવવામાં આવે તો એવું કહી શકાય કે સામાજીક ન્યાય અને સમન્યાયની ઘોષણાઓ, વંચિત અને ગરીબો માટે આજે પણ મૃગજળ સમાન છે. આઝાદી પશ્ચાત સરકાર દ્વારા કલ્યાણકારી યોજનાઓ તથા કાયદાઓ હોવા છતાં ગરીબો અને વંચિતોની સમસ્યાનો ઉકેલ લાવી શકાયો નથી. ખુદ ન્યાયમૂર્તિશ્રી પી. એન. ભગવતીએ પણ સ્વીકાર કર્યો હતો કે આજે પણ સામાજિક ન્યાય લોકોની પહોંચથી દૂર છે.[46]

---

42 Bajiben Salambhai Chauhan v. U.P.S..R.T.C. (1990) Supp.SCC 799

43 Sheela barse v.State of Maharastra AIR 1983 SC 378

44 Umedsinh v. Bahadursinh and Others,1980 W.L.N. 276 ref. Law,Morality and Politics,p.47-48

45 Justice Lodha, NavJyoti Dainik,dated 14-12-82.

46 Justice P.N.Bhagvati, An Interview with Hindustan Weekly, issue dated 20-26 February, 1983.p.25.

ઘણા બધા સાધનો, જેવા કે કાનૂની સહાય, કાનૂની જાગરૂકતા અને સતત શિક્ષણ જેવી યોજનાઓ, કાયદાને સામાજિક બદલાવના સાધન તરીકે અને વકીલો તથા ન્યાયાધીશોને તેઓ સામાજિક એન્જીનીયર્સ છે તેવું યાદ કરાવવા માટે નિરિક્ષણ હેઠળ છે.[47] સામાજિક ન્યાય પ્રત્યેની સ્પર્ધા/પડકાર એ સમાન તક અંગેનો પડકાર છે. સ્વરૂપનો નહિ પરંતુ તેના તાત્વિક સ્વરૂપનો છે.[48]

## ૧.૨ કાયદાનું શાસન : ન્યાયના પાયા તરીકે

કાનૂની સહાય વિના કાયદાનું શાસન એ નામ માત્રનું કે નિરર્થક બની રહેશે, કાયદાના શાસન માટે એ જરૂરી છે કે કાયદાના સમક્ષ બધાજ લોકો સમાન હોય તથા સામાજીક અને આર્થિક સ્થિતિના આધાર ઉપર કોઈપણ જાતનો ભેદભાવ ન હોય, કાયદાનું રક્ષણ પણ દરેક લોકોને સમાન રીતે મળવું જોઈએ, દરેક વ્યકિતના નાગરીક અને રાજકીય અધિકારોનું રક્ષણ થાય જે સમાજમાં અમીર લોકો કાયદાને રમકડાના રૂપમાં લેતા હોય તથા ગરીબોને માટે તે માયાજાળ જેવું લાગતું હોય ત્યાં કાયદાનું શાસન શકય નથી. આજની ન્યાય પ્રણાલી એટલી ખર્ચાળ છે કે ગરીબ વર્ગ પૈસાના અભાવે ન્યાય પ્રાપ્ત કરવાથી વંચિત થઈ રહયો છે, ગરીબ લોકોને માટે અદાલત ફાઈવસ્ટાર હોટલોની જેમ છે કે જયાં સુધી તેમની પહોંચ અત્યંત કઠીન છે. ગુજરાત કમિટિ[49]એ કહયું છે કે, જયાં સુધી દરેક ન્યાયાલયમાં લોકો પહોંચી ન શકે ત્યાં સુધી કાયદાનું શાસન સ્થાપીત થઈ શકે નહી. ગરીબોને પણ નાગરીક અને રાજકીય અધિકારો પ્રાપ્ય છે. અને તે પણ કાયદાના શાસનના લાભ માટે હકદાર છે.[50] આજે કાયદાનું શાસન પુસ્તકોમાં છે પણ વ્યવહારમાં નથી. કાનૂની સહાયના માધ્યમ દ્વારા આપણે આ સિદ્ધાંત અને વ્યવહાર વચ્ચેની ખાઈને દુર કરી શકીએ તેમ છે.

---

47 Supra note 22,pp.3-4.

48 Ibid

49 Report of Gujarat Legal Aid Committee (1971) p.107.

50 P.U.D.R.v. Union of India, AIR 1982 SC 1473.

બ્રિટનના બંધારણનો એક અગત્યનો સિદ્ધાંત "કાયદાનું શાસન"ને લગતો છે. જેમ્સ પહેલાંના રાજયમાં મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે રહેલા સર એડવર્ડ કોક દ્વારા આ સિદ્ધાંતને પ્રસ્થાપિત કરવામાં આવ્યો હતો. આ સિદ્ધાંતને સફળતા પૂર્વક પ્રતિપાદિત કરતાં તેમણે જણાવ્યું હતું કે, "રાજા પણ ભગવાન અને કાયદાને આધિન હોવો જોઈએ" આમ કરીને તેમણે વહીવટી સત્તા ઉપર કાયદાની સર્વોપરિતા સ્થાપી હતી.[51]

આધુનિક સમયમાં ઈ.સ. ૧૮૮૫ માં ડાયસી દ્વારા આ સિદ્ધાંતને વિસ્તૃત કરવામાં આવ્યો. આ સિદ્ધાંતને દર્શાવતી "ધ લૉ એન્ડ કન્સ્ટીટયુશન" નામના પુસ્તકમાં તેમણે આ સિદ્ધાંતને વિસ્તૃત રીતે રજૂ કર્યો હતો. ડાયસીના મત અનુસાર કાયદાનું શાસનએ ઈંગ્લીશ કાયદા પ્રણાલીનો મૂળભૂત, મધ્યસ્થ અને લાક્ષણિકતા ધરાવતો સિદ્ધાંત છે.

કાયદાની સર્વોપરિતાને સમજાવતા ડાયસીએ જણાવ્યું કે તમામ વ્યકિતઓ કાયદાના શાસન હેઠળ છે. રાજા કે સત્તાધિકારીઓની ઈચ્છા મુજબ નહી, પરંતુ કાયદા મુજબ જ ન્યાયનું વિતરણ કે વહીવટ ચાલવો જોઈએ. આવું દર્શાવતા તેમણે જણાવયું કે, કોઈપણ વ્યકિતને કાયદાના ભંગ સિવાય સજા કરી શકાય નહી, કાયદાના આધાર વિના કોઈના પણ સ્વાતંત્ર્ય કે મિલકત ને છીનવી શકાય નહી. કેસની સુનાવણી જાહેરમાં થવી જોઈએ અને કાયદા મુજબ જ ન્યાય મળવો જોઈએ. આમ શાસક કે શાસિત બંને માટે કાયદાનું શાસન હોવું જોઈએ.

---

[51] On Administrative Law,C.K.Takwani,Third edition(1998)Eastern Book Company,Lucknow,p.17.

વેડના જણાવ્યાનુસાર કાયદાના શાસનનો અર્થ એ થાય છે કે, ''સરકાર(રાજય) કાયદાને આધિન હોવી જોઈએ, નહિં કે કાયદો રાજયને(સરકાર) આધારિત''[52]

કે. સી. ડેવિસના જણાવ્યાનુસાર, કાયદાના શાસન અંતર્ગત કોઈ વ્યકિત કે સમૂહનું નહીં, પરંતુ કાયદાનું રાજય હોવું જોઈએ. આમ તેણે વિવેકબુદ્ધિની સત્તા કરતાં કાયદાના નિયમો મુજબ જ ન્યાયનો વહીવટ થવો જોઈએ તેવું જણાવ્યું. કાયદાના શાસનનો વધુ વિસ્તૃત અર્થ જણાવતા ડેવીસે કહયું હતું કે આ શાસનમાં સ્વતંત્રતાનું સમર્થન હોય છે અને જુલ્મશાહીનો વિરોધ કરાતો હોય છે. વહીવટી તંત્રના સંદર્ભે તેમણે કહયું કે, જયારે કોઈ વ્યકિતના હિતની વિરુદ્ધ નિર્ણય હોવાનો હોય ત્યારે, તે વ્યકિતને સુનવણીની વ્યાજબી તક આપવી જોઈએ, યોગ્ય પ્રક્રિયા અનુસરીને કુદરતી ન્યાયના સિદ્ધાંતો મુજબનો ન્યાય મળવો જોઈએ.

આજ જાતનો સમાન અર્થ થોમસ પાઈનેના કોમન સેન્સ [53] (૧૭૭૬) માં દર્શાવેલ છે જે મુજબ,'' હવે દુનિયા જાણી લે, આપણે હવે રાજાશાહીને બહાલી, અધિકૃતતા આપી છે. અમેરિકામાં કાયદો રાજા છે, મુખત્યારી દેશમાં રાજા જ કાયદો છે. સ્વાધિન દેશમાં કાયદો જ રાજા હોવો જોઈએ અને આ સિવાય કોઈ બીજુ નહિ. ''

એંગ્લો–અમેરિકન કાયદા પ્રણાલીમાં 'કાયદાના શાસન'ને આપખુદી કે નિરંકુશ શાસન સામેના સંરક્ષણાત્મક સાધન તરીકે તથા સરકારની સત્તા પર મુકાયેલ નિયંત્રણ તરીકે ઓળખવામાં આવે છે. એંગ્લો–અમેરિકન વિચારધારા મુજબ 'કાયદાના શાસન'નો અર્થ સત્તાનું વિભાજન, કાયદાની ચોકકસતા, કાયદાથી અપેક્ષિત ન્યાય અને કાયદા સમક્ષ સમાનતા એવો થાય છે.

---

52 Wade; Administrative Law,(1994) pp.34-36( in C.k.Takwani).

53 Comman Sense (1776) by Thomas Paine.

કાયદાના શાસન સિદ્ધાંતનો ઉદ્ભવ એકહથ્થુ સત્તાના ઉપયોગને નિયંત્રીત કરવા માટે થયેલો છે. કાયદાના શાસન સિદ્ધાંતના એક થી વધુ અર્થો થાય છે. કાયદાના શાસન એક અસ્પષ્ટ ભાવાર્થો ધરાવતો અર્થ છે. આ સિદ્ધાંતનો એક અર્થ એ થાય છે કે સરકારી સત્તા, ફકત ઘડાયેલા (લેખિત) કાયદાઓ, કે જે પ્રક્રિયા દ્વારા સ્વીકારાયેલા અને અમલમાં મુકાયેલા છે. ઉપરાંત પ્રજા સમક્ષ ઘોષણા કરાયેલા છે, તેવા કાયદાઓનો જ અધિકૃત રીતે અમલ કરી શકે છે.

સેમ્યુલ રૂધરફોંડ, આધુનિક લેખકોમાંના છે કે જેમણે 'કાયદાના શાસન'ના પાયાના સિદ્ધાંત વિશે *(Lex Rex)* ૧૬૪૪ માં જણાવાયું હતું, ત્યારબાદ ૧૭૪૮ માં મોન્ટેસ્કયુ દ્વારા 'ધિ સ્પિરીટ ઓફ ધ લૉ' માં જણાવવામાં આવ્યું છે.

જો કે આ સિદ્ધાંતને સમજાવતા એરિસ્ટોટલ દ્વારા માણસોનું શાસન અને કાયદાનુ શાસન એમ વિભાજીત કરવામાં આવ્યો હતો.

કોમનવેલ્થના કાયદામાં કાયદાના શાસન સિદ્ધાંતનું સૌથી સારૂ સ્પષ્ટીકરણ, ઓલ્બર્ટ વેન ડાયસી દ્વારા તેમના પુસ્તક લૉ ઓફ કોન્સ્ટીટયુશન[54] માં કરવામાં આવ્યું હતું.

ડાયસીના જણાવ્યા મુજબ કાયદાના શાસનના નીચે મુજબના ત્રણ અર્થ અભિપ્રેત થાય છે, જે મુજબ :–

(૧) સત્તા પક્ષે ( સરકાર પક્ષે) એકહથ્થુ તેમજ આપખુદ શાહી તથા વિવેકબુદ્ધિ સત્તાને બદલે કાયદાની સર્વોપરીતા.

(૨) સામાન્ય અદાલતો દ્વારા સામાન્ય કાયદાઓ તથા તેના અંતર્ગત કાયદા સમક્ષ દરેક વ્યકિતની સમાનતા, અને

[54] Diecy, Law of The Constitution.

(૩) બંધારણીય કાયદો એ વ્યકિતના અંતર્ગત હક, કે જે વ્યાખ્યાયિત કરાયેલ છે. તથા અદાલતો દ્વારા અમલમાં મુકાયેલા છે. તેના પરિપાક સ્વરૂપ છે.[55]

દરેક સત્તાધિકારી, વડાપ્રધાનથી માંડીને હવાલદાર કે કલેકટર એ દરેક, એકસરખી રીતે કાયદાની હકુમતને (તેમના દરેક કાર્યો માટે) આધીન છે. દરેક સત્તાધિકારીઓ તેમની અંગત હેસિયતમાં કરાયેલા કાર્યો માટે શિક્ષા માટે કે નુકશાન વળતર ચૂકવવા જવાબદાર રહેશે. તેમના હાથ નીચેના કે તેમના ઉપરી અધિકારીના ગેરવ્યાજબી આદેશો અનુસાર કાર્ય કરનારા પણ તેટલા જ જવાબદાર રહેશે, આમ કાયદો તેમના અંગત કે સત્તા બાહય કાર્યોને અધિકૃત કરતો નથી.[56]

યુનાઈટેડ સ્ટેટ્સ એસ. સુપ્રિમ કોર્ટના અવતરણ મુજબ "અંતમાં સરકાર કાયદાની હોવી જોઈએ નહિ કે વ્યકિતઓની."

ડાયસીના 'કાયદાના શાસન'ના સિદ્ધાંતને ભારતીય બંધારણે પણ સ્વીકાર્યો અને સમાવ્યો છે. ભારતના સંદર્ભમાં કાયદાનું શાસન એટલે બંધારણીય રીતે અને સંસદ દ્વારા પસાર કરાયેલા કાયદાઓની સર્વોપરીતા.

ભારતમાં આ સિદ્ધાંત પ્રકરણ ત્રણમાં દર્શાવેલા મૂળભૂત અધિકારોના પ્રકરણમાં ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૪,૨૦,૨૧,૨૨ માં તે પ્રતિબિંબિત થાય છે.

આ ઉપરાંત આમુખમાં દર્શાવેલા ન્યાય, સ્વતંત્રતા અને સમાનતા ખ્યાલોમાં પણ તે નજરે પડે છે.

કાનૂની સહાય, ના સંદર્ભમાં જયારે એક પક્ષકાર સૌથી સબળ પક્ષકાર હોય, તેની સામેનો બીજો પક્ષકાર નબળો કે વંચિત વર્ગનો સભ્ય હોય, ત્યારે તેને ન્યાય મેળવવાની વ્યાજબી તક આભાસી જેવી લાગે છે. આ સંદર્ભે ન્યાયના પાયાના અંગ

55 Halsbury's Law of England,Vol: Constitutional Law and HumanRights, para.6 Footnote 1.

56 Law of the Constitution (London: MacMillan, 9th ed.,1950) p.194.

તરીકે  આવશ્યક, કાયદાના શાસન થકી, કાયદા સમક્ષ સમાનતા મેળવીને, કાયદા અનુસાર જ ન્યાય, એ વંચિત વર્ગ માટે અત્યંત આવશ્યક જરૂરિયાત છે. આ સિદ્ધાંત, ભારતમાં કાનૂની સહાયના ખ્યાલને વિકસીત કરવામાં અત્યંત ઉપયોગી બને રહયો છે.

ભારતમાં બંધારણ સર્વોપરી છે. અને રાજયના મુખ્ય ત્રણ અંગો જેવા કે વિધાનતંત્ર, કારોબારી અને ન્યાયતંત્ર પણ તેને આધિન છે. ન્યાયિક પુનરાવલોકનના ખ્યાલને પણ બંધારણમાં સ્વીકારવામાં આવ્યો છે. આ ઉપરાંત સરકાર અને તેના વહીવટી કર્મચારીઓ પણ દેશનો સામાન્ય અદાલતોને આધીન છે આમ કરીને દેશમાં રહેલી તમામ વ્યકિતઓ પૈકી ભલે તે અમીર હોય કે ગરીબ, શિક્ષિત કે અભણ, તમામ કાયદાના શાસન તળે છે.

આમ કાયદાના શાસનમાં એક વ્યકિતને સક્ષમ અને સમાન ન્યાય પૂરો પાડવાનો જે આદર્શ સ્વીકારવામાં આવ્યો છે. તેને સાકાર કરવા મૂર્તિમંત થયેલી વૈકલ્પિક ન્યાય તકરાર નિવારણ પદ્ધતિનું આધુનિક સ્વરૂપ એટલે કાનૂની સહાય પદ્ધતિ.

કાયદાના શાસન દ્વારા ગરીબ અને વંચિત વર્ગોને અમીર અને બળવાન વર્ગ સામે કોઈપણ પ્રકારના ભેદભાવ સિવાય, ન્યાયની અદાલતના સમાનસ્તર પર ઉભા રહેવાની ખાત્રી અને સલામતી પૂરી પડાય છે. કાયદાનું શાસન અને વાસ્તવિક ન્યાયની અનુભૂતિ માટે ઉપરાંત ન્યાયને ગરીબ અને વંચિત વર્ગ સુધી પહોંચતો કરવાનો એક માત્ર ઉદ્દેશ કાનૂની સહાયને યોજના થકી જ પ્રાપ્ત થઈ શકે તેમ છે. આમ કાયદાનું શાસન એ લોકશાહી પ્રણાલીમાં ન્યાયના પાયા તરીકે ઉભરી આવ્યું છે અને સ્થાપિત થયું છે.

## ૧.૩ કાયદા સમક્ષ સમાનતા

"ન્યાય, સ્વતંત્રતા અને સમાનતા"– આપણા બંધારણના તથા આપણી બધીજ કાયદા પ્રણાલીના એવા સિદ્ધાંત છે કે જે આપણે માર્ગદર્શન આપે છે. આપણી જનતા આપણી રાજકીય પ્રણાલી તરફ, કે જેનો એક ભાગ આપણી ન્યાય પ્રણાલી પણ છે તેને, તેના તરફ નજર નાખે છે જેથી જનતાના આ લોકોને વધુ આર્થિક તક મળે અને તેની સામાજીક અસમાનતા દુર થાય.

આપણા બંધારણની મહાન પ્રતિજ્ઞા ત્યારેજ પૂરી થઈ શકે કે જયારે ન્યાય ઝડપથી મળે અને ઓછો ખર્ચાળ હોય સામાન્ય ફરિયાદ એ છે કે, ગરીબ વર્ગના લોકોની અપેક્ષાએ અમીર વર્ગના લોકોને કાયદાનું રક્ષણ જલ્દી મળી જાય છે. આપણે આ સ્થિતિને બદલવી પડશે." [57]

કાયદાની નજરમાં બધા જ માણસો સરખા છે. એવું ફ્રેંચ ક્રાંતિના નેતાઓ માનતા હતા. કાયદાએ વ્યકિતના જન્મ વગેરેના ભેદને લક્ષમાં લીધા સિવાય જ તેને રક્ષણ આપવાનું કે તેને શિક્ષા કરવાની છે.

રાજયશાસ્ત્રીની પરિભાષાનો 'સમાનતા'નો અર્થ બધા જ માણસો, બધા જ સંજોગોમાં સરખા છે એવો થતો નથી. તેમની વચ્ચે શારીરિક, માનસિક અને આર્થિક ભેદો તો રહેવાના જ. આપણા બંધારણના આમુખમાં માત્ર તક અને દરજજાની સમાનતાનો ખ્યાલ જ સમાવિષ્ટ કરાયો છે. તેનાં કાનૂની, સામાજિક, રાજકીય અને આર્થિક પાસાં છે. કાયદાની સમક્ષ બધા જ નાગરિકો સમાન ગણાય છે. તેઓ દેશના કાયદાનું સમાન રક્ષણ ભોગવે છે. વિવિધ કારણોસર કોઈ પણ જાતનો ભેદભાવ રાખી શકાય નહિ.

---

57 Smt.Indira Gandhi, Prime Minister of India ,Saral Kanuni Gyan Mala 3,p.1.U.P.Legal Aid Programme.

બંધારણના આર્ટિકલ–૧૪ ભારતના રાજયક્ષેત્રમાં "કાયદા સમક્ષ સમાનતા" કે "કાયદાના સમાન રક્ષણ" નો દરેક વ્યકિતનો મૂળભૂત અધિકાર નકારી શકાશે નહિ. તેમ ઘોષિત કરે છે. અહીં આ આર્ટિકલે પૂરું પાડેલું રક્ષણ માત્ર નાગરિકો પૂરતું જ મર્યાદિત નથી, પણ તે બધી જ વ્યકિતને લાગુ પડે છે. તે માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાના આ સિદ્ધાંતને મૂર્તિમંત સ્વરૂપ આપે છે : "કાયદા સમક્ષ બધા જ સમાન છે અને તેઓ ભેદભાવ વગર કાયદાના સમાન રક્ષણના હકદાર હોય છે." આપણા બંધારણમાં વાપરેલા "કાયદા સમક્ષ સમાનતા" અને "કાયદાનું સમાન રક્ષણ" એ બે શબ્દસમૂહો, ખરી રીતે તો, કાયદાના શાસન અને સમાન ન્યાયના ખ્યાલોને મૂર્તિમંત કરે છે. "કાયદા સમક્ષ સમાનતા" એ શબ્દસમૂહમાં એકવચનમાં આવતો 'કાયદો' શબ્દ, જે અર્થમાં ડાઈસીને કાયદાનું શાસન કે કાયદાનો કે ન્યાયનો ખ્યાલ અભિપ્રેત હતો, તે અર્થમાં છે. તેથી ઉલટું, "કાયદાનું સમાન રક્ષણ" એ શબ્દસમૂહમાં બહુવચનમાં આવતો 'કાયદા' શબ્દ સ્પષ્ટપણે અધિનિયમિત કાયદાનો જ ઉલ્લેખ સૂચવે છે. તેથી, આ જોગવાઈ રાજયે બનાવેલા કાયદા બધાને કોઈ પણ જાતના ભેદભાવ વગર સમાન રક્ષણ પૂરું પાડતા હોવા જોઈશે, તે જોવાની રાજય ઉપર ફરજ લાદે છે. ખરી રીતે તો મુખ્ય ન્યાયમૂર્તિ પતંજલિ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે : બીજુ વિધાન આમ તો પ્રથમ વિધાનનો એક ઉપસિદ્ધાંત જ છે. તેમાં કાયદાના સમાન રક્ષણનો ભંગ, કાયદા સમક્ષ સમાનતાનો ભંગ ન હોય, તેવી પરિસ્થિતિની કલ્પના કરવાનું મુશ્કેલ છે.[58] સરખા સંજોગોમાં રહેલી બધી જ વ્યકિતઓ અને વસ્તુઓને, (રાજયથી) બક્ષાયેલા વિશેષધિકારો અને લદાયેલી જવાબદારીઓ બંનેમાં, એક સમાન ગણવાના રહેશે, તે બાબત આર્ટિકલ–૧૪ હેઠળનો માર્ગદર્શક સિદ્ધાંત છે. એક જ સ્થિતિમાં

---

[58] State of West Bengal v. AnvarAli Sarkar,AIR 1952 SC 75.

રહેલા બધા જ લોકોને કાયદા લાગુ કરવા જોઈએ.[59] જો કે વ્યકિતઓના વિવિધ વર્ગોની બદલાતી રહેલી જરૂરિયાતોને કારણે તેમના પ્રત્યે અલગ વર્તાવ કરવો આવશ્યક બની જાય છે, તેવું પણ સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે.[60] તેથી કાયદા સમક્ષની મહત્તમ સમાનતા વર્ગીકરણની અનિવાર્યતા ભણી દોરી જાય છે. કારણ કે જયારે કોઈ પણ જાતના વાજબી આધાર વગર સમાન વ્યકિતઓને અલગ રીતે ગણાયા હોય ત્યારે આર્ટિકલ ૧૪ લાગુ પડે છે. પણ જયારે સમાન અને અસમાન વ્યકિતઓ પ્રત્યે અલગ અલગ વ્યવહાર કરાયો હોય ત્યારે, તે લાગુ પડતો નથી. આમ આ આર્ટિકલ માત્ર વર્ગલક્ષી વિધિવિધાન ઉપર પ્રતિબંધ  લાવે છે, બુદ્ધિગમ્ય વર્ગીકરણ ઉપર નહિ. પણ આવું વર્ગીકરણ "આપખુદ, કૃત્રિમ કે મનસ્વી" ન હોવું જોઈએ. તે અમુક વિધિવિધાનથી સિદ્ધ કરવા ધારેલા ઉદ્દેશ સાથે ન્યાયસંગત અને બુદ્ધિગમ્ય સંબંધ ધરાવતા કોઈ સાચા અને સારયુકત ભેદ ઉપર આધારિત હોવું જોઈએ.[61] ઈ. પી. રોયપ્પા વિ. સ્ટેટ ઓફ તામિલનાડુ[62] માં સમાનતાના પરંપરાગત ખ્યાલને પડકારવામાં આવ્યો હતો, અને આર્ટિકલ ૧૪ હેઠળના સમાનતાના અધિકાર પ્રત્યે નવો જ અભિગમ અપનાવાયો હતો.

ન્યાયમૂર્તિ ચંદ્રચૂડ અને ન્યાયમૂર્તિ ક્રિષ્ણ ઐયરે જણાવ્યું હતું કે, સમાનતા, અનેક પાસાં અને પરિમાણોવાળો ગતિમાન ખ્યાલ છે. તેને પરંપરાગત સૈદ્ધાંતિક મર્યાદાઓના 'પાંજરામાં બાંધી, પૂરી અને મૂકી રાખી' શકાય નહિ. પ્રત્યક્ષવાદી દ્રષ્ટિકોણથી જોતાં આપખુદીથી સમાનતા વિપરીત છે. વાસ્તવમાં તો સમાનતા અને આપખુદી બે કટ્ટર દુશ્મનો છે, એકનું સ્થાન, પ્રજાસત્તાકના કાયદાના શાસનમાં રહેલું છે, પણ બીજાનું સ્થાન કોઈ નિરંકુશ રાજવીની ધૂન અને તરંગમાં રહેલું

---

59 AIR 1952 SC 75; B.C.&Co. v.Union of India. AIR 1970 SC 106.

60 Justice Das in Chiranjilal v. Union of India. AIR 1951 SC 41.

61 R.K.Garg v.Union of India,AIR 1981 SC 2138; Prabhakar Rao v.State of Andhra Pradesh.AIR 1986 SC 210.

62 AIR 1974 SC 555

છે. જયારે અમુક કૃત્ય આપખુદ હોય ત્યારે, તે રાજકીય તર્ક અને બંધારણીય કાયદા બંને અનુસાર અસમાન છે, એવું અભિપ્રેત જ હોય છે. અને તેથી તે આર્ટિકલ ૧૪નું ઉલ્લંઘન હોય છે.

ન્યાયમૂર્તિ શ્રી પી. એન. ભગવતીએ આ અભિગમ સાથે સંમતિ દર્શાવી પોતાનો અને ન્યાયમૂર્તિ ક્રિષ્ણ ઐયરનો મત વ્યકત કરતાં તેમણે કહ્યું હતું :

આર્ટિકલ ૧૪ અતિ અગત્યનો સિદ્ધાંત ઘોષિત કરે છે. તે આપણા પ્રજાસત્તાકના કેન્દ્રસ્થાને રહેલો છે. જયારથી આપણે આપણું બંધારણ અપનાવ્યું, અને તે નિર્ણાયક દિવસે ભવિષ્ય સાથેના મિલનનો કોલ આપ્યો, અને આપણે માટે વર્ગવિહીન સમતાવાદી સામાજિક આર્થિક વ્યવસ્થા રચવાનું વચન આપતું ધ્યેય નિર્ધારિત કર્યુ ત્યારથી આ આર્ટિકલ તે ધ્યેય દર્શાવતી દીવાદાંડી સમાન ચમકતો રહ્યો છે.

ભારતના બંધારણનો અનુચ્છેદ ૧૪ એવી જોગવાઈ કરે છે કે, "ભારતના રાજય ક્ષેત્રમાં કોઈપણ વ્યકિતને કાયદાના સમક્ષ સમાનતા કે કાયદાના સમાન રક્ષણનું રાજય દ્વારા ઈન્કાર કરવામાં આવશે નહિ. "

ઉપરોકત અનુચ્છેદમાં બે વાકયોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. એક, "કાયદા સમક્ષ સમાનતા" તથા બીજો, "કાયદાનું સમાન રક્ષણ". કાયદા સમક્ષ સમાનતા આ વાકય બધાજ લેખિત બંધારણોમાં જોવા મળે છે કે જે નાગરિકોને મૂળભૂત અધિકારો પ્રદાન કરે છે. સંયુકત રાષ્ટ્ર દ્વારા ઘોષિત માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણાના અનુચ્છેદ–૭ માં પણ આવું જ કહ્યું છે "કાયદા સમક્ષ દરેક સમાન છે અને કોઈપણ જાતના ભેદભાવ વિના દરેક કાયદાના રક્ષણના હકદાર છે." પ્રથમ વાકય ઈંગ્લેન્ડના કાયદામાંથી લેવામાં આવ્યું છે જે પ્રોફેસર ડાયસીના અનુસાર કાયદાના શાસનને મળતું આવે છે. બીજુ વાકય અમેરિકાના બંધારણમાંથી લીધું છે આ બંને

વાકયોનો ઉપદેશ ભારતના બંધારણના આમુખમાં જણાવેલ સમાનતાની સ્થાપના કરવાનો છે.

કાનૂની સહાયનો ખ્યાલ ભારતીય બંધારણના અનુ.૧૪ માં ગર્ભિત રીતે સમાવાયેલો છે. સ્વ. શ્રી એમ. સી. સેતલવાડ કે જેઓ લો કમીશન ઓફ ઈન્ડીયાના પ્રથમ ચેરમેન હતા. તે જણાવે છે કે, " બંધારણના અનુ. ૧૪ મુજબ કે "રાજય કોઈપણ વ્યકિતને કાયદા સમક્ષ સમાનતાનો કે કાયદાના સમાન રક્ષણનો ઈન્કાર કરશે નહિ." આમ ન્યાયના વહીવટમાં સમાનતા, જે આપણા બંધારણના પાયાનું તત્વ છે. જયાં ગરીબમાં ગરીબ વ્યકિત ન્યાયના વહીવટની પ્રણાલીમાં લાભ લઈ શકતો ન હોય ત્યાં સાચી લોકપ્રણાલી સંભાળી શકે નહી.[63]

"...... સમાનતા તે વિધિશાસ્ત્રની બધી જ પ્રણાલીઓ તથા ન્યાયના વહીવટનો પાયો છે... જયાં સુધી એક વ્યકિત, તેના તરફ થયેલ દુષ્કૃત્ય માટે, કાયદાની અદાલતો પાસે ઉપચાર મેળવી શકે નહિ કે અપરાધિક તહોમત સામે પોતાનો બચાવ કરી શકે નહિ, ત્યાં ન્યાય અસમાન બને છે અને તેના રક્ષણ માટે બનાવાયેલા કાયદાઓ આ હેતુ માટે અર્થહિન થઈ જાય છે, સિવાય કે આવા ગરીબ કે વંચિત માટે કોર્ટ ફી કે વકીલની કે બીજી આનુષંગિક ખર્ચાઓ પુરા પાડવમાં આવતો જોગવાઈઓ કરવામાં આવે..."

કાનૂની સહાયનો ખ્યાલ ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૨ માં પણ વ્યકત થાય છે અનુ. ૨૨ મનસ્વીપૂર્વક કરાતી અટકાયત અને ધરપકડમાં અનેક પ્રક્રિયાત્મક રક્ષણ સૂચવે છે. આ જોગવાઈ મુજબ ધરપકડ કરાયેલ વ્યકિતને તેના ધારાશાસ્ત્રીનો સલાહ લેવાનો અને તેની પસંદગીના વકીલ દ્વારા બચાવ કરવાનો અધિકાર છે. જો કે આ બધાંજ પ્રક્રિયાત્મક રક્ષણ ફોજદારી કાર્યવાહી ધારામાં પણ દર્શાવાયેલા છે. આપણા બંધારણમાં ઘડવૈયાઓ ધરપકડ કરાયેલી વ્યકિતની સ્વતંત્રતા

---

[63] XIV, Report of Law Commission of India.

અને તેમના માનવીય ગૌરવ પ્રત્યે કેટલા સભાનતા કે તેનું આ અંગેનું રક્ષણ અંગે ભારતીય બંધારણના ભાગ–૩ માં દર્શાવામાં આવેલા મૂળભૂત અધિકારોમાં અનુ.૨૨ અંતર્ગત સામેલ કરી દીધો છે જો આવા મૂળભૂત અધિકારોના ભંગને પરિણામે, તેના જતન માટે, ઉચ્ચત્તમ ન્યાયાલયમાં જવાના અધિકાર માટે જો ગરીબ વ્યકિતને રાજયના ખર્ચે મફત કાનૂની સેવાઓ પૂરી પાડવામાં નહી આવે તો માત્ર કાગળ પરનો અધિકાર જ બની રહેશે.

કાનૂની સમાનતાને વ્યવહારીક સમાનતામાં બદલવાની પરંપરાગત કાયદા પ્રણાલીથી પીડિત દેશના લાખ્ખો કરોડો ગરીબો અને વંચિતોનો વિશ્વાસ ઉઠવા લાગ્યો છે આર્થિક અસમર્થતા કે બીજી અસમર્થતાઓને કારણે તેમનામાં મુકાબલો કરવાની, સંઘષ કરવાની અને અદાલતના દરવાજા ખટખટાવવાના સાહસને તોડી નાખ્યું છે તેમને એવો વિશ્વાસ થવા માંડયો છે કે, ન્યાય અત્યંત ખર્ચાળ અને વિલંબકારી છે તેથી અદાલતો દ્વારા જો કોઈ ગરીબને કયારેક ન્યાય મળી પણ જાય તો તેનાથી શું લાભ ? રીપોર્ટમાં વ્યકત થયેલા શબ્દો મુજબ, "સમાનતા એ કાયદાશાસ્ત્રની પ્રથા અને ન્યાયના વહીવટની બધીજ પ્રણાલીનો પાયો છે, જો કોઈ વ્યકિત ફોજદારી આરોપોમાં પોતાની જાતનો બચાવ કરવામાં નિષ્ફળ જાય તો, તેના રક્ષણ માટે ઘડાયેલા કાયદાઓનો આ હેતુસર કોઈ અર્થ સરશે નહિ અને ન્યાય તેના માટે અસમાન બનશે. સિવાય કે આવા ગરીબ વ્યકિતને કોર્ટ ફી, વકીલની ફી કે બીજા દાવાદૂવીના ખર્ચા પૂરા પાડવા અંગે કોઈ જોગવાઈ કરવામાં આવશે નહિ. અને આવું થશે તો તેને ન્યાય મેળવવાની તકની સમાનતાનો ઈન્કાર કરવામાં આવે છે તેવું કહેવાશે."

જો સમાજના વિશાળ વંચિત વર્ગને જો ન્યાયની તક પૂરી પાડવામાં નહી આવે તો તેનો લોકશાહી પ્રણાલી અને ન્યાયતંત્રમાંથી વિશ્વાસ ઉઠી જશે. દેખીતી

રીતેજ, ભારતમાં કાનૂની સહાય એક સર્વગ્રાહી બંધારણીય દરજજો અને વિસ્તાર ધરાવે છે.

કાનૂની સહાયના મહત્વને સમજાવતા ભારતના લૉ કમિશનના ૧૪ ના રીપોર્ટમાં એવું ભાર પૂર્વક જણાવાયું હતું કે, કાનૂની સહાય વિના, કાયદા સમક્ષની સમાનતા કે જે કાયદાના શાસનમાં અંતર્ગત ભાગ છે તે મેળવી શકાશે નહિ.

## ૧.૪ સમાન ન્યાય

સમાન ન્યાયનો અર્થ અહીં દરેક નાગરિકોને ન્યાયની સમાન તક પ્રાપ્ત થવી જોઈએ. આર્થિક કે ગરીબાઈ કે અન્ય કોઈ અસમર્થતાને કારણસર જો એવી વ્યકિત ન્યાય મેળવવાથી વંચિત થઈ જતી હોય તો તેને સમાન ન્યાય પ્રાપ્ત નથી તેવું કહી શકાય.

અમીર અને બળવાન લોકો ન્યાયને વધુ સારી રીતે મેળવી શકે છે તેમની પાસે સગવડો હોવાથી, સાધન સંપન્ન હોવાથી તેઓ અતિવ્યસ્ત અને સફળ વકીલને રોકી શકે છે.

જયારે ગરીબ અને નબળા વર્ગો, મોઘા વકીલને કે કોર્ટ ફી તથા દાવાદૂવી અંગેનો ખર્ચ ભોગવી ન શકવાને કારણે, કોર્ટ કાર્યવાહી કરવાનું ટાળે છે અને આ રીતે તેમને મળવા પાત્ર કે તેમના વંચિત થયેલા અધિકારો મેળવી કે ભોગવી શકતા નથી. ન્યાયની તક તેમને પ્રાપ્ત થતી નથી અને વધુને વધુ અન્યાયનો ભોગ બનતા જાય છે આવા નબળા વર્ગો માટે રાજય તરફથી અનેક રક્ષણાત્મક કાયદાઓ તથા કલ્યાણકારી યોજનાઓ કરવામાં આવી છે. પરંતુ ન્યાયની સમાનતક ન મળવાને કારણે, તેઓ કાયદાની જોગવાઈઓનો યોગ્ય લાભ મેળવી શકતા નથી અને વધુને વધુ અન્યાય તરફ ધકેલાતા જાય છે. તેમને મળતી કલ્યાણકારી યોજનાઓનો પૂરતો અને પર્યાપ્ત લાભ તેમને મળતો નથી.

કાનૂની સહાય થકી, હવે આવા નબળા અને વંચિત વર્ગોને સમાન અને સક્ષમ ન્યાયની તક મળી છે. આર્ટિકલ ૩૯ (એ) મૂજબ હવેથી તેમને આર્થિક કે અન્ય કારણોસર સમાન ન્યાય મેળવવાની તકનો ઈન્કાર કરવા દેવામાં આવશે નહિ. તેનું જણાવવામાં આવ્યું છે.

એક તરફ સક્ષમ અને સબળ પક્ષકાર હોય અને બીજી તરફ નિઃસહાય અને નિરાધાર પક્ષકાર હોય, ત્યાં સમાન ન્યાય સંભવ નથી.

સમાન ન્યાય કે ન્યાયની તક મેળવવા માટે વિવાદ કે તકરારના પક્ષકારોને સમાન સ્તરે લાવીને મુકવા જોઈએ.

કાનૂની સહાય કેન્દ્ર દ્વારા કાનૂની સહાય યોજના અંતર્ગત નિઃસહાય, નિરાધાર કે નબળા વર્ગને મફત અને તેની પસંદગીનો વકીલ પૂરો પાડીને તેને બીજા પક્ષકારની સમાન મૂકવામાં આવે છે. આમ સમાન ન્યાયની તક પૂરી પડાય છે.

વિશ્વમાં આજે એક અથવા બીજા પ્રકારે ગ્રુપ કે જૂથો વધી રહ્યા છે તેમાં બળવાન અને નબળા, અમીર અને ગરીબ, સ્ત્રીઓ અને પુરૂષો, હિંસાનો ભોગ બનનારા (વિકટીમ) અને હિંસા આચરનારાઓ, આમાં નબળા વર્ગને સમાન તક પ્રાપ્ય કરાવીને કાયદાનું રક્ષણ આપવામાં આવે છે. આમાં કાનૂની સહાયનો ફાળો અત્યંત મહત્વનો છે. આજે કાનૂની સહાય યોજના, વિશ્વના લગભગ દરેક રાષ્ટ્રોમાં એક અથવા બીજા સ્વરૂપે પ્રવર્તે છે. અને આંકડાઓથી આપણે એવું કહી શકીએ છીએ કે સમાજનો નબળો અને વંચિત વર્ગ હવે કાનૂની રીતે સક્ષમ થઈ રહ્યો છે.

## ૧.૫ ઝડપી અને અસરકારક ન્યાય

ન્યાયના વિતરણમાં વિલંબ, એ સમગ્ર વિશ્વના મોટાભાગના દેશોમાં જોવા મળતી એક સામાન્ય સમસ્યા છે પરંતુ ભારતની પ્રવર્તમાન ન્યાય પ્રણાલીમાં ન્યાયએ જાણે વિલંબનો પર્યાય બની ગયો છે.

ન્યાયના સબંધમાં વિલંબ એટલે કેસના નિકાલમાં, કોર્ટ દ્વારા નકકી કરવામાં આવે કે યોગ્ય રીતે અનુમાનિત કરવામાં આવેલ સમય કરતા વધુ સમય વ્યતિત થવો.

આના કારણોમાં વિશ્વના બીજા દેશોની સરખામણીએ ભારતમાં વસ્તીના પ્રમાણમાં ન્યાયાધીશોની સંખ્યા ઓછી છે. ભારતમાં દર દશ લાખે ૧૫ ન્યાયાધિશો છે. જે ૧૨૦માં લૉ કમિશન દ્વારા ૫૦ ની કરવાની ભલામણ કરવામાં આવી છે. અમેરિકામાં દર દસ લાખે ૧૦૦ ન્યાયાધિશો છે, ગુજરાતમાં ૧.૫૦ લાખે એક ન્યાયાધિશ છે. ઉપરાંત ન્યાયાધિશોની નિમણૂંકમાં વિલંબ, અતિપૂરાણા કાયદાઓ, પ્રક્રિયાઓની આંટીઘૂંટી, પ્રક્રિયાત્મક કાયદાઓની ભરમાળ, અત્યંત ખર્ચ પ્રક્રિયા, ભારતમાં દાવા–દૂવી કરવાનું સવિશેષ પ્રમાણ ઉપરાંત વૈકલ્પિક તકરાર નિવારણ પદ્ધતિનો આશરો ન લેવો, વગેરે જણાવી શકાય.

ભારતની સુપ્રિમકોર્ટ તથા જુદી જુદી હાઈકોર્ટ તથા અન્ય અધિનસ્થ અદાલતોમાં ચુકાદાની અંતિમ રાહ જોઈ રહેલ કેસોની સંખ્યા આજે લગભગ ત્રણ કરોડ જેટલી છે. ન્યાય મળવો પુરતો નથી પરંતુ ન્યાયની અનુભૂતિ થવી જોઈએ એ તેની અસરકારકતાનો સબળ પુરાવો છે. ન્યાયમાં વિલંબ એ ન્યાયનો ઈનકાર કરવા બદલ છે.

ઝડપી પ્રક્રિયા અમેરિકાના બંધારણના અનુચ્છેદ–૬ માં અને ભારતના બંધારણમાં અનુચ્છેદ–૨૧ માં જણાઈ આવે છે.મોટાભાગના પડતર કેસોમાં જેની સજા ત્રણ વર્ષની હોય તેવા કેસોમાં પણ આવા કેસો ૧૦–૧૦ વર્ષથી અર્નિણીત જોવા મળે છે. રૂદલશાહ[64]ના કેસમાં ૧૫ વર્ષ,પરબતી મલીક (૩૨ વર્ષ), સોનમણી દવે (૩૨

[64] AIR 1983 SC 1086.

વર્ષ), અનીલકુમાર બર્મન (૩૩ વર્ષ), ખલીઉર રહેમાન (૩૫ વર્ષ) માચન્ગ લાલુન્ગ (૫૪ વર્ષ )[65]થી પોતાના કેસ ચાલવાની રાહ જોતા હતા.

અદાલતી પ્રક્રિયા ચાલ્યા સિવાયનો, લાંબા સમયનો કારાવાસ એ ફોજદારી ન્યાયપ્રણાલિની સૌથી મોટી કમનસીબ બાબત છે. તે આપણી માનવ અધિકાર અને માનવ ગૌરવથી સમૃદ્ધ થયેલી કાનૂની પ્રક્રિયાનું ઉઘાડેછોક ઈરાદા પૂર્વકનું અપમાન છે. લોકશાહી પ્રણાલી ધરાવતો સમાજનો મોટાભાગનો વર્ગ આવા લાંબા સમયના કારાવાસથી મૂળભૂત અધિકારોથી વંચિત થઈ જાય છે.[66]

આમ છતાં, ભારતીય બંધારણમાં અદાલતોની ક્રિયાશીલતાને પરિણામે પ્રક્રિયાત્મક કાયદાઓ સફળતાપૂર્વક દાખલ થવાને પરિણામે અદાલતો દ્વારા અનુચ્છેદ–૨૧ નું અર્થઘટન કરવામાં આવ્યું. સુપ્રિમ કોર્ટ દ્વારા ગરીબ કેદીઓ તથા આરોપીઓ પ્રત્યે, કે જેઓ ગરીબાઈના કારણે વકીલ રોકી શકે તેમ ન હતા. તેમના પ્રત્યે ઉદારતા દર્શાવવામાં આવી. દેખીતી રીતે અનુચ્છેદ ૧૪ ના સમાનતાના અધિકારમાં અને અનુચ્છેદ–૨૧ માં ઉદાર અર્થઘટન કરવામાં આવ્યું છે. એવું જણાવવામાં આવ્યું છે કે, કાયદા સમક્ષની સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ એ ફકત બંધારણીય ઉપહાસજ બની રહેશે. જો કોઈ વ્યકિત કાયદાનું રક્ષણ મેળવવામાં નિષ્ફળ એ કારણે જશે કે તે ગરીબ છે.[67]

બંધારણના અનુચ્છેદ ૨૧ અંતર્ગત યોગ્ય પ્રક્રિયા અંતર્ગત કાનૂની સહાયનો અધિકાર મૂળભૂત અધિકાર તરીકે આવરી લેવામાં આવ્યો છે. સુપ્રિમ કોર્ટે વખતોવખત ભારપૂર્વક જણાવ્યું છે કે જે આરોપી ગરીબ છે તેમના કેસમાં આર્થિક, વહીવટી કે અન્ય કારણોસરની અસમર્થતાને કારણે તેમના કેસમાં તેઓ વકીલ રજુ કરી

---

[65] www.answer.com.

[66] Sudesh Kumar Sharma(1995)"Realisation of speedy Justice-An Overview of Human Rights in Criminal Proceedings."

[67] M.H.Hosktot v. State of Maharastra AIR 1978 SC 1548.

શકતા નથી. તેને મફત કાનૂની સહાય પુરી પાડવી તે રાજય માટે બંધનકર્તા છે.[68] ઘણા બધા નિર્ણિત ચુકાદાઓથી હવે સ્પષ્ટ થયું છે કે, આરોપીઓનો ઝડપીન્યાય મેળવવાનો અધિકાર બંધારણમાં અનુચ્છેદ ૨૧ મુજબના મૂળભૂત અધિકાર છે.[69] ન્યાયમૂર્તિ શ્રી કિષ્ણ ઐયરે બાબુસિંહ વિ. સ્ટેટ ઓફ યુ.પી. જામીન અરજીનો નિકાલ કરતી વખતે ભારપૂર્વક નોંધ્યું હતું કે આપણી ન્યાયપ્રણાલી ગંભીર કેસોમાં પણ ધીમી ગતિને અનુસરે છે તે યોગ્ય પ્રક્રિયા માટે ઘાતક છે. ઝડપી ન્યાય, એ સામાજીક ન્યાયનો જ ભાગ છે.

ન્યાયિકપ્રક્રિયામાં બિનજરૂરી વિલંબને કારણે આરોપીને ઘણી યાતનાઓ વેઠવી પડે છે. નિદોષ વ્યકિતને વિના વાંકે દંડવામાં આવે છે. તેથી ન્યાયિકપ્રક્રિયા ઝડપથી ચાલે અને નિણય સમયસર આવે તે ન્યાયના હિતમાં આવશ્યક છે.

હુસૈનારાખાતુન વિ. બિહાર રાજય (એ.આઈ.આર. ૧૯૭૯ એસ.સી. ૧૩૬૯) અનુચ્છેદ ૨૧માં ઝડપી ન્યાયનો અધિકારનો ખ્યાલ સમાયેલો છે. ફોજદારી કાયવાહીનું એ મૂળભૂત લક્ષ છે. જસ્ટીસ ભગવતીએ જણાવ્યું છે કે, "જે કાર્યવાહી ન્યાયના વિતરણને ઝડપી બનાવી ન શકે તેને વ્યાજબી, યોગ્ય અને ન્યાયી કહી શકાય નહીં." કાચા કામના કેદીઓ માટે એક આચારસંહિતા સવોચ્ચ અદાલતે તૈયાર કરી છે. કાચા કામના કેદીઓને તહોમતનામું આપવામાં અતિવિલંબ થાય તો તે ન્યાયની ભાવનાનો નાશ થતો ગણાય. અદાલતે આવા કેદીઓને છોડી મૂકવાનો હુકમ આપ્યો હતો.

---

68 Khatri v.State of Bihar AIR 1981 SC 928.

69 Hussainara Khatoon v.Home Secretary AIR 1971 SC 1360; Kadara Pahadiya v. State of Bihar AIR 1981 SC 1169: A.R.Antuley v. R.S.Nayak AIR 1982 SC 1630: Raghubir Singh v. State of Bihar (1998) 4 SCC 481:Sheela Barse v. Union of India AIR 1986 SC 1773: Madhu Mehta v. Union of India (1989) 4 SCC 62;Santosh De v. Archana Guha AIR 1994 SC 1229.

હુસેનઆરા ખાતુન વિ. બિહાર (નં. ૧) રાજયના કેસમાં [70] સુપ્રિમ કોર્ટે એવું જણાવ્યું હતું કે ઝડપી પ્રક્રિયા અને મફત કાનૂની સહાય,અનુચ્છેદ–૨૧ દ્વારા મળતા જીવન અને વૈયકિતક સ્વતંત્રતાના મૂળભૂત અધિકારનું એક અત્યંત આવશ્યક તત્વ છે. જો કે અમેરિકન બંધારણની જેમ ભારતીય બંધારણમાં ઝડપી પ્રક્રિયાના મૂળભૂત અધિકારનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.[71]પરંતુ મેનકા ગાંધીના કેસમાં જણાવ્યા અનુસાર તે અનુચ્છેદ ૨૧ અંતર્ગત જ છે. કોઈપણ પ્રક્રિયા જે ઝડપી પ્રક્રિયાને નિશ્ચિત કરી શકતી નથી તે ન્યાયોચિત કે યોગ્ય ગણી શકાય નહી. એટલા માટે અદાલતે બિહાર રાજયની વિવિધ જેલોમાં બંધ કેદીઓને કે જે વર્ષોથી પોતાના કેસની રાહ જોઈ રહયા હતા તેમને તુરત જ છોડવાનો આદેશ કર્યો, કારણ કે તેમાં અનુચ્છેદ ૨૧ માં જણાવેલા તેવા ઝડપી પ્રક્રિયાના અધિકારનું ઉલ્લંઘન થતું હતું. હુસેનઆરા ખાતુન વિ. બિહાર રાજય (૨)[72] માં અદાલતે નં. ૧ ના કેસમાં જણાવેલા નિર્ણયની પુનરોકિત કરીને કહયું કે આરોપીને તેમના કેસની બાબતોમાં ઝડપી પ્રક્રિયાનો અધિકાર મળે છે. હુસેનઆરા ખાતુન વિ. બિહાર રાજય (૩)[73] માં ઉપરોકત બાબતોમાં પ્રસ્થાપિત સિદ્ધાંતોની પૃષ્ટિ કરતા એવો નિર્ણય આપ્યો કે મફત કાનૂની સેવા યોગ્ય પ્રક્રિયાની આવશ્યક તત્વ છે જે ગરીબ આરોપી વ્યકિતને આપવી તે રાજયનું કર્તવ્ય બની જાય છે. એવી પ્રક્રિયા જે ગરીબ આરોપીઓને મફત કાનૂની સહાયતા પૂરી પાડતી નથી તે અનુચ્છેદ ૨૧ અંતર્ગત વ્યાજબી યોગ્ય અને ન્યાયપૂર્ણ કહી શકાય નહી.

અબ્દુલ રહેમાન અંતુલે વિ. આર. એસ. નાયક[74] ના કેસમાં સુપ્રિમ કોર્ટે, ફોજદારી બાબતોના આરોપીઓને ઝડપી પ્રક્રિયા માટે વિસ્તૃત માર્ગદર્શક સિદ્ધાંતો

70 AIR 1979 SC 1360.
71 J.N.Pandey,(Indian Constitution,2004),Central Law Agency,p.230.
72 AIR 1967 SC 122.
73 AIR 1979 SC 1377.
74 (1992) 1 SCC 225.

જણાવ્યા છે. તેમાં અદાલત દ્વારા એવું નિર્ધારિત કરવામાં આવ્યું છે કે, અનુચ્છેદ ૨૧ અંતર્ગત મળતો ઝડપી પ્રક્રિયાનો અધિકાર આરોપીઓને દરેક સ્થળે એટલે કે તપાસ, પરિક્ષણ, અપીલ, રિવીઝન અને રીવ્યુ એમ દરેક તબકકે મળે છે આ બધા અધિકાર આરોપીઓને ભારતીય ફોજદારી કાર્યવાહી પ્રક્રિયાની કલમ–૩૦૯ અંતર્ગત પણ પ્રાપ્ય છે.

સુપ્રિમ કોર્ટ લિગલ એઈડ કમિટિ રીપ્રેજન્ટીંગ અન્ડર ટ્રાયલ પ્રીઝનર્સ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા [75] ના કેસમાં નારકોટીક ડ્રગ્સ એન્ડ સાઈટ્રોપીક સબસ્ટન્સ એકટ, ૧૯૮૫ને આધિન વિચારણાધિન વ્યકિતઓના વિરૂદ્ધ કાર્યવાહી ચલાવવા એ કારણસર વિલંબ થઈ રહયો હતો કે તેમના તપાસ માટે વિશિષ્ટ ન્યાયાલયોની સ્થાપના થઈ ન હતી. આ કેસમાં એવું નકકી કરવામાં આવ્યું કે ઝડપી ન્યાયનો અધિકાર અનુચ્છેદ–૨૧ અંતર્ગતનો મૂળભૂત અધિકાર છે અને રાજય સરકારને આ દ્વારા નિર્દેશ કરવામાં આવ્યા કે રીવ્યુ કમિટી બનાવીને આવા વ્યકિતઓની બાબતોને ઝડપથી પતાવવામાં આવે.

પરંતુ જયાં આરોપી પોતાની કેસની બાબતોમાં પોતેજ વિલંબમાં જવાબદાર બનતો હોય ત્યાં તે અનુચ્છેદ ૨૧ અંતર્ગત ઝડપી ન્યાયના મૂળભૂત અધિકારનો દાવો કરી શકતો નથી. તે પોતાની ભૂલોનો લાભ ઉઠાવીને કાર્યવાહીથી બચી શકતો નથી.[76]

શ્રીનિવાસ ગોપાલ વિ. અરૂણાચલ પ્રદેશ [77] બાબતોનો એવું નિર્ધારિત કરવામાં આવ્યું હતું કે ઝડપી ન્યાય એ અનુચ્છેદ ૨૧નું એ અનિવાર્ય તત્વ છે અને જેનું ઉલ્લંઘન અપરાધિક કાર્યવાહીને અસંવૈધાનિક બનાવી દે છે. કોઈપણ વ્યકિતના વિરૂદ્ધ

---

[75] (1994) 6 SCC 731.

[76] Union of India v. Ashokkumar Mitra (1995) 2 SCC 768.

[77] (1998) 4 SCC 36.

સાડા નવ વર્ષો પછી ફોજદારી કાર્યવાહી ચલાવવી કે જેનું કોઈ યોગ્ય કારણ ન હોય તે પ્રક્રિયાને અયોગ્ય અને અન્યાય પૂર્ણ બનાવી દે છે. અપીલ કરનાર, ૧૯૭૬માં અરૂણાચલમાં કામ કરતા હતા તેમના ઉતાવળે જીપ ચલાવવાને કારણે એક દુર્ઘટના બની જેમાં એક વ્યકિતનું મૃત્યુ થયું. પોલિસે તેમના વિરૂદ્ધ ફીરયાદ કરી અને ચાર્જશીટ રજુ કરી, પરંતુ તેને સાડા નવ વર્ષો બાદ, ૧૯૮૬માં મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કરવામાં આવ્યો. જેમણે તેનું સંધાન લીધું. આ કેસમાં એવો નિર્ણય આપવામાં આવ્યો કે સામાન્ય અપરાધ માટે ફોજદારી કાર્યવાહી ચલાવવામાં સાડા નવ વર્ષનો વિલંબ એ અનુચ્છેદ ૨૧ નું ઉલ્લંઘન હતું જેથી અપીલકર્તા વિરૂદ્ધ કાર્યવાહી ચલાવી શકાય નહી.

સુખદાસ વિ. અરૂણાચલ પ્રદેશ[78]ની બાબતમાં અદાલતે એવું ઠરાવ્યું કે ફોજદારી કાર્યવાહીમાં આરોપીને મફત કાનૂની સહાયતા પૂરી પાડવમાં નિષ્ફળતા તે અનુચ્છેદ ૨૧ અંતર્ગતના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન છે અને તે આવી પ્રક્રિયાને ગેરબંધારણીય બનાવી દે છે. તથા આરોપી છુટવા માટે હકકદાર બને છે તેના માટે તેણે અરજી આપવી જરૂરી નથી. એતો રાજયનું કર્તવ્ય છે કે જયાં સુધી તે ના નથી પાડતો ત્યાં સુધી કાનૂની સહાય પૂરી પાડવી તે આવશ્યક છે, નહિતો સમગ્ર પ્રક્રિયા અયોગ્ય થઈ જશે અને સમગ્ર પ્રક્રિયા ગેરકાનૂની ગણાશે. ફોજદારી પ્રક્રિયામાં આ જોગવાઈ આરોપીઓને માટે અત્યંત આવશ્યક છે.

એમ. એચ. હોસ્કોટ વિ. મહારાષ્ટ્ર રાજય[79] ના કેસમાં  સુપ્રિમ કોર્ટે એવું નકકી કર્યુ હતું કે હાઈકોર્ટમાં કેદીનો અપીલ કરવાનો અધિકાર એ મૂળભૂતઅધિકાર છે તથા તેને ચુકાદાની કોપી મફત મેળવવાનો તથા મફત કાનૂની સહાય પ્રાપ્ત કરવાનો પણ અધિકાર મળે છે. આવી શરતોના ઉલ્લંઘનના પ્રસંગે અનુચ્છેદ ૨૧ માં જણાવેલ વૈયકિતક સ્વતંત્રતાના અધિકારનું અતિક્રમણ થાય છે. આ

---

78 (1986) 2 SCC 401.
79 AIR 1978 SC 527.

બાબતમાં અપીલકર્તાને યુનિવર્સિટીની નકલી ડીગ્રીઓ બનાવવાના ગુના માટે દોષીત જાહેર કરાયો હતો. પરંતુ સેશન્સ ન્યાયાલયે ઉદાર મત દાખવી કોર્ટ ઉઠતા સુધીની એવી ઓછી સજા કરી. હાઈકોર્ટે આ સજાને વધારીને ત્રણ વર્ષની સજામાં તબદીલ કરી. હાઈકોર્ટએ નિર્ણય ૧૯૭૩માં આપ્યો હતો પરંતુ સુપ્રિમ કોર્ટમાં અપીલ ચાર વર્ષ પછીથી ફાઈલ કરવામાં આવી હતી. અપીલકર્તાના અનુસાર આ જાતના વિલંબ થવાનું કારણ ૧૯૭૩ના ચુકાદાની કોપી તેને ૧૯૭૮ માં મળી હતી. ત્યારબાદ એવું માલુમ પડયું કે હાઈકોર્ટે તેને આપવા માટે જેલ સુપ્રિન્ટેન્ડેન્ટે કોપી આપી હતી પરંતુ તે તેને મળી ન હતી. જેલ સુપ્રિટેન્ડનને કહયું હતું કે કોપી તેને આપવામાં આવી હતી પરંતુ સરકાર પાસે માફીની અરજી કરવા માટે તેની પાસેથી પાછી લઈ લેવામાં આવી હતી. જો કે હાઈકોર્ટે તેની અપીલ ખારીજ કરી હતી કેમ કે અદાલત તેની નીચલી અદાલતોના સહવર્તી કારણોમાં હસ્તક્ષેપ કરતી નથી. તેથી તેણે આ સબંધમાં કાયદાની સ્થિતિને વધારે સ્પષ્ટ કરવાનું યોગ્ય માન્યુ. ન્યાયાલયે એવો નિર્ણય આપ્યો કે દોષીવ્યકિતનો અપીલ કરવાનો અધિકાર યોગ્ય પ્રક્રિયા તથા નૈસર્ગિક ન્યાયનો આવશ્યક અંગ છે. કોઈપણ કાર્ય કે કાર્ય લોપ આ અધિકારને અસફળ બનાવે છે તે અનુચ્છેદ ૨૧ નું અતિક્રમણ કરે છે. અપીલના અધિકારને પૂર્ણ બનાવવા માટે બે બાબતો આવશ્યક છે.

૧. ચુકાદાની કોપી સમયસર આરોપીને પુરી પાડવામાં આવે છે.

૨. મફત કાનૂની સહાયતા આપવામાં આવે છે.

આ બન્ને શરતોને પૂરી કરવી તે અનુચ્છેદ ૨૧ અંતર્ગત રાજયનું કર્તવ્ય છે. આ બન્ને ફરજો અપીલના અધિકારમાં પણ સામેલ છે અને અનુચ્છેદ ૨૧ ના આધિન યોગ્ય પ્રક્રિયાના આવશ્યક અંગ પણ છે.

પરંતુ રઘુવિરસિંહ વિ. બિહાર રાજય[80] ના કેસમાં એવો નિર્ણય આપવામાં આવ્યો કે ફકત પોલીસ તપાસમાં વિલંબ થવાને કારણે એવું માની શકાય નહિ કે અનુચ્છેદ ૨૧ અંતર્ગતનો ઝડપી ન્યાયના અધિકારનું ઉલ્લંઘન થયું છે.

સુપ્રિન્ટેન્ડેન્ટ એન્ડ રીમેમ્બ્રાન્સર ઓફ લિગલ અફેર્સ વેસ્ટ બંગાળ વિ. એસ. ભૌમિક [81] માં ન્યાયાલયે હુસેનઆરા ખાતુનના નિર્ણયને અનુસરતા એવું જણાવ્યું કે મફત કાનૂની સહાય મેળવવાનો અધિકાર અનુચ્છેદ ૨૧ ના અંતર્ગત યોગ્ય અને ઉચિત પ્રક્રિયાનો એક આવશ્યક ભાગ છે. જેના અભાવમાં સમગ્ર પ્રક્રિયા અયોગ્ય થઈ જશે. આ કેસમાં કેટલાક વ્યકિતઓનો ઓફિસીયલ સિક્રેટ એકટ– ૧૯૨૩ ની કલમ–૧૪ ને અંતર્ગત કેટલીક લશ્કર સબંધી ખાનગી વાતો દુશ્મનને બતાવવાના ગુનાસર તેમની તપાસ કરવામાં આવી રહી હતી. તપાસ દરમ્યાન મેજીસ્ટ્રેટે આરોપીઓના વકીલને સાક્ષીઓના નિવેદનોને નોંધવાની મંજૂરી આપી પરંતુ પાછળથી તેને પોતાના સમક્ષ પ્રસ્તુત કરવા માટે કહયું જેથી એવું જોઈ શકાય કે જે કોઈ પ્રકાશન તો નથી, પરંતુ વકીલે એવું કરવાનો ઈન્કાર કર્યો અદાલતે નિર્ણય આપ્યો કે કલમ ૧૪ ગુપ્ત કાર્યવાહીઓમાં અપાયેલા સાક્ષીઓના નિવેદનોની કોપીઓ આરોપીઓને આપવા પર પ્રતિબંધ કરતી નથી. જો કે તે સાચું છે કે ગંભીર પ્રકારના અપરાધોના પરિક્ષણને ખાનગી રાખવું જોઈએ પરંતુ ફકત આજ આધારપર વિધાનસભા નિયમ બનાવીને આરોપીનો પ્રતિકાર કરવાનો બચાવનો મહત્વપૂર્ણ અધિકારથી તેને વંચિત કરી શકે છે.

સુખદાસ વિ. અરૂણાચલ પ્રદેશ [82] ના કેસમાં એવું નિર્ધારિત કરવામાં આવ્યું કે મફત કાનૂની સહાય પૂરી પાડવાની નિષ્ફળતા જો આરોપીએ આ બાબતનો ઈન્કાર ન કર્યો હોય તો સમગ્ર તપાસને ગેરબંધારણીય બનાવી દે છે. રાજયનું એ કર્તવ્ય

---

80 AIR 1987 SC 149.
81 AIR 1981 SC 917.
82 (1986) 2 SCC 401.

છે કે તેને જણાવે કે તેને મફત કાનૂની સહાય મેળવવાનો અધિકાર છે. આ કિસ્સામાં આરોપી ગરીબાઈને કારણે તપાસ દરમ્યાન વકીલની સેવાઓ મેળવવામાં અસમર્થ રહયો હતો. હાઈકોર્ટે નિર્ણય આપ્યો કે તેની તપાસ ગેરબંધારણીય નથી. કારણ કે તેણે કાનૂની સહાયને માટેની અરજી આપી ન હતી. સુપ્રિમ કોર્ટે અપીલમાં હાઈકોર્ટના નિર્ણયને ઉલટાવીને એવો નિર્ણય આપ્યો કે જો કે તપાસ વખતે આરોપીને મફત સહાય આપવામાં આવી હતી નહી તેથી આવી તપાસે અનુચ્છેદ ૨૧નું ઉલ્લંઘન કહેવાય.

મહત્વપૂર્ણ ચૂકાદા મહારાષ્ટ્ર રાજય વિ. મનુભાઈ પ્રાગજી વશી [83] ના કેસમાં મફત કાનૂની સહાયના ક્ષેત્રને વિસ્તૃત કરવામાં આવ્યું. એવો નિર્ણય આપવામાં આવ્યો કે મફત સહાય આપવા માટે અનુભવી પ્રશિક્ષિત વકીલોની જરૂર હોય છે અને આવું ત્યારેજ શકય બને કે જયારે કાયદાના શિક્ષણને માટે સારી કોલેજો હોય કે જેમાં સારા અધ્યાપકો અને પુસ્તકાલય વગેરેની સગવડ હોય જો કે સરકારને માટે આ સંભવ નથી. તેથી તેણે ખાનગી લૉ કોલેજો શરૂ કરવાની પરવાનગી આપવી, તેમને માન્યતા આપવી તથા અનુદાન આપવું જોઈએ કે જે સરકારી કોલેજોને આપવામાં આવે છે. આ કારણ માત્રથી આવી કોલેજો યોગ્ય કાર્ય કરશે અને દરેક વર્ષે પર્યાપ્ત સંખ્યામાં ઉત્કૃષ્ટ શિક્ષિત એવા વકીલોને તૈયાર કરશે કે જેમના માધ્યમથી રાજય અને અન્ય અધિકારી પણ મફત કાનૂની સહાય પૂરી પાડવામાં સક્ષમ થશે અને કોઈપણ પ્રકારની અયોગ્યતાને કારણે ન્યાય મેળવવામાં અસમર્થ નાગરિકને ન્યાય પ્રાપ્ત કરાવવામાં સફળ થશે. અનુચ્છેદ–૩૯ (એ) રાજયને એવો નિર્દેશ કરે છે કે દરેકને સમાન ન્યાય અને મફત કાનૂની સહાય પૂરી પાડવાની વ્યવસ્થા કરાવે તેનો અર્થ એ છે કે કાયદા અનુસાર ન્યાય અપાવે એટલા માટે યોગ્ય કાયદા પ્રણાલિનું હોવું આવશ્યક છે. એ ત્યાં સુધી સંભવ નથી કે જયાં સુધી યોગ્ય માત્રામાં અને સારી કાયદાની કોલેજોની સ્થાપના

[83] (1995) 5 SCC 730.

કરવામાં ન આવે. જો કે રાજય મુંબઈ જેવા શહેરમાં વધતી માંગને પૂરી કરી શકે નહી તેથી ખાનગી કોલેજોને ખોલવાની પરવાનગી આપવી જોઈએ અને તેમના માટે યોગ્ય અનુદાન કરવાની વ્યવસ્થા કરવી જોઈએ જેથી તે પ્રભાવી રૂપે કાર્ય કરી શકે. સુપ્રિમ કોર્ટે રાજય સરકારને આવી લૉ કોલેજને અનુદાન આપવાનો નિર્દેશ કર્યો હતો.

આવા સંજોગોમાં વૈકલ્પિક તકરાર નિવારણ પદ્ધતિ અનુસાર કાનૂની સહાયની મદદ લઈને લોક અદાલતો વગેરેમાં ઉપરાંત ફાસ્ટટ્રેક અદાલતો ઉપરાંત સમગ્ર દેશમાં ગુજરાત રાજય જેમાં પ્રથમ છે એવી સાંધ્ય અદાલતો કોર્ટ કેસના ભરાવાને દુર કરી શકે તેમ છે.

ભારતના પ્રથમ વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂનું સ્વપ્ત હતું કે ભારતના સામાન્ય નાગરિકને સસ્તો અને ઝડપી ન્યાય મળે. રાષ્ટ્રપતિ કલામ દ્વારા પણ આ જ બાબતનું ઉચ્ચારણ ડીસેમ્બર–૧૦ – ૨૦૦૬ ના રોજ ચંદીગઢ ખાતે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ગોલ્ડન જયુબિલી પ્રસંગે કરવામાં આવ્યું હતું. ડો. કલામ દ્વારા અદાલતોમાં મુદત પડવાની પ્રથાની ટીકા કરી હતી. વકીલોએ આનાથી દુર રહીને પોતાના અસીલના કેસ ઝડપી ચલાવવાની રજુઆત કરી હતી. કેસોના ભરાવા અંગે તેમણે માનવીય અભિગમથી, વૈકલ્પિક તકરાર નિવારણની પદ્ધતિથી, ફાસ્ટ્રેકટ કોર્ટની મદદથી, ઈ–જયુડીશીયરીના સામેલ કરવાથી અને ન્યાયાધિશો અને વકીલ મીત્રોને સતત ટ્રેઈનિંગ આપવાની વાત કરી હતી.

## ૧.૫ મફત અને સક્ષમ ન્યાય

કાનૂની સહાય યોજના અંતર્ગત મફત અને સક્ષમ ન્યાય પૂરો પાડવમાં આવે છે. મફત શબ્દને હજુ સુધી વ્યાખ્યાયિત કરવામાં આવ્યો નથી. પારિભાષિક શબ્દકોષના અનુસાર મફતનો અર્થ "કોઈ પણ ખર્ચા વિના" એવો થાય છે. પરંતુ કાનૂની સહાયના સંબંધમાં મફત શબ્દનો અર્થ, કેટલીકવાર કોઈપણ જાતના ખર્ચા વિના એટલે

કે કોર્ટ ફી, કેસના કાગળો અંગેની ફી કે વકીલની ફી વિના તેઓ અથવા તો આંશિક ખર્ચાના રૂપે કે જેમાં અસીલ તરફથી કંઈક અંશે યોગદાન કરવામાં આવે છે.

વિશ્વભરના અનેક દેશોમાં કાનૂની સહાય યોજના અમલમાં છે ઘણા દેશોમાં સંપૂર્ણ મફત જેવી યોજના અમલમાં નથી. આવા દેશોમાં આંશિક યોગદાન અસીલ તરફથી આપવાનું રહે છે. કેટલાક દેશોમાં વકીલોને તેમના મહેનતાણા રૂપેની ફી પણ અસીલ દ્વારા આપવામાં આવે છે.

ભારતમાં કાનૂની સહાય અંતર્ગત સામાજીક અને આર્થિક અસમર્થતાઓને આધારીત લાભાર્થીઓ પાસેથી કોઈપણ જાતની ફી, દાન કે અનુદાન લેવામાં આવતું નથી જો કે ભારતમાં જુદા જુદા રાજયોમાં આર્થિક મર્યાદાની લિમિટ જુદી જુદી છે. જેમાં ગુજરાત રાજયમાં મહત્તમ મર્યાદા રૂા.૫૦,૦૦૦/– વાર્ષિક આવકની છે. જે ગુજરાતની અધિનસ્થ અદાલતો ઉપરાંત હાઈકોર્ટને સંબંધિત છે. સુપ્રીમ કોર્ટમાં મધ્યમ આવક જુથ યોજના અંતર્ગત આ આવકની મર્યાદા રૂા.૧,૨૦,૦૦૦/– વાર્ષિક આવકની છે. સામાજીક તથા આર્થિક અસમર્થતાઓને આધારીત લાભાર્થીઓ અંગેની જોગવાઈ કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમની કલમ–૧૨માં કરવામાં આવી છે.

સક્ષમ ન્યાયનો અર્થ એ કરી શકાય કે જે પ્રકારનો ન્યાય મેળવવા માટે તેઓ હકદાર હોય તે પ્રકારનો ન્યાય તેમને મળે.

કાનૂની સહાય યોજના અંતર્ગત કાનૂની સહાય કેન્દ્ર દ્વારા મફત અને સક્ષમ ન્યાય ગુજરાતમાં આપવામાં આવે છે.

# પ્રકરણ– ૨

# કાનૂની સહાયનો ખ્યાલ અને ઐતિહાસિક વિકાસ

## ૨.૧ કાનૂની સહાયનો ખ્યાલ અને વ્યાખ્યા

આધુનિક અર્થ અને સમયમાં જે કાનૂની સહાયનો ખ્યાલ જોવા મળે છે, તેના બીજ કે મુળ વીસમી સદીમાં, અને તે પૂર્વે અગિયારમી સદીમાં પણ જોવા મળે છે. વિશ્વના મોટા ભાગના દેશોમાં કાનૂની સહાયનામના ખ્યાલે પોતાનું ધ્યાન આકર્ષિત કર્યું છે. તેમાં પણ લોકશાહીમાં તો તેનું એક આગવું મહત્વ છે. 'કાયદાનું શાસન' અને 'કાયદા સમક્ષની સમાનતા' એ લોકશાહીના મૂળભૂત પાયાના સિદ્ધાંતો છે. તે પ્રાપ્ત કરવાનું કાનૂની સહાયનું એ ધ્યેય છે.

કાનૂની સહાય, ન્યાયના વહીવટ કે પ્રવર્તનનો, અંતર્ગત ભાગ છે. લોકશાહીમાં, જયાં લોકો વડે, લોકોથી અને લોકો માટેનું શાસન હોય છે, પરંતુ જયાં પ્રજાનો મોટો ભાગ, અમીર અને ગરીબ, બળવાન અને નબળા, વિશેષાધિકાર યુકત અને વંચિત, સામાજીક અને આર્થિક રીતે પ્રબળ અને નિર્બળ એવા ભાગોમાં વિભકત થયેલો હોય, તયાં સાચા અર્થમાં 'કાયદાનું શાસન' કે ' કાયદા સમક્ષની સમાનતા' સંભવી શકતી નથી. આવા વંચિત, નિર્બળ કે ગરીબ વર્ગને તેમનાથી બળવત્તર વર્ગ સામે, સમાન રીતે પ્રસ્થાપિત કરવામાં 'કાનૂની સહાય' નો ખ્યાલ અતયંત ઉપયોગી અને અર્થપૂર્ણ બની રહે તેમ છે.

કાનૂની સહાય તેવા સામાન્ય અર્થમાં,સમાજના નબળા વર્ગને તેમના કાનૂન દ્વારા તેમને અપાયેલ હક તથા સ્વતંત્રતાના અધિકારને રક્ષવાના પ્રયત્નમાં અને તેમને પ્રાપ્ત થયેલ અધિકાર તેમજ લાભને સમાજના બળવાન વર્ગ દ્વારા છીનવાતા અટકાવવા માટે પૂરી પડાતી મદદના અર્થમાં સામેલ છે.

કાનૂની સહાયનો ખ્યાલ વૈવિધ્યતા ધરાવતો ખ્યાલ છે.

જેના બે મુખ્ય પાસાઓ નીચે મૂજબ છે.

(૧) પ્રથમ, રૂઢિગત ખ્યાલ છે. જે મુજબ ગરીબ કે વંચિત લાભાર્થીને, આર્થિક સહાય પુરી પાડવામાં આવે છે કે જેમનો કેસ કોર્ટ અદાલત, કે વહીવટી ન્યાયપંચ પાસે કે સરકાર સમક્ષ હોય.

(૨) બીજો ખ્યાલ, જેને ન્યાયમૂર્તિ ભગવતી "નિવારક કાનૂની સેવા અંગેનો કાર્યક્રમ" તરીકે જણાવે છે. આ કાર્યક્રમનું ભારત જેવા વિકાસશીલ દેશમાં ઘણું મહત્વ છે, કે જયાં ગરીબી, નિરક્ષરતા અને પ્રજામાં તેમના અધિકારો અને તેના અમલ બાબતે અજ્ઞાનતા હોય, ત્યાં આવા કાર્યક્રમનું મહત્વ વધી જાય છે. આ ઉપરાંત તેમના અધિકારોના જતન માટે તથા હનન ના પ્રસંગે, કયાં ઉપચાર કે આશરો લેવો તે પણ તેઓ જાણતા નથી. આપણી અદાલતો, પ્રતિસ્પર્ધી પ્રણાલી પર આધારિત છે. આપણી અદાલતો, ઉચ્ચ અદાલતો સહિત વધુ પડતા કાર્યબોજ થી લદાયેલી છે. જીલ્લા અદાલતોમાં કેસોનો અત્યંત ભરાવો થઈ રહેલ છે. કેટલીક વાર કેસનો ઉકેલ આવતા દસ થી બાર વર્ષ વીતી જાય છે, ત્યારે આવા સમય–સંજોગોમાં ભારતમાં કાનૂની સહાય કાર્યક્રમે નિવારક કાનૂની સેવા, પર વધુ ભાર મૂકવો યોગ્ય ગણાશે.[84]

વિદ્વાન ન્યાયમૂર્તિશ્રીએ 'નિવારક કાનૂની સેવા કાર્યક્રમ' ને વધુ સમજાવતા તેના બીજા છ જેટલા મુદ્દાઓ દર્શાવ્યા છે.ભારતમાં કાનૂની સહાય ખ્યાલ, બંધારણનાઅંતર્ગત સ્વરૂપ આંતરમાળખીય અને મુખ્ય છે.

---

[84] Dr. Paras Diwan, Justice at the Door-Step of People; The Lok Adalat System, Legal Aid Newsletter, New Delhi.Vol.XI (Part-I) April-June, p.9.

(૧) પ્રથમ, કાનૂની સહાય અંતર્ગતના કાર્યક્રમો, માટે ગ્રામ્યવિસ્તારમાં કાનૂની સહાય કેમ્પસ તથા લોક અદાલતોનું આયોજન કરવું જોઈએ. જેથી ગ્રામ્ય વિસ્તારનાં ગરીબો, વંચિતો તથા શહેરી વિસ્તારના ગરીબોને પણ તેમના ઘર આંગણે, તેમના વિવાદોનું સમાધાન થઈ શકે. કાનૂની સહાય યોજનાનો અંતિમ ધ્યેય, દેશના છેવાડાના છેવાડા વ્યકિત સુધી કાનૂની સહાય પહોંચે તે છે.

(૨) બીજુ, પ્રજાજનોમાં તેમના કાનૂની અધિકારો અને સામાજીક કલ્યાણને લગતા કાયદાઓમાંથી તેમને મળતા લાભો વિશે કાનૂની જાગરૂકતા શિબિરો યોજીને, તેમને અવગત કરવા, ઉપરાંત, વહીવટી પગલાંઓ દ્વારા ભરાતા સામાજીક અને આર્થિક કાર્યક્રમોને પણ તેમની નજર સમક્ષ લાવવા.

(૩) ત્રીજુ, કાયદાના શિક્ષકો અને વિદ્યાર્થીઓને, સમાજના નબળા વર્ગોને આવી કાનૂની સેવા પુરી પડાય તે હેતુસર, કાનૂની સહાય કેન્દ્રો(કિલનિક), યુનિર્વસીટી, કોલેજમાં તથા તેની આસપાસના વિસ્તારમાં ખોલાય તે માટે પ્રોત્સાહિત કરવા.

(૪) ચોથું, ગરીબોને લાગુ પડતા કાયદાના ક્ષેત્રમાં સંશોધકનને ઉત્તેજન આપવું.

(૫) પાંચમું, ગરીબ કે વંચિત તેમના હક ભોગવી શકે તે માટે આ ક્ષેત્ર અંતર્ગત જાહેર હિત વિવાદને પ્રાધાન્ય આપવું.

(૬) છઠ્ઠું, પેરા–લિગલ્સ(કાયદાના સહાયકો) માટે સઘન કાર્યક્રમો ઘડવા જોઈએ.[85]

કાનૂની સેવાનો અર્થ કાયદાના ક્ષત્રમાં અપાતી એવી બધી જ આવશ્યક સેવાઓથી છે કે જે આ અધિનિયમના અંતર્ગત જણાવેલી યોગ્યતા ધરાવતા હોય તથા તેમાં કાર્યવાહીના પહેલાંની અને કાર્યવાહી પછીની બધીજ સેવાઓ સામેલ છે.

આ કાનૂની સેવા બે પ્રકારની હોય છે.[86]

---

[85] Ibid.

[86] Dr. S. S. Sharma, Legal Services, Public Interest Litigations & Para-Legal Services, 2nd Edition, Central Law Agency p.1.

## (૧) કાનૂની કાર્યવાહીના પહેલાં

એક એવી કહેવત છે કે, બચાવ કરતાં ઉપાય સારો છે. જયારે અદાલતોમાં કેસોની સંખ્યા દિવસે ને દિવસે વધી રહી છે ત્યારે, આપણે એવો પ્રયાસ કરવો જોઈએ કે, લોકોની કાનૂની સમસ્યાઓનું સમાધાન અદાલતોની બહાર થાય. કાનૂની સહાય અંગેના કાર્યક્રમ એવા બનાવવા જોઈએ, કે જેથી કાનૂની કાર્યવાહીના પહેલા અપાતી કાનૂની સહાય ઉપર ભાર મૂકવામાં આવે. આ અંગે નીચે મુજબના કાર્યક્રમો દાખલ કરી શકાય.

(૧) કાનૂની શિક્ષણ

(૨) કાનૂની સલાહ

(૩) કાનૂની જાગૃતતા

(૪) સમાધાન વગેરેની કાર્યવાહી

કાનૂની કાર્યવાહીના પહેલાં, કાનૂની સેવાઓ આપવા માટે સ્વયંસેવી સંસ્થાઓને પ્રોત્સાહિત કરવી જોઈએ. યુનિર્વસિટીઓમાં તથા કાયદાની કોલેજોમાં કાનૂની સહાય કેન્દ્ર સ્થાપવા જોઈએ. આવા કેન્દ્ર દ્વારા ગામડાઓમાં જઈને કાનૂની શિક્ષણનો પ્રચાર કરવામાં આવે છે. જો કે ગ્રામીણ જનતાને કાનૂની શિક્ષણ આપવું એ કાનૂની સહાય કેન્દ્ર અને સ્વયંસેવી સંસ્થાઓ દ્વારા સંભવિત ન હોવાને કારણે કાયદા સહાયક (પેરા લીગલ) તૈયાર કરી ને કાનૂની શિક્ષણને અંતર્ગત આમજનતાને તેમના કાનૂની અધિકારો અને ફરજો અંગે જાણકારી આપવામાં આવે છે. જેથી તેમના મનમાં કાયદા સબંધી કોઈ પ્રશ્નો હોય તો તે દુર થઈ શકે છે, જેના કારણે ખોટા મુકદમાઓથી બચી શકાય છે. લોકોને એવું સમજાવવામાં આવે છે કે, કાનૂની કાર્યવાહીને આખરી

હથિયારના રૂપમાં કામમાં લેવું જોઈએ, નહિ કે સુવિધાના રૂપમાં, એટલે કે કાયદાને ઢાલ તરીકે ઉપયોગમાં લેવાનો છે નહિ કે તલવાર તરીકે. મુકદ્દમાના ઉકેલમાં કેટલાય વર્ષો લાગી જાય છે. જેમાં બંન્ને પક્ષકારોને ઘણી કઠીનાઈઓનો સામનો કરવો પડે છે એટલા માટે તેમને આવા મુકદમાઓમાંથી દુર રહેવાની સલાહ આપવામાં આવે છે કાનૂની જાગરુકતા શિબિરોમાં લોકોને એવું સમજાવવામાં આવે છે કે પરસ્પરની વાતચીત દ્વારા જ તેમની સમસ્યાઓનો ઉકેલ લાવવો જોઈએ. જો બહુજ જરૂરી હોય તો તેમના વિવાદને લોક અદાલત સમક્ષ મુકવો જોઈએ. આમ બધાજ દ્રષ્ટિકોણથી કાનૂની કાર્યવાહીના પૂર્વે અપાતી કાનૂની સેવા વધુ યોગ્ય ઠરી શકે છે, ફોજદારી બાબતોમાં કે જયાં સરકારના તરફથી પ્રતિનિધિત્વ કરવામાં આવે છે ત્યાં પણ આરોપીને કાનૂની સેવા રાજયના દ્વારા અને રાજય તરફથી જ પુરી પાડવામાં આવે છે એટલા માટે ફોજદારી બાબતોમાં બન્ને પક્ષકારોનો ખર્ચ રાજય દ્વારાજ વેઠવો પડે છે. જે સંપૂર્ણ રીતે ઉચિત નથી. આજે કેન્દ્ર અને રાજયોની આર્થિકસ્થિતિ બહુજ ખરાબ છે જેથી કાનૂની કાર્યવાહીની પૂર્વે અપાતી કાનૂની સેવા જ અત્યંત ઉપયોગી નીવડે છે.

અત્યાર સુધીની, કાનૂની સેવાનું જો અવલોકન કરવામાં આવે તો આપણને એવું જણાઈ આવે છે કે, તેના ઉદેશમાં તે સંપૂર્ણ રીતે સફળ થઈ નથી. તેનું એક મુખ્ય કારણ એ છે કે હંમેશા કાનૂની કાર્યવાહી થયા બાદ જ કાનૂની સહાયતા આપવા ઉપર ભાર મુકવામાં આવ્યો છે રાજયના ખર્ચે વકીલ નિયુકત કરવા અને કાનૂની કાર્યવાહીનું સંચાલન કરવા જેવી અનેક સગવડોનું કેટલાય લોકો દ્વારા ટીકા કરવામાં આવી છે. કેટલાક લોકોનું એવું માનવું છે કે આના કારણે કાનૂની કાર્યવાહીઓમાં વધારો થશે, અને અદાલતો પર અનાવશ્યક રીતે બોજ પડશે.

આજે જરૂરી બની ગયું છે કે, કાનૂની કાર્યવાહી થવા પૂર્વે કાનૂની સેવા કાર્યક્રમ અંગેનું આયોજન કરવું જોઈએ અને તેના માટે એક વિસ્તૃત યોજના બનાવવી

જોઈએ. જેથી ન્યાયાલયોમાં લંબાતા કેસોની સંખ્યા ઓછી થઈ શકે અને તેમના પરનું ભારણ પણ ઓછું થાય. કાનૂની કાર્યવાહી એકવાર શરૂ થઈ જાય તો તેનો અંત એક નિશ્ચિત પ્રક્રિયા અપનાવ્યા બાદ જ પુરો થાય છે. ન્યાયિકપ્રક્રિયા એટલી જટીલ અને કઠીન છે કે જેને જલ્દી પુરી કરવી તે ન્યાયાધીશના હાથની પણ વાત રહેતી નથી. અને તેથી ન્યાય આપવામાં વિલંબ થઈ જાય છે. જેના કારણે ગરીબ અને વંચિત વ્યકિતઓને ન્યાય આપવામાં વિલંબ થાય છે. અને ન્યાયમાં વિલંબ એ ન્યાય ન મળવા બરાબર છે. એટલા માટે કાનૂની સેવા સત્તામંડળ અધિનિયમમાં આપેલી વ્યાખ્યામાં સુધારો કરીને એવી કાનૂની સેવાઓને પણ અંદર સમાવવી જોઈએ કે, જેનો સમાવેશ ન્યાયિક કાર્યવાહી શરૂ કર્યા પૂર્વેની પણ હોય.

**(૨) કાનૂની કાર્યવાહી દરમયાન કાનૂની સેવા :–**

સામાન્ય રીતે કાનૂની સેવા,કાનૂની કાર્યવાહી શરૂ થયા પછીજ પુરી પાડવામાં આવે છે. કાનૂની કાર્યવાહી શરૂ થયા પછી અપાતી કાનૂની સેવામાં મોટાભાગે વકીલનું પ્રતિનિધિત્વ હોય છે. રાજય પોતાના ખર્ચે ગરીબ વ્યકિતઓના માટે વકીલ રોકે છે અને તેની ફી આપે છે. કેસ દરમ્યાન થવા વાળા અન્ય ખર્ચાઓ જેવા કે, કોર્ટ ફી, સાક્ષીઓનો ખર્ચ વગેરે રાજય સરકાર દ્વારા ભોગવવામાં આવે છે. કાનૂની સેવા, સક્ષમ કાનૂની સેવા સમિતિ દ્વારા આપવામાં આવે છે. આવી સેવાઓ પુરી પાડવાના અમુક માપ–દંડ છે. વ્યકિતઓની વાર્ષિક આવકને ધ્યાનમાં રાખવામાં આવે છે, કેસની પ્રકૃતિ તથા તેની ગંભીરતાને જોઈને વકીલની નિમણુંક કરવામાં આવે છે, રાજય સરકાર મોટા ભાગે પેનલમાંથી વકીલોની પસંદગી કરે છે, જો કે સર્વોચ્ચ અદાલતે ઘણીવાર એવી ચેતવણી આપી છે કે, આવો વકીલ અનુભવી હોવો તે આવશ્યક છે, નહિતો પક્ષકારના હિતની રક્ષા યોગ્ય રીતે થઈ શકશે નહી.

કાનૂની કાર્યવાહી પશ્ચાત આપવાવાળી કાનૂની સેવામાં થનાર ખર્ચથી સરકાર પર આર્થિક બોજો વધી રહયો છે. કેસોની વધતી જતી સંખ્યાને જોતા સરકાર દ્વારા એટલું બધું આયોજન કરવું સંભવ નથી. એટલા માટે અત્યારે આયોજીત કાનૂની સેવા કાર્યક્રમોમાં, કાનૂની બાબતોમાં અને કાનૂની કાર્યવાહીઓમાં પહેલા અપાતી કાનૂની સેવા ઉપર વધુ જોર મુકવામાં આવ્યું છે અને જો કોઈ કેસ ન્યાયાલયમાં (અદાલત) ચાલે છે તેને લોક અદાલતમાં લઈ જવા પર વધુ ભાર મુકવામાં આવે છે. લોક અદાલતમાં વકીલની જરૂરીયાત હોતી નથી અને પક્ષકારોને સમજાવીને તેમની વચ્ચે સમાધાન કરાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

કાનૂની સહાયના ઉદ્‌ભવસ્થાનને મુખ્યત્વે આપણે બે ભાગમાં વિભકત કરી શકીએ છીએ.[87]

૧. પ્રેરણાદાયીસ્ત્રોત, અને

૨. બંધનકારક સ્ત્રોત

**૧. પ્રેરણાદાયી સ્ત્રોત :**

કાનૂની સહાયના પ્રેરણાદાયી સ્ત્રોત એ એવા સ્ત્રોત છે કે જેના કારણે કાનૂની સહાયના ખ્યાલને શરૂ કરવાની અને તેને વિકસિત કરવાની પ્રેરણા પ્રાપ્ત થઈ. આવા સ્ત્રોત નીચે મુજબના છે.

(૧) મેગ્નાકાર્ટા[88]

કાનૂની સહાયનો આ સર્વપ્રથમ સ્ત્રોત છે[89] જેમાં એવું કહેવામાં આવ્યું છે કે, "ન્યાય કોઈને વહેંચવામાં આવશે નહિ, કોઈ વ્યકિતને ન્યાયથી વંચિત

---

[87] Suresh Kumar Bhatia, Nirdhan Vidhik Sahayata (Hindi), (1984), Rajasthan Hindi Granth Academy, p.8.

[88] The Original Carta was in Latin consisted of 70 clauses.

[89] In 1216-17, during the regim of John's son, Henry III, the Magna Carta was confiremed by Parliament, and in 1297 Edward I confiremed in a modified form.

કરવામાં આવશે નહિ અને ન્યાય આપવામાં વિલંબ કરવામાં આવશે નહિ. ન્યાયાધીશ શ્રી ભગવતીસાહેબના શબ્દોમાં, "જો કે મેગ્નાકાર્ટાના આ મહાન સિદ્ધાંતને તાત્કાલિક વ્યવહારિક રુપ આપવામાં આવ્યું ન હતું અને તેણે ન્યાયના સ્વતંત્રતા અને સમાનતાના યુગનો પણ  પ્રારંભ કરાવ્યો ન હતો. પરંતુ એટલું તો ચોકકસ છે કે આના કારણે જ કાનૂની સહાય વિષય અંગેની પ્રેરણા પ્રાપ્ત થઈ છે.

(૨) સમન્યાયનો સિદ્ધાંત[90]

સમન્યાયએ સદગુણ છે[91] અને સમાનતાથી એ પ્રસન્ન થાય છે.[92] ગરીબોને ન્યાયથી વંચિત રાખવા અને તેમને કાયદાનું સમાન રક્ષણ ન મળવું એ કાયદા પદ્ધતિની અપૂણતા રહી છે. સમન્યાયના આધાર ઉપરજ વિકસેલ કાનૂની સહાયના માધ્યમથી ગરીબોને સંરક્ષણ મળવાનું શરૂ થયું.

(૩) માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા[93]

આ ઘોષણામાં એવુ કહેવામાં આવ્યું છે કે, દરેક મનુષ્ય સ્વતંત્ર જન્મે છે અને અધિકારોમાં તથા ગૌરવમાં સમાન છે. તેમનામાં તર્ક અને વિવેક છે અને એકબીજા પ્રત્યે ભાઈચારાનો વ્યવહાર હોવો જોઈએ. આ ઘોષણાપત્રમાં જીવન, સ્વતંત્રતા, વ્યકિતની સુરક્ષા તથા કાયદા સમક્ષ સમાનતા વગેરે બાબતોનો વિવેચન કરવામાં આવે છે. ન્યાયમૂર્તિશ્રી કિષ્ના ઐયરનું માનવું છે કે, કાનૂની સહાયનો આદર્શ આ સાર્વભોમ ઘોષણામાં જ અંર્તનિહીત છે.

**૨. બંધનકારક સ્ત્રોત :**

કાનૂની સહાય અંગેના બંધનકારક સ્ત્રોત એ એવા સ્ત્રોત છે કે જે કાનૂની

[90] Doctrine of Equity.
[91] Dudly v. Dudly, 1705, 45 E.R.112. Tondon, Doctrine of Equity, (1976).
[92] Vimot v. Barber 15 Ch.D. 96. Tondon, Doctrine of Equity, (1976).
[93] Universal Declaration of HumanRights, 1948.

સહાય લાગુપાડવાના હેતુથી રાજય અને અદાલતો ઉપર બંધનકારક અસરો ઉત્પન્ન કરે છે. નીચે જણાવેલ સ્ત્રોત બંધનકારક સ્ત્રોત છે.

**૧. રાજયનું બંધારણ**

જે રાજયના બંધારણમાં કાનૂની સહાય અંગેની જોગવાઈઓ કરેલી હોય તેમાં એ કાનૂની સહાય પૂરી પાડવા માટે બંધનકર્તા બની રહે છે જેમ કે, જાપાન, ભારત વગેરેમાં બંધારણ જ કાનૂની સહાયનો સ્ત્રોત છે.

**૨. બંધારણનો સુધારો**

બંધારણનો સુધારો એ પણ બંધારણનો ભાગ જ છે. અમેરિકા અને ભારતમાં બંધારણના સુધારાના માધ્યમ દ્વારા કાનૂની સહાય અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

**૩. વિધિ વિધાન**

સંસદ દ્વારા આ અંગેનો અધિનિયમ ઘડીને તે અંગેની જોગવાઈઓ કરવામાં આવી છે. જેમ કે, ઈંગ્લેન્ડમાં.

**૪. અદાલતી ચુકાદા**

અમેરિકામાં કાનૂની સહાયતાને એક અધિકારના રૂપમાં જણાવવામાં ગીડીયન વિ. વેનરાઈટ [94] અને ભારતમાં સુપ્રિમ કોર્ટ દ્વારા જુદા જુદા નિર્ણયો જેમાં એમ. એચ. હોસ્કોટ વિ. મહારાષ્ટ્ર તે અગત્યનો અદાલતી ચુકાદો.

કાનૂની સેવાનો શાબ્દિક અર્થ એવો થાય છે કે કાયદા કાનૂનના ક્ષેત્રમાં સેવાઓ પુરી પાડવી કાનૂની સેવા શબ્દની જગ્યાએ પહેલાં કાનૂની સહાયના શબ્દનો પ્રયોગ કરવામાં આવતો હતો. જેનો મૂળભૂત હેતુ ગરીબોને કાયદાના ક્ષેત્રમાં સહાય

[94] Gideon v. Wainwright 52 372 U.S. 335 (1969).

પુરી પાડવા અંગેનો હતો.[95] ભારતની સર્વોચ્ચ અદાલત ધ્વારા વારંવાર ભારપુર્વક એવું જણાવવામાં આવ્યું  કે, ગરીબોને કાનૂની સહાયતા આપવી  એટલે ગરીબો પર દયા કરવી એવું નથી પરંતુ એ તો રાજયનું સામાન્ય જનતા પ્રત્યેનું એક કર્તવ્ય છે. કર્તવ્ય પાલનને સહાયના શબ્દથી ઉચ્ચારવું એ યોગ્ય કહેવાય નહી. અને એટલે કાનૂની સહાયની જગ્યાએ કાનૂની સેવા શબ્દ વાપરવાનો શરૂ થયો. [96]

કાનૂની સેવાની વ્યાખ્યા કાનૂની સેવા સત્તામંડળ અધિનિયમ ૧૯૮૭ [97]ની કલમ ૨–૧(ગ)માં આપવામાં આવી છે. આ અનુસાર કાનૂની સેવા એટલે કોઈપણ ન્યાયાલય કે ટ્રિબ્યુનલ સમક્ષ ચાલવાવાળી કાનૂની કાર્યવાહી અંતર્ગત કોઈ સેવા આપવા માટે કે કાનૂની સલાહ આપવા અંગેનો છે. આ વ્યાખ્યા અનુસાર કાનૂની સેવાના મુખ્ય ત્રણ આવશ્યક અંગે નીચે મુજબ છે.

(૧) કાનૂની સેવા, કાનૂની કાર્યવાહી અંગે આપવામાં આવે છે.

(૨) કાનૂની કાર્યવાહી કોઈપણ અદાલત કે ટ્રિબ્યુનલ સમક્ષ કાનૂની કાર્યવાહી હોઈ, અને

(૩) કાનૂની સલાહ આપવી

કાનૂની સેવા સત્તા મંડળમાં આપવામાં આવેલી વ્યાખ્યા અનુસાર, કાનૂની કાર્યવાહી બાદ તેમાં સહાય કરવા અંગે જણાવ્યું છે. કાનૂની કાર્યવાહીના પહેલાં મફત કાનૂની સલાહ આપવી જ સામેલ છે.  જો કોઈ વ્યકિત કોઈ કાર્યવાહી કરવા માંગે છે તો તેના માટે દસ્તાવેજ તૈયાર કરવા, તેવા દસ્તાવેજોની નકલો મેળવી આપવી, તેમની વચ્ચે સમાધાન કરાવવું, બન્ને પક્ષકારોને સમજાવવા વગેરેને પણ કાનૂની સેવાની વ્યાખ્યામાં સમાવવા જોઈએ. આ વ્યાખ્યા સંપૂર્ણ નથી. વર્તમાન સમયમાં જયારે

---

[95] Supra note3, p.1.
[96] Ibid.
[97] It was enforced on November 9, 1996 with some Amendments made by the Legal Services Authorities (Amendment)Act, 1994.

રાજયોની આર્થિક પરિસ્થિતિ સારી નથી ત્યારે કાનૂની કાર્યવાહીના પહેલાં કાનૂની સેવા આપવી એ વધુ મહત્વનું છે. કાનૂની સેવા એવી રીતે આપવી જોઈએ કે, કોઈપણ વિવાદ અદાલતમાં આવતાં પહેલાં જ તેનો ઉકેલ આવે. આનાથી અદાલતોમાં કેસોની સંખ્યામાં વધારો કે ભરાવો નહી થાય.

કાનૂની સેવા સત્તામંડળ અધિનિયમ ૧૯૮૭ અમલમાં આવ્યો તે પહેલાં ભારતમાં કાનૂની સહાય વહીવટી નિયમો અનુસાર આપવામાં આવતી હતી. દરેક રાજયના પોતાના જુદા જુદા નિયમો હતા અને તે નિયમો અનુસાર કાનૂની સહાયની વ્યાખ્યા જુદી જુદી રીતે કરવામાં આવી હતી .

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા ૧૯૮૩માં કાનૂની સહાય સબંધી કેટલાક નિયમો બનાવવામાં આવ્યા હતા. જે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા કાનૂની સહાય અધિનિયમ, નામથી ઓળખાતા હતા. તેના નિયમ ૨(જી) અનુસાર કાનૂની સહાયનો અર્થ કાયદાના વ્યવસાયી દ્વારા અદાલતમાં મફત પ્રતિનિધિત્વ કરવા અંગેનો છે. આ નિયમો અનુસાર કાનૂની સહાયનો અર્થ બહુજ સંકુચિત સ્વરૂપમાં આપવામાં આવ્યો હતો. આમ બહુ શરૂઆતમાં કાનૂની સહાય સબંધિત નિયમોમાં કાનૂની સહાયની કોઈ ચોકકસ વ્યાખ્યા નકકી કરવામાં આવી ન હતી. તેમાં ફકત કાનૂની સેવાના ક્ષેત્રને જ દર્શાવવામાં આવ્યું હતું.

આપણે અગાઉની અને હાલની વ્યાખ્યાઓનું અવલોકન કરીએ તો, કાનૂની સેવાને, નીચે મુજબના અર્થમાં સમજી શકીએ. કાનૂની સહાયને, જુદા જુદા વિદ્વાનો તથા લેખકો દ્વારા વિસ્તૃત અર્થમાં નીચે મૂજબ સમજાવવામાં આવ્યો છે.

ન્યાયમૂર્તિશ્રી ક્રિશ્નાઐયરના જણાવ્યા અનુસાર[98] મફત કાનૂની સેવા એ કોઈ સરકારી  દયાદાન નથી ,પરંતુ રાજયની ફરજ છે. રાજયના ખર્ચે ગરીબ વ્યકિતને

[98] M.H.Hoskot v. State of Maharastra, AIR 1978 SC, 1548.

કાનૂની સહાય પ્રાપ્ત કરાવવાનું એ તેનો મૂળભૂત અધિકાર માનવામાં આવ્યો છે. [99] કાનૂની સહાય ચળવળ તેના આધ્યાત્મિક અર્થમાં, કાયદાને માનવીય આત્મા સાથે સાંકળે છે. તેના બંધારણીય હાર્દમાં, તે નબળા અને વંચિતને બળવાન અને સાધનસંપન્ન સામે સમાન કાનૂની સેવા પુરી પાડીને કાનૂની વ્યવસ્થા સાથે સામાજીક ન્યાયનું વિતરણ કરે છે.[100] આમ ન્યાયમૂર્તિ શ્રી કિષ્ણા ઐયર,[101] ન્યાયના એક સાધનના રૂપમાં, કાનૂની સહાય એ સામાજીક આવશ્યકતા છે, તથા ન્યાયના વહિવટનું એક અંગ છે.

ન્યાયમૂર્તિ શ્રી પી. એન. ભગવતી [102] ના અનુસાર "દરેકને માટે સમાન ન્યાય એ મુખ્ય સિદ્ધાંત છે. પરંતુ આર્થિક અસમર્થતાના અભાવને કારણે, જે ગરીબોના રક્ષણના માર્ગમાં એક બાધા છે. તેને કાનૂની સહાય કાયદા સમક્ષ સમાન રક્ષણ પ્રદાન કરવાના હેતુસરનું એક સાધન છે" તેમના શબ્દોમાં, કાનૂની સહાય એટલે સમાજમાં કરાતી એવી રચના, કે જેથી વંચિતો માટે ન્યાયના વહીવટ અંગેની વ્યવસ્થા સરળ રીતે પ્રાપ્ય બને અને કાયદા દ્વારા અપાયેલ અધિકારોનું જતન થઈ શકે અને પુનઃ સ્થાપિત થઈ શકે.કાનૂની સહાયના ખ્યાલ દ્વારા ગરીબ અને અજ્ઞાની, નિરક્ષર અદાલતનો આશરો લઈ શકે કે સંપર્ક કરી શકે અને આ બાબતે તેમની ગરીબાઈ કે અજ્ઞાનતા તેમને અદાલતો દ્વારા પ્રાપ્ત થતા ન્યાયમાં રૂકાવટ બને નહિ તે જોવાનું છે.[103]

ડાં. એન. આર. માધવમેઘન, પ્રથમ પંકિતના શિક્ષણવિદ અને કાનૂની સહાયના કર્મશીલ, આગવી લાક્ષણિક શૈલીમાં ,કાનૂની સહાયને નીચે મુજબ

---

99 Sukhdas v. Union Territory of Arunachal Pradesh,AIR 1986 SC 991.

100 Government of India, Ministry of Law, Justice and Company Affairs,Report of the Expert Committee on Legal Aid-‘Processual Justice to the People’, May 1973, para 5, p.10

18 Ibid.

102 Legal Aid in India.

103 Government of Gujarat, Report of Legal Aid Committee, 1971, para 1.08, p.5.

વ્યાખ્યાયિત કરે છે. એવા વ્યકિતઓ, કે જે વકીલની ફી ચૂકવવાને સમર્થ નથી, તેઓ માટે કાનૂની કે કાનૂનના વ્યવસાયકારની સેવાઓ, ફી કે નજીવી ફીના ધોરણે પુરી પાડવાનો, બાર એસોસીએશન, સમાજ અને સરકારનો સંયુકત પ્રયાસ છે.[104] પ્રો. મેનન તેમની આ વ્યાખ્યાનું વિસ્તૃતીકરણ કરતાં જણાવે છે કે :– કાનૂની સહાયના ખ્યાલનો અર્થ, અદાલતી પ્રક્રિયાઓમાં, રાજયના ખર્ચે, વકીલની સેવાઓ પુરી પાડવી તેવો જ થતો નથી, પરંતુ તેમાં, કાનૂની સલાહ, કાનૂની જાગરૂકતા, કાનૂની સમજાવટ, જાહેરહિત વિવાદ, કાયદાના સુધારા અને વિશાળ વ્યુહાત્મક તથા નિવારક પગલાંઓનો સમાવેશ થાય છે. આ પગલાંઓ વ્યકિતગત રીતે કે કેસ પર આધારિત ન રહેતાં ,તેમને વર્ગ(સમૂહ)પર આધારિત ગણીને ,ગરીબીના કારણે જેઓ અસહાય અનુભવે છે ,તે દૂર કરવા તથા સમાન ન્યાય મેળવવાનાં પગલાં રૂપે છે.[105]

**ડૉ. એસ. એન. ધ્યાની :–**

'કાનૂની સહાય' શબ્દ એ આધુનિક અભિગમ કે ઘટના છે, કે જે કાનૂની વ્યવસાયને સમાજના ગરીબોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ કરે છે જો કે, વાસ્તવમાં, આ એક સ્વૈચ્છિક અભિગમ છે, કે જેના દ્વારા કાયદા નિપુણ વ્યકિત, તેના સમય અને સેવાઓને ગરીબ વ્યકિતના, ન્યાય પ્રાપ્ત કરવાના કાર્યને, ફી કે નજીવી ફી સાથે પુરી પાડે છે. પરંપરાગત રીતે, કાનૂની સહાય એ, વ્યવસાયિક નિપૂણતા ધરાવતી વ્યકિત દ્વારા, જરૂરિયાતમંદને કે જેઓ આર્થિક કે સામાજીક પછાતપણાને કારણે પોતાના કાનૂની અધિકારો ભોગવી કે મેળવી શકતા નથી તેને તે મેળવી આપવામાં મદદ કે સહાય કરે છે.[106]

---

104 Menon, N.R., Legal Aid and Justice for the Poor, (Article) in Upendra Baxi(ed.), Law and Poverty: Critical Essay, 1988. p.366

105 Ibid.

106 Dhyani S.N.. Law –Morality and Justice: Indian Develpoments, p.114.

એસ. કે. શર્મા બહું જ ટૂંકમાં જણાવે છે કે :–

કાનૂની સહાયને "વિતરણાત્મક ન્યાય" અને "કાયદાના શાસન"ના સ્ફોટક ખ્યાલ તરીકે નવાજવો જોઈએ.[107] .

કાનૂની સહાયના મહત્વને ભારપૂર્વક દર્શાવતા, લૉ કમિશન ઓફ ઈન્ડિયાના રિપોટ[108] માં જણાવ્યું છે કે, કાનૂની સહાય વિના સમાનતાનો અધિકાર કે જે કાયદાના શાસનના અંતર્ગત ભાગ તરીકે છે, તે પ્રાપ્ત કરી શકાય નહીં.

કાનૂની સહાય એ ભારતીય બંધારણમાં જણાવેલ સમાનતાના મૂળભૂત અધિકારને પ્રાપ્ત કરવાનું એક સાધન છે.

કાનૂની સહાયની વધુ વ્યાખ્યા નીચે મુજબ આપી શકીએ.

બ્રિટાનીકા વિશ્વકોષના જણાવ્યા મુજબ કાનૂની સહાયએ અભિવ્યકિતની એવી શૈલી છે કે જે સામાન્ય રૂઢિગત વ્યવહારો તથા અદાલતોના નિણર્યથી ઉપલબ્ધ થાય છે. તેના વિશિષ્ટ અર્થમાં જોઈએ તો અપૂરતા સાધન ધરાવતી વ્યકિતઓને, સામાન્ય ફીએ દિવાની કે ફોજદારી બાબતોમાં ધારાશાસ્ત્રી દ્વારા અદાલતમાં પ્રતિનિધિત્વ કે સલાહ સૂચન આપવામાં આવે છે.[109]

પોલોકના મત અનુસાર, કાનૂની સેવા એક એવી સહાય છે, કે જેના માધ્યમ થકી વ્યકિત કાયદાને અંતર્ગત, પોતાના અધિકારોને મેળવી શકે છે.[110]

અમેરિકન વિધિજ્ઞ ફેનાન્ડો જણાવે છે કે :–કાનૂની સહાય એ મૂળભૂત સામાજીક બદલાવને પ્રાપ્ત કરવા માટેનું સાધન છે ,કે જે ન્યાય તથા લોકશાહીના નવા

---

[107] Sharma S.k., Jurisprudence of Legal Aid: A Constitutional Juridical Perspective, The Academy Law Review, XII, 1989, p.168.

[108] 14 thReport of Law commission of India.

[109] Britanica Encyclopedia, Part 13, p.871.Quoted in Legal Aid Programmee in India-A Constitutional Guarantrr,Alka Shrivastava.

[110] Pollock, the English Legal System,Oriental Longman Ltd, New Delhi (1974), p.1

ખ્યાલને પરિણમે છે.[111]

ઓન્ટોરીયો કાનૂની સહાય અધિનિયમ[112] અંતર્ગત  કાનૂની સહાયની વ્યવસ્થા પ્રત્યેક વ્યકિતને એ બાબતની ખાત્રી આપે છે કે, આર્થિક બાબતોની ચિંતા કર્યા વિના તેને પોતાની પસંદના વકીલ દ્વારા ન્યાયાલયમાં પ્રતિનિધિત્વ કરવાનો એક સુરક્ષિત અધિકાર છે.

આંતરરાષ્ટ્રિય કાયદા સહાય સંગઠન[113]ના અનુસાર કાનૂની સહાય, એ બાબતનું આશ્વાસન છે, કે કોઈપણ વ્યકિત પોતાના અધિકાર માત્રથી એટલા માટે વંચિત ન રહે, કે તેને વકીલ દ્વારા કાયદાની સેવા ઉપલબ્ધ નથી થઈ રહી.

સર થોમસ લૂંડ[114] કાનૂની સહાય ની વ્યાખ્યા આપતા જણાવ્યું કે કાનૂની સહાયનું તાત્પર્ય, કોઈપણ વિકટ પરિસ્થિતિમાં વકીલ દ્વારા કાનૂની સહાયના પ્રાપ્ત કરવાના વ્યકિતના અધિકાર સંબંધિત છે.

ઈવોલ બ્લેકમેન[115]ના અનુસાર કોઈપણ બાબતોમાં અસહાય અને ગરીબ વ્યકિતને કાનૂની સલાહ પૂરી પાડવી તે જ કાનૂની સહાયતા છે.

સેટોન પોલક [116] કાનૂની સહાયનું તાત્પર્ય, તેના મૂળ અર્થમાં કાયદા અંતર્ગત મળતા પોતાના અધિકારોને નિશ્ચિત કરવાથી છે. સંબંધિત વ્યકિતઓને મળવાપાત્ર સહાયતાથી ઓછી અથવા વધુ અથવા કઈ નહીં, આ સહાય કયાંકતો કોઈ ફી ચૂકવવા પર આધારિત અથવા તો દાનના રૂપમાં અથવા કોઈ પ્રક્રિયાને આધિન હોઈ શકે છે, અને તે એવા વ્યકિતઓને સક્ષમ બનાવે છે કે, જે આવશ્યક કાનૂની સહયોગ

---

[111] Lojas,Fornando, A Comparision of change –oriented Legal Services in Latin America with Legal Services in North America and Europe(Article),International Journal of the Sociology of Law, vol.16, no.2, May 1988, p. 209.

[112] in 1966.

[113] Established in 1960.

[114] Chief Secretary of International Legal Aid Organisation.

115 Registrar, Jambia Supreme Court.

116 Setton Pollock, The English Legal Aid System.

પ્રાપ્ત કરવામાં અસમર્થ છે.

લોર્ડ ડેનિંગના જણાવ્યા મુજબ કાનૂની સહાય ,એ સરકાર ની સહાય ની એવી પદ્ધતિ છે કે જેઓ કાનૂની સલાહ, સહાય કે પ્રતિનિધિત્વ માટે નાણાનાં અભાવે રજુઆત કરી શકતા નથી. તેને આપવામાં આવે છે.

આમ ગરીબોને (વંચિતોને) કાનૂની સહાયના પ્રબંધો તે માનવીય અભિગમ પર આધારિત છે. અને તેનો મુખ્ય આશય ગરીબીથી પીડાતા સામાજિક અને આર્થિક નબળા વર્ગોને સહાય કરવાનો છે.[117]

ઉપરોકત કોઈપણ વ્યાખ્યા કાનૂની સહાયને સંપૂર્ણ રીતે સમજાવી શકતી નથી. આમ છતાં આપણે કાનૂની સહાયને નીચે મુજબ સમજાવી શકીએ.

કાનૂની સહાય, કોઈપણ દેશમાં નાગરિકોને માટે કરાયેલી એક એવી વ્યવસ્થા છે કે જયાં રાજય, સમાનતા, સ્વતંત્રતા અને સમન્યાયના દાયિત્વથી ગરીબ, દલિત અને વંચિત વ્યકિતને, તેની પસંદગીના વકીલની સેવાઓ પૂરી પાડીને કાનૂની સેવાના માધ્યમથી સામાજીક, આર્થિક ન્યાયની તરફ અગ્રેસર કરે છે.[118]

કાનૂની સહાયની પરંપરાગત વ્યાખ્યાઓનું હવે મહત્વ રહયું નથી. કાનૂની સેવાનું ક્ષેત્ર દિવસે ને દિવસે વધી રહયું છે મોટાભાગે કાનૂની સેવાના ક્ષેત્રમાં નીચે જણાવેલા પાંચ ક્ષેત્ર આવે છે.

(૧) કાનૂની સલાહ :– જે ન્યાયીક પ્રક્રિયા શરૂ થવાના પહેલા અને ત્યારબાદ પણ આપી શકાય.

(૨) કાનૂની સહાય :– જેમાં મોટેભાગે એ પ્રકારની સહાય આવે છે કે જે

---

117 Scott C.H; Legal Aid Past & Present, a Brief Black Picture, pp.4-5.

118 Supra note, 4, p.14.

કાનૂની કાર્યવાહી દરમ્યાન પુરી પાડવમાં આવે છે. જેમકે, વકીલની ફી, સાક્ષીઓનો ખર્ચો, કોર્ટ ફી વગેરે

(૩) કાનૂની જાગરૂકતા .

(૪) લોક અદાલતોનું આયોજન કરવું.

(૫) જનહિત વિવાદને પ્રોત્સાહન આપવું.

જોકે કાનૂની સેવાને હજુ વધુ વ્યાપક અર્થમાં જોવામાં આવે તો, નીચે જણાવેલ ક્ષેત્રોને પણ તેમાં સામેલ કરી શકાય જેવાં કે,

(૧) સમાજનોસહયોગ(લોકોનીભાગીદારી)(Societial Involvement) સમાજના વિભિન્ન વર્ગો દ્વારા કાનૂની સેવા પુરી પાડવી જેમાં, કાનૂની વ્યવસાય, બિનસરકારી સ્વૈચ્છિક સંગઠનો, કાયદાની કોલેજોમાં સ્થપાયેલા કાનૂની સહાય કેન્દ્રો વગેરે મુખ્ય છે.

(૨) જન સમસ્યા નિવારણ કેન્દ્ર :– કેટલાક રાજયોમાં કાનૂની સેવા સત્તા મંડળોઓએ આવા કેન્દ્રો શરૂ કર્યા છે, જેમાં તેમની સેવાઓનો પણ સમાવેશ થાય છે.

## ૨.૨ કાનૂની સહાયની ઐતિહાસિક પશ્ચાત્ ભૂમિકા

કાનૂની સહાય વિષેના આધુનિક ખ્યાલને સમજવા માટે કાયદાકીય સહાય વિષેના પ્રાચીન ખ્યાલો જાણવા યોગ્ય રહેશે.

પ્રાચીન રોમનો, મધ્યકાલીન કેથલિકો અને ૧૯મી સદીના મુકત વિચારકો, ગરીબો માટે વકીલોની જોગવાઈ કરવાની જરૂરિયાત સમજયા હતા.

રોમનકાળ દરમ્યાન અત્યારે પ્રર્વતમાન છે. તેવા સમાન ન્યાયના સિદ્ધાંતોની અવગણના થતી જોવા મળતી હતી. જો કે ગરીબ લોકોને 'કલાયેન્ટેલા'

વ્યવસ્થામાં નબળા અને અભાવગ્રસ્ત લોકોને કોઈ એક શકિતશાળી વ્યકિત 'પેટ્રોન્સ' સાથે જોડાણ સાધવાનું રહેતું. આવું જોડાણ મેળવવા તેમણે તે 'પેટ્રોનસ'ને કેટલીક સેવાઓ અને રાજકીય ટેકો આપવો પડતો. બદલામાં 'પેટ્રન' તેમને તેમની કાયદાકીય સહિતની અનેક તકલીફોમાં મદદ કરતા. 'પેટ્રન' તરફથી તેમને સાદી સીધી કાયદાકીય સહાય ઉપરાંત કોઈ શકિતશાળી વિરોધી સામે રોમન અદાલતમાં કેસ કરવા માટે વધારાની કાયદાકીય મદદ પણ મળતી.

મધ્યકાલીન યુગમાં 'કલાયોરેલા' વ્યવસ્થા ખાસ સફળ ન બની કારણ કે તે સમયના સમાજના ઉમરાવશાહી માળખામાં ગરીબ લોકો માટે તેમના કાયદાકીય દાવાઓમાં મદદ કરે તેમની સાથે રાજકીય જોડાણ રાખવાનું સંભવિત ન હતું. મધ્યકાલીન યુગમાં ખ્રિસ્તી ધર્મની ઘણી મોટી અસર હતી અને ગરીબ લોકોની કાયદાકીય સમસ્યાઓ માટે તેમાં જુદા પ્રકારનો અભિગમ લેવાતો હતો. તેમાં કાયદાકીય સહાય દાન તરીકે ગણાતી હતી. અને ખ્રિસ્તી લોકો તેને એક પવિત્ર કાર્ય ગણતા. યુધ્ધ સમયે શાંતિ માટે પ્રાર્થના, હોસ્પિટલો બાંધવી, દુષ્કાળ સમયે ભોજન પહોંચાડવું વગેરે, દાનકાર્યો જેવું જ આ પણ પવિત્ર કાર્ય ગણાતું. ગરીબોને મળતું કાયદાકીય રક્ષણ ઘણું ખરૂં ઉદારહદયી વ્યકિતઓ તરફથી મળતા દાનરૂપે જ રહેતું.[119]

## ૨.૩ આંતરરાષ્ટ્રિય

કોઈપણ રાષ્ટ્રના વ્યવહારો હંમેશા આંતરરાષ્ટ્રિય વ્યવહારોથી પ્રભાવિત થતા હોય છે. કાનૂની સહાય ના ક્ષેત્રમાં પણ આંતરરાષ્ટ્રિય સંગઠનો દ્વારા ભરાયેલા પગલાઓથી ભારતનો રાષ્ટ્રિય કાર્યક્રમ પ્રભાવિત થયો હતો.વીસમી સદીની શરૂઆતમાં જ કાનૂની સહાય સબંધી પગલાઓ ભરવામાં આવ્યા હતા. રાષ્ટ્રસંઘે કાનૂની સહાય બાબતમાં એક વ્યાપક સર્વેક્ષણ કર્યુ હતું. પરંતુ કોઈ ખાસ પગલા

---

[119] 'Vina mulye Kanuni Sahay'Social Justice Centre, Ahmedabad.

ભરવામાં આવ્યા ન હતા. માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણાની સાથે જ કાનૂની સહાય ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું .જો કે માનવ અધિકારોમાં કાનૂની સહાય અંગેનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળતો નથી. પરંતુ ગર્ભિત રીતે કાનૂની સહાયને માન્યતા આપવામાં આવી હતી. દિવાની અને રાજકિય અધિકારોની ઘોષણા, ૧૯૬૮માં કાનૂની સહાયને સ્પષ્ટરૂપથી માન્યતા આપવામાં આવી. આજ વર્ષમાં તહેરાનમાં થયેલા સેમીનારમાં  પણ કાનૂની સહાય સબંધી પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યો. આંતરરાષ્ટ્રિય બાર એસોસીએશને પણ કાનૂની સહાયની તરફ ધ્યાન આપ્યું અને  એ બાબતનો સ્વીકાર કર્યો કે કાનૂની સહાયના માધ્યમથી આંતરરાષ્ટ્રિય સ્તરે એક વ્યવસ્થા સ્થાપી શકાય તેમ છે.

માનવ સમાજનો આધાર એ માનવતા જ છે અને તેના પર આધારિત માનવ અધિકારોની ઘોષણા કરવામાં આવી.[120] આજે સૌથી મહત્વપૂર્ણ પ્રશ્ન એ છે કે માનવ અધિકારોનું  કઈ રીતે કાર્યાન્વિત કરવામાં આવ્યું છે, ફકત ભારતમાં જ નહી પરંતુ વિશ્વના ઘણા દેશોમાં પણ, લોકો કોઈને કોઈ સ્વરૂપે માનવઅધિકારોથી વંચિત થઈ રહયા છે. જેનું સૌથી અગત્યનું કારણ એ છે કે ગરીબીને કારણે તેઓ ન્યાય મેળવવાથી વંચિત થઈ રહયા છે. કાનૂની સહાય વિના માનવઅધિકારોની ઘોષણા તેમના માટે માત્ર એક ઔપચારિકતા બની રહેશે. માનવ અધિકારો ત્યારે જ પ્રાપ્ત કરાવી શકાય કે જયારે વ્યકિતને ન્યાય સુધી પહોંચવાની સમાનતક પ્રાપ્ત થાય. એટલા માટે કાનૂની સહાયને માનવઅધિકારોનું અભિન્ન અંગ તરીકે ગણવું જોઈએ. પ્રવર્તમાન ન્યાયપ્રણાલી અત્યંત ખર્ચાળ છે. વકીલને રોકવો, કોર્ટ ફી, દસ્તાવેજો તૈયાર કરવા તથા સાક્ષીઓને બોલાવવા વગેરેમાં, પક્ષકારે  પૈસાનો ખર્ચો કરવો પડતો હોય છે. ગરીબ વ્યકિત પૈસાને અભાવે અદાલતના દરવાજા સુધી પહોંચી શકતો નથી અને તેને ન્યાય

[120] Universal Declaration of humanRights, 1948 Proclaimed by the General Asssembly of the United Nations Organisation of 10th December, 1948.

મળતો નથી. આવી પરિસ્થિતિમાં માનવઅધિકારોના અમલ અંગેની કલ્પના જ થઈ શકતી નથી. ફકત કાનૂની સહાયની જોગવાઈઓથી જ તે માનવઅધિકારોનો લાભ ઉઠાવી શકે છે અને તે દ્વારા સામાજીકન્યાય પ્રાપ્ત કરી શકે છે.

## ૨.૩(૧) કાનૂની સહાય અને રાષ્ટ્રસંઘ :

## (Legal Aid and League of Nation)

પ્રથમ વિશ્વયુદ્ધ બાદ રાષ્ટ્રસંઘે માનવઅધિકારો ઉપર ધ્યાન આપ્યું અને તેનું મહત્વ સમજીને અનુભવે સમજાવ્યું કે સામાજીકન્યાય પુરો પાડયા સિવાય વિશ્વશાંતિ સ્થાપિત થઈ શકે તેમ નથી.[121] આમ કાનૂની સહાયની જરૂરિયાત જણાઈ કારણ કે તેના વિના સામાજીક ન્યાય સંભવ ન હતો. ૩૦ જૂલાઈથી ૩ ઓગષ્ટ ૧૯૨૪,[122] સુધી જીનીવામાં, રાષ્ટ્રસંઘના સેમીનારમાં કાનૂની સહાયના નિષ્ણાતોની આંતરરાષ્ટ્રિય સમિતીએ, વિચારવિમર્શ કર્યો. આ સમિતિમાં ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, નોર્વે, ઈટલી, પોલેન્ડ, સ્પેન, અમેરિકા અને જાપાનના પ્રતિનિધિઓએ ભાગ લીધો. ઓસ્ટ્રિયા અને જર્મનીની સરકારે પણ તેમાં યોગ્ય સૂચનો કર્યા હતા. આ સમિતિમાં ગરીબ વ્યકિતને ન્યાય પૂરો પાડવાના હેતુ માટે અત્યંત વિસ્તારપૂર્વક વિચારવિમર્શ કરવામાં આવ્યો.[123] રાષ્ટ્રસંઘે વિભિન્ન દેશોમાં અપાઈ રહેલી કાનૂની સહાયનું અધ્યયન કરીને એક સર્વેક્ષણ કર્યું જેનો રીપોર્ટ ૧૯૨૭ માં તૈયાર કરવામાં આવ્યો.[124] આ દ્વારા એવું સ્પષ્ટ થઈ જાય છે કે કાનૂની સહાય કોઈ નવી બાબત કે શોધખોળ નથી. અને કાનૂની સહાય અંગેનું મહત્વ વિશ્વમાં બહુજ શરૂઆતના તબકકાથી સમજાવ્યું

---

[121] The United Nations and HumanRights, United Nations Publication, N.Y.(1984) 1.

[122] It was not the first Internation legal Aid Meeting, In October, 1013, delegates from Denmark, Holland, Belgium, Austria, Switzerland and U.S.A. attended the convention of German Legal Aid Society at Nuremberg.

[123] Manguire, Lance of Justice,Fred B.Rothman & Co., Littelton, Colorado (1982)15.

[124] League of Nations,Legal Aid for the poor v. Legal, 1927, v.27

હતું. જો કે આ સંબંધમાં રાષ્ટ્રસંઘની ભૂમિકા બહુજ ઓછી ગણાય, પરંતુ તેના દ્વારા, ભવિષ્યના કાર્યક્રમોને નવા દિશાસૂચન થયા.

## ૨.૩(૨) સંયુકત રાષ્ટ્રસંઘનું હક્કપત્રક

## Charter of United Nation

વર્તમાન સમયમાં સંયુકત રાષ્ટ્રના હકકપત્રકથી આપણને માનવઅધિકારો જાણવા મળે છે. જેનો ૧૯૪૫માં સાનફ્રાન્સિસ્કોમાં થયેલા સંમેલનમાં સ્વીકાર કરવામાં આવ્યો હતો. આ હકકપત્રકનો એક ઉદ્દેશ એ છે કે, માનવઅધિકારોનો સ્વીકાર કરીને તેનું અમલીકરણ કરવામાં આવ્યું. આ હક્કપત્રકમાં રંગ, લિંગ, ભાષા, ધર્મ આ બધી બાબતોના આધાર પરના ભેદભાવને દૂર કરવામાં આવ્યો હતો. હકકપત્રકના ઘડવૈયાઓને એવી કલ્પના પણ ન હતી કે, ગરીબીના આધારપર ભેદભાવ થઈ શકશે નહીં તો તે ગરીબી શબ્દને પણ સ્પષ્ટ રૂપથી તેમાં જણાવ્યો હોત.[125] માનવ અધિકારો સંબંધી ઘોષણાથી જ આંતરરાષ્ટ્રિય વિશ્વમાં યોગ્ય અને શાંતિપૂર્ણ વ્યવસ્થા સ્થાપિત થઈ શકે નહિ. તેના માટે માનવઅધિકારોનું યોગ્ય અમલીકરણ અત્યંત આવશ્યક છે. કાનૂની સહાય વિના ગરીબ વ્યકિત માટે માનવઅધિકારોનો લાભ ઉઠાવવો અસંભવતો નહિ, પરંતુ મુશ્કેલ જરૂર બની રહે છે. હકકપત્રકની પ્રસ્તાવનામાં એવું જણાવવામાં આવ્યું છે કે માનવજીવનના મૂલ્યો અને તેના ગૌરવને જાળવી રાખવું જોઈએ. ન્યાય મેળવવાના સમાન અવસર વિના ગરીબ વ્યકિતના ગૌરવ સચવાતુ નથી. આજ રીતે અનુચ્છેદ ૫૫ માં જણાવ્યું છે કે માનવઅધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાઓ રંગ, લિંગ, ભાષા અને ધર્મના આધારપરના ભેદભાવ કર્યા વિના પ્રાપ્ત હોવી જોઈએ. આમ સમાનતાનાઅધિકારને

[125] Supra note 3, p.43

વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે કાનૂની સહાય, સમાનતાના અધિકારમાં અપ્રત્યક્ષ રીતે સામેલ છે.

## ૨.૩(૩) માનવઅધિકારોની સાર્વત્રિક ઘોષણા

## Universal Declaration of Human Rights,1948

સંયુકત રાષ્ટ્રસંઘના હકક પત્રકના અનુચ્છેદ–૬૮ અનુસાર માનવઅધિકારોને યોગ્ય રીતે વિસ્તારવા માટે આર્થિક અને સામાજીક કમિશનની રચના કરવામાં આવી. કમિશને જાન્યુઆરી ૧૯૪૬ માં, લંડનમાં માનવઅધિકારો સંબંધિત એક મુસદ્દો તૈયાર કરવા પર વિચાર કર્યો. આ કમિશન દ્વારા તૈયાર કરેલ મુસદ્દોને સામાન્ય સભામાં સ્વીકૃતી માટે માનવઅધિકાર આયોગને મોકલવામાં આવ્યો. જેથી માનવ અધિકારો ઉપર એક આંતરરાષ્ટ્રિય સમજૂતિ તૈયાર થઈ શકે.

૧૦ ડિસેમ્બર ૧૯૪૮, ના રોજ સામાન્ય સભામાં માનવઅધિકારોની ઘોષણા અંગેનો પત્ર સ્વીકારવામાં આવ્યો, અને દરેક રાષ્ટ્રને જણાવવામાં આવ્યું કે પોતપોતાના રાજયક્ષેત્રમાં દરેક લોકોને માનવઅધિકારો ઉપલબ્ધ કરાવે.[126] આ ઘોષણાપત્રમાં કુલ ૩૦ અનુચ્છેદ છે .માનવઅધિકારોના ઘોષણાપત્રમાં કાનૂની સહાય બાબતમાં કોઈ સ્પષ્ટ જોગવાઈ નથી. પરંતુ છુટાછવાયા રૂપમાં તે કેટલાય અનુચ્છેદોમાં મળી આવે છે.[127] હકકપત્રકની પ્રસ્તાવનામાં, એ બાબતનો સ્વીકાર કરવામાં આવ્યો છે કે ,દરેક માણસને સમાન અધિકાર હશે અને તેના દ્વારા જ સ્વતંત્રતા, ન્યાય અને શાંતિ સ્થાપિત થઈ શકશે. પ્રસ્તાવનાથી એ સ્પષ્ટ થાય છે કે સમાનતા અને ન્યાય એ મુખ્ય ઉદ્દેશ છે, સમાનતા અને ન્યાય બંન્ને એકબીજાના પૂરક છે જો કોઈ વ્યકિતને ન્યાય મેળવવાનો સમાન અવસર ન મળે તો, માનવઅધિકારોની

---

[126] TheInternational Bill of Human Rights, United Nations Publication, New York,(1985) 4.
[127] Ian Brownile, Basic documents in International Law, Oxford at the Clarendan Press (1972)

ઘોષણાનો ઉદ્દેશ પુરો નહી થાય, એટલા માટે જયાં વ્યકિતને યોગ્ય તક ન મળે ત્યાં કાનૂની સહાય આપીને તેને સમાન તક પુરી પાડવી એ માનવઅધિકારોના અંતર્ગત આવે છે.

અનુચ્છેદ–૧ અનુસાર દરેક વ્યકિત સ્વતંત્ર અને સમાન છે એટલે તેઓ ગૌરવ અને અધિકારમાં પણ સમાન રહેશે. અહીંયા પણ સમાનતાના અધિકારને પ્રાથમિકતા આપવામાં આવી છે .જેમાં કાનૂની સહાય પરોક્ષરૂપે નજરે પડે છે.

અનુચ્છેદ–૨ માં રંગ, ધર્મ, ભાષા વગેરેના આધાર પરના ભેદભાવને દૂર કરવામાં આવ્યા છે .આ યાદી જો કે અપૂર્ણ છે .જો આર્થિકસંપન્નતાને આધારે જો ભેદભાવ કરવામાં આવે તો તે પણ અનુચ્છેદ–૨ ની જોગવાઈઓનો ભંગ કરે છે.

અનુચ્છેદ–૩ માં જીવન, સ્વતંત્રતા તેમજ સુરક્ષાનો અધિકાર આપવામાં આવ્યો છે. જયારે વ્યકિત પોતાના અધિકારોના હનન વખતે ઉપચાર મેળવવાથી વંચિત થઈ જાય છે, ત્યારે તેનું જીવન અને સ્વતંત્રતા ભયમાં મૂકાય છે. એટલા માટે રાજયનું એ કર્તવ્ય બની જાય છે કે નબળા વર્ગને કાનૂની સહાય પૂરી પાડે, જેથી તે પોતાનું જીવન અને સ્વતંત્રતા સબંધી અધિકારો યોગ્ય રીતે ભોગવી શકે.

અનુચ્છેદ–૫ અનુસાર કોઈપણ વ્યકિતની સાથે ક્રૂરતા કે અમાનવીય વગેરે વ્યવહાર કરવો જોઈએ નહિ. સામાન્યત એવું જોવા મળે છે કે ગરીબ વ્યકિતઓની સાથે જ અમાનવીય વ્યવહાર થાય છે આવા વ્યકિતઓ અદાલતોમાં ઉપચાર મેળવવા માટે અસમર્થ હોય છે. એટલા માટે કાનૂની સહાય અંતર્ગત ગરીબ વ્યકિતઓને માનવ અધિકારોનું રક્ષણ પૂરુ પાડી શકાય છે.

અનુચ્છેદ–૬ કાયદા સમક્ષ સમાનતા ઉપર ભાર મુકે છે નબળા વર્ગને સહાય આપીને સક્ષમ વ્યકિત સમક્ષ લાવવાથી જ સમાનતા શકય બને છે.

અનુચ્છેદ–૭ અનુસાર પ્રત્યેક વ્યકિતને કાયદાનું સમાન રક્ષણ મળવું જોઈએ. અહીં રાજયની એ ફરજ બની જાય છે કે, નબળા વર્ગોને સહાય કરીને તેમને કાયદાનું સમાન રક્ષણ પ્રાપ્ત કરાવે.

અનુચ્છેદ–૮ સમાન ઉપાયો ઉપર પણ ભાર મુકે છે. પ્રત્યેક વ્યકિતને તેના મૂળભૂત કે અન્ય અધિકારોના રક્ષણ માટે અદાલત કે ટ્રિબ્યુનલમાં જવાનો અધિકાર છે. અદાલતોમાં ઉપાય મેળવવા માટે ધનની આવશ્યકતા હોય છે એટલા માટે ન્યાયિક પ્રક્રિયાનો લાભ અમીર વ્યકિતના જેવો ગરીબને મળી શકતો નથી.

અનુચ્છેદ–૧૦ અનુસાર અદાલતો અથવા ટ્રિબ્યુનલોમાં યોગ્ય કાર્યવાહી થવી આવશ્યક છે .ખાસ કરીને ફોજદારી બાબતોમાં આરોપીને તેના બચાવની યોગ્ય તક મળવી જોઈએ જો આરોપી આર્થિક અસમર્થતાઓના કારણે કે વકીલ રોકી શકવા માટે અસમર્થ હોય તો, તેના વિરૂદ્ધ ચાલવાવાળી કાર્યવાહીને યોગ્ય કાર્યવાહી કહી શકાય નહી.

અનુચ્છેદ–૨૨ સામાજીકસુરક્ષાની ખાત્રી આપે છે તથા અનુચ્છેદ – ૨૩ થી ૨૭ માં આર્થિક, સામાજીક અને સાંસ્કૃતિક બાબતોની જોગવાઈઓ કરે છે. આમ માનવ અધિકારોના ઘોષણા પત્રમાં સ્પષ્ટ રૂપથી કાનૂની સહાયનો કોઈ ઉલ્લેખ નથી. પરંતુ, ઉપરોકત વિશ્લેષ્ણાત્મક અધ્યયનને આધારે એવું સ્પષ્ટ જણાઈ આવે છે કે, કાનૂની સહાય વિના ઘોષણાપત્ર, માત્ર ઘોષણા જ બની હોત અને વ્યવહારમાં તેનું ખાસ મહત્વ જણાતુ ન હોત.

## ૨.૩(૪) માનવઅધિકારોના રક્ષણ માટેની યુરોપીય સમજૂતિ
## European Convention for Protection of Human Rights

માનવઅધિકારોના સંબંધમાં ૪ નવેમ્બર ૧૯૫૦ના રોજ એક સમજૂતિ પસાર કરવામાં આવી. જે ૩ સપ્ટેમ્બર ૧૯૫૩ થી અમલમાં આવી.[128] આ સમજૂતિમાં કાનૂની સહાયના મહત્વની પુરી રીતે સમજવામાં આવી અને તેને સંબંધિત એક જોગવાઈ કરવામાં આવી.

અનુચ્છેદ–૬(૩)(સી) અનુસાર જયારે કોઈ વ્યકિત ઉપર ફોજદારી આરોપ લગાવવામાં આવે છે ત્યારે, તેને ઓછામાં ઓછા કેટલાક અધિકારો તો મળવા જોઈએ. પોતાની પસંદગીના વકીલ પાસે પોતાનો કેસ લડવાની પસંદગીની યોગ્ય તક મળવી જોઈએ. જો તેની પાસે વકીલના ફી માટેના પૈસા ન હોય તો તેને ન્યાય ઉપલબ્ધ કરાવવાને માટે, જો જરૂરી હોય તો તેને મફત કાનૂની સહાય પુરી પાડવી જોઈએ. આમ પહેલીવાર આંતરરાષ્ટ્રિય સ્તરે સ્પષ્ટ રૂપથી મફત કાનૂની સહાયતાને માન્યતા મળી કે જેથી ગરીબ આરોપી પોતાનો બચાવ રજુ કરી શકે.[129] આ જોગવાઈનો લાભ એજ આરોપીને મળી શકે કે જે, અનુચ્છેદ–૬ (૩)(સી) ની જણાવેલી શરતો પૂરી કરતો હોય.[130] આ જોગવાઈનો લાભ એજ આરોપીને મળી શકે કે જે અનુચ્છેદ– આ અધિકાર પણ પૂર્ણ નથી કારણ કે જયારે ન્યાયના માટે આવશ્યક હોય ત્યારે જ અદાલત કાનૂની સહાય પૂરી પાડશે.[131] આ જો આરોપીને પાસે પોતાનો બચાવ કરવાને માટેના પર્યાપ્ત

[128] Reddy,Vijaya Narayana,right to councel vis-à-vis.the Poor under the American and Indian Constitution,162 M.L.R.(1982) p.31.
[129] X.v.Federal Republic of Germany,Re-Application No.604/59.I.L.R. Vol.30,311.
[130] X.v.Austria,Re-Application No.89/55.I.L.R. Vol.30,346.
[131] X.v.German Federal Republic, Re-Application No.89/55.I.L.R. Vol.30, 346.

સાધનો હશે તો તેને કાનૂની સહાયનો અસ્વીકારપણ થઈ શકશે.[132]

## ૨.૩(૫) સંયુકત રાષ્ટ્ર સંમેલન – ૧૯૬૫

## United Nations conference-1965

અપરાધોને કઈ રીતે રોકવા તે માટે સ્ટોક હોમમાં ૧૯૬૫ માં સંયુકત રાષ્ટ્રોનું એક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં કાનૂની સહાયના મહત્વને સમજીને તેના પર સંપૂર્ણ પણે વિચારવિમર્શ કરવામાં આવ્યા દરેક સભ્યોએ એક મતે સ્વિકાર કર્યો કે અપરાધિક બાબતોમાં કાનૂની સહાય પૂરી પાડવી જોઈએ.

## ૨.૩(૬) દિવાની અને રાજકિય અધિકારોની આંતરરાષ્ટ્રિય સમજૂતિ–૧૯૬૬

## International Convention on Civil and Political Rights, 1966

માનવઅધિકારોની ઘોષણા બાદ આંતરરાષ્ટ્રિયસ્તરે નીચે જણાવેલી બે પ્રકારની સમજૂતિઓ તૈયાર કરવામાં આવી.

૧. દિવાની અને રાજકિય અધિકારો અંગેની આંતરરાષ્ટ્રિય સમજૂતિ અને

૨. શિક્ષણ, સામાજીક અને સાંસ્કૃતિક અધિકારોની સમજૂતિ.

ઉપરોકત બન્ને સમજૂતિઓ સંયુકત રાષ્ટ્રસંઘની સામાન્ય સભા દ્વારા ૧૬ ડિસેમ્બર ૧૯૬૬ના રોજ સ્વીકારવામાં આવી તથા ક્રમાનુસાર ૨૩ માર્ચ ૧૯૭૬ તથા ૩ જાન્યુઆરી ૧૯૭૬ના રોજ કાર્યાન્વિત થઈ, ભારતમાં પણ ઉપર જણાવેલ બંન્ને સમજૂતિઓનો સ્વીકાર કરીને તેને અનુરૂપ સામાજીક ન્યાય પૂરો પાડવા માટેના યોગ્ય પગલાઓ ભરવામાં આવ્યા છે.

[132] X.v.German Federal Republic, Re-Application No.127/55.I.L.R. Vol.30, 368.

## ૨.૩(૭) શૈક્ષણિક, સામાજીક અને સાંસ્કૃતિક અધિકારો અંગે આંતરરાષ્ટ્રિય સમજૂતિ

## International Convention on Educational, Social and Cultural Rights, 1966

આ સમજૂતિની પ્રસ્તાવનામાં સમાનતાના અધિકાર ઉપર ભાર મૂકવામાં આવ્યો છે તેમાં એવું જણાવવામાં આવ્યું છે કે, સંયુકત રાષ્ટ્રસંઘના હકકપત્રકમાં મનુષ્યનું ગૌરવ, સમાનતા તથા અન્ય મૂળભૂતઅધિકાર આપવામાં આવ્યા છે. તેને આધારે જ વિશ્વમાં સ્વતંત્રતા, ન્યાય અને શાંતિની સ્થાપના થઈ શકે તેમ છે. આમા કુલ ૫૩ અનુચ્છેદો વર્ણવેલા છે. જે છ ભાગોમાં વિભાજીત કરાયેલા છે.

અનુચ્છેદ–૨(૧) અનુસાર પ્રત્યેક રાજયે, પોતાના રાજયક્ષેત્રમાં દરેક વ્યકિતઓને સમાન અને સમાનતાનાઅધિકાર પુરા પાડવા જોઈએ. અને તેમાં વંશ, રંગ, લિંગ, ભાષા વગેરે કારણોસર ભેદભાવ કરવો જોઈએ નહિ.

અનુચ્છેદ–૧૪(૧) અનુસાર દરેક વ્યકિતઓ અદાલત સમક્ષ સમાન છે. જો તેમના વિરૂદ્ધ ફોજદારી આરોપ લગાવવામાં આવે તો તેમના વિરૂદ્ધ નૈસર્ગિક તેમજ યોગ્ય પ્રક્રિયા અપનાવી જ જોઈએ અને આવી બાબતોની સુનવણી સક્ષમ અને નિષ્પક્ષ અદાલતો દ્વારા થવી જોઈએ. જો કોઈ વ્યકિત આર્થિકઅસમર્થતાથી પિડાતો હોય અને પોતાની બાબત રજૂ કરવા માટે વકીલ નિયુકત કરી શકે તેમ ન હોય તો, આવી પ્રક્રિયા યોગ્ય પ્રક્રિયા કહેવાતી નથી અને તેને કાનૂની સહાય આપવી આવશ્યક છે.

અનુચ્છેદ–૧૪(૩) અનુસાર ફોજદારી બાબતોમાં આરોપીને ઓછામાં ઓછી નીચે જણાવેલી સુવિધાઓ અવશ્ય મળવી જોઈએ કે જેથી તે સમાનતાના અધિકારનો પુરો લાભ ઉઠાવી શકે.

૧. પોતાનો બચાવ રજુ કરવાને માટે પોતાની પસંદગીના વકીલને પસંદ કરવો તેમજ બચાવ માટે પર્યાપ્ત સમય અને સુવિધાઓ મેળવવી.

૨. તેના વિરૂદ્ધની કાર્યવાહી તેની પોતાની હાજરીમાં ચલાવવી જોઈએ, કાનૂની સહાય પ્રાપ્ત કરવી અને જો ન્યાયના હિતમાં હોય તો રાજયના ખર્ચે કાનૂની સહાય પ્રાપ્ત કરવી.

ઉપરોકત સમજૂતિમાં કાનૂની સહાયને માટે સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે, આમ આ સમજૂતિથી કાનૂની સહાયના વિકાસને એક નવી દિશા પ્રાપ્ત થઈ છે.

## ૨.૩(૮) માનવઅધિકારો ઉપર અમેરિકાની સમજૂતિ, ૧૯૬૯

## American Convention on Human Rights,1969

યુરોપિય સમજૂતિની જેમજ અમેરિકામાં પણ ૧૯૬૯માં માનવઅધિકારોને સંબંધિત એક સમજૂતિનો સ્વીકાર કરવામાં આવ્યો. આ સમજૂતિના અનુચ્છેદ–૧૪ અનુસાર દરેક વ્યકિત કાયદા સમક્ષ સમાન છે અને કોઈપણ જાતના ભેદભાવ વિના તેમને કાયદાનું સમાન રક્ષણ મળવું જોઈએ. યુરોપિય સમજૂતિની જેમજ આમાં કાનૂની સહાયના અધિકારને સ્પષ્ટ રૂપે વ્યકત કરવામાં આવ્યો નથી. પરંતુ કાયદા સમક્ષ સમાનતા અને સમાન રક્ષણને મહત્વ આપીને ગર્ભિત રીતે કાનૂની સહાયના અધિકારને માન્યતા આપવામાં આવી છે.

## ૨.૩(૯) તહેરાન સમજૂતિ – ૧૯૬૭[133]

## Tehran Conference, 1968

આંતરરાષ્ટ્રિય સ્તરે તહેરાન સમજૂતિ સૌથી પહેલો મહત્વપૂર્ણ લેખ હતો, કે જેમાં કાનૂની સહાયના વિભિન્ન પાસાઓ ઉપર વિસ્તૃત રૂપે ચર્ચા કરવામાં

---

[133] X.v.German Federal Republic, Re-Application No.127/55.I.L.R. Vol.30,368.

આવી હતી અને મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા હતા. આમાં લગભગ ૮૪ દેશોના પ્રતિનિધિએ ભાગ લીધો હતો. આ સમજૂતિમાં સંયુકત રાષ્ટ્રસંઘના મહત્વપૂર્ણ અંગ ઉપરાંત અન્ય આંતરરાષ્ટ્રિય સંસ્થાઓ અને બીજા બિન સરકારી સંગઠનોએ ભાગ લીધો હતો.[134] આ સમજૂતિમાં દરેક સભ્યોએ ઘોષણા કરી કે માનવઅધિકાર અને મૂળભૂતસ્વતંત્રતાઓ અપ્રતિસંહરણીય છે તથા આર્થિક, સામાજીક અને સાંસ્કૃતિક અધિકારોના ઉપયોગ વિના દિવાની અને રાજકિય અધિકારોનો યોગ્ય લાભ ઉઠાવવો અસંભવ છે.

આ સમજૂતિમાં નીચે જણાવેલા પ્રસ્તાવોને સ્વીકારવામાં આવ્યા.[135]

૧. માનવઅધિકારો અને મૂળભૂતસ્વતંત્રતાઓના રક્ષણને માટે સરકારોએ કાનૂની સહાયના મહત્વને સમજીને તેના વિકાસને માટે એક વિસ્તૃત યોજના બનાવવી જોઈએ.

૨. કાનૂની સહાય એવી દરેક બાબતોમાં આપવી જોઈએ કે જેમાં મૂળભૂત અધિકારોનું હનન થયું હોય. આ સબંધમાં દરેક રાષ્ટ્રોએ પોતાના માપદંડ નકકી કરવા જોઈએ.

૩. કાનૂની સહાયની વિસ્તૃત યોજના નકકી કરવાને માટે સરકારોએ આર્થિક વ્યવસ્થા ઉભી કરવાને માટે યોગ્ય ઉપાયો કરવા જોઈએ.

૪. સરકારોએ પોતાના કાયદાઓને અત્યંતસરળ બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. જેથી સામાન્ય વ્યકિત ન્યાયિક ઉપાયોને બહુ સરળતાથી મેળવી શકે.

૫. સરકારોએ જરૂરિયાતમંદ વ્યકિતઓને પૂરો સહયોગ આપવો જોઈએ અને ન્યાયને માટે આવશયક હોય તો કાનૂની સહાય અવશ્ય પૂરી પાડવી જોઈએ.

---

[134] Dhyani, S.N.,"Law, Morality and Justice," Metropolitan, Delhi (1994)119.
[135] Resolution XIY adopted unanimously on 12th May 1968.

૬.	સંયુકત રાષ્ટ્રની પાસે જેપણ સ્ત્રોત ઉપલબ્ધ છે, તેના અનુસાર તે રાજયોને કાનૂની સહાય આપવાને માટે વિશેષ અને ટેકનીકલ સુવિધાઓ પૂરી પાડે છે.

૧૬ ડિસેમ્બર ૧૯૭૭, ના રોજ સંયુકત રાષ્ટ્રસંઘની મહાસભાએ એકવાર ફરી પ્રસ્તાવ પ્રસાર કરીને માનવઅધિકારોના અમલીકરણ ઉપર ભાર મૂકયો. આમ કાનૂની સહાય આંદોલનમાં સંયુકત રાષ્ટ્રસંઘની ભૂમિકાનું એક અત્યંત આગવું મહત્વ છે.

## ૨.૩(૧૦) આંતરરાષ્ટ્રિય કાનૂની સહાય સમિતિ International Legal Aid Committee

આંતરરાષ્ટ્રિય બાર એસોસીએશને ૧૯૩૩ માં એક આંતરરાષ્ટ્રિય બાર એસોસીએશન શૈક્ષણિકન્યાસની સ્થાપના કરી. આ વકીલોનું આંતરરાષ્ટ્રિયસ્તર પરનું સૌથી મોટું સંગઠન છે. જેમાં લગભગ ૧૧૯ દેશોના વકીલ સભ્ય છે. અને તેમનો ઉદ્દેશ આંતરરાષ્ટ્રિય કાનૂની સહાય સમિતિના માધ્યમ દ્વારા કાનૂની સહાયના ક્ષેત્રમાં વિકાસ કરવાનો છે. આ સમિતિના નીચે જણાવેલા ઉદ્દેશો છે. [136]

૧.	જયાં કાનૂની સહાયની જોગવાઈ નથી, તેવા રાષ્ટ્રોમાં કાનૂની સહાય યોજનાને શરૂ કરાવવી.

૨.	જયાં કાનૂની સહાયની યોજના છે ત્યાં આવી યોજનાને વિસ્તૃત બનાવવી.

૩.	કાનૂની સહાય કાર્યક્રમમાં સ્વયંસેવી સંસ્થાઓની ભૂમિકાઓને મહત્વ આપવું

૪.	બાર એસોસીએશન અને અન્ય કાનૂનીસમિતિઓ કે જે કાનૂની સહાયના ક્ષેત્રમાં કાર્યરત છે તેને સહયોગ પૂરો પાડવો.

[136] Judy Lane & Simon Hillyard, International Directory of Legal aid, Published by International Bar Association Educational Trust (1985) c.3.

૫. અવિકસિત દેશોમાં કાનૂની સહાય યોજનાને કાર્યાન્વિત કરવા માટે આર્થિક સહયોગ પ્રાપ્ત કરવો.

આ માટે આ સમિતિ દ્વારા એક આંતરરાષ્ટ્રિય કાનૂની સેવા અંગેની ડિરેકટરી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

## ૨.૩.૧ ઈંગ્લેંડ

ઈંગ્લેન્ડમાં 'મેગ્નાકાર્ટા'ના હકપત્રમાં ગરીબો માટે કાયદાકીય સહાયનો ઉલ્લેખ છે. તેમાં જણાવાયું છે કે ....

''કોઈને અમે ન્યાય માટેનો અધિકાર વેચીશું નહિ, કોઈને તે નકારવામાં નહિ આવે અને તે માટે વિલંબ કરવામાં નહિ આવે.

ઈ.સ.૧૨૧૫ માં કિંગ જહોન પાસેથી આ અધિકારપત્ર મેળવવામાં આવ્યો હતો. ઈંગ્લેન્ડના ઈતિહાસમાં કિંગ જહોન સૌથી ખરાબ રાજા ગણાયો છે. એમ જણાય છે કે ન્યાયના વેચાણ, નકાર અને વિલંબ સામેની આ ખાત્રીનું કારણ એ હશે કે, તે સમયે સામાન્ય ન્યાયિક કાયવાહીઓમાં પણ રાજાની દખલગીરી રહેતી, ભ્રષ્ટાચાર પણ થતો અને રાજા મન ફાવે તેમ ફી અને દંડ ઉઘરાવતો. આ બધા સામે રક્ષણ મેળવવા આ પ્રકારની શરત મૂકાઈ હશે. જેથી કરીને ન્યાયિક કાર્યવાહી વધારે વ્યવસ્થિતપણે થાય અને રાજાના દંડ અને ફી પ્રમાણસર રહે. પરંતુ શરૂઆતના ઈંગ્લીશ ન્યાયાધીશોએ આ ખાત્રીમાંથી એવો સિધ્ધાંત બનાવ્યો કે જે વ્યકિતઓ પોતે નાણાં ખચી શકે તેમ ન હોય તેમને માટે વિનામૂલ્યે કાયદાકીય સહાયની વ્યવસ્થા કરવી.

૧૪૯૫ માં ગરીબોને વિનામૂલ્ય કાનૂની સહાયની જોગવાઈ કરતો પહેલો ઈંગ્લીશ કાયદો પસાર કરવામાં આવ્યો. આ કાયદામાં ગરીબ વ્યકિતઓને 'ફાર્મા પોપરિસ'માં કાયદાકીય દાવો કરવાનું સ્વીકારાયું છે. હેન્ત્રી સાતમાનો

સ્ટેચ્યુટ–૨ 'ફાર્મા પોપરીસ' કાયવાહી સાથે સ્પષ્ટ સંબંધ ધરાવતો કાયદો છે. આ કાયદા હેઠળ ગરીબ વ્યકિતઓને માટે રિટ કરવા માટે કોઈ ફી લેવાતી નથી. તેમને માટે વિનામૂલ્યે રિટ તૈયાર કરવા માટે ચાન્સેલર તરફની કર્લાકો , વિદ્વાન વકીલો અને એર્ટનીને કામ સોંપવામાં આવે છે.

૧૪૯૫ નો કાયદો વિધિવિધાનનો એક ઉત્કષ્ટ નમૂનો હતો. અને ગરીબ વ્યકિતઓના દાવાઓની બાબતમાં આ કાયદા દ્વારા નવા યુગનો પ્રારંભ થયો. આ કાયદો ગરીબોને, કાયદાની આંટીઘૂંટીઓમાંથી પસાર કરવામાં મદદરૂપ થવા માટે હતો. જો કે તેમાં ધણી બધી ખામીઓ પણ હતી, 'ગરીબ વ્યકિત' એટલે કોણ તે તેમાં સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરાયેલું ન હતું. બીજી મુખ્ય ખામી એ હતી કે તેમાં બચાવકાર 'ફાર્મા પોપરિસ'માં રજૂઆત કરી શકતો ન હતો. માત્ર ફરિયાદીને જ એ લાભ મળી શકતો હતો. આ એક ગંભીર મર્યાદા હતી.

૧૫૩૧ માં, બીજો કાયદો પસાર થયો(હેન્રીઆઠમાં સી–૧૫) તેમાં જોગવાઈ એ હતી કે 'જો વ્યકિત કેસમાં સફળ ન થાય તો તે વિરોધીને ખર્ચ આપવા જવાબદાર ન રહે પણ  યોગ્ય જણાય તેવી અન્ય શિક્ષાઓ તેને કરી શકાય. તેથી જો બાબત ફરિયાદી વિરૂધ્ધ સાબિત થાય તો તેને સોટી ફટકારવાની, જાહેર અપમાન કે ચાબુક મારવાની સજા થઈ શકે. આ કાયદાના ઉદાર અર્થઘટનોને કારણે વેરપ્રભાવકના દાવાનો અવારનવાર કરવામાં આવતા.

૧૮૮૩ માં, હેન્રી સાતમા અને આઠમાના કાયદા, વૈધાનિક કાયદાના રિવિઝન અને સિવિલ પ્રોસિજર એકટ, ૧૮૮૩ દ્વારા રદ કરવામાં આવ્યા. એ પછી ૧૮૮૪ માં લોડ  રશકિલફના અધ્યક્ષપદ હેઠળ નિમાયેલી એક સમિતિએ એવો અભિપ્રાય આપ્યો કે વિનામુલ્ય કાનૂની સહાય અને સલાહની પ્રર્વતમાન સુવિધાઓ

તદ્દન અસંગત અને અપૂરતી બની ચૂકી છે, અને કાયદાકીય સહાયના સમગ્ર પ્રશ્ન બાબતે નવા અભિગમની ખૂબ જરૂર છે.

રશકિલફ સમિતિની ભલામણોના આધારે કાનૂની સહાય અને સલાહનો કાયદો, ૧૯૪૯, પસાર કરવામાં આવ્યો જે બીજી ઓકટોબર,૧૯૫૦ થી અમલી બન્યો. આ વિષય પર ૧૯૬૦, ૧૯૬૪ અને ૧૯૭૩ માં વધુ ત્રણ કાયદાઓ પસાર કરવામાં આવ્યા. આ ચારે કાયદાઓને છેવટે વિલીનીકરણ કરીને લિગલ એઈડ એકટ,૧૯૭૪ ઘડવામાં આવ્યો. ૮મી મે, ૧૯૭૪ નાં રોજ આ કાયદો રશકલિફ સમિતિના અહેવાલને અમલમાં મૂકવા માટે ૧૯૪૪–૧૯૪૯ ના વષો દરમિયાન આયોજિત એવી પૂર્ણપણે પૂર્વગ્રાહી એવી કાયદાકીય સહાય યોજના સિધ્ધ કરવા માટે જરૂરી સત્તાઓનો સમાવેશ કરે છે.

કાનૂની સહાય એ માનવીય સંસ્કૃતિના જેટલો જ જૂનો માનવીય ખ્યાલ છે. સંસ્કૃતિના ઉદય સાથે જ ન્યાયનો ખ્યાલ વિકાસ પામ્યો છે અને તેનાં જ ગર્ભમાં ગરીબને કે વંચિતને કાનૂની સહાય કે મદદ આપવાનો વિચાર પણ સામેલ હતો. સમાન ન્યાય અંગેનો ખ્યાલ, પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પહેલાની કાયદા પદ્ધતિઓમાં મળી આવે છે. ઈંગ્લેન્ડનો સમાજ કે સંસ્કૃતિ એ પ્રાચીનતમ સભ્ય સંસ્કૃતિ માનવામાં આવે છે. તેણે સભ્યતાની અનેક ઉચાઈઓ સર કરી છે. આધુનિક રીતે આપણે જેને કાનૂની સહાય કહીએ છીએ તેના બીજ ઈંગ્લેન્ડમાં રોપાયા હતા. ગરીબો અને અમીરોને સમાન ન્યાય આપવો જોઈએ તેવું હેન્રી–બીજાના ચેપ્ટર ઓફ લીબર્ટીમાં ભારપૂર્વક કહેવાયું છે. જે મેગ્ના કાર્ટાના ૧૪માં ફકરામાં સુવર્ણ અક્ષરે સ્પષ્ટપણે નિરુપાયેલું છે. ' અમે કોઈ વ્યકિતના ન્યાય અથવા ન્યાયના અધિકારોનો ઈન્કાર કરીશું નહીં અને ન્યાયનું વેચાણ કે વિલંબ પણ કરીશું નહીં.' પરંતુ આ મહાન સિદ્ધાંત તત્કાલ અસ્તિત્વમાં આવ્યો ન હતો. ઈંગ્લેન્ડના કાયદાની ઈતિહાસની મહત્વની બિરદાવવા લાયક બાબત એ હતી કે કાનૂની

સહાયનો ખ્યાલ એક અથવા બીજી રીતે ઈંગ્લેન્ડમાં ઈ. સ.૮૧૩માં અસ્તિત્વ ધરાવતો હતો.[137] હેન્રી–પહેલાં અને એડવર્ડ–પહેલાંની રાજય સત્તા દરમ્યાન ગરીબ લાભાર્થીઓને કેટલીક રાહતો અપાઈ હતી અને કાનૂની સહાય અને તેના અંગેની ફી વગેરેમાંથી મૂકત કરવામાં આવ્યા હતા. [138] મેગ્ના કાર્ટા પછી, હેન્રી–ત્રીજાના સમયમાં ગરીબ માણસોએ કરાતી રીટ માટે કોઈપણ પ્રકારનું ચૂકવણું કરવાનું રહેતું ન હતું. કોમન લૉ ની અદાલતોને સ્વૈચ્છિક રીતે આવા લાભાર્થીઓના દાવા દાખલ કરવાની સત્તા હતી. [139] ચર્ચ દ્વારા પણ ગરીબ લોકો માટે સહાનુભૂતિપૂર્વકનું વર્તન દાખવવામાં આવતું હતું અને તેમને સાંપ્રદાયિક કે ધાર્મિક વકીલોની પણ સહાય મળી રહેતી હતી. હેન્રી સાતમા C-12(1449) ના બીજા અધિનિયમમાં, સૌ પ્રથમવાર "Forma Pauperies" (અકિંચનના દાવા) નો ઉલ્લેખ હતો. જે કાનૂની સહાય અંગેનો પ્રથમ પ્રક્રિયાત્મક અધિનિયમ હતો. [140] ગરીબ માણસો તેમના હકદાવાઓ કંઈપણ ખર્ચ વિના કરી શકતા હતા અને તેઓને મદદ કરવા માટે વકીલની જોગવાઈ પણ અસ્તિત્વમાં હતી. આ ધારા અંતર્ગત ગરીબોને પૂરતા પ્રમાણમાં રાહત મળી હતી. રાજા, ગરીબ વાદી અને પ્રતિવાદીઓને તે ઉપરાંત ફરિયાદીઓને નાણાંકીય બોજામાંથી મૂકત કરી શકતો હતો. [141] ઈ.સ. ૧૨૧૬ થી ૧૨૭૨ સુધીમાં રાજા હેન્રી–ત્રીજાના રાજયમાં ગરીબો વતી રાજયને રીટ કરવાનો અધિકાર હતો. [142] ઈ.સ. ૧૨૧૬ થી ૧૪૯૪ સુધીના સમયગાળા દરમ્યાન ઈંગ્લેન્ડના રાજાઓનો માનવીય અભિગમ આશ્ચર્ય પમાડે તેવો હતો. તેઓ ગરીબોને સહાય કરવા માટે બધું જ કરી છૂટવાનો મત

---

[137] S.Chachter Raymond D., Legal Aid Hand Book, The Carowell Co.Ltd, Toronto 1975 p.1

[138] Arther Maqurie Mac, Poverty and Civil litigation, 36 Star, L.R.1922-23 p. 362

[139] Sujansingh, Legal Aid; Human Right to Equality, Deep & Deep Publication, Delhi (1996) p.61

[140] Egerton, Legal Aid, Historical Aspect of, 61 L.Q.R.87 (1945)

[141] Sharma S.S., Legal Aid to the Poor Deep & Deep Publication, Delhi (1993) p.16

[142] Pollock And Maitlend, History of English Law, Cambridge, At the University Press,(1968) At 195

ધરાવતા હતા. ૧૫૩૧માં હેન્રી–આઠના સમયગાળા દરમ્યાન એક વધુ અધિનિયમ પસાર કરાયો. આ અધિનિયમના ઉદાર અર્થઘટનના કારણે અવ્યવહારૂ રીતે વધુને વધુ દાવાઓ થયા અને તેને રોકવા માટે કોઈપણ પ્રકારનું વ્યવસ્થાતંત્ર અસ્તિત્વમાં ન હતું. હેન્રી–સાતમાના સમયગાળા દરમ્યાન થયેલા અધિનિયમને લૉ રીવીઝન એકટ, ૧૮૮૩ દ્વારા સુધારવામાં આવ્યો. તે અનુસાર ફોર્માપોપરીઝની કાર્યવાહીને લગતા નિયમો હાઈકોર્ટ દ્વારા બનાવાયા. પરંતુ આ નિયમો દાવા કરવા વાળા વંચિતોની સ્થિતિને સુધારવામાં નિષ્ફળ ગયા. ૧૯૧૪માં જજ પેરીએ જણાવ્યું કે આજ સુધીમાં ફોર્માપોપરીઝની પ્રક્રિયાથી ગરીબોને વ્યવહારૂં લાભ થયો નથી, માત્ર તેમનો હાઉસ ઓફ લોર્ડને અપીલ કરવાનો અધિકાર વિસ્તુત બનાવયો છે. [143] પરિણામે નવા નિયમો ઘડાયા. જેને ધિ પુઅર પર્સન્સ પ્રોસીજર, ૧૯૧૪ તરીકે ઓળખવામાં આવ્યા.

### ૨.૩.૧(૧) ધિ પુઅર પર્સન્સ પ્રોસીજર, ૧૯૧૪

### The Poor Person's Procedure, 1914

ધિ પુઅર પર્સન્સ પ્રોસીજર એટલે, એવા નિયમોની કરાયેલી જાહેરાત કે જે ૧૯૧૪ માં જયુડીકેચરની હાઈકોર્ટ દ્વારા કરાઈ હતી. જેનો ઉદ્દેશ ગરીબ વ્યકિતઓને લગતી કાર્યવાહીનું નિયમન કરવાનો હતો. જેની વિશિષ્ટતા નીચે મુજબ હતી :– [144]

૧. રોયલ કોર્ટ ઓફ જસ્ટિસ, લંડન ખાતે ઓફિસની સ્થાપના કરવી અને તેની શાખાઓ ગરીબ માણસોના લાભ માટે કિલયરીંગ હાઉસ તરીકે સ્થાપવી.

૨. ગરીબ લાભાર્થીઓ માટે વકીલો દ્વારા પ્રતિનિધિત્વ કરવા અંગેની જોગવાઈ કરવી.

---

[143] Quoted in 36 Harv. L.R.378 (1922-23)

[144] Supra note 56,p.62.

૩. અરજદાર અને તેના કેસની યથાયોગ્યતા તથા ગુણવત્તા અંગે તપાસ કરવા બાબતે જોગવાઈઓ કરવી.

૪. ગરીબ લાભાર્થીઓને મળતી ઉદાર સહાય અંગે વધારો કરવાની જોગવાઈઓ કરવી.

૫. સહાયક વકીલોને જવાબદાર બનાવવા અંગે તેમ જ સહાયપાત્ર લાભાર્થીઓનું શોષણ ન થાય તે માટે જોગવાઈ કરવી.

ઉપરોકત જોગવાઈઓ ઈંગ્લેન્ડના સમાજને કોઈ ખાસ સંતોષ આપી શકી નહીં અને તેટલા માટે લૉડ બિર્કનહેડે એક સમિતિની રચના કરી. જેમાં પુઅર પર્સન્સ પ્રોસીજરની બાબતે મિ. જસ્ટિસ પી. ઓ. લોરેન્સને અહેવાલ આપવા જણાવ્યું. સમિતિ એવા નિષ્કર્ષ પર આવી કે વકીલો દ્વારા અપાતી સેવા બદલ ચૂકવાતી મામુલી રકમનો પણ દૂરપયોગ થતો હતો અને વકીલો દ્વારા ગરીબ વ્યકિતઓના કેસ હાથ પર લેવા માટે આનાકાની કરાતી હતી. [145] આ માટે જાનયુઆરી, ૧૯૨૧માં નવા નિયમો બનાવવાની જરૂર પડી. જે અંતર્ગત કાઉન્સીલ ઓફ લૉ સોસાયટી દ્વારા દરેક વકીલોને ગરીબ વ્યકિતઓના કેસ લેવા માટે વિનંતી કરાઈ. ઈ.સ. ૧૯૨૫ માં જસ્ટિસ ફિન લે ના અધ્યક્ષપદે રચાયેલી કમીટીએ કાનૂની સહાયની પરિસ્થિતિ અંગેનો અહેવાલ રજૂ કર્યો. ઈ.સ. ૧૯૨૬ માં કાનૂની સહાય અંગેનો સમગ્ર વહિવટી અંકુશ લૉ સોસાયટીને સોંપાયો. ઈ.સ. ૧૯૪૨ સુધી હાઈકોર્ટ દ્વારા ગરીબ વ્યકિતઓના લાભાર્થે ઘણું કાર્ય કરાયું. જો કે ગરીબ વ્યકિત, જો કોઈ અમીરની વિરૂદ્ધ કેસ સફળતાપૂર્વક જીતી જાય છતાં તેના વકીલ નિયમ પ્રમાણે મહેનતાણું મેળવી શકતા નહીં. જેના કારણે ગરીબ વ્યકિતઓના કેસ લેવાની બાબતમાં વકીલો દ્વારા ઉદાસીનતા દાખવવામાં આવતી

---

[145] Supra note 57, p.90.

હોવાનું જણાયું.[146] આમ કાનૂની સહાયનું કાર્ય કાનૂની વ્યવસાય કરનારની દયા અને મરજી પર આધારિત હતું. બીજા વિશ્વ યુદ્ધથી સર્જાયેલી કટોકટી દરમ્યાન વકીલો તથા કારકૂનો પણ યુદ્ધમાં જોડાયા.

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન પુઅર પર્સન્સ સમિતિએ ઉદ્દભવેલી આ નવી પરિસ્થિતિની સમીક્ષા કરી. ઈ.સ. ૧૯૪૨ ના સમયગાળા દરમ્યાન જરૂરીયાતમંદ વ્યકિતઓને સલાહ આપવા માટે 'વોર ઓફિસીસ' ની સ્થાપના કરાઈ. આ એક વચગાળાની યોજના હતી. [147] આ દરમ્યાન ઈ.સ. ૧૯૨૫માં જે પ્રથાઓ હતી તેમાં નીચે મુજબની ક્ષતિઓ નજરે પડી. [148]

૧. ગરીબી રેખા ખૂબ જ નીચી હતી.

૨. પ્રક્રિયા માત્ર હાઈકોર્ટ અંતર્ગત ચાલતા વિવાદ પૂરતી જ પ્રચલિત હતી.

૩. કાર્યવાહીની સઘળી જવાબદારી વકીલો ઉપર હતી.

આમ, આ યોજનાઓ અંગેનો સમગ્ર ભાર વકીલના વ્યવસાય ઉપર અથવા તો એવી સંસ્થાઓ ઉપર હતો કે જે ગરીબોને સહાય કરવામાં જોડાયા હોય.

યુદ્ધ બાદ લૉડ સાયમનને ૧૯૪૬માં એક સમિતિના અધ્યક્ષ બનાવાયા. જેને 'રસકલીફ સમિતિ' ( **The Rushcliffe Committee** ) તરીકે ઓળખાઈ. જેનો મૂળભૂત હેતુ કાનૂની સહાય અંગે ઉદ્દભવતી સમસ્યાઓનો અભ્યાસ કરવાનો હતો.[149]

---

[146] Ibid.

[147] Ibid.

[148] E.J.Cohen, Legal Aid For Poor, A study in Comparative Law and Legal Reform, 59, L.Q.R. 251(1943).

[149] Supra note 56, p.63.

## ૨.૩.૧ (૨) ધિ રસકલીફ સમિતિ
## The Rushcliffe Committee

આ સમિતિએ કાનૂની સહાયના ખ્યાલનો આધૂનિક અભિગમ દ્વારા અભ્યાસ કર્યો અને વિષદ અભ્યાસ બાદ સમિતિએ જુદા જુદા સ્વરૂપની કાનૂની સહાયના કાર્યાલયો અંગેની વિવિધ સ્તરીય વ્યાપક યોજના રજૂ કરી. જે આ મુજબ હતી.

૧. કાયમી

૨. અર્ધ કાયમી

૩. કામચલાઉ કે અસ્થાયી સ્વરૂપની

જરૂરીયાતમંદ કોઈપણ વ્યકિત દાવાદૂવી સિવાય પણ કાનૂની સહાય મેળવી શકતો હતો. રસકલીફ સમિતિએ કાનૂની સહાય અને કાનૂની સલાહ અંગેનો નોંધપાત્ર ભેદ દર્શાવ્યો.

કાનૂની સહાય એટલે કાયદાની અદાલતોમાં કાર્યવાહીને કરવાને કે તેમાં બચાવને લગતી કાર્યવાહીમાં વિના મૂલ્યે કાનૂની રજૂઆત કરવા અંગે, જેમાં કોર્ટ ફી મુલતવી રાખવામાં આવતી હતી અને તેમાં સાક્ષીઓ બાબતના કે અન્ય તમામ ખર્ચાઓની ચૂકવણીનો પણ સમાવેશ થતો હતો.

જયારે કાનૂની સલાહ શબ્દના અર્થમાં કાયદાકીય બાબતો, સામાન્ય દસ્તાવેજોના આલેખન અને દાવાદૂવીના પ્રકાર સિવાયની વાટાઘાટો બાબતે અપાતી સલાહનો સમાવેશ થતો હતો.

રસકલીફ સમિતિ અનુસાર દરેક બાબતને લગતા કેસમાં કાનૂની સહાય આપવાની જોગવાઈ કરાઈ હતી અને આ અહેવાલમાં કાનૂની સહાય બાબતે એક નવો

અધિનિયમ બનાવવાનું સૂચન કરાયું હતું. [150] રસીકલીફ સમિતિ દ્વારા જે સૂચનો રજૂ થયા તે અપનાવાયા અને તેના આધારે ઈંગ્લેન્ડમાં લિગલ એઈડ એન્ડ એડવાઈસ એકટ ઘડાયો. [151]

## ૨.૩.૧(૩) લિગલ એઈડ એન્ડ એડવાઈસ એકટ, ૧૯૪૯

## Legal Aid and Advice Act, 1949

કાનૂની સહાયના મહત્તમ લાભ મેળવવા માટે અગાઉના બધા જ વિભિન્ન કાર્યક્રમો અને યોજનાઓને પડતી મૂકીને એક નવો "લિગલ એઈડ એન્ડ એડવાઈસ એકટ. ૧૯૪૯"ની રચના કરાઈ. જેના અંતર્ગત કાનૂની સહાય મેળવવા લાયકાત ધરાવનાર અરજદારને વકીલોની પેનલમાંથી અરજદારની પસંદગીના વકીલને પસંદ કરવાની સ્વતંત્રતા અપાઈ હતી. કાનૂની સહાય એવી વ્યકિતઓને જ મળી શકે કે જે લાયકાતની કસોટી પસાર કરે. ગરીબોના આર્થિક સાધનોમાં તેની વ્યય પાત્ર આવક **(Disposable Income)** અને વ્યયપાત્ર મૂડી **(Disposable Capital)** બન્નેને ધ્યાનમાં લેવાતા હતા.[152] જેમાં આવક, આશ્રિતોનો નિર્વાહ ખર્ચ, ધિરાણનું વ્યાજ, ભાડું, આવકવેરો તથા ઘરવખરીની કિંમત બાદ કરતાં, જે બચે તે અથવા બચતું દેખાય તે, તેના આર્થિક સાધનનો માપદંડ ગણાતો હતો.[153] જે વ્યકિતને કાનૂની સહાય અપાતી, તેણે અદાલતી કાર્યવાહીના ખર્ચમાં ફાળો આપવાનો રહેતો હતો. જો તેની વ્યયપાત્ર આવક ૨૫૦ પાઉન્ડથી વધુ હોય અને વ્યયપાત્ર મૂડી ૧૨૫ પાઉન્ડથી વધુ હોય તો, તેણે દાવાના કુલ ખર્ચનો ૧/૩ હિસ્સો ખર્ચ પેટે ફાળામાં આપવો પડતો હતો.

---

[150] Rushcliffe Committee's Report, p.23.

[151] Supra note 56, p.64.

[152] Collin F. Padfield, Law made simple, W.H.Allen Co.LOtd, London (1970) at 80.

[153] Ian Cooper, The Individual and The Law, London, Butterworths at 140, (1979).

આમ, આર્થિક સાધનના સપ્રમાણમાં ફાળો આપવો પડતો હતો. આમ કાનૂની સહાય યોજનાનું ભંડોળ, નીચે પ્રમાણે રચાતું હતું.

૧. જેને સહાય અપાતી, તેના ખર્ચ પેટે મળતો ફાળો.

૨. સામેના પક્ષ પાસેથી વસૂલાતી ખર્ચની રકમ.

૩. રાજય તરફથી અનુદાન.

કાનૂની સહાયની સમગ્ર યોજના ઉપર લૉ સોસાયટીનો સીધો અંકુશ હતો.

## ૨.૩.૧ (૪) દિવાની દાવાઓમાં કાનૂની સહાય

ન્યાયિક કાર્યવાહીના મુખ્યત્વે બે પ્રકાર છે.

૧. દિવાની કાર્યવાહી

૨. ફોજદારી કાર્યવાહી

દિવાની કાર્યવાહીઓમાં તથા પ્રક્રિયાઓમાં હાઉસ ઓફ લૉર્ડની અદાલત, અપીલ અદાલત, હાઈકોર્ટ તથા કન્ટ્રી કે કોરોનરની કોર્ટમાં તેમ જ અમુક પંચ સમક્ષની કાર્યવાહીમાં આવી કાનૂની સહાય ઉપલબ્ધ છે.[154] લૉ સોસાયટી, તેની ૧૨ એરીયા કમિટીઓ, ૧૧૨ સ્થાનિક કમિટીઓ તથા ગરીબીનું પ્રમાણપત્ર આપનારી પ્રમાણિત કરનારી સમિતિ દ્વારા આ સહાય આપવામાં આવે છે. અરજદારે કાનૂની સહાય પ્રાપ્ત કરવા માટે સહાય પાત્રતાનું પ્રમાણપત્ર મેળવવું પડે છે. સ્થાનિક કમિટી દ્વારા અત્યંત જરૂરી હોય તેવા પ્રશ્નોમાં કટોકટીના સમયે પણ પ્રમાણપત્ર અપાય છે.

ઈંગ્લેન્ડના ૧૯૪૯ ના લિગલ એઈડ એન્ડ એડવાઈસ એકટ પ્રમાણે કાનૂની સહાયના લાભાર્થીની તેના કેસમાં અદાલતમાં જો હાર થાય તો જીતનાર પક્ષને ખર્ચ આપવાની જવાબદારી ઉભી થાય તો તે સામા પક્ષને ચૂકવવાની ખર્ચની રકમ, કાનૂની સહાય તરીકે મળી શકતી નહીં અને કાનૂની સહાય લેનાર પક્ષકારની જો હાર

---

[154] Supra note, 69.

થાય તો સ્વભાવિક રીતે ગરીબ હોય અને જીતનાર પક્ષને કંઈ જ વળતર ન મળે તેવી સ્થિતિ પેદા થતી. જીતવા છતાં તેના ખર્ચની વસૂલાત મળતી નહીં. [155] આ પરિસ્થિતિ જીતનાર માટે કઠીન હતી, જેને દૂર કરવા લીગલ એઈડ એકટ, ૧૯૬૪ બનાવાયો અને જીતનાર પક્ષકાર કે સ્વતંત્ર રીતે, સ્વખર્ચે કેસ લડયો હોય, તેને લીગલ એઈડ ફંડમાંથી નાણા ચૂકવવા પ્રબંધ કરાયો, છતાં તેની કેટલીક મર્યાદાઓ રહેતી. લીગલ હેઈડ ફંડમાંથી જીતનારને ખર્ચ ચૂકવતા પહેલાં અદાલતે એ ખાતરી કરવાની રહેતી કે –

૧. નીચલી અદાલતમાં દાવા કે કાર્યવાહી, અદાલતમાંથી કાનૂની સહાય મેળવનાર પક્ષકારે દાખલ કરેલી હોવી જોઈએ.

૨. કેસના સમગ્ર સંજોગો જોતાં જીતનારને ખર્ચ અપાવવો જોઈએ એ ન્યાયી અને સમન્યાયી છે.

૩. આવો હુકમ ન થાય તો સહાય વગરના જીતનાર પક્ષકારને નાણાકીય રીતે પારાવાર નુકસાન થશે એમ અદાલતને લાગતું હોય. [156]

આ સંજોગોમાં જીતનાર પક્ષકારને લીગલ એઈડ ફંડમાંથી ખર્ચ ભરપાઈ કરી આપવા હુકમ થઈ શકે. [157]

આમ છતાં ખર્ચ બાબતે હજુપણ સમસ્યાઓ થતી હતી. [158] તેથી ૧૯૭૪ ના કાયદાથી ઠરાવાયું કે કાનૂની સહાયના પાયાનો સિદ્ધાંત એ છે કે કોઈ વ્યકિતને કાનૂની સહાય ત્યારે જ આપી શકાય કે જયારે આવી કાર્યવાહી માટે બુદ્ધિગમ્ય

---

155 C.G.lasser, Reports of Committees- The Annual Report of the Lord Chancellor's advisory Committee on Legal Aid, 32 Mod, L.R.187 (1969)

156 Nowotinik v. Nowotinik, 2 All. E.R.618 (1965)

157 Mills v.Mills, 2 LL. E.R.237 (1963); Herbert v. Herbert 2 All. E.R.915 (1963); Dugan v. Willianson 3All. E.R.237 (1963); Neill v.Clacier Mattel Co.Ltd, 3 All.E.R.477(1963).

158 Lord Denning,What next in the law,London,Butterworths(1682) at 112

કારણો હોય. [159] અને દાવો અને દાવામાં બચાવની કોઈપણ કાર્યવાહી શુદ્ધબુદ્ધિ પૂર્વકની હોય. [160]

આજે સામાન્યતઃ એવું છે કે–

૧. જો કાનૂની સહાય લેનાર પક્ષકારનો દાવા કે કાર્યવાહીમાં પરાજય થાય તો, જીતનાર પક્ષને તેના ખર્ચનો વાજબી હિસ્સો આપવો જોઈએ તે નૈસર્ગિક ન્યાય છે. [161]

૨. જો બન્ને પક્ષકારને કાનૂની સહાય મળી હોય તો ખર્ચનો હુકમ ન કરવો જોઈએ. [162]

૩. જો કાનૂની સહાય પ્રાપ્ત કરનાર સફળ થાય તો તેનો ખર્ચ જીતનાર પક્ષ કે જેણે કાનૂની સહાય લીધી ન હોય, તેણે લિગલ એઈડમાં ભરપાઈ કરી આપવો જોઈએ.

## ૨.૩.૧(૫) ફોજદારી કેસોમાં કાનૂની સહાય :

ઈંગ્લેન્ડમાં ચોરી તથા ફેલોનીના આરોપીને પુઅર પ્રિઝનર ડીફેન્સ એકટ, ૧૯૩૦ મુજબ રાજય તરફથી બચાવનો વકીલ પૂરો પાડવાની પ્રથા અસ્તિત્વ ધરાવતી હતી જે ઈ.સ. ૧૮૩૬ થી શરૂ થઈ હતી પરંતુ આવા વકીલનો ખર્ચ આરોપીએ ભોગવવાનો રહેતો તેથી  ગરીબ વકીલો રોકી શકતા નહીં. આરોપીને વકીલ માત્ર ડોક–બ્રીફની રીતે જ મળી શકતો હતો.[163] યુવાન અને નવા વકીલો, જે વકીલાતના

---

[159] Ibid.

[160] Michael Zander,Casas and Materials on English Legal System,Weidenfeld & Nicholson,London (1973) at 313.

[161] Crystel v. Crystel 2 All E.R.at 330 (1963).

[162] Bezzi v. Bezzi 3 All E.R.at 785 (1955).

[163] Greham J, Criminal Costs & Legal Aid, Butterworths, London, (1969) at 108.

વ્યવસાયની શરૂઆત કરતા હતા તેઓ અદાલતોમાં હાજર રહેતા અને આવી ડોક–બ્રીફ મેળવતા જે માટે આરોપીએ તેઓને ૧ પાઉન્ડ, ૩ શીલીંગ, અને ૬ પેન્સ વકીલાતની ફી તરીકે આપવી પડતી હતી. આરોપી પાસે તેટલા નાંણા છે કે નહીં તે અંગે જજ પૂછપરછ કરી લેતા અને જો આરોપી પાસે તેટલાં નાંણા હોય તો, ડોકમાંથી બેઠેલાં વકીલોમાંથી કોઈ એકને પસંદ કરતો અને જજ તે વકીલને ઉદ્દેશીને આવા આરોપીનો બચાવ કરવાનું કહેતા. [164] ક્વૉર્ટર સેશનસ અને એસાઈઝ અદાલતોમાં જ ગરીબ કેદીને કાનૂની સહાય મળતી જેમાં ઈ. સ. ૧૯૩૦ માં સુધારો કરાયો અને નીચલી મેજિસ્ટ્રેટીય અદાલતોમાં પણ કાનૂની સહાયની જોગવાઈ કરાઈ. માર્ચ ૧૯૬૬માં ફોજદારી કાર્યવાહીમાં કાનૂની સહાય માટે નીમાયેલી વિભાગીય કમિટીનો અહેવાલ રજૂ થયો. [165] જેમાં બે સૂચન કરાયા. (૧) ગરીબ આરોપીને સાંભળ્યા વગર કાર્યવાહી થવી જોઈએ નહીં અને (૨) બિનજરૂરી લાગે ત્યાં કાનૂની સહાય આપવી જોઈએ નહીં. આ સૂચનો પરથી ફોજદારી કેસોમાં કાનૂની સહાય માટેનો ક્રિમિનલ જસ્ટિસ એકટ, ૧૯૬૭, પસાર થયો. [166] જેની જોગવાઈઓ લગભગ કાનૂની સહાય અંગેની દિવાની કાર્યવાહીને મળતી આવતી હતી. ફોજદારી કાર્યવાહીમાં લૉ સોસાયટી નહીં પણ અદાલત પોતે જ કાનૂની સહાયની પાત્રતા નકકી કરશે તેવું જણાવાયું હતું. ઈ. સ. ૧૯૭૨ ના કાયદાથી ફોજદારી કેસોમાં સંપૂર્ણ કાનૂની સહાય આપવાની જોગવાઈ કરાઈ હતી. [167]

## ૨.૩.૨ અમેરિકા

[164] Ibid

[165] Michael Zander, Departmental Committee Report; Legal Aid in Criminal Proceedings, 29. Mod. L.R. at 639 (1966)

[166] Alec Stamuels, Criminal Justice Act, 1967, 31 Mod, L.R. at 19 (1968)

[167] Supra Note 82.

અમેરિકામાં કાનૂની સહાય અંગેનો ઈતિહાસ ઈંગ્લેન્ડના જેટલો જુનો નથી. ૧૭મી સદીમાં ઈંગ્લેન્ડમાં પ્રચલિત પ્રણાલિ આધારિત અમેરિકામાં કાનૂની સહાયનો વિકાસની વિભાવનાનો ઉદય થયો છે.[168] ઈ.સ. ૧૮૭૬માં ન્યૂયોર્કમાં જર્મનીના એક સંગઠન દ્વારા સૌ પ્રથમવાર વ્યવસ્થિત સ્વરૂપમાં કાનૂની સહાય આપવાનો પ્રયાસ થયો. આ સંગઠન ફકત જર્મન નાગરિકોને જ સહાય આપતું હતું. આમ આવા સંગઠનો દ્વારા ગરીબો માટે કાનૂની સહાયના દ્વાર ખૂલ્યા હતા. [169] જેનું ઈ.સ. ૧૮૯૦ માં લીગલ એઈડ સોસાયટીમાં પરિવર્તન પામ્યું અને ગરીબોને કાનૂની સહાય અંગેની જોગવાઈઓ પ્રચલિત થવા પામી. ઈ.સ. ૧૮૭૨માં ગરીબ વ્યકિતઓ માટે તેઓના દાવાદૂવી સંબંધી એક કેન્દ્રિય અધિનિયમ બનાવાયો. જેમાં સમયાંતરે નવા સંશોધન થતાં રહ્યા  ઈ.સ. ૧૮૯૦ થી કાનૂની સહાયની  જે જોગવાઈઓ કરવામાં આવી તેમાં અપીલ સંબંધી સહાયની કોઈ જોગવાઈ ન હતી. [170] જો કે આ  ક્ષતિને ઈ.સ. ૧૯૧૦ના  કાયદાથી સુધારવામાં આવી. સમુદ્રી લોકોની સહાય માટે કોંગ્રેસે ઈ.સ. ૧૯૧૬ માં કાયદો બનાવ્યો. ન્યાયાધીશોએ પણ પોતાનું વલણ ગરીબ વ્યકિતઓ પ્રત્યે સાનુકૂળ કર્યું.[171] ફોર્મા પોપરીઝ અંગેની કાર્યવાહી બાબતે જોગવાઈઓ હોવા છતાં ગરીબોને તેનો પૂરેપૂરો લાભ મળતો ન હતો.[172] અપરાધિક બાબતોમાં કાનૂની સહાયતાને બંધારણીય રૂપ અપાયું અને તેને સમગ્ર પ્રક્રિયાની અંતર્ગત ભાગ ગણી લેવાયો. પરંતુ દિવાની બાબતોમાં ગરીબોને કાનૂની સહાય પૂર્ણરૂપે પ્રાપ્ત હતી નહીં. તયારબાદ દિવાની બાબતોમાં ગરીબોને કાનૂની સહાય નેશનલ લીગલ એઈડ એન્ડ

---

[168] Nathan Cayter, Report of the Commission of Legal Aid of the Bar Association of the District of the Colombia. 1958, Washington D.C. at 10.

[169] Ibid.

[170] Gallaury in Fort Worth Bank, 186 U.S. 177, (1902).

[171] Bradford v. Southern Railway Co.195 U.S. 243 (1904).

[172] Duniy,The Poorman in the Federal Court, 18 Stanford Law Reveiew, 1277 (1966).

ડિફેનડર એસોસીયેશન વકીલો દ્વારા  તથા ફોર્ડ ફાઉન્ડેશન દ્વારા પ્રાપ્ત થઈ.[173] સેન્ડલર વિ. ફેરેઝના કેસમાં[174] સુપ્રિમ કોર્ટે દિવાની તથા ફોજદારી કાર્યવાહીને સમાન ઠરાવી અને દિવાની કેસમાં કોઈપણ વકીલને કાનૂની સહાય આપવા માટે રોકતા અટકાવી શકાય નહીં તેવું ઠરાવ્યું.

## ૨.૩.૨(૧)  ઈકોનોમિક ઓપરચ્યુનીટી એકટ, ૧૯૬૪

## Economic Opportunity Act, 1964

અમેરિકાના રાષ્ટ્રપતિ જહોનસને 'ગરીબો પર હુમલો'ની સામે અભિયાન આદર્યુ. જેના ફળ સ્વરૂપ ૧૯૬૪ માં ઈકોનોમિક ઓપરચ્યુનીટી એકટ ૧૯૬૪ પસાર કરાયો અને કાનૂની સહાયને વૈદ્યાનિક દરજજા ઉપરાંત સ્વીકૃતિ આપવામાં આવી. કેન્દ્રિય સરકાર દ્વારા તેના માટે ભંડોળની વ્યવસ્થા કરાઈ. કાનૂની સહાયમાં સુધારણાર્થે નેશનલ લિગલ સર્વીસીસ કોર્પોરેશન એકટ, ૧૯૭૪ પસાર કરાયો. આ ઈકોનોમીક ઓપર્ચ્યુનીટી એકટના કાયદાથી રાષ્ટ્રમાં ગરીબોને દરેક ક્ષેત્રમાં સહાયરૂપ થવા માટે કાનૂની જોગવાઈ અસ્તિત્વમાં આવી.[175] જે એવા સિધ્ધાંત ઉપર આધારિત હતી કે પ્રજાની સંપૂર્ણ આર્થિક અને સામાજિક શકિત, સમાજની દરેક વ્યકિતને સમાજના સંચાલન તથા સમાજના કાર્યક્ષેત્રમાં ભાગ લેવાની સમાન તક આપવાથી જ પ્રાપ્ત થઈ શકે. [176]

## ૨.૩.૨(૨)  ધિ ઈકવલ એસેસ ટુ જસ્ટિસ એકટ, ૧૯૮૦,

## The Equal Access to Justice Act, 1980

નાના વેપારીઓ તથા સામાન્ય વ્યકિતઓ માટે  કાનૂની સહાય આપવા માટે

---

[173] Kenneth Pai, Recent Development in Legal Aid in America, Lesson for India, 9, J. O. I. Art, 155 (1967)

[174] Chandlur v. Fretage 347 U.S.3 (1954)

[175] E. Clinton Bamberges, The Legal Service Programme of O.E.O. 41 Notredame Lawyer, 850 (1966)

[176] Agrawal S.L., Sociological impact of Legal Aid in U.S.A.6J.O.C.30 ( 1972)

સમાન ન્યાય પ્રાપ્તિ માટેનો અધિનિયમ ૧૯૮૦ અમલમાં મૂકાયો. કાનૂની સહાયના વિકલ્પ તરીકે પ્રિપેઈડ ગ્રુપ લીગલ સર્વીસીસ કાનૂની વીમાના જેવી નવી સવલત શરૂ કરાઈ. [177]

## ૨.૩.૨(૩) અપરાધિક બાબતોમાં કાનૂની સહાયતા

અપરાધિક બાબતોમાં કાનૂની સહાયતા આપવા માટે કોંગ્રેસ દ્વારા ઈ.સ. ૧૯૬૪ માં ક્રિમિનલ જસ્ટિસ એકટ પસાર કરાયો. [178] આ અગાઉ પબ્લિક ડીફન્ડર બ્યુરો નામની સંસ્થાએ [179] આ અધિનિયમને ઈ.સ. ૧૯૭૦ માં સુધારાયો. અમેરિકામાં અપરાધિક બાબતોમાં કાનૂની સહાયતા મેળવવાનો બંધારણીય મૂળભૂત અધિકાર છે. [180] અમેરિકન બંધારણના છઠ્ઠા સુધારાથી પ્રત્યેક આરોપીને અપરાધિક બાબતોમાં વકીલની સહાય મેળવવાનો અધિકાર છે. જો કે એ સ્પષ્ટ કરાયું ન હતું કે કાનૂની સહાયતા આપવા માટે રાજય જવાબદાર છે કે અદાલત અનિવાર્ય રીતે આરોપીને વકીલની સેવા ઉપલબ્ધ કરાવવાની જવાબદારી છે. [181]

૧૯૩૮ માં જહોનસન વિ. ઝર્બ [182] ના કેસમાં અમેરિકન સુપ્રિમ કોર્ટ દ્વારા પહેલીવાર એવું કહેવાયું કે છઠ્ઠા બંધારણીય સુધારા મુજબ વકીલ રોકવાનો અર્થ

---

[177] Peter L. Jimroth, Group Legal Services and the Constitution, Yale Law Journal, 966 ( 1966-67)

[178] This Act was passed on the recomndetion made in report of the Attorney General committee on the poverty and Administration of Crimnial Justice of 1963 Presided by Mr. Allen

[179] S. Marden Orison, Equal Access to Justice, The Challenge and The Opportunity, in the Life of Law; Reading on the Growth of Legal Institution, Edited by John Hannold, the fresh press of Glencoe Collier, Mac Millan Ltd, London, at 428.

[180] Vijay Narayan Reddy, Right to Consel vis-a vis the poor under the American and Indian Constitution, 162, M.L.J.28 (1982)

[181] George W. Spiar, the Supreme Court and Fundamental Freedom, Meredith Corp, New York (2nd Edition) at 98.

[182] Johnson v. Zerbs. 304 U.S.458 (1938)

સરકાર દ્વારા ગરીબ લાભાર્થીને વકીલ પ્રાપ્ત કરવાનો છે. જો લાભાર્થી પોતે. વકીલની સુવિધા મેળવવાનો ઈનકાર કરે તો અદાલત માટે જરૂરી નથી કે તેના માટે વકીલ રોકી આપે. પરંતુ એકવાર અદાલતે તેને વકીલ ઉપલબ્ધ કરાવવાનો પ્રસ્તાવ મૂકવો જરૂરી છે. આ કેસમાં અદાલતે આરોપીને વકીલની સેવા ઉપલબ્ધ કરાવી ન હતી અને તેના વિરુદ્ધ ફૈંસલો આપ્યો હતો. સુપ્રિમ કોર્ટ દ્વારા એવું ઠરાવાયું કે ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલી સમગ્ર કાર્યવાહી ગેરબંધારણીય છે.

પોવેલ વિ. અલબામા રાજય[183] ના કેસમાં સુપ્રિમ કોર્ટે ૧૪માં બંધારણીય સુધારાનું વિશ્લેષણ કરીને ઠરાવ્યું કે યોગ્ય પ્રક્રિયામાં કાનૂની સહાયનો સમાવેશ થાય છે અને રાજયોએ કેન્દ્રની જેમ જ ગરીબ લાભાર્થીઓ માટે વકીલો રોકી આપવા જોઈએ. આ કેસમાં સાત નીગ્રો યુવકો વિરૂદ્ધ બે ગોરી છોકરીઓ પર બળાત્કાર કરવાનો આરોપ હતો. અદાલતે યુવકોના વકીલને સાંભળ્યા વિના સજા ફરમાવી હતી. સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું કે ટ્રાયલ કોર્ટની કાર્યવાહી ગેરબંધારણીય છે કારણ કે કાયદાની યોગ્ય પ્રક્રિયાનું હનન થયું છે.

ગીડીયન વિ. વેનરાઈટ (૧૯૬૩)[184] ના કેસમાં, જેની વિગત નીચે મુજબ છે. ૩ જુલાઈ ૧૯૬૧ ની મધ્યરાત્રીથી સવારના ૮ વાગ્યા સુધીમાં હાર્બર પુલ રૂમ, પનામા સીટી, ફ્લોરિવમાં એક લૂંટ થઈ હતી. આ લૂંટમાં એક બારી તુટેલી જણાઈ હતી અને સીગારેટ મશીન અને jukebox તુટેલા હતા. સાક્ષી દ્વારા એવું જણાવવામાં આવ્યું હતું કે કલૉરેન્સ એલ ગિડીયનને એ પુલ રૂમમાં વહેલી સવારે જોયો હતો. ગીડીયન જયારે મળી આવ્યો ત્યારે તેની પાસે તેના ખીસ્સામાં થોડી પરચૂરણ રકમ

[183] Qzie Powell and others v. State of Alabama 51 287 U.S.45 (1932)

[184] Gideon v. Wainwright 52 372 U.S. 335 (1969)

હતી. પોલીસે તેના ધરપકડ કરી. તેઓએ તેના ઉપર પુલરૂમમાં દાખલ થવાનો તેમજ તોડવાનો આરોપ મૂકયો.

ગીડીયન જે વકીલ રોકવાને સમર્થ ન હતો. જયારે તે ફલોરીડા કોર્ટમાં ટ્રાયલ માટે રજૂ થયો, ત્યારે તેણે ન્યાયાધિશને એક વકીલ રોકવામાટેની ભલામણ કરી. ગીડીયને કોર્ટ સમક્ષ દલીલ કરતાં જણાવ્યું કે છઠ્ઠા સુધારા અંતંગત દરેક વ્યકિત વકીલ મેળવવાને હકદાર છે. ન્યાયાધિશ દ્વારા તેની માંગણી અને તેને નકારવામાં આવી.

અસાધારણ કે વિશેષ સંજોગો સિવાય રાજયે, ગરીબ વ્યકિત માટે વકીલ પુરો પાડવાનો હોતો નથી. ગીડીયનને તેની જાતે જ કેસનું પ્રતિનિધિત્વ કરવા પર છોડવામાં આવ્યો. તે કેટલીક કાનૂની પ્રક્રિયાઓ જાણતો હતો કારણ કે તેની આ અગાઉ પણ ઘણીવાર ધરપકડ કરાઈ હતી. પરંતુ તે પોતાનો બચાવ કરવામાં ઉણો ઉતર્યો. દા.ત. તેની સાક્ષીઓની પસંદગી અસામાન્ય હતી, જે પોલીસ તેની ધરપકડ કરી હતી તેને જ તેણે તેના વતી સાક્ષી આપવા બોલાવ્યો હતો, સાક્ષીઓની તપાસની આવડત તેનામાં ઓછી હતી. આ બધા કારણોને લીધે તેને પોતાનો કેસ રજુ કરવામાં મુશ્કેલી પડી.

ગીડીયન, તેમા દાખલ થવા હતા, તોડવા તેમજ લૂંટના ગુના માટે દોષિત ઠર્યો. જે ફલોરીડામાં એક ગંભીર ગુનો હતો.તેને ફલોરીડા રાજયની જેલમાં પાંચવર્ષ માટેની સજા થઈ. આ દરમ્યાન તેણે જેલની લાયબ્રેરીમાંથી કાયદાનો અભ્યાસ કર્યો અને કોર્ટ દ્વારા કાઉન્સેલને નીમવાની પોતાની માન્યતાને સુસ્થાપિત કરી. આ સાથે, તેણે ફલોરિડાની સુપ્રિમ કોર્ટમાં હેબિયસ કોપર્સ કરી રીટપીટીશન ફાઈલ કરી, તેની ગેરકાયદેસર અટકાયત થઈ છે, તેથી તેને મુકત કરવો એ બાબતની પીટીશન નકારવામાં આવી, પરંતુ ગીડીયને સતત પ્રયાસ ચાલુ રાખ્યા જેલના સેલમાંથી તેણે યુનાઈટેડ સ્ટેટસની સુપ્રિમ કોર્ટને જાતે લખેલી એક અરજી કરીને પોતાનો કેસ સાંભળવાની અરજ કરી. કોર્ટે તેના કેસને ફાર્મા પોપરીસ અથવા તો અકિંચન અંતર્ગત

કેસ ફાઈલ કરવાનું જણાવ્યું અને આ અરજી સાંભળ્યાબાદ, તેઓ કેસ સાંભળવવા સંમત થયા.

જયારે યુનાઈટેડ સ્ટેટસની સુપ્રિમ કોર્ટ આ કેસ સાંભળવા સંમત થઈ ત્યારે, એ કારણથી કે "કોઈ ખાસ તથ્યો કે પક્ષકારોને સંડોવ્યા સિવાય, આ કેસમાં એટલા પ્રશ્નો ઉપસ્થિત થયા છે કે જે મહત્વના છે અને તેનું નિરાકરણ લાવવું એ અત્યંત અગત્યનું છે ન્યાયાધિશો ગીડીયન કેસની બાબતો કે ગુણદોષને કારણે નહિ પરંતુ ગરીબ વ્યકિતઓ કે જે જેના પર આરોપ લાગ્યો છે તેમને ફોજદારી ટ્રાયલમાં મફત વકીલ પ્રાપ્ત થઈ શકે કે કેમ, ૧૯૪૨ના એક કેસ બ્રેટસ વિ. બ્રાડીમાં જણાવ્યા મુજબ અકિંચન પક્ષકાર જો અસમાન્ય સંજોગો ધરાવતો હોય તો રાજયે વકીલની સેવા પુરી પાડવી જોઈએ. આવા સંજોગો ઉપરાંત અટપટા તહોમત, ગરીબી ઉપરાંત અજ્ઞાનતા તેમને આવી સેવા પુરી પાડવા માટે પ્રોત્સાહિત કરે છે. ગીડીયને જોકે આવા વિશેષ સંજોગો દર્શાવ્યા નહતા. પરંતુ કોર્ટે તેના વતી તે તારવી કાઢયા હતા.

યુનાઈટેડસ્ટેટસની સુપ્રિમ કોર્ટે બંને પક્ષકારોને દલીલ કરી હતી કે, શું બ્રેટસ વિ. બ્રાડીને ઓવરરૂલ (ઉલટાવવા) કરવા જોઈએ ?

આ કેસમાં વિચારાધીન પ્રશ્નો નીચે મુજબ હતા.

(૧) ગીડીયન સામે શું આક્ષેપો કે તહોમત હતા ?

(૨) શું ગીડીયન પોતાની જાતે બચાવ કરી શકે તેટલો સક્ષમ જણાતો હતો ? શું કોઈ વકીલે તેને મદદ કરી હતી. ? જો હા, તો કેવી રીતે ?

(૩) ગીડીયન દ્વારા યુનાઈટેડ સ્ટેટસની સુપ્રિમ કોર્ટમાં કરાયેલ પીટીશનમાં એવું ખાસ શું હતું ?

(૪) શા માટે યુનાઈટેડ સ્ટેટસની સુપ્રિમ કોર્ટ ગીડીયનનો કેસ સાંભળવા તૈયાર થઈ?

આ કેસમાં પહેલીવાર કાનૂની સહાયને બંધારણીય અધિકાર તરીકે પ્રસ્થાપિત કરાઈ. અમેરિકન સુપ્રિમ કોર્ટ દ્વારા એવું કહેવામાં આવ્યું કે અમેરિકન બંધારણના છટ્ઠા સુધારા અંતર્ગત દરેક વ્યકિતને વકીલ રોકવાનો તથા તેની મદદ મેળવવાનો અધિકાર છે. કેન્દ્ર સરકારની જેમ જ રાજય પણ ૧૪માં બંધારણીય સુધારણા અનુસાર કાનૂની સહાયતા આપવા માટે બંધાયેલું છે. કાનૂની સહાયના ઈતિહાસમાં ગીડીયન કેસનું એક આગવું ઐતિહાસિક મહત્વ છે.[185]

મસીહ વિ. યુ. એસ.[186] ના કેસમાં ગીડીયનમાં પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતને વધુ વ્યાપક અર્થ આપવામાં આવ્યો અને અદાલતોને આદેશ અપાયા કે કાનૂની સહાયતા ન્યાયિક કાર્યવાહી પૂર્વે, પૂછપરછ દરમ્યાન વગેરે કાર્યવાહીમાં પણ મળવી જોઈએ. એટલે કે વ્યકિતની ધરપકડથી શરૂ કરીને સજા સુધીની દરેક કાર્યવાહીમાં કાનૂની સહાય આપવી અનિવાર્ય છે. કાનૂની સહાય દરેક પ્રકારની ફોજદારી બાબતોમાં આપવામાં આવી છે. અપીલની બાબતમાં પણ આરોપીનો અધિકાર છે કે તે કાનૂની સહાય મેળવી શકે છે. [187] જો કે અમેરિકામાં કાયદાકીય ક્ષેત્રે જેટલી સમસ્યાઓ  મધ્યમ વર્ગ ભોગવે છે તેવી હવે ગરીબોને પડતી નથી. કાનૂની સહાયના માધ્યમો દ્વારા ગરીબ લાભાર્થીને બહુ જ રાહત પ્રાપ્ત થાય છે. [188]

## ૨.૩.૩ કેનેડા

કેનેડામાં કાયદાના વ્યવસાય દ્વારા કાનૂની સહાય કાર્યક્રમના સંચાલનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવામાં આવી છે. ઓન્ટોરીયો યોજના અંતર્ગત કાનૂની સહાયની એક વિશિષ્ટ યોજના તૈયાર કરવામાં આવી. આ યોજના લૉ સોસાયટીના

---

[185] Silvestin,the Continueing impact Gideon v. Wainwright on the States,51. A.B. A.J.1023(1965).

[186] Massiah v. U.S. 377 U. S. 201 (1964).

[187] Sweden v. Bestluck, 386 U.S. 258, 1967.

[188] Illiot Chithen, a lawyer when needed legal services for the poor, 63 Columbia Law Report, 973 (1963).

સુચિત કાર્યક્રમ ધ્વારા કાર્યાન્વિત કરવામાં આવી આ યોજનામાં એવી જોગવાઈ હતી કે જો કોઈ વ્યકિત કાનૂની કાર્યવાહીમાં થવાવાળા ખર્ચમાં જો કોઈ યોગદાન કરે તો તેના માટે તેને મનપસંદ વકીલ રોકી શકાતો હતો. ઈ.સ.૧૯૫૧માં કાનૂની સહાયને, કાનૂની રીતે માન્યતા આપવામાં આવી. કેનેડામાં, ઓન્ટારીયો લીગલ એઈડ પ્લાન, ૧૯૬૭ પ્રજાને સર્વગ્રાહી સ્વરૂપની સેવાઓ પુરી પાડતો હતો. મૂળભૂત રીતે ઓન્ટારીનો પ્લાન, લીગલ એઈડ એન્ડ એડવાઈઝડ એકટ, ૧૯૪૯ પર આધારીત હતો.[189]

આ પ્લાન દ્વારા મૂળભૂત માળખામાં પરિવર્તન લાવીને લૉ સોસાયટીની રચના કરીને, તેના કર્મચારીઓને નીચી આવક ધરાવતાં સમાજના વિસ્તારોમાં ઓફિસ ચલાવવાની શરૂ કરવાની છૂટ આપવામાં આવી. જો કે આ પ્લાન તેના ખ્યાલમાં તથા અમલીકરણમાં રહેલી કેટલીક ખામીઓના કારણે ટીકા પાત્ર બન્યો.[190]

જો કે આ પ્લાનમાં રહેલી ખામીનું, લીગલ એઈડ ટાસ્ટફોર્સ દ્વારા પૃથ્થકરણ કરવામાં આવ્યું. ઓન્ટારીયોમાં સૌ પ્રથમ ધારાકીય લીગલ એઈડ પલાન લૉ એમેડમેન્ટ એકટ, ૧૯૫૭ હતો. જેના દ્વારા પ્રાંતિય સરકારો, લૉ સોસાયટી મારફત મફત સેવાઓ પુરી પાડતી હતી.ત્યારબાદ ઈ.સ. ૧૯૮૭માં કાનૂની સહાય અંગે એક અધિનિયમ ઘડવામાં આવ્યો.

## ૨.૪ અન્ય દેશો

કાનૂની સહાયનો ખ્યાલ ૧૯ મી કે ૨૦ મી સદીનો ખ્યાલ છે, કે લોકશાહી, પ્રજાસત્તાકોમાં રાજયોમાં જ અસ્તિત્વ ધરાવે છે, તેવું નથી.

પ્રાચીન યુગમાં પણ ગરીબોને કાનૂની સહાય આપવાની ભાવના તથા પદ્ધતિ પ્રચલિત હતી. આજના વધુ વૈજ્ઞાનિક અને પ્રગતિશીલ યુગમાં આ ખ્યાલ વધુ

---

189 Roma Mukharjee; Women, Law and Free Legal Aid, (1988), Deep& Deep Publication, New Delhi.

190 Public Interest Litigation,Legal Aid and Lok Adalats; Dr.Mamta Rao;Eastern Book Co, Delhi (2004) (Second ed.), p.347.

સ્પષ્ટ, પ્રબળ, અને વિકસિત થયેલ છે. આજ આપણે જેને કલ્યાણ રાજય કહીએ છીએ તેના અગાઉના પ્રાચીન રાજયો પોલીસ રાજયો ગણાતા હતાં જેમાં રાજયની જવાબદારી માત્ર કાયદો અને વ્યવસ્થા પૂરતી જ મર્યાદિત હતી. પ્રજાનું બાહ્ય આક્રમણથી રક્ષણ તથા કરવેરા ઉઘરાવવા તેમાં વ્યકિતની દરિદ્રતા કે અન્યાયપ્રાપ્તિની અસમર્થતા, કે જેને આજે આપણે જેટલું મહત્વ આપીએ છીએ તેટલું મહત્વ ન અપાયું હોય છતાં કયાંક પરોક્ષ અને કયાંક પ્રત્યક્ષ રીતે, એ પ્રાચીન રાષ્ટ્રોના ન્યાયના વ્યવહારોમાં તેને સ્થાન હતું અને લગભગ બધાં જ રાષ્ટ્રો આ પ્રશ્ન પ્રત્યે ખુબ સજાગ હોય તેવું દેખાય છે, આ સંદર્ભમાં કેટલાંક રાષ્ટ્રો વિશે વિચારીએ.

## ૨.૪(૧) રોમ

રોમ અને યુરોપીય સંસ્કૃતિ પ્રાચીનતમ ગણાય છે અને રોમન લૉ એ જૂનામાં જૂનો કાયદો કહેવાય છે. તેમાં અત્યારની કાનૂની પદ્ધતિના મૂળ જોઈ શકાય છે સદીઓ પહેલાં ત્યાં પણ આ કાનૂની સહાયની ભાવનાના અંશ દેખાય છે. પ્રાચીન રોમન કાનૂની પ્રક્રિયા અને રોમન પ્રજાસત્તાકમાં કાનૂની સહાય અને કાનૂની સેવાઓ ગરીબોને પહોંચે તેવા રાખવા પ્રયત્ન થયા હતા.[191] એ યુગમાં ગરીબો, દુર્બળો અને અસમર્થ પ્રજાજનો એક "સંરક્ષક" અગર પ્રબળ આશ્રયદાતાની છે. છાયામાં રહેતા અને તેની સાથે સંયુકત રહેતા, એ આશ્રયદાતા તેમની સુરક્ષા કરતો આવા સંરક્ષક અગર આશ્રયદાતા "પેટ્રોન" કહેવાતા જેની આશ્રિતો સેવા કરતા. આ સેવા અને રાજયકીય ટેકો જે આ ગરીબો તરફથી મળતો તેના બદલામાં આ સંરક્ષક આશ્રયદાતા અર્થાત "પેટ્રોન" તેમની મુશ્કેલીઓમાં અને ખાસ કરીને અદાલતી કાર્યવાહીમાં તેમની સહાય અને સુરક્ષા કરતો. તેમાં આશ્રિતોના સંદર્ભમાં આ આશ્રયદાતાની ફરજો

---

[191] Cappelleti, Towards Equal justice : A comparative study of Legal Aid in Modern societies, oceana Publication, INO (1975) p.6

મર્યાદિત નહોતી, અને માત્ર કાનૂની સહાય જ નહિ પણ કાનૂનેતર સહાય પણ આશ્રયદાતા (પેટ્રોન) પોતાના આશ્રિતોને આપતો. આ રીતને કલાયન્ટ પદ્ધતિ કહેતા અને આ પ્રથાથી ગરીબો તથા અસમર્થોને કાનૂની સમસ્યાઓમાં સહાય, બચાવ અને સુરક્ષા મળતી.

## ૨.૪(૨) આર્જેન્ટિના :

આર્જેન્ટિનામાં રાજય દ્વારા કાનૂની સહાય કાર્યક્રમ આયોજીત થાય છે અને આ કાર્યક્રમ "The officina De Assistancia Legal" શ્રમ અને સામાજીક કલ્યાણ મંત્રાલય તરફથી ન્યાય મંત્રાલયના સહયોગથી આયોજીત કરવામાં આવે છે. કાનૂની સહાય આપતી વખતે વ્યકિતની આર્થિક સ્થિતિને પણ ધ્યાનમાં રાખવામાં આવે છે. અરજદારે કાનૂની સહાય મેળવવા પોલીસ સ્ટેશનની વેલ્ફેર એજન્સી દ્વારા " State of Poverty" નું સર્ટિ. મેળવવું પડે છે. આમ અરજદારે પોતાની આવક, તેના પોતાના તથા ઘર માટે પર્યાપ્ત નથી તેવું બતાવવું પડે છે. [192] ફોજદારી બાબતોમાં આરોપીને બધાજ પ્રકારના લાભ આપવામાં છુટ આપવામાં આવે છે. જયારે દિવાની કેસોમાં, પાછળથી જો તે પૈસા ચુકવવા સમર્થ બને તો ખર્ચ પાછો લેવામાં આવે છે. કાનૂની સહાય આપતા વકીલોને તેમની સેવા બદલ મહેનતાણું મળે છે. આર્જેન્ટિનાનાં કાનૂની વ્યવસાય સાથે સંકળાયેલ એસોસીએશન દ્વારા પણ કાનૂની સહાય આપવામાં આવે છે. તથા રેડીયો, સમાચાર પત્ર, યુનિવર્સિટીઝ વગેરે દ્વારા મફત કાનૂની સલાહ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓ દ્વારા પણ કાનૂની સહાય કાર્યક્રમોમાં સક્રિય રૂપે ભાગ લેવામાં આવે છે.

## ૨.૪(૩) અલ્જીરીયા :

અલ્જીરીયા, ૧૯૬૨માં ફ્રાન્સ શાસન માંથી મુકત થયું હતું.

---

[192] Supra note 3, p.29

ઈ.સ. ૧૯૬૬માં કાનૂની સહાય સબંધી એક નિયમ ઘડવામાં આવ્યો હતો દિવાની તેમજ અપરાધી બન્ને બાબતોમાં કાનૂની સહાયની સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. ન્યાયાધિશોની સેવાનો અઠવાડિક રૂપે ઉપયોગ થાય છે. ન્યાયતંત્ર, સરકારી અધિકારીઓ અને વકીલો અરજદારની અરજીની ચકાસણી કરે છે. ફોજદારી બાબતમાં, દરેક આરોપી કાનૂની સહાય, હકના રૂપે મેળવવા હકદાર છે.

## ૨.૪(૪) ઓસ્ટ્રેલિયા :

ઓસ્ટ્રેલિયામાં કાનૂની સહાય આપવા માટે ઘણા કાયદાઓ બનાવવામાં આવ્યા છે. ટ્રેડ યુનિયન, સામાજીક, લોક કલ્યાણકારી સંસ્થાઓ વગેરેના માધ્યમથકી કાનૂની સહાય આંદોલન ચલાવવામાં આવ્યું હતું. અત્યારે ઓસ્ટ્રેલિયામાં નજીવી ફી ઉપર કાનૂની સહાય પુરી પાડવામાં આવે છે. આવા બાબતોમાં સરકાર અને ગરીબ વ્યકિત બન્ને ભેગા મળીને કાનૂની કાર્યવાહીનો ખર્ચ ભોગવે છે સને ૧૯૩૬માં ગરીબ વ્યકિતઓ માટે કાનૂની સહાય કાર્યક્રમ ઘડવામાં આવ્યો. જુદી જુદી જગ્યાઓ ઉપર કાનૂની સહાય ખોલવામાં આવ્યા. કેટલાક રાજયોમાં કાનૂની સહાય સબંધી વિશેષ કાયદાઓ પણ ઘડવામાં આવ્યા.[193] વિકટોરીયા યોજના અંતર્ગત એવા લોકોના માટે પણ કાનૂની સહાય શરૂ કરવામાં આવી કે જેની પાસે આવકના સાધનો તો હતા પરંતુ અપરીયાપ્ત આવક હતી. આ અધિનિયમના અંતર્ગત કાનૂની સહાય કાર્યક્રમ ચલાવવા માટે એક કમીશન સ્થાપવામાં આવ્યું. ઓસ્ટ્રેલિયામાં કોમ્યુનીટી લીગલ સેન્ટર કાનૂની સહાય આપવામાં મહત્વપૂર્ણ ભૂમીકા ભજવી રહયું છે. કાનૂની સલાહ ત્યાંનાં વર્તમાનપત્રો દ્વારા તથા રેડિયોમાં 'ટૉક–બેક' કાર્યક્રમ હેઠળ પણ પૂરી પડાય છે.

---

[193] New South wales : Legal Practioners ( Legal Aid) Act 1970.

[194]દક્ષિણ ઓસ્ટેલિયાની રાજય સરકાર, પુઅર પર્સન્સ લિગલ આસીસ્ટન્ટ એકટ, ૧૯૩૬ અંતર્ગત કાનૂની સહાય પૂરી પાડે છે. બીજા રાજયોને પણ કાનૂની સહાય માટેના અધિનિયમો છે. [195]

અરજદાર દ્વારા નીચે મુજબની જરૂરિયાતો સંતોષાતી હોવી જોઈએ.

૧. જે કેસ કે બાબતોમાં કાનૂની સહાય પ્રાપ્ત થતી હોય, તે શ્રેણીમાં તેનો કેસ આવવો જોઈએ.

૨. તે તેના મિન્સ ટેસ્ટ ( ધોરણો ) માં આવતો હોવો જોઈએ .

૩. તેનો કેસ કાનૂની સહાયને યોગ્ય હોવો જોઈએ.

કાનૂની સહાય અંગેનું ફંડ નીચે મુજબના સ્ત્રોતમાંથી પ્રાપ્ત થાય છે.

૧. સોલીસીટર જનરલના ટ્રસ્ટ એકાઉન્ટમાંથી

૨. ફી દ્વારા

૩. ફાળા દ્વારા

૪. વ્યવસાય દ્વારા

૫. સરકાર દ્વારા

## ૨.૪(૫) ડેનમાર્ક :

ડેનમાર્કમાં કેસ અદાલતમાં આવે તે પૂર્વે અને તે પછી પણ કાનૂની સહાય આપવામાં આવે છે.સામાન્ય રીતે કાનૂની સહાયનો અર્થ અદાલતમાં મળવાવાળી સહાયથી કરવામાં આવે છે. કાનૂની સહાય આપતા પૂર્વે કેસની ગંભીરતા

---

[194] See the Report of the preparatory committee for Legal Aid Scheme, Government of M.P. 1965, published by M. P. Legal Aid and Advice Board, Bhopal, Ed (1988) 22.

[195] New South wales : Legal Practioners (Legal Aid) Act 1970. Queensland : Legal Assistance Act, 1964-65; South Australia; Legal Pa\ractioners (Amendment) Act, 1969; Tasmania : Legal Assistance Act. 1962; Victoria: Legal Act, 1969; Western Australia: Legal Contribution Trust Act, 1967; Legal Assistance Rules, 1971.

તથા યથાયોગ્યતાને ધ્યાનમાં રાખવામાં આવે છે. કાનૂની સહાયતાની પાત્રતા અંગે એક આર્થિક માપદંડ પણ સ્વિકારવામાં આવ્યો છે.  જે અનુસાર જે વ્યકિતની ટેક્ષેબલ આવક ૨૫,૦૦૦ ડેવિસ ક્રાઉનથી વધવીના જોઈએ. કાનૂની સહાયતામાં કોર્ટ ફીમાંથી મુકિત, વકીલની નિમણુંક તથા રાજય દ્વારા કરાતા અન્ય ખર્ચાનો સમાવેશ થાય છે. ડેન્માર્કમાં બે ખ્યાલ પ્રચલિત છે એક ફ્રી  પ્રોસેસ અને બીજો કાનૂની સહાયનો ફ્રી પ્રોસેસ લગભગ દોઢ દાયકાથી અસ્તિત્વમાં છે જે કાર્યવાહીની કિંમત ને લગતો છે, જયારે કાનૂની સહાયનો અર્થ અદાલતોમાં અપાતી સહાયથી થાય છે.

## ૨.૪(૬)  ચીલી :

ચીલી રાજયમાં રાષ્ટ્રિય સ્તરપર કાનૂની સહાય કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેનું સંચાલન ચીલી બાર એસોસીએશન (Colegio de Abogados) દ્વારા કરવામાં આવે છે. ન્યાયમંત્રાલય દ્વારા આ કાર્ય માટે યોગ્ય નાણાકીય વ્યવસ્થા કરવામાં આવે છે. કાનૂની સહાયની પાત્રતા અંગે કોઈ માપદંડ નથી. સામાજીક કાર્યકર્તાઓ ગરીબ વ્યકિતઓના ઘરે જાય છે અને તેમના ઘરની પરિસ્થિતિ જોઈને તેમને કાનૂની સહાય પુરી પાડે છે. કાનૂની સહાય પુરી પાડવામાં પુર્ણ સમયકાલીન, વેતન પ્રાપ્ત વકીલો કાર્ય કરે છે. યુનિર્વસીટીઓમાં પણ કાનૂની સહાયતા કેન્દ્ર ખોલવામાં આવ્યા છે.

## ૨.૪(૭)  કોલંબીયા :

કોલંબીયામાં રાષ્ટ્રિય સ્તર ઉપર ન્યાયમંત્રાલય ધ્વારા કાનૂની સહાય કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. જેને abogados para probress (Lawyers for the poor) 1971 થી ઓળખાય છે કાર્યક્રમનું સંચાલન એક નિર્દેશક અને પંદર

પૂર્ણ સમયના સ્ટાફ એટર્નીઓ દ્વારા કરવામાં આવે છે. [196] યુનિર્વસીટીઓમાં કાયદાના વિદ્યાર્થીઓ કાનૂની સહાય કેન્દ્ર થકી, કાનૂની સહાય યોજનાને કાર્યન્વિત કરવામાં સહયોગ કરવામાં આવે છે. ચોથા અને પાંચમાં વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કાનૂની સહાય આપવા માટે અદાલતોમાં ઉપસ્થિત રહે છે.

## ૨.૪(૮) સ્કોટલેન્ડઃ

સ્કોટલેન્ડમાં સૌ પ્રથમ ૧૯૨૪ માં ગરીબ આરોપી માટે વકીલની નિમણુંક કરવા માટે કાનૂની સહાય શરૂ કરવામાં આવી હતી. ફોજદારી બાબતોમાં, ગરીબ વ્યકિતનો વકીલનો ખર્ચ, સાર્વજનીક ફંડમાંથી આપવામાં આવે છે. કાનૂની સહાયની સાથે સાથે લોકોને મફત કાનૂની સલાહ પણ આપવામાં આવે છે. [197]

## ૨.૪(૯) ફિનલેન્ડ :

ફિનલેન્ડમાં સાર્વજનિક કાનૂની સહાય તથા મફત કાર્યવાહીની વ્યવસ્થા છે. ઈ.સ.૧૯૭૩ માં કાનૂની સહાય અને મફત કાર્યવાહી અંગેનો કાયદો પસાર કરવામાં આવ્યો "ધિ એકટ ઓન પીબ્લક પ્રોવિઝન ઓફ લિગલ એઈડ" અને "ધિ ફ્રી પ્રોસેસ એકટ" કાનૂની સહાય પરના બે મુખ્ય અધિનિયમો છે. કાનૂની સહાય લગભગ બધાજ પ્રકારની બાબતોમાં મળે છે તથા લાભાર્થીએ પોતાની આવક અંગેની સ્થિતિ સ્પષ્ટ કરવી પડે છે. કાનૂની સહાય સમિતિ ન્યાયમંત્રાલયના આધિન કાર્ય કરે છે.

## ૨.૪(૧૦) ફ્રાન્સ :

ફ્રાન્સમાં કાનૂની સહાય યોજના બ્રિટીશ કાનૂની સહાય યોજના ઉપર આધારીત છે. કાનૂની સહાય ફકત તેના માટે પાત્ર વ્યકિતઓને જ આપવામાં આવે છે.

---

[196] W.R. Wade; Annual surrey of Commonwealth Law, 1972, Butterworth (ed. 1973), 558.

[197] Sheehan A.V.; Criminal procedure in Scotland and France, Her Majestu's Stationary office, Glasgow (1975), 107.

તથા આ અંગેની સુવિધા ફકત યોગ્ય બાબતોમાં જ આપવામાં આવે છે. સહાય માટેની અરજી તેના સ્થાનિક સરકારી અધિકારી સમક્ષ કરવામાં આવે છે. બીનજરૂરી બાબતોમાં કે જયાં કાનૂની સહાયનો દુરઉપયોગ થઈ રહયો છે, ત્યાં આવી સહાયને પાછી ખેંચી લેવાની જોગવાઈ છે. ફ્રાન્સમાં કાનૂની સહાય એક વ્યવસ્થિત અને સંગઠીત રીતે પૂરી પાડવામાં આવે છે. વકીલો દ્વારા પણ પોતાની રીતે મફત કાનૂની સહાય પુરી પાડવામાં આવે છે. વ્યકિત દ્વારા કંઈક ફી ચુકવવાથી તેમને પોતાના પસંદગીના વકીલ મળી રહે છે. વકીલગણ સાર્વજનિક સેવા અને ફરજના રૂપમાં તેમની આ સેવાઓ આપે છે.

## ૨.૪(૧૧) ફેડરલ રિપબ્લીક ઓફ જર્મની :

ઈ.સ.૧૯૨૩ સુધી વકીલ દ્વારા પોતાની જાતે કાનૂની સહાય પુરી પાડવામાં આવતી હતી. અત્યારે સરકાર, અદાલતો દ્વારા કાનૂની સહાય આપે છે. કાનૂની સહાય ફકત આર્થિક દ્રષ્ટિએ કમજોર વ્યકિતને જ આપવામાં આવે છે. નીચલી અદાલત દ્વારા કાનૂની સેવા ન આપવા વખતે, ઉચ્ચ અદાલતમાં અપીલ કરવાની પણ જોગવાઈ છે. કામદાર સંઘ પણ કાનૂની સહાય આપે છે. જર્મનીમાં કાનૂની વીમા અંગેની પણ જોગવાઈ છે.

## ૨.૪(૧૨) હોંગકોંગ :

હોંગકોંગમાં સિંગાપુરની જેવીજ કાનૂની સહાયની યોજના છે. દિવાની બાબતોમાં ઈ.સ. ૧૯૬૬ માં બનેલા અધિનિયમ અંતર્ગત કાનૂની સહાય આપવામાં આવે છે. કાનૂની સલાહ માટે કોઈ જોગવાઈ નથી કાનૂની સહાય ફકત અમુક નિશ્ચિત આવકવાળી વ્યકિતઓને જ આપવામાં આવે છે. ફોજદારી બાબતોમાં મુખ્ય ન્યાયાધીશ દ્વારા કાનૂની સહાય આપવામાં આવે છે. કાનૂની વ્યવસાય દ્વારા પણ કાનૂની સહાય

યોજનામાં તેમનું યોગદાન આપવામાં આવે છે. અને જુદી જુદી જગ્યાએ કાનૂની સહાય બ્યુરો સ્થાપવામાં આવ્યા છે.

## ૨.૪(૧૩) ઈન્ડોનેશીયા :

ઈન્ડોનેશીયામાં કાનૂની સહાય સીમિત રૂપમાં આપવામાં આવે છે. દિવાની બાબતોમાં ગરીબ વ્યકિતને કોર્ટ ફી માંથી મુકિત આપવામાં આવે છે. ગંભીર અપરાધિક બાબતોમાં સરકાર દ્વારા વકીલની નિમણુંક કરવામાં આવે છે. કાયદાના શિક્ષક તથા વિદ્યાર્થીઓ કાનૂની સલાહ કેન્દ્રના માધ્યમ થકી પોતાની સેવાઓ આપે છે.

## ૨.૪(૧૪) ઈટાલી :

ઈટાલીમાં રાજય કાનૂની સહાય યોજના નથી. ઈટાલીમાં સંયોગીક (કેસની ફી પર આધારિત) અંગેની પદ્ધતિ પ્રચલીત છે, વકીલ ગરીબ વ્યકિત સાથે એવો કરાર કરીલે છે કે જે, તેમના કેસ અંગે, અદાલતમાં કેસ જીતવા બદલ તેને જે ધન (વળતર) મળશે, તેમાંથી કેટલોક હિસ્સો ફીના રૂપમાં તે લઈ લેશે. આવી વ્યવસ્થા ફકત રોમન વિધિમાં જ જોવા મળે છે. સંયોગીક ફી અંગેની જોગવાઈને કારણે ત્યાં કાનૂની સહાય યોજના પ્રભાવી થઈ શકી નથી. ખાનગી, ધાર્મિક, સખાવતી અને સામાજીક સંસ્થાઓ દ્વારા ઉપરાંત વીમા કંપની, મજુર યુનિયન અને રાજકીય પક્ષો દ્વારા પણ કાનૂની સહાય પુરી પાડવામાં આવે છે.

## ૨.૪(૧૫) જાપાન :

જાપાનના બંધારણમાં સમાનતા તથા શરીરના તથા સ્વાતંત્ર્યના અધિકારોને માન્યતા મળેલી છે. તે કારણે આવા બંધારણીય જોગવાઈઓ (આર્ટિ ૧૪, પેરા ૧)ને અંતર્ગત કાનૂની સહાય આપવામાં આવે છે. ઈ.સ. ૧૯૫૨ માં જાપાનમાં ધિ જાપાનીસ લીગલ એઈડ સોસાયટી (Ninon-Horistu Fujo Kyotai) નામથી કાનૂની સહાય સંગઠન રચવામાં આવ્યુ, જેના અંતર્ગત જાપાન ફેડરેશન ઓફ બાર

એસોસીએશન અને સ્થાનિક બાર એસોસીએશન દ્વારા કાનૂની સહાય પ્રદાન કરાઈ રહી છે. ધિ જાપાન લીગલ એઈડ એસોસીએશન દ્વારા કાનૂની સહાય મેળવવા માટે આર્થિક યોગ્યતાનું ધોરણ નકકી કરવામાં આવ્યું છે. [198]

## ૨.૪(૧૬) કોરીયા :

કોરીયામાં ઈ.સ. ૧૯૫૩ પછી બનેલી જુદી જુદી યોજનાઓ અંતર્ગત કાનૂની સહાય આપવામાં આવે છે. કાયદાના વ્યવસાયો દ્વારા પણ આ યોજનાના કાર્યન્વિતકરણમાં મહત્વની ભૂમિકા છે. ઈ.સ. ૧૯૭૨ થી કાનૂની સહાય કાર્યક્રમ ન્યાયમંત્રાલયના અંતર્ગત યોજવામાં આવે છે. દિવાની બાબતોમાં કાનૂની સહાય અમુક નિશ્ચિત આર્થિક સાધનોવાળી વ્યકિતઓને જ આપવામાં આવે છે.

## ૨.૪(૧૭) મલેશીયા :

મલેશીયામાં કાનૂની સહાય આપવા માટે ઈ.સ. ૧૯૭૧ માં કાનૂની સહાય અધિનિયમ ઘડવામાં આવ્યો તથા દિવાની અને ફોજદારી બંન્ને બાબતોમાં કાનૂની સહાય આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

## ૨.૪(૧૮) મેકિસકો :

મેકિસકોના ૧૯૫૭ના બંધારણમાં ઘણા પ્રકારના અધિકારો સ્વતંત્ર ન્યાયપ્રણાલી અને ન્યાય મેળવવાના અધિકારના સંદર્ભે આપવામાં આવ્યા છે. જેમાનો એક અધિકાર ન્યાય સુધી પહોંચવાનો છે. અનુચ્છેદ ૧૭, કાનૂની સહાય યોજનાથી પ્રત્યક્ષરીતે સબંધ ધરાવે છે. કાનૂની વ્યવસાયકો દ્વારા આ ક્ષેત્રમાં જોઈએ તેટલો અભિરૂચી તથા ઉમળકો ગરીબ લોકો માટે જણાઈ આવતો નથી. [199]

---

[198] Hideo Tanaka, The Japanese Legal Sustem, University of Tokyo press (1978) 185.

[199] Report on Justice Going to Law (1974) quoted in Report of preparation Committee for Legal Aid Scheme, Government of Madhya Pradesh, 1975 at 61.

## ૨.૪(૧૯) નેધરલેન્ડ :

નેધરલેન્ડમાં કાનૂની સહાયની શરૂઆત ઈ.સ.૧૯૧૭માં શરૂઆત થઈ હતી. અંગ્રેજી પદ્ધતિની જેમજ અહીંયા પણ લાભાર્થીની આર્થિક પરિસ્થિતિ તથા બાબતોની યોગ્યતાને ધ્યાનમાં રાખવામાં આવે છે.

## ૨.૪(૨૦) નોર્વે :

નોર્વેમાં બે પ્રકારે, જરૂરીયાત મંદ વ્યકિતઓને કાનૂની સહાય આપવમાં આવે છે. ન્યાયાલયની બહાર મફત સલાહ આપવામાં આવે છે. તથા ન્યાયાલયમાં કેસના વિલંબીકરણ ઉપર, તેના માટે વકીલની નિમણુંક કરવાની પણ જોગવાઈ છે. કાનૂની સહાય અંગેનો કાર્યભાર ન્યાયમંત્રાલય પાસે છે. કેસ સબંધી વીમા યોજના અંગેની પણ જોગવાઈ છે.

## ૨.૪(૨૧) પેરૂ :

અહીંયા દિવાની તથા અપરાધી બાબતોમાં કાનૂની સહાય આપવમાં આવે છે. જે વ્યકિતની આવક નકકી કરેલી સીમા કરતા ઓછી હોય તેને કાનૂની સહાય યોજનાનો લાભ મળે જો કે પેરૂમાં કાનૂની સહાય સબંધી કોઈ વ્યાપક યોજના નથી.

## ૨.૪(૨૨) ફીલીપાઈન્સ :

ફીલીપાઈન્સમાં અદાલતોના નિયમો તેમજ બંધારણને આધીન દિવાની તથા અપરાધી બંન્ને બાબતોમાં કાનૂની સહાય આપવામાં આવે છે. ફીલીપાઈન્સમાં સ્વૈચ્છિક સંગઠનોની પણ અગત્યની ભૂમિકાઓ છે.

## ૨.૪(૨૩) પોલેન્ડ :

પોલેન્ડમાં કાનૂની સહાય થકી કોર્ટ ફીમાંથી મુકિત પુરી પાડવામાં આવે છે. જે વ્યકિતની પાસે વકીલની નિમણુંક કરવા અંગેના પર્યાપ્ત સાધનો ન હોય તેની કોર્ટ

ફી માફ કરવામાં આવે છે.

## ૨.૪(૨૪) સ્પેન :

સ્પેનમાં દિવાની પ્રક્રિયા અધિનિયમ, ૧૯૭૦ અંતર્ગત દિવાની બાબતોમાં કાનૂની સહાય આપવામાં આવે છે. ત્યાં મજુર ક્ષેત્રમાં કામ કરવાવાળા વકીલોની કાનૂની સહાય પુરી પાડવામાં સક્રીય ભાગીદારી છે.

## ૨.૪(૨૫) થાઈલેન્ડ :

થાઈલેન્ડમાં પણ દિવાની કાર્યવાહી સંહીતાને અંતર્ગત ગરીબ વ્યકિતને કોર્ટ ફી આપવામાંથી છુટ આપવામાં આવી છે. કાનૂની સહાય અને સલાહ આપવામાં ખાનગી સંગઠનો સક્રિય ભૂમીકા ભજવી રહયા છે.

## ૨.૪(૨૬) શ્રીલંકા :

શ્રીલંકામાં કાનૂની સહાયની યોજના વ્યાપક રીતે પ્રચલીત છે. બધોજ કાર્યક્રમ ઈનકોર્પોરેટેડ લૉ સોસાયટી, સીલોંગની દેખરેખમાં આયોજીત થાય છે. સરકાર દ્વારા આ સોસાયટીને આર્થિક સહાય પ્રાપ્ત થાય છે. શ્રીલંકાની કાનૂની સહાય યોજના મોટેભાગે ઈંગ્લેન્ડની યોજના પર આધારીત છે.

## ૨.૪(૨૭) સ્વીડન :

સ્વીડનમાં ઈ.સ. ૧૯૭૨ માં કાનૂની સહાય અધિનિયમ ઘડવામાં આવ્યો કાનૂની સહાયની સંસ્થાઓ સાર્વજનિક કાનૂની કાર્યાલયના રૂપમાં માન્યતા પ્રાપ્ત કરી છે આ કાર્યાલય સરકારી એજન્સીના રૂપમાં કાર્ય કરે છે. કાનૂની સહાય સબંધી વિશિષ્ટ નિયમો પણ બનાવવામાં આવ્યા છે. સ્વીડનનું બાર એસોસીએશન પણ કાનૂની સહાય આપવાને માટે દ્રૃઢ સંકલ્પરત છે.

## ૨.૪(૨૮) આંતરરાષ્ટ્રિય કાનૂની સહાય ડીરેકટરી [200]

આંતરરાષ્ટ્રિય બાર એસોસીએશન એજયુકેશન ટ્રસ્ટ ૧૯૮૫ એ કાનૂની સહાય ડીરેકટરી  પ્રકાશિત કરી છે જેમાં એવા બધા દેશોના નામ જાહેર કરવામાં આવ્યા છે. કે જેમાં કાનૂની સહાય આપવાની જોગવાઈ છે તેમાંના મુખ્ય દેશ નીચે મુજબ છે.

ઓસ્ટ્રેલિયા

અંગોલા

આર્જેન્ટીના

ઓસ્ટ્રીયા

બહેરીન

બારબાડોઝ

બેલ્જીયમ

બ્રાઝિલ

બ્રિટીશવર્જીન આઈલેન્ડ

બ્રુનો

બલ્ગેરીયા

કેનેડા

ચીલી

કોલમ્બીયા

સાઈપ્રસ

ઝેકોસ્લેવીયા

---

[200] International Directory of Legal Aid Published by International Bar Association Educational Trust, Sweet and Maxwell Ltd. London (1985) C.3.

ડેનમાર્ક

આર્યલેન્ડ

ઈંગ્લેન્ડ

ફીનલેન્ડ

ફ્રાન્સ

ગ્વાટેમાલા

હોંગકોંગ

હંગેરી

ભારત

ઈઝરાયલ

જાપાન

જોર્ડન

કેન્યા

નેપાલ

મોઝામ્બીક

નેધરલેન્ડ

ન્યુઝીલેન્ડ

નાઈઝીરીયા

નોર્વે

ઓમાન

પનામા

પેરુગ્વે

પોર્ટુગલ

ફીલીપાઈન્સ

સ્કોટલેન્ડ

સિંગાપુર

સાઉથ આફ્રિકા

સ્પેન

શ્રીલંકા

સુદાન

સ્વીડન

સ્વીટ્ઝરલેન્ડ

તાન્જાનીયા

ટ્રીનીદાદ

તુર્કી

અમેરીકા

જર્મની

ઝામ્બિયા

રશિયા

ઝિમ્બાબ્વે... વગેરે

## ૨.૫ ભારત

કાનૂની સહાયના ઐતિહાસિક વિકાસના વ્યવસ્થિત અભ્યાસ માટે આપણે તેના ઐતિહાસિક મૂળને ભારતના સંદર્ભમાં ચકાસવા જરૂરી છે. કાનૂની સહાયનો ખ્યાલ માનવીય સંસ્કૃતિના આગમનની સાથે જ પૃથ્વી પર અસ્તિત્વમાં આવ્યો

છે. સમગ્ર વિશ્વ એક કુટુંબ છે અને મહાશકિતમાન ઈશ્વર તેના રચિયતા છે જેનો ઉલ્લેખ સંસ્કૃતમાં વેદના શ્લોક 'વસુધૈવ કુટુંબકમ' માં નિર્દેશિત થાય છે. જીવન અંગેનું તત્વજ્ઞાન સહઅસ્તિત્વમાંથી ઉત્પન્ન થાય છે, તેવા નૈતિક મૂલ્યો પર આધારિત સમગ્ર માનવીય વર્તણુકનું નિયમન થતું હોવાનો પણ નિર્દેશ ભારતના સાંસ્કૃતિક વારસામાં જોવા મળે છે. ધાર્મિક આદેશો પ્રજા જીવનમાં સ્વીકૃતિ પામ્યા હતા. કોઈપણ વ્યકિતને બીજી વ્યકિતની મહેનતમાંથી અયોગ્ય લાભ લેવા દેવામાં આવતો ન હતો. આમ સમગ્ર જીવન ઓછું ગુંચવાડાભર્યું, સ્વચ્છ અને સહઅસ્તિત્વના ખ્યાલ પર આધારિત હતું.[201] પ્રાચીન યુગમાં, ભારતમાં રાજા કર ઉઘરાવતો હતો અને પ્રજાને શાંતિ, સુરક્ષા તથા ન્યાયનું પ્રદાન કરતો હતો.[202] જીવન અને ધર્મ એક બીજા સાથે અત્યંત ગાઢ રીતે વણાયેલા હતા. ધર્મગ્રંથો અને શાસ્ત્રોમાંથી માનવીય વર્તણુંકના નિયમો મળી રહેતા હતા. સામાજિક નીતિ નિયમો માટેભાગે સ્વયંસ્ફૂરિત હતા. જેના થકી માનવવર્તણૂકનું નિયમન અને નિયંત્રણ થતું હતું. જયારે કોઈ વ્યકિત તરફથી ચલિત થવાથી અથવા કોઈ વિવાદ ઉપસ્થિત થતો ત્યારે, વડીલ જ્ઞાનીજનો તરત જ તેમાં હસ્તક્ષેપ કરીને તેનો યથા યોગ્ય ઉકેલ લાવવામાં આવતો હતો. આ વ્યવસ્થા પદ્ધતિ પંચ તરીકે ઓળખાઈ. જેમાં પાંચ વ્યકિતઓનું એક મંડળ હતું. મોટે ભાગે વડીલ, જ્ઞાની અને ડહાપણ ધરાવતી વ્યકિતઓ તેમાં સામેલ હતી. સમયની સાથે આવા અનેક મંડળો અસ્તિત્વમાં આવ્યા. જેમાંના કેટલાક જરૂરીયાતના પ્રસંગે ન્યાય તોળતા. ન્યાય આપવાનું કાર્ય મોટે ભાગે રૂઢિ–રીત રિવાજ પર આધારિત હતું અને તેનો અભિગમ સુલેહ–સંપ માટે રહેતો. પંચના પ્રતિનિધિઓ જે કંઈ ચૂકાદો આપતા તેને સ્વીકારવામાં આવતો હતો અને આ પ્રતિનિધિ ઈશ્વરના પ્રતિનિધિ તરીકેનું સ્થાન ધરાવતા હતા. પ્રાચીન ભારતમાં

201 Government of India, Alternative Dispute Resolution, A paper by the Govt. of India for meeting of Common Wealth Law Minsiters at Christ Church, Newzealand from 233-27 April, 1990, published in the legal Aid Newsletter, New Delhi, May-August 1990 p.13.

202 Birendra Nath, judicial Administration in Ancient India (1979) at 27.

સામાજિક તકરાર નિવારણ માટેની આ વિશિષ્ટ પદ્ધતિ અસ્તિત્વમાં આવી. આના પર આધારિત પંચાયત પ્રણાલિ અસ્તિત્વમાં આવી જે વર્તમાન આધુનિક યુગમાં ચાલું રહી છે.[203]

જો કે હાલમાં જોવા મળતો કાનૂની સહાયનો ઉદય ભારતની ભૂમિ ઉપર અદાલતોની પ્રણાલિ, વકીલોના આગમન સાથે અને કોર્ટ ફીની સાથે થયો છે. જો કે તેના મૂળ માનવીમાં રહેલી પ્રતિશોધાત્મક સ્વાભાવિક વૃત્તિને આધારિત છે.[204]

## ૨.૫.૧ વૈદિક–કૌટિલ્ય–મુસ્લિમ–બ્રિટિશ સમયમાં

## ૨.૫.૧(૧) વૈદિક યુગ

ભારતમાં વેદને દરેક પ્રકારના જ્ઞાનના મુખ્ય સ્ત્રોત અને માપદંડ તરીકે ઓળખવામાં આવે છે. જેનું રહસ્ય કે ઉત્પત્તિ દેવાએ કરી હોવાનું માનવામાં આવે છે. જો કે તેની ઉત્પત્તિના સમયગાળા અંગે બહુ ચોકકસ માહિતી પ્રાપ્ત નથી. કેટલાકના મતે તે ૬ હજાર વર્ષ પૂર્વેના છે.[205] તો કેટલાક તેને ઈ.સ. પૂર્વે ૧૮૦૦ ના સમયગાળા પહેલાંના માને છે.[206] પ્રાચીન ભારતીય પૂરાણોમાં રાજયસત્તા અને રાજયશાસન વિનાના સમાજ અંગે પણ નિરૂપણ થયેલું છે.[207] ભારતીય ઈતિહાસમાં આ સમયગાળામાં જીવન ગ્રામ્યવિસ્તારમાં વસતુ હતુ અને અત્યંત સરળ હતું. આ દરમ્યાન વ્યકિત અને સમાજમાં ધર્મનું પ્રબળ વર્ચસ્વ હતું. જેના આધારિત લોકો શોષણમુકત અને સમૃદ્ધ જીવન જીવતા હતા. સમાજમાં દરેક વ્યકિતનો ગૌરવપૂર્ણ દરજજો હતો. જ્ઞાતિ પદ્ધતિ આ સમયગાળા દરમ્યાન તેના પરિપકવ સ્વરૂપમાં વિકસિત થઈ ન

---

203 Chhabra K. S. Quantom of Punishment in Criminal Law in India, Punjab University, Chanidgarh, 1990, pp.42-42

204 Hegal, Studies in Hegelian Cosmology, Quoted by Ewing, A.C. The Morality of Punishment. p.73

205 Paper by Govt. of India.

206 Sankalia B.D. Prehistory and Protohistory in India and Pakistan, Introduction, p.xxi

207 C.P. Ramaswamy Ayer, Some Aspect of Social and Politcal Evolution in India in S.K. De, The Cultral Heritage of India (1969) vol. ii at 497

હતી.[208] વૈદિક સમયગાળા દરમયાન લોકોનું સમગ્ર જીવન ધર્મ આધારિત હતું.' કોઈને ઈજા કરવી નહી અને જેનું જે છે, તે તેને આપવું' તેવા નૈતિક સિદ્ધાંતોનું લોકો પાલન કરતા હતા. આ સમયગાળામાં કાનૂની સહાયની જાણે કે જરૂરીયાત જ ન હતી. વેદિક યુગમાં રાજા કરવેરા ઉઘરાવતો અને તેના બદલે તે ન્યાયાધીશની પણ ફરજ બજાવતો હતો.[209] ધાર્મિક ગ્રુણ અનુસાર રાજા જે ન્યાયિક સત્તા ભોગવતો હતો તે કાળ ક્રમે રાજાએ રચેલા ન્યાયના વહિવટ કરવા અંગેના તંત્ર પાસે આવી જે સભા અને સમિતિઓમાં રચાયેલી હતી.[210] જેમાં જ્ઞાની અને અનુભવી પ્રધાનો (આમાત્યો) તથા કાયદા નિષ્ણાતોની સહાય થકી રાજા ન્યાયનું પ્રદાન કરતો. કૌટિલ્ય અને બ્રહસ્પતિ અનુસાર, 'રાજા, વિવાદોના નિર્ણય, સહાયક વગર ન કરી શકે અને આ સહાયકો રૂગ્વેદના જ્ઞાતા એવા વિદ્વાનો હોવા જોઈએ.[211] મુખ્ય ન્યાયાધીશને પ્રદવિવાક કહેવાતા.[212] કાળાતંરે રાજાએ પોતાની ન્યાયિક સત્તા, પ્રતિનિધિને સોંપી. પ્રતિનિધિત્વથી આવી ન્યાયિક સત્તા પ્રાપ્ત કરનાર 'રાજન્ય' કે 'અધ્યક્ષ' કહેવાયા.[213]આમ છતાં સામાજિક રીતિ રીવાજો અને વ્યહારમાં ધર્મ આધારિત ખ્યાલ જરૂરિયાતમંદોને સહાય કરવી જોઈએ તેનો સ્વીકાર થયેલો હતો. ચાર વેદો પૈકીનો ઋગવેદમાં કાનૂની સહાય કે સામાજિક સહાયને લગતી કેટલીક જોગવાઈઓ જણાતી હતી. ઋગવેદના પ્રકારણ–૧ના ૩૬ માં અને ૪૨ માં શ્લોકમાં[214]લોકોને રાક્ષસ અને હિંસક વ્યકિતઓથી બચાવવા માટે અત્યંત ભાર મૂકાયો હતો. આ અંગે લોકોની

---

208 Sharma, Subhashsingh, Jurisprudence of Industrial Relation in India, A.B.S. Publication, Jalandhar, 1993,p.18

209 Rigved IV 4.3 VII 89..5

210 Atharvaved 4.22.3.5, 8.9.16

211 Sharma S.D. Administration of Justice in Ancient India (1988) at 170.

212 Manu Smriti, Chapter VII.1

213 Majmoodar R.C. , The History and Culture of the Indian people, the Vedic Age (1965) Vol.1 at 494.

214 Singh Govind, Hindi translation of important parts of Rigveda, Sadhana pocket book, New Delhi, 1992 pp 31 & 36.

ટોળીઓ ઉપરાંત આર્થિક મદદ કરવાની પણ જોગવાઈ હતી. જે વ્યકિતઓ આ પ્રકારના હુમલાથી ત્રસ્ત હોય કે ભયભીત હોય તેઓને રક્ષણ આપવું અને દાન ધર્મ દ્વારા મદદ કરવી તેવું જણાવાયું હતું. પ્રકરણ–૩ના ૫૮ના શ્લોકમાં હિંસાનો અંત લાવવા પરનું અજ્ઞાન દૂર કરવા માટે ભાર મૂકાયો છે.[215] આ પ્રકરણના, શ્લોક ૧૦૩માં એવો નિર્દેશ કરાયો છે કે જે કોઈ આ હેતુ માટે દાન કરે તેઓનું દેવતાઓ રક્ષણ કરે છે તેવું જણાવાયું છે.[216] સમાજમાં 'મત્સ્ય ન્યાય' પ્રવર્તતો હતો તે થકી દુર્બળોનું શોષણ અને બળવાનોનું પોષણ થતું હતું.[217]આ સમયગાળામાં ભારતમાં સામાજિક ન્યાય પ્રવર્તતો હતો. જ્ઞાતિ પદ્ધતિ તેના ચૂસ્ત સ્વરૂપમાં અમલી બનતા સામાજિક વિઘટન અને તેના કારણે વ્યકિતઓ અને સમાજમાં વંચિતપણું અસ્તિત્વમાં આવ્યું. આમ છતાં, ગરીબો અને વંચિતો પ્રત્યે તેમ જ નબળા વર્ગો અને સમાજના ઉચ્ચવર્ગના દમનનો ભોગ બનેલાઓ પ્રત્યે એક પ્રકારની સહાનુભૂતિની લાગણી પ્રર્વતતી હતી. ગરીબ વ્યકિત પણ સમાજ જીવનનો એક મહત્વનું અંગ ગણાતી. ધર્મ આધારિત ફરજોએ આ પ્રકારના સંબંધોને બહુ જ ગાઢ અને અખંડ બનાવ્યા. પૈસાપાત્ર અને બળવાન લોકો દ્વારા આવી વ્યકિતઓને સહાય કરાતી હતી. આ સમયગાળા દરમ્યાન ભારતીય સમાજમાં સ્ત્રીઓ અને બાળકોનો વિશિષ્ઠ માન મરતબો હતો અને તેઓનું સમાજ દ્વારા જતન અને રક્ષણ થાય તેવી આશા રાખવામાં આવતી હતી. ન્યાય આપવાના નિયમો ખૂબજ સરળ હતા. ઝડપી અને વાસ્તવિક ન્યાય થતો હતો અને તે પણ નજીવી રકમ લીધાં સિવાય. આ સમયગાળા દરમ્યાન ઉત્તમ નૈતિક અને વૈચારિક મૂલ્યોના કારણે કાનૂની સહાયની જરૂરીયાત જણાઈ ન હતી.[218]

---

215 Ibid p.248.
216 Ibid p.296.
217 Vandana Nagar, Kingship in Shukara-Niti (1985) at 26.
218 Supra note56, p.77 & 78.

## ૨.૫.૧ (૨) કૌટિલ્યનો સમયગાળો

કૌટિલ્યના સમયગાળા દરમ્યાન બુદ્ધની વિચારસરણીઓનો પ્રભાવ ઘટવાની શરૂઆત થઈ હતી. તેથી સમાજ ફરી પાછો વૈદિક યુગના પ્રભાવમાં જવા માંડયો હતો. પરંતુ બુદ્ધના સમયગાળા દરમ્યાન થયેલા વિકાસ  કે પ્રગતિએ સમાજમાં બહુ મોટો ભાગ ભજવ્યો હતો. આ સમયગાળા દરમ્યાન સામાજિક સંઘાન અને ધર્મ એ સામાજિક આદર્શો તરીકે ઉપસી આવ્યા. સમાજના બિન સાંપ્રદાયિકરૂપનો અનુભવ થવા માંડયો અને સમાજની સંલગ્નતા વધુ પ્રબળ બની અને તેમાંથી ભારતીય સમાજના વિવિધ વર્ગો વચ્ચે પરિતૃપ્તિ કે સંતોષની ભાવના ફેલાવી. પ્રાચીન ભારતીય ઈતિહાસની વિધિ સિમાંસામાં આ સુવર્ણયુગ તરીકે ઓળખાય છે.[219]આ સમયગાળા દરમયાન નયાયનું વિતરણ અદાલતો દ્વારા થતું હતું.[220] ન્યાયની કાર્યવાહી મનસ્વી ન થાય તે માટે સભા અને સમિતિ હતા. કૌટિલ્યના જણાવ્યા મુજબ દરેક ગામ એ પ્રોફેકટ (નાગરકા ) હકુમત હેઠળ હતું.[221] કૌટિલ્યના અર્થશાસ્ત્ર પ્રમાણે બે પ્રકારની ન્યાય વ્યવસ્થા હતી.

૧. ધર્મ સ્થીય અથવા દિવાની અદાલત

૨. કંટક શોધન અથવા ફોજદારી અદાલત

અને તે ઉપરાંત બીજી લોક અદાલતોનું પણ અસ્તિત્વ હતું.[222]

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં જણાવ્યા મુજબ રાજય ક્ષેત્ર નીચે મુજબના ચાર વહિવટી વિભાગોમાં વહેંચાયેલું હતું.

૧. સ્તમયે – જે ૮૦૦ ગામડાઓમાં પ્રસ્થાપિત થયું હતું.

૨. દ્રોણમુખા – જે ૪૦૦ ગામડાઓનું કેન્દ્રબિંદુ હતું.

૩. ખારવાટિકા – જે ૨૦૦ ગામડાઓનું કેન્દ્રબિંદુ હતું.

---

[219] Joshi S.N., Programme and Movement of Legal Aid to poor, AIR ( Journal ) 1981, p.37
[220] Supra note56,p.78
[221] Kautilya, Arth Shastra, Chapter II, p.36
[222] Supra note 128,p.170.

૪. સંગ્રહણા – જે ૧૦ ગામડાઓનું કેન્દ્રબિંદુ હતું.

સ્થાનિય એ ૮૦૦ ગામડાઓની મધ્યમાં આવેલો દુર્ગ કે કિલ્લો હતો. આ દરેક એકમોની વચ્ચે અને જિલ્લા(જનપદ)ના સ્થળોએ કાયદાની અદાલતો તેઓના નાગરિકોના વિવાદો ઉકેલવા સ્થપાયેલી હતી.[223] આ સમયગાળા દરમયાન પુરાવાઓ રજૂ કરવાની પદ્ધતિ અસ્તિત્વમાં હતી. સામાન્ય રીતે પૂરાવાઓ મુખ્યત્વે દસ્તાવેજ, સાક્ષીઓ અને આરોપમાં સંડોવતી વસ્તુઓનો કબજો ધરાવવો તે પૈકીના એક કે તેથી વધુ સ્રોત પર આધારિત હતો.[224]ગુના બદલ સજા ફરમાવતી વખતે તે ગુનાના વ્યાપ અને ઈરાદાને ધ્યાનમાં લેવાતો હતો. આ ઉપરાંત ગુનાના સમય અને સ્થળને તેમજ સંજોગોને તથા ગુનો કરનારની ઉંમર, સામાજિક અને આર્થિક પરિસ્થિતિ પણ ધ્યાનમાં લેવાતી હતી. રીઢા ગુનેગારોને વધુ કડક શિક્ષા કરાતી હતી. કૌટિલ્યના સમયગાળા દરમયાન ન્યાયના વિતરણ અંગે અદાલતી પ્રણાલિની ઉપસ્થિતિ અને વિધિ મિમાંસાના સિદ્ધાંતોનો વિકાસ જોવા મળે છે.[225]પરંતુ કોર્ટ ફી સંસ્થાઓ અને વકીલોની અનઉપસ્થિતિમાં કાનૂની સહાયની કોઈ ખાસ જરૂર જણાઈ ન હતી.

## ૨.૫.૧ (૩) મુસ્લિમ સમયગાળો :

મુસ્લિમ શાસકોએ ભારતની ભૂમિ ઉપર આઠમી સદીમાં પગદંડો જમાવવાનું શરૂ કર્યું. ઈ.સ. ૭૧૨ માં મહમંદ બીન કાસિમના આક્રમણથી ભાતમાં મુસ્લિમ શાસનની શરૂઆત થઈ તેમ માનવામાં આવે છે. પરંતુ ખરેખર મુસ્લિમ સમયગાળાની શરૂઆત ૧૧મી સદીથી થઈ હોવાનું કહેવાય છે.[226] ૧૧મી સદીમાં અંત

---

[223] Fleet, J. W. Introductory Note on Kautilya's Arth Shahstra (translated by Sham Shastri) (4th Edition) Mysore, 1951. p.5.

[224] Kulshrestha V.D.,Land Marks in Indian Legal and Constitutional History, Eastern Book Co., Lucknow, 1984 p. 8.

[225] Supra note 56, p.79.

[226] Supra note141, p.8.

અને ૧૨મી સદીના પ્રારંભ સાથે હિન્દુ સંસ્કૃતિનું અધઃપતન શરૂ થયું.[227] મુસ્લિમ શાસકોએ હિંન્દુ પ્રજાના પ્રશ્નોમાં, તેમની પ્રથાઓમાં તથા કાયદામાં બહુ જવલ્લેજ હસ્તક્ષેપ કર્યો છે, અને ન્યાયતંત્ર લગભગ જેવું હતુ તેવું જ હિન્દુ ધર્મ–સિદ્ધાંત પર આધારિત રહેવા દીધું હતું.[228]

મુસ્લિમોની સમગ્ર સામાજિક પ્રણાલિ ઈસ્લામ ધર્મ પર આધારિત હતી. જે સાતમી સદીમાં પ્રચલિત આરબ પ્રણાલિ પર આધારિત હતી.[229]તે બગદાદની ખિલાફતના નમૂના પ્રમાણેની હતી, જેમાં કાળક્રમે ભારતના વાતાવરણ મુજબ આવશ્યક ફેરફારો થયા હતા.[230]મુસ્લિમોએ મનુષ્યો માટે સમાનતાનો સિદ્ધાંત સ્વીકાર્યો હતો. તેઓને સ્તરીય જ્ઞાતિ પ્રણાલિમાં વિશ્વાસ ન હતો. મુસ્લિમ ધર્મ દરેક મનુષ્યને ઈશ્વર સમક્ષ કોઈપણ જાતના ભેદભાવ વગર સમાન ગણે છે. ભારતમાં મુસ્લિમ રાજા પોતાની જાતને પ્રભુનો આજ્ઞાંકિત સેવક ગણતો હતો.[231]મુસ્લિમ કાયદાનું અર્થઘટન કાયદાનું મુળ સ્ત્રોત ગણાતા ધર્મ ગ્રંથ કુરાન પર હતું. મુસ્લિમ મુખ્યત્વે બે શાખામાં વહેંચાયેલા હતા. જેમાં શિયા અને સુન્ની.

અલ્લાઉદ્દીન ખિલજીએ બિન મુસ્લિમો કોઈ હકનું પ્રતિપાદન ન કરી શકે તેવી માન્યતા ધરાવતો હતો. જયારે ફિરોજશાહ એવું જાહેર કર્યુ હતું કે ભારત એ મુસ્લિમ દેશ છે.[232] આ પ્રકારના સામાજિક અને રાજકીય વહિવટના વિશાળ પરિવર્તનના કારણે મુસ્લિમ સમયગાળાનો વિસ્તુત અભ્યાસ કરવો અને પદ્ધતિસરનું

---

[227] Ghoshal U. N. Studies in Indian History & Cultural, Chapter XVIII, p.353.
[228] S. K. De, The Cultural Heritage of India (1996) vol. II at 441.
[229] Ahmed S. Maqbul, Islam And Midevial and Modern Societies, Translation of the Indian Institute of Advance Studies, Vol.1 1965 pp.132 to 236.
[230] R. C. Majumdar, The History and culture of the Indian people : The Mughal Empire (1974), Vol. VII at 545.
[231] Supra note 56, p. 80.
[232] Kulshreshtha, Quoting the History and Culture of the Indian people, The Delhi Sultanat, Bhartiya Vidya Bhavan, Vol.VI p.104.

વિશ્લેષણ કરવું મહત્વનું બની જાય છે. મધ્યકાલિન મુસ્લિમ સમયગાળા દરમયાન ભારતની ન્યાયિક પ્રણાલિને બે ભાગોમાં વહેંચી શકાયેલી જોવા મળે છે.

૧. દિલ્હીની સલ્તનત

૨. મોગલ સમયગાળો

આ સમયગાળા વચ્ચેનો ન્યાયિક સુધારાઓનો સેતુ શેરશાહ દ્વારા બાંધવામાં આવ્યો.[233] દિલ્હીના સુલતાનનો ગાળો ૧૨૦૬ થી ૧૫૨૬ સુધીનો જોવા મળે છે. આ સમયગાળા દરમ્યાન સુલતાન કે જે રાજયોનો વડો હતો અને પોતાના રાજયમાં ન્યાયના વહિવટનો પણ સૂત્રધાર હતો. ન્યાયનો વહિવટ કરવાનું કામ સુલતાનનું સૌથી મહત્વનું કાર્ય હતું. જે તેના નામે નીચે જણાવેલા ત્રણ હેસિયતથી થતું હતું.

૧. લવાદી તરીકે દિવાન–એ–કજા (Diwan-i-Qaza) તરીકે ન્યાયનું વિતરણ કરતો

૨. દિવાન–એ–મુઝાલિમ (Diwan-i-Mazalim) તરીકે વહિવટી વડા તરીકે ન્યાયનો વહિવટ કરતો અને

૩. દિવાન–એ–શિયાસત (Diwan-i-Shiyasat) દ્વારા તેના લશ્કરી વડા તરીકે બળવાખોરો અને ગંભીર ગુનાઓને લગતી બાબતોનો નયાય કરતો હતો. અપરાધિક બાબતોને લગતા પ્રવર્તનમાં તેનો એકાધિકાર રહેતો. જો કે મૃત્યુ દંડની સજા ફરમાવતા અગાઉ અદાલતોએ રાજાની પરવાનગી લેવી જરૂરી હતી. [234]

---

[233] Supra note 56, p. 81

[234] Supra note141,Supra Note p. 22.

ભારતીય ઈતિહાસના આ સમયગાળા દરમયાન શ્રેણીબદ્ધ અદાલતોની શ્રૃંખલા તેના વહિવટી વિભાગો પર આધારિત જોવા મળતી હતી. જુદા જુદા પ્રાંતો, પરગણાઓ અને જિલ્લાઓ અને ગ્રામ્ય સ્તરની ઉપર ઉચ્ચ અદાલતનું અસ્તિત્વ રહેતું હતું. ઉચ્ચ અદાલત રાજધાનીમાં રહેતી.[235]

ભારતીય ઈતિહાસના મુસ્લિમ સમયગાળા દરમ્યાન મોગલ સમયગાળા લોધી સુલતાનના અંત અને બાબરના વિજય સાથે ૧૫૨૬માં શરૂ થયો અને ૧૭૫૦ સુધી અસ્તિત્વમાં રહ્યો.[236]આ સમયગાળા દરમયાન સુલતાને જણાવેલી ન્યાયિક પદ્ધતિમાં કોઈ ખાસ નોંધપાત્ર ફેરફારો ન હતા. રાજા કે ન્યાયતંત્રનો સર્વોચ્ચ વડો હતો. તેણે ન્યાયના યોગ્ય વિતરણના હેતુસર ન્યાયનું એક વિશેષ અલગ તંત્ર–મોહકમા–એઅદાલત (Mahukma-e-adalat) સ્થાપ્યું. દિવાની, ફોજદારી અને મહેસુલને લગતા કેસો ઉચ્ચ અદાલતો ઉપરાંત પ્રાંત, પરગણા અને જિલ્લાની અદાલતો દ્વારા નકકી થતાં હતા. આમ અદાલતોનું વ્યસ્થિત વર્ગીકરણ, તેઓની સુયોગ્ય કરાયેલી સત્તાઓ વગેરે આ સમયગાળા દરમયાન અસ્તિત્વમાં આવી. અદાલતોએ સુયોગ્ય રીતે સ્થપાયેલા બે મુસ્લિમ ધારાઓ–ફિકહ–એ–ફિરોજશાહી (Fiqh-e-Firozshahi) અને ફતવાઅએ–આલમગીરી (Fatwa-in-Alamgiri)ને સ્વીકાર્યા.[237] આ સમયગાળા દરમયાન દાવા અરજીનો ખ્યાલ, લેખિત પૂરાવા, સાક્ષીઓની ઉલટ તપાસ અને ખૂલ્લી અદાલતોમાં ન્યાયનું વિતરણ જેવા ખ્યાલ અસ્તિત્વમાં આવ્યા. મુસ્લિમ કાયદા અંતર્ગત પ્રતિરોધ અને પૂર્વનિર્ણિતવાદના સિદ્ધાંતો પ્રચલિત થયા.[238]

---

[235] Ahmed M. B., The Administration of Justice in Medvial India pp.104-25.

[236] Supra note 56, p. 82.

[237] Supra note 152, pp.143.188.

[238] Supra note 141, Supra Note p. 31-33.

જો કે અદાલતી પદ્ધતિના વિકાસની સાથે પ્રક્રિયાત્મક પદ્ધતિ અપનાવવાની સાથે પૂરાવાના નિયમોની જોગવાઈના કારણે ન્યાયનો વહિવટ પ્રમાણમાં ગુંચવાડાભર્યો બન્યો. એટલે વકીલ દ્વારા કેસની રજૂઆત જરૂરી બની. જે કાયદાનો જાણકાર અદાલત સમક્ષ હાજર થાય તે વકીલ તરીકે ઓળખાયો.

અદાલતી પ્રક્રિયા વકીલની ફી વગેરેના કારણે ખર્ચાળ બની. કાઝી અને વકીલો માટે કાયદાનું વિશિષ્ઠ જ્ઞાન જરૂરી ગણાયું આમ ભારતીય ઈતિહાસના મધ્યકાલિન યુગમાં ન્યાયના વિતરણમાં વકીલોએ મહત્વની ભૂમિકા અદા કરી. જો કે આ સમયગાળા દરમ્યાન અત્યારે જોવા મળે છે તેવા બાર એસોસીએશન – વકીલ મંડળો હતા નહીં. 239

ગરીબ વ્યકિતઓ કે જેઓ પંચાયત દ્વારા ઝડપી અને વિના મૂલ્યે ન્યાય મેળવી શકતા હતા તેને બદલે તેઓને અદાલતોનો સંપર્ક કરવાની જરૂરીયાત ઉદભવતા તેઓએ વકીલ રોકવો અને ફી ચૂકવવી આશ્યક બની. કેટલાક વિદ્વાન લેખકો દ્વારા એવું નોંધવામાં આવ્યું છે કે શાહજહાં અને ઔરંગઝેબના રાજયમાં સરકારી વકીલોને ઉદ્દેશીને ગરીબો માટે મફત સલાહ આપવાના આદેશ અપાયા હતા.[240]આવા સરકારી વકીલોને વકીલ–એ–સરકાર(Vakil-e-Sarkar) કે વકીલ–એ–સરાઈ (Vakil-e-Sarai) તરીકે ઓળખવામાં આવતા હતા. તેઓ પૂર્ણકાલિન નિયુકત થયેલા હતા અને પ્રાંતના મુખ્ય કાઝી દ્વારા અથવા કેટલીકવાર કાઝી–ઉલ–કઝાત (Qazi-ul-Quzat) એટલે કે મુખ્ય ન્યાયાધીશ દ્વારા નિયુકત કરવામાં આવતા હતા. સમગ્રતયા એવું કહી શકાય કે ભારતીય ઈતિહાસના મોગલ સમયગાળા દરમ્યાન વકીલોની સંસ્થાના ઉદય સાથે અદાલતોની સ્થાપના સાથે અને કાનૂની કાર્યવાહી પદ્ધતિ

[239] Morelan, W.H. India at the Death of Akbar, p.35
[240] Report of the Expert Committee on Legal Aid, Processual Justice to the people, May 1973, p.43, Quoting Mohmmed Bashir, Administration of Justice in Medieval pp. 163 & 191.

અપનાવવાના કારણે કાનૂની સહાય અને સલાહનો ખ્યાલ પણ અસ્તિત્વમાં આવ્યો.[241] આ બધા જ વિકાસ ભારતીય ઈતિહાસમાં મોગલકાળમાં થયો. મોગલ સમય કાળ પછી બ્રિટિશ શાસન દરમ્યાન ન્યાયના વહિવટની પ્રણાલિ વધુ વિસ્તરવાની સાથે સાથે વધુ ગુંચવાડાભરી બની. તેથી ગરીબમાં ગરીબ અને નબળામાં નબળા વર્ગો માટે ભારતીય સમાજમાં કાનૂની સહાયની વિભાવનાને પ્રેરક બળ મળ્યું.

## ૨.૫.૧(૪) ભારતમાં કાનૂની સહાયની ઉત્પતિ અને વિકાસ

પ્રાચીન ભારતમાં કાયદો અને ધર્મ વચ્ચે કોઈ ભેદ ન હતો. ધર્મની વિરૂદ્ધ આચરણ કરનાર દંડને પાત્ર થતો. આ સમય ગાળામાં કાનૂની સહાય જેવી કોઈ અલગ વ્યવસ્થા ન હતી. નબળા અને અસહાય લોકોને પરોપકાર્થ સહાયતા મળતી હતી. જયારથી ભારતમાં ઈંગ્લીશ કાયદા પ્રણાલિ પ્રચલિત થઈ તયારથી અદાલતોમાં કાનૂની લડાઈના યુગનો પ્રારંભ થયો. ન્યાયાલયમાં બે પ્રતિદ્વંદી પક્ષકારો વકીલોના માધ્યમથી કાનૂની મલ્લયુદ્ધ કરતા હોય છે જેના કારણે નબળા વ્યકિતઓ ન્યાયથી વંચિત રહી જતા હતા. ૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયુ તે પહેલાં બ્રિટીશ શાસન દરમ્યાન કોઈપણ રાજય કે પ્રાંતમાં સ્પષ્ટ રીતે જેને કાનૂની સહાય કહી શકાય તેવી કોઈ પ્રવૃત્તિ જણાતી ન હતી.[242]

ભારતમાં કાનૂની સહાયના બીજ ઈંગ્લેન્ડમાં રચાયેલી રસકલીફ સમિતિના ભલામણો પર આધારિત હતા. જેના આધારે ઈંગ્લેન્ડમાં કાનૂની સહાય અંગેની એક વિસ્તૃત યોજના રજૂ કરાઈ હતી અને તેના પરથી કાનૂની સહાય અંગેનો કાયદો પસાર કરાયો. આ અહેવાલની પ્રેરણા લઈને ભારતમાં પણ કાનૂની સહાય યોજના શરૂ કરવાની માગણીઓ ઉઠી.

---

[241] Supra note56,p. 84
[242] League of Nation; Legal Aid to the Poor v. Legal 1927, v. 27.

૧૯૨૭માં યુનાઈટેડ નેશન્સ દ્વારા જુદા જુદા રાષ્ટ્રોમાં કાનૂની સહાયતા સંબંધી કઈ કઈ જોગવાઈઓ અસ્તિતવમાં છે તે અંગે સર્વેક્ષણ કરાયું. જેમાં એવું જણાવાયું હતું કે બ્રિટિશ ભારતમાં કાનૂની સહાય સંબંધી કોઈ જોગવાઈ ન હતી અને જે કંઈ હતી તે માત્ર નામની જ હતી.[243] ભારતમાં કાનૂની સહાયનું આંદોલન ઈંગ્લેન્ડમાં કરાયેલા વિસ્તૃત અધ્યયન રસકલીફ રીપોર્ટ પર નિર્ભર હતું.[244] બીજા વિશ્વયુદ્ધના અંત પછી ૧૯૪૬માં ઈંગ્લેન્ડમાં **લોર્ડ સાઈમને** ગરીબો અને તેમની કાનૂની સમસ્યાઓ બાબત વિસ્તૃત તપાસ કરવા "**રશફલીફ કમિટી**"[245] ની નિયુક્તિ કરી.[246] ભારતમાં કાનૂની સહાયતાના બીજ બોમ્બે લીગલ એઈડ સોસાયટીએ રોપ્યા. જે આ ક્ષેત્રે ૧૯૨૫ થી કાર્યરત હતી. તેણે ૧૯૪૫ માં બ્રિટિશ સરકારનું ધ્યાન રસકલીફ સમિતિની ભલામણો પ્રત્યે દોરીને માગણી કરી કે આવી જ કાનૂની સહાયતા અંગેની યોજના ભારતમાં શરૂ કરવી જોઈએ. પરંતુ સરકારે કોઈપણ જાતનો પ્રતિભાવ દાખવવામાં આવ્યો નહીં અને અસરકારક પગલાં પણ ભરાયા નહીં.[247]રશફલીફ કમીટિની ભલામણો ઉપરથી ૧૯૪૯માં ઈંગ્લેન્ડમાં લીગલ એઈડ એન્ડ એડવાઈસ એકટ થયો અને તેના અનુસંધાનમાં ભારતમાં ગરીબોને કાનૂની સહાયની પ્રવૃત્તિ ગતિશીલ બને એ માટે અનેક સમિતિઓની રચના થઈ અને કાનૂની સહાય માટે અનેક પરિષદો મળી. અનેક રાજયોએ કાનૂની સહાય કમીટિઓ નિયુકત કરી, કાનૂની સહાયના કાર્યક્રમના અમલ માટે તથા સુધારણા માટે સૂચનો મંગાવાયા. ભારતની કેન્દ્ર સરકારે આ સમગ્ર બાબત ભારતના લૉ કમિશનને સોંપી જેણે કાનૂની સહાય માટે અતિ મૂલ્યવાન સૂચનો કર્યા તથા સામાજિક ન્યાયને અસરકારક બનાવે તેવો કાનૂની સહાયનો

243 United Nations, Legal Aid for Poor, Part 27 (1927)
244 Coach F. E. Legal Aid for Poor and Rushcliff Report, 9 M. L. R. ( 1945)
245 Rushcliffe Committee was appointed in England by Lord Chancellor in 1944 to enquire into Legal Aid Facilities to poor in civil and criminal cases.
246 F. E. Doch, Legal Aid to the Poor and the Rushcliffe Report, 9 Mod. L.R. 58 (1945).
247 Supra note3, p.46.

કાર્યક્રમ પણ સૂચવ્યો. આ સૂચનોના આધારે દિવાની કાર્યવાહી ધારા તથા ફોજદારી કાર્યવાહી ધારામાં પણ જરૂરી સુધારાઓ થયા. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી કેન્દ્ર સરકારે વિવિધ રાજય સરકારોને કાનૂની સહાય સંબંધી યોગ્ય કાર્યવાહી કરવા સૂચવાયું. રાજય સરકારોએ જણાવ્યું કે દિવાની બાબતોમાં કાનૂની સહાય અંગે પર્યાપ્ત જોવવાઈઓ છે અને આવી જ જોગવાઈઓ અપરાધિક બાબતોમાં થવી જોઈએ પરંતુ નાણાકીય મુશ્કેલીના કારણે આ દિશામાં કોઈ પગલાં ભરી શકે તેમ નથી.

## ૨.૫.૧(૫) બોમ્બે કમિટી ૧૯૪૯

ભારતમાં અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ હતી જે ગરીબો માટે કાનૂની સહાયની પ્રવૃત્તિ કરતી હતી. ૧૯૨૫ થી મુંબઈમાં "બોમ્બે લીગલ એઈડ સોસાયટી"[248] ગરીબોને કાનૂની સહાયની પ્રવૃત્તિ કરતી અને તે રીતે કાનૂની સહાયની શરૂઆત કરવાનો યશ બોમ્બે લીગલ એઈડ સોસાયટીને ફાળે જાય છે. પરંતુ તેનું કાર્યક્ષેત્ર ફકત મુંબઈ પુરતું મર્યાદિત હતું આ સોસાયટીની રજુઆત તથા ઈંગ્લેન્ડની રસકલીફ કમીટિની ભલામણો ઉપર આધાર રાખીને સૌ પ્રથમવાર બૃહદ મુંબઈ રાજય દ્વારા કાનૂની સહાયના ક્ષેત્રનો અભ્યાસ કરવા અને યોગ્ય સલાહ સૂચનો આપવા માટે ૨૩ માર્ચ ૧૯૪૯ના રોજ "કાનૂની સહાય સમિતિ" ની રચના થઈ જેના અધ્યક્ષ પદે મુંબઈ હાઈકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી એન. એચ. ભગવતીની નિમણૂંક કરવામાં આવી.[249] આ સમિતિ દ્વારા, પછાત વર્ગોને કાનૂની સહાય તથા સલાહના પ્રશ્ન બાબતે તપાસ કરવાનું કાર્ય તેમને સોંપવામાં આવ્યું જેની ભલામણો ઈંગ્લેન્ડની રસકલીફ કમીટિની

248 Harnam Street, Fort, Bombay, 1.

249 Vide Government Resolution, Legal Department No.3157, dated 23rd March,1949. The report was submitted in 1950.

ભલામણોને મળતી આવતી હતી[250]મુંબઈની સમિતિએ પોતાનો અહેવાલ ૧૯૫૦માં રજૂ કર્યો હતો જેમાં નીચે જણાવેલી ચાર સ્તરીય કાનૂની સહાય પૂરી પાડવાની ભલામણ કરાઈ હતી. [251]

૧. રાજય સ્તરે

૨. હાઈકોર્ટના સ્તરે

૩. જિલ્લા સ્તરે

૪. તાલુકા સ્તરે

સમિતિએ કાનૂની સહાય મેળવવાની પાત્રતા માટે નીચે જણાવેલા બે માપદંડ નિયત કર્યા.

૧. આર્થિક આધાર

૨. પ્રથમ દર્શનીય કેસ હોવા બાબત

કાનૂની સહાયનો ઉદ્દેશ ગરીબોને સહાયતા પૂરી પાડવાનો હતો કે જેઓની આર્થિક પરિસ્થિતિ નબળી હતી. નકકી કરેલી આર્થિક મર્યાદા ધરાવતા લોકોને કાનૂની સહાય પૂરી પાડવાની ભલામણ કરાઈ. આ સિવાય પણ સમિતિએ એવી ભલામણ કરી કે કાનૂની સહાય ફકત એવી જ બાબતોમાં આપવી જોઈએ કે જે પ્રથમ દર્શનીય રીતે બનતો હોવો જોઈએ. જેમનો કેસ બનતો હોવાની બાબત જ શંકા પ્રેરતી હોય તેવા કેસમાં કાનૂની સહાય આપવા માટે પાત્ર ગણવો જોઈએ નહીં. આ સિવાય પણ સમિતિએ કાનૂની સહાય પૂરી પાડતાં પહેલાં નીચે જણાવેલી બાબતોને ધ્યાનમાં લેવી જોઈએ.

---

[250] An outline of Legal Aid scheme as proposed by the committee on Legal Aid and Advise in State of Bombay has been given Appendix I in the XIV Report of first Law Commission, 1958, Volume 1.

[251] Report of the Committee on Legal Aid and Legal Advice in the State of Bombay (1950) p.8 para 19.

૧. તૂચ્છ અથવા નાની નાની બાબતોમાં કાનૂની સહાય ન આપવી.

૨. કાનૂની સહાયને પાત્ર વ્યકિતએ પોતાની આવકની પૂરેપૂરી વિગત આપવી અને તેના સમર્થનમાં સમાજમાં પ્રતિષ્ઠિત વ્યકિતનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૩. કાનૂની વિવાદ એકબીજાએ સંપીને મેળાપીપણાથી ઉભો કરેલો હોવો જોઈએ નહીં.

૪. જરૂર જણાય તો આવી કાનૂની સહાય રદ કરવી.

વકીલોના સંબંધિત આ સમિતિએ આ ઉપરાંત એવી ભલામણ કરી કે,

(૧) પ્રત્યેક વકીલે વર્ષે ઓછામાં ઓછા છ કેસમાં કાનૂની સહાય પૂરી પાડવી અને

(૨) જો તે તેથી વધુ કેસમાં કાનૂની સહાય આપે તો તેને તે બદલ કાનૂની સહાયના ભંડોળમાંથી વધારીની રકમ પ્રોત્સાહનરૂપે આપવી.

(૩) જો પક્ષકાર જીતે તો તેને પ્રતિવાદી પાસેથી મેળવવાપાત્ર નુકસાન વળતરમાંથી કાનૂની સહાયની રકમ કાનૂની સહાયતા ભંડોળમાં જમાં કરાવવી.

સમિતિએ આર્થિક સ્રોતનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે કાનૂની સહાયતા ભંડોળમાં કેન્દ્રિય સરકાર, રાજય સરકારો, દાન, યોગદાન, નુકસાન, વળતર વગેરે માધ્યમ દ્વારા ઉભું કરી શકાય. સમિતિએ કાનૂની સહાયના વ્યાપ અને ક્ષેત્રનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે કાનૂની સહાય વાદી, પ્રતિવાદી, આરોપી અથવા ફરિયાદી એમ જે કોઈ પાત્ર હોય તેવા પક્ષકારોને આપવી જોઈએ. આવી સહાય દરેક અદાલતમાં ઉપલબ્ધ બનાવવી જોઈએ. જેમાં,

(૧) કોર્ટ ફી,

(૨) પ્રોસેસ ફી,

(૩) સાક્ષીઓનો ખર્ચ, ભથ્થા,

(૪) પ્રમાણિત નકલો તૈયાર કરવાનો ખર્ચ,

(૫) વકીલની ફી વગેરેનો સમાવેશ થવો જોઈએ.

બોમ્બે સમિતિએ સ્વતંત્ર ભારતમાં કાનૂની સહાયના ક્ષેત્રમાં અત્યંત ઉપયોગી પગલાં સૂચવ્યા. કાનૂની સહાયતાને સામાજિક સુરક્ષાના પગલાંરૂપે પ્રસ્તુત કર્યા અને તેને વૃધ્ધાવસ્થા, પેન્શન, મફત શિક્ષણ તેમ જ ચિકિત્સા સેવાના રૂપમાં પણ પ્રાપ્ત થવી જોઈએ.[252] કેટલાક લોકો શરૂઆતમાં કાનૂની સહાયનો વિરોધ કરતા હતા. કારણ કે તેઓનું માનવું હતું કે કાનૂની સહાય પૂરી પાડવાથી અદાલતોમાં દાવાઓ અને કેસોનો વધારો થશે. મુંબઈ સમિતિએ જણાવ્યું કે કાનૂની સહાય આપવાથી દાવાઓ અને કેસો વધવાની બાબત ભ્રમણા છે. કલ્યાણલક્ષી રાજયનું કર્તવ્ય એ છે કે તે લોકો માટે સામાજિક ન્યાય પૂરો પાડે. ભય કે ભ્રમના કારણે રાજય પોતાની મૂળભૂત ફરજોના પાલનમાંથી પીછેહઠ કરી શકે નહીં.[253] ૧૯૫૨માં ભારત સરકારે રાજય સરકારોને એવો આદેશ આપ્યો કે, બધા ફોજદારી કેસો, જેમાં પાંચ વર્ષ અગર તેથી વધુ સમયની સજા થવાની શકયતા હોય, તે કેસો, તથા તેની અપીલના તહોમતદારોને કાનૂની સહાય આપવી, પણ રાજય સરકારોએ પોતાની નાણાંકીય તંગી બાબતની રજૂઆત કરી. તે પછી ફરીથી ૧૯૫૬માં ભારત સરકારે ત્રીજીવાર ગરીબોને કાનૂની કામમાં સહાયની પ્રવૃત્તિનો વ્યાપ વધારવા માટે, સૂચનો માંગ્યાં, અને એ યોજનાઓ પંચવર્ષિય યોજનાઓમાં સમાવિષ્ટ થશે એમ પણ સૂચવ્યું, પણ આવી કોઈ નાણાંકીય જવાબદારીઓ લેવા રાજયો તૈયાર ન હોતા. દુર્ભાગ્યે આ કાનૂની સહાયના પ્રશ્નને ખૂબ ગૌણ ગણવામાં આવ્યો[254]અને સામાજિક ન્યાયના પ્રબંધનું મહત્વ હજી રાજયો ૧૯૫૭ સુધી સ્વીકારવા તૈયાર નહોતાં અને તેથી તે ચળવળ જોઈએ તેટલી ગતિશીલ ન બની.

---

[252] Report of the Committee on Legal Aid and Legal Advice in the State of Bombay (1950) p.8 para 19.

[253] XIVth Report of First Law Commission (1958) Vol.1.at 594.

[254] Ibid, at 588.

## ૨.૫.૧(૬) પશ્ચિમ બંગાળ સમિતિ ૧૯૪૯

ઈ. સ. ૧૯૪૯ માં પશ્ચિમ બંગાળ સરકારે કલકત્તા હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી આર્થર ટ્રેવર હેરીસની અધ્યક્ષતામાં કાનૂની સહાય સમિતિની રચના કરી. આ સમિતિએ[255] દિવાની અને ફોજદારી બાબતોમાં કાનૂની સહાયતા સંબંધી વિવિધ પ્રસ્તાવો રજૂ કર્યા.

**૧. દિવાની બાબતો :**

દિવાની બાબતોમાં સમિતિએ એવો પ્રસ્તાવ રજૂ કર્યો કે કાનૂની સહાય વાદી તેમજ પ્રતિવાદીને મળવી જોઈએ. જે વ્યકિત પાસે પોતાના પહેરવાના કપડાં અને આવશ્યક ચીજ વસ્તુઓ સિવાય રૂા. ૨૫૦/– જ છે તેવાને જ કાનૂની સહાય મળવી જોઈએ. આવકની ગણતરી કરતી વખતે તેના પરિવારની કુલ આવકને ધ્યાનમાં લેવી જોઈએ.

**૨. અપરાધિક બાબતો :**

અપરાધિક બાબતોમાં બંગાળ સમિતિની એવું સૂચન હતું કે કાનૂની સહાય ફકત ગંભીર ગુનાઓમાં પૂરી પાડવી જોઈએ અને જયાં પોલીસની કોઈ મદદ મળતી નથી તેવા કિસ્સાઓમાં પણ કાનૂની સહાય ઉપલબ્ધ કરાવવી જોઈએ. સમિતિનું એવું પણ સૂચન હતું કે બદનક્ષી અને ચૂંટણીલક્ષી બાબતોમાં કાનૂની સહાય આપવી જોઈએ નહીં. બોમ્બે સમિતિની જેમ જ બંગાળ સમિતિએ પણ કાનૂની સહાય નીચે જણાવેલા ત્રણ સ્તરે પૂરાં પાડવાની ભલામણ કરી હતી.

(૧) હાઈકોર્ટ સ્તરે

(૨) શહેરોની અદાલતોના સ્તરે

[255] Recomondations of Harris Committee (1949).

સમિતિએ એવો પણ પ્રસ્તાવ મૂકયો હતો કે જે વ્યકિતને કાનૂની સહાય આપવામાં આવે તેની પાસેથી કોર્ટ ફી, પ્રોસેસ ફી, વગેરે લેવાં જોઈએ નહીં. કાનૂની સહાયતાને પાત્ર કાનૂની બાબતોમાં થવા પાત્ર હાથ ખર્ચાઓ પણ કાનૂની સહાયતા ભંડોળમાંથી આપવા જોઈએ. બોમ્બે સમિતિની જેમ બંગાળ સમિતિએ પણ આર્થિક આધારમાં ડીસ્પોઝેબલ ઈન્કમ અને ડિસ્પોઝેબલ કેપીટલ એવા કોઈ ભેદ રાખ્યા ન હતા.[256]આ સમિતિએ ઘણા અગત્યના પ્રસ્તાવો રજૂ કર્યા પરંતુ આર્થિક સમસ્યાના કારણે તે ભલામણો અમલમાં આવી ન હતી.[257] આમ છતાં એવું કહી શકાય કે મુંબઈ સમિતિ તેમ જ પશ્ચિમ બંગાળ સમિતિ દ્વારા રજૂ કરાયેલી દરખાસ્તો દ્વારા ભારતમાં કાનૂની સહાય આંદોલનને એક વિશેષ બળ મળ્યું હતું. ઈ. સ. ૧૯૫૨ માં ભારત સરકારે દરેક રાજય સરકારોને એવો નિર્દેશ કર્યો હતો કે જે અપરાધિક બાબતોમાં સજાની જોગવાઈ પાંચ વર્ષથી વધુ થતી હોય ત્યાં કાનૂની સહાય ચોકકસ પૂરી પાડવી. જો કે રાજય સરકારોએ આર્થિક મુશ્કેલીના કારણે આ નિર્દેશ બાબતે તેનો અમલ કરવામાં અસમર્થતા દર્શાવી હતી. ફરીથી ઈ.સ. ૧૯૫૬ માં ભારત સરકારે રાજય સરકારોને આગ્રહ કર્યો હતો કે વિના મૂલ્યે કાનૂની સહાય આપવા માટે યોગ્ય પગલાં ભરવા. કેન્દ્રિય સરકારે એવું પણ સ્પષ્ટ કર્યુ હતું કે આવનારી પંચ વર્ષીય યોજનામાં કાનૂની સહાય યોજનાને લાગુ કરવા વ્યવસ્થા કરવામાં આવી રહી છે. રાજય સરકારોએ પોતાના અંદાજપત્રોમાં આ બાબતે યોગ્ય પ્રબંધ કરવા. મોટાભાગની રાજય સરકારોએ આ બાબતે પોતાનો ખેદ વ્યકત કર્યો. કેટલાક રાજયોએ કાનૂની સહાયતા માટે અલગ ભંડોળની વ્યવસ્થા કરી પરંતુ તે નામ માત્ર હતી.[258] ઈ. સ. ૧૯૫૭ માં ભારતમાં બધાં

---

[256] Supra note 69, p. 80.

[257] Report of the Preparatory Committee for Legal Aid Scheme. Government of Madhya Pardesh (1975) 10.

[258] XIVth Report of First Law Commission (1958) Vol. 1 at 588

જ રાજયોના કાયદામંત્રીઓનું એક સંમેલન બોલાવાયું હતું. જેમાં નીચે મુજબના નિર્ણયો કરાયા હતા.

૧. દરેક રાજય પોતાના વિસ્તારમાં રહેતાં ગરીબ લોકો માટે એક કાનૂની સહાય યોજના તૈયાર કરશે.

૨. કાનૂની સહાય આપવા માટે જુદા જુદા સ્તરોએ સમિતિ રચશે.

૩. કાનૂની સહાય પ્રથમ દર્શીય કેસમાં અથવા તો ઉપર જણાવેલી બાબતોમાં આપવી જોઈએ.

૪. પ્રત્યેક વકીલે ઓછામાં ઓછા વર્ષે છ કેસમાં વિનામૂલ્યે કાનૂની સેવા પૂરી પાડવી જોઈએ.

૫. પ્રયોગિક ધોરણે આ યોજનાને વહિવટી આદેશો દ્વારા કાર્યન્વિત કરવી જોઈએ.

૬. દરેક રાજયએ પોતાની યોજના કેન્દ્ર સરકારના કાયદા મંત્રાલયમાં મોકલવાની રહેશે.

આમ ૧૯૫૮ સુધી એવી કોઈપણ સરકારી સંસ્થા અસ્તિત્વ ધરાવતી ન હતી કે જે કાનૂની સહાયતા પૂરી પાડતી હોય. મુંબઈ, કલકત્તા અને બેંગ્લોરમાં સ્વંયસેવા પૂરી પાડતા સંગઠનો અસ્તિત્વ ધરાવતા હતા કે જે ગરીબ લોકોને કાનૂની સહાય પૂરી પાડતા હતા.[259] સરકારી સ્તરે આ અંગે કોઈ ખાસ કાર્ય કરાયું ન હતું. કાનૂની વ્યવસાયની પણ આ ક્ષેત્રે ભૂમિકા હતી નહીં અને વકીલ વર્ગ પણ પોતાની સામાજિક જવાબદારીઅદા કરવામાં અસમર્થ રહ્યા હતા. અદાલતો મૂક સાક્ષી બનીને

[259] Dholkia H. C. Legal Aid Development in India, 10 K.V.L.J. 72 (1984)

આ સ્થિતિ જોતી રહી હતી. આમ ૧૯૫૮ સુધી કાનૂની સહાય ક્ષેત્રે નગણ્ય પ્રગતિ થઈ હતી.[260]

## ૨.૫.૧(૭) લૉ કમિશનનો ૧૪મો અહેવાલ, ૧૯૫૮

ભારતમાં કાનૂની સહાયના ક્ષેત્રમાં સૌ પ્રથમ વિસ્તૃત કાર્ય લૉ કમિશને કર્યું. લૉ કમિશને પોતાના ૧૪માં અહેવાલમાં કાનૂની સહાયના વિષય અંગે એક સંપૂર્ણ પ્રકરણ રજૂ કર્યું. લૉ કમિશનના અધ્યક્ષ શ્રી એમ. સી. શેતલવાડે કાનૂની સહાય અંગે ઉંડાણપૂર્વક અભ્યાસ કરીને ભાર પૂર્વક જણાવ્યું કે બોમ્બે કમિટી તથા પશ્ચિમ બંગાળ સમિતિ દ્વારા રજૂ કરાયેલા પ્રસ્તાવોને તાત્કાલિક લાગુ પાડવા જોઈએ. ઔદ્યોગિકરણ અને શહેરીકરણથી ગરીબોની સમસ્યાઓ વધી રહી છે. તેઓની સમસ્યાઓનું સમાધાન માત્ર કાયદા દ્વારા જ થઈ શકે તેમ છે. કાનૂની પ્રક્રિયા અને ત્રૂટીઓના કારણે ગરીબ અને નબળા વર્ગના લોકો ન્યાયથી વંચિત થઈ રહ્યા છે તેથી આવા વર્ગોને વહેલામાં વહેલી તકે કાનૂની સહાય પૂરી પાડવી જરૂરી બની ગયું છે.[261] લૉ કમિશને એવું સૂચન કર્યુ હતું કે સૌથી પ્રથમ કાનૂની સહાય ગંભીર ગુનાઓમાં આપવી જોઈએ. અનુસૂચિત જાતિ અને જન જાતિઓના કિસ્સાઓમાં આર્થિક માપદંડને ધ્યાનમાં લીધાં સિવાય કાનૂની સહાય પૂરી પાડવી જોઈએ. ત્યારબાદ કાનૂની સહાયનો વ્યાપ વધારીને તેનો લાભ એવા દરેક લોકોને આપવો જોઈએ કે જે આર્થિક મર્યાદાના કારણે નયાયથી વંચિત રહી જાય છે. [262] લૉ કમિશને નીચે જણાવેલી ભલામણો કરી હતી.[263]

૧. ભારત એ કલ્યાણલક્ષી રાજય છે અને તેનું પ્રાથમિક કર્તવ્ય એ છે કે લોકોને ન્યાય આપે. રાજયોએ કાનૂની સહાયતા માટે પોતાના બજેટમાં

---

[260] Dr. L.M. Singhvi, Law and Poverty, N. M. Tripathi pvt. Ltd. (1973) 293.
[261] XIVth Report of First Law Commission (1958) Vol. 1 at 589
[262] Ibid, at 597
[263] Ibid, at 599

પર્યાપ્ત જોગવાઈઓ રાખવી જોઈએ અને તેના દ્વારા કાનૂની સહાયની જવાબદારી અદા કરવી જોઈએ.

૨. કાયદાના વ્યવસાયકર્તાઓએ આ દિશામાં કાર્ય કરવા આગળ આવવું જોઈએ અને કાનૂની સહાયને આગળ ધપાવવી જોઈએ.

૩. કાનૂની વ્યવસાયનું સામાજિક જવાબદારી ન્યાય અપાવવાની છે અને પ્રત્યેક વકીલે અમુક કેસોમાં વિના મૂલ્યે કાનૂની સહાય અવશ્ય પૂરી પાડવી જોઈએ.

૪. મુંબઈ સમિતિ અને બંગાળ સમિતિની ભલામણોને કેટલાક ફેરફાર સાથે તાત્કાલિક અમલી બનાવવી.

૫. બાર એસોસીએશને સ્વૈચ્છિક રીતે કાનૂની સેવા પૂરી પાડવા અસરકારક રીતે પગલાં ભરવા જોઈએ.

લૉ કમિશન એ બાબતથી જાગૃત હતું કે તેણે સૂચવેલી ભલામણો એક સાથે લાગું પડી શકે તે સંભવ નહતું. આથી લૉ કમિશનની એવી ભલામણ હતી કે સરકાર દ્વારા કેટલીક ભલામણો માટે બહુ ઝડપથી પગલાં ભરવા જોઈએ.[264]

૧. સેશન્સ કોર્ટમાં ચાલવા ઉપરના ગરીબ આરોપી વિરૂદ્ધના દરેક કેસમાં સરકારી ખર્ચે વકીલની સેવા પૂરી પાડવી જોઈએ.

૨. અપરાધિક બાબતોમાં આરોપીની આર્થિક સ્થિતિ ધ્યાનમાં લેવી જોઈએ નહીં.

૩. કાચા કામના કેદીઓ અંગે પણ સરકારી ખર્ચે વકીલોની સેવા પૂરી પાડવી જોઈએ.

[264] Ibid,at 598.

૪. દિવાની કાર્યવાહી સંહિતાના ઓર્ડર ૩૩ દર્શાવેલા અકિંચન શબ્દને દૂર કરી તેના સ્થાને ગરીબ વ્યકિત અથવા સહાયતા મેળવનાર વ્યકિત લખવું જોઈએ.

ઈ.સ. ૧૯૬૦માં ભારત સરકારે કાનૂની સહાય અંગેની એક વિસ્તૃત યોજના તૈયાર કરી તથા બધી જ રાજય સરકારો અને અન્ય સંસ્થાઓને કાર્યન્વિત કરવા માટે મોકલી આપી હતી. પરંતુ આર્થિક મુશ્કેલીઓના કારણે દરેકે તેના અમલ અંગે અસમર્થતા દર્શાવી. કાનૂની સહાય અંગેની આ રાષ્ટ્રિય યોજનામાં કાનૂની સહાયના બધા જ મુદ્દાઓનો સર્વગ્રાહી રીતે સમાવેશ થયો હતો. [265]

આ યોજનામાં એવી જોગવાઈ હતી કે દરેક રાજય સરકાર દ્વારા એક કાનૂની સહાયતા ભંડોળ ઉભું કરવામાં આવે કે જેમાં જુદા જુદા સ્રોતથી આવક પ્રાપ્ત થતી રહે. કેન્દ્રિય સરકારે પણ આર્થિક સહાયતા આપવાની જોગવાઈ કરી હતી. આ અગાઉ જણાવેલી રાષ્ટ્રિય યોજનામાં એવી વ્યવસ્થા કરાઈ હતી કે રાજય, જિલ્લા, તાલુકા વગેરે સ્થળે કાનૂની સહાય સમિતિઓની રચના કરવામાં આવે.

દિવાની બાબતોમાં બનને પક્ષકારોને કાનૂની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવી હતી. પરંતુ તે માટે નીચે જણાવેલા માપદંડમાં આવતા હોવા જોઈએ.

૧. તેની આવક નિયત કરેલી મર્યાદા કરતાં વધુ ન હોય.

૨. તેઓનો કેસ પ્રથમ દર્શનીય રીતે બનતો હોવો જોઈએ.

૩. તેઓના દાવાની વિષય વસ્તુ એવી હોય કે જેમાં તેઓને કાનૂની સહાય પૂરી પાડવી યોગ્ય જણાતી હોય.

---

[265] Coppel. G. O. Legal Aid in India, 8, J. O. I. L. I. (1966).

આ યોજનાની વિશેષતાએ હતી કે તેમાં કાનૂની સહાય બધાં જ પ્રકારના ન્યાયાલયો અને ટ્રિબ્યુનલમાં કાર્યવાહી કરવા પાત્ર હોય. એવી પણ ભલામણ કરાઈ હતી કે આ યોજનાને કાનૂની બળ હોવું જોઈએ. એટલે કે તેના માટે વિશેષ કાયદો હોવો જોઈએ. આ યોજનાનો ઉદ્દેશ કાનૂની સહાયતા આપવા માટે કાયમી કાર્યાલયો શરૂ કરવાનો હતો કે જયાં જરૂરીયાતમંદ ગરીબ લોકો આવીને કાનૂની સહાયની જાણકારી અને સહાયતા મેળવી શકે પરંતુ રાજય સરકારોની આ બાબતે ઉદાસીનતા હોવાથી તે સફળ થઈ શકી ન હતી. ઈ.સ. ૧૯૬૨ માં ભારત સરકાર દ્વારા રાજયોના કાયદામંત્રીઓનું એક સંમેલન બોલાવાયું હતું પરંતુ આ સંમેલનમાં પણ કોઈ યોગ્ય નિર્ણય લેવાયા ન હતા. ૧૯૬૨ માં ત્રીજી અખિલ ભારતીય વકીલોની પરિષદ યોજાઈ હતી. જેમાં એવો ઠરાવ પસાર કરાયો કે કાનૂની સહાય આપવી રાજયનું મુખ્ય કર્તવ્ય છે અને રાજયએ આ અંગે પોતાની તત્પરતા દર્શાવવી જોઈએ. [266]

કાનૂની સેવાના ક્ષેત્રે કેટલાક રાજકીય નેતાઓ અને સાંસદોએ પણ ઉંડો રસ દાખવ્યો.૧૩ મી માર્ચ ૧૯૭૦માં લોકસભાના સભ્ય મધુલિમયે દ્વારા ધ ફ્રિ લીગલ એઈડ એકટ ૧૯૭૦ રજૂ કરાયો. પરંતુ સત્તાધારી પક્ષના સાંસદોનો સહયોગ નહીં મળતા આ બિલ કાયદાનું સ્વરૂપ મેળવી શકયું નહીં. આ બિલના ઉદ્દેશો નીચે મુજબ હતા.

૧. ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૨ મુજબ અપરાધિક બાબતોમાં દરેક વ્યકિતને પોતાની પસંદગીના વકીલ દ્વારા બચાવ કરવાનો મૂળભૂત અધિકાર છે. જેનાથી ગરીબ વ્યકિત વંચિત રહેતો હોઈ વકીલ દ્વારા તેઓનો બચાવ થાય તે નિશ્ચિત કરવું જોઈએ.

[266] Ibid at 247.

૨. અત્યંત ગરીબીના કારણે દેશના કેટલાક લોકો પોતાના હક માટે અદાલતોનો દરવાજો ખટખટાવી શકતા નથી. તેઓ માટે ન્યાય સુલભ બનાવવો જોઈએ.

૩. સુસંસ્કૃત અને કલ્યાણલક્ષી રાજયની પ્રાથમિક જવાબદારી છે કે તે ગરીબ લોકોને મફત કાનૂની સહાય પૂરી પાડે.

૪. ભારતમાં પોલીસ અને અમલદારશાહીઓના અત્યાચારોના કારણે લોકોના કાનૂની અધિકારોનું ઉલ્લંઘન થતું હોઈ તેથી ગરીબોને શોષણ અને આવા અત્યાચારોથી બચાવવા જોઈએ.

૫. ગરીબ આરોપી પોતાનો બચાવ યોગ્ય રીતે કરી શકતો નહીં હોવાથી તેને થવી જોઈએ તેના કરતાં વધુ સજા થાય છે તેથી તેઓ માટે ન્યાય સુનિશ્ચિત કરાવવો જોઈએ.

ઈ.સ. ૧૯૭૦માં દિલ્હીમાં આ બાબતે રાષ્ટ્રિય સંમેલન મળ્યું હતું અને કાનૂની સહાયના વિષય પર ગહન ચર્ચા થઈ હતી. આ સંમેલનમાં એવો ઠરાવ થયો હતો કે કાનૂની સહાય અંગે સરકારે તાત્કાલિક કાયદો ઘડવો જોઈએ. આ સંમેલનમાં એવું પણ અવલોકન થયું હતું કે ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૨ માં દર્શાવેલી ખાતરી અને ગરીબ લોકોની વાસ્તવિક પરિસ્થિતિ કંઈક જુદી જ છે. ગરીબ વ્યકિત આર્થિક કારણોસર વકીલો દ્વારા પોતાના બચાવ રજૂ કરવા માટે અસમર્થ બને છે અને તેના મૂળભૂત અધિકારનું હનન થઈ રહ્યું છે.[267] સંમેલનમાં એવું પણ નોંધવામાં આવ્યું કે જયાં સુધી કેન્દ્રિય સરકાર, રાજય સરકાર, બાર એસોસીએશન અને કાયદાની કોલેજો દ્વારા સંયુકત પ્રયાસ થશે નહીં તો આ કાર્યક્રમ સફળ થશે નહીં. ૧૮ ઓગસ્ટ

---

[267] Legal Aid and World Poverty a Survey of Asia, Africa and Latin America. Committee on Legal Services to the poor in the Developing Countries, (1974) 228.

૧૯૭૦ના રોજ રાજયસભામાં ધી એડવોકેટ (એમેન્ડમેન્ટ) બિલ પસાર કરવામાં આવ્યું. જેમાં કાનૂની સહાયની બધી જ જવાબદારી બાર કાઉન્સીલના શિરે નાખવામાં આવી હતી. કેન્દ્રિય સરકારના કાયદામંત્રી શ્રી એચ. આર. ગોખલે દ્વારા કાનૂની સહાયતા આપવામાં તેઓની સરકારની ઈચ્છા વ્યકત કરતા જણાવ્યું કે તેઓએ એવી વિસ્તૃત કાનૂની સેવા યોજના લાવવા માટે છે કે જેમાં કાનૂની સહાયતા સમાજના નાનામાં નાના છેવાડાના ગરીબ માનવીને પણ મળી રહે. તેઓએ એવાતનો સ્વીકાર કર્યો હતો કે કાનૂની સેવા આપવી એ રાજયનું કર્તવ્ય છે.[268]

## ૨.૫.૧(૮) ગુજરાત સમિતિ, ૧૯૭૦

ઈ.સ. ૧૯૭૦માં ગુજરાત સરકારે ગરીબ અને પછાત વર્ગો માટે કાનૂની સહાય આપવાના હેતુસર કાનૂની સહાયતા સમિતિ રચી. જેના અધ્યક્ષપદે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી પી. એન. ભગવતી કે જેઓ પાછળથી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિપદ શોભાવ્યું હતું. ભગવતી સમિતિએ ૧૯૭૧ માં અહેવાલ રજૂ કર્યો હતો જેમાં કાનૂની સહાયની બધી જ સમસ્યાઓ જેવી કે બંધારણીય તથા સંસ્થાકીય દ્રષ્ટિએ તેના ઉપર ચર્ચા કરાઈ હતી અને એ બાબત પર વધુ ભાર મૂકાયો કે કાનૂની સહાય બધા જ સ્તરની અદાલતોમાં મળવી જોઈએ. નયાયમૂર્તિ શ્રી ભગવતીએસ કહ્યું કે "લોકશાહી જીવન પદ્ધતિને કાયમી કરવા માટે તથા કાયદાના શાસનને પ્રસ્થાપિત કરવા માટે કાનૂની સહાય કાર્યક્રમ હોવો અતયંત આવશ્યક છે." ભારતની રાજકીય તેમજ આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં આવી યોજના તાત્કાલિક કાર્યાન્વિત થાય તે જરૂરી છે.[269] આ રીપોર્ટમાં એવો મત પ્રદર્શિત કરાયો હતો કે "કાનૂની સહાય આપવી એ રાજયની ફકત સામાજિક અને નૈતિક જવાબદારી જ નથી

---

[268] Parliamentary Debate 1970.

[269] Report of the Legal Aid Committee (Government of Gujarat) 1971, p.12.

પરંતુ ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪ અને ૨૨ અંતર્ગત બંધારણીય હક પણ છે" જો કે સમિતિએ કરેલી ભલામણો અત્યંત તાર્કિક અને સુયોગ્ય હોવા છતાં ગુજરાત સરકાર તેના ઉપર કોઈ કાયદો બનાવી શકી નહીં.

## ૨.૫.૧ (૯) નિષ્ણાતોની સમિતિ

## Expert Committee, 1972

ભારત સરકારે કાનૂની સહાયની બાબત અંગે પોતાના પ્રયાસોને ચાલુ રાખ્યા અને ૨૭મી ઓકટોબર ૧૯૭૨ના રોજ નિષ્ણાત સમિતિની રચના કરાઈ. જેના અધ્યક્ષ જસ્ટિસ શ્રી વી. આર. કૃષ્ણઐયર હતા કે જેમણે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે પદ શોભાવ્યું હતું. આ સમિતિની રચના પાછળનો ઉદ્દેશ એ હતો કે આ સમિતિ પછાત અને નબળા વર્ગના લોકો પોતાના અધિકારો પ્રત્યે જાગૃત થાય તે માટે સરકાર દ્વારા લેવામાં આવતા પગલાંઓ સંબંધીઓ યોગ્ય સલાહ સૂચન કરે.[270]આ સમિતિએ કાનૂની સહાયના બંધારણીય તેમજ બીજી અનય બાબતો પર વિસ્તૃત અધ્યયન કર્યુ અને પંચાયતી ન્યાય જેવી વ્યવસ્થા ઉભી કરવા પર ભાર મૂકયો હતો. આ સમિતિએ તેનો અહેવાલ ૧૯૭૩માં રજૂ કર્યો. જેમાં કાનૂની સહાયના મહત્વ ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો. આ અહેવાલમાં કાનૂની સહાયનું મહત્વ દર્શાવતા કહેવામાં આવ્યું કે જો આપણે ભારતીય બંધારણના દર્શાવેલા માર્ગ ઉપર ચાલવું હોય અને તે રીતે સામાજિક પરિવર્તન લાવવું હોય તો કાનૂની સહાયની વિશેષ યોજના લાગુ કરવી પડશે. આ યોજના દ્વારા લોકોએ પોતાના અધિકારો અને ફરજો પ્રત્યે જાગૃત બને શોષણ વિરૂદ્ધ અવાજ ઉઠાવવા અને અદાલતોના દરવાજા ખટખટાવે તે માટે પ્રેરણા પૂરી પાડી શકશે. કાનૂની સહાય થકી જ ભારતમાં કાયદાનું શાસન સ્થાપિત થઈ શકશે.[271]

---

[270] Report of the Expert Committee of Legal Aid (1973).
[271] Ibid 241.

આ કમિટીએ ૧૯૭૩માં જે અહેવાલ રજૂ કર્યો તેમાં કાનૂની સહાયનું મહત્વ સમજાવતાં કહયું કે :–

"આપણાં બંધારણમાં જેનો નિર્દેશ થયો છે તે સામાજિક પરિવર્તનની દિશામાં, આ કાનૂની સહાય એક અનિવાર્ય સાધન છે. કાનૂની સહાયની યથાર્થ રીતે સંચાલિત યોજનાથી પ્રજાને, તેના અધિકારો તથા ફરજોનું જ્ઞાન તથા જાગરૂકતા આવશે, અને કાનૂની મર્યાદામાં રહીને, ન્યાયની ઉપલબ્ધિ તથા તેનું પ્રસારણ કરવા માટે આ કાનૂની સહાય એક સાધન બનશે અને રાહત તથા દાદ પ્રાપ્ત થતાં જનતાનું કાયદા પ્રમાણેના રાજયના સિદ્ધાંત પ્રત્યે માન વધશે."[272]

આ સંદર્ભે :–

૧) ૧૯૭૬માં મધ્યપ્રદેશમાં "લીગલ એઈડ એન્ડ એડવાઈસ એકટ" થયો.[273]

૨) ૧૯૭૫માં રાજસ્થાનની સરકારે નિયુકત કરેલા લૉ કમિશનની ભલામણો તથા રિપોર્ટને આધારે એક અહેવાલ અપાયો. [274]

૩) તામીલનાડુ સરકારે પણ લીગલ એઈડના પ્રશ્ને એક કમિશન રચ્યું અને તેનો અહેવાલ સ્વીકારાયો.

આના પરિણામે ૧૯૦૮નો દિવાની કાર્યવાહી ધારો સુધારી ૧૯૭૬ના સુધારેલા કોડમાં ઓર્ડર ૩૩ જે અકિંચન પક્ષકારની સહાય માટે હતો તેને સુધારી વિસ્તૃત કરવામાં આવ્યો.

---

272 Id. at 241.

273 Report of the Preparatory Committee for Legal Aid Scheme, Government of Madhya Pradesh (1975) at 10.

274 The Committee was appointed on 11th August 1973 and its report was submitted to the Government of Rajasthan in May 1975.

૧૯૭૩ના સુધારેલા ફોજદારી કાર્યવાહી ધારામાં પણ જો તહોમતદારને માટે પ્રતિનિધિત્વ કરે તેવો વકીલ કે પ્રતિનિધિ ન હોયતો તેને રાજયના ખર્ચે કાનૂની સહાય આપવાનો પ્રબંધ કલમ ૩૦૪ થી થયો.

૧૯૭૫માં "મહારાષ્ટ્ર લોયર્સ કોન્ફરન્સ"[275]માં કાનૂની સહાયના સિદ્ધાંતને ખૂબ જ રચનાત્મક સ્વરૂપ આપવામાં આવ્યું. એ પરિષદને મોકલેલા સંદેશામાં વડાપ્રધાન શ્રીમતિ ઈન્દીરા ગાંધીએ કહયું કે "આપણી કાનૂની પદ્ધતિ ગતિહીન રીતે વર્તે છે અને જે લોકોને કાનૂની સહાયની અત્યંત આવશ્યકતા છે, તેમના પ્રત્યે ઉપેક્ષા સેવાઈ છે. સાચો ન્યાય પક્ષકારની કિંમત ચૂકવવાની ક્ષમતા ઉપર આધાર રાખતો નથી. ન્યાયના વહિવટમાં ત્વરા અને ગતિશીલતા લાવવા તથા ગરીબોને કાનૂની સહાય આપવા કંઈક નવી રીતો અપનાવવી આવશ્યક બનેલ છે."

મહારાષ્ટ્ર લોયર્સ કોન્ફરન્સના પરિણામે દેશભરમાં કાનૂની સહાયની હિલચાલને ગતિ પ્રાપ્ત થઈ અને " અખિલ ભારત કોંગ્રેસ કમિટિ", "ઈન્ડીયન નેશનલ ટ્રેડ યુનિયન" તથા "ઈન્ડિયન રૂરલ લેબ ફેડરેશન" ના સંયુકત ઉપક્રમે એક "નેશનલ ફોરમ" રાષ્ટ્રીય મંચની સ્થાપના ૧૯૭૫માં થઈ. તેની ભારતના ૨૨ રાજયોમાં શાખાઓ થઈ અને તેણે આ "નેશનલ ફોરમ" નામનું તંત્ર આ રાજયોમાં ચલાવ્યું. જેનો મૂળભૂત હેતુ કાનૂની સહાયના કાર્યક્રમને રાષ્ટ્રવ્યાપી બનાવવાનો અને ખાસ કરીને ખેડૂતો, ભૂમિ વિહીન ખેત મજૂરો, ગ્રામીણ કારીગરોના લાભમાં આવી કાનૂની સહાયની યોજના પ્રચલિત કરવાનો હતો.

---

[275] Souvenir Maharashtra Lawyer's Conference (1975) at 6.

## ૨.૫.૧(૧૦) જયુડીકેચર સમિતિ

## Committe on judicare

જુદી જુદી સમિતિઓ અને નેશનલ ફોરમ દ્વારા કરાયેલા સૂચનોને આધારે ભારત સરકારે ૧૯ મી મે ૧૯૭૬ ફરીથી બીજી એક સમિતિની રચના કરી. જેના અધ્યક્ષ તરીકે જસ્ટિસ શ્રી પી. એન. ભગવતીની નિમણૂંક કરાઈ. આ સમિતિનો ઉદ્દેશ એવા સલાહ સૂચનો કરવા માટે કરાયો કે જેનાથી ગરીબોને ઝડપી અને સક્ષમ કાનૂની સહાય પ્રાપ્ત થઈ શકે. આ સમિતિને એવું કાર્ય સોંપાયું કે તે વિસ્તૃત રીતે કાનૂની યોજનાની સહાય તૈયાર કરે કે જે થકી બધાં જ રાજયો સમગ્ર રીતે લાગુ પાડી શકે. [276]
આ સમિતિએ તેના અહેવાલ ૩૧મી ઓગસ્ટ ૧૯૭૭ના રોજ કેન્દ્ર સરકારને સુપ્રત કર્યો અને નિષ્કર્ષમાં જણાવ્યું કે "સંઘ, સંસદ, કેન્દ્ર સરકાર, અને બધા રાજયો, એક સર્વોચ્ચ નીતિ તરીકે મફત કાનૂની સહાય અકિંચન તથા અસમાન વર્ગોને માટે સ્વીકાર છે. આપણા જેવા દેશમાં, જયાં બહુમતી લોકો, જીવન જરૂરીયાતોના સંદર્ભમાં નીચામાં નીચા સ્તરે જીવે છે, જયાં લઘુમતીઓ પોતાની વિશિષ્ટ ઓળખાણ તથા સમાનતા નષ્ટ થશે એ ભયમાં જીવે છે અને સામાજિક રીતે જયાં પદદલિતો કાનૂનને ભયંકર રાક્ષસ ગણે છે અથવા પોતા માટે અસ્પૃશ્ય અને પહોંચી ન શકાય એવું અપ્રાપ્ય સાધન ગણે છે, ત્યાં એક સર્વગ્રાહી એવા ન્યાયાધીશી કાર્યક્રમની અત્યંત તીવ્ર આવશ્યકતા છે, જેને રાષ્ટ્રીય કાર્ય સૂચિમાં સર્વોચ્ચ અગ્રીમતા આપવી જોઈએ અને રાષ્ટ્રની નેતાગીરી જો તેને અવગણશે, તો રાષ્ટ્રે માત્ર દ્રષ્ટિવિહિન અંધત્વ અને અરાજકતાનો ભોગ બનવું પડશે."[277] ભારતમાં નબળા વર્ગના લોકો ન્યાય મેળવવાથી વંચિત બની રહ્યા છે જેના

---

[276] Report on National Judicare, equal justice-social justice (1977) 87.
[277] Ibid, at 85.

પરિણામ બહુ જ ગંભીર આવશે. સરકારે કાનૂની સહાય કાર્યક્રમને પોતાના રાષ્ટ્રિય કાર્યક્રમમાં ઉચ્ચ અગ્રિમતા આપીને કાર્યાન્વિત કરવો જોઈએ.[278]

આ સમિતિએ કાનૂની સહાય અંતર્ગત શિબિરો તેમ જ લોક અદાલતો યોજવા પર ભાર મૂકયો. સમિતિના અહેવાલોથી વકીલો, ન્યાયાધીશો, સમાજ સેવી સંસ્થાઓ અને સામાજિક કાર્યકર્તાઓમાં નવો ઉત્સાહ પ્રગટયો.[279]

પરંતુ આધુનિક સમયમાં કાનૂની સહાયનું જે સ્વરૂપ નજરે પડે છે તે ઈંગ્લેન્ડમાં રચાયેલી રસકલીફ સમિતિના અહેવાલ પર આધારિત છે. આ અંગેનો તમામ શ્રેય ધ બોમ્બે લીગલ એઈડ સોસાયટીને ફાળે જાય છે. જેણે રસકલીફ સમિતિના અહેવાલ આધારિત બાબતોનું ૧૯૪૫ માં ભારત સરકારનું ધ્યાન દોરીને આવી જ સમિતિની રચના ભારતમાં પણ થવી જોઈએ તેવી રજૂઆત કરી. જે પાછળથી ભારતમાં કાનૂની સહાય માટેનો પાયો બની રહી.[280]

# પ્રકરણ –૩

# ભારતમાં બંધારણીય અને અન્ય ધારાકીય જોગવાઈઓ

## ૩.૧ બંધારણીય જોગવાઈઓ તથા બેંતાલીસમો બંધારણીય સુધારો

"કાનૂની સહાય એ પરોપકાર કે દયાદાનનો પ્રશ્ન નથી, પણ અધિકારોનો પ્રશ્ન છે." [281]

ભારતના બંધારણમાં ૧૯૭૬માં, બેંતાલીસમાં માં સુધારાથી રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં, અનુચ્છેદ ૩૯(અ) ઉમેરી, તેમાં રાજયોને સ્પષ્ટ

---

278 Ibid, 85.

279 Legal Aid-a progress report, bar events, 17 L.A. 100 (1977).

280 Ibid.

281 M.H.Hoskot v. State of Maharastra,AIR 1978 SC 1548.

રીતે કાનૂની સહાયની નીતિ અપનાવવા માર્ગદર્શન આપી, કાનૂની સહાયના ક્ષેત્રને બંધારણીય દરજજો તથા માન્યતા આપવામાં આવી છે.

અનુચ્છેદ ૩૯ (અ) પ્રમાણે :–

રાજય, કાનૂની પ્રથાના અમલથી સમાન તકના ધોરણે ન્યાયનો ઉત્કર્ષ સધાય તેમ કરશે અને ખાસ કરીને, આર્થિક અથવા અન્ય અસમર્થતાઓના કારણે કોઈપણ નાગરિકને ન્યાય મેળવવા માટેની તકોનો ઈન્કાર કરવામાં નહીં આવે, તે માટે યોગ્ય કાયદાઓ, યોજનાઓ તથા અન્ય રીતે, મફત કાનૂની સહાયની યોજના કરશે.

અનુચ્છેદનું શિર્ષક "સમાન ન્યાય અને મફત કાનૂની સહાય" એવું છે. તેનો અર્થ એ થાય કે ,

સામાજિક, આર્થિક કે અન્ય ભેદભાવ વિના દરેકને સમાન ન્યાય, સમાન ન્યાય સમાજના નબળા અને વંચિતને મળે એ માટે નિઃશુલ્ક (મફત) કાનૂની સહાય, અનુચ્છેદની શરૂઆતના શબ્દો મુજબ રાજય દ્વારા એવી વ્યવસ્થા કરાશે કે જે, દેશની કાનૂની વ્યવસ્થા તથા પ્રથા માટે ન્યાયને ઉત્તેજન આપનારી હોય,આવી પ્રથા સર્વે પ્રજાજનો માટે સમાન તકના પાયા ઉપર રચાયેલી હોવી જોઈએ.અને, આ સમગ્ર હેતુઓ પ્રાપ્ત કરવા ખાસ કરીને " મફત કાનૂની સહાય " અપાય તે માટે, ઉચિત વિધાનો તથા યોજનાઓ અથવા અન્ય પદ્ધતિઓ એવી અપનાવવી જોઈએ જેથી ન્યાય પ્રાપ્ત કરવાની તકોથી માત્ર આર્થિક અગર અન્ય અસમર્થતાના કારણથી તેઓ, નબળા કે વંચિત વર્ગો ન્યાયથી વંચિત રહી ન જાય.

આમ, અનુચ્છેદ ૩૯(અ) ને, રાજયનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોમાં સ્થાન આપેલ છે. મફત કાનૂની સહાયનો આ અધિકાર આમુખ દ્વારા દર્શાવેલ સામાજિક અને આર્થિક ન્યાયના હેતુનો પૂરક અને ઘોષણા કરનારો છે.

અનુચ્છેદ ૩૯(અ) ને ભારતીય બંધારણના ભાગ ચારમાં ઉમેરવામાં આવ્યો, છે આ અનુચ્છેદ બંધારણની એક વિશેષ જોગવાઈ છે, કોઈ ગરીબ કે વંચિત, કાનૂની સહાય અધિકારથી નથી માગી શકતો, તેથી  રાજય પોતેજ સામાજિક ન્યાયની જવાબદારી તથા દાયિત્વ સમજીને આ અનુચ્છેદ પ્રમાણેની કાનૂની સહાયની નીતિ ઘડે એ ઈચ્છનીય છે. બંધારણ તથા તેના આમુખમાં દર્શાવેલ, આદર્શો તથા હેતુઓની સિદ્ધિ તથા પ્રાપ્તિ માટે રાજયના શાસકોએ જ પ્રયત્ન કરવો જોઈએ, તેથી અનુચ્છેદ ૩૯(અ), તથા તે મુજબનો અમલ કરાવવો તે રાજયની ફરજ તથા જવાબદારી બની જાય છે. આ અનુચ્છેદ ૩૯ (અ), સમગ્ર ન્યાયપ્રણાલી તથા વકીલ મંડળોને પણ સંબોધે છે. આ નવા અનુચ્છેદનું મથાળું સમાન ન્યાય છે, અર્થ એ થયો કે,  સામાજિક તેમજ આર્થિક અસમાનતા મટાડી, સાધન સંપન્ન અને સાધનહીન  બન્ને ને સમાન ન્યાય મળતો રહે એ માટે આ કાનૂની સહાય, આવા ગરીબ કે વંચિત વ્યકિતને સાધન સંપન્ન અમીરની સામે સમાન ન્યાયની તક આપી સમાન બનાવવાની જોગવાઈ કરે છે.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ, ભારતએ કલ્યાણ રાજય બન્યું છે. અનુચ્છેદ ૩૯ (અ), થી કાનૂની સહાયને તથા તેની પાછળની સમગ્ર ભાવનાને એક સર્વગ્રાહી વ્યાપક બંધારણીય સ્થિતિ તથા માન્યતા પ્રાપ્ત થાય છે. તેના ન્યાયશાસ્ત્રીય મૂળ, સામાજિક–આર્થિક ગુણતત્વ, અને ભાવિ દ્રષ્ટિ એવા પ્રબળ અને વિશાળ તત્વો છે કે, આ બંધારણના આપણે ભારતના પ્રજાજનો, જે મહંદ અંશે ગરીબ છીએ એ આજે આપણા ઉજજવળ ભાવિના શ્રેયાર્થી કે હિતોભોગી બન્યા છીએ.[282]

ભારતના બંધારણના આમુખમાં સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય તથા સામાજિક ગૌરવ તથા સમાન તક પુરા પાડવાના આદર્શો દર્શાવેલા છે. સમાનતા અંગેની જોગવાઈ ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૪ (સમાનતાના

[282] Report of the Legal Aid Committee (Government of Gujarat)1971,p.12.

અધિકાર) માં કરવામાં આવી છે. જે મુજબ ભારતના દરેક નાગરિકને "કાયદા સમક્ષ સમાનતા તથા કાયદાના સમાન રક્ષણનો" મૂળભૂત અધિકાર પ્રાપ્ય થયો છે. તે જ રીતે અનુચ્છેદ ૨૧ એવું દર્શાવે છે કે "કાયદાની યોગ્ય પ્રક્રિયાને અનુસર્યા વગર કોઈ નાગરિકને તેના જીવન તથા વૈયકિતક સ્વાતંત્ર્યથી વંચિત કરી શકાય નહીં." અનુચ્છેદ ૨૨ (૧) પ્રમાણે "જે વ્યકિતની ધરપકડ અથવા અટકાયત થાય, તેને આવી ધરપકડ અથવા અટકાયતના કારણથી માહિતગાર કર્યા વગર કબ્જામાં કે અટકાયતમાં રાખી શકાય નહિ. અને તેની પસંદગીના વકીલની પોતાના બચાવ માટે સલાહ લેવાના અધિકારથી વંચિત કરી શકાય નહીં."

રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો પૈકી અનુચ્છેદ ૩૮ માં એવી જોગવાઈ કરવામાં આવી છે કે, "રાજય પ્રજાનું કલ્યાણ કરવા સતત પ્રયત્નશીલ રહેશે અને તે માટે સામાજિક, આર્થિક તથા રાજકીય ન્યાયની અસર કારક પ્રત્યાભૂતિ તથા સુરક્ષા પ્રજાને આપી એક એવી સમાજ રચના અને વ્યવસ્થા સ્થાપવા પ્રયત્નશીલ રહેશે જેમાં આ આર્થિક સામાજિક ન્યાય પ્રજાને સહજ રીતે ઉપલબ્ધ હોય."

આમ ઉપર જણાવેલા બંધારણના અનુચ્છેદો ૧૪, ૨૧, ૨૨(૧), ૩૮, ઉપરાંત અનુચ્છેદ ૩૯(અ), ની સમગ્રતયા અસર એવી થાય છે કે ન્યાય સ્થાપિત, ન્યાય આધારિત, સમાજ રચના સહજ બની શકે અને કાનૂનનું સમાજ પ્રત્યેનું વર્તન અને અભિગમ મનસ્વી, પૂર્વગ્રહવાળું, પક્ષપાતી ન હોય તે જાતની ન્યાય તથા સમાજની રચના સ્વતંત્ર ભારતમાં હોવી જોઈએ એવું જે ધ્યેય તથા કલ્પના બંધારણના આમૂખમાં કરી છે તેનો સાક્ષાત્કાર તથા સિદ્ધિ આ અનુચ્છેદોથી જ થઈ શકશે.[283]

---

[283] G.O.Koppel,Legal Aid in India,8 J.I.L.I. p.248.

અનુચ્છેદ ૩૯(અ) ઉમેરાવાથી સંસદ તથા વિધાનતંત્રની વૈધાનિક શકિત તથા ક્ષમતામાં વૃદ્ધિ થઈ છે.[284] બંધારણના પરિશિષ્ટ ૭ની યાદીમાં કેન્દ્ર તથા રાજયો વચ્ચેની વૈધાનિક વિષયોની વહેંચણી બાબતો જણાવેલી છે, તે પૈકી રાજય યાદીની નોંધ ત્રણ તથા સહવર્તિયાદીની નોંધ અગીયારમાં કેન્દ્ર તથા રાજયો, કાનૂની સહાયના વિધાનોકત પગલાં લઈ શકે તેની સત્તા છે, તે જ રીતે સહવર્તિ યાદીની નોંધ વીસ પ્રમાણે આર્થિક અને સામાજિક આયોજનના ભાગ તરીકે પણ કાનૂની સહાયના નિયમો રચવાની સત્તા છે.[285]આ રીતે કેન્દ્રની સંસદ તથા રાજયોના વિધાનતંત્રો આવા કાનૂની સહાયના વિધાનો માટે એકબીજાના સહાયક તથા પૂરક થઈ શકે.[286]આમ, કાનૂની સહાય એક આવશ્યકતા છે.

કાનૂની સહાયના સંદર્ભે ભારતીય બંધારણના વિભાગ ત્રણના (મૂળભૂત અધિકારો ) ત્રણ અનુચ્છેદો ખૂબજ મહત્વના છે.

પ્રથમ, અનુચ્છેદ ૧૪ માં કાયદા સમક્ષ સમાનતા અને કાયદાના સમાન રક્ષણનો કોઈપણ વ્યકિતના સંદર્ભમાં ઈન્કાર થઈ શકે નહિ એવો આદેશ છે. આ આદેશ બંધારણનો પાયો છે અને કાનૂની સહાયની યથાર્થતા તથા આજ્ઞાર્થતા તેમાંથી જ ઉભરી આવે છે. જે દેશમાં ગરીબમાં ગરીબ વ્યકિત, કાનૂન તથા ન્યાયનો લાભ પ્રાપ્ત કરી શકે નહિ, તે દેશની લોકશાહી ટકી શકે નહિ અથવા અસ્તિત્વ ધરાવી શકે નહિ અને રાષ્ટ્રના ગરીબમાં ગરીબ અને વંચિત નાગરિકને ન્યાય ઉપલબ્ધ કરાવી શકાય એવી ન્યાય તથા કાનૂનની તંત્ર રચના હોય તો તેના ઉપર જ શાસક સરકારો ટકે છે અને આધારિત છે.[287]

---

284 Report of the Expert Committee on Legal Aid - Prcessual justice to the people (1973) at 6.
285 Report of the preparatory Committee for Legal Aid Scheme, Government of M. P. Published by M. P. State Legal Aid and Advice Board, Bhopal (ed.1982) at 82.
286 Dr.L.M.Singhvi,Law and Poverty,N.M.Tripathi Private Ltd.(1973),p. 288.
287 Observation of M.C. Setalvad in Encyclopedia of Social work in India (1968) at 470.

આ રીતે ન્યાયના વહીવટમાં સમાનતા એ આજના યુગના ન્યાયશાસ્ત્રોનો પાયો છે.[288] કાનૂન સમક્ષની સમાનતા એ નાગરિકનો માનવ અધિકાર છે. અને કાનૂની સહાયની યોજના એ આવા કોઈપણ નાગરિકને અને ગરીબને, કાયદાના સમાન રક્ષણનો ઈન્કાર નહિ થાય તેની અનુભૂતિ છે. જયાં સુધી કોઈ ગરીબ માણસ પોતાની ગરીબી કે વંચિતતાને લીધે અદાલતમાં જઈ પોતાને થયેલ હાનિ માટે દાદ લઈ ન શકે અથવા પોતાની સામે થયેલી ફરીયાદમાં બચાવ કરવા, ગરીબાઈને કારણે અસમર્થ હોય, તેટલા અંશે ન્યાય, અસમાન બની જાય છે. અને જો કાયદા ખરેખર નાગરિકની સુરક્ષા માટે થયા હોય અને જો સમાજનો ગરીબ નાગરિક તેનો લાભ લઈ ન શકે તો એ કાયદાઓ પોતે જ નિષ્ફળ ગયા છે, એમ જ માનવું પડે. તેથી જ આવા ગરીબ વ્યકિતને પોતાનો વાદ, તકરાર, કે ફરીયાદ અદાલતમાં લઈ જઈ ન્યાય મેળવવામાં તેના વકીલની ફી અને અન્ય આનુષંગિક ખર્ચાઓ માટે સહાય આપવામાં ન આવે, તો તેને ન્યાય પ્રાપ્ત કરવાની તક મળી નથી એવો જ અર્થ થાય. તેથી આવી સહાયનો પ્રંબંધ કરવો એ માત્ર કોઈ ઔપચારિક પ્રક્રિયા નથી પણ એક મૂળભૂત અધિકાર છે.[289]

આજની કાયદા પ્રથા તથા તેના નિયમો અત્યંત જટિલ છે. એક ગરીબ, અજ્ઞાન વ્યકિત કે અભણ માણસ કાનૂની સહાય વગર તે લડી શકે કે ચલાવી શકે નહી.તેથી બંધારણનું અર્થઘટન અદાલતોએ પ્રગતિસૂચક દ્રષ્ટિકોણથી કરેલ છે અને એ રીતે અનુચ્છેદ ૧૪નું અર્થઘટન વિશાળ સંદર્ભમાં કરી અદાલતોએ ગરીબોને કાનૂની સહાય અવશ્ય મળવી જોઈએ એવું ઠરાવ્યું છે. અને તે બાબતે રાજયોને માર્ગદર્શન આપેલ છે, અને હવે રાજયો દ્વારા સાધન સંપન્ન અને સાધનહીન વચ્ચે ભેદ કરી

---

288 Freedom and Equality of justice are twin fundaments conceptions of American Jurisprudence Reginal Haber smith, Justice and poor, carnegio foundation for the Advancement of Teaching (1979) at 1.

289 XIV Report of the first Law Commission(1958) vol.1 .p. 587.

ન્યાયનો ઈન્કાર કરી શકશે નહીં. નહીંતો, ગરીબ તથા શ્રીમંત બન્ને સમાન રીતે અવરોધો વગર ન્યાય પ્રાપ્ત કરી શકે એ સમાન ન્યાયનો સિદ્ધાંત પોકળ અને અર્થહીન ઠરશે.[290]આ રીતે કાનૂની સહાયનું તથ્ય કાનૂન સમક્ષ સમાનતાના સિદ્ધાંતમાંથી ફલિત થાય છે.[291]

આજે વાસ્તવિક પરિસ્થિતિ એ છે કે, અદાલતના પગથિયાં એ જ ચઢી શકે જેનાં ખિસ્સામાં નાણાં હોય. ન્યાયમૂર્તિશ્રી ક્રિષ્ણા ઐયરના શબ્દોમાં ( ધન, ધીરજ અને ધકકા) કાયદો તથા ન્યાય, અમીર અને ગરીબને સમાન ગણીને સમાન રક્ષણ આપે છે, એવું કહેવાય છે. પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ એ છે કે, ગરીબોના પક્ષે હંમેશા નિરાશા તથા નિઃસહાયતા દેખાશે, કારણ ગરીબાઈને કારણે તેમના કાનૂની અધિકારનો અમલ થઈ શકતો નથી. તેથી સમાન ન્યાયની ભાવનાનો ખરો અર્થ એ થાય કે ગરીબોના કાનૂની અધિકારો અને તેનો અમલ તથા બજાવણીની સમર્થતા અથવા શકિત, તેના અમીર વિરોધ પક્ષ જેવી અને જેટલી જ હોવી જોઈએ. આ માત્ર સમાન ન્યાયનો પ્રશ્ન નથી, સમાનતક, અને સમાન ગૌરવનો પ્રશ્ન છે અને એ માટે કાયદાના ઘડવૈયાઓ, વકીલો, તથા જનતાએ ગરીબો પ્રત્યેની તેમની દ્રષ્ટિ અને અભિગમોમાં પણ પરિવર્તન લાવવું પડશે અને વાસ્તવિક અધિકાર તથા ઔપચારિક સંચાલનમાં ગરીબો પ્રત્યેનો કોઈપણ ભેદભાવ નહિ કરી શકાય.[292]

ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૧ થી વૈયકિતક સ્વાતંત્ર્ય અને જીવનની ખાતરી આપવામાં આવી છે, જેનાથી કોઈપણ વ્યકિતને કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયાથી દ્વારા જ જીવન અને વૈયકિતક સ્વાતંત્ર્યથી વંચિત કરી શકાય અને આ રીતે

290 Davesh Chandra Mukhaji, Legal Education and Services to the poor, AIR (1982) Junaral Section at 650.

291 S. N. Huand Thio, Legal Aid-A-facet of Equality before the Law : 12 Int. Comp. L. Q. 133 (1963).

292 Golberg, Equal Justice for Rich and the poor, Quoted by S. L. Agrawal, Social agrical Impact of U. S. Legal Aid, 6. Journal of Constitutional and parliamentary studies 27 (1972).

વ્યકિતને જીવન અથવા વૈયકિતક સ્વાતંત્ર્યથી વંચિત કરવા જે પ્રક્રિયા અનુસરવામાં આવે તે પ્રમાણિક, યોગ્ય, ન્યાયી અને વ્યાજબી હોવી જોઈએ એવો નૈસર્ગિક ન્યાયનો સિદ્ધાંત છે. નૈસર્ગિક ન્યાયનો એવો નિયમ છે કે "વાદના બંન્ને પક્ષકારોને સાંભળવા જોઈએ. ગરીબ પક્ષકાર કેસ તથા હકીકત કે કાનૂની રજૂઆત અદાલત પાસે કરી ન શકે અગર કેસની હકીકત સંભળાવી ન શકે અને એટલું જ્ઞાન, એટલી આવડત કે એટલાં નાણાં વકીલ રોકી રજૂઆત કરવા માટે તેની પાસે ન હોય તો તે પક્ષકાર રજૂઆત કેમ કરી શકે અથવા બચાવ કેમ કરી શકે અને માત્ર મૂક પ્રેક્ષક તરીકે અદાલતમાં બેઠેલા આ ગરીબ પક્ષકારને શ્રીમંતની યુકિત તથા બુદ્ધિ પૂર્વકની દલીલબાજી પરાજીત કરી જાય અને એ રીતે શ્રીમંત માટે એકપક્ષીય પ્રતિનિધિત્વ થાય, એ નૈસર્ગિક ન્યાયનું ઉલ્લંઘન છે. તેથી જ ગરીબ પક્ષકાર, પછી તે આરોપી હોય કે વાદી–પ્રતિવાદી હોય તેને કાનૂની સહાય મળવી જ જોઈએ એવું સુપ્રિમ કોર્ટે હુસેનઆરા ખાતૂન વિ. બિહાર રાજય [293]ના કેસમાં ઠરાવેલ છે. સૂપ્રિમ કોર્ટે એવો પણ સિદ્ધાંત સ્થાપિત કર્યો છે, કે જે વ્યકિત ઉપર ગુના આરોપ કે તહોમત હોય તેની યોગ્ય, ન્યાયી, નિષ્પક્ષપાત, પ્રામાણિક સુનાવણી માટે નિઃશુલ્ક (મફત) કાનૂની સહાય તથા બચાવ એ અનુચ્છેદ ૨૧ નું આવશ્યક મૂળ તત્વ છે. રાજયની સરકાર પોતાનું બંધારણીય ઉત્તરદાયિત્વ ટાળી શકે નહિ અને તે ગરીબ નાણાંકીય કે અન્ય અસમર્થતાઓને કારણે પોતાનો બચાવ કરી શકે નહિ તો તેને મફત કાનૂની સહાય આપવી એ સરકારનું ઉત્તરદાયિત્વ છે. આ જાતની કાનૂની સહાય ગરીબને આપવી એ રાજયો પ્રત્યે, બંધારણનો આજ્ઞાર્થ આદેશ છે. અને આ સંદર્ભમાં જે કંઈ કરવું પડે તે કરવાની રાજયની ફરજ છે.[294]

---

[293] Hussainara Khatoon v. State of Bihar, AIR 1979 S.C. 1369.

[294] Khatri and others v. State of Bihar AIR 1981 S.C. 928

વધુમાં સુપ્રિમ કોર્ટ એવું પણ ઠરાવ્યું કે જે વ્યકિત ઉપર એવો આરોપ હોય, જેનાથી, તેને જીવન જોખમ થાય અથવા તેના વૈયકિતક સ્વાતંત્ર્યને હાનિ પહોંચે તો તેને નિઃશુલ્ક (મફત )કાનૂની સહાય રાજયના ખર્ચે આપવી જોઈએ, એ આવા આરોપીનો મૂળભૂત અધિકાર છે કારણ કે બંધારણે અનુચ્છેદ ૨૧ થી, તેને જીવન તથા સ્વાતંત્ર્યનો મૂળભૂત અધિકાર આપેલ છે. જે અનુચ્છેદ ૨૧ થી જણાઈ આવે છે.[295]

અનુચ્છેદ ૨૨ ખૂબ જ સ્પષ્ટ છે તે પ્રમાણે કોઈ વ્યકિતને પોતાની પસંદગીના વ્યવસાયી વકીલની સલાહ લેવાની અગર તેના દ્વારા તેનો બચાવ થાય એવી જોગવાઈથી વંચિત કરી શકાય નહિ. અનુચ્છેદ ૨૨ પ્રમાણે વકીલની સલાહ તથા તેના દ્વારા બચાવનો આ મૂળભૂત અધિકાર બંધારણ સભાએ ખૂબ વિસ્તૃત ચર્ચા બાદ ઘડયો છે. જયારે કોઈ વ્યકિતની ધરપકડ થાય, ત્યારે તેની પોતાના પસંદગીના વકીલની સલાહ લેવાનો તેને હકક છે. અને તેથી એ ધરપકડ કરાયેલો આરોપી પોલીસની હાજરીમાં વકીલ સાથે પોતાના કેસ બાબત ચર્ચા કરી શકે.[296] આ અધિકાર ધરપકડ થયેલી કોઈપણ વ્યકિતને મળી શકે છે પછી તે ધરપકડ સામાન્ય કાયદા હેઠળ હોય કે વિશિષ્ટ કાયદા હેઠળ થયેલ હોય, તો પણ આ અધિકાર પ્રાપ્ય છે.[297]સલાહ લેવાનો તથા વકીલ દ્વારા બચાવનો આ અધિકાર માત્ર ફોજદારી અદાલતમાં જ નહિ, પણ સુનાવણી અને કેસનાં કોઈપણ તબકકે મળી શકે, તેવો અપરાધ દેહાંત દંડનો, કેદ, અગર અન્ય સજાપાત્ર હોય તો જ મળી શકે એવું નથી, એ માત્ર બચાવનો જ નહિ પણ ખૂદ તહોમતનામાનો વિરોધ કરવા માટે પણ મળે છે.[298] અને આરોપી કદાચ જામીન

295 Sukdas and others v. Territory of Arunachal Pradesh AIR 1986 S. C. 991.
296 Motibai v. State. AIR 1954 Raj.241.
297 State of M. P. v. Shobharan AIR 1966 S.C. 1916
298 Ibid.

ઉપર છૂટી જાય તો પણ એ અધિકાર સમાપ્ત થતો નથી અને નિવારક અટકાયતના કેસમાં પણ આ અધિકાર પ્રાપ્ય છે.

પહેલાં સુપ્રિમ કોર્ટનું મંતવ્ય એવું હતું [299]કે આ અધિકારોનો અર્થ આરોપીને રાજયને ખર્ચે વકીલ આપવો, એવો થતો નથી, પણ હવે ઉપર જણાવેલા હુસેનઆરા ખાતૂનના કેસ પછી સુપ્રિમ કોર્ટ સ્પષ્ટ પણે જણાવેલ છે કે જો વ્યકિત પોતાના ખર્ચે વકીલ રોકી શકે નહિ, તો તેને રાજયને ખર્ચે વકીલ રોકી આપવો એ રાજયની ફરજ છે.

આ રીતે અમીર અને ગરીબ વચ્ચે સમાન ન્યાય મળે એ માટે ૧૯૭૬માં બંધારણના ૪૨માં સુધારાથી રાજયનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોમાં, અનુચ્છેદ ૩૯(અ) ઉમેરાયો છે અને સમાન ન્યાયના હકકને બંધારણીય માન્યતા મળી છે.[300]એ રીતે બંધારણના અનુચ્છેદો ૧૪, ૨૧ તથા ૨૨ થી સમાનતાના મૂળભૂત જે અધિકારો અપાયા છે તેના આદર્શોની સિદ્ધિ આ અનુચ્છેદ ૩૯(અ) થી થાય છે અને તેની પ્રાપ્તિનો માર્ગ સરળ થાય છે. આ નવા અનુચ્છેદ ૩૯(અ) નો પ્રધાન હેતુ પક્ષકારો વચ્ચેની અસમાનતા મટાડવાનો અને ગરીબો સુધી ન્યાય પહોંચાડવાનો છે.

આ અનુચ્છેદ ૩૯(અ) વ્યકિતને નિઃશુલ્ક કાનૂની સેવાના અધિકારને બંધારણ સ્થાપિત કરે છે [301]અને ભારતમાં આર્થિક તથા સામાજિક દ્રષ્ટિએ અસમાન વ્યકિતને સમાન ન્યાયનું જ્ઞાપન કરે છે તથા એ ગરીબને કાનૂની ન્યાય અને સહાય આપવાનું ઉત્તરદાયત્વિ રાજય સરકાર ઉપર નાંખે છે તથા આરોપી અથવા કેદીના

---

299 Janarthan v. State of Hyderabad AIR 1951 S. C. 344; and Public Prosecar for v. Venkata, AIR 1961 A.P. 104

300 D. D. Basu, Constitution of India, Prentice of India Pvt, Ltd. New Delhi (1981) at 231.

301 V. R. Krishna Iyer, Law, Society and Collective Consciousness, Allied Pub. Pvt, New Delhi (1982) at 44.

અધિકારની સુરક્ષા માટે રાજયે તે માર્ગ સરળ કરવો જોઈએ તેવી જવાબદારી પણ રાજય ઉપર નાંખે છે.[302]

રાજન દ્વિવેદી વિ. ભારત સંઘ[303]ના કેસમાં સૂપ્રિમ કોર્ટે, અનુચ્છેદ ૩૯(અ) ના હેતુને વિસ્તૃત અર્થમાં સમજાવતા કહયું છે કે અનુચ્છેદ–૩૯(અ)ની જોગવાઈથી એવું સ્પષ્ટ થાય છે કે, બંધારણનું ધ્યેય એ સામાજિક ન્યાય પ્રાપ્ત કરવાનું છે, જેથી કાનૂની સહાયની અમલ સર્વગ્રાહી યોજના દ્વારા થવા જોઈએ, બંધારણના મૂળભૂત અધિકારો તથા રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચે કોઈ વિસંવાદ નથી, કારણ બંન્નેનો હેતુ દેશમાં એક સામાજિક ક્રાન્તિ લાવવાનો છે. અને બંધારણમાં જેની કલ્પના કરી છે તે કલ્યાણ રાજય, ભારતમાં લાવવાનો છે. મૂળભૂત રીતે અનુચ્છેદ ૩૯(અ) એ દેશના વહીવટી તંત્ર તથા વિધાન તંત્રને ઉદેશીને ઘડાયો છે, પણ તે છતાં જેટલી હદ સુધી ન્યાયની અદાલતો બંધારણની મર્યાદામાં રહીને ન્યાયિક વિધાનો કરી શકે છે, તેટલી હદ સુધી આ અનુચ્છેદ અદાલતો માટે બંધનકારક આદેશ છે.

અનુચ્છેદ ૩૯(અ) થી અનુચ્છેદ ૨૧ નું પણ અર્થઘટન થયું છે,[304] છતાં તે માટે અનુચ્છેદ ૩૨ પ્રમાણે કોઈ રીટ અરજી થઈ શકતી નથી, કારણ એ માત્ર રાજય નીતિનો માર્ગદર્શક સિદ્ધાંત છે તેથી ઉપર જણાવેલ કેસમાં પક્ષકાર " રાજન દ્વિવેદી" મેન્ડેમસ (પરમાદેશ) ની રીટ આજ્ઞા માગી શકે નહિ,છતાં સુપ્રિમ કોર્ટે અનુચ્છેદ ૩૯(અ) ને માન્ય રાખી તેનું સંઘાન લઈ અનેક ફોજદારી કેસોમાં નિર્ણયો આપેલ છે. જયારે કોઈ આરોપી ગરીબી અગર અન્ય કારણથી પોતાના બચાવ માટે વકીલ રોકી શકે તેમ ન હોય, ત્યારે જો રાજય તેને નિઃશુલ્ક (મફત ) કાનૂની સલાહ અને સહાય તથા બચાવની યોગ્ય તક આપે નહિ તો સુનાવણીની સમગ્ર પ્રક્રિયા અને

302 Upendra Basxi, The Indian Supreme Court and politics, Eastern Book Co. Luknow,(1980) at 45.

303 AIR 1983 SC 624

304 W. W. Chitaley and V. B.Bakhali AIR Manual Civil and Criminal, 4th at 318

કાર્યવાહી દૂષિત થઈ જાય છે, આવા સંજોગોમાં આરોપી જેની સામે વાંધો ન લેતો હોય, તેવા વકીલને તેના બચાવ માટે રાજય નિયુકત કરવો જોઈએ.[305]આરોપીનો આ અધિકાર તેને પ્રથમ અદાલત સમક્ષ પ્રાપ્ત થાય છે.

## ૩.૧ (૧) સામાન્ય જોગવાઈઓ

જો કે ભારતનાં બંધારણમાં બહુજ શરૂઆતમાં કાનૂની સહાયને લગતી કોઈપણ જોગવાઈ હતી નહીં પરંતુ ખાસ કરીને સમાનતા સ્વતંત્રતા અને ન્યાય ભારતના તમામ નાગરીકોને આપવાની બાંહેધરી અને જ્ઞાતિ, જાતિ, લિંગ, કે ધર્મ આધારિત ભેદભાવની નાબુદીમાંથી આ ખ્યાલ કદાચ મળી આવે છે. ભારતીય બંધારણ એ એક સામાજિક દસ્તાવેજ છે. કે જેમાંથી એક નવી સામાજીક વ્યવસ્થા કરવામાં આવી છે કે જેમાં બધાને ન્યાય સામાજિક, આર્થિક અને રાજકીય મળી રહે ભારતીય બંધારણના ઘડવૈયાઓએ એક વિશાળ દ્રષ્ટિ એવી હતી કે જેના થકી ભારતમાં એક નવી સમાજવ્યવસ્થા ઉત્પન્ન થાય કે જેના થકી લોકોની વૈવિધ્યપૂર્ણ કલ્પનાઓને તેમના ઉચ્ચ આદર્શો સાથે પ્રેરવામાં આવે ભારતનું બંધારણ ભારતના લોકો દ્વારા અને લોકો માટે એટલે કે ગરીબો અન માટે ઘડાયેલું છે. આ નવી વ્યવસ્થાના તેઓ ઘડવૈયા ઉપરાંત લાભાર્થી પણ છે. ભારતીય બંધારણના આમુખમાં જે આદર્શો સોપવામાં આવ્યા છે. તેમાં દરેકને માટે સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય એ મુખ્ય છે. ન્યાય તેના સીધા અર્થમાં સર્વસ્વીકૃત અર્થમાં અને વ્યવહારિક તથા ખ્યાલની દ્રષ્ટીએ જોઈએતો, દરેકને જે જોઈએ છે તે આપવું.

---

[305] Hoskot v. State of Maharashtra AIR 1978 S. C. 1548, paras 11,13, 24 and State of Haryana v. Darshan, AIR 1979 S. C. 855 para 4.

ન્યાયનો ખ્યાલ બીજા જ એક અગત્યના ખ્યાલ સાથે અભેદ રીતે સંકળાયેલો છે. અને તે ખ્યાલ છે સમાનતા અનુચ્છેદ–૧૪ કાયદા સમક્ષની સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ આપે છે. તેનો અર્થ એ થયો કે કોઈપણ વ્યકિત કાયદાથી પર નથી પછી તે ગમે તેટલો ઉચ્ચો હોદ્દો કે પરિસ્થિતિ ધરાવતો હોય. આમ દરેક વ્યકિતઓ સામાન્ય અદાલતોની હકૂમતમાં એટલે કે કાયદાને આધીન હોય છે. બીજો એવો અગત્યનો ખ્યાલ કાયદા સમક્ષની સમાનતા છે ડો. જેનીગ્સનાં જણાવ્યા મુજબ કાયદા સમક્ષની સમાનતા એટલે કે સમાનની સાથે કાયદો સમાન રહેશે. અને સમાન રીતે તેનો અમલ થવો જોઈએ. દાવો થવાનો અને દાવો કરી શકવાનો ફરીયાદનો તથા બચાવનો અધિકાર તેના દરેક નાગરીકોને દરેક ઉમરની વ્યકિતઓને તેમના કોઈપણ જાતના સામાજિક સ્ટેટસ કે રાજકીય દખલગીરી સિવાય અને ધર્મ જાતિ, જ્ઞાતિનાં ભેદભાવ સિવાય મળે છે.[306] સુદીર્ઘ, અત્યંત ધીમી, ગુંચવાડા ભરી કાર્ય પદ્ધતિ અને અત્યંત ખર્ચાળ તેવી ન્યાય પ્રણાલી આપવા દેશમાં પૈસાદારોને મદદ કરે છે. અને ગરીબો અને સમાજના સામાજિક રીતે કચડાયેલા તથા શોષિત વર્ગોને પ્રતિકૂળ અસર કરે છે. સમાનતાના ખ્યાલમાં એ જરૂરી છે કે ન્યાયિક પ્રક્રિયાના બંને પક્ષકારો એક સમાન રીતે બંને પક્ષકારોને એક સરખી તક મળવી જોઈએ. ગરીબ અને વંચિત પક્ષકારને તેની ગરીબીના કારણે ન્યાય મેળવવાની આ તક તેના હાથમાંથી સરી જાય છે. અને તેના કારણે કાયદાકીય સમાનતા અને સામાજીક સમાનતા વચ્ચેની અસમાનતા ઉત્પન થાય છે. અને તેથી રાજયે  દૃઢતાપૂર્વક પગલાં લઈ આવા વંચિતો અને ગરીબો માટે રાજયના ખર્ચે એવી વ્યવસ્થા ઉત્પન કરી આપવી જોઈએ કે જેથી તેઓ ન્યાય મેળવવાની બાબતમાં સમાન તક પ્રાપ્ત કરે જો કોઈ ગરીબ વ્યકિત તેની નબળી આર્થિક

[306] Jennings - Law of the Constitution. page.9 Third Ede.

પરિસ્થિતિને  કારણે કોઈ સક્ષમ ધારાશાસ્ત્રી કે ધારાશાસ્ત્રીને રોકી શકે નહી તો આ સંજોગોમાં પ્રત્યક્ષ રીતે જોવા જઈએ તો, અનુ. ૧૪ મુજબના સમાનતાના અધિકારોનો કોઈ અર્થ રહેતો નથી. કાનૂની સહાય એ એવી પ્રત્યક્ષ રીત છે કે જેના થકી કાયદા સમક્ષની સમાનતા અને કાયદાઓનું સમાન રક્ષણ મળી રહે છે. રાજયની એ વિધેયાત્મક ફરજ બની રહે છે કે તેણે ગરીબ પક્ષકારોને ન્યાયની અદાલતોમાં સરળતા પૂર્વક પ્રવેશી શકે તે માટે સમર્થ કરવા જોઈએ.

સમાનતાનો નિયમ અધિકારની રૂએ એવું જણાવે છે. સાધન સંપન્ન અને વંચિતો માટે અલગ પ્રકારની જોગવાઈઓ રાજય દ્વારા તેની ન્યાયિક કાર્ય પ્રણાલીમાં કરવી જોઈએ. કાયદા સમક્ષની સમાનતા એવું દર્શાવે છે કે [307]રાજય દ્વારા ગરીબ અને વંચિત પક્ષકાર માટે તેમના રક્ષણાર્થે બંધારણીય રીતે એક ખાસ આદેશ આપવો જોઈએ કારણ કે તેની સામે બીજો જે પક્ષકાર હોય છે. તે સામાજિક અને રાજકીય રીતે સક્ષમ અને આર્થિક રીતે તાકાતવર હોય છે.

આમ કાનૂની સહાયનો ખ્યાલ ભારતીય બંધારણના અનુ.૧૪ માં ગર્ભિત રીતે સમાવાયેલો છે. સ્વ. શ્રી એમ. સી. સેતલવાડ કે જેઓ લૉ કમીશન ઓફ ઈન્ડિયાના પ્રથમ ચેરમેન હતા. તે જણાવે છે કે, " બંધારણના અનુ. ૧૪ જણાવે છે કે, રાજયે કોઈપણ વ્યકિતને કાયદા સમક્ષ સમાનતાનો કે કાયદાના સમાન રક્ષણનો ઈન્કાર કરશે નહિ. આમ ન્યાયના વહીવટમાં સમાનતા ,જે આપણા બંધારણના પાયાનું તથ્ય છે.જયાં ગરીબમાં ગરીબ વ્યકિત ન્યાયના વહીવટની પ્રણાલીમાં જે લાભ લઈ શકતો ન હોય તેવાં સાચી લોકપ્રણાલી સંભાળી શકે નહી. એવું કહેવામાં અતિશયોકિત નહીં ગણાય કે જયાં સરકાર દ્વારા તેના વંચિત વર્ગોનું ન્યાય પ્રાપ્ત કરાવવાની મશીનરી.

[307] Dr.B.M.Shukla, Constitution of India.(Translation) 5th ed. p. 27.

આગળ તેઓ જણાવે છે કે "સમાનતાએ સમગ્ર આધુનિક વિધિપ્રણાલીઓ અને ન્યાયનાવહીવટનો પાયો છે." જે કોઈ વ્યકિતને તેની તરફ થયેલા દૃષ્કૃત્યોની સારવાર મળી ન શકતી હોય કે પોતાની જાતનો તે અપરાધિક તોહમતમાં બચાવ કરી શકતો ન હોય તો આવા સંજોગોમાં તેને રક્ષવામાં આવેલાં કાયદાઓનો કોઈ જ અર્થ નથી. અને તેટલી હદે તે તેના હેતુઓમાં નિષ્ફળ ગયેલાં ગણાશે.[308]

કાનૂની સહાયનો ખ્યાલ ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૨ માં પણ વ્યકત થાય છે અનુચ્છેદ ૨૨ મનસ્વીપૂર્વક કરાતી અટકાયત અને ધરપકડમાં અનેક પ્રક્રિયાત્મક રક્ષણ સૂચવે છે. આ જોગવાઈ મુજબ ધરપકડ કરાયેલ વ્યકિતને તેના ધારાશાસ્ત્રીનો સલાહ લેવાનો અને તેની પસંદગીના વકીલ દ્વારા બચાવ કરવાનો અધિકાર છે. જો કે આ બધાંજ પ્રક્રિયાત્મક રક્ષણ ફોજદારી કાર્યવાહી ધારામાં પણ દર્શાવાયેલા છે. આપણા બંધારણમાં ઘડવૈયાઓ ધરપકડ કરાયેલી વ્યકિતની સ્વતંત્રતા અને તેમના માનવીય ગૌરવના પ્રશ્ને સભાનતા દર્શાવવા અંગેનો રક્ષણનો ભારતીય બંધારણના ભાગ–૩ માં દર્શાવામાં આવેલા મૂળભૂત અધિકારોમાં, અનુ.૨૨ અંતર્ગત સામેલ કરી દીધો. જો આવા મૂળભૂત અધિકારોના ભંગને પરિણામે તેના જતન માટે ઉચ્ચત્તમ ન્યાયાલયમાં જવાના અધિકાર જો ગરીબ વ્યકિતને રાજયના ખર્ચે મફત કાનૂની સેવાઓ પૂરી પાડવામાં નહી આવે તો માત્ર કાગળ પરનો અધિકાર જ બની રહેશે.

## ૩.૧ (૨) રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો તરીકે

[308] Encyclopedia of Social work in India 1968,p.470

૧૯૭૬માં, બંધારણમાં થયેલા ૪૨ મા બંધારણીય સુધારા દ્વારા, ભારતમાં કાનૂની સહાયની ચળવળમાં એક પ્રેરકબળ પ્રાપ્ત થાય છે. આ સુધારા દ્વારા અનુ.૩૯(એ) ઉમેરવામાં આવે જે નીચે મુજબ છે. [309]

આમ, આર્ટી. ૩૯–એ દ્વારા સમાન ન્યાય અંગેની જોગવાઈ કરવામાં આવી છે. જે ભારતનાં તમામ નાગરીકોને તેના આમુખમાં અને કાયદા સમક્ષની સમાનતાના મૂળભૂત અધિકાર દ્વારા ઈચ્છવામાં આવી છે. આર્ટી.–૩૯(એ)ને ઉમેરવા પાછળનો મુખ્ય હેતુ, ગરીબમાં ગરીબ વ્યકિતને સમાનતા અને નબળા વર્ગોને ન્યાયની પ્રાપ્તિમાં થતી અસમાનતાઓને ઉપશમન કરવાનો હતો. બીજા શબ્દોમાં કહીએ તો, કોઈપણ વ્યકિતને માત્ર તેની ગરીબીને કારણે કે કોઈ વકીલ રોકી શકવાની શકિત ન હોવાને કારણે ન્યાય મેળવવાથી વંચિત કરવામાં નહીં આવે, આમ, બંધારણના અનુ.–૩૯(એ) દ્વારા ગરીબોને સફત કાનૂની સેવા આપવાનું બંધારણીય સ્વરૂપ આપવામાં આવ્યું.

બીજા રાજયનિતિના માર્ગદર્શક સિદ્ધાંતોની જેમજ આર્ટી.–૩૯(એ) પણ ન્યાયની અદાલત દ્વારા અમલને પાત્ર નથી.[310] જો કે કાનૂની સેવાઓ આપવાના આ બંધારણીય આદેશને ફકત ધારાકીય કે વહીવટ શાખાઓ પૂરતો જ નહીં પરંતુ ન્યાયતંત્રને પણ આપવામાં આવેલો છે. ભારતનું સુપ્રીમ કોર્ટે આ બાબત નીચે મુજબ જણાવી છે.

"અનુચ્છેદ– ૩૯(એ) ની તમામ શરતો જોતાં એ સ્પષ્ટ થાય છે કે, બંધારણનો ઉદ્દેશ સામાજિક અને સમાન ન્યાય આપવાનો છે. અને તેટલા માટે કાનૂની સહાયની સર્વગ્રાહી યોજનાને અમલમાં મૂકવામાં આવે છે. સામાજિક બદલાવ અને

---

[309] Article 39- A, Inserted by 42nd Amendment, 1976

[310] Directive Principle of State Policy. Article 25

કલ્યાણ રાજય સ્થાપવાની જે ભાવના આમુખમાં વ્યકત કરવામાં આવી છે. તેનુ પામવા માટે રાજય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અને મૂળભૂત અધિકારોમાં કોઈ વિસંવાદિતા નથી પરંતુ તે થકી તેઓ બંને એક જ  લક્ષ્ય સ્થાપે છે. મૂળભૂત રીતે અનુ.–૩૯(એ) ધારાકીય અને વહીવટી શાખાને ઉદેશાયેલો હતો પરંતુ કાયદાની અદાલતોને પણ આમાં સાનુકૂળ કરી લેવામાં આવી અને તેથી હવે અદાલતો આ આદેશથી બંધાયેલી છે.[311]

આથી સ્પષ્ટપણે એવું કહી શકાય કે અનુચ્છેદ–૩૯(એ) કાનૂની સહાયના માધ્યમ દ્વારા વિતરણાત્મક ન્યાયના ખ્યાલને પામવાનો પ્રયત્ન છે. તે રાજયને આ દિશામાં વિધાયક પગલાંઓ ભરવાનું સૂચન કરે છે. આમ કાનૂની સહાય એ વિતરણાત્મક ન્યાયનો સાધન અને સાધ્ય એમ બંને બની રહે છે.

## ૩.૧ (૩)   મૂળભૂત હક્ક તરીકે

ભારતીય બંધારણ અનુચ્છેદ ૨૧, નિશ્ચિત કરે છે કે કાયદાની યોગ્ય પ્રક્રિયા કર્યા સિવાય કોઈ વ્યકિતને તેના જીવન કે વૈયકિતક સ્વતંત્રતાથી વંચિત કરવામાં નહી આવે કાયદા દ્વારા પ્રસ્થાપિત પ્રક્રિયાઓનું ફકત આભાસીકરણ હોય તે જરૂરી નથી પરંતુ આવી પ્રક્રિયા તે "યોગ્ય, વ્યાજબી" અને ન્યાયી હોવી જોઈએ. આવી પ્રક્રિયા એ બંધારણના આત્મા સાથે સંવાદિત થયેલી હોવી જોઈએ અને સુસભ્ય સંસ્કૃત સમાજના નિયમોમાં વ્યકત થયેલી હોવી જોઈએ. જેવીરીતે નૈસર્ગિક ન્યાયના સિદ્ધાંતો વ્યકત થાય છે . આવી પ્રક્રિયા તે અસભ્ય કે અણઘડ પ્રક્રિયા ન હોવી જોઈએ.

મેનકા ગાંધીના સીમાચિહન ચૂકાદામાં ન્યાયમૂર્તિશ્રી ભગવતીએ ભારપૂર્વક જણાવુ કહયું કે, જે થકી તે (વ્યકિતને) ની સ્વતંત્રતા છીનવાતી હોય તે (પ્રક્રિયા) યોગ્ય વ્યાજબી અને ન્યાયી હોવી જોઈએ. માનનીય ન્યાયમૂર્તિએ જણાવતાકહયું કે યોગ્યતાનો સિદ્ધાંત ,કાયદાકીય અને તાત્વિક બંને અર્થમાં સમાનતા

---

[311] Ranjan Dwivedi & Union of India, AIR 1983 SC 624

અંગેનો અનિવાર્ય તત્વ છે આર્ટી.૨૧ દ્વારા કરાતી પ્રક્રિયા ,આર્ટી.૧૪નાં આદેશોની સાથે સુસંગત થઈને યોગ્યતાની પરીક્ષા પૂર્ણ કરતી હોવી જોઈએ. તે હંમેશા સત્ય ,ન્યાયી અને વ્યાજબી પણાને અનુસરતી હોવી જોઈએ નહિં કે આપખુદ, તરંગી કે દમનકારી, અને જો આવું હશે તો તે અનુ. ૨૧ મુજબની યોગ્ય પ્રક્રિયાને સંતોષ હશે નહી.

ન્યાયમૂર્તિશ્રી કૃષ્ણઐયરે તેમના અલગ અભિપ્રાયમા[312] ભારપૂર્વક જણાવ્યું કે આર્ટી. ૨૧ ની પ્રક્રિયા એ યોગ્ય પ્રક્રિયા હોવી જોઈએ. નહી કે ઔપચારિક. કાયદો એ યોગ્ય હોવો જોઈએ, નહીં કે માત્ર ઘડાયેલ કાયદો. ન્યાયમૂર્તિ શ્રી કૃષ્ણઐયરે જણાવ્યું કે, કાયદા દ્વારા પ્રસ્થાપિત કાર્યવાહી, તેના વિનાશક પ્રભાવમાં વ્યકિતનું સ્વાતંત્ર્યને અને તેના જીવનને જોખમી રમકડુ બનાવી શકે, તેથી આપણે આ ભારેખમ શબ્દોમાંથી બીજા શબ્દો નીચોવી લેવા જરૂરી બને છે. આપણે તેમાંથી તેના આત્મામાં સંસ્કારીત હોય તેના હુકમમાં ન્યાયોચિત હોય તેવા, સહાય કર્તા કાયદાના શાસનના તત્વો તેમાં તારવી કાઢવાના છે. વધુમાં આપણે તેમાં ગેરહાજર રહેલા કાર્યવાહીલક્ષી રક્ષણના આદેશાત્મક તત્વ ગોઠવવાના છે. આવા કાર્યવાહીલક્ષી તત્વો કાયદાના મુખ્ય સ્વરૂપને સ્ફૂરણ કરશે. શું કરેગેં યા મરેંગેના દેશપ્રેમ સાથે આપણે આપણી મુકિત માટેની લડાઈ જે સલામતીના માનવ અધિકારના પવિત્ર તત્વ માટે શરૂ કરી હતી તેને માનવ અધિકારના આવશ્યક ધોરણે અવગણીને માત્ર આકારલક્ષી હુકમોના છિદ્રો વાટે વહી જવા દેવા શકાય. તેથી કાર્યવાહીલક્ષી ન્યાય આર્ટી.૨૧ માં ઉડીને આંખે વળગે તે રીતે સમાવિષ્ટ છે.

પ્રક્રિયાત્મક રક્ષણાર્થો, સ્વતંત્રતાના અવિચ્છન્ન અંગ છે. ખરેખરતો વૈયકિતક સ્વતંત્રતાનો ઈતિહાસ એ ખાસ કરીને તો પ્રક્રિયાત્મક રક્ષણનો અને માનવીય

---

312 M.H. Hoscot v. State of Maharastra.

અધિકાર છે. ભારતમાં ગરીબી અને નિરક્ષરતાને કારણે લોકો તેમના અધિકારોને રક્ષવામાં અને પ્રક્રિયામાં નિષ્ફળ જાય છે.

માનનીય ન્યાયમૂર્તિએ જણાવ્યું કે આર્ટી. ૨૧ માં સમાવિષ્ટ મૂળભૂત અધિકારનું નિયંત્રણ ખુદ નિકંદન કરવા માટેની રીત રસમો સાથે નિસ્બત ધરાવે છે. તેથી તે ન્યાયોચિત ડહાપણ તે મુખ્ય અધિકારને ઉથલાવે તે રીતે નહિ પણ અસરકારક બનાવે તે રીતે, કાળજીથી આવી રીત રસમો તૈયાર કરવાની ં કાર્યવાહી, એકહથ્થુ મનઘડત કે વિચિત્ર ન હોવી જોઈએ. એક મૂલ્યવાન બંધારણીય અધિકારને સંસ્કૃત પ્રક્રિયાના બીબામાં જ ઢાળી શકાય.

જીવન અને સ્વતંત્રતા માં જે મૂળભૂત છે અને જે કાર્યવાહીલક્ષી છે તે તેના વપરાશની રીતમાં જણાવેલી છે પ્રસ્થાપિત જેવા મજબુત શબ્દો વડે આ કાર્યવાહીની ન્યાયોચિતતાની ઉપર ભાર મુકાયો છે. તેનો અર્થ, મજબૂત રીતે રોપાયેલી થાય છે નહિ તે મનમોજી કે સ્વચ્છંદી અથવા તો તે રીતે જો તે કાનૂની સમાજની કાનૂની ચેતનામાં રોપાયેલી હોય તો તે કાર્યવાહી પ્રસ્થાપિત કાર્યવાહી બને છે અને કાયદો એટલે ન્યાયપૂર્ણ માનવામાં આવેલું વર્તન ધોરણ તે વિષે કોઈ શંકા રહેતી નથી. કારણ કે કાયદો એ સાધન છે અને ન્યાય તેનું સાધ્ય છે.

માનનીય ન્યાયમૂર્તિએ જણાવ્યું છે કે પ્રક્રિયાત્મક રક્ષણો તે સ્વતંત્રતા માટે અનિવાર્ય છે. અને તે માટે જણાવ્યું કે કોઈપણ વ્યકિતનું તેની વૈયકિતક સ્વતંત્રતાને રક્ષવા માટે કાનૂની સહાય એ અતિ આવશ્યક પૂર્વ શરત છે કાનૂની સહાય કે જે એક કેદી, કે જે ગરીબ છે કે બીજી રીતે કાનૂની સહાય મેળવાથી વંચિત છે, તેના માટે યોગ્ય પ્રક્રિયામાં ભાગ કઈ રીતે બની શકે તે જણાવતાં વિસ્તૃત તેમણે જણાવ્યું કે, એક કેદી જે કોર્ટની પ્રક્રિયા મારફતે પોતાની મુકિતની ઝંખના રાખે છે. તેને વકીલની સેવાઓ મળવી જોઈએ. આ બાબત તે તેની માટેની ન્યાયોચિત કાર્યવાહીનો એક અન્ય અગત્યનું ઘટક

તથ્ય છે કાર્યવાહીલક્ષી આંટીઘૂંટીઓ, કાનૂની રજુઆતો અને પુરાવાનો વિવરણલક્ષી તપાસ ધરાવતો ન્યાયતંત્ર દ્વારા મળતો ન્યાય વકીલના વ્યવસાયિક આવડત પર આધાર રાખે છે. જયારે વકીલોની આવી સહાય લક્ષી આવડત એક પક્ષ માટે ઉપલબ્ધ ન હોય ત્યારે કાયદા હેઠળ મળવો જોઈતો સમાન ન્યાય આકાર પામી શકતો નથી. એંગ્લો અમેરિકન નમૂનાના બીબામાં છપાયેલું છે અને આપણું કાનૂની આંટીઘૂંટીઓ વડે સંચાલન પામતી ન્યાયતંત્રીય પ્રક્રિયા, કાયદા હેઠળના સમાન ન્યાયના ચક્રોને ગતિમાન રાખવા માટે વકીલરૂપી ઉર્જાના સહકાર ને આવશ્યક બનાવે છે. જરૂરિયાત વાળી વ્યકિતઓને મફત કાનૂની સહાય સેવાઓ પૂરી પાડવી તે બાબત, ઈંગ્લેન્ડની ફોજદારી ન્યાય પ્રણાલીનો એક અંશ છે."

ઉપરોકત બાબતને યથાર્થ ઠેરવતાં તેમણે અમેરીકન વિધિજ્ઞ પ્રોફેસર વાન્સ ઓફ યેલ કે જેમણે ભારતનો સંદર્ભમાં વાત કરી હતી તેમણે અનુમોદન આપતાં જણાવ્યું કે, એક ગરીબ અને અજ્ઞાની માણસને કાયદો શું છે? તેની જાણકારી આપનાર કોઈ ન હોય તો તે કાયદા સમક્ષ તેના મજબૂત પ્રતિસ્પર્ધી સામે કાયદાની નજરમાં સમાન છે. તેથી તેને શું ફાયદો એવું કહેવાથી અથવા જયારે તે કેસ દાખલ કરવાની ફી જયારે તેને ભરવાના પણ સાંસા પડતા હોય ત્યારે બીજા બધા માણસોની માફક જ તેજ શરતો એ કોર્ટો તેના માટે પણ ખૂલ્લી છે તેવું તેને કહેવાથી શું ફાયદો ?

માનનીય ન્યાયમૂર્તિએ સમગ્ર એટલાંટિક દ્વીપમાં જાણીતા બનેલા ગીડીયનના કેસને ટાંકીને જસ્ટીસ બ્લેકે જણાવ્યું કે,

જયારે કેસની શરૂઆત થાય ત્યારે જ આકિંચન આરોપીને મફત કાનૂની સેવાઓ પુરી પાડવાની બંધારણીય ફરજ ઉપસ્થિત થતી નથી, પણ જયારે તે આરોપીને મેજીસ્ટ્રેટ સમક્ષ સૌ પ્રથમવાર રજુ કરવામાં આવે ત્યારે પણ તે ફરજ (રાજય ઉપર) આવી પડે છે. જેવી એક વ્યકિતની ધરપકડ થાય અને તેને મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ

કરવામાં આવે ત્યારે તેની વ્યકિત સ્વાતંત્ર્ય જોખમમાં આવી પડે છે તે બાબત સાવ સામાન્ય છે. કારણ કે આ તબકકે જ તેને જામીન માટે અરજી કરવાની પહેલી તક મળે છે અને તેમ કરીને પોતાનો છુટકારો મેળવવાનો અને પોલીસનો રીમાન્ડ કે જેલ કસ્ટડીનો સામનો કરવાનો  મોકો મળે છે. આજ તબકકે આરોપીને સક્ષમ કાનૂની સેવા અને રજુઆતની જરૂર પડે છે ,તેથી જે કાર્યવાહી આ આવી કાનૂની સલાહ અને રજુઆતનો આ તબકકો તેને ઈન્કાર કરતી હોય તે કાર્યવાહીનો વ્યાજબી ન્યાયોચિત અને યોગ્ય કહી શકાય નહિ.

પોતાની પસંદગીના વકીલની સલાહ લેવાનો અધિકાર ધરપકડ કરાયેલી કોઈપણ વ્યકિતને નકારી શકાશે નહિ. આર્ટીકલ ૨૨ (૧) નો ભાવાર્થ અને સૂર અનુસાર જે વ્યકિતને (પોલીસ) જાપ્તામાં, પુછપરછના સંજોગોમાં કોઈ આરોપી તરીકે તપાસી હોય તેને વકીલની સેવાઓ ઉપલબ્ધ થવી જોઈએ તેવો કાયદાના શાસનનો મૂળભૂત નિયમ છે. વધુમાં સ્વયં દોષારોપણ, પોતાને ગુનામાં ફસાવે તેવી વાત નહી કહેવાનો તેનો અધિકારના સંબંધને માટે તેની પસંદગીના કાનૂની સલાહકારની સલાહ લેવાનો આરોપીને અધિકાર આપવો તેજ ઉત્તમ છે.

સાતસો વર્ષ પહેલાં માનવઅધિકારોના કહેવાતા પ્રથમ હકપત્ર મેગ્નાકાર્ટામાં ૪૦ માં પેરેગ્રાફમાં નીચે મુજબની જોગવાઈઓ કરવામાં કરવામાં આવી હતી.

અમો કોઈને ન્યાયથી નકારીશું નહી કે વંચિત કરીશું નહી કે વિલંબ પણ કરીશું નહી. આધુનિક દુનિયામાં કાનૂની સહાયના બંધારણીય અધિકારો તરીકેનું બીજારોપણ આ થકી થયું હતું ત્યારબાદ સુસભ્ય  વિધિમાંમાસા રૂપે વિશ્વના તમામ દેશોમાં તે વિસ્તર્યુ છે.

માનવ અધિકાર આ શબ્દ આંતરરાષ્ટ્રીય રાષ્ટ્રીયસ્તરે પ્રથમ વિશ્વયુદ્ધ બાદ લીગ ઓફ નેશન અને ત્યારબાદ યુનાઈટેડ નેશન્સના Conventions માં જોવામાં મળે છે. જો કે કાનૂની સહાયનો અધિકાર એ માનવઅધિકારોની ઘોષણમાં સ્પષ્ટ રીતે વ્યકત થતો ન હતો.

પરંતુ માનવઅધિકારોના રક્ષણ અંગેના યુરોપીયન સંધિ Conventions, ૧૯૫૩ અનુચ્છેદ ૬(૩)(સી) માં, અપરાધિક મામલાઓમાં કાનૂની સહાય આપવા અંગેની જોગવાઈઓ કરવામાં આવી હતી.

**અનુચ્છેદ ૬ :–**

તેના દિવાની અધિકારો નકકી કરવામાં અથવા તેના વિરૂદ્ધના અપરાધિક તહોમત દરમ્યાન, દરેક વ્યકિતઓ યોગ્ય અને જાહેર સુનવણી માટે એક યોગ્ય સમયમાં નિષ્પક્ષ અને સ્વતંત્ર ભારતમાં કાનૂની સહાયનો ખ્યાલ તેના વૈવિધ્ય પૂર્ણ સામાજીક અને સાંસ્કૃતિક વારસાને લીધે બીજા વિકસીત દેશોની સરખામણીએ વિલંબથી આવેલો છે. તેની જરૂરીયાત ભારતનાં બ્રિટીશ શાસન દરમ્યાન જણાઈ હતી અને તેથી આ અંગેનો ખ્યાલ દિવાની કાર્યવાહીના ધારામાં' ફોંમા પ્રોપરીસ'માંથી મળે આવે છે. પરંતુ અત્યારના સમયમાં જે કાનૂની સહાય નજરે પડે છે તે બ્રિટનમાં રચાયેલી રશકલીફ કમીટી રીપોર્ટ પર આધારીત છે. આ અંગેનો તમામ શ્રેય ધ બોમ્બે લીગલ એઈડ સોસાયટીને ફાળે જાય છે કે જેણે રશકલીફ કમીટીના રીપોર્ટ પર ૧૯૪૫ માં ભારત સરકારનું ધ્યાન દોર્યું અને જણાવ્યું કે આવીજ કમીટીની રચના ભારતમાં થવી જોઈએ. આને આધારીત ભારતમાં કાનૂની સહાયનો પાયો નંખાયો.

## ૩.૨ અન્ય કાયદાઓ
## ૩.૨(૧) કાનૂની સહાય અને ફોજદારી કાયદો

ન્યાયના હેતુસર કાયદાને મુખ્ય બે વિભાગોના વિભકત કરવામાં આવે છે. તેમાંની એક શાખાએ ફોજદારી શાખા છે. કાયદાની આ શાખા મનુષ્યના અને તે થકી સમગ્ર સમાજના જાનમાલ અને સ્વતંત્રતાને અસર કરે છે. અને જેનું અંતિમ પરિણામ શિક્ષામાં આવે છે.

ન્યાયમૂર્તિ ક્રિષ્ણા ઐયર એવું કહે છે કે ફોજદારી કાર્યવાહીનાં અમલ વખતે ગરીબ વ્યકિતઓના હિતની રક્ષા ઉપર વિશેષ ધ્યાન આપવું જોઈએ.[313] જો કોઈ ગરીબ વ્યકિતની પાસે સારો વકીલ રોકવા માટે અથવાતો સમગ્ર ન્યાયિક પ્રક્રિયા દરમયાન ઉપસ્થિત થનાર ખર્ચની યોગ્ય વ્યવસ્થા નહીં હોય તો તેના ન્યાય મેળવવાના હિત સાથે અન્યાય થવાનો સંભવ છે. અને જેના દ્વારા થનાર નુકશાન ભરપાઈ થવું અશકય છે. અને માટે ફોજદારી ન્યાય પ્રણાલીમાં ગરીબ વ્યકિતના માટે કાનૂની સહાયની જોગવાઈએ અતિ આવશ્યક છે. ભારતમાં જુના ફોજદારી કાર્યવાહી સંહિતા ૧૮૭૮ માં કાનૂની સહાય સબંધી કોઈ સ્પષ્ટ જોગવાઈ હતી નહીં. જો કે આ કાયદાની કલમ ૩૪૦માં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે આરોપીનું પ્રતિનિધિત્વ એક વકીલ દ્વારા થવું જોઈએ પરંતુ રાજયના ખર્ચે તેને કાનૂની સહાયતા આપવી જરૂરી ન હતી ફકત રાજયના નિયમો તથા ઉપનિયમો દ્વારા આવા આરોપીને કાનૂની સહાય આપવા સબંધી કેટલીક વ્યવસ્થાઓ કરવામાં આવી હતી.[314] કેટલાક ઉચ્ચ ન્યાયાલયો દ્વારા આ અંગેના આદેશો અથવા પરિપત્રો દ્વારા આરોપીને કાનૂની સહાય આપવા

---

313 V.R.Krishna Iyer, of Law and life, Vikas publishing house, Sahidabad (1977)p. 136

314 B.Malik,Criminal Trials,Law Publishers,Allhabad(2nd ed.) p.657.

સબંધી કાર્યવાહી કરવામાં આવી હતી.[315] પરંતુ ગરીબોને કાનૂની સહાય મળે તેવી કોઈ કાનૂની જોગવાઈ ન હતી. આંતરરાષ્ટ્રીય દિવાની અને રાજનૈતિક અધિકારોની ઘોષણા ૧૯૬૮માં આરોપીઓને કાનૂની સહાયતા મળવા સબંધી અધિકારને પૂર્ણરૂપની માન્યતા આપવામાં આવી અને તેનાં અંતર્ગત આરોપીને કાનૂની સહાયતા મળવી ન્યાયપૂર્ણ હોય તો તેને મફત આપવી જોઈએ. અને આ અંગેનું ખર્ચ રાજયે ઉપાડવું જોઈએ. અમેરીકામાં  ફોજદારી બાબતોમાં કાનૂની સહાયતા અંગેનો ખ્યાલ એ કાયદાની યોગ્ય પ્રક્રિયામાં સામેલ છે ઈંગ્લેન્ડમાં આરોપીને રાજયના ખર્ચ કાનૂની સહાય આપવાની જોગવાઈ છે. ભારતમાં પણ સમયે અને સંજોગોની આવશ્યકતા અનુસાર લો કમીશન દ્વારા તેના ૧૪માં અહેવાલમાં ફોજદારી બાબતો અંગે કાનૂની સહાય સબંધી નીચે મુજબની ત્રણ ભલામણો કરવામાં આવી.[316]

(૧) સેશન્સકોર્ટ સમક્ષ ચાલનારા બધાં કેસોમાં સરકારી ખર્ચે આરોપીને કાનૂની સહાય આપવી જોઈએ.

(૨) ફોજદારી કાર્યવાહી ધારા મુજબ જે અપીલ થાય તેના આરોપીને સરકારી ખર્ચે વકીલ દ્વારા રજુઆતની તક આપવી જોઈએ એટલે કે કાનૂની સહાયનો વિસ્તાર કરીને તેને અપીલના સંજોગોમાં પણ આપવી જોઈએ.

(૩) જે અપીલ જેલમાંથી દાખલ થઈ હોય તેના અંતિમ તબકકાની સુનવણી માટે આરોપીને સરકારી ખર્ચે વકીલ આપવો જોઈએ.

લૉ કમીશનની ઉપરોકત ભલામણોને આધારિત રાજય દ્વારા ફોજદારી કાર્યવાહી સંહિતા ૧૯૭૩ની કલમ ૩૦૪ માં કાનૂની સહાય આપવા અંગેની જોગવાઈ કરવામાં આવી. કલમ ૩૦૪ની જોગવાઈ મુજબ પ્રત્યેક આરોપીને સેશન્સ અદાલત

---

[315] D.v.Chitaley and S.Appoo Rao,AIR Commentaries,The Code of Criminal Procedure.2 of 1974, p.26.

[316] Supra note 9, p.588.

સમક્ષના કેસો પ્રત્યેક આરોપીને સેશન્સ અદાલત સમક્ષના કેસોમાં રાજયના ખર્ચે કાનૂની સહાય મેળવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. આ કાયદામાં એવી પણ વ્યવસ્થા કરવામાં આવી છે કે ધીરેધીરે રાજય કાનૂની સહાયને બીજી ફોજદારી બાબતોમાં પણ લાગુ પાડી શકે છે. હાલમાં કાનૂની સહાય દરેક ફોજદારી અદાલતોમાં ઉપલબ્ધ છે. અને આરોપી તેને હકની રૂએ માંગી શકે છે.

જૂના ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૩૪૦ (૧) મુજબ આરોપીને વકીલ મારફત પ્રતિનિધિત્વ કરવાની એટલે કે બચાવની છૂટ છે. તેવો અધિકાર આપવામાં આવ્યો છે. સર્વોચ્ચ અદાલતે આ કલમનું અર્થઘટન કરતી વખતે જનાર્દન વિ. હૈદરાબાદ રાજય તથા પબ્લિક પ્રોસિકયુટર વિ. વેંકરાના કેસમાં જણાવ્યું કે, અહીંયા અમેરીકન બંધારણનો કાયદાની યોગ્ય પ્રક્રિયાનો નિયમ લાગુ પડતો નથી. આરોપીને રાજયના ખર્ચે વકીલ મેળવવાના અધિકાર તે નિરપેક્ષ અધિકાર નથી. એક મેજીસ્ટ્રેટનું ફરજ માત્ર એટલીજ છે કે આવા આરોપીને વકીલ રોકવાની તક આપી શકે. આવોજ નિર્ણય અદાલતે તારાસિંહ વિ. રાજય[317] માં જણાવ્યો પરંતુ ત્યારબાદ મોતીબાઈ વિ. રાજસ્થાન રાજય[318] માં સર્વોચ્ચ અદાલતે એવું જણાવ્યું કે ભારતીય બંધારણમાં આરોપીને વકીલ દ્વારા પ્રતિનિધિત્વ કરાવવાનો જે અધિકાર આપવામાં આવ્યો છે તેમાં વિશાળ અર્થ કરવો જોઈએ. તથા આવા આરોપીને તેના ધરપકડના કારણો જાણવાનો તથા વકીલ રોકવામાં પૂરતી મદદ કરવી જોઈએ તેવો જ, આમ છતાં સર્વોચ્ચ અદાલતે એવું સ્પષ્ટ રૂપે કહયું નહીં કે, આરોપીને રાજયના ખર્ચે પોતાનું પ્રતિનિધિત્વ કરવા માટે વકીલ મેળવવાનો અધિકાર છે. આમ રાજય પર કોઈ કાનૂની જવાબદારી નાંખવામાં આવી નહતી[319]તારાસિંહ વિ. સ્ટેટ તથા જર્નાદન રેડી વિ. હૈદરાબાદ રાજયના કેસમાં

---

317 Tarasingh v. State AIR 1951 SC 441
318 AIR 1954 Rajasthan 241
319 Sadhan Dutta Ray v. State of W.B. ( 1978) Cr. L. J.

આપેલાં નિર્ણયો ફોજદારી કાર્યવાહી ધારા ૧૯૭૪ની કલમ ૩૦૪ ના અમલથી નકામા થઈ ગયા છે. આ નવી કલમ ઈંગ્લેન્ડનાં પુઅર પર્સન્સ પ્રોસીઝર એકટ તથા અમેરીકાના બંધારણના છઠ્ઠા સુધારાને મળતી આવે છે કલમ ૩૦૪ માં જે નવી જોગવાઈ કરવામાં આવી છે તે મુજબ,

(૧) જયારે કોઈ સેશન્સ કોર્ટ સમક્ષની સુનવણીમાં આરોપીનું વકીલ દ્વારા પ્રતિનિધિત્વ થવું હોય તે અદાલતને એમ લાગે કે આવો આરોપી વકીલ રોકવા પૂરતાં સાધનો ધરાવતો નથી. ત્યારે રાજયના ખર્ચે અદાલત તેનો કેસ વકીલને સોંપશે.

(૨) રાજયની પૂર્વ મંજૂરીથી ઉચ્ચ ન્યાયલયો, નિયમો ઘડીને

* વકીલની પસંદગીની રીત
* આવા વકીલને અદાલત દ્વારા અપાતી સગવડો
* આવા વકીલની ફી તથા અન્ય ખર્ચ નકકી કરશે.

(૩) રાજય સરકાર ગેઝેટમાં જાહેરનામુ બહાર પાડીને તેમા જણાવેલ તારીખ આ સુવિધાઓ અન્ય નીચલી અદાલતો માં ચલાવાવાળા કેસોમાં પણ લાગુ પાડી શકે છે. અત્યારે ફોજદારી બાબતોમાં દરેક અદાલતોમાં કામની સહાયતા ઉપલબ્ધ છે.

જયારે કોઈ પણ ગરીબ આરોપીને અદાલતની સમક્ષ રજૂ કરવામાં આવે ત્યારે અદાલતની એ પ્રથમ ફરજ બની જાય છે કે તેણે આરોપીને જણાવવું જોઈએ કે તેને વકીલ રોકવાનો અધિકાર છે. જો આરોપી વકીલ રોકવા સબંધી પોતાની અસમર્થતા દર્શાવે તો અદાલતે સૌ પ્રથમ તેના માટે એક વકીલ નિયુકત કરવો જોઈએ. જો આરોપી ગરીબ નહી હોય અને તેની પાસે પર્યાપ્ત સાધન સંપત્તિ હોય અને છતાં જો તે વકીલ રોકતો નથી તો અદાલત તેને કાનૂની સહાય આપશે નહી. આરોપીનો આ

અધિકાર માત્ર તેની પ્રથમ સુનવણી માટેજ નહીં પરંતુ અપીલના અંત સુધીનું બધીજ કાર્યવાહી સુધી આપવામાં આવ્યો છે. [320]

કાનૂની સહાય સંદર્ભે ઉચ્ચતમ ન્યાયાલયનાં જણાવેલ નિર્ણયો નોધપાત્ર છે (૧) જો કોઈ આરોપી મફત કાનૂની સલાહ અથવા સહાય અપીલ કરવાની ખાસ પરવાનગી માંગે તો તેને સહાય આપવી તે અદાલતની ફરજ બની જાય છે. [321]
કાનૂની સહાયતા નો અધિકાર કેદીઓને પણ પ્રાપ્ય છે ભલે આવા કેદી સજા પામેલા કે કાચા કામના કેદી હોય. [322]

જયારે કોઈ વ્યકિતની ધરપકડ કરીને જામીન પર છોડવામાં આવ્યો હોય તો તેને પણ કાનૂની સહાયનો અધિકાર મળે છે. [323]

કાનૂની સહાયનો અધિકાર આરોપીને પ્રથમવાર અદાલત સમક્ષ રજૂ કરવામાં આવે છે ત્યારથી શરૂ થઈને જયાં સુધી તેના વિરૂદ્ધ કાર્યવાહી ચાલતી રહે ત્યાં સુધી એટલે કે કેસના બધાંજ તબકકે મળે છે તે રીમાન્ડ ઉપર હોય ત્યારે પણ લાગુ પડે છે. જયારે આરોપીના માટે કોઈ વકીલ રોકવામાં આવે છે તો તેવા વકીલને સમગ્ર બાબત સમજવાને માટે વ્યાજબી સમય આપવો જરૂરી છે નહી તો તે પોતાના કેસની રજૂઆત યોગ્ય રીતે કરી શકશે નહી. [324]

રાજયના ખર્ચે વકીલ રોકવાના અધિકારનો અર્થ એ નથી કે આરોપી તેની પોતાની પસંદગીથી વકીલ રોકી શકે જો કે રાજય દ્વારા વકીલ નિયુકત કરતી વખતે

---

320 Tika v. State of U.P.C. ( 1975 ) Cr. L. J. 337
321 Hoskot v. State of Maharastra AIR 1978 S.C. 1548
322 Sheela Barse v. State of Maharastra AIR 1983 S.C. 373.
323 Hukmaram and others v. State of Rajasthan, 1982 Cr. J. 2314 ( Raj.)
324 Pitamber Dehury and others v. State of Orissa 1985. Cr. L. J. 424 ( Ori.H.C.)

તેના જ્ઞાન અને અનુભવને ધ્યાનમાં લેવાં જોઈએ. અપરિપકવ અથવા તો બીન અનુભવી વકીલોની નિમણૂંક કરવાથી આરોપીના હિતની રક્ષા થતી નથી. [325]

આ બધી પ્રક્રિયા ખૂબ જ લાગણીથી, સહાનૂભૂતિભર્યા અભિગમની અપેક્ષા રાખે છે, અને અદાલતનો પોતાના અભિગમ એવો હોવો જોઈએ કે જેથી તહોમતદારને તેના વકીલની પસંદગી ઉચિત રીતે કરી છે એમ લાગે, તથા તેને કેસ તૈયાર કરવા પૂરતો સમય તથા સાધનો આપેલ છે એવી તહોમતદારને શ્રદ્ધા થવી જોઈએ. પરંતુ જો તહોમતદાર પોતે જ કોઈ સહાય વગર પોતે જાતે જ બચાવ કરવા માંગતો હોય તો વકીલો નિયુકત કરવાનો પ્રશ્નો નથી. [326] છતાં તહોમતદાર કાનૂની સહાય લેવા ઈન્કાર કરે તો પણ અદાલતના અધ્યક્ષ મેજીસ્ટ્રેટ કે જજની આવા તહોમતદારના કાનૂની હિત સુરક્ષિત રાખવાની ફરજ છે. કારણ તહોમતદાર કાનૂન કે પ્રક્રિયાનો નિષ્ણાંત ન હોવા છતાં પોતાનો કેસ પોતે ચલાવવા હઠાગ્રહી છે, પણ તેનો અર્થ એ નથી કે ન્યાયાધીશે આવા સંજોગોમાં બચાવના વકીલની ભૂમિકા ભજવવી. [327] જો સુનાવણી કરનાર પ્રથમ નીચલી અદાલતમાં તહોમતદારનો બચાવ કરવાની બધી જ તક આપી હોય, તો તેવા કેસમાં તહોમતદારનો બચાવ વ્યવસાયી વકીલ દ્વારા થયો નથી એવા કારણસર કેસને અપીલ અદાલતમાંથી નીચલી અદાલતમાં રીમાન્ડ નહિ કરાય. [328] ફોજદારી કેસોમાં ઘણીવાર પક્ષકાર પોતાના કેસ માટે વકીલ ન હોય તેવી વ્યકિત દ્વારા અદાલતમાં પોતાનો બચાવ કે રજૂઆત કરવાની રીત અપનાવે છે. [329] પણ આવે પ્રસંગે, તહોમતદારનું પ્રતિનિધિત્વ કરનાર વકીલ ન હોય તેવી અન્ય વ્યકિત એ તહોમતદાર વતી પ્રતિનિધિત્વ કરવાની અદાલતની પૂર્વ પરવાનગી લેવી જોઈએ. આવી

---

[325] Kunnumal Mohammed and others v. State of Kerala AIR 1963 Karala 54.
[326] K. Mallikharjuna Rao v. State of Andhra Pradesh 1980 and W.R. 132
[327] Abdul Azeez v. State of Mysore, 1975 Cr. L. J. 335.
[328] Bhuparam v. State of M. P 1977 Cr. L. J. (NOC) (M.P)
[329] Marishankarn Rastogi v. Girdhari Sharma, AIR 1978 SC 1019.

પરવાનગી અદાલત ગમે ત્યારે રદ કરી શકે. આવી પરવાનગી આપતાં પહેલાં અગર તે આપવાનો ઈન્કાર કરતાં પહેલાં અદાલતે તહોમતદાર આવી ખાનગી વ્યકિત દ્વારા બચાવ કરવાની ઈચ્છા કેમ રાખે છે તે બાબત તે વ્યકિતના તહોમતદાર સાથેના પૂર્વાપર સંબંધો, તેનો ભૂતકાળ અને અનેક સંજોગો બાબત પૂરતી તપાસ કરવી જોઈએ. [330]

આ કાનૂની સહાયનો પ્રબંધ એ વિભાગ ૪ ના રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતનો ભાગ છે, મૂળભૂત અધિકાર નથી તેથી તે માટે અનુચ્છેદ ૩૨ પ્રમાણે સુપ્રિમ કોર્ટ કે અનુચ્છેદ ૨૨૬ પ્રમાણે હાઈકોર્ટને સીધી રીટ અરજી થઈ શકે નહિ તે માટે માત્ર એક ઉપચાર નવા ૧૯૭૪ના ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ ૩૦૪ (૧) પ્રમાણેની અરજી કરવાનો અધિકાર છે. [331] વકીલ દ્વારા બચાવનો આ અધિકાર નિરપેક્ષ છે. અને રાજયનું કોઈપણ વિધાન કે કાયદાનો કોઈપણ હેતુ કે ઈરાદો ગમે તે હોય છતાં તે અધિકાર રદ થઈ શકે નહિં. [332]

## ૩.૨(૨) કાનૂની સહાય અને દિવાની કાર્યવાહી ધારો

શરૂઆતમાં દિવાની બાબતોમાં કાનૂની સહાય ફકત દિવાની કાર્યવાહી ધારાના ઓર્ડર ૩૩ અને ૩૪ પ્રમાણેનીજ મળતી હતી. [333] પરંતુ આ પ્રકારનો ઉપયોગ નામ માત્રનો અને ગરીબ વ્યકિતઓને માટે પણ કેટલીક બાબતો સુધી જ ઉપયોગી હતો.[334] આ ઓર્ડર અંતર્ગત ગરીબ વ્યકિતએ દાવો કરવાને માટે અથવા અપીલ કરવાને માટે કોર્ટ ફી માફ કરવાને માટે અને અપવાદરૂપ પરિસ્થિતિઓમાં વકીલ રોકવા માટે વિનંતી પત્ર રજુ કરી શકતો હતો. વકીલની નિમણૂંક કરવી અદાલતો માટે

---

330 Ibid.
331 Rajan Dwivedi v..U.O.I., 1983 Cr. L. J. 1055.
332 Kario Man Singh Malu v. State of Gujarat, (1969) 10 Guj. L. R. 66.
333 Supra note 9.
334 Supra note 6 p.4.

જરૂરી હતી નહી.[335] ઓર્ડર ૩૩નો ઉદ્દેશ ફકત ગરીબ વ્યકિતને એવો અવસર આપવાનો હતો કે જેથી તે નાણાંના અભાવે દાવો દાખલ કરવાથી વંચિત ન રહી શકે.[336] આ ઓર્ડરના મુખ્ય ત્રણ ઉદ્દેશ હતા.

૧. ગરીબ વ્યકિતઓના યોગ્ય દાવાઓનું રક્ષણ કરવું.

૨. સરકારના મહેસૂલની અયોગ્ય રીતે થતી હાનીને રોકવી અને

૩. પ્રતિવાદીને પરેશાનમાંથી દૂર રાખવો.

ઉપર જણાવેલા ત્રણ ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને અદાલત ગરીબ વ્યકિતને ઉપાય આપી શકતી હતી. આ ઉપાય ફકત વાદીનેજ નહી પરંતુ પ્રતિવાદીને પણ મળતો હતો.[337]

લૉ કમિશને પોતાના ૧૪ માં અહેવાલમાં એવું સૂચન કર્યુ હતું કે આવા ઓર્ડરમાં જણાવેલ ગરીબ શબ્દને દૂર કરીને અકિંચન અથવા તો સહાય પ્રાપ્ત વ્યકિત તેવું લખવું જોઈએ. [338] લૉ કમિશને તેના ૨૭ ના રીપોર્ટમાં જણાવ્યું કે આવા શબ્દોમાં બદલાવ કરવો યોગ્ય નથી. અને તેનાથી કોઈ વધુ લાભ થતો નથી. [339] પોતાના ૫૪ ના રીપોર્ટમાં લૉ કમિશને ફરી શબ્દોના બદલાવ ઉપર ભાર મુકયો અને છેવટે ૧૯૭૬ માં થયેલા સુધારા દ્વારા ઓર્ડર ૩૩ અને ૪૪ માં ગરીબ શબ્દ દૂર કરીને અકિંચન શબ્દ મુકયો.

શરૂઆતમાં ગરીબ વ્યકિત એ કહેવાતો હતો કે જેની પાસે કુલ ૧૦૦ રૂા. થી વધુ સંપત્તિ ના હોય છેવટે ૧૯૭૬ માં સુધારા દ્વારા ૧૦૦રૂા. ની સીમાને વધારીને ૧૦૦૦રૂા. સુધીની કરવામાં આવી.

---

335 Ibid.
336 Jatindra v.Dwarka(1983)ILR 20 col. 115.
337 V.Krishna Bhatt v.Ravishay Kar,AIR 1978 Kamt.117.
338 Supra note 9, p 598.
339 Law Commission's 27 th Report,224.

દિવાની કાર્યવાહી ધારાના ઓર્ડર ૩૩ માં કુલ ૧૮ નિયમ આપવામાં આવ્યા છે. આ નિયમો પુરતા જણાતા નથી અને અકિંચન વ્યકિતના સંદર્ભમાં જોતા તે અપૂરતા લાગે છે. [340] આ નિયમ ટ્રિબ્યુનલ [341] તથા લવાદી અધિનિયમ [342] હેઠળની પ્રક્રિયાઓને પણ લાગુ પડે છે.

ઓર્ડર ૩૩ ના નિયમ ૧ અનુસાર ચાલતી પ્રક્રિયાને અદાલતમાં તેના હકુમતને પડકારી શકાતી નથી. [343] કેટલીક હાઈકોર્ટોએ એવું ઠેરવ્યું છે કે આ ઓર્ડરોનો લાભ ફકત કુદરતી વ્યકિતઓને જ આપવો જોઈએ નહિ કે કૃત્રિમ વ્યકિતને[344]જયારે કેટલીક અદાલતોએ આ મતને યોગ્ય ઠેરવ્યો નથી અને એવું જણાવ્યું છે કે આ જોગવાઈનો લાભ દરેક વ્યકિતને મળવો જોઈએ. અગત્યનો પ્રશ્ન એ છે કે તે અકિંચન છે કે નહિ.[345] અકિંચન એટલે જેની પાસે કોર્ટ ફી ચુકવવાના પર્યાપ્ત સાધનો ન હોય જો કોઈ વ્યકિતની પાસે સંપતિ હોય અને તેમાંથી તે પૈસા મેળવી શકતો હોય તે અકિંચન ગણાતો નથી.[346] વાદીની જેમજ પ્રતિવાદી પણ ઓર્ડર ૩૩ અંતર્ગત કોર્ટ ફી માંથી માફી માટે વિનંતી પત્ર રજુ કરી શકે છે.[347] આવા વિનંતી પત્રમાં નીચે જણાવેલી બાબતોનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો હોવો જોઈએ.

૧. દાવાની હકીકત તથા વિગતો.

૨. સ્થાવર તથા જંગમ મિલકત અંગેનું વિવરણ.

૩. મિલકતોની અંદાજીત કિંમત.

૪. અરજીમાં દાવાની જેમ સહીં તથા એકરાર.

---

340 Devararabhuviah,AIR 1953 Mys 58.
341 State of Haryana v.Darshan Das,AIR 1979 SC 855.
342 K.K.Mathai v.Mater Dai School,AIR 1977 (NOC)242 Delhi
343 Moh.Abbas v. Tahera Khatoon,AIR 1974 Pat 324
344 Chimanlal v.Chandanben,AIR 1965 Guj.210
345 Moorti shree Behari v. Premdas, AIR 1972 All.287
346 M.Abdul Sattar v. H.A.Hakeem,AIR 1976 AP 89.
347 Nanglu Chhater v. Maheswar Bhai AIR 1981 Ori 152.

જે દિવસે અકિંચન વ્યકિત આ પ્રકારનો વિનંતી પત્ર રજુ કરે છે એ જ દિવસે તેવું માની લેવામાં આવે છે કે તેણે દાવો રજુ કર્યો છે અને તેજ તારીખે દાવાની તારીખ ગણાશે.[348] વિનંતી પત્ર આપ્યા પછી જો અકિંચન વ્યકિતનું મૃત્યુ થઈ જાય તો તેનું પ્રતિનિધિત્વ કરવા વાળો વ્યકિત પણ જો ગરીબ હોય તો તેની કોર્ટ ફીને પણ માફ થઈ શકે છે. અકિંચન અંગેનું વિનંતી પત્ર હંમેશા જાતે જ રજુ કરવું જોઈએ. ફકત અપવાદરૂપ પરિસ્થિતિઓમાં જ અદાલત બીજી વ્યકિત દ્વારા રજુ કરેલ વિનંતી પત્ર ઉપર વિચાર કરશે. આવા અકિંચનની તપાસ કમિશન દ્વારા થઈ શકે છે.[349]

નીચે જણાવેલ કારણોસર વિનંતી પત્રને નકારી પણ શકાય છે.

૧. જયારે અરજદારે નિયમ ૨ અને ૩ મુજબ વિનંતી પત્ર લખ્યો હોય નહી.

૨. જયારે અરજદાર અકિંચન ન હોય.

૩. અરજદારે પોતાની મિલકત એટલા માટે તબદીલ કરી દીધી હોય કે જેથી તે અકિંચનના રૂપમાં તેનો અયોગ્ય લાભ ઉઠાવી શકે.

૪. જયારે દાવાનું કારણ જ ઉપસ્થિત ન થયું હોય.

૫. જયારે દાવાની વિષય વસ્તુમાં અન્ય વ્યકિતનું હિત રહેલું હોય.

૬. જયારે દાવો સમય–મર્યાદાની બહાર હોય.

પરંતુ જો અકિંચનના રૂપે દાવાનો સ્વીકાર કરી લેવામાં આવે તો તેના વિનંતી પત્રને દાવા અરજી માની લેવામાં આવશે અને તેના પર દાવા અરજી નંબર મુકવામાં આવશે. દાવા અરજી સ્વીકાર્યા પછી પણ ૭ દિવસની નોટીસ આપીને નીચેના કારણોસર વિનંતી પત્રનો અસ્વીકાર કરી શકાય છે.

૧. જો અકિંચનનો વ્યવહાર દોષપૂર્ણ હોય.

---

348 Jugal Kishore v. Dhanodevi, AIR 1973 SC 2508

349 Prithvipal Singh v. Suraj Kaur (1997) 79 Punj.L.R..525

૨. જો અરજદારને હવે સહાયની જરૂર ન હોય.

૩. દાવાની વિષય વસ્તુમાં બીજા કોઈ વ્યકિતનું હિત ઉપસ્થિત થયું હોય.

અદાલત પોતાની વિવેક બુદ્ધિપર અકિંચન વ્યકિત માટે એક વકીલની નિમણુંક કરી શકે છે. વકીલની નિયુકિત, સગવડો તથા તેના ફી અંગેના નિયમો બનાવવા માટે હાઈકોર્ટને અધિકાર આપવામાં આવ્યા છે. પરંતુ હાઈકોર્ટ રાજય સરકારની પૂર્વ અનુમતિથી કરી શકે છે. જો વાદી જીતી જાય છે તો તેને પ્રતિવાદી તરફથી જે ખર્ચ મળે છે તેમાંથી પહેલા કે સરકારને આપશે જેથી આવા ખર્ચની પૂર્તિ થઈ શકે કે જે અકિંચન પર કરવામાં આવ્યો હોય. આ બધીજ જોગવાઈઓ અપીલના બાબતોમાં પણ લાગુ પડે છે. અને જે અંગે ઓર્ડર ૪૪ માં જોગવાઈ કરવામાં આવી છે.

## ૩.૨(૩) બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એકટ

Bar Council of India Act

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા કાનૂની સહાય અધિનિયમ નામથી ઓળખાતા, નિયમ ૨ (જી) અનુસાર કાનૂની સહાયનો અર્થ કાયદાના વ્યવસાયી દ્વારા અદાલતમાં મફત પ્રતિનિધિત્વ કરવા અંગેનો છે. આ નિયમો અનુસાર કાનૂની સહાયનો અર્થ બહુજ સંકુચિત સ્વરૂપમાં આપવામાં આવ્યો હતો. ૧૮ ઓગસ્ટ ૧૯૭૦ના રોજ રાજયસભામાં ધી એડવોકેટ (એમેન્ડમેન્ટ) બિલ પસાર કરવામાં આવ્યું. જેમાં કાનૂની સહાયની બધી જ જવાબદારી બાર કાઉન્સીલના શિરે નાખવામાં આવી હતી. ભારતની બાર કાઉન્સીલે લીગલ એઈડ રૂલ્સ ૧૯૮૩ માં બનાવી પ્રચલિત કર્યા છે.તેમાં કાનુની સહાયના કેસો સ્વીકારી તેમાં સહાય કરવાનો આજ્ઞાર્થ પ્રબંધ છે, તેનો અમલ કરાવવામાં બાર કાઉન્સિલ સફળ થયેલ નથી,અને બાર કાઉન્સિલના નિયમ, ૧૫ માં એવી સ્પષ્ટ જોગવાઈ છે કે જે વકીલ પાંચ વર્ષથી વકીલાત કરતો હોય તેણે વ્યવસાયી

સેવા માટે કોઈ ફી લીધા વગર,દરવર્ષે છ કેસો કાનૂની સહાયના મેળવવા જોઈએ. જો આ નિયમનું ચુસ્ત પાલન તથા અમલવારી થાય તો આ કાનૂની સહાયના કાર્યક્રમને અસાધારણ ગતિ મળશે.

જો કે ૧૯૯૬ થી બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા અમલમાં મુકાયેલ અભ્યાસક્રમમાં કાનૂની સેવા અંગે જોગવાઈ કરવામાં આવી છે.

ભારતીય એડવોકેટ ધારો, ૧૯૬૧ની કલમ ૯–એ અંતર્ગત બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ કાનૂની સેવા આપવા માટે સમિતિની રચના કરી. આવી સમિતિઓની રચના રાજય તેમ જ અન્ય સ્તર ઉપર કરવાની પણ વ્યવસ્થા કરવામાં આવી. વ્યવસાયિક વર્તણુંક પર બાર કાઉન્સિલ દ્વારા કેટલાક નિયમો બનાવાયા તેમાં પણ વકીલોની પણ સામાજિક જવાબદારી ઉપર ભાર મૂકાયો હતો. નિયમ ૪૬, અનુસાર દરેક વકીલે એ વાતનું ધ્યાન રાખવાનું રહે છે કે, તે ગરીબ વ્યકિતને ન્યાયથી વંચિત રાખશે નહીં. તે પોતાની ક્ષમતા અનુસાર જરૂરીયાતમંદ લોકોને મફત કાનૂની સેવા પણ પૂરી પાડશે. વકીલોનું એક મોટા સંમેલન થર્ડ ઓલ ઈન્ડિયા લોયર્સ કોન્ફરન્સ, ૧૯૬૨ માં વકીલોની કાનૂની સહાય સંબંધી જવાબદારી ઉપર સંપૂર્ણપણે ચર્ચા કરવામાં આવી હતી.

## ૩.૩ અદાલતી ચુકાદાઓ

કાનૂની સહાય યોજનાને સફળ બનાવવા અદાલતોની ભૂમિકા સૌથી વધુ સક્રિય હોય તે અત્યંત આવશ્યક છે. માત્ર સરકારી આદેશોથી યોજનાઓ કાર્યાન્વિત થતી નથી. તેથી અદાલતોએ  આગળ આવીને આ યોજનાને સફળ બનાવવા પોતાનો સક્રિય અભિગમ અપનાવીને પૂરો સહકાર આપવો જોઈએ. ન્યાયિક ક્રિયાશીલતાના અનેક

કારણો છે. જેમાંનું એક કારણ એ છે કે ન્યાયિક પ્રક્રિયાની જટિલતાથી સામાન્ય માણસને મૂકત કરવો.

વર્તમાન ન્યાયિકપ્રણાલિ ઈંગ્લીશ કાનૂનને આધારિત છે. જે ભારતીય પરિપેક્ષમાં બંધ બેસતી નથી. હાલમાં લાખો ગરીબ, નબળા, અશિક્ષિત અને પછાત વર્ગના લોકો ન્યાય મેળવવાથી વંચિત થઈ રહ્યા છે. આપણી ન્યાયિક પ્રણાલિની પ્રક્રિયા અત્યંત જટિલ છે અને સામાન્ય માણસ માટે તે સમજવી મુશ્કેલ છે. લોકો પોતાની બાબતોમાં અદાલતોમાં મૂક પ્રેક્ષક બનીને બેસી રહે છે અને પોતાના વકીલના ચહેરા જુએ છે. કાનૂની જટિલતાઓને સમજવી તેમની સમજ શકિત બહારની બાબત છે. દરેક વ્યકિત કાયદાથી જ્ઞાત હોવા જોઈએ આ કહેવત પૂર્ણ સ્વરૂપે અવ્યવહારિક જણાય છે.

વર્તમાન સમયમાં ન્યાયિક કાર્યવાહીમાં એટલી બધી ઔપચારિતા વધી ગઈ છે કે તે પૂરી કરવી સામાન્ય માનવીની શકિત બહારની વાત છે.આવી પરિસ્થિતિઓમાં ન્યાયાધીશ દ્વારા સક્રિય ભૂમિકા અદા કરવાની જરૂરીયાત ઉદ્દભવે છે. ન્યાયાધીશનું કાર્ય દરેક સ્થિતિને નજર સમક્ષ રાખીને ન્યાય આપવાનું છે. પોતાની પરંપરાગત ભૂમિકાથી અલગ પડીને કેટલાક ન્યાયાધીશોએ સામાન્ય માનવીને ન્યાય પૂરો પાડવા સક્રિય ભૂમિકા અદા કરવા આગળ આવ્યા. જેના થકી કાનૂની સહાય યોજનાને સફળ બનાવવાનો પ્રયત્ન થયો.

ન્યાયતંત્ર સરકારનું મહત્વનું અંગ છે. એવું કહેવાય છે કે ન્યાયતંત્રના દરવાજા દરેક માટે ખૂલ્લા છે અને કોઈપણ વ્યકિત ન્યાય મેળવવા અદાલતના દરવાજા કોઈપણ જાતના હિચકિચાટ વગર ખટખટાવી શકે છે. ન્યાયતંત્ર આપણા મૂળભૂત અધિકારોના રક્ષકની ભૂમિકા અદા કરે છે. જયારે આપણા કાનૂની અધિકારોનું હનન થાય છે ત્યારે આપણે અદાલત સમક્ષ જઈ યોગ્ય દાદ માટે અરજ ગુજારીએ છીએ. જો કે વ્યવહારિક રીતે દરેક વ્યકિત માટે ન્યાયાલય સુધી પહોંચવું શકય હોતું નથી. સાધન

સંપન્ન વર્ગ જ ન્યાય મેળવી શકે છે. કારણ કે તેની પાસે ન્યાય મેળવવા પૂરતો સમય અને સાધન શકિત હોય છે. વર્તમાન સમયમાં ન્યાય માટેની દાવાદૂવીએ ખર્ચાળ રમત જેવી બની ગઈ છે કે જેમાં ગરીબ અને નબળા વર્ગના લોકો ભાગ લઈ શકતા નથી. ન્યાયમૂર્તિ શ્રી ભગવતીએ વર્તમાન ન્યાય વ્યવસ્થાની બે મૂખ્ય ખામીઓ દર્શાવતા નોંધ્યું છે કે આ વ્યવસ્થા વિલંબકારી અને અત્યંત ખર્ચાળ છે. [350]

ન્યાય મંદિર ફકત અમીરો માટે જ ઉપયોગી રહ્યા છે કારણ કે તેઓની પાસે જ ન્યાયના દરવાજા ખોલવાની સોનેરી ચાવી છે. [351]

ન્યાય પ્રણાલિની જવાબદારી છે કે સમાજના દરેક વર્ગને ન્યાય આપે. જો પછાત વર્ગને ન્યાય આપવામાં અસમર્થતા દાખવે તો તે ન્યાય પ્રણાલિની સૌથી મોટી અસફળતા ગણાય. ન્યાયિક વ્યવસ્થા એવી હોવી જોઈએ કે તે થકી સામાજિક ન્યાય પૂરો પાડી શકાય અને ત્યારે જ તે શકય બને કે જયારે ન્યાયાલય સુધી પહોંચવું સમાજના દરેક વ્યકિત માટે શકય હોય. સુપ્રિમ કોર્ટે આ પણ વાતનો સ્વીકાર કર્યો છે કે દરેક વ્યકિતની પહોંચ ન્યાયાલય સુધી નથી. [352]

સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી પી. એન. ભગવતીએ સમસ્યાની ગંભીરતા સમજીને ચેતવણીના સૂરમાં જણાવ્યું કે ન્યાય પ્રણાલિમાંથી લોકોનો વિશ્વાસ ઉઠી જાય તે પહેલાં ન્યાયપ્રણાલિએ સક્રિય પગલાં ભરવા પડશે. જેથી દરેકની સાથે સામાજિક ન્યાય થઈ શકે.

દરેક કાયદાનો અંતિમ ઉદ્દેશ ન્યાય પૂરો પાડવાનો હોય છે. એટલા માટે કાયદાના પુસ્તકો કે અદાલતોમાં ન્યાયનો ઉલ્લેખ જ પૂરતો નથી પરંતુ લોકોને વાસ્તવિક રીતે ન્યાય મળવો જોઈએ. ન્યાયતંત્રની સામાજિક જવાબદારી છે કે તે સમાજના નબળા

[350] In the forwarding note to the book a fumes, flame and fire by justice G.M.Lodha- Jaipur,1985.

[351] Baxi Upendra, Indian Supreme Court and Politics, Eastern Book Co, Lucknow (1980)p. 45.

[352] Ibid.

વર્ગોને ઉપર લાવે અને ન્યાયથી વંચિત એવા લોકોના ઘરે જઈને ન્યાય પૂરો પાડે અને તો જ લોકોમાં ન્યાયતંત્ર પ્રત્યે વિશ્વાસ ઉભો થશે અને સમાજમાં શાંતિ અને લોકશાહી વ્યવસ્થા કાયમ રહેશે. [353]

જે વ્યવસ્થા સામાજિક પરિવર્તનની સાથો સાથ બદલાતી નથી તે લાંબો સમય સુધી ટકી શકતી નથી. આપણી ન્યાય પ્રણાલિ દ્વારા સામાજિક આવશ્યકતા અને પરિવર્તનની ગંભીરતાને સમજીને તે પરંપરાગત ભૂમિકાથી બહાર નીકળીને ન્યાય પૂરો પાડવામાં સક્રિય ભૂમિકા અદા કરવા લાગી છે જેને આપણે ન્યાયિક ક્રિયાશીલતા તરીકે ઓળખીએ છીએ. સુપ્રિમ કોર્ટ દ્વારા એવા કેટલાય મહત્વપૂર્ણ ચૂકાદાઓ અપાયા કે જેમાં કોર્ટે પોતાની મર્યાદામાંથી બહાર નીકળીને લોકોને ન્યાય પૂરો પાડવા પ્રયાસ કર્યો. જેમાં એશિયાડ કેસ, હુસેનઆરા ખાતુન કેસ, બિહારના કાચા કામના કેદીઓ, ભાગલપુર અંધીકરણ કેસ

અગાઉ ન્યાયતંત્ર નિશ્ચિત મર્યાદામાં રહીને પોતાની સત્તામાં રહીને ન્યાય આપવાનું કામ કરતી હતી. તેની આ ભૂમિકા નિષ્ક્રિય જણાતા કેટલાક ન્યાયમૂર્તિઓએ તે મર્યાદાને ઓળંગીને સક્રિયરૂપે ન્યાય આપવાનું શરૂ કર્યું ન્યાયતંત્ર માનવ અધિકારોની રક્ષક છે અને તેની મૂળ ફરજ સમાજમાં ન્યાય પૂરો પાડવાની છે. ભારતીય ન્યાય પ્રણાલિ દ્વારા કાનૂની સહાય યોજનાને સફળ બનાવવા માટે અનેક મહત્વપૂર્ણ ચૂકાદાઓ આપીને પોતાની સક્રિયતાનો પરિચય આપ્યો. જેવા કે શીલા બારસે વિ. મહારાષ્ટ્ર રાજય, સુખદાસ વિ. અરૂણાચલ પ્રદેશ. મોટા ભાગના ન્યાયિક ક્રિયાશીલતાના નિર્ણયો જાહેર હિત વિવાદના સ્વરૂપે રહ્યા છે. આમ કાનૂની સહાયના ખ્યાલના વિકાસમાં જાહેર હિત વિવાદનો ફાળો સૌથી મહત્વનો રહ્યો છે. કાનૂની સહાય આંદોલનના ફળ સ્વરૂપે જન હિત વિવાદનો ખ્યાલ ઉત્પન્ન થયો. જેનો મુખ્ય ઉદ્દેશ

---

[353] Ibid.

ન્યાયને ગરીબ વ્યકિતઓ સુધી પહોંચાડવાનો હતો. જન હિત વિવાદનો ખ્યાલ સૌ પ્રથમ યુનાટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં ઉદ્દભવ્યો. જયાં આ પ્રકારનો વિવાદ શ્યામ વર્ણના લોકોના અધિકારોના રક્ષણ માટે કરાતો હતો. જન હિત વિવાદના મુખ્ય ઉદ્દેશ પ્રજાના એવા વર્ગને ન્યાય અપાવવાનો છે કે જેઓના કાનૂની અને બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન થાય છે પરંતુ અદાલતમાં પોતાનો દાવો કરવા માટે તે કેટલાક કારણોસર અસમર્થ હોય છે. ભારતમાં લાખો લોકો અન્યાયથી પિડીત છે અને તેઓના કાનૂની તથા માનવ અધિકારોનું ડગલને પગલે ઉલ્લંઘન થાય છે. સામાજિકરૂપે પછાતપણું તથા આર્થિક રીતે નબળા હોવાના કારણે સમાજના મોટા વર્ગને વિવિધ પ્રકારની કાનૂની સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે. આવી પરિસ્થિતિમાં સમાજમાં કેટલાક લોકો દ્વારા આગળ આવીને નબળા વર્ગના લોકોના હક માટે દાવા કરાય છે તેમ જ તેઓને ન્યાય મળી રહે તે માટે મદદ કરવામાં આવે છે. જનહિત વિવાદ દ્વારા કાયદાનું શાસન તથા કાયદા સમક્ષ સમાનતાનો ખ્યાલ સાર્થક બને છે. જનહિત વિવાદ એ કાનૂની સહાયનો જ એક ભાગ છે. ન્યાયધીશોની સક્રિયતાના કારણે જનહિત વિવાદ અને કાનૂની સહાયને વેગ મળ્યો છે. કેટલાય ન્યાયાધીશો દ્વારા વ્યકિત દ્વારા લખાયેલા પત્રને રીટ યાચિકા ગણીને તેને ન્યાય આપવામાં આવ્યો છે. ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી એમ. પી. ઠકકરે સમાચાર પત્રમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલને જ રીટ યાચિકા ગણીને વ્યથિત વ્યકિતને ન્યાય પૂરો પડાયો છે. અત્યાર સુધીમાં જનહિત વિવાદના અનેક કેસ બન્યા છે પરંતુ કાનૂની સહાયના પ્રયોજનથી કેટલાક કેસ બહુ જ મહત્વના સાબિત થયા છે.

જનહિત વિવાદની શરૂઆત બાર કાઉન્સીલ ઓફ મહારાષ્ટ્ર વિ. એમ. વી. દાભોલકર[354] તથા મુંબઈ કામદાર યુનિયન[355] ના કેસથી શરૂ થઈ. ત્યારબાદ તેનો

[354] Bar Council of Maharashtra v. M. V.Dabholkar (1975) 2 SCC 702

વિકાસ એશિયાડ કેસ, બિહાર અન્ડરટ્રાયલ પ્રિઝનર્સ, બંધુઆ મુકિત મોરચા વગેરે કેસમાં થયો.

મુંબઈ કામદાર યુનિયન વિ. અબ્દુલભાઈના કેસમાં બોનસ સંબંધિત ઔદ્યોગિક વિવાદ હતો. કામદારોની માગણી હતી કે બોનસ અધિનિયમ ૧૯૬૫, અનુસાર મળવાપાત્ર બોનસ ઉપરાંત તેઓને વધારાનું બોનસ મળવું જોઈએ. જયારે તેઓને બોનસ ન અપાયું ત્યારે મુંબઈ કામદાર યુનિયને કામદારો તરફથી અદાલતમાં રીટ દાખલ કરી. સંચાલકોની રજૂઆત હતી કે દાવો કરવાનો કે સાંભળવાનો હક માત્ર કામદારોનો છે, યુનિયનનો નહિં. યુનિયનની અલગ કાનૂની અસ્તિત્વ છે તેથી યુનિયનને આવો દાવો કરવાનો કોઈ હક નથી.

સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ શ્રી કૃષ્ણ ઐયરે લોકસ સ્ટેન્ડાઈ(Locus-Standai) સાંભળવાનો અધિકારના પ્રચલિત અર્થનું વિસ્તૃતીકરણ કરતાં જણાવ્યું કે આજે પરિસ્થિતિ બદલાઈ ચૂકી છે. ન્યાયાપ્રણાલિ જટિલ અને ખર્ચાળ હોવાના કારણે સામાન્ય વ્યકિતની પહોંચની બહાર બની ગઈ છે. એકલો કામદાર સુપ્રિમ કોર્ટ સુધી પહોંચી શકતો નથી. તેથી જનહિતમાં જો કામદારોના યુનિયન દ્વારા આવો દાવો કરવામાં આવે તો તેને અવશ્ય સાંભળવો જોઈએ. સાંભળવાના અધિકારનો વિસ્તુત કે ઉદાર અર્થ માત્ર જનહિતની બાબતોમાં કરવો જોઈએ. અન્યથા અદાલતોમાં કેસોની સંખ્યા વધી જવાનો ભય રહે છે. ન્યાયમૂર્તિ શ્રી ઐયરે લેવાયેલા આ નિર્ણયે ભવિષ્ય માટેના જનહિત વિવાદના દ્વારા ખોલી નાખ્યા.

હુસેન આરા ખાતુન વિ. બિહાર રાજય.[356]ના કેસમાં એક મહિલા એડવોકેટ કપિલા હિંગોરાણીએ સુપ્રિમ કોર્ટમાં બંદી પ્રત્યક્ષીકરણની રીટ દાખલ કરીને

---

[355] AIR 1976 SC 1459

[356] 1980 SCC 81

એવી રજૂઆત કરી કે દેશમાં લગભગ ૮૦ હજાર કાચા કામના કેદીઓ જેલમાં સબડી રહ્યા છે. તેઓના કેસોનો જલ્દીથી નિકાલ નહીં આવવાનું કારણ તેઓ જેલમાં પૂરાયેલા છે. કેટલાય એવા કેદીઓ છે કે જેઓને થનારી સજા કરતા પણ વધુ સમયથી તેઓ જેલોમાં પૂરાયેલા છે. જો તેઓને સજા કરાઈ હોત તો પણ તેઓએ પૂરી કરીને છૂટી ગયા હોત. સુપ્રિમ કોર્ટે દરેક હાઈકોર્ટને આદેશ પાઠવ્યો કે જે કાચા કામના કેદીઓ બહુ લાંબા સમયથી જેલમાં છે તેઓને તાત્કાલિક છૂટા કરવા. સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું કે તેઓને આવા કેદીઓને જામીન પર છોડવાની વ્યવસ્થા કરવી જોઈએ.

પરમાનંદ કટારા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા.[357]ના કેસમાં માનવ અધિકારવાદી નાગરિકે ભારતીય બંધારણના અનુચ્છેદ ૩૨ હેઠળ જનહિત વિવાદની અરજી કરીને એવી દાદ માંગી કે અકસ્માતગ્રસ્ત , ઈજાગ્રસ્ત નાગરિકને તાત્કાલિક તબીબી સારવાર મળવી જોઈએ. સામાન્યત : આવા કિસ્સાઓમાં ડોકટરો તાત્કાલિક સારવાર આપતા નથી અને પોલીસને બોલાવે છે. જેથી પોલીસ તેની કાર્યવાહી કરે. ડોકટરના મનમાં એવો ભય હોય છે કે જો પોલીસના આવતાં પહેલા સારવાર આપશે તો તેની કેસમાં સંડોવણી થઈ જશે. આથી તેઓ સારવાર મોડી આપે છે. અને તેના પરિણામે ઈજાગ્રસ્ત વ્યકિતનું મૃત્યુ થાય છે અથવા તો તેને વધુ શારિરીક પીડા–હાનિ ભોગવવી પડે છે. આ જનહિત વિવાદ યાચિકામાં એવું સ્પષ્ટ કરાયું કે ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૧ મુજબ સારવારમાં થતાં વિલંબથી જીવન અને વૈયકિતક સ્વાતંત્રતાના અધિકારનું ઉલ્લંઘન થાય છે. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ શ્રી રંગનાથ મિશ્રાએ એવું અવલોકન કર્યું કે તાત્કાલિક સારવાર મેળવવી એ વ્યકિતના જીવનના અધિકારની અંતર્ગત અધિકાર છે. જો કોઈ ડોકટર ભલે તે પછી સરકારી હોય કે ખાનગી પ્રેકટીસ કરતો હોય, પરંતુ આવા કિસ્સાઓમાં સારવાર આપવામાં વિલંબ

[357] AIR1989 SC 2039

કરશે તો દર્દીના મૂળભૂત અધિકારના ભંગ બદલ દોષિત ઠરાવાશે. ડોકટરી વ્યવસાય સાથે સંકળાયેલા તમામ લોકોના ભયને દૂર કરતાં સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું કે પોલીસ દ્વારા પણ આવા કિસ્સાઓમાં બિનજરૂરી રીતે આવા ડોકટરોને હેરાન પરેશાન  ન કરવા. પોલીસે વાજબી કારણ સિવાય ડોકટરોને પોલીસ સ્ટેશને બોલાવવા જોઈએ નહિં. પોલીસ તથા ડોકટરોના અરસપરસના સદ્ભાવથી જ જનહિતની રક્ષા થઈ શકે છે.

પિપલ્સ યુનિયન ફોર ડેમોક્રેટિક રાઈટ્સ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (એશિયાડ કેસ) [358] જનહિત વિવાદ સંદર્ભમાં આ એક સીમા ચિહ્ન કેસ બની રહ્યો છે. આ કેસમાં દિલ્હી વિકાસ સત્તા મંડળ, ભારત સરકાર અને દિલ્હી વહિવટીતંત્ર દ્વારા સંયુકત રીતે એશિયાઈ રમતો માટે એક વિશાળ સ્ટેડિયમ અને એશિયન ગામનું નિર્માણ કર્યુ. આ કાર્યમાં હજારો મજૂરોને કામે રાખવામાં આવ્યા. જેમાં સ્ત્રીઓ અને બાળકોનો પણ સમાવેશ થતો હતો. પિપલ્સ યુનિયન ફોર ડેમોક્રેટિક રાઈટ્સ સંસ્થાએ અદાલત સમક્ષ રજૂઆત કરી કે આ કામદારોને લઘુત્તમ વેતન ચૂકવાતું નથી. સુપ્રિમ કોર્ટે આ સંસ્થાની અરજીને અનુચ્છેદ–૩૨ હેઠળની રીટ અરજી ગણીને સંબંધિત અધિકારીઓને જવાબ આપવા માટે નોટિસ પાઠવી. આ કેસમાં મહત્વપૂર્ણ પ્રશ્ન એ હતો કે શું અરજદાર સંસ્થા કામદારો વતી શું આવી અરજી કરી શકવા હકદાર છે ? આ મુદ્દે સુપ્રિમ કોર્ટના ન્યાયામૂર્તિ શ્રી ભગવતીએ ઠરાવ્યું કે જનહિત વિવાદ કાનૂની સહાય આંદોલનનું સ્વરૂપ છે. ગરીબ વ્યકિત ન્યાયાલય સુધી પહોંચવા શકિતમાન નથી. ન્યાયિક વ્યવસ્થામાં બે પ્રતિદ્વંદી પક્ષકાર હોય છે. જે તેઓની શકિત અને ધનની તાકાત ઉપર કેસ લડે છે. આવી સ્થિતિઓમાં કમજોર વ્યકિત બળવાન વ્યકિતનો મુકાબલો કરી શકતી નથી. આવી પરિસ્થિતિમાં જો કોઈ સમાજ સેવિકા સંસ્થા નબળા વર્ગના લોકો માટે કોઈ રીટ કરે તો તેને અવશ્ય સાંભળવી જોઈએ.

---

[358] AIR 1982 SC  473

ન્યાયમૂર્તિ શ્રી ભગવતીએ નબળા વર્ગોના હિતમાં ચૂકાદો આપતાં ઠરાવ્યું કે દરેક કામદારને લઘુત્તમ વેતન મળવું જ જોઈએ. મહિલા કામદારોને પુરૂષોના જેટલું જ વેતન ચૂકાવવું જોઈએ. મહિલાઓને ઓછુ વેતન ચૂકાવવાથી તેઓના સમાનતાના અધિકારનો ભંગ થાય છે. ઓછા વેતન ચૂકવીને કામ કરાવવામાં આવે તો બંધારણના અનુચ્છેદ–૨૩ નું પણ ઉલ્લંઘન થાય છે. અનુચ્છેદ–૨૩માં બળપૂર્વક મજૂરી કામ કરાવવું કે વેઠ કરાવવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. ઓછા વેતન દ્વારા કાર્ય કરાવવું બળપૂર્વકની મજૂરી કરાવવા બરાબર છે. ૧૪ વર્ષથી નીચેની વયના બાળકોને કામ કરાવવા ઉપર ભારતીય બંધારણના અનુચ્છેદ–૨૪ દ્વારા પ્રતિબંધ ફરમાવાયો છે. સુપ્રિમ કોર્ટે સરકારને આદેશ પાઠવ્યો કે આ બધી જ અનિયમિતતા દૂર કરે. ખરેખર તો સામાજિક અને આર્થિક વ્યવસ્થા નકકી કરવાની જવાબદારી વહિવટી અને વિધાનતંત્રની છે. આમ આ જનહિત વિવાદની અરજી દ્વારા એશિયાડ સ્ટેડિયમના બાંધકામમાં જોતરાયેલા મજૂરોના હિતને રક્ષણ આપવામાં આવ્યું હતું.

બંધુઆ મુકિત મોરચા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા[359]આ કેસમાં સ્વામી અગ્નિવેશ દ્વારા, બંધુઆ મુકિત મોરચાની રચના કરાઈ હતી. જેનો ઉદ્દેશ દેશના વિવિધ ભાગોમાં રહેતા બંધુઆ મજૂરોને મુકિત અપાવવાનો હતો. આ મોરચાએ ફરિદાબાદની પત્થરની ખાણોમાં કામ કરતાં કેટલાક મજૂરોને છોડાવવા માટે સુપ્રિમ કોર્ટમાં રીટ કરી હતી. બંધુઆ મજૂરો કે જેઓ રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશના વતની હતા. સુપ્રિમ કોર્ટે આ રીટનો સ્વીકાર કરીને ઠરાવ્યું કે બંધુઆ મજૂરો દેશ માટે કલંકરૂપ બાબત છે. નબળા અને અસહાય લોકો પાસેથી બળપૂર્વક મજૂરી કરાવે તે શરમજનક બાબત છે. સુપ્રિમ કોર્ટે સરકારોને આદેશ આપતા કહ્યું કે બંધુઆ મજૂરોને તાત્કાલિક મૂકત કરવા અને તેમ જ તેઓનું પુનર્વસન કરવાની વ્યવસ્થા કરે. ન્યાયમૂર્તિ

---

[359] (1984) 3 SCC 161.

શ્રી ભગવતી ઠરાવ્યું કે જનહિત વિવાદના કેસોને આવકારવા જોઈએ કારણ કે આવા કેસો  દ્વારા જ ગરીબ અને પિડીત જનતાને રાહત મળી શકે છે. નબળા વર્ગોની હિતના રક્ષણ માટેનો આ સહેલો ઉપાય છે. જનહિત વિવાદ સામાન્ય વ્યકિતના માનવ અધિકારોનું રક્ષણ કરવામાં સફળ રહ્યા છે.

નિરજા ચૌધરી વિ. મહારાષ્ટ્ર રાજય.[360]કેસમાં નિરજા ચૌધરીએ એક પત્ર લખીને સુપ્રિમ કોર્ટેને જણાવ્યું કે  છ માસ વિતવા છતાં ફરીદાબાદની ખાણોમાંથી મૂકિત પામેલા બંધુઆ મજૂરો માટે પુનર્વસનની કોઈ જ વ્યવસ્થા સરકારે કરી નથી. સુપ્રિમ કોર્ટે આ પત્રને રીટ યાચિકા ગણીને મધ્ય પ્રદેશની સરકારને આદેશ આપ્યો કે આ ખાણના ૧૩૫ મજૂરોના પુનર્વસનની વ્યવસ્થા કરવામાં આવે.

શિલા બારસે વિ. યુનિયન ઓફ ઈન્ડિયા[361]કેસમાં એક મહિલા પત્રકાર અને સમાજ સેવિકા દ્વારા સુપ્રિમ કોર્ટને પત્ર લખીને વાકેફ કરી કે જુવેનાઈલ – બાળ અપરાધીઓને પુખ્તવયના કેદીઓની સાથે જેલમાં રાખવામાં આવે છે. જે તેઓના ભાવિ હિતમાં  નથી. આવા બાળ અપરાધીઓને બાળ સંરક્ષણ ગૃહમાં રાખવા જોઈએ. સુપ્રિમ કોર્ટે આ પત્રને રીટ ગણી આવા બાળ અપરાધીઓને જેલમાંથી મૂકત કરી બાળ સંરક્ષણ ગૃહમાં રાખવા સરકારને આદેશ પાઠવ્યા. સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું કે ૧૬ વર્ષથી નીચેની વયના બાળકોને જેલમાં નહીં રાખતા બાળ સંરક્ષણ ગૃહમાં રાખવા જોઈએ અને તેઓને મફત કાનૂની સલાહ અને સહાય આપવી જોઈએ. જો કોઈ બાળક વિરૂદ્ધ એવી કોઈ એફ.આઈ.આર. દાખલ થાય કે જેમાં તે ગુનાની સજા સાત વર્ષથી ઓછી હોય તો તે અંગેની તપાસ ત્રણ માસમાં પોલીસે પૂરી કરવાની રહેશે. જિલ્લા ન્યાયાધીશ, ચીફ મેજિસ્ટ્રેટ અને અન્ય જયુડિશીયલ મેજિસ્ટ્રેટે અઠવાડીયામાં એકવાર જેલનું નિરિક્ષણ

---

360 AIR 1984 SC 1099.

361 (1987) 3  SCC 50.

કરવાનું રહેશે તેવી પણ સૂચના સુપ્રિમ કોર્ટે પાઠવી. આ ઉપરાંત એવું અવલોકન કર્યું કે બાળકો રાષ્ટ્રની ધરોહર છે તેથી તેઓના વિકાસમાં ધ્યાન આપવું જોઈએ. આ જનહિત વિવાદની રીટથી ન્યાયથી વંચિત બાળકોને રાહત મળી. સુપ્રિમ કોર્ટે જનહિત વિવાદના મહત્વ સમજાવતા કહ્યું કે આ સામાન્ય વિવાદથી અલગ બાબત છે. જેનો હેતુ આ બધા જ વ્યકિતઓને ન્યાય મેળવવાની સમાન તક પ્રાપ્ત કરાવવાનો તથા તેઓના હિતની રક્ષા કરવાનો છે. જનહિત વિવાદ ગરીબ લોકો માટે ન્યાય મેળવવાનો એક ઉપયોગી સાધન કે ઉપાય બની રહેશે. જનહિત વિવાદોને આગળ ધપાવવામાં ન્યાયમૂર્તિઓ સર્વ શ્રી કૃષ્ણ ઐયર, ભગવતી, વેંકટ ચેલૈયા, રંગનાથ મિશ્રા વગેરેનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે.

સુનીલ બત્રા વિ. દિલ્હી વહિવટીતંત્ર[362] કેસમાં સુપ્રિમ કોર્ટે કેદીએ લખેલા પત્રને રીટ ગણીને જેલ સત્તાવાળાઓને ઉદ્દેશીને આદેશો આપવામાં આવ્યા હતા. કેદીએ તેના પત્રમાં એવી ફરિયાદ કરી હતી કે તેની સાથે જેલના મુખ્ય વોર્ડન દ્વારા અમાનવીય વ્યવહાર કરવામાં આવી રહ્યા છે. તેને દંડા બેડી પહેરાવીને કોટડીમાં રાખવામાં આવે છે. કેદીના આ પત્રને બંદી પ્રત્યક્ષીકરણની રીટ ગણીને જેલ સત્તાવાળાઓને એવો આદેશ આપ્યો કે પત્ર લખનાર કેદીને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવે કે જેથી કોર્ટ તેની વ્યથાને સાંભળી શકે. આમ આ કેસ કેદીઓ માટે વરદાનરૂપ સાબિત થયો.

ઉપેન્દ્ર બક્ષી વિ. યુનિયન ઓફ ઈન્ડિયા[363]કેસમાં દિલ્હીના બે પ્રોફેસરોએ આગ્રામાં મહિલાઓના સંરક્ષણ ગૃહમાં મહિલાઓ સાથે અમાનવીય વ્યવહારના સંદર્ભમાં સુપ્રિમ કોર્ટમાં ફરિયાદ કરી હતી. સુપ્રિમ કોર્ટે તે પત્રને રીટ ગણી ભારતીય બંધારણના અનુચ્છેદ– ૨૧ અંતર્ગત જીવન અને વૈયકિતક સ્વતંત્રતાના

---

[362] AIR 1978 SC 1675.
[363] (1983) 2 SCC 308.

મૂળભૂત અધિકારનું રક્ષણ કરવા માટે આગ્રા નારી સંરક્ષણ ગૃહના અધિકારીઓને નોટિસ પાઠવી કે જેથી મહિલાઓ પ્રત્યેના અમાનવીય વ્યવહારોમાંથી તેઓને મૂકિત મળી શકે.

એમ. સી. મહેતા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા[364]કેસમાં શ્રીરામ ફૂડ એન્ડીર્ટિલાઈઝર કોર્પોરેશનના પાવર પ્લાન્ટને બંધ કરવા રીટ કરાઈ હતી. તા. ૪ અને ૬ ઠ્ઠી ડીસેમ્બર ૧૯૮૫ના રોજ ઓલિયમ ગેસનું ગળતર થતાં કેટલાય વ્યકિતઓને તેની ગંભીર અસર થઈ હતી. લોકો દ્વારા નુકસાન વળતરની અદાલતમાં દાવા કરાયા હતા. સુપ્રિમ કોર્ટે આ કેસમાં જણાવ્યું કે એમ. સી. મહેતાની રીટ અરજી સાંભળવા યોગ્ય છે. તેઓનો ઉદ્દેશ જનહિતની રક્ષા માટે છે. જયારે કોઈ ગરીબ કે નબળા વર્ગના મૌલિક કે બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન થાય છે તયારે કોઈપણ વ્યકિત તેઓ વતી રીટ અરજી કરી શકે છે.

## ૩.૪ કાનૂની સેવા સત્તા મંડળનો અધિનિયમ,૧૯૮૭

### કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ, ૧૯૮૭

[364] AIR 1987 SC 1086.

**(સન ૧૯૮૭ નો અધિનિયમ ક્રમાંક – ૩૯)**

# અનુક્રમણિકા

## પ્રકરણ–૧

## પ્રારંભિક


૧.	ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ

૨.	વ્યાખ્યા


## પ્રકરણ – ૨

## રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ


૩.	રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળની રચના.

૪.	સર્વોચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિ

૫.	કેન્દ્રીય સત્તા મંડળના કાર્યો.

૫ક.	કેન્દ્રીય સત્તા મંડળે બીજી એજન્સીઓ સાથે સહકારથી કામ કરવા બાબત.


## પ્રકરણ – ૩

## રાજય કાનૂની સેવા સત્તા મંડળ


૬.	રાજય કાનૂની સેવા સત્તા મંડળની રચના.

૭.	રાજય સત્તા મંડળના કાર્યો.

૮.	રાજય સત્તા મંડળે બીજી એજન્સીઓ વગેરે સાથે સંકલનથી વર્તવા અને કેન્દ્રીય સત્તા મંડળે આપેલા આદેશોને આધીન રહેવા બાબત.

૮ક. ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિ.

૯. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ.

૧૦. જિલ્લા સત્તા મંડળના કાર્યો.

૧૧. જિલ્લા સત્તા મંડળે બીજી એજન્સીઓ સાથે સંકલનથી કામ કરવા બાબત અને કેન્દ્રીય સત્તા મંડળ વગેરેએ આપેલ હુકમોને આધીન રહેવા બાબત.

૧૧ક. તાલુકા કાનૂની સેવા સમિતિ.

૧૧ખ. તાલુકા કાનૂની સેવા સમિતિના કાર્યો.

## પ્રકરણ – ૪

## કાનૂની સેવાઓ મેળવવા માટે હકદાર હોવા બાબત

૧૨. કાનૂની સેવાઓ આપવા માટેના ધોરણો.

૧૩. કાનૂની સેવાઓ મેળવવા માટે હકદાર હોવા બાબત.

## પ્રકરણ – ૫

## નાણાં, હિસાબો અને ઓડિટ

૧૪. કેન્દ્ર સરકારની ગ્રાન્ટ.

૧૫. રાષ્ટ્રીય કાનૂની સહાય ફંડ.

૧૬. રાજય કાનૂની સહાય ફંડ.

૧૭. જિલ્લા કાનૂની સહાય ફંડ.

૧૮. હિસાબ અને ઓડિટ.

## પ્રકરણ – ૬

## લોક અદાલત

૧૯. લોક અદાલતો યોજવા બાબત.

૨૦. લોક અદાલતે કેસની ન્યાયીક નોંધ લેવા બાબત.

૨૧. લોક અદાલતનો ચુકાદો.

૨૨. લોક અદાલતની સત્તાઓ.

## પ્રકરણ – ૭

## પ્રકીર્ણ

૨૩. સત્તા મંડળ, સમિતિ અને લોક અદાલતોનાં સભ્યો અને સ્ટાફ રાજય સેવકો ગણાશે.

૨૪. શુદ્ધબુદ્ધિથી લીધેલ પગલાંને રક્ષણ.

૨૫. અધિનિયમની ઉપરવટ અસર.

૨૬. મુશ્કેલી દુર કરવાની સત્તા.

૨૭. કેન્દ્ર સરકારની નિયમો કરવાની સત્તા.

૨૮. રાજય સરકારની નિયમો કરવાની સત્તા.

૨૯. કેન્દ્રીય સત્તા મંડળની વિનિયમો કરવાની સત્તા.

૨૯ક. રાજય સત્તા મંડળની વિનિયમો કરવાની સત્તા.

૩૦. નિયમો અને વિનિયમો ( સંસદ સમક્ષ ) મૂકવા બાબત.

## કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ, ૧૯૮૭

## (સન ૧૯૮૭ નો અધિનિયમ ક્રમાંક : ૩૯) (૧૧મી ઓકટોબર, ૧૯૮૭)

સમાજના નબળા વર્ગોને વિના મૂલ્યે અને સક્ષમ કાનૂની સેવા આપવા માટે આર્થિક અથવા અન્ય અસમર્થતાના કારણે કોઈ પણ નાગરિકને, ન્યાય મેળવવાની તકનો ઈન્કાર કરવામાં આવતો નથી તેવું સુનિશ્ચિત કરવા માટે અને સમાન તકના

ધોરણે કાનૂની પદ્ધતિનું  કાર્ય ન્યાયને ઉત્તેજન આપે છે તેવું સુનિશ્ચિત કરવા માટે લોક અદાલતો યોજવા માટે કાનૂની સેવા સત્તા મંડળો રચવા બાબત અધિનિયમ.

સંસદે ભારતના ગણ રાજયના આડત્રીસમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કર્યો છે.

## પ્રકરણ – ૧

## પ્રારંભિક

---

**૧. ટૂંકી સંજ્ઞા વ્યાપ્તિ અને આરંભ :**

૧) આ અધિનિયમ ' કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ, ૧૯૮૭' કહેવાશે.

૨) તે જમ્મુ અને કાશ્મીર રાજય સિવાય સમગ્ર ભારતને લાગુ પડશે.

૩) કેન્દ્ર સરકાર, જાહેરનામાંથી નકકી કરે તે તારીખે તે અમલમાં આવશે અને આ અધિનિયમની જુદી જુદી જોગવાઈઓ અને જુદા જુદા રાજયો માટે, જુદી જુદી તારીખો નકકી કરી શકાશે અને કોઈપણ રાજય સબંધી આ અધિનિયમની કોઈ જોગવાઈના આરંભના કોઈ સંદર્ભનો અર્થ તે રાજયમાં તે જોગવાઈના આરંભના સંદર્ભ તરીકે કરવો જોઈએ.

વ્યાખ્યા –૨ (૧) આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય,

(ક) 'કેસ' માં, ન્યાયાલય સમક્ષના કોઈ પણ દાવા અથવા કાર્યવાહીનો સમાવેશ થાય છે.

(કક)'કેન્દ્રીય સત્તા મંડળ' એટલે કલમ ૩ હેઠળ રચાયેલ રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ,

(કકક) ' ન્યાયાલય' એટલે દીવાની, ફોજદારી અથવા મહેસૂલી ન્યાયાલય અને તેમાં ન્યાયિક અથવા અર્ધન્યાયિક કાર્યો બજાવવા માટે, તે સમયે

અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ રચાયેલ કોઈ ટ્રિબ્યુનલ અથવા બીજા કોઈ સત્તા મંડળનો સમાવેશ થાય છે.

(ખ) ' જિલ્લા સત્તા મંડળ' એટલે કલમ ૯ હેઠળ રચાયેલ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,

(ખખ) 'ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિ' એટલે કલમ ૮ક હેઠળ રચાયેલ ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિ,

(ગ) 'કાનૂની સેવા' માં, કોઈપણ ન્યાયાલય અથવા બીજા સત્તા મંડળ અથવા ટ્રિબ્યુનલ સમક્ષ કોઈપણ કેસ અથવા બીજી કાનૂની કાર્યવાહી કરવા કોઈ સેવા બજાવવાનો અને કોઈપણ કાનૂની બાબત ઉપર સલાહ આપવાનો સમાવેશ થાય છે,

(ઘ) 'લોક અદાલત' એટલે પ્રકરણ – ૬ હેઠળ યોજાયેલ લોક અદાલત,

(ચ) 'જાહેરનામું' એટલે રાજયપત્રમાં પ્રસિદ્ધ કરેલ જાહેરનામું,

(છ) ' ઠરાવેલ' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલ,

(છછ) 'વિનિયમો' એટલે આ અધિનિયમ હેઠળ કરેલાં વિનિયમો,

(જ) 'યોજના' એટલે આ અધિનિયમની કોઈપણ જોગવાઈઓનો અમલ કરવાના ઉદેશથી કેન્દ્રીય સત્તા મંડળ, રાજય સત્તા મંડળ અથવાજિલ્લા સત્તા મંડળે ઘડેલી કોઈપણ યોજના,

(ઝ) 'રાજય સત્તા મંડળ' એટલે કલમ ૬ હેઠળ રચાયેલ રાજય કાનૂની સેવા સત્તા મંડળ,

(ટ) 'રાજય સરકાર' માં સંવિધાનની કલમ ૨૩૯ હેઠળ રાષ્ટ્રપતિએ નીમેલ સંઘ રાજયક્ષેત્રના વહીવટકર્તાનો સમાવેશ થાય છે,

(ઠ) 'ઉચ્ચત્તમ ન્યાયાલય કાનૂની સેવા સમિતિ'' એટલે કલમ ૩ક હેઠળ

રચાયેલ ઉચ્ચત્તમ ન્યાયાલય કાનૂની સેવા સમિતિ,

(ડ) 'તાલુકા કાનૂની સેવા સમિતિ' એટલે કલમ ૧૧–ક હેઠળ રચાયેલ તાલુકા કાનૂની સેવા સમિતિ.

૨. આ અધિનિયમમાં બીજા કોઈ અધિનિયમ અથવા તેની કોઈ જોગવાઈનાં સંદર્ભનો અર્થ, જે વિસ્તારમાં આવો અધિનિયમ અથવા જોગવાઈ અમલમાં ન હોય તેના સબંધમાં, તે વિસ્તારમાં અમલમાં હોય તેવા કોઈપણ તત્સમાન કાયદા અથવા તત્સમાન કાયદાની સબંધિત જોગવાઈઓનાં સંદર્ભ તરીકે કરવો જોઈએ.

## પ્રકરણ – ૨

## રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ

### ૩. રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળની રચના

(૧) કેન્દ્ર સરકાર, આ અધિનિયમ હેઠળ કેન્દ્રીય સત્તા મંડળને મળેલ અથવા સોંપેલ સત્તા વાપરવા અને કાર્યો બજાવવા માટે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ એ નામનાં એક મંડળની રચના કરશે.

(૨) કેન્દ્રીય સત્તા મંડળ નીચેનાનું બનશે :–

(ક) ભારતનાં મુખ્ય ન્યાયમૂર્તિ, જેઓ મુખ્ય સંરક્ષક રહેશે,

(ખ) રાષ્ટ્રપતિએ, ભારતનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, નીમેલા ઉચ્ચત્તમ ન્યાયાલયની સેવા બજાવતા અથવા નિવૃત્ત ન્યાયાધીશ, જેઓ કારોબારી અધ્યક્ષ રહેશે, અને

(ગ) ભારતનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને તે

સરકારે નિયુકત કરવાના કેન્દ્ર સરકાર ઠરાવે તેવા અનુભવ અને લાયકાત ધરાવતા, તેટલી સંખ્યાના બીજા સભ્યો.

(૩) કેન્દ્ર સરકાર, ભારતનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, તે સરકાર ઠરાવે તેવી અથવા તે સત્તા મંડળના કારોબારી અધ્યક્ષ તેમને સોંપે તેવી કેન્દ્રીય સત્તા મંડળનાં કારોબારી અધ્યક્ષ હેઠળની સત્તા વાપરવા અને ફરજો બજાવવા માટે, તે સરકાર ઠરાવે તેવો અનુભવ અને લાયકાત ધરાવતી વ્યકિતની કેન્દ્રીય સત્તા મંડળના સભ્ય–સચિવ તરીકે નિમણૂંક કરશે.

(૪) કેન્દ્રીય સત્તા મંડળનાં સભ્યો અને સભ્ય–સચિવનાં હોદ્દાની શરતો અને તેને લગતી બીજી શરતો, ભારતનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, કેન્દ્ર સરકાર ઠરાવે તેવી રહેશે.

(૫) કેન્દ્રીય સત્તા મંડળ, આ અધિનિયમ હેઠળ પોતાનાં કાર્યો અસરકારક રીતે બજાવવા માટે, ભારતનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, કેન્દ્ર સરકાર ઠરાવે તેટલી સંખ્યામાં અધિકારીઓ અને બીજા કર્મચારીઓ નીમી શકશે.

(૬) કેન્દ્રીય સત્તા મંડળનાં અધિકારીઓ અને બીજા કર્મચારીઓ, ભારતનાં મુખ્યન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને કેન્દ્ર સરકાર ઠરાવે તેટલો પગાર અને ભથ્થા મેળવવા હકદાર રહેશે અને તેવી બીજી સેવાની શરતોને આધીન રહેશે.

(૭) કેન્દ્રીય સત્તા મંડળ સભ્ય–સચિવ, અધિકારીઓ અને બીજા કર્મચારીઓને ચૂકવવાના પગાર, ભથ્થા અને પેન્શન સહિત, કેન્દ્રીય

સત્તા મંડળનો વહીવટી ખર્ચ, ભારતનાં એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે.

(૮) કેન્દ્રીય સત્તા મંડળનાં તમામ હુકમો અને નિર્ણયો, સભ્ય–સચિવે અથવા તે સત્તા મંડળનાં કારોબારી અધ્યક્ષે યોગ્ય રીતે અધિકૃત કરેલા કેન્દ્રીય સત્તા મંડળનાં બીજા કોઈ અધિકારીએ પ્રમાણિત કરવા જોઈશે.

(૯) કેન્દ્રીય સત્તા મંડળનું કોઈ કાર્ય અથવા કોઈ કાર્યવાહી ફકત કેન્દ્રીય સત્તા મંડળમાં કોઈ પણ જગ્યા ખાલી હોવાના અથવા તેની રચનામાં કોઈપણ ખામી હોવાના કારણે જ અમાન્ય ઠરશે નહિ.

**૩ક. સર્વોચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિ.**

(૧) કેન્દ્રીય સત્તા મંડળે કરેલાં વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરવાના અને તેવા કાર્યો બજાવવાના હેતુ માટે, કેન્દ્રીય સત્તા મંડળ, સર્વોચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિ એ નામની એક સમિતિની રચના કરશે.

(૨) સમિતિ નીચેના સભ્યોની બનશે :–

(ક) સર્વોચ્ચ ન્યાયાલયનાં ચાલુ ન્યાયમૂર્તિ જેઓ અધ્યક્ષ રહેશે, અને

(ખ) ભારતનાં મુખ્ય ન્યાયમૂર્તિએ નિયુકત કરવાના, કેન્દ્ર સરકાર ઠરાવે તેવો અનુભવ અને લાયકાત ધરાવતા હોય તેટલી સંખ્યામાં બીજા સભ્યો.

(૩) ભારતનાં મુખ્ય ન્યાયમૂર્તિ, કેન્દ્ર સરકાર ઠરાવે તેવો અનુભવ અને લાયકાત ધરાવતી વ્યકિતને સમિતિનાં સચિવ તરીકે નીમશે.

(૪) સમિતિના સભ્યો અને સચિવના હોદ્દાની મુદત અને તેને લગતી બીજી શરતો કેન્દ્રીય સત્તા મંડળે ઘડેલા વિનિમયોથી ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૫) સમિતિ પોતાનાં કાર્યો અસરકારક રીતે બજાવી શકે તે માટે, ભારતનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, કેન્દ્ર સરકાર ઠરાવે તેટલી સંખ્યામાં અધિકારીઓ અને બીજા કર્મચારીઓ નીમી શકશે.

(૬) સમિતિનાં અધિકારીઓ અને બીજા કર્મચારીઓ, ભારતનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, કેન્દ્ર સરકાર ઠરાવે તેટલો પગાર અને ભથ્થા મેળવવા હકદાર રહેશે અને તેવી દીવાની બીજી શરતોને આધીન રહેશે.

**૪. કેન્દ્રીય સત્તા મંડળના કાર્યો.**

(૧) કેન્દ્રીય સત્તા મંડળ, નીચેના તમામ અથવા કોઈપણ કાર્યો બજાવશે.

(ક) આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ, કાનૂની સેવાઓ પ્રાપ્ય બનાવવાના, નીતિઓ અને સિદ્ધાંતો નકકી કરવા,

(ખ) આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ, કાનૂની સેવાઓ પ્રાપ્ય બનાવવાના હેતુ માટે, અત્યંત અસરકારક અને કરકસરયુકત યોજનાઓ ઘડવી.

(ગ) તેના હસ્તકના ફંડનો ઉપયોગ કરવો અને રાજય સત્તા મંડળો અને જિલ્લા સત્તા મંડળોને ફંડની યોગ્ય ફાળવણી કરવી.

(ઘ) ગ્રાહક સંરક્ષણ, પર્યાવરણ સંરક્ષણ અથવા સમાજનાં નબળા વર્ગોને ખાસ લાગુ પડતી બીજી કોઈપણ બાબતનાં સબંધમાં સામાજિક ન્યાય દાવા કામ મારફત જરૂરી પગલાં લેવા અને આ હેતુ માટે, કાનૂની કુશળતા ધરાવતા સામાજિક કાર્યકરોને તાલીમ,

(ચ) ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં, ગંદા વસવાટોમાં અથવા મજૂર વસાહતોમાં, સમાજના નબળા વર્ગોને તેમનાં હકકો વિષે શિક્ષણ

આપવાના તેમજ લોક અદાલતો દ્વારા તકરારોની પતાવટને ઉત્તેજન આપવાના બેવડા હેતુવાળા કાનૂની સહાય કેમ્પો યોજવા,

(છ) વાટાઘાટો, લવાદી અનેસમાધાન દ્વારા તકરારોની પતાવટને ઉત્તેજન આપવું.

(જ) ગરીબોમાં આવી સેવાઓ માટે જરૂરિયાતના ખાસ સંદર્ભવાળી કાનૂની સેવાઓના ક્ષેત્રમાં સંશોધન હાથ ધરવા અને તેને ઉત્તેજન આપવું.

(ઝ) સંવિધાનના ભાગ–૪–એ હેઠળ નાગરિકોની મૂળભૂત ફરજો બજાવવાની ખાતરી કરવાનાં હેતુ માટે તમામ જરૂરી બાબતો કરવી.

(ટ) નિયત સમયાંતરે કાનૂની સહાય કાર્યક્રમોનાં અમલની દેખરેખ રાખવી અને મૂલ્યાંકન કરવું અને આ અધિનિયમ હેઠળ જોગવાઈ કરેલ ફંડ દ્વારા સંપૂર્ણતા અથવા અંશતઃ અમલ કરાયેલ અને યોજનાનાં સ્વતંત્ર મૂલ્યાંકન માટે જોગવાઈ કરવી.

(ઠ) આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કાનૂની સેવા યોજનાના અમલીકરણ માટે જુદી જુદી સ્વૈચ્છિક સામાજિક સેવા સંસ્થાઓ અને રાજય અને જિલ્લા સત્તા મંડળો હસ્તક મૂકેલ ફંડમાંથી તેની નિર્દિષ્ટ યોજનાઓના અમલ માટે, સહાયક અનુદાનની જોગવાઈ કરવી.

(ડ) ભારતની બાર કાઉન્સિલ સાથે વિચાર–વિનિમય કરીને ઉપાયાત્મક કાનૂની શિક્ષણ કાર્યક્રમોનો વિકાસ કરવા અને માર્ગદર્શનને ઉત્તેજન આપવું અને સંસ્થાની અને યુનિવર્સિટી, લો કોલેજો અને બીજી સંસ્થાઓમાં ઉપાયાત્મક કાનૂની સેવાની કામગીરી ઉપર દેખરેખ રાખવી.

(ઢ) લોકોમાં કાનૂની જાણકારી અને કાનૂની સભાનતા ફેલાવવા માટે અને ખાસ કરીને સમાજના નબળાવર્ગોને, સામાજિક કલ્યાણના કાયદા અને બીજા અધિનિયમોથી બાંયધરી આપેલ હકો, લાભો અને વિશેષાધિકારી તેમજ વહીવટી કાર્યક્રમો અને પગલાઓ વિશે શિક્ષણ આપવા યોગ્ય પગલાં લેવા,

(ત) પાયના સ્તરે કાર્ય કરતી, સ્વૈચ્છિક સામાજિક કલ્યાણ સંસ્થાઓ, ખાસ કરીને, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ, સ્ત્રીઓ અને ગ્રામીણ અને શહેરી મજૂરની સંસ્થાઓને સમર્થન આપવા માટે ખાસ પ્રયત્નો કરવા, અને

(થ) રાજય સત્તા મંડળ, જિલ્લા સત્તા મંડળ, સર્વોચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિ, ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિઓ, તાલુકા કાનૂની સેવા સમિતિઓ અને સ્વૈચ્છિક સામાજિક સેવા સંસ્થાઓ અને બીજી કાનૂની સેવા સંગઠનોના કાર્યોનું સંકલન કરવું અને દેખરેખ રાખવી અને કાનૂની સેવા કાર્યક્રમોનાં યોગ્ય અમલીકરણ માટે સામાન્ય માર્ગદર્શન આપવું.

**૫. કેન્દ્રીય સત્તા મંડળે બીજી એજન્સીઓ સાથે સંકલનથી કામ કરવા બાબત.**

આ અધિનિયમ હેઠળ પોતાના કાર્યો બજાવતી વખતે, કેન્દ્રીય સત્તા મંડળે, યોગ્ય જણાય ત્યારે બીજી સરકારી અને બિન–સરકારી એજન્સીઓ, યુનિવર્સિટીઓ, ગરીબોને કાનૂની સેવા આપવાને ઉત્તેજન આપવાનાં કામમાં રોકાયેલ બીજી સંસ્થાઓ સાથે સંકલનથી કામ કરવું જોઈશે.

## પ્રકરણ – ૩

## રાજય કાનૂની સેવા સત્તા મંડળ

## ૬. રાજય કાનૂની સેવા સત્તા મંડળની રચના.

(૧) દરેક રાજય સરકાર, આ અધિનિયમ હેઠળ, રાજય સત્તા મંડળને મળેલ અથવા સોંપેલ સત્તા વાપરવા અને કાર્યો બજાવવા માટે, રાજય કાનૂની સેવા સત્તા મંડળ એ નામના એક મંડળની રચના કરશે.

(૨) રાજય સત્તા મંડળ નીચેનાનું બનશે.

(ક) ઉચ્ચ ન્યાયાલયનાં મુખ્ય ન્યાયમૂર્તિ જેઓ મુખ્ય સંરક્ષક રહેશે.

(ખ) ઉચ્ચ ન્યાયાલયનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, રાજયપાલે નિયુકત કરવાના, ઉચ્ચ ન્યાયાલયનાં ચાલુ અથવા નિવૃત્ત ન્યાયાધીશ, જેઓ કારોબારી અધ્યક્ષ રહેશે, અને

(ગ) ઉચ્ચ ન્યાયાલયનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને રાજય સરકાર ઠરાવે તેવા અનુભવને લાયકાતો ધરાવતા તે સરકારે નિયુકત કરવાના તેટલી સંખ્યાના બીજા સભ્યો.

(૩) ઉચ્ચ ન્યાયાલયનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને રાજય સરકાર ઠરાવે તેવી અથવા તે સત્તા મંડળનાં કારોબારી અધ્યક્ષ તેમને સોંપે તેવી, રાજયના કારોબારી અધ્યક્ષ હેઠળની સત્તાઓ વાપરવા અને તેવી ફરજો બજાવવા માટે રાજય સત્તા મંડળના સભ્ય–સચિવ તરીકે જિલ્લા ન્યાયાધીશના દરજજાથી ઉતરતા દરજજાના ન હોય તેવા રાજયની ઉચ્ચ ન્યાયીક સેવામાં હોય તેવી વ્યકિતને નીમશે.

પરંતુ રાજય સત્તા મંડળની રચનાની તરત પહેલાં, રાજય કાનૂની સહાય અને સલાહકાર બોર્ડના સચિવ તરીકે કાર્ય કરતી વ્યકિતને આ પેટા કલમ હેઠળ તે માટેની લાયકાત ધરાવતી હોય તે પણ પાંચ વર્ષથી વધુ નહિ તેટલી મુદત માટે તે સત્તા મંડળના સભ્ય સચિવ તરીકે નીમી શકશે.

(૪) રાજય સત્તા મંડળનાં સભ્યો અને સભ્ય–સચિવનાં હોદાની મુદત અને તેને લગતી બીજી શરતો, ઉચ્ચ ન્યાયાલયનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, રાજય સરકાર ઠરાવે તેવા રહેશે.

(૫) રાજય સત્તા મંડળ, આ અધિનિયમ હેઠળ પોતાનાં કાર્યો કાર્યક્ષમ રીતે બજાવી શકે તે માટે, ઉચ્ચ ન્યાયાલયનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, રાજય સરકાર ઠરાવે તેટલી સંખ્યાના અધિકારીઓ અને બીજા કર્મચારીઓ નીમી શકશે.

(૬) રાજય સત્તા મંડળના અધિકારીઓ એ બીજા કર્મચારીઓ ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને રાજય સરકાર ઠરાવે તેવા પગાર અને ભથ્થા મેળવવાને હકદાર રહેશે અને તેવી સેવાની બીજી શરતોને આધીન રહેશે.

(૭) રાજય સત્તા મંડળનાં સભ્ય–સચિવ, અધિકારીઓ અને બીજા કર્મચારીઓને આપવાના પગાર, ભથ્થા અને પેન્શન સહિત રાજય સત્તા મંડળનું વહીવટી ખર્ચ રાજયના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે.

(૮) રાજય સત્તા મંડળનાં તમામ હુકમો અને નિર્ણયો, સભ્ય–સચિવ અથવા રાજય સત્તા મંડળનાં કારોબારી અધ્યક્ષે યોગ્ય રીતે અધિકૃત કરેલ બીજા કોઈપણ અધિકારી પ્રમાણિત કરશે.

(૯) રાજય સત્તા મંડળનું કોઈપણ કાર્ય અથવા કાર્યવાહી, માત્ર રાજય સત્તા મંડળમાં કોઈ ખાલી જગ્યા હોવાને અથવા તેની રચનામાં કોઈ ખામી હોવાને કારણે જ અમાન્ય ઠરશે નહિ.

**૭. રાજય સત્તા મંડળના કાર્યો.**

(૧) કેન્દ્રીય સત્તા મંડળની નીતિ અને આદેશો અમલમાં લાવવાની રાજય સત્તા મંડળની ફરજ રહેશે.

(૨) પેટા–કલમ (૧) માં ઉલ્લેખ કાર્યોની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, રાજય સત્તા મંડળ, નીચેના તમામ અથવા તેમાંથી કોઈપણ કાર્ય બજાવશે.

(ક) આ અધિનિયમ હેઠળ ઠરાવેલા ધોરણનું પાલન કરતી હોય તેવી વ્યકિતઓને કાનૂની સેવા આપવી,

(ખ) ઉચ્ચ ન્યાયલયના કેસો માટેની લોક અદાલતો સહિત, લોક અદાલતોનું સંચાલન કરવું.

(ગ) નિવારક અને વ્યૂહાત્મક કાનૂની સહાય કાર્યક્રમો હાથ ધરવા, અને

(ઘ) રાજય સત્તા મંડળ કેન્દ્રીય સત્તા મંડળ સાથે વિનિમયોથી નકકી કરે તેવા બીજા કાર્યો બજાવવા.

**૮. રાજય સત્તા મંડળે બીજી એજન્સીઓ વગેરે સાથે સંકલન કરીને વર્તવા અને કેન્દ્રીય સત્તા મંડળે આપેલા આદેશોને આધીન રહેવા બાબત.**

રાજય સત્તા મંડળે, પોતાનાં કાર્યો બજાવતી વખતે બીજી સરકારી એજન્સીઓ, બિન–સરકારી, સ્વૈચ્છિક, સામાજિક સેવા સંસ્થાઓ, યુનિવર્સિટીઓ અને ગરીબોને કાનૂની સેવા આપવાને ઉત્તેજન આપવામાં રોકાયેલ બીજા મંડળો સાથે સંકલન કરીને યોગ્ય રીતે કાર્ય કરવુ જોઈશે અને કેન્દ્રીય સત્તા મંડળ, લેખિતમાં આપે તેવા આદેશોથી માર્ગદર્શન આપવું જોઈશે.

૮ક. ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિ.

(૧) રાજય સત્તા મંડળે કરેલા વિનિયમોથી નકકી કરવામાં આવે તેવી સત્તા અને તેવા કાર્યો બજાવવાના હેતુ માટે રાજય સત્તા મંડળ, દરેક ઉચ્ચ ન્યાયલય માટે, ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિએ નામની એક સમિતિની રચના કરશે.

(૨) સમિતિ નીચેનાની બનશે,

(ક) ઉચ્ચ ન્યાયાલયના ચાલુ ન્યાયાધીશ, જેઓ અધ્યક્ષ રહેશે, અને

(ખ) રાજય સત્તા મંડળે કરેલા વિનિયમોથી નકકી કરવામાં આવે તેવો અનુભવ અને લાયકાત ધરાવતા તેટલી સંખ્યાના બીજા સભ્યો,

(૩) ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ, રાજય સરકાર ઠરાવે તેવો અનુભવ અને લાયકાત ધરાવતી વ્યકિતની સમિતિના સચિવ તરીકે નિમણુંક કરશે.

(૪) સમિતિના સભ્યો અને સચિવના હોદાની મુદત અને તેને લગતી બીજી શરતો રાજય સત્તા મંડળે કરેલા વિનિયમોથી નકકી કરવામાં આવે તેવા રહેશે.

(૫) સમિતિ પોતાના કાર્યો કાર્યક્ષમ રીતે બજાવવા માટે ઉચ્ચ ન્યાયાલયનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, રાજય સરકાર ઠરાવે તેટલી સંખ્યામાં અધિકારીઓ અને બીજા કર્મચારીઓ નીમી શકશે.

(૬) સમિતિના અધિકારીઓ અને બીજા કર્મચારીઓ, ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, રાજય સરકાર ઠરાવે તેટલો પગાર અને ભથ્થાં મેળવવા હકદાર રહેશે અને તેવી સેવાની બીજી શરતોને આધીન રહેશે.

## ૯. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ.

(૧) રાજય સરકાર, ઉચ્ચ ન્યાયાલયનાં મુખ્યન્યાયમૂર્તિ સાથે વિચાર– વિનિમય કરીને આ અધિનિયમ હેઠળ જિલ્લા સત્તા મંડળને મળેલ અથવા સોંપેલ સત્તા વાપરવા અને કાર્યો બજાવવા માટે રાજયના દરેક જિલ્લા માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ એ નામનું એક મંડળ રચશે.

(૨) જિલ્લા સત્તા મંડળ નીચેનાનું બનશે.

(ક) જિલ્લા ન્યાયાધીશ જેઓ તેના અધ્યક્ષ રહેશે, અને

(ખ) ઉચ્ચ ન્યાયાલયનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, રાજય સરકારે નિયુકત કરવાના, તે સરકાર ઠરાવે તેવો અનુભવ અને લાયકાત ધરાવતા તેટલી સંખ્યાના બીજા સભ્યો.

(૩) રાજય સત્તા મંડળ જિલ્લા સત્તા મંડળનાં અધ્યક્ષ સાથે વિચાર– વિનિમય કરીને, જિલ્લા ન્યાયતંત્રની બેઠક પર મૂકેલા તાબાના ન્યાયાધીશ અથવા દીવાની ન્યાયાધીશના દરજજા કરતાં ઉતરતા દરજજાની ન હોય તેવી રાજય ન્યાયિક સેવાની વ્યકિતની, તે સમિતિના અધ્યક્ષ હેઠળ, અથવા અધ્યક્ષ તેને સોંપે તેવી સત્તા વાપરવા અને તેવી ફરજો બજાવવા માટે, જિલ્લા સત્તા મંડળનાં સચિવ તરીકે નિમણૂંક કરશે.

(૪) જિલ્લા સત્તા મંડળના સભ્યો અને સચિવના હોદાની મુદત અને તેને વિનિમય કરીને રાજય સત્તા મંડળે કરેલા વિનિયમોથી નકકી કરવામાં આવે તેવા રહેશે.

(૫) જિલ્લા સત્તા મંડળ, પોતાનાં કાર્યોની અસરકાર બજવણી માટે ઉચ્ચ ન્યાયાલયનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, રાજય સરકાર ઠરાવે તેટલી સંખ્યામાં અધિકારીઓ અને બીજા કર્મચારીઓ નીમી શકશે.

(૬) જિલ્લા સત્તા મંડળનાં અધિકારીઓ અને બીજા કર્મચારીઓ, ઉચ્ચ ન્યાયાલયનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, રાજય સરકાર ઠરાવે તેટલો પગાર અને ભથ્થા મેળવવા હકદાર રહેશે અને તેવી સેવાની બીજી શરતોને આધીન રહેશે.

(૭) જિલ્લા સત્તા મંડળનાં સચિવ, અધિકારીઓ અને બીજા કર્મચારીઓને આપવા પાત્ર પગાર, ભથ્થાં અને પેન્શન સહિત દરેક જિલ્લા સત્તા મંડળનો વહીવટી ખર્ચ રાજયના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે.

(૮) જિલ્લા સત્તા મંડળનાં તમામ હુકમો અને નિર્ણયો, જિલ્લા સત્તા મંડળનાં સચિવ અથવા તે સત્તા મંડળનાં અધ્યક્ષે યોગ્ય રીતે અધિકૃત કરેલા કોઈ બીજા અધિકારીએ પ્રમાણિકૃત કરવા જોઈશે.

(૯) જિલ્લા સત્તા મંડળનું કોઈ કાર્ય અથવા કાર્યવાહી, જિલ્લા સત્તા મંડળમાં કોઈ જગા ખાલી હોવાના અથવા તેની રચનામાં કોઈ ખામી હોવાના કારણે જ અમાન્ય ગણાશે નહિ.

**૧૦. જિલ્લા સત્તા મંડળનાં કાર્યો.**

(૧) રાજય સત્તા મંડળ, વખતો વખત જિલ્લા સત્તા મંડળને સોંપે તેવા જિલ્લામાંના રાજય સત્તા મંડળના કાર્યો બજાવવાની, દરેક જિલ્લા સત્તા મંડળની ફરજ રહેશે.

(૨) પેટા–કલમ (૧) માં ઉલ્લેખ કાર્યોની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, જિલ્લા સત્તા મંડળ નીચેના તમામ અથવા તે પૈકી કોઈપણ કાર્ય બજાવી શકશે.

(ક) જિલ્લાની તાલુકા કાનૂની સેવા સમિતિ અને બીજી કાનૂની સેવાઓની પ્રવૃત્તિઓનું સંકલન કરવું.

(ખ) જિલ્લામાં લોક અદાલતો યોજવી, અને

(ગ) રાજય સત્તા મંડળ વિનિયમોથી નકકી કરે તેવા બીજા કાર્યો બજાવવા.

**૧૧. જિલ્લા સત્તા મંડળે બીજી એજન્સીઓ સાથે સંકલનથી કામ કરવા બાબત અને કેન્દ્રીય સત્તા મંડળ વગેરેએ આપેલ હુકમોને આધીન રહેવા બાબત.**

આ અધિનિયમ હેઠળ, પોતાના કાર્યો બજાવતી વખતે, જિલ્લા સત્તા મંડળે, યોગ્ય જણાય ત્યારે, બીજી સરકારી અને બિન–સરકારી સંસ્થાઓ, યુનિવર્સિટીઓ અને ગરીબોને કાનૂની સેવાઓને ઉત્તેજન આપવાનાં કામમાં રોકાયેલ બીજી સંસ્થાઓ અથવા રાજય સત્તા મંડળ લેખિતમાં તેને આપે તેવા આદેશોથી માર્ગદર્શન કરવું જોઈશે.

**૧૧ક. તાલુકા કાનૂની સેવા સમિતિ.**

(૧) રાજય સત્તા મંડળ, દરેક તાલુકા અથવા મંડળ માટે અથવા તાલુકા અથવા મંડળોનાં સમૂહ માટે, તાલુકા કાનૂની સેવા સમિતિ એ નામની સાથે સંકલનથી કાર્ય કરવું જોઈશે અને કેન્દ્રમાં સત્તા મંડળ – સમિતિની રચના કરી શકશે.

(૨) સમિતિ નીચેનાની બનશે :–

(ક) સમિતિની હકૂમતની અંદર કાર્ય કરતા વરિષ્ઠ દીવાની ન્યાયાધીશ, જેઓ હોદાની રૂએ અધ્યક્ષ ગણાશે, અને

(ખ) ઉચ્ચ ન્યાયાલયનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, રાજય સરકારે નિયુકત કરવાના તે સરકાર ઠરાવે તેવો અનુભવ અને લાયકાત ધરાવતા તેટલી સંખ્યાના બીજા સભ્યો,

(૩) સમિતિ, પોતાનાં કાર્યો કાર્યક્ષમ રીતે બજાવી શકે તે માટે ઉચ્ચ ન્યાયાલયનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, રાજય સરકાર ઠરાવે તેટલી સંખ્યાના અધિકારીઓ અને બીજા કર્મચારીઓ નીમી શકશે.

(૪) સમિતિનાં અધિકારીઓ અને બીજા કર્મચારીઓ, ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, રાજય સરકાર ઠરાવે તેટલો પગાર અને ભથ્થાં મેળવવા હકદાર રહેશે અને તેવી સેવાની બીજી શરતોને આધીન રહેશે.

**૧૧ખ. તાલુકા કાનૂની સેવા સમિતિનાં કાર્યો.**

તાલુકા કાનૂની સેવા સમિતિ, નીચેના તમામ અથવા તે પૈકી કોઈપણ કાર્ય બજાવી શકશે.

(ક) તાલુકામાં કાનૂની સેવાઓની પ્રવૃત્તિઓનું સંકલન કરવું,

(ખ) તાલુકાની અંદર લોક અદાલતો યોજવી, અને

(ગ) જિલ્લા સત્તા મંડળ તેને સોંપે તેવા બીજા કાર્યો બજાવવા.

## પ્રકરણ – ૪

## કાનૂની સેવાઓ મેળવવા માટે હકદાર હોવા બાબત.

**૧૨. કાનૂની સેવાઓ આપવા માટેના ધોરણો.**

જેણે કેસ ફાઈલ કરવાનો હોય અથવા તેનો બચાવ કરવાનો હોય તેવી દરેક વ્યકિત આ અધિનિયમ હેઠળ કાનૂની સેવા મેળવવા હકદાર ગણાશે. જો તે વ્યકિત,

(ક) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સભ્ય હોય,

(ખ) સંવિધાનની કલમ–૨૩માં ઉલ્લેખ્યા મુજબ માનવોના ગેરકાયદે વેપારનો ભોગ બનેલ હોય અથવા ભિખારી હોય,

(ગ) સ્ત્રી અથવા બાળક હોય,

(ઘ) માનસિક રીતે બીમાર અથવા અન્યથા અસમર્થ વ્યકિત હોય,

(ચ) સામૂહિક વિનાશ જાતિય હિંસા, જાતિ અત્યાચાર, પૂર, દુષ્કાળ, ભૂકંપ અથવા ઔદ્યોગિક સંકટનો ભોગ બને હોય તેવા અનિચ્છનીય સંજોગો હેઠળની વ્યકિત હોય અથવા,

(છ) ઔદ્યોગિક કામદાર હોય અથવા,

(જ) અનૈતિક વેપાર (નિવારણ) અધિનિયમ, ૧૯૫૬ની કલમ–૨ના (લ) નાં અર્થ મુજબ સંરક્ષણ ગૃહમાંની કસ્ટડી સહિત, કસ્ટડીમાં હોય અથવા કિશોર ન્યાય અધિનિયમ,૧૯૮૬ ની કલમ–૨ ના ખંડ (ઠ–)ના અર્થ મુજબ, કિશોર ગૃહમાં અથવા માનસિક આરોગ્ય અધિનિયમ, ૧૯૮૭ની કલમ–૨ ના ખંડ (જ) ના અર્થ મુજબ માનસિક રોગની હોસ્પિટલ અથવા માનસિક રોગના નર્સિંગ હોમમાં હોય અથવા

(ગ) ઉચ્ચત્તમ ન્યાયાલય સિવાયના બીજા ન્યાયાલય સમક્ષ કેસ હોય તો, રૂપિયા નવ હજારની ઓછી અથવા રાજય સરકાર ઠરાવે તેવી બીજી ઓછી અથવા કેન્દ્ર સરકાર ઠરાવે તેવી બીજી વધુ રકમની વાર્ષિક આવક મેળવતી હોય, તો

**૧૩. કાનૂની સેવાઓ મેળવવા માટે હકદાર હોવા બાબત.**

(૧) કલમ–૧૨ માં નિર્દિષ્ટ કરેલ ધોરણોમાંથી તમામ કે કોઈપણ એક ધોરણ પરિપૂર્ણ કરનાર વ્યકિતઓ, કાનૂની સેવાઓ મેળવવા હકદાર રહેશે પરંતુ, સંબંધિત સત્તા મંડળને એવી ખાતરી થવી જોઈએ કે આવી વ્યકિતનો કેસ પ્રથમ દ્રષ્ટિએ કામ ચલાવવા માટેનો અથવા બચાવ કરવા માટેનો છે.

(૨) પોતાની આવક વિષે કોઈ વ્યકિતએ કરેલ સોગંદનામું, તેને આ અધિનિયમ હેઠળ કાનૂની સેવાઓ મેળવવા માટે લાયક બનવા માટે પુરતું ગણાશે, સિવાય કે સંબંધિત સત્તા મંડળને આવું સોગંદનામું નહિ માનવાને કારણ હોય.

## પ્રકરણ – ૫

## નાણાં, હિસાબો અને ઓડિટ

**૧૪. કેન્દ્ર સરકારની ગ્રાન્ટ**

કેન્દ્ર સરકાર આ અર્થે, કાયદા દ્વારા સંસદે યોગ્ય વિનિયોગ કર્યા પછી, ગ્રાન્ટ પેટે, કેન્દ્ર સરકાર આ અધિનિયમનાં હેતુ માટે વાપરવી યોગ્ય ગણે તેવી નાણાંની રકમ કેન્દ્રીય સત્તા મંડળને આપશે.

**૧૫. રાષ્ટ્રીય કાનૂની સહાય ફંડ.**

(૧) કેન્દ્રીય સત્તા મંડળ, રાષ્ટ્રીય કાનૂની સહાય ફંડ એ નામનું એક ફંડ સ્થાપશે અને તેમાં નીચેની રકમો જમા કરવી જોઈશે,

(ક) કલમ–૧૪ હેઠળ કેન્દ્ર સરકારે ગ્રાન્ટ તરીકે આપેલ નાણાંની તમામ રકમ,

(ખ) આ અધિનિયમના હેતુઓ માટે કોઈ બીજી વ્યકિતએ કેન્દ્રીય સત્તા મંડળને આપી શકાય તેવી કોઈ પણ ગ્રાન્ટસ અથવા દાન,

(ગ) કોઈ ન્યાયાલયના હુકમ હેઠળ અથવા બીજા કોઈપણ સાધનમાંથી કેન્દ્રીય સત્તા મંડળને મળેલ કોઈપણ રકમ.

(૨) રાષ્ટ્રીય કાનૂની સહાય ફંડ, નીચેના ખર્ચને પહોંચી વળવા માટે વાપરવું જોઈએ:–

(ક) રાજય સત્તા મંડળને આપેલ ગ્રાન્ટ સહિત આ અધિનિયમ હેઠળ આપેલી કાનૂની સેવાનું ખર્ચ,

(ખ) ઉચ્ચત્તમ ન્યાયાલય કાનૂની સેવા સમિતિએ આપેલ કાનૂની સેવાનું ખર્ચ,

(ગ) કેન્દ્રીય સત્તા મંડળે પહોંચી વળવું જરૂરી હોય તેવું બીજું કોઈપણ ખર્ચ.

## ૧૬. રાજય કાનૂની સહાય ફંડ

(૧) રાજય સત્તા મંડળ, રાજય કાનૂની સહાય ફંડ એ નામનું એક ફંડ સ્થપાશે અને તેમાં નીચેની રકમો જમા કરવી જોઈશે.

(ક) આ અધિનિયમના હેતુઓ માટે, કેન્દ્રીય સત્તા મંડળે આપેલ નાણાંની તમામ રકમ અથવા આપેલ કોઈ ગ્રાન્ટસ,

(ખ) આ અધિનિયમના હેતુઓ માટે રાજય સરકાર અથવા કોઈ વ્યકિત રાજય સત્તા મંડળને આપી શકે તેવી કોઈપણ ગ્રાન્ટ અથવા દાન,

(ગ) કોઈ ન્યાયાલયનાં હુકમ હેઠળ અથવા કોઈ બીજા સાધનમાંથી રાજય સત્તા મંડળને મળેલ બીજી કોઈ રકમ.

(૨) રાજય કાનૂની સહાય ફંડ, નીચેના ખર્ચાને પહોંચી વળવા માટે વાપરવું જોઈએ:–

(ક) કલમ ૭ માં ઉલ્લેખેલ કાર્યોનું ખર્ચ,

(ખ) ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિએ આપેલ કાનૂની સેવાનું ખર્ચ,

(ગ) રાજય સત્તા મંડળે પહોંચી વળવું જરૂરી હોય તેવું બીજું કોઈ ખર્ચ.

## ૧૭. જિલ્લા કાનૂની સહાય ફંડ

(૧) દરેક જિલ્લા સત્તા મંડળ, જિલ્લા કાનૂની સહાય ફંડ એ નામનું એક ફંડ સ્થાપશે અને તેમાં નીચેની રકમ જમા કરવી જોઈશે :–

(ક) આ અધિનિયમના હેતુઓ માટે, રાજય સત્તા મંડળે જિલ્લા સત્તા મંડળને આપેલ નાણાંની તમામ રકમ અથવા આપેલ કોઈપણ ગ્રાન્ટ,

(ખ) આ અધિનિયમના હેતુઓ માટે, રાજય સત્તા મંડળની પૂર્વ મંજૂરીથી કોઈ વ્યકિત જિલ્લા સત્તા મંડળને આપી શકે તેવી કોઈ ગ્રાન્ટ અથવા દાન,

(ગ) કોઈપણ ન્યાયાલયના હુકમો હેઠળ અથવા બીજા કોઈ સાધનમાંથી જિલ્લા સત્તા મંડળને મળેલ કોઈ બીજી રકમ.

(૨) જિલ્લા કાનૂની સહાય ફંડ, નીચેના ખર્ચને પહોંચી વળવા માટે વાપરવું જોઈએ:–

(ક) કલમ ૧૦ અને ૧૧–ખ માં ઉલ્લેખ કાર્યોનું ખર્ચ,

(ખ) જિલ્લા સત્તા મંડળે પહોંચી વળવું જરૂરી હોય તેવા બીજા ખર્ચા.

**૧૮. હિસાબ અને ઓડિટ**

(૧) કેન્દ્રીય સત્તા મંડળ, રાજય સત્તા મંડળ અથવા યથા પ્રસંગ, જિલ્લા સત્તા મંડળ અહીં આ કલમમાં હવે પછી 'સત્તા મંડળ' તરીકે ઉલ્લેખ કર્યો છે. તે યોગ્ય હિસાબ અને બીજા સંબંધિત રેકર્ડ રાખશે અને કેન્દ્ર સરકાર, ભારતનાં કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ સાથે વિચાર–વિનિમય કરીને, ઠરાવે તેવા નમૂનામાં અને તેવી રીતે આવક અને ખર્ચનો હિસાબ અને સરવૈયા સહિત હિસાબનું વાર્ષિક પત્રક તૈયાર કરશે.

(૨) સત્તા મંડળનાં હિસાબોનું ભારતનાં કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલે, પોતે નિર્દિષ્ટ કરે તેવા સમયગાળાએ ઓડિટ કરવું જોઈશે અને આવા ઓડિટના સબંધમાં થયેલ કોઈપણ ખર્ચ, સંબંધિત સત્તા મંડળે ભારતનાં કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલને ચુકવવો જોઈશે.

(૩) ભારતનાં કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ અને આ અધિનિયમ હેઠળ સત્તા મંડળના હિસાબોનાં ઓડિટ સંબંધી તેણે નીમેલ કોઈ બીજા અધિકારીને આવા ઓડિટ સંબંધી, ભારતનાં કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ સરકારી હિસાબોનાં ઓડિટીંગ સબંધી ધરાવતો હોય તેવા જ હકકો, વિશેષાધિકારો અને સત્તા રહેશે, અને, ખાસ કરીને, ચોપડા, હિસાબો, સંબંધિત વાઉચરો અને બીજા દસ્તાવેજો

અને કાગળોની માંગણી કરવાનો અને તપાસવાનો આ અધિનિયમ હેઠળ આ સત્તા મંડળના અધિકારીનો હકક રહેશે.

(૪) ભારતનાં કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ અથવા આ અર્થે તેણે નીમેલ કોઈ બીજી વ્યકિતએ, પ્રમાણિત કરેલ સત્તા મંડળનાં હિસાબો, તે ઉપરનાં ઓડિટ રિપોર્ટ સહિત, સત્તા મંડળે કેન્દ્ર સરકારને અથવા યથા પ્રસંગ, રાજય સરકારને દર વર્ષે મોકલવો જોઈશે.

(૫) કેન્દ્ર સરકાર, પેટા–કલમ (૪) હેઠળ પોતાને મળેલ હિસાબ અને ઓડિટ રિપોર્ટ, તે મળ્યા પછી બનતી ત્વરાએ સંસદના દરેક ગૃહ સમક્ષ મૂકાવશે.

(૬) રાજય સરકાર, પેટા–કલમ (૪) હેઠળ પોતાને મળેલ હિસાબ અને ઓડિટ રિપોર્ટ, તે મળ્યા પછી બનતી ત્વરાએ રાજય વિધાન મંડળ સમક્ષ મૂકાવશે.

## પ્રકરણ – ૬

## લોક અદાલત

**૧૯. લોક અદાલતો યોજવા બાબત.**

(૧) દરેક રાજય સત્તા મંડળ અથવા જિલ્લા સત્તા મંડળ અથવા ઉચ્ચત્તમ ન્યાયાલય કાનૂની સેવા સમિતિ અથવા દરેક ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિ અથવા યથા પ્રસંગ, તાલુકા કાનૂની સેવા સમિતિ, પોતે યોગ્ય ગણે તેવા ગાળાઓએ અને સ્થળોએ અને તેવી હકૂમત વાપરવા માટે અને તેવા વિસ્તારો માટે, લોક અદાલતો યોજી શકશે.

(૨) કોઈ વિસ્તાર માટે યોજેલ દરેક લોક અદાલત, આવી લોક અદાલત યોજાતું રાજય સત્તા મંડળ, અથવા જિલ્લા સત્તા મંડળ અથવા ઉચ્ચત્તમ ન્યાયાલય કાનૂની સેવા સમિતિ અથવા ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિ અથવા, યથાપ્રસંગ, તાલુકા કાનૂની સેવા સમિતિ નિર્દિષ્ટ કરે તેવા, વિસ્તારનાં

(ક) ચાલુ અથવા નિવૃત ન્યાયિક અધિકારીઓ, અને

(ખ) બીજી વ્યકિતઓની તેટલી સંખ્યાનું બનશે.

(૩) ઉચ્ચતમ ન્યાયાલય કાનૂની સેવા સમિતિએ યોજેલ લોક અદાલતો માટેના, પેટા–કલમ (૨) ના ખંડ (ખ) માં ઉલ્લેખ બીજી વ્યકિતઓના અનુભવ અને લાયકાતો ભારતનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, કેન્દ્ર સરકાર ઠરાવે તેવા રહેશે.

(૪) પેટા–કલમ (૩) માં ઉલ્લેખ કર્યો હોય તે સિવાયનાં લોક અદાલતો માટે પેટા કલમ (૨) ના ખંડ (ખ) માં ઉલ્લેખેલ બીજી વ્યકિતઓના અનુભવ અને લાયકાતો ઉચ્ચ ન્યાયાલયનાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, રાજય સરકાર ઠરાવે તેવા રહેશે.

(૫) લોક અદાલત યોજવામાં આવી હોય તેવાં કોઈ ન્યાયાલય સમક્ષ

(૧) નિકાલ બાકી કોઈ કેસના, અથવા

(૨) તેની હકૂમતમાં આવી હોય અને તેની સમક્ષ લાવવામાં આવી ન હોય તેવી કોઈ પણ બાબતના.

સંબંધમાં, તકરારનો નિર્ણય કરવા માટે અને તકરારના પક્ષકારો વચ્ચે સમાધાન અથવા પતાવટ ઉપર આવવા માટે લોક અદાલતને હકૂમત રહેશે.પરંતુ, લોક અદાલતને, કોઈ કાયદા હેઠળ માંડવાળ ન કરી શકાય તેવા ગુનાને લગતા કોઈ કેસ અથવા બાબતના સબંધમાં, કોઈ હકૂમત રહેશે નહિ.

**૨૦. લોક અદાલતે કેસની ન્યાયિક નોંધ લેવા બાબત.**

(૧) કલમ ૧૯ ની પેટા–કલમ (૫) ના ખંડ (૨) માં ઉલ્લેખેલ કોઈપણ કેસમાં, પતાવટ માટે લોક અદાલતને કેસ મોકલવા માટે.

(ક) તેના પક્ષકારો, સંમત થાય, અથવા

(ખ) તેમનામાંનો એક પક્ષકાર ન્યાયાલયને અરજી કરે અને જો આવા ન્યાયાલયને પ્રથમ દર્શનીય સંતોષ થાય કે આમ પતાવટની તકો છે, અથવા

(૨) ન્યાયાલયને એવી ખાતરી થાય કે તે બાબત લોક અદાલતની ન્યાયિક નોંધ લેવા યોગ્ય પૈકીની એક છે, ત્યારે, ન્યાયાલય, કેસ લોક અદાલતને મોકલશે,પરંતુ પક્ષકારોને સુનાવણીની વાજબી તક આપ્યા સિવાય, કોઈપણ કેસ, આવા ન્યાયાલયે, ખંડ (૧) ના પેટા–ખંડ (ખ) અથવા ખંડ (૨) હેઠળ, લોક અદાલતને મોકલી શકાશે નહિ.

(૩) તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલમ ૧૯ની પેટા–કલમ (૧) હેઠળ લોક અદાલત યોજતું સત્તા મંડળ અથવા સમિતિ, લોક અદાલતે નિકાલ કરવો જરૂરી હોય તેવી કલમ ૧૯ની પેટા–કલમ (૫)ના ખંડ (૨) માં ઉલ્લેખેલ કોઈ બાબતના પક્ષકારો પૈકી કોઈ પક્ષકારની આવી બાબતનો લોક અદાલત દ્વારા નિર્ણય કરવાની જરૂર છે તેવી અરજી મળ્યે, આવી બાબત નિર્ણય માટે લોક અદાલતને મોકલી શકશે,

પરંતુ, બીજા પક્ષકારને સુનાવણીની વાજબી તક આપ્યા સિવાય, કોઈપણ બાબત લોક અદાલતને મોકલી શકાશે નહિ.

(૪) પેટા–કલમ (૧) હેઠળ લોક અદાલતને કોઈ કેસ મોકલ્યો હોય અથવા પેટા–કલમ (૨) હેઠળ તેને મોકલવામાં આવ્યો હોય ત્યારે, લોક અદાલતે કેસ અથવા બાબતનો નિકાલ કરવાની કાર્યવાહી કરવી જોઈશે અને પક્ષકારો વચ્ચે સમાધાન અથવા પતાવટ ઉપર આવવું જોઈશે.

(૫) દરેક લોક અદાલત, આ અધિનિયમ હેઠળ પોતાની સમક્ષ કોઈપણ રેફરન્સનો નિર્ણય કરતી વખતે, પક્ષકારો વચ્ચે સમાધાન અથવા પતાવટ ઉપર આવવા

માટે અત્યંત ત્વરાથી કાર્ય કરશે અને ન્યાય, સમાનતા, નિષ્પક્ષ વ્યવહારના સિદ્ધાંતો અને બીજા કાનૂની સિદ્ધાંતો દ્વારા માર્ગદર્શન આપવું જોઈશે.

(૬) લોક અદાલતે એવા કારણે ચૂકાદો આપ્યો ન હોય કે પક્ષકારો વચ્ચે કોઈ સમાધાન અથવા પતાવટ થઈ શકે તેમ નથી ત્યારે તેણે, ન્યાયાલયને કાયદા અનુસાર નિકાલ કરવા માટે પેટા–કલમ(૧) હેઠળ જે ન્યાયાલયમાંથી રેફરન્સ મળેલ હોય તે ન્યાયાલયને તે કેસનું રેકર્ડ પરત કરવું જોઈશે.

(૭) લોક અદાલતે એવા કારણે કોઈ ચુકાદો આપ્યો ન હોય કે પેટા–કલમ (૨) માં ઉલ્લેખેલ બાબતમાં, પક્ષકારો વચ્ચે સમાધાન અથવા પતાવટ થઈ શકે તેમ નથી ત્યારે, તે લોક અદાલતે ન્યાયાલયમાં ઉપાય માંગવા માટે પક્ષકારોને સલાહ આપવી જોઈશે.

(૮) પેટા–કલમ (૫) ન્યાયાલયને કેસનું રેકર્ડ પરત કર્યુ હોય ત્યારે આવા ન્યાયાલયે પેટા–કલમ (૧) હેઠળ આવી રીતે રેફરન્સ કર્યા પહેલાં જે તબકકે પહોંચ્યા હતા ત્યાંથી આવા કેસની તજવીજ કરવાની કાર્યવાહી કરવી જોઈશે.

**૨૧. લોક અદાલતનો ચુકાદો.**

(૧) લોક અદાલતનો દરેક ચુકાદો દિવાની ન્યાયાલયનું હુકમનામું અથવા, યથાપ્રસંગ, બીજા કોઈ ન્યાયાલયનો હુકમ છે એમ ગણાશે અને કલમ ૨૦ ની પેટા–કલમ (૧) હેઠળ પોતાને મોકલેલ કેસમાં, લોક અદાલત સમાધાન અથવા પતાવટ ઉપર આવેલ હોય, ત્યારે આવા કેસમાં ભરેલી ન્યાયાલય–ફી, ન્યાયાલ–ફી, અધિનિયમ, ૧૮૭૦ હેઠળ જોગવાઈ કરેલી રીતે પરત કરવી જોઈશે.

(૨) લોક અદાલતે કરેલ દરેક ચુકાદો, આખરી ગણાશે અને તકરારના તમામ પક્ષકારોને બંધનકર્તા રહેશે અને તે ચુકાદા સામે, કોઈપણ ન્યાયાલયમાં અપીલ કરી શકાશે નહી.

**૨૨. લોક અદાલતની સત્તાઓ.**

(૧) લોક અદાલતને, આ અધિનિયમ હેઠળ, કોઈપણ નિર્ણય કરવાના હેતુ માટે, નીચેની બાબતોના સંબંધમાં, દાવાની ઈન્સાફી કાર્યવાહી કરતી વખતે, દીવાની કાર્યરીતી અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દીવાની ન્યાયાલયમાં નિહિત થાય છે તેવી જ સત્તા રહેશે.

(ક) કોઈપણ સાક્ષી ઉપર સમન્સ કાઢવાની અને હાજર રહેવાની ફરજ પાડવાની અને તેની સોગંદ ઉપર જુબાની લેવાની,

(ખ) કોઈ દસ્તાવેજને શોધવા અને રજૂ કરવા,

(ગ) સોગંદનામા પર સાબિતી મેળવવા,

(ઘ) કોઈ ન્યાયાલય અથવા કચેરીમાંથી કોઈપણ સરકારી રેકર્ડ અથવા દસ્તાવેજ અથવા આવા રેકર્ડ અથવા દસ્તાવેજની નકલ મેળવવા, અને

(ચ) ઠરાવવામાં આવે તેવી બીજી બાબતો.

(૨) પેટા–કલમ (૧) માં જણાવેલી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, દરેક લોક અદાલતને, પોતાની સમક્ષ આવતી કોઈપણ તકરારનો નિર્ણય કરવા માટે તેના પોતાની કાર્યવાહી નિર્દિષ્ટ કરવાની જરૂરી સત્તા રહેશે.

(૩) લોક અદાલત સમક્ષની તમામ કાર્યવાહીઓ, ભારતીય ફોજદારી અધિનિયમની કલમો ૧૯૩, ૨૧૯ અને ૨૨૮ ના અર્થ મુજબ, ન્યાયિક કાર્યવાહીઓ છે એમ ગણાશે અને દરેક લોક અદાલત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૯૫ અને ૨૬ના હેતુ માટે દિવાની ન્યાયાલય છે એમ ગણાશે.

## પ્રકરણ – ૭

## પ્રકીર્ણ

**૨૩. સત્તા મંડળ સમિતિ અને લોક અદાલતોનાં સભ્યો અને સ્ટાફ રાજય સેવકો ગણાશે.**

કેન્દ્રીય સત્તા મંડળ, રાજય સત્તા મંડળ, જિલ્લા સત્તા મંડળ, ઉચ્ચતમ ન્યાયાલય કાનૂની સેવા સમિતિ, તાલુકા કાનૂની સેવા સમિતિના સભ્ય–સચિવ સહિતના સભ્યો અથવા યથાપ્રસંગ, સચિવ એ આવા સત્તા મંડળો સમિતિ ઓનાં અધિકારીઓ અને બીજા કર્મચારીઓ, ભારતીય ફોજદારી અધિનિયમની કલમ ૨૧ ના અર્થ મુજબ રાજય સેવકો છે એમ ગણાશે.

**૨૪. શુદ્ધબુદ્ધિથી લીધેલ પગલાને રક્ષણ**

આ અધિનિયમની જોગવાઈઓ અથવા તે હેઠળ કરેલ કોઈ નિયમ અથવા વિનિમય હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈપણ કાર્ય માટે.

(ક) કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર,

(ખ) કેદ્રીય સત્તા મંડળના મુખ્ય સંરક્ષક, કારોબારી અધ્યક્ષ, સભ્યો અથવા સભ્ય–સચિવ અથવા અધિકારીઓ અથવા બીજા કર્મચારીઓ,

(ગ) રાજય સત્તા મંડળના મુખ્ય સંરક્ષક, કારોબારી અધ્યક્ષ, સભ્યો અથવા સભ્ય–સચિવ અથવા અધિકારીઓ અથવા બીજા કર્મચારીઓ,

(ઘ) ઉચ્ચતમ ન્યાયાલય કાનૂની સેવા સમિતિ, ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિ તાલુકા કાનૂની સેવા સમિતિ અથવા જિલ્લા સત્તા મંડળના અધ્યક્ષ, સચિવ, સભ્યો અથવા અધિકારીઓ, અથવા બીજા કર્મચારીઓ, અથવા

(ચ) પેટા–ખંડો (ખ) થી (ઘ) માં ઉલ્લેખેલ કોઈપણ મુખ્ય સંરક્ષક, કારોબારી અધ્યક્ષ, અધ્યક્ષ, સભ્ય, સભ્ય–સચિવ પૈકી કોઈએ અધિકૃત કરેલ બીજી કોઈપણ વ્યકિત સામે કોઈ દાવો ફરિયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

**૨૫. અધિનિયમની ઉપરવટ અસર.**

તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદામાં અથવા આ અધિનિયમ સિવાયના કોઈપણ કાયદાની રૂએ અમલમાં હોય તેવા કોઈપણ લેખમાં જણાવેલ કોઈપણ બાબતમાં કોઈપણ અસંગત મજકૂર હોય તે છતાં, આ અધિનિયમની જોગવાઈઓ અસરકર્તા રહેશે.

**૨૬. મુશ્કેલી દૂર કરવાની સત્તા.**

(૧) આ અધિનિયમની જોગવાઈઓ અમલમાં લાવવામાં કોઈ મુશ્કેલી ઉભી થાય તો, કેન્દ્ર સરકાર, રાજયપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે પોતાને જરૂરી અથવા ઉચિત જણાય તેવી, આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશે,

પરંતુ, જે તારીખે આ અધિનિયમને, રાષ્ટ્રપતિની મંજૂરી મળી હોય તે તારીખથી બે વર્ષની મુદત પૂરી થયા પછી, આવો કોઈપણ હુકમ કરી શકાશે નહિ.

(૨) આ કલમ હેઠળ કરેલો દરેક હુકમ, તે કર્યા પછી બનતી ત્વરાએ સંસદનાં દરેક ગૃહ સમક્ષ મૂકવો જોઈશે.

**૨૭. કેન્દ્ર સરકારની નિયમો કરવાની સત્તા.**

(૧) કેન્દ્ર સરકાર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, જાહેરનામાથી, આ અધિનિયમની જોગવાઈઓ પાર પાડવા માટે નિયમો કરી શકાશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોથી, નીચેની તમામ અથવા તેમાંથી કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકાશે.

(ક) કલમ–૩ની પેટા–કલમ (૨) ના ખંડ (ગ) હેઠળ, કેન્દ્રીય સત્તા મંડળના બીજા સભ્યોની સંખ્યા અનુભવ અને લાયકાત બાબત,

(ખ) કલમ–૩ની પેટા–કલમ (૩) હેઠળ, કેન્દ્રીય સત્તા મંડળના સભ્ય–સચિવના અનુભવ અને લાયકાતો અને તેમની સત્તા અને કાર્યો બાબત,

(ગ) કલમ–૩ની પેટા–કલમ (૪) હેઠળ, કેન્દ્રીય સત્તા મંડળના સભ્યો અને સભ્ય–સચિવના હોદાની મુદત અને તેને લગતી બીજી શરતો બાબત,

(ઘ) કલમ–૩ની પેટા–કલમ (૫) હેઠળ કેન્દ્રીય સત્તા મંડળના અધિકારીઓ અને બીજા કર્મચારીઓની સંખ્યા બાબત.

(ચ) કલમ–૩ની પેટા–કલમ (૬) હેઠળ, કેન્દ્રીય સત્તા મંડળના અધિકારીઓ અને બીજા કર્મચારીઓની નોકરીની શરતો અને પગાર અને ભથ્થાં બાબત,

(છ) કલમ–૩–કની પેટા–કલમ (૨) ના ખંડ (ખ) હેઠળ, ઉચ્ચતમ ન્યાયાલય કાનૂની સેવા સમિતિના સભ્યોની સંખ્યા અનુભવ અને લાયકાતો બાબત,

(જ) કલમ–૩–ક,ની પેટા–કલમ (૩) હેઠળ, ઉચ્ચતમ ન્યાયાલય કાનૂની સેવા સમિતિના સચિવના અનુભવ અને લાયકાતો બાબત,

(ઝ) કલમ–૩–કની પેટા–કલમ (૫) હેઠળ, ઉચ્ચતમ ન્યાયાલય કાનૂની સેવા સમિતિના અધિકારી અને બીજા કર્મચારીઓની સંખ્યા અને તે કલમની પેટા કલમ (૬) હેઠળ તેમની નોકરીની શરતો અને તેમને આપવાના પગાર અને ભથ્થાં બાબત,

(ટ) ઉચ્ચતમ ન્યાયાલય સમક્ષ કેસ હોય તો, કલમ–૧૨ ના ખંડ (ઝ) હેઠળ, કાનૂની સેવા માટે તેને હકદાર બનાવતી હોય તેવી વ્યકિતની વાર્ષિક આવકની ઉપલી મર્યાદા બાબત,

(ઠ) કલમ–૧૮ હેઠળ, કેન્દ્રીય સત્તા મંડળ, રાજય સત્તા મંડળ અથવા જિલ્લા સત્તા મંડળના હિસાબો રાખવાની રીત બાબત,

(ડ) કલમ–૧૯ ની પેટા–કલમ (૩) માં નિર્દિષ્ટ ઉચ્ચતમ ન્યાયાલય કાનૂની સેવા સમિતિએ યોજેલ લોક અદાલતોની બીજી વ્યકિતઓના અનુભવ અનેલાયકાતો બાબત,

(ઢ) કલમ–૨૨ની પેટા–કલમ (૧) ના ખંડ (ચ) હેઠળની બીજી બાબતો,

(ત) ઠરાવવાની અથવા ઠરાવી શકાય તેવી બીજી કોઈપણ બાબત.

**૨૮. રાજય સરકારની નિયમો કરવાની સત્તા.**

(૧) ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, રાજય સરકાર આ અધિનિયમની જોગવાઈઓ પાર પાડવા માટે જાહેરનામાંથી, નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તીસત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોથી નીચેની તમામ અથવા કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકાશે.

(ક) કલમ–૬ની પેટા–કલમ (૨) ના ખંડ (ગ) હેઠળ રાજય સત્તા મંડળના બીજા સભ્યોની સંખ્યા, અનુભવ અને લાયકાતો બાબત,

(ખ) કલમ–૬ની પેટા–કલમ (૩) હેઠળ, રાજય સત્તા મંડળના સભ્ય–સચિવના હોદાની મુદત અને તેને લગતી બીજી શરતો બાબત,

(ઘ) કલમ–૬ની પેટા–કલમ(૫) હેઠળ, રાજય સત્તા મંડળના અધિકારીઓ અને બીજા કર્મચારીઓની સંખ્યા બાબત.

(ચ) કલમ–૬ની પેટા–કલમ(૬) હેઠળ, રાજય સત્તા મંડળના અધિકારીઓ અને બીજા કર્મચારીઓની નોકરીની શરતો અને પગાર અને ભથ્થાં બાબત,

(છ) કલમ–૮–કની પેટા–કલમ (૩) હેઠળ, ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિના સચિવના અનુભવ અને લાયકાતો બાબત,

(જ) કલમ–૮–ક ની પેટા–કલમ (૫) હેઠળ ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિની અધિકારીઓ અને બીજા કર્મચારીઓની સંખ્યા અને તે કલમની પેટાઅકલમ (૬) હેઠળ, તેમની નોકરીની શરતો અને તેમને આપવાના પગાર અને ભથ્થાં બાબત,

(ઝ) કલમ–૯ ની પેટા–કલમ (૨) ના ખંડ (ખ) હેઠળ, જિલ્લા સત્તા મંડળના સભ્યોની સંખ્યા, અનુભવ અને લાયકાતો બાબત,

(ટ) કલમ–૯ની પેટા–કલમ (૫) હેઠળ, જિલ્લા સત્તા મંડળના અધિકારીઓ અને બીજા કર્મચારીઓની સંખ્યા બાબત,

(ઠ) કલમ–૯ ની પેટા–કલમ (૬) હેઠળ, જિલ્લા સત્તા મંડળના અધિકારીઓ અને બીજા કર્મચારીઓની નોકરીની શરતો અને પગાર અને ભથ્થાં બાબત,

(ડ) કલમ–૧૧–ક ની પેટા–કલમ (૨) ના ખંડ (ખ) હેઠળ, તાલુકા કાનૂની સેવા સમિતિના સભ્યોની સંખ્યા, અનુભવ અને લાયકાતો બાબત,

(ઢ) કલમ ૧૧–ક ની પેટા–ખંડ (૩) હેઠળ, તાલુકા કાનૂની સેવા સમિતિના અધિકારીઓ અને બીજા કર્મચારીઓની સંખ્યા બાબત,

(ત) કલમ–૧૧–ક ની પેટા–કલમ (૪) હેઠળ, તાલુકા કાનૂની સેવા સમિતિના અધિકારીઓ અને બીજા કર્મચારીઓની નોકરીની રતો અને તેમના પગાર અને ભથ્થા બાબત.

(થ) ઉચ્ચતમ ન્યાયાલય સિવાયના ન્યાયાલય સમક્ષ કેસ હોય તો, કલમ–૧૨ ના ખંડ

(ઝ) હેઠળ, કાનૂની સેવા માટે હકદાર બનતી વ્યકિતની વાર્ષિક આવકની ઉપલી મર્યાદા બાબત,

(દ) કલમ–૧૯ના પેટા–કલમ (૪) માં ઉલ્લેખ હોય તે સિવાયની લોક અદાલતની બીજી વ્યકિતઓના અનુભવ અને લાયકાત બાબત,

(ધ) ઠરાવવાની અથવા ઠરાવી શકાય તેવી બીજી કોઈપણ બાબત.

**૨૯. કેન્દ્રીય સત્તા મંડળની વિનિયમો કરવાની સત્તા.**

(૧) કેન્દ્રીય સત્તા મંડળ, જાહેરનામાંથી, આ અધિનિયમની જોગવાઈઓને અમલમાં લાવવાના હેતુઓ માટે જોગવાઈ કરવાનું જરૂરી અથવા ઈષ્ટ હોય તેવી તમામ બાબતો માટે જોગવાઈ કરવા, આ અધિનિયમની જોગવાઈઓ સાથે અને તે હેઠળ કરેલા નિયમો સાથે અસંગત ન હોય તેવા વિનિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા વિનિયમોથી નીચેની તમામ અથવા કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકશે.

(ક) કલમ–૩–ક ની પેટા–કલમ (૧) હેઠળ, ઉચ્ચતમ ન્યાયાલય કાનૂની સેવા સમિતિના સત્તા અને કાર્યો બાબત,

(ખ) કલમ–૩–કની પેટા–કલમ (૪) હેઠળ, ઉચ્ચતમ ન્યાયાલય કાનૂની સેવા સમિતિના સભ્યો અને સચિવના હોદાની મુદત અને તેને લગતી બીજી શરતો બાબત.

**૨૯ક. રાજય સત્તા મંડળની વિનિયમો કરવાની સત્તા.**

(૧) રાજય સત્તા મંડળ, જાહેરનામાથી, આ અધિનિયમની જોગવાઈઓ અમલમાં લાવવાના હેતુઓ માટે જોગવાઈ કરવાનું જરૂરી અથવા ઈષ્ટ હોય તેવી તમામ બાબતો માટે જોગવાઈ કરવા આ અધિનિયમની જોગવાઈઓ સાથે તે હેઠળ કરેલા નિયમો સાથે અસંગત ન હોય તેવા વિનિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા વિનિયમોથી નીચેની તમામ અથવા કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકાશે.

(ક) કલમ–૭ની પેટા–કલમ (૨) ના ખંડ (ઘ) હેઠળ, રાજય સત્તા મંડળે બજાવવાના બીજા કાર્યો બાબત,

(ખ) કલમ–૮–ક ની પેટા–કલમ (૧) હેઠળ, ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિની સત્તા અને કાર્યો બાબત,

(ગ) કલમ–૮–ક ની પેટા–કલમ (૨) ના ખંડ (ખ) હેઠળ, ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિના સભ્યોની સંખ્યા, અનુભવ અને લાયકાતો બાબત,

(ઘ) કલમ–૮–ક ની પેટા–કલમ (૪) હેઠળ, ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિના સભ્યો અનેસચિવના હોદાની મુદત અને તેને લગતી બીજી શરતો બાબત,

(ચ) કલમ–૯–ક ની પેટા–કલમ (૪) હેઠળ, ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિના સભ્યો અને સચિવના હોદાની મુદત અને તેને લગતી બીજી શરતો બાબત,

(છ) કલમ–૮–ક ની પેટા–કલમ (૨) ના ખંડ (ખ) હેઠળ, ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિના સભ્યોની સંખ્યા, અનુભવ અને લાયકાતો બાબત,

(જ) કલમ–૧૦ ની પેટા–કલમ (૨) ના ખંડ (ગ) હેઠળ, જિલ્લા સત્તા મંડળે બજાવવાના બીજા કાર્યો બાબત,

(ઝ) કલમ–૧૧–ક ની પેટા–કલમ (૩) હેઠળ, તાલુકા કાનૂની સેવા સમિતિના સભ્યો અને સચિવના હોદ્દાની મુદત અને તેને લગતી બીજી શરતો.

**૩૦. નિયમો અને વિનિયમો ( સંસદ સમક્ષ ) મૂકવા બાબત.**

(૧) આ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકારે કરેલ દરેક નિયમ અને તે હેઠળ કેન્દ્રીય સત્તા મંડળે કરેલ વિનિયમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ સંસદનું સત્ર ચાલુ હોય ત્યારે, સંસદના દરેક ગૃહ સમક્ષ એકજ સત્રમાં અથવા લાગલગાટ બે અથવા વધારે સત્રોમાં મળીને કુલ ત્રીસ દિવસની મુદત સુધી મૂકવો જોઈશે અને ઉપર્યુકત સત્રો અથવા લાગલગાટ સત્રની તરત પછીનું પુરૂં થતાં પહેલા, બન્ને ગૃહો એમ સંમત થાય કે તે નિયમ અથવા વિનિયમ કરવો જોઈશે નહિ તો તે નિયમ અથવા વિનિયમ, ત્યાર પછી, યથા પ્રસંગ, એવા ફેરફાર કરેલ સ્વરૂપમાં જ અલમાં રહેશે અથવા અમલમાં રહેશે નહિ, પરંતુ એવો કોઈ ફેરફાર થવાથી અથવા તે રદ થવાથી, તે નિયમ અથવા વિનિમય હેઠળ અગાઉ કરેલા કોઈ પણ કૃત્યની કાયદેસરની બાધા આવશે નહિ.

(૨) આ અધિનિયમ હેઠળ રાજય સરકારે કરેલ દરેક નિયમ અને તે હેઠળ રાજય સત્તા મંડળે કરેલ દરેક વિનિમય તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે.

## જાહેરનામું

## કાયદા વિભાગ

## સચિવાલય, ગાંધીનગર, ૩જી મે, ૧૯૯૭

## કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ, ૧૯૮૭.

ક્રમાંકઃ જીકે/૯૭/૨૧/એલએબી/૨૫૯૪/૧૬/આઈ – કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ, ૧૯૮૭ ( સન ૧૯૮૭ના ૩૯મા ) ની કલમ–૨૮ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, નીચેના નિયમો કરે છે.

## પ્રકરણ – ૧

## પ્રારંભિક

૧. ટૂંકી સંજ્ઞા : આ નિયમો ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ નિયમો, ૧૯૯૭ કહેવાશે.

૨. વ્યાખ્યાઃ આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય,

(ક) 'અધિનિયમ' એટલે કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ, ૧૯૮૭ (સને ૧૯૮૭નો ૩૯મો)

(ખ) 'અધ્યક્ષ' એટલે ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિના અધ્યક્ષ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અથવા યથાપ્રસંગ તાલુકા કાનૂની સેવા સમિતિના અધ્યક્ષ,

(ગ) 'કારોબારી અધ્યક્ષ' એટલે રાજય સત્તા મંડળના કારોબારી અધ્યક્ષ,

(ઘ) 'સરકાર' એટલે ગુજરાત રાજયની સરકાર,

(ચ) 'ઉચ્ચ ન્યાયાલય' એટલે ગુજરાત રાજયનું ઉચ્ચ ન્યાયાલય,

(છ) 'સભ્ય સચિવ' એટલે અધિનિયમની કલમ–પની પેટા–કલમ (૩) હેઠળ નિમાયેલ રાજય સ ત્તા મંડળના સભ્ય સચિવ,

(જ) અહીં વપરાયેલ પરંતુ વ્યાખ્યા કરેલ ન હોય તેવા શબ્દો અને શબ્દ પ્રયોગોનો અર્થ, અધિનિયમમાં અનુક્રમે તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

## પ્રકરણ – ૨

## રાજય કાનૂની સેવા સત્તા મંડળ

---

**૩. રાજય કાનૂની સેવા સત્તા મંડળના બીજા સભ્યોની સંખ્યા :**

પેટ્રન–ઈન–ચીફ, કારોબારી અધ્યક્ષ, સભ્ય સચિવ તેમના અનુભવ અને લાયકાત ઉપરાંત, રાજય સરકાર, ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને રાજય સત્તા મંડળના બીજા ચૌદ સભ્યોને નીચે પ્રમાણે નિયુકત કરશે.

(૧) ગુજરાત રાજયના એડવોકેટ જનરલ,

(૨) મંત્રીશ્રી, કાયદો અને ન્યાય, ગુજરાત સરકાર,

(૩) સરકારના સચિવ, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર,

(૪) સરકારના સચિવ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર,

(૫) સરકારના સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,

(૬) અધ્યક્ષ, ગુજરાત રાજય બાર કાઉન્સિલ, બાર કાઉન્સિલ ઓફ ગુજરાત

(૭) ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમના અધ્યક્ષ,

(૮) ગુજરાત આદિજાતિ વિકાસ નિગમના અધ્યક્ષ,

(૯) જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળમાંથી બે અધ્યક્ષ,

(૧૦) નીચેના પૈકી ચાર સભ્યો :

(૧) પ્રખ્યાત સામાજિક કાર્યકર જે નબળા વર્ગો જેવા કે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, મહિલાઓ, બાળકો, ગ્રામીણ કે શહેરી મજૂરોના ઉત્કર્ષ માટે કામ કરતા હોય, અથવા

(૨) પ્રખ્યાત એડવોકેટ, અથવા

(૩) પ્રખ્યાત કાયદાના શિક્ષક, અથવા

(૪) પ્રખ્યાત શિક્ષણવિદ, અથવા

(૫) કાનૂની સેવા યોજનાના અમલીકરણમાં વ્યાવસાયિક રીતે કામ કરતી અથવા ખાસ રસ ધરાવતી હોય તેવી કોઈ પ્રતિષ્ઠિત વ્યકિત.

**૪. રાજય સત્તા મંડળના સભ્ય સચિવની સત્તાઓ અને કાર્યો :**

અધિનિયમની કલમ–૬ ની પેટા–કલમ (૩) હેઠળ રાજય સત્તા મંડળના સભ્ય સચિવની સત્તાઓ અને કાર્યો નીચે પ્રમાણે રહેશે :

(ક) યોગ્ય અને નબળા વર્ગોને મફત કાનૂની સેવા આપવી,

(ખ) કાનૂની સેવા યોજના અને રાજય સત્તા મંડળ દ્વારા મંજુર કરાયેલ કાર્યક્રમોની બાહયરૂપ પદ્ધતિ તૈયાર કરવી અને તેમની અસરકારક દેખરેખ અને અમલની ખાત્રી કરવી,

(ગ) રાજય સરકારના વિભાગના વડા તરીકે વહીવટ, ગૃહ સંચાલન, નાણાં અને અંદાજપત્રની બાબતોના સબંધમાં સત્તા વાપરવી,

(ઘ) રાજય સત્તા મંડળની મિલકતો, રેકર્ડ અને ફંડનું સંચાલન કરવું,

(ચ) સમયાંતરે તપાસ અને ઓડિટ સહિત રાજય સત્તા મંડળના સાચા અને યોગ્ય હિસાબોની જાળવણી કરવી,

(છ) સદરહુ સત્તા મંડળની વાર્ષિક આવકને ખર્ચના હિસાબો અને સરવૈયું તૈયાર કરવું,

(જ) સામાજિક પગલાં જૂથ અને જિલ્લા સત્તા મંડળ અને તાલુકા કાનૂની સેવા સમિતિ સાથે સંપર્ક રાખવો,

(ઝ) વખતો વખત વિવિધ કાનૂની સેવા કાર્યક્રમોના અમલમાં થયેલ પ્રગતિ સહિતની સંપૂર્ણ અને અદ્યતન આંકડાકીય માહિતી રાખવી,

(ટ) નાણાંકીય સહાયની દરખાસ્તોની કાર્યવાહી કરવી અને તેનું ઉપયોગીતા પ્રમાણપત્ર કાઢી આપવું,

(ઠ) રાજય સત્તા મંડળે માન્ય કરેલ વિવિધ કાનૂની કાર્યક્રમો અને કાનૂની સેવા કાર્યક્રમો સાથે સંલગ્ન બેઠકો / સેમિનારો બોલાવવા અને તેના વર્કશોપનું આયોજન કરવું અને તેનો અહેવાલ તૈયાર કરવો અને અનુભવી કાર્યવાહી કરવી,

(ડ) કાનૂની સેવા કાર્યક્રમોના વિવિધ પાસાઓનો જાહેર જનતાને ખ્યાલ આપવા વિડિયો અને દસ્તાવેજી ફિલ્મો, પ્રચાર સામગ્રી, સાહિત્ય અને પ્રકાશનો તૈયાર કરવા,

(ઢ) ગ્રામ્ય તકરારોની પતાવટ કરવા પર વધુ ભાર આપવો અને ગ્રામીણ પ્રજા માટે ઘર આંગણે ગ્રામ્ય તકરારોના સમાધાન માટે

અસરકારક અને અર્થપૂર્ણ કાનૂની સેવા માટે યોજનાઓ શરૂ કરવા વિશેષ પગલાં લેવા,

(ત) અધિનિયમની કલમ–૪ની પેટા–કલમ (ખ) હેઠળ રચાયેલ યોજનાઓ હેઠળ તેને સોંપાયેલ હોય એવાં કાર્યો કરવા,

(થ) અધિનિયમથી સંકળાયેલ એવા બીજા કાર્યો કરવા અને પેટ્રન–ઈન–ચીફ અને / અથવા કારોબારી અધ્યક્ષ દ્વારા તે અર્થે વખતોવખત અપાયેલ સૂચનાઓનું પાલન કરવું.

**૫. રાજય સત્તા મંડળના સભ્યના હોદ્દાની મુદતઃ**

(૧) નિયમ–૩ ના પેટા નિયમો (ક) અને (ખ) હેઠળ નિયુકત કરેલ રાજય સત્તા મંડળના સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

પરંતુ રાજય સરકારના અભિપ્રાય મુજબ તેનું સભ્ય તરીકે ચાલુ રહેવું ઈચ્છનીય ન હોય તો, રાજય સરકાર, તેને સુનાવણીની વ્યાજબી તક આપ્યા પછી, સદરહુ મુદત પુરી થયા પહેલા આવા સભ્યને દૂર કરી શકશે.

(૨) પેટા–નિયમ (૧) હેઠળ નામ નિર્દિષ્ટ થયેલ સભ્ય પુનઃ નિયુકત થવાને પાત્ર ગણાશે.

(૩) સભ્યના હોદાની કોઈ ખાલી જગા ઉભી થયે, ખાલી જગા નિમણૂંક કરીને ભરવી જોઈશે અને આ રીતે નામ નિર્દિષ્ટ થયેલ સભ્ય, જે સભ્યની જગાએ તે નામ નિર્દિષ્ટ થયેલ હોય તે સભ્ય ખાલી જગા ઉભી ન થઈ હોત તો જેટલા સમય સુધી હોદો ધરાવતા, તેટલા સમય સુધી હોદો ધરાવશે.

**૬. રાજય સત્તા મંડળના સભ્યની સેવાની બોલીઓ અને શરતો :**

રાજય સત્તા મંડળના સભ્યોની સેવાની બોલીઓ અને શરતો નીચે પ્રમાણે રહેશે.

(૧) રાજય સત્તા મંડળના સભ્ય સચિવ અને રાજય સત્તા મંડળના કારોબારી અધ્યક્ષ સિવાયના બધા સભ્યો, જો તે ઉચ્ચ ન્યાયાલયના નિવૃત્ત ન્યાયાધીશ હોય તો, તેઓ માનદ સેવાની રૂએ કાર્ય કરશે.

(૨) સરકારના અધિકારીઓ હોય તેવા સભ્યો સિવાયના કલમ–૬ની પેટા–કલમ (૨)ના ખંડ (ગ) હેઠળ નિયુકત થયેલ તમામ સભ્યો, રાજય સત્તા મંડળના કામના સંદર્ભમાં કરાયેલ મુસાફરીઓના સબંધમાં રાજય સરકારના વર્ગ–૧ અધિકારીઓને મળવાપાત્ર એવું વખતો વખત સુધાર્યા પ્રમાણેનું મુસાફરી ભથ્થું અને મોંઘવારી ભથ્થું મેળવવાને હકદાર રહેશે.

(૩) સરકારના અધિકારીઓ હોય તેવા નિયમ (૩) હેઠળ નામ નિર્દિષ્ટ થયેલ બધા સભ્યો, તેમને લાગુ પડતાં નિયમોની જોગવાઈઓ અનુસાર રાજય સત્તા મંડળના કામના સંદર્ભમાં કરાયેલ મુસાફરીના સબંધમાં મુસાફરી ભથ્થું અને મોંઘવારી ભથ્થું મેળવવાને હકદાર થશે અને સબંધિત સભ્યો જયાંથી તેમના પગાર અને ભથ્થાં મેળવતા હોય ત્યાંથી તે ચુકવવું જોઈશે. તેમના પગાર અને ભથ્થાં જેમાં ઉધારાતા હોય તે બજેટ હેડમાં આ હિસાબનો ખર્ચ ઉધારવો જોઈશે.

**૭. રાજય સત્તા મંડળના મુખ્ય સંરક્ષક અને કારોબારી અધ્યક્ષ માટે ખાસ જોગવાઈઃ–**

(૧) રાજય સત્તા મંડળના કામના સંદર્ભમાં કરાયેલ મુસાફરીઓના સબંધમાં મુખ્ય સંરક્ષક અને કારોબારી અધ્યક્ષ વખતો વખત સુધાર્યા પ્રમાણેના ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ ( મુસાફરી ભથ્થાં અને મોંઘવારી ભથ્થાં ) નિયમો, ૧૯૫૬ અનુસાર મુસાફરી ભથ્થું અને મોંઘવારી ભથ્થું મેળવવા હકદાર બનશે અને તે રાજય સત્તા મંડળે ચુકવવું જોઈએ.

(૨) રાજય સત્તા મંડળના કામના સંદર્ભમાં કરાયેલ મુસાફરીઓના સબંધમાં, કારોબારી અધ્યક્ષ, તે ઉચ્ચ ન્યાયાલયના ચાલુ ન્યાયાધીશ હોય તેવા કિસ્સામાં, વખતો વખત સુધાર્યા પ્રમાણેના ઉચ્ચ ન્યાયાલય ન્યાયાધીશ (મુસાફરી ભથ્થાં અને મોંઘવારી ભથ્થાં) નિયમો, ૧૯૫૬ અનુસાર મુસાફરી ભથ્થાં અને મોંઘવારી ભથ્થાં માટે હકદાર થશે અને રાજય સત્તા મંડળે તે ચૂકવવું જોઈશે અને કારોબારી અધ્યક્ષ, ઉચ્ચ ન્યાયાલયના નિવૃત્ત ન્યાયાધીશ હોય તો તેવા કિસ્સામાં, રાજય સત્તા મંડળના કામ સંદર્ભમાં કરાયેલ મુસાફરીઓના સબંધમાં મુસાફરી ભથ્થાં અને મોંઘવારી ભથ્થાં માટે હકદાર બનશે અને રાજય સત્તા મંડળે આવું ભથ્થું, તે ઉચ્ચ ન્યાયાલયના ચાલુ ન્યાયાધીશ હોય તેમ ગણીને તેના જેવા જ નિયમોના ધોરણે ચૂકવવું જોઈશે.

**૮. ઉચ્ચ ન્યાયાલયના નિવૃત્ત ન્યાયાધીશના કિસ્સામાં કારોબારી અધ્યક્ષની સેવાની શરતોઃ–**

(૧) કારોબારી અધ્યક્ષ ઉચ્ચ ન્યાયાલયના નિવૃત્ત ન્યાયાધીશ હોય ત્યારે અથવા ઉચ્ચ ન્યાયાલયના ચાલુ ન્યાયાધીશ જે ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે નિવૃત્ત થતા હોય પણ કારોબારી અધ્યક્ષ તરીકે ચાલુ હોય ત્યારે :

(ક) તેની બોલીઓ અને સેવાની શરતો, નિવૃત્ત ન્યાયાધીશને લાગુ પડતા હોય તેટલે સુધી, ભારત સરકાર, નાણાં મંત્રાલય, ખર્ચ વિભાગના તારીખઃ ૮મી ઓકટોબર, ૧૯૮૭ ના હુકમ ક્રમાંકઃ ૧૯૦૪૮/૭/ઈ/૪ અથવા એવા બીજા સંબંધિત હુકમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની રહેશે.

(ખ) તે વર્ધિત ભવિષ્યનિધિમાં જોડાવા હકદાર થશે.

(ગ) તે વખતો વખત ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશો માટે ગ્રાહય રાખેલ આતિથ્ય ભથ્થાં માટે હકદાર થશે અને તે રાજય સત્તા મંડળે ચૂકવવું જોઈશે.

**૯. રાજય સત્તા મંડળના સભ્ય સચિવના હોદાની મુદત અને તેને લગતી બીજી શરતોઃ**

(૧) સભ્ય સચિવ ત્રણ વર્ષની મુદત માટે હોદો ધારણ કરશે અને એક વધુ મુદત માટે અથવા મુખ્ય સંરક્ષક સાથે વિચાર વિનિમય કરીને સરકારે નકકી કરેલ વય–નિવૃત્તિની વયે પહોંચે ત્યાં સુધી પુનઃ નિયુકિત માટે પાત્ર ગણાશે.

(૨) સભ્ય સચિવ તરીકે પોતાના કાર્યો અને ફરજો બજાવતાં કરેલી મુસાફરી માટે તેમના વર્ગ અને વેતનગાળા સરકારી અધિકારીને મળવાપાત્ર હોય તેવું મુસાફરી ભથ્થું અને મોંઘવારી ભથ્થું મેળવવા હકદાર રહેશે.

(૩) જે કોઈ વ્યકિત નિવૃત્ત સરકારી અધિકારી હોય અને કલમ–૬ ની પેટા કલમ (૩)ના પરંતુ હેઠળ એવી રીતે તે ચાલુ રહયાં હોય તેવા સભ્ય સચિવના કિસ્સામાં, તેની ફરજો બજાવવા કરેલ મુસાફરીઓ માટે તેમના વર્ગ અને વેતન લેતા સરકારી અધિકારીઓને લાગુ પડતા નિયમો પ્રમાણે મળવાપાત્ર મુસાફરી ભથ્થું અને મોંઘવારી ભથ્થું મેળવવા હકદાર રહેશે.

(૪) જે કોઈ વ્યકિત નિવૃત્ત ન્યાયિક અધિકારી હોય અને કલમ–૬ની પેટા કલમ (૩)ના પરંતુ પ્રમાણે તે ચાલુ રહી હોય તેવા સભ્ય સચિવના કિસ્સામાં, તેને ચાલુ રાખવા ઈચ્છનીય ન હોય તો મુખ્ય સંરક્ષકની ભલામણથી તેની નિમણૂંકની મુદત પુરી થતાં પહેલાં રાજય સરકાર દ્વારા તે છૂટા થવાને પાત્ર રહેશે.

(૫) તમામ બાબતો જેવી કે નિવૃત્તિના કિસ્સામાં વેતન અને ભથ્થાંના લાભો અને હકદારી અને શિસ્ત વિષયક બાબતોમાં, સભ્યસચિવને રાજય સરકારના નિયમો લાગુ પડશે અને તે રાજય સત્તા મંડળમાં પ્રતિનિયુકિત થયેલ ગણાશે.

**૧૦. રાજય સત્તા મંડળના અધિકારીઓ અને કર્મચારીઓની સંખ્યા :**

રાજય સત્તા મંડળના અધિકારીઓ અને કર્મચારીઓની સંખ્યા સરકાર, રાજય સત્તા મંડળના મુખ્ય સંરક્ષક સાથે વિચાર વિનિમય કરીને નકકી કરે તેટલી રહેશે.

**૧૧. રાજય સત્તા મંડળના અધિકારીઓ અને બીજા કર્મચારીઓની સેવા પગાર અને ભથ્થાંની શરતોઃ**

(૧) (ક) આ નિયમો અમલમાં આવ્યાના તરત પહેલાં સરકારમાંથી ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડના મહેકમમાં બદલીના ધોરણે કામ કરતાં અધિકારીઓ અને કર્મચારીઓને, સેવા સત્તા મંડળના મહેકમમાં, સેવા સત્તા મંડળના મુખ્ય સંરક્ષક ભલામણ કરે તેટલી મુદત માટે બદલીના ધોરણે ચાલુ રાખી શકાશે.

(ખ) ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડના મહેકમમાં કામ કરતા અને સીધી નિમણૂંક પામેલ કર્મચારીઓ રાજય સત્તા મંડળના મહેકમમાં ચાલુ રહેલા છે એમ ગણવામાં આવશે.

(૨) નિમણૂંક કરનાર સત્તાધિકારી, કોઈપણ સમયે તેમની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી અને કોઈપણ કારણ દર્શાવ્યા વિના, સત્તા મંડળમાં નિમાયેલ કોઈપણ અધિકારીઓ અથવા કર્મચારીઓને તેમના મૂળ વિભાગમાં બદલી કરીને પાછા મોકલી શકાશે.

(૩) રાજય સત્તા મંડળના મહેકમમાં બદલીના ધોરણે કામ કરતાં અને નિમાયેલ અધિકારી અથવા કર્મચારી કોઈપણ સમયે નિમણૂંક કરનાર સત્તાધિકારીને, તેને

તેના મૂળ વિભાગમાં પાછો મોકલવા તેની સહી કરીને લેખિતમાં વિનંતી કરી શકશે અને નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા આવી વિનંતી માન્ય રાખવામાં આવે તો, તે અનુસાર તેને પાછો મોકલી શકાશે.

(૪) સીધી ભરતી થયેલ કર્મચારીને તેની ફરજ પાલનમાં ગેર–વર્તણૂંક, બિનકાર્યદક્ષતા, અસમર્થતા અથવા બેદરકારી પૈકી કોઈપણ કારણસર બરતરફ, છૂટા અથવા સેવામાંથી દૂર કરી શકાશે અથવા સંબંધિત તહોમતોના સબંધમાં તેને સુનાવણીની વાજબી તક આપ્યા પછી નિમણૂંક કરનાર સત્તાધિકારી નાંખે તેવી કોઈ ગૌણ શિક્ષા કરી શકાશે.

(૫) રાજય સત્તા મંડળના અધિકારીઓ અને કર્મચારીઓ, રાજય સરકારે વખતો વખત નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વેતન અને ભથ્થાં અને એવી બીજી સગવડો મેળવવા હકદાર થશે.

**૧૨. રાજય સત્તા મંડળની બેઠક :**

(૧) રાજય સત્તા મંડળ વર્ષમાં ઓછામાં ઓછુ બે વખત મળવું જોઈશે.

(૨) મુખ્ય સંરક્ષક દ્વારા અથવા તેમની ગેરહાજરીમાં બારોબારી અધ્યક્ષ દ્વારા એ રીતે આદેશ આપે ત્યારે સભ્ય સચિવ, આદેશ આપ્યા પ્રમાણેના સ્થળે, તારીખે અને સમયે, રાજય સત્તા મંડળની બેઠક બોલાવી શકશે.

(૩) રાજય સત્તા મંડળના કોઈપણ પાંચ સભ્યો, માંગણી પત્રમાં નિર્દિષ્ટ કરેલ હોઈ વિષય અથવા બાબતની વિચારણા માટે રાજય સત્તા મંડળની બેઠક બોલાવવા માટે રાજય સત્તા મંડળના સભ્ય સચિવને સંબોધન કરેલ તેમનું માંગણીપત્રક મોકલી શકશે.

(૪) માંગણીપત્રક મળ્યેથી, સભ્ય સચિવે, મુખ્ય સંરક્ષક અથવા તેમની ગેરહાજરીમાં બારોબારી અધ્યક્ષ સાથે વિચાર વિનિમય કરીને માંગણી–પત્રમાં

નિર્દિષ્ટ કરેલ હોઈ વિષય અથવા બાબતની વિચારણા માટે રાજય સત્તા મંડળની બેઠક બોલાવવી જોઈશે.

પરંતુ રાજય સત્તા મંડળની બેઠક માંગણીપત્ર મળ્યાની તારીખથી એક મહિનાની અંદર બોલાવવાની હોય તે કિસ્સામાં, કારોબારી અધ્યક્ષની મંજુરીથી ત્યારપછી માંગણપત્રમાં દર્શાવેલ વિષય વસ્તુનો આવી બેઠકની કાર્યસૂચિમાં વિચારણા કરવા માટે સમાવેશ કરવો જોઈશે.

(૫) સભ્ય સચિવે, સભ્યોને બેઠક માટે દસ દિવસની નોટિસ આપવી જોઈશે.

(૬) રાજય સત્તા મંડળના મુખ્ય સંરક્ષક અથવા તેમની ગેરહાજરીમાં કારોબારી અધ્યક્ષે,

(૭) રાજય સત્તા મંડળની કોઈપણ બેઠકમાં બધા પ્રશ્નોનો મતદાન સમયે હાજર હોય તેવા સભ્યોના મતોની બહુમતીથી નિર્ણય કરવો જોઈશે. સરખા મતો પડે તે કિસ્સામાં, બેઠકનું અધ્યક્ષસ્થાન લેનાર મુખ્ય સંરક્ષકને અથવા યથાપ્રસંગ, કારોબારી અધ્યક્ષને નિર્ણાયક મત રહેશે.

(૮) બેઠકનું કોરમ, રાજય સત્તા મંડળના સભ્યોની કુલ સંખ્યાનો એક તૃતીયાંશ રહેશે.

**૧૩. રાજય સત્તા મંડળનું મુખ્ય મથક :**

રાજય સત્તા મંડળનું મુખ્ય મથક ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય મથક ખાતે રહેશે.

## પ્રકરણ – ૩

## ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિ

---

**૧૪. ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિના સચિવના અનુભવ અને લાયકાતોઃ**

ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિના સચિવની નિમણૂંક રાજય ન્યાયિક સેવામાંની સહાયક ન્યાયાધીશ કરતાં ઉતરતા દરજજાની ન હોય તેવી વ્યકિતઓમાંથી કરી શકાશે.

**૧૫. ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિના અધિકારીઓ અને કર્મચારીઓની સંખ્યા :**

ઉચ્ચ ન્યાયાલય કાાનૂની સેવા સમિતિના અધિકારીઓ અને કર્મચારીઓ, સરકાર, ગુજરાતના ઉચ્ચ ન્યાયાલય સાથે વિચાર–વિનિમય કરીને નકકી કરે તેટલા રહેશે.

## પ્રકરણ – ૪

## જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ

---

**૧૬. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના બીજા સભ્યોની સંખ્યા અને તેમના અનુભવ અને લાયકાતો :**

રાજય સરકારે ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના બીજા આઠ સભ્યોને નીચે પ્રમાણે નિયુકત કરશે.

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર,

(૨) જિલ્લા બાર એસોસીએશનના પ્રમુખ,

(૩) જિલ્લા સરકારીવકીલ, અને

(૪) જિલ્લા પોલીસ અધિક્ષક,

(૫) નીચેની વ્યકિતઓમાંથી ચાર સભ્યો,

(૧) પ્રખ્યાત સામાજીક કાર્યકર જે નબળા વર્ગો જેવાકે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, મહિલાઓ, બાળકો, ગ્રામીણ કે શહેરી મજૂરોના ઉત્કર્ષ માટે કામ કરતા હોય, અથવા

(૨) પ્રખ્યાત એડવોકેટ, અથવા

(૩) પ્રખ્યાત કાયદા શિક્ષક, અથવા

(૪) કાનૂની સેવા યોજનાના અમલીકરણમાં વ્યાવસાયિક રીતે કામ કરતી અથવા ખાસ રસ ધરાવતી પ્રતિષ્ઠિત વ્યકિત.

**૧૭. જિલ્લા સત્તા મંડળના અધિકારીઓ અને બીજા કર્મચારીઓની સંખ્યાઃ**

જિલલ સત્તા મંડળના અધિકારીઓ અને કર્મચારીઓ, સરકાર, ગુજરાતના ઉચ્ચ ન્યાયાલય સાથે વિચાર–વિનિમય કરીને નકકી કરે તેટલા રહેશે.

## પ્રકરણ – ૫

## તાલુકા કાનૂની સેવા સમિતિ

---

**૧૮. તાલુકા કાનૂની સેવા સમિતિના સભ્યોની સંખ્યા અને તેમના અનુભવ અને લાયકાતો :**

રાજય સરકારે ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિનિમય કરીને, પ્રમાણે બીજા ૭ સભ્યો નિયુકત કરશે.

(૧) જિલ્લા બાર એસોસીએશનના પ્રમુખ,

(૨) મામલતદાર,

(૩) નીચેનામાંથી ચાર સભ્યો,

(ક) પ્રખ્યાત સામાજિક કાર્યકર જેઓ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, મહિલાઓ, બાળકો, ગ્રામીણ કે શહેરી મજૂરોના ઉત્કર્ષ માટે કામ કરતા હોય, અથવા

(ખ) પ્રખ્યાત એડવોકેટ, અથવા

(ગ) પ્રખ્યાત કાયદા શિક્ષક

(ઘ) કાનૂની સેવા યોજનાના અમલીકરણમાં વ્યાવસાયિક રીતે કામ કરતી અથવા ખાસ રસ ધરાવતી પ્રતિષ્ઠિત વ્યકિત.

**૧૯. તાલુકા કાનૂની સેવા સમિતિના અધિકારીઓ અને બીજા કર્મચારીઓની સંખ્યાઃ**

તાલુકા કાનૂની સેવા સમિતિના અધિકારીઓ અને કર્મચારીઓ,
સરકાર, ગુજરાતના ઉચ્ચ ન્યાયાલય સાથે વિચાર–વિનિમય કરીને નકકી કરે તેટલા રહેશે.

**૨૦. કાનૂની સેવા માટે હકદાર થતી વ્યકિતની વાર્ષિક આવકની ઉચ્ચતમ મર્યાદાઃ**

જે કોઈપણ વ્યકિતની બધાજ સાધનોમાંથી વાર્ષિક આવક રૂપિયા ૫૦,૦૦૦/– (રૂપિયા પચાસ હજાર) કરતાં ઓછી હોય તે, અધિનિયમ હેઠળ ઉચ્ચતમ ન્યાયાલય સિવાયના કોઈપણ ન્યાયાલય સમક્ષ કેસ દાખલ કરવા અથવા બચાવ કરવા માટે કાનૂની સેવા માટે હકદાર થશે.

**૨૧. લોક અદાલત માટે બીજી વ્યકિતઓના અનુભવ અને લાયકાતોઃ**

અધિનિયમની કલમ–૧૯ની પેટા–કલમ (૪) ના હેતુ માટે, દરેક લોક અદાલતમાં નીચેની બીજી વ્યકિતઓનો સમાવેશ થશે,

(ક) વ્યવસાયી એડવોકેટ,

(ખ) શિક્ષકો ( કાયદાના શિક્ષકો સહિત),

(ગ) સામાજિક કાર્યકરો,

(ઘ) સમાજની પ્રતિષ્ઠિત વ્યકિતઓ, અને

(ચ) કોલેજોના પ્રાધ્યાપકો.

**૨૨. નિમણૂંક રીત :**

(૧) રાજય કાનૂની સેવા સત્તા મંડળના મહેકમમાંની જગ્યાઓ પરની નિમણૂંક, સરકારે મુખ્ય સંરક્ષક સાથે વિચાર–વિનિમય કરીને કરવી જોઈએ.

(૨) ઉચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને તાલુકા કાનૂની સેવા સમિતિના મહેકમમાંની જગ્યાઓ પરની નિમણૂંક, સબંધિત નિમણૂંક કરનાર સત્તાધિકારીએ, સબીધત ન્યાયાલયોમાં કામ કરતી યોગ્ય વ્યકિતઓની બદલી કરીને કરવી જોઈશે.

**૨૩. નિયમ–૨૨ હેઠળ નિમણૂંક શકય અથવા વ્યવહારૂં ન હોયત્યારે, સંબંધિત નિમણૂંક કરનાર સત્તાધિકારી, સરકારની પૂર્વ મંજુરી લઈને અને સરકાર આદેશ કરે તેવી બોલીઓ અને શરતોએ, સીધી ભરતી કરી શકશે.**

**૨૪. રદ કરવા બાબત અને અપવાદ :**

(૧) આ નિયમો અમલમાં આવતાં, ગુજરાત સરકારના તારીખ ૩૦ મી એપ્રિલ, ૧૯૮૨ના ઠરાવ ક્રમાંકઃ એલએસી/૧૦૮૦/૩૨૯૦/ડી, હેઠળ રચાયેલ ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ, અસ્તિત્વમાં હોતું બંધ થશે અને બોર્ડના અધ્યક્ષ, સહ–અધ્યક્ષ અને સભ્યોએ તેમના હોદા ખાલી કર્યા છે એમ ગણાશે.

(૨) ઉપરોકત પેટા–નિયમ (૧) માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ નિયમો અમલમાં આવ્યાના તરત પહેલાં ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ અથવા તે હેઠળ રચાયેલ વિવિધ સમિતિઓએ કરેલ કોઈ કાર્ય અથવા લીધેલ કોઈ ગપલું, સંબંધિત સત્તા મંડળોએ અથવા સમિતિઓએ, આ અધિનિયમ અને આ નિયમો હેઠળ યોગ્ય રીતે કરેલ અથવા લીધેલ છે એમ ગણાશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

આઈ.એ.ગજજર

સરકારના ઉપસચિવ,

કાયદા વિભાગ,

## ૩.૫ અન્ય રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશો.

ભારતમાં સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ કાનૂની સહાયના ક્ષેત્રમાં વિકાસ થયો છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજયોને વારંવાર આગ્રહ કરવામાં આવ્યો કે તેઓ કાનૂની સહાય સબંધી નિયમો બનાવે કાનૂની સહાય સબંધી નિયમો બનાવવામાં કેરાલા રાજય અગ્રેસર રહયું હતું કેન્દ્ર સરકારના આગ્રહને આધિન દરેક રાજયોએ કાનૂની સહાય અંગેના નિયમો બનાવ્યા કેટલાક રાજયોએ તો કાનૂની સહાયને લગતા અધિનિયમો પણ પસાર

કર્યા દરેક રાજયોના નિયમો અલગ અલગ હતા તથા જુદા જુદા સમયે તે લાગુ પાડવામાં આવ્યા હતા. જો કે મૂળભૂત રીતે તો તે બધાજ નિયમો કેન્દ્ર સરકાર દ્વારા બનાવેલા મોડલ પર આધારિત હતા કાનૂની સેવા સત્તા અધિનિયમ પસાર થવાને પરિણામે હવે તે નિયમો અસરકારક રહયા નથી. દરેક રાજયોએ કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમના અંતર્ગત પોતાના નિયમ બનાવ્યા છે જેથી લગભગ દરેક રાજયોના નિયમમાં એકરૂપતા જોવા મળે છે. પહેલાના નિયમોનું મહત્વ હવે ફકત ઐતિહાસિક દ્રષ્ટિએ જ રહયું છે.

**૩.૫(૧) આંધ્રપ્રદેશ :**

આંધ્રપ્રદેશ રાજયમાં સૌ પ્રથમ કાનૂની સહાય બાબતમાં ૧૯૬૪ માં એક યોજના લાગુ કરવામાં આવી આ યોજના અંતર્ગત કાનૂની સહાયનો લાભ એવા વ્યકિતઓને મળતો હતો કે જેમની વાર્ષિક આવક ૧૫૦૦ રૂા. કરતા ઓછી હતી. ઈ.સ. ૧૯૭૮ કાનૂની સહાય બાબતના નિયમો બનાવવામાં આવ્યા જે Andhra Pradesh State Legal Aid and Advise to the Poor Rules,તરીકે ઓળખાયા. પરંતુ વાસ્તવિક રીતે આ નિયમોનું અમલીકરણ ૧૯૮૫ થી શરૂ થયું આ જ વર્ષમાં રાજયમાં પહેલી લોક અદાલત યોજાઈ હતી. આંધ પ્રદેશ કાનૂની સહાય અને સલાહ બોર્ડ દ્વારા તેલુગુ ભાષામાં ચટ્ટાલુ–મના–હુકુલુ (આપણા અધિકારો અને ફરજો) નામથી પ્રચલિત કરવામાં આવી.

**૩.૫(૨) અરૂણાચલ પ્રદેશ**

અરૂણાચલ પ્રદેશ રાજયમાં ૧૯૮૩ માં અરૂણાચલ પ્રદેશ કાનૂની સહાય અને સલાહ યોજના પ્રચલિત હતી.

**૩.૫(૩) આસામ**

આસામ રાજયમાં મફત કાનૂની યોજના ઈ.સ. ૧૯૭૮ માં શરૂ કરવામાં

આવી જેના અંતર્ગત આસામ કાનૂની સહાય અધિનિયમ ૧૯૭૮ પસાર કરવામાં આવ્યો. આ નિયમની જગ્યાએ આસામ નિયમ ૧૯૮૪ પસાર કરવામાં આવ્યો આ નિયમોમાં ફરી સુધારો કરવામાં આવ્યો અને ફરીથી ૧૯૮૭ માં નવા નિયમો બનાવવામાં આવ્યા. આસામ કાનૂની સલાહ અને સહાય બોર્ડ દ્વારા સને ૧૯૮૭ માં ગૌહાટીમાં સૌ પ્રથમવાર લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. આસામની ઘણી લૉ કોલેજીસમાં કાનૂની સહાય કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે.

## ૩.૫(૪) બિહાર

બિહાર સરકારે ઈ.સ. ૧૯૫૯ માં અનુસૂચિત જાતિના લોકો માટે મફત કાનૂની સલાહ આપવા માટેની યોજના તૈયાર કરી હતી. આર્થિક સહાય ફકત એવા વ્યકિતઓને મળતી હતી કે જેની પાસે ૧૦ એકરથી ઓછી જમીન હતી. કાનૂની સહાય દિવાની અને ફોજદારી બન્ને બાબતોમાં આપવામાં આવતી હતી પરંતુ આ યોજનાનો લાભ બહુજ ઓછી વ્યકિતઓને મળતો હતો. બિહાર રાજયમાં ૧૯૮૩ માં એક અધિનિયમ પસાર કરવામાં આવ્યો જેને બિહાર રાજય કમજોર વર્ગ સહાયતા અધિનિયમ, ૧૯૮૩ થી ઓળખાતો હતો જો કે કાનૂની સહાય અધિનિયમ ૧૯૮૩ માં પસાર કર્યો હતો પરંતુ આ અધિનિયમને અંતર્ગત કાનૂની સહાય અને સલાહ બોર્ડે ઈ.સ. ૧૮૮૯ થી પોતાનું કાર્ય શરૂ કર્યુ હતું. ઈ.સ. ૧૯૯૦ માં બિહારમાં કાનૂની સહાયની ગતિવિધિઓમાં આમુલ પરિવર્તન થયું હતું. બોર્ડ દ્વારા લોક ન્યાય સંદેશના નામથી એક પુસ્તિકા પણ પ્રચલિત કરવામાં આવતી હતી. બિહાર રાજય કાનૂની સહાય બોર્ડ દ્વારા કેદીઓની દશાને સંબંધિત પણે વ્યાપક સંશોધન કરવામાં આવ્યું હતું.

## ૩.૫(૫) રાજસ્થાન

કેન્દ્ર સરકાર દ્વારા ઈ.સ. ૧૯૬૦ માં કાનૂની સહાયની વિસ્તૃત યોજના બનાવીને રાજય સરકારોને અમલ કરવા માટે મોકલી આપવામાં આવી હતી. પરંતુ

રાજસ્થાન સરકાર દ્વારા ૧૯૭૨ સુધી આ બાબતમાં કોઈ પગલા ભરવામાં આવ્યા ન હતા. ૧૯૮૪ થી રાજસ્થાન રાજ્ય કાનૂની સહાય બોર્ડ દ્વારા કાનૂની સહાય કાર્યક્રમ સુચારૂ રૂપે શરૂ કરવામાં આવ્યો.

**૩.૫(૬) હરિયાણા**

ઈ.સ. ૧૯૮૨ માં હરિયાણા સરકાર દ્વારા કાનૂની સહાયની બાબતમાં નિયમો બનાવવામાં આવ્યા જે હરિયાણા રાજયના ગરીબોને માટે હતા તેને મફત કાનૂની સેવા અને સલાહ અનુદાન નિયમો ૧૯૮૨ ના નામથી ઓળખાતા હતા.

**૩.૫(૭) હિમાચલ પ્રદેશ**

હિમાચલ પ્રદેશ રાજય સૌ પ્રથમ ૧૯૮૦માં નિયમો બનાવ્યા જે હિમાચલ પ્રદેશ રાજય ગરીબોને કાનૂની સહાય નિયમ ૧૯૮૦ના નામથી પ્રચલિત હતા આ નિયમોની જગ્યાએ ૧૯૮૪માં નવા નિયમો બનાવવામાં આવ્યા.

**૩.૫(૮) જમ્મુ અને કાશ્મીર**

જમ્મુ અને કાશ્મીર રાજયમાં ઈ.સ. ૧૯૮૪ માં જમ્મુ એવમ કાશ્મિર રાજય ગરીબોકો વિધિક સહાયતા નિયમ પસાર કરવામાં આવ્યા આ નિયમોના અંતર્ગત એક બોર્ડની રચના કરવામાં આવી ઈ.સ. ૧૯૮૭ માં આ બોર્ડની ફરી રચના કરવામાં આવી બોર્ડ દ્વારા જિલ્લા અને તાલુકા સ્તરની કાનૂની સહાયના માધ્યમથી રાજયના નબળા વર્ગોને કાનૂની સેવા પ્રદાન કરવામાં આવતી હતી.

**૩.૫(૯) કર્ણાટક**

કર્ણાટક રાજયમાં સૌ પ્રથમ ઈ.સ. ૧૯૭૭માં કાનૂની સહાય અને સલાહ બોર્ડની રચના કરવામાં આવી ઈ.સ. ૧૯૮૧ માં કર્ણાટક કાનૂની સહાયતા બોર્ડ અધિનિયમને લાગુ કરવામાં આવ્યો. આ રાજયમાં પણ જિલ્લા અને તાલુકા સ્તરે

સમિતિઓ બનાવવામાં આવી. બેંગ્લોરમાં આવેલી નેશનલ લૉ યુનિવર્સિટીમાં પણ કાનૂની સહાય શરૂ કરવામાં આવી.

### ૩.૫(૧૦) કેરલ

નિયમો બનાવવાના દ્રષ્ટિ કોણથી કેરલ રાજય કાનૂની સહાયના ક્ષેત્રમાં સૌથી અગ્રેસર છે. કેરળ સરકારે ૧૯૫૮ માં કેરળ રાજય ગરીબોને કાનૂની સહાય નિયમ પસાર કર્યા હતા આ નિયમોને અંતર્ગત નબળા વર્ગના લોકોને દરેક સ્તરની અદાલતોમાં કાનૂની સહાય પુરી પાડવામાં આવતી હતી. સરકારે આ નિયમોની જગ્યાએ નવા નિયમો બનાવ્યા જે ગરીબોને કાનૂની સહાયતા અને સલાહ તેમની બાબતોમાં સંચાલન નિયમ ૧૯૭૮ નામથી પ્રચલિત થયા. ઈ.સ. ૧૯૮૫ માં સુપ્રિમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધિશ શ્રી કૃષ્ણઐયરના નિર્દેશ અનુસાર પહેલી લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું આ લોક અદાલત તામીલ ભાષામાં "માલોકર નિતિમેલા" એટલે લોકોનો ન્યાયનો મેળો નામથી પ્રચલિત થઈ હતી. કેરલ રાજયમાં કાયદાની કોલેજીસમાં કાનૂની સહાય કેન્દ્ર બહું જ સારી રીતે કાર્ય કરી રહયા છે.

### ૩.૫(૧૧) મધ્ય પ્રદેશ

મધ્ય પ્રદેશ રાજયે ૧૯૬૦ માં અનુસૂચિત જનજાતિના લોકો માટે કાનૂની સહાય આપવાની એક વ્યાપક યોજના બનાવી આ માટે મધ્ય પ્રદેશ અનુસૂચિત જાતિ (કાનૂની સહાય) નિયમ, ૧૯૬૦ પસાર કરવામાં આવ્યો ૧૯૭૬ સુધી મધ્ય પ્રદેશના પ્રત્યેક ગરીબ વ્યકિતને માટે આ યોજનાનો લાભ મળતો ન હતો. મધ્ય પ્રદેશમાં લૉ કમિશનના ૧૪ મા રિપોર્ટના પ્રકાશન તથા ૧૯૬૨ માં રાજય મંત્રી મંડળની બેઠક બાદ કાનૂની સેવાના ક્ષેત્રમાં પ્રગતી થઈ ૧૯૭૩ માં સરકારે કાનૂની સહાય ઉપર અધ્યયન કરવાને માટે તથા ગરીબોને માટે કાનૂની સેવા યોજનાનો ઢાંચો તૈયાર કરવા માટે એક સમિતિની રચના કરી જેણે પોતાનો રિપોર્ટ ૧૯૭૫ માં રજૂ કર્યો.

સમિતિના સૂચનોને આધારિત સરકારે મધ્ય પ્રદેશમાં સમાજના નબળા વર્ગો માટે કાનૂની સહાય અને કાનૂની સલાહ અધિનિયમ, ૧૯૭૬ પસાર કર્યો.

### ૩.૫(૧૨) મહારાષ્ટ્ર

સમાજના નબળા વર્ગો માટે કાનૂની સહાય અંગેની યોજનાની જોગવાઈઓ મહારાષ્ટ્ર રાજયમાં ઈ.સ. ૧૯૫૮ થી જ હતી. ઈ.સ. ૧૯૫૯ માં સરકાર દ્વારા એવા આરોપીઓને કાનૂની સહાય આપવાનું શરૂ કર્યુ કે જેમની રજુઆત કરવાવાળું કોઈ હતું નહી, સૈનિકોના માટે પણ કાનૂની સહાયના દ્વાર ખૂલ્યા હતા બોમ્બેમાં ભારતની સૌથી પ્રાચિન સંસ્થા મુંબઈ કાનૂની સહાય સોસાયટી હતી કે જે કાનૂની સહાય પુરી પાડતી હતી તેને મહારાષ્ટ્ર સરકારે આર્થિક અનુદાન આપવાનું ચાલુ કર્યુ. કાનૂની સેવા અંગેની વ્યાપક યોજના ઈ.સ. ૧૯૫૯ માં તૈયાર કરવામાં આવી જે ૧૪ એપ્રિલથી લાગુ પાડવામાં આવી. મહારાષ્ટ્ર કાનૂની સહાય યોજના અંતર્ગત મરાઠી ભાષામાં એક દસ્તાવેજી ફિલ્મ પણ તૈયાર કરવામાં આવી તેના માધ્યમથી કાનૂની શિક્ષણનો પ્રચાર કરવામાં આવતો હતો. આ રાજયમાં લોક અદાલતોની શરૂઆત ૧૯૮૪ થી કરવામાં આવી ૧૯૮૬ માં મહારાષ્ટ્ર સરકારે લોક અદાલત નિયમ ૧૯૮૬ પસાર કર્યો કાનૂની સહાય કેન્દ્રોને માટે મહારાષ્ટ્ર રાજય કાનૂની સહાય અધિનિયમ ૧૯૮૬ પસાર કરવામાં આવ્યો. જેથી કાનૂની સહાયતા કેન્દ્રો યોગ્ય રૂપે તેમના કાર્યો કરી શકે.

### ૩.૫(૧૩) મણીપુર

મણીપુર રાજયમાં ગરીબ લોકોને માટે મફત કાનૂની સહાય આપવાને માટે ૧૯૮૨માં નિયમો બનાવવામાં આવ્યા આ નિયમોના અંતર્ગત મણીપુર રાજય કાનૂની સહાય બોર્ડનું ગઠન કરવામાં આવ્યું. જેનું મુખ્ય કેન્દ્ર ઈમ્ફાલમાં છે.

### ૩.૫(૧૪) મેઘાલય

મેઘાલય રાજયમાં કાનૂની સહાયની યોજના ૧૯૮૨માં શરૂ કરવામાં આવી જેનું ઉદ્‌ઘાટન ભારત સરકારના તે વખતના કાયદા મંત્રી શ્રી જગન્નાથ કૌશલ દ્વારા કરવામાં આવ્યું હતું આ પ્રસંગે સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત મુખ્ય ન્યાયાધિશ શ્રી પી. એન. ભગવતી પણ હાજર હતા. બાંગલાદેશની સીમાને અડીને આવેલા ગામ બધમાડામાં ૧૪ નવેમ્બર ૧૯૮૩ના રોજ સૌ પ્રથમ કાનૂની સહાય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજયમાં પહેલી લોક અદાલત સીલોંગમાં ૯ સપ્ટેમ્બર ૧૯૮૯ના રોજ આયોજીત કરવામાં આવેલ હતી.

### ૩.૫(૧૫) મિઝોરમ

મીઝોરમ રાજયમાં કાનૂની સહાયની યોજના ઈ.સ. ૧૯૮૪ થી શરૂ કરવામાં આવી હતી. અને આ માટે મીઝોરમ કાનૂની સહાય અને સલાહ યોજના ૧૯૮૪ પસાર કરવામાં આવી. આ યોજના અંતર્ગત કાનૂની સહાય બોર્ડની પણ રચના કરવામાં આવી.

### ૩.૫(૧૬) નાગાલેન્ડ

નાગાલેન્ડ સરકારે ૧૯૮૪ માં કાનૂની સહાય સંબંધિ નિયમો પસાર કર્યા આમાં જુદા જુદા ૩૦ નિયમો હતા જે કાનૂની સહાયના જુદા જુદા આયામોને સ્પર્શતા હતા.

### ૩.૫(૧૭) ઓરિસ્સા

ઓરિસ્સા રાજય સૌ પ્રથમ ૧૯૭૫માં નિયમો બનાવ્યા હતા જે ઓરિસ્સા ગરીબોકો વિધિક સહાયતા નિયમ ૧૯૭૫ના નામથી ઓળખાતા હતા. આ નિયમોની જગ્યાએ ૧૯૮૧માં નવા નિયમો ઘડીને લાગુ કરવામાં આવ્યા રાજયમાં ઓરિસ્સા કાનૂની સહાય અને સલાહ બોર્ડની રચના ૧૯૮૩ માં કરવામાં આવી રાજય

બોર્ડ દ્વારા પેરા લિગલ શિક્ષણ આપવાને માટે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું બોર્ડ દ્વારા કાનૂની સહાય સબંધી કેટલીક પુસ્તિકાઓનું પણ પ્રકાશન કરવામાં આવ્યું.

### ૩.૫(૧૮) પંજાબ

પંજાબ રાજયે ઈ.સ. ૧૯૫૯ માં કાનૂની સહાયની યોજના શરૂ કરી આ યોજનાનું વ્યાપક રૂપ ૧૯૭૭માં અપાયું જે પંજાબ રાજય ગરીબોકો નિઃશુલ્ક કાનૂની સેવા એવમ સલાહ નિયમ ૧૯૭૭ના નામથી  ઓળખાવા માંડી. રાજય સ્તરે કાનૂની સેવા અને સલાહ માટેના બોર્ડની પણ રચના કરવામાં આવી.

### ૩.૫(૧૯) સિક્કિમ

સિકિકમ સરકારે કાનૂની સહાય પુરી પાડવા માટે ૧૯૮૨ માં સિકિકમ રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડની રચના કરી આ વર્ષે કાનૂની સહાય સંબંધિ એક યોજના પણ તૈયાર કરવામાં આવી જે સિકિકમ રાજય કાનૂની સહાય અને સલાહ યોજના ૧૯૮૨ના નામથી પ્રચલિત થઈ. ફોજદારી બાબતોમાં કાનૂની સહાય પુરી પાડવાને માટે રાજયના ખર્ચ પર આધારિત ગરીબ આરોપી કાનૂની સહાય નિયમ ૧૯૮૨ પસાર કરવામાં આવ્યો.

### ૩.૫(૨૦) તામિલનાડુ

તામિલનાડુ સરકારે કાનૂની સહાયપર અધ્યયન કરવાને માટે તેમજ યોગ્ય સૂચનો અર્થે ન્યાયાધિશ શ્રી પી. રામકૃષ્ણની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી જેણે પોતાનો અહેવાલ ૧૯૭૩ માં પ્રસ્તુત કર્યો ત્યારબાદ એક સોસાયટીની રચના કરી જેનું નામ તામિલનાડુ રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ રાખવામાં આવ્યું આ બોર્ડની રચના ઈ.સ. ૧૯૭૬ માં થઈ પરંતુ તેણે પોતાનું કાર્ય ઈ.સ. ૧૯૭૭ થી શરૂ કર્યુ તામિલનાડુ રાજય બોર્ડ દરેક વર્ષે કાનૂની સહાયની પ્રવૃત્તિઓ બાબતે એક વિસ્તૃત રીપોર્ટ તૈયાર કરતો હતો અને જેનું પ્રકાશન કરવામાં આવતું હતું.

### ૩.૫(૨૧) ઉત્તર પ્રદેશ

ઉત્તર પ્રદેશ રાજય દ્વારા ઈ.સ. ૧૯૮૧માં કાનૂની સહાય સબંધી પહેલી યોજના બનાવવામાં આવી જેને ઉત્તર પ્રદેશ રાજય કાનૂની સહાયતા અને પરામર્શ યોજના ૧૯૮૧થી ઓળખવામાં આવી. જો કે આ યોજના અંતર્ગત ૧૯૮૫ સુધી કોઈ નોંધ પાત્ર કાર્ય થઈ શકયુ નહી. ૧૯૮૫ થી ઉત્તર પ્રદેશ કાનૂની સહાય અને સલાહ બોર્ડ દ્વારા યોજના પર વધુ ધ્યાન આપવાનું શરૂ કર્યુ તેના અંતર્ગત રાજયની ઘણી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું. વનવાસી  સેવા આશ્રમ વિરૂદ્ધ ઉત્તર પ્રદેશ રાજય અને બીજાઓના કેસમાં સર્વોચ્ચ અદાલતના આદેશાનુસાર રાજયના નબળા વર્ગોની દશામાં સુધારો લાવવા માટે વધુ પ્રયાસ કરવામાં આવ્યા. જેમાં સ્વયંસેવી સંસ્થાએ પણ ભરપૂર સહયોગ આપ્યો. કાનૂની શિક્ષણના પ્રચાર માટે બોર્ડ દ્વારા નાની પુસ્તિકાઓની શ્રેણી (સરલ કાનૂની જ્ઞાન માલા ) પણ પસાર કરવામાં આવી.

### ૩.૫(૨૨) પશ્ચિમ બંગાળ

પશ્ચિમ બંગાળની સરકાર દ્વારા ગરીબોને મફત કાનૂની સહાય ઈ.સ. ૧૯૭૪ માં એક યોજના તૈયાર કરવામાં આવી આ યોજનાને વધુ વ્યાપક બનાવવાને માટે એક નવી યોજના પશ્ચિમ બંગાળ રાજય કાનૂની સહાય અને સલાહ યોજના ૧૯૮૨ લાગુ પાડવમાં આવી.

### ૩.૫(૨૩) આંદામાન નિકોબાર

કાનૂની સેવા સત્તા મંડળ ૧૯૮૭ પસાર થવાના અગાઉ આ રાજયમાં કાનૂની સહાય સબંધિ કોઈ નિયમ કે યોજના પસાર કરવામાં આવી ન હતી.

### ૩.૫(૨૪) ચંદિગઢ

કાનૂની સેવા અધિનિયમ ૧૯૮૭ પસાર થવાના અગાઉ ચંદિગઢમાં કાનૂની સહાયની બાબતમાં કેટલાક વહીવટી નિયમો બનાવવામાં આવ્યા હતા. આ

નિયમોને અંતર્ગત ગરીબોને મફત કાનૂની સેવા પૂરી પાડવમાં આવી હતી.

## ૩.૫(૨૫) દાદરા અને નગર હવેલી

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીમાં કાનૂની સેવા સબંધિ યોજના પસાર કરીને ભારત સરકારના કાયદા મંત્રાલય દ્વારા મોકલવામાં આવી હતી. પરંતુ કાનૂની સેવા સત્તા અધિનિયમ ૧૯૮૭ પસાર થવા સુધી આ યોજનાને સ્વિકૃતિ મળી ન હતી. અધિનિયમ પસાર થયા બાદ આ યોજનાનું મહત્વ ઘટી ગયું છે.

## ૩.૫(૨૬) દિલ્હી

દિલ્હી રાજયમાં ૮ મે–૧૯૮૧ ના રોજ દિલ્હી કાનૂની સહાય અને સલાહ બોર્ડની રચના કરવામાં આવી. આ બોર્ડની રચના દિલ્હી કેન્દ્ર શાસિત કાનૂની સહાય અને સલાહ યોજના ૧૯૮૧ને અંતર્ગત કરવામાં આવ્યું હતું. દિલ્હી બોર્ડ દ્વારા પારિવારિક અને વહીવાહિક કાઉન્સલીંગ સેન્ટર પણ શરૂ કરવામાં આવ્યું હતું અને અનેક લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ૩.૫(૨૭) ગોવા, દમણ અને દિવ

ગોવા, દમણ અને દિવમાં ઈ.સ. ૧૯૮૫ માં કાનૂની સહાય અંગેની યોજના તૈયાર કરવામાં આવી હતી, ત્યારથી ત્યાં નબળા વર્ગોને માટે મફત કાનૂની સેવા ઉપલબ્ધ છે.

## ૩.૫(૨૮) લક્ષદિપ

કાનૂની સેવા સત્તા મંડળ ૧૯૮૭ પસાર થવાના અગાઉ આ રાજયમાં કાનૂની સહાય સબંધી કોઈ નિયમ કે યોજના પસાર કરવામાં આવી ન હતી.

## ૩.૫(૨૯) પોંડીચેરી

પોંડીચેરીમાં ઈ.સ. ૧૯૮૩માં એક યોજના શરૂ કરવામાં આવી હતી જે પોંડીચેરી કાનૂની સહાય અને સલાહ યોજના ૧૯૮૩ના નામથી પ્રચલિત હતી આ

યોજના અંતર્ગત પોડીચેરી કાનૂની સહાય અને સલાહ બોર્ડની રચના કરવામાં આવી. બોર્ડ દ્વારા કાનૂની સહાયના ક્ષેત્રમાં સરાહનીય કાર્ય કરવામાં આવ્યું.

ભારતના દરેક રાજયોમાં કાનૂની સેવા સત્તામંડળ અધિનિયમ શરૂ થવાની તારીખ પરિશિષ્ટ ૧૪ માં દર્શાવવામાં આવ્યા છે.[365]

# પ્રકરણ–૪

# કાનૂની સહાય કેન્દ્ર

## ૪.૧ કિલનિક(કાનૂની સહાય કેન્દ્ર)નો ખ્યાલ અને ઐતિહાસિક વિકાસ :

કાનૂની સહાય કેન્દ્ર એ કાયદાના શાસનમાં સર્વેને સક્ષમ અને સમાન ન્યાય આપવાનું આદર્શ સાકાર કરવા અસ્તિત્વમાં આવેલી વૈકલ્પિક પદ્ધતિનું આધુનિક સ્વરૂપ છે. જેનું મૂળ પ્રાચિન પ્રણાલિતાગત ન્યાય પદ્ધતિમાં રહેલું છે અને જેનો ઉદ્દેશ સરળ, ઝડપી, બિનખર્ચાળ અને સમાધાન દ્વારા સુખદ ન્યાય પુરો પાડવાનો છે.

કિલનીકનો સામાન્ય અર્થ જયાં સલાહ, સૂચન કે સારવાર આપવામાં આવે છે.

કિલનીક શબ્દ સૌ પ્રથમ દાકતરી સેવામાં વપરાયો હતો. આ શબ્દનો ઉપયોગ સૌ પ્રથમવાર લંડનની ડિસ્પેન્સરી જે દરદીઓને સારવાર આપવા માટે ૧૬૯૬માં શરૂ કરી હતી. ત્યાં વપરાયો હતો. આવા કિલનીકના ખાનગી અને સાર્વજનિક એમ બે પ્રકારો પડે છે.

---

[365] Schedule No.14.

વ્યવસાયી વકીલો દ્વારા કાનૂની સહાય પૂરી પાડવા માટે, મફત અથવા તો ફી લઈને સેવાઓ પૂરી પાડવા માટે લિગલ કિલનીકનો ઉપયોગ થયો હતો. સૌ પ્રથમ યુ.એસ. લિગલ એઈડ સોસાયટી ન્યુયોર્ક શહેરમાં ૧૮૭૬માં શરૂ થઈ હતી.

## ૪.૨ ન્યાયિક ક્રિયાશિલતા

કાનૂની સહાય યોજનાને સફળ બનાવવા અદાલતોની ભૂમિકા સૌથી વધુ સક્રિય હોય તે અત્યંત આવશ્યક છે. માત્ર સરકારી આદેશોથી યોજનાઓ કાર્યાન્વિત થતી નથી. તેથી અદાલતોએ આગળ આવીને આ યોજનાને સફળ બનાવવા પોતાનો સક્રિય અભિગમ અપનાવીને પૂરો સહકાર આપવો જોઈએ. ન્યાયિક ક્રિયાશીલતાના અનેક કારણો છે. જેમાંનું એક કારણ એ છે કે ન્યાયિક પ્રક્રિયાની જટિલતાથી સામાન્ય માણસને મૂકત કરવો.

વર્તમાન ન્યાયિકપ્રણાલિ ઈંગ્લીશ કાનૂની પ્રથા પર આધારિત છે. જે ભારતીય પરિપ્રેક્ષ્યમાં બંધ બેસતી નથી. હાલમાં લાખો ગરીબ, નબળા, અશિક્ષિત અને પછાત વર્ગના લોકો ન્યાય મેળવવાથી વંચિત થઈ રહ્યા છે. આપણી ન્યાયિકપ્રણાલિની પ્રક્રિયા અત્યંત જટિલ છે અને સામાન્ય માણસ માટે તે સમજવી મુશ્કેલ છે. લોકો પોતાની બાબતોમાં અદાલતોમાં મૂક પ્રેક્ષક બનીને બેસી રહે છે અને પોતાના વકીલના ચહેરા જુએ છે. કાનૂની જટિલતાઓને સમજવી તેમની સમજ શકિત બહારની બાબત છે. દરેક વ્યકિત કાયદાથી જ્ઞાત હોવા જોઈએ આ કહેવત પૂર્ણ સ્વરૂપે અવ્યવહારિક જણાય છે.

આજની ન્યાયવ્યવસ્થા બહુ જ ખર્ચાળ છે અને ન્યાય મેળવવા માટે વ્યકિતની પાસે પૂરતો સમય અને ખિસ્સામાં પૂરતા નાણાં હોવા જોઈએ. ગરીબ વ્યકિતની સ્થિતિ કફોડી હોય છે. તે ન તો સારો વકીલ રોકી શકે છે કે ન તો ન્યાય

મેળવવા માટે તે ખર્ચો કરી શકે છે. જેથી તે ઉત્તમ પ્રકારની કાનૂની સેવા મેળવવા અસમર્થ બને છે. અને ન્યાય મેળવવાથી વંચિત બને છે.

વર્તમાન સમયમાં ન્યાયિક કાર્યવાહીમાં એટલી બધી ઔપચારિકતા વધી ગઈ છે કે તે પૂરી કરવી સામાન્ય માનવીની શકિત બહારની વાત છે. આવી પરિસ્થિતિઓમાં ન્યાયાધીશ દ્વારા સક્રિય ભૂમિકા અદા કરવાની જરૂરીયાત ઉદ્દભવે છે. ન્યાયાધીશનું કાર્ય દરેક સ્થિતિને નજર સમક્ષ રાખીને ન્યાય આપવાનું છે. પોતાની પરંપરાગત ભૂમિકાથી અલગ પડીને કેટલાક ન્યાયાધીશોએ સામાન્ય માનવીને ન્યાય પૂરો પાડવા સક્રિય ભૂમિકા અદા કરવા આગળ આવ્યા. જેના થકી કાનૂની સહાય યોજનાને સફળ બનાવવાનો પ્રયત્ન થયો.

ન્યાયતંત્ર સરકારનું મહત્વનું અંગ છે. એવું કહેવાય છે કે ન્યાયતંત્રના દરવાજા દરેક માટે ખૂલ્લા છે અને કોઈપણ વ્યકિત ન્યાય મેળવવા અદાલતના દરવાજા કોઈપણ જાતના હિચકિચાટ વગર ખટખટાવી શકે છે. ન્યાયતંત્ર આપણા મૂળભૂત અધિકારોના રક્ષકની ભૂમિકા અદા કરે છે. જયારે આપણા કાનૂની અધિકારોનું હનન થાય છે. તયારે આપણે અદાલત સમક્ષ જઈ યોગ્ય દાદ માટે અરજ ગુજારીએ છીએ. જો કે વ્યવહારિક રીતે દરેક વ્યકિત માટે ન્યાયાલય સુધી પહોંચવું શકય હોતું નથી. સાધન સંપન્ન વર્ગ જ ન્યાય મેળવી શકે છે. કારણ કે તેની પાસે ન્યાય મેળવવા પૂરતો સમય અને સાધન શકિત હોય છે. વર્તમાન સમયમાં ન્યાય માટેની દાવાદૂવી એ ખર્ચા રમત જેવી બની ગઈ છે કે જેમાં ગરીબ અને નબળા વર્ગના લોકો ભાગ લઈ શકતા નથી. ન્યાયમૂર્તિ શ્રી ભગવતીએ વર્તમાન ન્યાય વ્યવસ્થાની બે મૂખ્ય ખામીઓ દર્શાવતા નોંધ્યું છે કે આ વ્યવસ્થા વિલંબકારી અને અત્યંત ખર્ચાળ છે.[366] ન્યાયમંદિર ફકત અમીરો માટે જ ઉપયોગી રહ્યા છે કારણ કે તેઓની પાસે જ ન્યાયના દરવાજા

---

[366] In the forwarding note to the book a fumes, flam and fire by justice G.M.Lodha- Jaipur, 1985

ખોલવાની સોનેરી આવી છે.[367] ન્યાય પ્રણાલિની જવાબદારી છે કે સમાજના દરેક વર્ગને ન્યાય આપે. જો પછાત વર્ગને ન્યાય આપવામાં અસમર્થતા દાખવે તો તે ન્યાય પ્રણાલિની સૌથી મોટી અસફળતા ગણાય. ન્યાયિક વ્યવસ્થા એવી હોવી જોઈએ કે તે થકી સામાજિક ન્યાય પૂરો પાડી શકાય અને ત્યારે જ તે શકય બને કે જયારે ન્યાયાલય સુધી પહોંચવું સમાજના દરેક વ્યકિત માટે શકય હોય. સુપ્રિમ કોર્ટે પણ આ વાતનો સ્વીકાર કર્યો છે કે દરેક વ્યકિતની પહોંચ ન્યાયાલય સુધી નથી.[368] સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી પી. એન. ભગવતીએ સમસ્યાની ગંભીરતા સમજીને ચેતવણીના સૂરમાં જણાવ્યું કે ન્યાય પ્રણાલિમાંથી લોકોનો વિશ્વાસ ઉઠી જાય તે પહેલાં ન્યાય પ્રણાલિએ સક્રિય પગલાં ભરવા પડશે. જેથી દરેકની સાથે સામાજિક ન્યાય થઈ શકે. દરેક કાયદાનો અંતિમ ઉદ્દેશ ન્યાય પૂરો પાડવાનો હોય છે. એટલા માટે કાયદાના પુસ્તકો કે અદાલતોમાં ન્યાયનો ઉલ્લેખ જ પૂરતો નથી પરંતુ લોકોને વાસ્તવિક રીતે ન્યાય મળવો જોઈએ. ન્યાયતંત્રની સામાજિક જવાબદારી છે કે તે સમાજના નબળા વર્ગોને ઉપર લાવે અને ન્યાયથી વંચિત એવા લોકોના ઘરે જઈને ન્યાય પૂરો પાડે અને તો જ લોકોમાં ન્યાયતંત્ર પ્રત્યે વિશ્વાસ ઉભો થશે અને સમાજમાં શાંતિ અને લોકશાહી વ્યવસ્થા કાયમ રહેશે. [369] જે વ્યવસ્થા સામાજિક પરિવર્તનની સાથો સાથ બદલાતી નથી તે લાંબો સમય સુધી ટકી શકતી નથી. આપણી ન્યાય પ્રણાલિ દ્વારા સામાજિક આવશ્યકતા અને પરિવર્તનની ગંભીરતાને સમજીને તે પરંપરાગત ભૂમિકાથી બહાર નીકળીને ન્યાય પૂરો પાડવામાં સક્રિય ભૂમિકા અદા કરવા લાગી છે જેને આપણે ન્યાયિક ક્રિયાશીલતા તરીકે ઓળખીએ છીએ. સુપ્રિમ કોર્ટ દ્વારા એવા કેટલાય મહત્વપૂર્ણ ચૂકાદાઓ અપાયા કે

[367] Baxi Upendra, Indian Supreme Court and Politics, Eastern Book Co, Lucknow (1980) 54.

[368] Ibid

[369] Ibid

જેમાં કોર્ટે પોતાની મર્યાદામાંથી બહાર નીકળીને લોકોને ન્યાય પૂરો પાડવા પ્રયાસ કર્યો. જેમાં એશિયાડ કેસ, હુસેનઆરા ખાતુન કેસ, બિહારના કાચા કામના કેદીઓ, ભાગલપુર અંધિકરણ કેસ.

અગાઉ ન્યાયતંત્ર નિશ્ચિત મર્યાદામાં રહીને પોતાની સત્તામાં રહીને ન્યાય આપવાનું કામ કરતી હતી. તેની આ ભૂમિકા નિષ્ક્રિય જણાતા કેટલાક ન્યાયમૂર્તિઓએ તે મર્યાદાને ઓળંગીને સક્રિયરૂપે ન્યાય આપવાનું શરૂ કર્યું.

ન્યાયતંત્ર માનવ અધિકારોની રક્ષક છે અને તેની મૂળ ફરજ સમાજમાં ન્યાય પૂરો પાડવાની છે. ભારતીય ન્યાય પ્રણાલિ દ્વારા કાનૂની સહાય યોજનાને સફળ બનાવવા માટે અનેક મહત્વપૂર્ણ ચૂકાદાઓ આપીને પોતાની સક્રિયતાનો પરિચય આપ્યો. જેવા કે શીલા બારસે વિ. મહારાષ્ટ્ર રાજય, સુખદાસ વિ. અરૂણાચલ પ્રદેશ, મોટા ભાગના ન્યાયિક ક્રિયાશીલતાના નિર્ણયો જાહેરહિત વિવાદના સ્વરૂપે રહ્યા છે. આમ કાનૂની સહાયના ખ્યાલના વિકાસમાં જાહેરહિત વિવાદનો ફાળો સૌથી મહત્વનો રહ્યો છે. કાનૂની સહાય આંદોલનના ફળ સ્વરૂપે જનહિત વિવાદનો ખ્યાલ ઉત્પન્ન થયો. જેનો મુખ્ય ઉદ્દેશ ન્યાયને ગરીબ વ્યકિતઓ સુધી પહોંચાડવાનો હતો. જનહિત વિવાદનો ખ્યાલ સૌ પ્રથમ યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં ઉદ્દભવ્યો. જયાં આ પ્રકારનો વિવાદ શ્યામ વર્ણના લોકોના અધિકારોના રક્ષણ માટે કરાતો હતો. જનહિત વિવાદના મુખ્ય ઉદ્દેશ પ્રજાના એવા વર્ગને ન્યાય અપાવવાનો છે કે જેઓના કાનૂની અને બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન થાય છે પરંતુ અદાલતમાં પોતાનો દાવો કરવા માટે તે કેટલાક કારણોસર અસમર્થ હોય છે. ભારતમાં લાખો લોકો અન્યાયથી પિડીત છે અને તેઓના કાનૂની તથા માનવ અધિકારોનું ડગલેને પગલે ઉલ્લંઘન થાય છે. સામાજિકરૂપે પછાતપણું તથા આર્થિક રીતે નબળા હોવાના કારણે સમાજના મોટા વર્ગને વિવિધ પ્રકારની કાનૂની સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે. આવી પરિસ્થિતિમાં

સમાજમાં કેટલાક લોકો દ્વારા આગળ આવીને નબળા વર્ગના લોકોના હક માટે દાવા કરાય છે તેમ જ તેઓને ન્યાય મળી રહે તે માટે મદદ કરવામાં આવે છે. જનહિત વિવાદ દ્વારા કાયદાનું શાસન તથા કાયદા સમક્ષ સમાનતાનો ખ્યાલ સાર્થક બને છે. જનહિત વિવાદ એ કાનૂની  સહાયનો જ એક ભાગ છે. ન્યાયાધીશોની સક્રિયતાના કારણે જનહિત વિવાદ અને કાનૂની સહાયને વેગ મળ્યો છે. કેટલાક ન્યાયાધીશો દ્વારા વ્યકિત દ્વારા લખાયેલા પત્રને રીટ યાચિકા ગણીને તેને ન્યાય આપવામાં આવ્યો છે. ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી એમ. પી. ઠકકરે સમાચાર પત્રમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલને જ રીટ યાચિકા ગણીને વ્યથિત વ્યકિતને ન્યાય પૂરો પડાયો છે. અત્યાર સુધીમાં જનહિત વિવાદના અનેક કેસ બન્યા છે પરંતુ કાનૂની સહાયના પ્રયોજનથી કેટલાક કેસ બહુજ મહત્વના સાબિત થયા છે.

## ૪.૩  કાનૂની સહાય કેન્દ્રનો અર્થ

ઓકસર્ફડ ડીકસનરીના જણાવ્યા મુજબ કિલનીક એટલે દાકતરી સેવાના સંદર્ભમાં વૈદકિય પ્રત્યક્ષ શિક્ષણ પદ્ધતિ કે જયાં દર્દીના બિછાના પાસે દવા, નિદાન કે વાઢકાપને લગતું પ્રત્યક્ષ જ્ઞાન અપાય છે. ઉપરાંત રોગ અને બચાવ વગેરે અંગેના ઉપચારાત્મક તેમજ નિવારક સલાહ સૂચન આપવામાં આવે છે. [370]

માઈક્રોસોફટ એન્કાંટા, એન્સાઈકલોપેડીયા, ૨૦૦૨માં જણાવ્યા મુજબ કિલનિક, એટલે[371] એનું સ્થળ કે સામાન્યરીતે રૂગ્ણાલય (હોસ્પિટલ) કે દાકતરી વિદ્યા શીખવતી કોલેજ (મેડીકલ કોલેજ) સાથે સંકળાયેલ હોય છે, જયાં ફી કે વ્યાજબી ફી સાથે દાકતરી સેવાઓ મેળવવામાં આવે છે. તેના બીજા અર્થમાં [372] એવું સ્થળ કે જયાં

[370] Oxford English Mini Dictionary.p.99.
[371] Microsoft Encarta Encyclopedia,Standard International.
[372] Ibid.

દાકતરી સુશ્રુષા કે ભણતર માટે ચોકકસ વ્યકિતઓ આવે છે. ત્રીજા અર્થમા [373] મેડીકલના વિદ્યાર્થીઓને દર્દીઓને તપાસવાની અને સુશ્રુષા કરવાની પ્રત્યક્ષ તાલીમ આવા વિદ્યાર્થીઓની હાજરીમાં આપવામાં આવે છે. ચોથા અર્થમાં [374] એવી જગ્યા કે જયાં કોઈ એક ખાસ વિષય પરની પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવે છે.

કાનૂની સહાય કેન્દ્રમાં કિલનીક એક એવી જગ્યા છે કે જયાં સલાહ કે ઉપાય આપવામાં આવે છે. દાકતરી પદ્ધતિની જેમ કાનૂની સલાહ કેન્દ્રમાં કાનૂની સલાહ કે ઉપાય આપવામાં કે પ્રયોજવામાં આવે છે સલાહ કે સહાય કેન્દ્ર એટલે કે કિલનીકના મુખ્ય બે ઉદ્દેશો જોવા મળે છે.

(૧) નિવારક – અટકાયતી

(૨) ઉપચારાત્મક – સુધારાત્મક

કાયદાના શાસનમાં દરેક વ્યકિતને સક્ષમ અને સમાન ન્યાય પુરો પાડવાનું જે સ્વપ્ન સાકાર કરવાનું હતું તેને અસ્તિત્વમાં લાવવા માટેની પ્રાચીન પ્રણાલિકાગત ન્યાયપંચ જેવી પદ્ધતિ પર આધારિત, વૈકલ્પિક તકરાર નિવારણના અગત્યના ખ્યાલને મૂર્તિમંત કરવા માટેનું આધુનિક સ્વરૂપ ધરાવતું સ્થળ એટલે કાનૂની સહાય કેન્દ્ર, જેને સામાન્ય ભાષામાં રૂગ્ણાલય અથવા તો અંગ્રેજીમાં કિલનિક તરીકે ઓળખાવી શકાય.

ડૉ. માધવ મેનનના જણાવ્યાનુસાર કાનૂની સહાય કેન્દ્ર એટલે જયાં કાનૂની તથા કાનૂન સંબધી સેવાઓ, ફી અથવા તો સામાન્ય ફી લઈને કે મફત રીતે, તેમનો કાનૂની સમસ્યાઓના ઉકેલ માટે વ્યવસાયિક નિપૂણ વ્યકિતઓ દ્વારા આપવામાં આવે છે. કાયદાની કોલેજના સંદર્ભમાં આવું કાનૂની સહાય કેન્દ્ર ફકત લોકોને કાનૂની સેવાઓ પુરી પાડવાની એજન્સીરૂપે જ નહિં પરંતુ કાયદાના વિદ્યાર્થીઓને પ્રયત્ન કે

---

373 Ibid.
374 Ibid.

સૈદ્ધાંતિક કાનૂની શિક્ષણ પુરૂ પાડતું કેન્દ્ર છે. આમ કાયદાની કોલેજમાંનું કાનૂની સહાય કેન્દ્ર સેવા અને શિક્ષણ પુરૂ પાડતું સ્થળ છે.[375]

કાનૂની સલાહ કેન્દ્ર(લિગલ એઈડ કિલનિક), પણ ઉપરોકત અર્થ મુજબ, એની જગ્યા કે જયાં સામાન્ય રીતે કાનૂની સમસ્યાઓ સાથે આવેલ વ્યકિતઓની સુશ્રુષા, સારવાર એટલે કે તેમના ઉપચાર કરવામાં આવે છે ઉપરાંત આવી સમસ્યાઓથી દૂર રહેવાનું એટલે કે નિવારક પગલા, કાનૂની જાગરૂકતાના સંદર્ભે, કાનૂની જ્ઞાન આપીને કરવામાં આવે છે.

જેવી રીતે દાકતરી વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવે છે તેવી જ રીતે કાનૂની સહાય કેન્દ્રમાં કાયદાશાખાના વિદ્યાર્થીઓને કાનૂની સમસ્યા સબંધી પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવે છે. કાનૂની જાગરૂકતા આપતી કાનૂની શિબિરોમાં હાજર રાખીને કાનૂનના અગત્યના સિદ્ધાંતોથી અવગત કરાવીને, સમસ્યાઓને ઓળખતા તથા તેમનું નિરાકરણ વિવિધ તકરાર નિવારણ પદ્ધતિઓ દ્વારા કેવી રીતે કરી શકાય તેનું પ્રત્યક્ષ જ્ઞાન પુરૂ પાડવામાં આવે છે.

સુપ્રિમકોર્ટના વકીલ દ્વારા કાનૂની સહાયની જરૂરિયાત ઉપર વિસ્તૃત નોંધ  રજૂ કરવામાં આવી છે જેમાં તેમણે કાનૂની સેવાને મેડીકલ સેવા સાથે સરખાવી છે.

"કાનૂની સેવા,નો સમાન્ય અર્થ, વ્યવસાયિક નિપુણતા ધરાવતા વકીલોની, તેમના અસીલ પ્રત્યેની દર્દીએ સારવાર માટે ડૉકટરને ફી ચૂકવવી પડે છે જેમાં અમીર દર્દીઓ મોંઘા ડૉકટરની સેવા, નર્સિંગહોમની ફી ઉપરાંત દવા–સારવરનો ખર્ચ સહન કરી શકે છે પરંતુ ગરીબ દર્દી આ ખર્ચ સહન કરી શકતો નથી. કે ચુકવી શકતો નથી. પરંતુ હજુ પણ દાકતરી પદ્ધતિમાં સુસંસ્કૃત અને સભ્ય સમાજમાં ગરીબો

---

[375] Dr.N.R.Madhav Menon ,Legal Aid Clinics in Law Colleges, ,A Quest;Round The Clock,For Equal Justice,Permanent Legal Services Clinic,p.32.

પાસેથી ફી લેવામાં આવતી નથી કે ટોકન ફી લઈને સારવાર અપાય છે. જેવાં કે ધર્માદા કે ટ્રસ્ટના દવાખાના, હેલ્થ સેન્ટર વગેરેમાં,બરાબર તેવીજ રીતે જે માનવીય સમાજ, કાયદાના શાસનથી નિયંત્રણ હોય તેમણે ગરીબ અરજદારને ફી વિના કે ટોકન ફી લઈને તેમના વિવાદોનો ઉકેલ આવે અને તેમના હક પ્રાપ્ત થાય તે રીતે કાયદાકીય સેવા – સંભાળ આપવી જોઈએ આ ફકત કાનૂની અધિબંધન નથી, આપણા દેશમાં તે બંધારણીય આદેશ – જોગવાઈ પણ છે. તેને દયાદાનની નજરે નિહાળવી જોઈએ નહિ. પરંતુ તેને આપણી કાયદાકીય પ્રણાલીના અંતર્ગત ભાગ રૂપે નિહાળવી જોઈએ.

કાનૂની સેવા કેન્દ્રને કલમ–૪(કે)[376]માં જણાવવામાં આવ્યું છે કાનૂની સેવા કેન્દ્રએ કાનૂની શિક્ષણ આપતું પ્રત્યક્ષ કાનૂની શિક્ષણ(કિલનિકલ લિગલ એજયુકેશન)નો અંતર્ગત ભાગ છે. તે સમાજના નબળા અને વંચિત વર્ગને બાર એસોસીએશન અને સામાજિક સેવાઓના સહયોગથી ગ્રામ્ય અને શહેરી એ બંન્ને વિસ્તારોમાં સેવાઓ પુરી પાડવા માટેનું સાધન છે. આ કેન્દ્ર દ્વારા કાનૂની સહાયના સ્વરૂપમાં અને વાટોઘાટોના સ્વરૂપમાં કાનૂની સહાય તેમના લાભાર્થીઓને પુરી પાડવમાં આવે છે. વૈકલ્પિક તકરાર પદ્ધતિનો આશરો લઈને પક્ષકારો વચ્ચે સમાધાન દ્વારા તેમના વિવાદોનો ઉકેલ લાવવામાં આવે છે. જરૂર પડે તેમને વધુ સેવાઓ પણ પુરી પાડવામાં આવે છે

કિલનિકમાં એક સંશોધન એકમ પણ હોય છે કે જે સમાજના નબળા અને વંચિત જૂથોને કાયદાકિય જરૂરીયાતો અંગેનો બહુંજ નજીકથી અભ્યાસ કરે છે અને તેમની સમસ્યાઓને ઓળખવાનો પ્રયત્ન કરે છે. કાનૂની સહાય કેન્દ્રમાં કાયદાના વિદ્યાર્થીઓ ઉપરાંત સામાજિક સંસ્થાઓના કાર્યકરો વગેરેને પણ કાનૂની જાગરૂકતા આપવામાં આવે છે. જેથી તેઓ સમાજમાં વ્યકિતગત હકક અને હિતોનું રક્ષણ કેવી રીતે

---

[376] Legal Services A Strategy, Pledge and Mandate, The Gujarat State Legal Services Authority, Dr. Yogesh Mehta.p.10

થઈ શકે તે સારીરીતે સમજાવી શકે છે. [377]કાનૂની સહાય કેન્દ્ર એ કાયદાના શાસનમાં સર્વેને સક્ષમ અને સમાન ન્યાય આપવાનું આદર્શ સાકાર કરવા અસ્તિત્વમાં આવેલી વૈકલ્પિક પદ્ધતિનું આધુનિક સ્વરૂપ છે. જેનું મુળ પ્રાચિન પ્રણાલિતાગત ન્યાય પદ્ધતિમાં રહેલું છે અને જેનો ઉદ્દેશ સરળ, ઝડપી, બિનખર્ચાળ અને સમાધાન દ્વારા સુખદ ન્યાય પુરો પાડવાનો છે. આમ તેનું કાર્ય કાનૂની સહાય રૂપે ઉપચાર કરવાનું છે જેના દર્દીઓ કાનૂની હાનીનો ભોગ બનેલા છે.

કાનૂની અધિકારની જાગૃતિ અને ન્યાયની ઝંખના વચ્ચે રહેલા સમય અને સંજોગોના અંતરનો વિશાળ વ્યાપ આજના આધુનિક યુગમાં નજર અંદાજ કરી શકાય તેમ નથી. કાનૂની અધિકાર હોય અને ન્યાય પણ મેળવવો હોય પરંતુ કોઈનો સમય જ નોકરી, ધંધો કે રોજગારના સમય સાથે પ્રતિકુળ હોય. આ ઉપરાંત સામાજિક અને આર્થિક સંજોગો પણ વિપરીત હોય તો શું કરવું એથી પણ વિશેષ આકસિમક, અચાનક અને કસમયે આવી પડેલી કાનૂની સમસ્યાનો હલ તત્કાલ કરવો આવશ્યક હોય તો આવી પરિસ્થિતિમાં શું કરી શકાય છે.

આ બધાં જ પ્રશ્નોના નિરાકરણ માટે જ ન્યાયની પદ્ધતિમાં સર્વને સક્ષમ અને સમાન ન્યાય આપવાનો આદર્શ સાકાર કરવા વૈકલ્પિક ન્યાય પદ્ધતિરૂપે કાયમી કાનૂની સહાય ઉપચાર કેન્દ્ર – પરમેનન્ટ લિગલએઈડ કિલનિકની ગુજરાત રાજયે શરૂઆત કરી સમગ્ર દેશને નવો રાહ ચિંધ્યો હોઈ સમાજના સમાન સ્થિતિમાં રહેલા નબળા વર્ગો જેવો કે મહિલાઓ, બાળકો, સ્ત્રીઓ અશકતો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકોને તેમજ અન્ય સામાન્ય વર્ગના લોકોને કે જેમની વાર્ષિક આવક રૂા.૫૦,૦૦૦ થી વધતી ન હોય તેવા સહુકોઈને મફત, સક્ષમ કાનૂની સહાય એક કાનૂની અધિકાર તરીકે પૂરી પાડે છે. તેઓને વિપરીત સંજોગો સામે અનુકૂળ

[377] A Quest; Round The Clock, for Equal Justice, Permanent Legal Services Clinic .

સંજોગોની સવલત આપે છે. વિકટ અને કસમયે તત્કાળ કાનૂની ઉપચારનો પ્રબંધ કરી આપે છે. સામાજિક અને આર્થિક સંજોગો પ્રતિકુળ હોય તો તેને પણ ન્યાયની આડે આવવા દેતું નથી. કોર્ટના કામકાજના સમય જેવી કોઈ સમય મર્યાદા આ કેન્દ્રમાંથી ઉપલબ્ધ થતાં કાનૂની સહાયની ઉપચારને નડતી નથી. કાનૂની અધિકારની જાગૃતિ અને ન્યાયની ઝંખના વચ્ચેના અંતરને દૂર કરે છે. પરામર્શ દ્વારા સરળ, ઝડપી, બીનખર્ચાળ અને સમાધાન દ્વારા સુખદ ન્યાય પુરો પાડી માનસિક શાંતિ પુરુ પાડવાનું ઉપચારભર્યા કાર્ય કરે છે. [378]

## ૪.૪ કાનૂની સહાય કેન્દ્ર માળખું

કાનૂની સહાય કેન્દ્રના માળખાને સમજવા માટે આપણે કાનૂની સેવાઓનું માળખું પણ સમજવું જરૂરી છે. ભારતમાં કાનૂની સેવાઓના કેન્દ્ર તરીકે રાષ્ટ્રિય કાનૂની સેવા સત્તા મંડળની રચના કરવામાં આવી છે. જેને "નાલસા" તરીકે ઓળખવામાં આવે છે. સુપ્રિમ કોર્ટના કેસોમાં કાનૂની સહાય અને લોક અદાલતોનું આયોજન કરવા માટે "સર્વોચ્ચ ન્યાયાલય કાનૂની સહાય સેવા સમિતિની રચના કરવામાં આવી છે આવી જ રીતે દરેક રાજયોમાં હાઈકોર્ટ કાનૂની સહાય સમિતિની રચના કરવામાં આવી છે. ગુજરાતમાં, ગુજરાત રાજયની સેવા સત્તા મંડળએ ગુજરાત રાજયમાં કાનૂની સેવાઓ અંગેનું કેન્દ્ર છે. જેના અંતર્ગત કાયમી કાનૂની સહાય, સેવા કેન્દ્ર (લિગલ એઈડ કિલનિક)ની રચના કરવામાં આવી છે. રાષ્ટ્રિય કાનૂની સેવા સત્તા મંડળને કાનૂની સહાયના વિરાટ સ્વરૂપને મસ્તક માનીએ તો ગુજરાત રાજયનું કાનૂની સેવા સત્તા મંડળ એનું હૃદય ગણાય. રાજયભરમાં અનેક પ્રકારની કાયદાકીય સહાય અને સલાહનો મૂળ સ્ત્રોત આ મંડળમાંથી જ વહે છે. અન્ય રીતે કહીએ તો રાજય સત્તા મંડળ એ ઈલેકિટ્રક પાવર હાઉસ છે, જે અનેક વિજળી મથકોને કાનૂની સેવાઓનો

[378] Bharat Lakhataria,Editor,Nyaya Path.issue,1.

જરૂરી પાવર પહોંચાડે છે.[379] ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળની રચના કાનૂની સેવા સત્તા મંડળ, ૧૯૮૭ના કાયદાની કલમ–૬ અન્વયે કરવામાં આવી છે.

કાનૂની સહાય કેન્દ્રના માળખામાં માનનીય મૂખ્ય ન્યાયમૂર્તિ પેટ્રોન–ઈન–ચીફ તરીકે, હાઈકોર્ટના બિરાજમાન ન્યાયમૂર્તિ કારોબારી અધ્યક્ષ તરીકે અને બીજા એક અધિકારીને સભ્ય સચિવ તરીકે નિમણૂંક કરવામાં આવે છે. કાનૂની સહાય કેન્દ્રમાં બે પ્રોજેકટ ઓફિસરોની નિમણૂંક કરવામાં આવે છે જેમાંથી એક પ્રોજેકટ ઓફિસર પ્રોગ્રામ અને પબ્લિકેશન તરીકે અને બીજા પ્રોજેકટ ઓફિસર લિગલ એઈડ એન્ડ એડવાઈઝ તરીકે કાર્ય કરે છે. તેમના તાબા હેઠળ બે સેકશન ઓફિસર અને તેમના હાથ નીચે નાયબ સેકશન અધિકારી હોય છે કાનૂની સહાય કેન્દ્રને મદદરૂપ થવા માટે કલાર્ક, ટાઈપિસ્ટ, પટાવાળાઓ વગેરે હોય છે. ઉપરાંત પ્રોજેકટ ઓફિસર (લિગલએઈડ ડ એડવાઈઝ) ના માર્ગદર્શન હેઠળ અનુભવી સમાધાનકર્તાઓ અને વકીલો તેમની અમૂલ્ય સેવાઓનો લાભ આપતા હોય છે. આ ઉપરાંત ન્યાયમૂર્તિઓ અને હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિઓ દ્વારા પણ યથાયોગ્ય કિસ્સાઓમાં નિષ્ણાત અભિપ્રાય દર્શાવીને સલાહ સૂચનો આપવામાં આવતા હોય છે.

## ૪.૫ અભિવર્ધક/પ્રોત્સાહક–રક્ષણાત્મક

અસરકારક અને યોગ્ય કાનૂની સહાયના કાર્યક્રમમાં અમુક વિશિષ્ટ જાતની સેવાઓ અનિવાર્ય છે.

કાનૂની સહાય નિવારક અને ઉપચારાત્મક એમ બે ખ્યાલો ધરાવે છે. નિવારક ખ્યાલમાં કાનૂની જાગરૂકતા અને કાનૂની સલાહ સામેલ છે. જયારે

[379] ગુજરાત રાજયમાં નિઃશુલ્ક અને સક્ષમ કાનૂની સેવા અને લોક અદાલતના માળખાનુ વ્યવસ્થા તંત્ર, ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ (૨૦૦૩ આવૃત્તિ ), શ્રી ઠાકોરભાઈ પી. દવે, પાન નં. ૧૫

ઉપચારત્મક ખ્યાલમાં અદાલતો અને વિવિધ ન્યાયપંચો સમક્ષ પડેલા કેસોમાં કાનૂની સહાય પુરી પાડવમાં આવે છે.

### ૪.૫.૧ નિવારક પધ્ધતિ

જસ્ટિસ શ્રી પી. એન. ભગવતીએ નિવારક કાનૂની સહાયનું મહત્વ દર્શાવતા જણાવ્યું હતું કે, ભારતીય પરિપેક્ષ્યમાં ઉપચારાત્મક કાનૂની સહાયની મહત્વ જ નહિ રહે, જો નિવારક ઉપાયો પ્રયોજવામાં આવશે નહી. નિવારક કાનૂની સહાય નામ શ્રી ભગવતી સાહેબે આપેલુ છે. તેમણે નિવારક કાનૂની સહાયનું મહત્વ દર્શાવતા જણાવ્યું છે કે[380], ભારતીય સમાજ અનેક વૈવિધ્યતાઓથી ભરેલો છે. એક તરફ પરંપરાગત અને સાંસ્કૃતિક સમાજ છે કે જયાં ધર્મ અને રૂઢિ એ સામાન્ય માણસની જીંદગીમાં સૌથી અગત્યનો ભાગ ભજવે છે. જયારે બીજી તરફ વિકસિત વિશ્વની સમકક્ષ અધ્યત્તન કાનૂની પ્રણાલી છે. ભારતીય સમાજ તેની જુની પરંપરાઓને અને ભાષાઓને જાળવીને વિદેશી ભાષા અને વિદેશી કાનૂની પ્રણાલી આમ બંને સાથે અનેરૂ મિશ્રણ ધરાવે છે. સામાન્ય માણસ કાયદાને અસબંધિત ગણે છે, અદાલતોને ન્યાયની અદાલતો નહી પરંતુ કાયદાની અદાલતો ગણે છે કે જે અત્યંત ઔપચારિકતાઓ અને પુરાવાના નિયમોપર આધારિત છે. આ સંજોગોમાં ઉપચારાત્મક કાનૂની સહાયથી સામાજિક ન્યાયનો ધ્યેય સફળ થાય એવું લાગતું નથી.

નિવારક કાનૂની સહાયથી સમાજના નબળા અને વંચિત વર્ગોને કાનૂની જાગરૂકતાઓ પુરી પાડીને તેમના હકક અને ફરજો પ્રત્યે અવગત કરાવીને કાનૂની સાક્ષરતા પુરી પાડવામાં આવે છે જેથી તેઓ અન્યાયનો ભોગ બનતા અટકે છે અને ન્યાય મેળવી શકે છે.

---

380 Dr. Paras Diwan, Justice at the Door-step of People; The Lok adalat system, Legal Aid News Letter, New Delhi.Vol,XI(Part-I),April-June 1991,p.9.

નિવારક કાનૂની સેવાનો કાર્યક્રમ સંપૂર્ણપણે અમલી બને એ માટે અનેક પદ્ધતિઓ અપનાવવી પડશે. આ પદ્ધતિમાં કાનૂની સલાહ, શિક્ષણ, સંશોધન જેવી પ્રણાલિકાગત રીતો માટેનાં પગલાં ઉપરાંત પ્રાચીન માળખાને સ્થાને ગરીબો માટે નવું સંસ્થાકીય માળખું પણ રચવું પડશે. ગરીબીની સમસ્યાઓ માટે એક સર્વગ્રાહી અને બહુસ્તરીય કાર્યક્રમ રચવો જરૂરી છે. જેથી નવી સમાજ રચના થઈ શકે. તેથી નિવારક કાનૂની સેવા કાર્યક્રમમાં અલગ અલગ પ્રકારની સેવાઓની રચના કરવી જરૂરી છે, અને તે માટે વિદ્વાન ન્યાયમૂર્તિશ્રીએ 'નિવારક કાનૂની સેવા કાર્યક્રમ' ને વધુ સમજાવતા તેના છ જેટલા બીજા આવશ્યક મુદાઓ દર્શાવ્યા છે

(૧) પ્રથમ, કાનૂની સહાય અંતર્ગતના કાર્યક્રમો, માટે ગ્રામ્ય વિસ્તારમાં કાનૂની સહાય કેમ્પસ તથા લોક અદાલતોનું આયોજન કરવું જોઈએ જેથી ગ્રામ્ય વિસ્તારના ગરીબો, વંચિતો તથા શહેરી વિસ્તારના ગરીબોને પણ તેમના પણ ઘર આંગણે,, તેમના વિવાદોનું સમાધાન થઈ શકે. કાનૂની સહાય યોજનાનો અંતિમ ધ્યેય, દેશના છેવાડાના છેવાડા વ્યકિત સુધી કાનૂની સહાય પહોંચે તે છે.

(૨) બીજુ, પ્રજાજનોમાં તેમના કાનૂની અધિકારો અને સામાજિક કલ્યાણને લગતા કાયદાઓમાંથી તેમને મળતા લાભો વિશે કાનૂની જાગરૂકતા શિબિરો યોજીને, તેમને અવગત કરવા, ઉપરાંત વહીવટી પગલાંઓ દ્વારા ભરાતા સામાજિક આર્થિક કાર્યક્રમોને પણ તેમની નજર સમક્ષ લાવવા.

(૩) ત્રીજુ, કાયદાના શિક્ષકો અને વિદ્યાર્થીઓને સમાજના નબળા વર્ગોને આવી કાનૂની સેવા પુરી પડાય તે હેતુસર, કાનૂની સહાય કેન્દ્રો (કિલનિક), યુનિવર્સિટી, કોલેજમાં તથા તેની આસપાસના વિસ્તારમાં ખોલાય તે માટે પ્રોત્સાહિત કરવા.

(૪) ચોથું, ગરીબોને લાગુ પડતા કાયદાના ક્ષેત્રમાં સંશોધનને ઉત્તેજન આપવું.

(૫) પાંચમું, ગરીબ કે વંચિત તેમના હક ભોગવી શકે તે માટે આ ક્ષેત્ર અંતર્ગત જાહેર હિત વિવાદને પ્રાધાન્ય આપવું.

(૬) છઠ્ઠું, પેરા લિગલ્સ ( કાયદાના સહાયકો) માટે સઘન કાર્યક્રમો ઘડવા જોઈએ.[381]

નિવારક કાનૂની સેવાનાં ત્રણ પાસાં છે.

૪.૫.૧(૧) કાનૂની સલાહ

કોઈપણ વાદ–વિવાદ કે ફરિયાદ ઉપસ્થિત થાય કે ઉદ્‌ભવે તે પહેલાં તેનું નિવારણ કરી શકાય તો તે વધુ યોગ્ય છે અને તેથી યોગ્ય સમયસરની કાનૂની સલાહ આપવાનો પ્રબંધ થવો જોઈએ.

**૪.૫.૧(૨) કાનૂની શિક્ષણ**

આ દેશની પ્રજા માત્ર ગરીબ નહીં પણ સાથે સાથે નિરક્ષર અને અજ્ઞાન છે. વળી, આ કાનૂની સહાયના ક્ષેત્રમાં કામ કરનારા, સામાજિક કાર્યકર્તાઓ તથા અદાલતી કાર્યવાહીમાં પડેલા વકીલો ત્રણે પ્રકારના તત્વોને આ નવા અભિગમ સાથે પરિચિત કરવા પડશે અને નિવારક કાનૂની સેવા કાર્યક્રમમાં તેઓ સહાયભૂત થાય તે માટે તૈયાર કરવા પડશે.

**૪.૫.૧(૩) પ્રતિનિધિત્વ અથવા ગરીબ પક્ષિય નિરૂપણ**

ગરીબો માટેની કાનૂની સેવાનાં ક્ષેત્રમાંથી તેમની સમસ્યાઓનું નિરૂપણ એ સમસ્યાઓનું નિવારણ કરવા અસરકારક રીતે થઈ શકે. એ કામ કાનૂની સેવા તંત્ર સાથે જોડાયેલા વકીલો એ કરવાનું છે. જુદા જુદા ખાતાના જુદા જુદા અમલદારો કે સત્તાધીશો પાસે ગરીબોના જુદા જુદા સમૂહોનાં સંકટો કે સમસ્યાઓના નિવારણ માટે, તેમનાં દ્રષ્ટિબિંદુની ઉચિત રજૂઆત કરવા માટે અને આ ગરીબોના કલ્યાણ તથા કષ્ટ

[381] Ibid.

નિવારણ માટે નવા નિયમો અને નીતિ અપનાવવાનું ભારપૂર્વક રજૂ કરવા માટે, અમલદારો અને શાસકોને સમજાવવા માટે વકીલ જૂથો જે ગરીબો માટે કાનૂની સેવાનાં કાર્યમાં પ્રવૃત્ત હોય, તેણે રજૂઆતો કે નિરૂપણો કરવા જોઈએ. આ સામૂહિક રજૂઆતથી સામૂહિકહિતના પ્રશ્નો તથા સમસ્યાઓ રજૂ કરી શકાય. જૂથ ચર્ચા, જૂથ કાર્યો, જૂથ વિનંતીઓ અને સેવાઓનું પ્રયોજન કરી શકાય.

### ૪.૫.૨ સારવારલક્ષી પધ્ધતિ

સારવારલક્ષી કે ઉપચારાત્મક કાનૂની સહાય પધ્ધતિમાં કાનૂની સહાય કેન્દ્ર સમક્ષ જયારે કોઈ કેસ આવે છે ત્યારે તે કેસમાં લાભાર્થીને અદાલતો સમક્ષ ઉપસ્થિત થવા માટે વકીલની સેવા પુરી પાડવમાં આવે છે આ ઉપરાંત કોર્ટ ફી, ટાઈપ અને પ્રિન્ટીંગ એંગેનો ખર્ચ તેમજ અન્ય પ્રક્રિયાઓનો ખર્ચ અને સાક્ષીઓનો ખર્ચ પણ ચુકવવામાં આવે છે.

સારવારલક્ષી સેવાઓનાં કાર્યક્રમની અપૂર્ણતાના કારણોમાં,ભારત એક ગરીબ દેશ છે. જેનું જીવનધોરણ ખૂબ જ નીચું છે. દેશના ૧૫ થી ૨૦ ટકા સાધનસમર્થ લોકોની વચ્ચે રહેતાં ગરીબ લોકો જે, સામાજિક તથા આર્થિક દ્રષ્ટિએ અસમાનતા પ્રવર્તે છે, તે રાષ્ટ્રનાં વિકાસના માર્ગમાં રૂકાવટ કરે છે. ગરીબ અને વંચિતને બચાવવા એ એક ભગીરથ કાર્ય છે. આવી વિશાળ માનવ વસ્તીને કાનૂની સહાય અને ઉપચારાત્મક કાનૂની સહાયનો પ્રબંધ કરવો એ લગભગ દેશની આજની આર્થિક સ્થિતિમાં અસંભવ દેખાય છે.આજે આવી કોઈ અસરકારક, ઉપચારાત્મક યોજના કે રીત નથી.

### ૪.૬ કાનૂની સહાયના માધ્યમો

કાનૂની સહાયના માધ્યમો એટલે એવા સ્ત્રોત કે જગ્યાઓ,કે જયાંથી આપણે કાનૂની સહાય અંગેની શરૂઆત કરી શકીએ. કાનૂની સહાય બે સ્વરૂપમાં

પ્રચલિત છે. એક નિવારક અને બીજું ઉપચારક. જેમાંનું સૌથી અગત્યનું સ્વરૂપ એ તેનું નિવારક સ્વરૂપ છે. જેમાના કેટલાક અગત્યના સ્ત્રોત નીચે મુજબ જણાવી શકાય.

### ૪.૬.૧ શાળાઓ

ગુજરાતમાં **૪૦૯૦૫** પ્રાથમિક શાળાઓ, **૮૨૧૬** માધ્યમિક શાળાઓ અને **૩૫૭૪** ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ છે.[382]ગુજરાતની મોટાભાગની શાળાઓમાં ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી માધ્યમનો અભ્યાસ ચલાવવામાં આવે છે. શાળાઓમાં ધોરણ ૫ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય છે. બહુ જ શરૂઆતમાં વિદ્યાર્થીઓને નાગરિકશાસ્ત્ર ભણાવવામાં આવતું હતું. જેથી તેઓ ભારતના નાગરિક છે અને તેમને નાગરિક તરીકે કયા પ્રકારના હકક અને ફરજો પ્રાપ્ત થાય છે, તેનું જ્ઞાન પ્રાપ્ત થતુ હતું. પ્રતિજ્ઞા પત્ર દ્વારા, તેઓ બંધારણ અને આમુખમાં દર્શાવેલા નિર્ધારોનું રોજ પઠન કરતા હતા. કાયદાનો બીજો અર્થ હક અને ફરજોની સંહિતા તેવો થાય છે. બાળકોનું મન કોરી સ્લેટ જેવું હોય છે. જેમાં જેવા અક્ષર પાડો તેવા આકાર ઘડાય છે. બાળપણથી યુવાની અવસ્થામાં, દેશના કાયદાઓ વિશેની પ્રારંભિક માહિતી ઉપરાંત હક અને ફરજોના જ્ઞાનથી, તેઓ કાયદાની સાથે સુસંગત રહીને પોતાના જીવનનો આકાર ઘડી શકે છે.અન્યાયનો ભોગ બનતા અટકી શકે છે. આ માટે કાનૂની જાગરૂકતા તેમને પ્રાથમિક ધોરણે આપવાથી તેઓ સૌથી સારૂ માધ્યમ બની શકે તેમ છે. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા ધોરણ ૮ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓને કાનૂની જાગરૂકતા પુરી પડાયા અંગેના દાખલા પણ અસ્તિત્વમાં છે.

આજે આ વિષય, જીવનકલાના નામે શિખવવામાં આવે છે.

સાક્ષરતા અને કાનૂની જાગરૂકતા બંને પુરૂ પાડવાથી તેઓ ભવિષ્યના સારા નાગરિક તરીકે તેઓ બહાર આવે છે. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૧ (એ)

---

382 From Diary 2007, Government of Gujarat Publication.

માં જણાવ્યા મુજબ ૬ થી ૧૪ વર્ષના બાળક માટે મફત, સક્ષમ અને પ્રાથમિક શિક્ષણ મેળવવું તે તેમનો મૂળભૂત અધિકાર છે. જો બાળકોને આ અધિકારથી વંચિત રાખવામાં આવે તો તેઓના મૂળભૂત અધિકારનો ભંગ થાય છે.ઉપરાંત કાયદાના સબંધમાં ઉપેક્ષિત બાળકો પણ કાનૂની જાગરૂકતા દ્વારા આવા દૂષણોથી દૂર રહી શકે છે અને જાણે અજાણે બાળ–મજૂરી કે ગુનાખોરી દ્વારા અન્યાયનો ભોગ બનતા બાળકો, બીજા કોઈ અયોગ્યરસ્તાની જગ્યાએ, કાયદાનો આશરો લેતા શીખે છે. ભારતના બંધારણ અને કાયદાઓને માન આપવાની ભાવના તેમનામાં શાળાકક્ષાએ  જ ઉદ્‌ભવે છે. માટે 'શાળાઓ' કાનૂની સહાયનું અગત્યનું માધ્યમ બની શકે છે તેમાં પણ ખાસ કરીને નિવારક કાનૂની સહાય તેમાં સૌથી સારો ભાગ ભજવી શકે છે. બાળકોને પણ સમાજના એક નબળા વર્ગ ગણીને તેમને મફત કાનૂની સહાય પુરી પડાય છે.

**૪.૬.૨ કોલેજો**

કાનૂની સહાયનું બીજુ સૌથી અગત્યનું માધયમ કોલેજો ગણી શકાય ગુજરાતમાં આર્ટસ, કોમર્સ સાયન્સથી માંડીને ઉચ્ચ અભ્યાસક્રમો જેવા કે, એન્જિનીયરીંગ , મેડીકલ વગેરેના અભ્યાસની સુવિધાઓ પ્રાપ્ત છે. શાળા પૂરી કરીને કોલેજમાં આવતો વિદ્યાર્થી સરેરાશ ૧૮ વર્ષની ઉંમરનો હોય છે. આ ઉંમરે તે પુખ્તઅવસ્થા પ્રાપ્ત કરે છે કે બાળક કે સગીર મટી ને પુખ્ત બને છે તેના કાયદાકીય અધિકારોમાં આપમેળે વૃદ્ધિ થાય છે અને સાથો સાથ તે અનેક પ્રકારની જવાબદારીઓ અને ફરજોને આધિન બને છે. કોલેજમાં પ્રવેશવાની ઉંમરે એટલે કે ૧૮ વર્ષની વયે  જ તેને મતાધિકાર પણ પ્રાપ્ત થતો હોય છે. આમ તે રાજકીય ભાગીદારીમાં પણ ભાગ લેતો થઈ જાય છે. આ ઉંમરે જોતા તેને કાનૂની હકક અને ફરજોનો યથાયોગ્ય જ્ઞાન આપીને કાનૂની જાગરૂકતા દ્વારા જો તેને સજજ કરવામાં આવે તો મોટા ભાગના વિવાદો તે સમજણ પૂર્વક ઉકેલી શકવા માટે તે સમર્થ બને છે. આજે કોલેજોમાં પાશ્ચાત

દેશોની શરતો હેઠળ ઘણા વિદ્યાર્થીઓ દ્વારા જુદા જુદા પ્રકારે કાનૂની ભંગ થતા જોવામાં આવે છે. કોલેજીસમાં રેગીંગ વિદ્યાર્થીઓની છેડતી વગેરે સામાન્ય છે. કોઈકવાર તેઓના ઉપર પણ કાનૂની કાર્યવાહી થતી હોવાના દાખલાઓ જોવા મળ્યા છે આજ ઉમરે તેઓ સ્થાપિત હિતોના કે રાજકિય પક્ષોના હાથાઓ બનતા પણ જોવા મળ્યા છે જો આ ઉમરમાં તેમને કાનૂની સજાગરૂકતાથી સજજ કરવામાં આવે તો ઘણી બધી સામાજિક સમસ્યાઓની સાથે સાથે કાયદાકિય સમસ્યાઓ પણ સૌહાદપૂર્ણ વાતારણમાં ઉકેલી શકાય તેમ છે.

ગુજરાતમાં કાનૂની સલાહ કેન્દ્ર દ્વારા કોલેજીસના વિદ્યાર્થીઓને કાનૂની જાગરૂકતા પૂરી પાડવા માટે કાનૂની જાગરૂકતા શિબિરોનું આયોજન કરવામાં આવે છે.

વિવિધ કોલેજોમાં પણ કાયદાની કોલેજમાં કાનૂની સહાયના ખ્યાલને એક આગવું મહત્વ છે. કાયદાની કોલેજના વિદ્યાર્થીઓ કાનૂની સહાય અંગેની સૌથી સારુ માધ્યમ બની શકે તેમ છે.

કાનૂની વિદ્યાશાખાઓમાં ભાવિ વકીલો માટે કાનૂની સેવા ઉપચારગૃહો તથા તે માટેનું શિક્ષણ ફરજિયાત બનાવવું જોઈએ અને તે અભ્યાસક્રમના છેલ્લા વર્ષના વિદ્યાર્થી ને ઉપાધિ કે સનદ માટે તેમણે જે કાનૂની સહાયનું કાર્ય કરેલ હોય તેના ગુણ તથા પ્રમાણપત્ર આપવા જોઈએ. જો કે ૧૯૯૬ થી બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા અમલમાં મુકાયેલ અભ્યાસક્રમમાં કાનૂની સેવા અંગે જોગવાઈ કરવામાં આવી છે.

આપણે ૨૧ મી સદીમાં પ્રવેશી ચૂકયા છીએ. આ નવી સદીમાં કાનૂની શિક્ષણના નવા પડકારો હશે તેની સમજ મેળવીને તેને કઈ રીતે હલ કરી શકાય તે બાબતે વિચારવું પડશે.

'નવી સદીમાં કાનૂની શિક્ષણના નવા પડકારો' વિષય પર સંબોધન કરતાં શ્રી પ્રવીણ બક્ષીએ[383]કહયું કે, નવી સદી માટે આ વિષય ખૂબ જ મહત્વનો છે. જો કાનૂની શિક્ષણમાં ખામી રહેશે  તો, સિદ્ધિ મેળવવા માટેની વ્યવસ્થા પદ્ધતિની ખામી બની રહેશે. પોતાની ફરિયાદો અંગે, સંબંધિત પક્ષકારોને પોતાના મુદ્દાઓનો ઉકેલ સંતોષકારક લાગશે નહીં. આપણે સહુ શિક્ષણનો સામાન્ય અર્થ અક્ષરજ્ઞાન કરીએ છીએ. પરતું અહીં અક્ષર એટલે શબ્દનો નિશ્ચિત અર્થ શોધવો તેમ કરી શકાય. આપણે કાયદાના સંદર્ભમાં વિચારીએ તો માત્ર વૈધાનિક કાયદાઓ જ એટલા બધા વિશાળ અને જટિલ બની ગયા છે કે કાનૂની વ્યવસાયકાર માટે પણ ચોકકસ મુદ્દા અંગે કાયદાની જોગવાઈમાં રહેલા શબ્દનો ચોકકસ અર્થ વિશ્વાસપૂર્વક કહેવો સહેલો નથી.

ભારત સરકારના જુના રેકર્ડમાં ઉપલબ્ધ એક દુર્લભ પુસ્તકનો ઉલ્લેખ કરતાં શ્રી બક્ષીએ કહ્યું કે મે એક પુસ્તક જોયું. જેમાં બધા જ વૈધાનિક કાયદાઓ અને બધા જ કેસ લો સમાયેલા હતા. સને ૧૮૬૫ના આ પુસ્તકના પાનાઓની સંખ્યા માત્ર ૬૦૦ જ હતી એક વખતના કાયદા સચિવ અને ત્યારબાદ કાયદા પ્રધાન બનેલા, સર ઈસ્ટોકસના આ પુસ્તકના આધારે એ અરસામાં કાયદાના વ્યવસાયકારો હર્ષભેર આ કાયદાના પુસ્તકના આધારે સરળતાથી પ્રેકટિસ કરતા હતા અને ન્યાયાધીશો માટે ન્યાય કરવો પણ સરળ હતો. અત્યારની પરિસ્થિતિ કોઈપણ વ્યકિત માટે તદ્દન ભિન્ન છે. આપણે માત્ર મેન્યુઅલ સિરિઝની વાત કરીએ તો 'એ' થી 'ઝેડ' સુધીના પાનાઓની સંખ્યા જ ૩૫ હજારથી વધુ છે. જેમાં ન તો રાજયના કાયદા સમાયેલા છે, કે ન તો વૈધાનિક નિયમો અને અધિનિયમો, અને કેસ લોનો પણ સમાવેશ થતો નથી. આ પરિસ્થિતિનો મતલબ એ છે કે જો આપણે સફળતાપૂર્વક કાનૂની શિક્ષણ પ્રસ્થાપિત કરવું હશે તો કાયદાની પ્રક્રિયાઓના નાના નાના મુદ્દાઓની જાણકારી કામ નહીં લાગે

[383] NyayaPath, issue No.2, p.19.

અને કાયદાના ચોકકસ વિભાગોની જાણકારી પણ પર્યાપ્ત બનશે નહી. આ અંગે આપણે કાયદાના મૂળભૂત પુસ્તકો અને તેનાં આંતરિક હાર્દ સમા એક એક કાળા અક્ષરોને જાણવા ખૂબ જ જરૂરી બનશે.

જયારે આપણે જનતાને કાનૂની સહાય અને સલાહના પ્રશ્નનો વિચાર કરીએ, ત્યારે તે સેવાઓમાં માત્ર પક્ષકારના પ્રતિનિધિત્વનો જ નહીં પણ કાનૂની સહાય, લવાદી, કાનૂની સજાગતા, અને ગરીબ વર્ગોમાં એક દ્રઢ નિશ્ચિયાત્મક વિધાન શકિત કેળવાય એ પણ જરૂરી છે. એ માટે પ્રથમ તો આપણે, આપણા કાનૂની  શિક્ષણો આપતા વિદ્યાલયોમાં, પ્રત્યેક વિદ્યાર્થીને ,આ ગરીબોના પ્રશ્નો  તથા સમસ્યાઓ પ્રત્યે અને તેમના કાનૂની અગર અન્ય કોઈપણ જ્ઞાનના અભાવ પ્રત્યે ખૂબ જાગૃત કરવા પડશે. આ વિદ્યાર્થીઓ કાનૂની વિદ્યાલયોમાં આજે માત્ર વિધાનોકત કાનૂનોનું જ જ્ઞાન મેળવે છે. અને તેમને વ્યવહારુ દ્રષ્ટિએ આ કાનૂની સહાય તથા સલાહના ક્ષેત્ર માટે તાલીમ આપવી પડશે અને તે માટે કાનૂની મહાશાળાઓ તથા વિદ્યાપીઠોમાં એવા કેન્દ્રો સતત કામ કરતા હોય, તેમ નિર્માણ કરવા પડશે, કે જે ગરીબ અભણ પ્રજાજન માટે સલાહ કેન્દ્રો બને. જેમ રોગી માટે હોસ્પિટલો કે ઉપચાર ગૃહો હોય છે, એવા ઉપચાર ગૃહો રચાય તો કાનૂનનો વિદ્યાર્થી તેના વિદ્યાર્થી કાળ દરમિયાન, દેશના અસંખ્ય ગરીબોને તેમના વાદગ્રસ્ત પ્રશ્નો માટે કાનૂની ઉપચારો બાબત માહિતી અને માર્ગદર્શન તથા જરૂરી સહાય સલાહ, સૂચના આપી શકે.

૧૯૭૭ માં ન્યાયતંત્ર માટે રચાયેલી ભગવતી કમીટિએ, કાનૂની સહાય યોજનાના અમલ માટે આ પ્રકારના ઉપચારગૃહો, કાયદાનીકોલેજોમાં રચવા અને શરૂ કરવા સૂચન કર્યુ હતું. ભારતની અડધાથી વધુ પ્રજા ગરીબીની રેખા નીચે જીવે છે, અને જયાં આવી વિશાળ ગરીબ પ્રજાની આવશ્યક કાનૂની સહાયની પ્રવૃત્તિ કરી શકે એવું આર્થિક રીતે સદ્ધર રાજય ન હોય, ત્યાં આ કાનૂની શિક્ષણ આપતી કોલેજો કાનૂની

સહાયના કાર્યક્રમો માટે ખૂબ જ મહત્વનો ભાગ ભજવી શકે તથા ફાળો આપી શકે. જો આ રીતે કાનૂનનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આવા કાનૂની ઉપચાર ગૃહોમાં તાલીમ અપાશે, અને તેમને કાનૂની સહાયના કાર્યમાં સંડોવાશે, તો આ દેશની ગરીબ પ્રજાનું, તેઓ અભ્યાસ દરમ્યાન પણ ખૂબ કલ્યાણ કરી શકશે. અમેરિકા જેવા સાધન સંપન્ન દેશ અને ઈન્ડોનેશિયા, ઝામ્બિયા, ચિલી જેવા દેશોએ પણ પોતાની કાનૂની કોલેજમાં આવા ઉપચાર ગૃહની યોજના કરી છે, અને એ અખતરાથી એવું ફલિત થાય છે કેઆ રીતના ઉપચાર ગૃહોની પ્રવૃત્તિ અપનાવવાથી કાનૂની સહાયના કાર્યક્રમની સફળતાને વેગ મળશે. આ કાનૂની  ઉપચાર ગૃહો ચલાવવા ધંધાદારી અને ખૂબ જ  વ્યસ્ત એવા વકીલો મળવા મુશ્કેલ છે. કારણ આવા ઉપચાર ગૃહોમાં કામ કરવા તેમની પાસે સમય નથી અને તેથી તેવા ઉપચાર ગૃહોનું કાર્ય તથા સંચાલન કાયદાની કોલેજોના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓને સોપવું જોઈએ, કારણ તેમની પાસે આવા સેવાના કાર્યો માટે ફાજલ સમય મળી શકે તેમ છે. આવા કોલેજોમાં ચાલતા ઉપચાર ગૃહો પાસેથી અકિંચન ગરીબ પ્રજાને મફત કાનૂની સલાહ તથા માર્ગદર્શન મળશે અને વિદ્યાર્થી, ધંધાદારી વકીલ થાય તે પહેલાં, પોતે પણ તે પ્રવૃત્તિમાંથી ઘણું શીખી શકશે. સમગ્ર ભારત દેશમાં ફેલાયેલી લગભગ ૨૦૦ કરતાં વધુ કાયદાની કોલેજોમાં ખુબ કાનૂન કુશળ, કાનૂન જ્ઞાતાઓનો સ્ત્રોત છે, જે દેશની ભૂખે મરતી પ્રજાને કાનૂની સહાય જરૂર આપી શકે, જેથી આપણે ભારતને એક લોકશાહી, બિનસાંપ્રદાયિક સમાન સમાજ તંત્ર ઉપિર રચાયેલો દેશ બનાવી શકીએ. જેની કલ્પના આપણા બંધારણે કરી છે.[384]

હકીકતે "કાનૂની શિક્ષણ" જે અને જેવું આપણા દેશમાં અપાય છે તે બાબત કાનૂની શિક્ષણકારો વચ્ચે એક વિવાદ ચાલે છે. એક પક્ષ એવું માને છે કે તેનો હેતુ અગર ધ્યેય માત્ર, એવા વ્યવસાયિક કે ધંધાદારી વકીલો ઉત્પન્ન કરવાનો હોય શકે,

---

[384] N.R.Madhav Menon, Legal Education for services to the poor, AIR(Journal),Vol.69(1982)p.65

કે જે અદાલતોમાં ચાલતા વિવાદો માટે કાનૂનના નિષ્ણાતો હોય  અને માત્ર કાનૂની દ્રષ્ટિ અને અભિગમ  ધરાવતા હોય. જયારે બીજો પક્ષ એમ માને છે કે સમાજમાં વકીલોનું કાર્યક્ષેત્ર ખૂબ વિશાળ છે, તેને જુદા જુદા જ્ઞાનનો નિષ્ણાત બનાવવો જોઈએ, વિવિધ વ્યવહારું પ્રશ્નોથી તે જ્ઞાત હોવો જોઈએ અને ખૂબ જ વિશાળ દ્રષ્ટિવાળો એ વકીલ હોવો જોઈએ. જેથી તે સમાજને ઉપયોગી થઈ શકે. આ વકીલો, વકીલમંડળ(બારએસોસીયેશન)નાં સભ્યો હોય છે. તેથી તેમની સામાજિક જવાબદારીઓ પણ છે, જે ધંધામાં પ્રવેશતાં પહેલાં તેણે જાણી લેવી જોઈએ, તેથી તેમની તાલીમ માત્ર કાનૂનના  શિલ્પઘડતર, કે વિવિધ સ્વરૂપો બાબતની જ નહીં, પણ એવી હોવી જોઈએ કે જેથી તે સમાજની અનિવાર્ય આવશ્યકતાઓ તેમ જ સમાજની સમસ્યાઓ પણ સમજી શકે.

આજે જે કાયદાની મહાશાળાઓ ચાલે છે,અને જે કાનૂની જ્ઞાન આ કોલેજોમાં મળે છે તે, જૂની પ્રણાલિકાગત, અર્વાચીનતાથી વંચિત, નિષ્ફળ અને અનુચિત છે. વર્ગમાં કાનૂની નિષ્ણાત , પ્રાધ્યાપકોના ભાષણો, આ કાનૂની વિદ્યાર્થીને આવશ્યક વહેવારૂ જ્ઞાન આપતા નથી.  તેથી કાયદાની આખરી પરીક્ષા પસાર કરી, જરૂરી સનદ લે તે વિદ્યાર્થી વકીલાતના ધંધામાં પડે, ત્યારે તેને વ્યવહારૂ કાનૂની દુનિયા જોઈને પોતાની કાર્યક્ષમતાની ઉણપનું જ્ઞાન થાય છે. તેથી આ કાનૂની શિક્ષણની પદ્ધતિ એવી રીતે નિર્માણ કરવી જોઈએ કે જેથી તેને કાયદા કાનૂનનું સંપૂર્ણ જ્ઞાન મળે, અને એ શિક્ષણ લઈને બહાર નીકળે ત્યારે એ માત્ર વકીલ નહીં પણ એક સામાજિક કાર્યકર્તા કે સેવક થાય એ માટે કાયદાનાશિક્ષણની સાથે સાથે આ કાનૂની ઉપચારગૃહની તાલીમ પણ આવશ્યક છે. સૈકાઓથી ચાલી આવતી કાનૂની શિક્ષણની રીતમાં  આ ઉપચાર ગૃહની તાલીમની વાત કદાચ નવી લાગશે ,પણ તે કાનૂની શિક્ષણ માટે ઉચિત રીત છે. જેમ એક મિકેનિકલ, ઈલેકટ્રીકલ કે ઈલેકટ્રોનીક એન્જીનિયર પ્રત્યક્ષ વ્યવહારૂકાર્ય કરી

અનુભવ ન મેળવે ત્યાં સુધી સફળ ધંધાદારી થતો નથી, જેમ એક ડોકટર હોસ્પિટલ,ઉપચારગૃહ કે નર્સિંગ હોમમાં, પ્રત્યક્ષ વ્યવહારૂ તાલીમ કે અનુભવ વગર ધંધા માટે લાયક કે સફળ થતો નથી, તે જ રીતે કાનૂની ઉપચાર ગૃહની તાલીમ વગર બિનઅનુભવી વકીલ સમાજ માટે તથા તેની સામાજિક જવાબદારી માટે લાયક બનશે નહી. આ કાનૂની ઉપચાર ગૃહની વકીલાતની તાલીમ, તેણે જે કાનૂનનું સૈદ્ધાંતિકજ્ઞાન કાયદાની કોલેજમાં મેળવ્યું, તેની પુરક તાલીમ છે, જે તેના સામાજિક પરિપ્રેક્ષ્યમાં આપવી જરૂરી છે, આ કાયદાની કોલેજમાં ચાલતા આવા કાનૂની ઉપચારગૃહ નું મુખ્ય કાર્ય કાનૂની સહાયના ક્ષેત્રના સંદર્ભમાં માત્ર કાનૂનની, જાણકારી કે માહિતી આપવાનું કે સલાહ આપવાનું હોઈ શકે. તેણે પ્રત્યક્ષ કાનૂની વાદવિવાદમાં કાનૂની સહાય આપવાની નથી હોતી, તે માત્ર માર્ગદર્શન કરે છે.

આ કાનૂની ઉપચાર ગૃહનો બીજો મહત્વનો ફાયદો એ છે કે, તેનાથી કાયદાનો વિદ્યાર્થી, જે ભાવિ ધંધાદારી વકીલ છે, તે એવું બરાબર સમજતો થશે કે, તેનું કાનૂની શિક્ષણ એ માત્ર તેના માટે કમાવાનું સાધન નથી, પણ એક સામાજિક નિયંત્રણ નું સાધન તથા શિક્ષણ છે. જેથી ગરીબોની સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય, કારણ આ ગરીબો કાનૂન તથા કાનૂની પ્રક્રિયાઓથી અજ્ઞાત અને દ્રષ્ટિવિહીન છે, તેમને સમાજના અન્યઅંગો સાથે સમાન બનાવી શકાય એવી આ તાલીમ છે.

આવા કાનૂની ઉપચાર ગૃહોમાં તાલીમ પામેલ કાયદાના વિદ્યાર્થીઓ વધુ વ્યવહારુ, વધુ સર્જનશીલ, વધુ મહત્વાકાંક્ષી અને સમાજ સાથે વધુ મિલનસાર બનશે અને ગરીબોના કલ્યાણ માટે એક પ્રબળ માનવપરિબળ બનશે. એ માત્ર વકીલો નહિ, પણ ગરીબ અભણ પ્રજાના કાનૂનીશક્ષકો બની શકશે અને કાનૂની પ્રક્રિયાઓથી, કેન્દ્ર તથા રાજય સરકારોએ અમલી બનાવેલી અનેક સામાજિક તથા આર્થિક યોજનાઓની જાણકારી આ ગરીબોને આપી તેમની કાનૂની સમસ્યાઓનો ઉકેલ કેમ

લાવવો તે શીખવી શકશે, અને હાલ અસ્તિત્વ ધરાવતી તથા ભવિષ્યમાં અસ્તિત્વમાં આવે તે કાયદાની કોલેજો આ ઉપચાર ગૃહો ની રીત અપનાવીને કાનૂની સહાયના આ નવા પ્રયોગમાં મહત્વનો પાઠ અદા કરી શકશે, એ હકીકત છે. વળી કાનૂની સહાયની દ્રષ્ટિથી અપાયેલ કાનૂની શિક્ષણ, ભારત જેવા ગરીબ દેશ માટે એક પ્રબળ ઉપયોગી સાધન બની શકે, તેથી કાયદાના શિક્ષણની સુધારણા માટે આ "કાનૂની સહાય ઉપચાર ગૃહ"એક જરૂરી અંગ છે, જેને શિક્ષણ ક્ષેત્રમાં અપનાવવું એ કાનૂની શિક્ષણ સંસ્થાની ફરજ બને છે. આજના યુનિવર્સિટીઓના એલએલ.બી. અભ્યાસક્રમોમાં આવા ઉપચાર ગૃહોની યોજનાને એક મહત્વનું સ્થાન આપી, તેને કાનૂની શિક્ષણ તથા વકીલાતના વ્યવસાય માટે જો અનિવાર્ય બનાવવામાં આવે તો ભારતે બંધારણીય રીતે અપનાવેલ આ કાનૂની સહાયના પ્રયોગ માટે એ અનિવાર્ય પગલું બની રહેશે. "કાનૂનના વિદ્યાર્થીઓ આ ઉપચાર ગૃહોની પ્રવૃત્તિમાં ભાગ લે, તેનાથી તે વિદ્યાર્થીઓની માત્ર વ્યવસાયી પ્રવૃત્તિને મદદ મળશે, એટલું નહીં, પણ એ વિદ્યાર્થી વ્યવસાયી વકીલ બનશે તે પહેલાં, તે ભારતીય જનસમાજની સામાજિક, કાનૂની અને સામાજિક–આર્થિક સમસ્યાઓ સમજતો થશે અને શૈક્ષણિક તથા વ્યવસાયી બંને ક્ષેત્રમાં આ સમસ્યાઓના અસરકારક અંત તથા નિવેડા માટે પ્રબળ સાધનથી સજજ થઈને એ ભારતની ગરીબ પ્રજાનો સાચો રક્ષક બનશે." કાયદાની કોલેજોમાં જે કાનૂની ઉપચાર ગૃહો યોજાય તે કાનૂનના શિક્ષણનો ભાગ બનશે, તેનો હેતુ ગરીબોને સામાજિક સેવા તથા સામાજિક ન્યાય આપવાનો હશે. આ કોલેજોનો પ્રધાન હેતુ કાયદાનું શિક્ષણ આપવાનો છે, તેથી તેની સાથે સંયુકતપણે આ કાનૂની ઉપચાર ગૃહોનો હેતુ પણ વિદ્યાર્થીને અસરકારક શિક્ષણ આપવાનો જ હોઈ શકે, વિદ્વાન પ્રાધ્યાપકોના પ્રણાલિકા પ્રમાણેના, પ્રવચનાત્મક શિક્ષણ કરતાં આ કાનૂની ઉપચારગૃહથી એક વધુ સારી પ્રથા કે રીત સ્થાપિત થાય એ જરુરી છે. આવા કાનૂની ઉપચારગૃહોમાં વિદ્યાર્થીને, ગરીબ અરજદાર

કે પક્ષકારની મુલાકાત લેવાની તક મળશે, વિદ્યાર્થી ,સામાજિક કાનૂની સમસ્યાઓનું સર્વેક્ષણ કરશે અને એ રીતે પૂરો વ્યવસાયી વકીલ થતાં પહેલા એ ભારતની ગરીબ સાધનહીન જનતાના સંપર્કમાં આવશે અને તેને એક અનિવાર્ય માનસિક તથા વ્યવહારૂ કસરત મળશે જેનાથી તે સામાજિક વ્યવહારુ દ્રષ્ટ્રિએ પ્રસ્તુત હશે. સમાજ તથા કાનૂન પ્રત્યેનો તેનો અભિગમ વધુ શિસ્તબદ્ધ થશે અને માત્ર વ્યવસાયી વકીલ નહિ, સમાજનાં ઘડતર અને રચનાનો સ્થપતિ બનશે અને તે સમાજના ભિન્ન ભિન્ન વર્ગોના હિતોનું સંતુલન કરતાં શીખશે અને એ રીતે તેનામાં કૌશલ્યોનું પ્રમાણ વધશે, અને તેને ઉચિત સામાજિકદ્રષ્ટિ તથા પ્રતિજ્ઞાબદ્ધતા પ્રાપ્ત થશે. શિક્ષણ સાથે સમાજ સેવા એ, બે તત્વો એકબીજાથી વિપરીત કે વિસંગત તત્વો નથી અને જો અસ્તિત્વ ધરાવતા સમાજને ખરેખર રોગમુકત બનાવવો હોય તો આ સમાજ સેવાને ગરીબ પ્રજાની સહાયના આદર્શને શિક્ષણ સાથે એક આંતરિક અંગ તરીકે વણી લઈ અપનાવાય તો તેથી વધુ સારુ બીજું કંઈ હોઈ ન શકે.

કાયદાના વિદ્યાર્થીઓ, યુનિવર્સિટીએ નિયત કરેલા કાનૂનના અભ્યાસક્રમમાં જે વિધાનોકત કાનૂનો શીખે છે, તે ઉપરાંત આ વિધાનથી અલગ એક એવા ક્ષેત્ર સાથે વિદ્યાર્થી પરિચયમાં આવશે, જેનાથી તે કાનૂની સમસ્યાઓ સમજતો થશે, આ ગરીબ સમાજની સમસ્યાઓનું વિશ્લેષણ કરતાં શીખશે, તે માટેના ઉપચારાત્મક પગલાં શું હોઈ શકે તેનો વિચાર કરતો અને તેનાથી વાકેફ થતો થઈ જશે. આ માટે વિદ્યાર્થીએ ગરીબોના વિસ્તારોમાં તેની મુલાકાત લેવી જોઈએ, કારણ ત્યાં વસવાટકરનાર ગરીબ, અભણ, અને સાધનહીન છે. આવા વિસ્તારોના નિવાસીઓની સમસ્યાઓનું વિશ્લેષણ કરવું પડશે. શકય હોયતો કાયદાની કોલજોના વિદ્યાર્થી, કોલેજ સાથે સંયુકત કાનૂની ઉપચારગૃહમાં પ્રચલિત, કાનૂની સમસ્યાઓમાં ઓતપ્રોત થઈ જશે તો, એ કાનૂની સહાયની યોજના માટે એક મહત્વનો ફાળો બની રહેશે. આ ગરીબ વિસ્તારોનો

પરિચય,  તેમના પ્રશ્નોનું જ્ઞાન, તે બધાનું વિશ્લેષણ, પારસ્પરિક ચર્ચા, વિચારણા વિગેરે આ ઉપચારગૃહો યોજી શકે, જેનું સંચાલન કોલેજના પ્રાધ્યાપકો તથા સામાજિક કાર્યકર્તાઓ કરી શકે અને કાનૂની ઉપચારગૃહ દ્વારા થયેલા આવા અભ્યાસ અને વિશ્લેષણ સામાજિક સમસ્યાના ઉકેલ માટેના ઉપચારાત્મક પગલાં અંગેના માર્ગદર્શક થાય. આવા ઉપચારો કે પગલાં  માત્ર વિધાનોકત હોવા જોઈએ એવું જરૂરી નથી, એ માત્ર પક્ષકારો વચ્ચેનું સંતોષકારક સમાધાન હોઈ શકે. અને આ માટેનું વાતાવરણ ગરીબ અને અભણ જનતાને કાનૂની સાક્ષરતાઆપવાથી પ્રાપ્ત થાય જેથી સમજપૂર્વકના સમાધાન શકય બને.

આ કાનૂની ઉપચારગૃહો કાયદાની કોલેજોમાં યોજાય તે માટે ઘણી યુનિવર્સિટીઓએ અને કાયદાની કોલેજોએ કાનૂની ઉપચાર ગૃહોનું આયોજન 'કમિટિ ફોર ઈમ્પ્લિમેન્ટીંગ લિગલ એઈડ સ્કીમ' અથવા 'સિલાસ' સમિતિ અથવા લિગલ એઈડ બોર્ડની સહાયથી શરૂ કરેલ છે. તેમાં,

(૧) મેનેજમેન્ટ કમિટિ અથવા સલાહકાર સમિતિ

(૨) વહીવટી અથવા કારોબારી કમીટિ

(૩) પેટા કમીટિ હોય છે.

આ ત્રિસ્તરીય તંત્ર લગભગ બધા કાનૂનીગૃહોએ અપનાવેલ છે અને તે પ્રમાણેના કાનૂની ઉપચારગૃહો અનેક કોલેજો તથા યુનિવર્સિટીઓમાં ચાલે છે. જેમાં શિક્ષકો તથા વિદ્યાર્થીઓ બંને સંકળાયેલા હોય છે. એ શિક્ષકો, એવા પ્રાધ્યાપકો હોય છે જે ગરીબ જનતાને કાનૂની સહાય માટે સંવેદનશીલ નિષ્ઠા ધરાવતા હોય છે. આ યોજનામાં બધા વિદ્યાર્થીઓ સભ્ય બને તેવું નથી. જે વિદ્યાર્થીઓ નેતૃત્વ ક્ષમતા ધરાવતા હોય, તેઓ ખૂબ સહદયતાપૂર્વક સ્વેચ્છાથી ઉપચારગૃહોમાં જોડાય છે. અને સેવા આપે છે. તેની પસંદગી ગૃહના અધ્યક્ષ કરે છે અને ગૃહો કોલેજ સંકુલમાં જ સ્થાપિત થાય છે

અને ઘણીવાર તેની શાખાઓ શહેરની ઝુંપડપટ્ટી અથવા ગરીબ વિસ્તારોમાં પણ હોય છે, એ સામાન્ય રીતે એવા સ્થળે હશે જે આ કાર્યક્રમમાં સહાય તથા ઉપયોગ થાય. આવા ઉપચારગૃહોને તેમની તંત્ર રચના તથા સંગઠન માટે અથવા કાનૂની સહાય કાર્યક્રમ માટે કેન્દ્ર  તથા રાજય સરકાર તરફથી સહાયક અનુદાનો મળે છે. આ કાનૂની ઉપચારગૃહો તથા તેના કાર્યક્રમો તથા વહેવારને કાયદાના અભ્યાસક્રમમાં જ એક સ્થાન આપવું જોઈએ અને તેની જવાબદારી કાયદાની કોલેજોને સોપવી જોઈએ. પૂર્ણ સમયના કોલેજના પ્રાધ્યાપકોને આ નવી રીતની તાલીમ પ્રથમ આપવી જોઈએ અને અત્યાર સુધીનું કાનૂની શિક્ષણનું દ્રષ્ટિબિંદુ બદલવું પડશે.

કાનૂની જાગરૂકતા ફેલાવવામાં, કાયદાની કોલેજો સૌથી સારૂ માધ્યમ બની શકે તેમ છે. તેમના દ્વારા સ્થપાતા કાનૂની સલાહ કેન્દ્ર થકી, ફકત કાયદાથી અજ્ઞાનને જ નહિ, પરંતુ કાયદાના સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને પણ કાયદાકીય હક, ફરજો તથા જવાબદારીના ખ્યાલો સ્પષ્ટ કરીને, કાનૂની જાગરૂકતા આપવામાં આવે છે.[385]

ભારત સરકારે, લિગલ એઈડ ઈમ્પ્લીમેન્ટેશન કમીટી, અને જયુરીકેર સમિતિની ભલામણો(૧૯૭૭)પર આધારીત, સમગ્ર દેશમાં પસંદગી પાત્ર કાયદાની કોલેજોમાં, શ્રેણીબદ્ધ કાનૂની સહાય કેન્દ્ર સ્થાવાનું નકકી કર્યુ હતું. ખરેખર તો આ કમિટી એવો નિષ્કર્ષ ધરાવતી હતી કે દરેક કાયદાની કોલેજમાં કાનૂની સહાય કેન્દ્ર હોવું જોઈએ, કે જેમાં અભ્યાસ કરતા અને કાયદાના વ્યવસાયમાં દાખલ થવા ઈચ્છતા દેશના અંદાજીત ૭,૦૦૦ કાયદાના વિદ્યાર્થીઓ તેનો લાભ લઈને સમાજની સારી સેવા કરી શકે.

[385] Sujansingh, Legal Aid Human Right to Equality, Deep & Deep publication p.261.

વિદ્યાર્થીગણ તરફથી અતિઉત્સાહ અને સમર્પણ હોવા છતાં યોગ્ય માળખાકીય સુવિધાઓને અભાવે ગરીબને કાનૂની સેવા પહોંચાડવાની પ્રાપ્ત કરાવવાની ઈચ્છા, દૂરની બની રહી છે. આર્થિક,શૈક્ષણિક અને સંસ્થાકીયસુવિધાઓનો દેશની મોટાભાગની કાયદાની કોલેજોમાં અભાવ હોવાને કારણે આ દિશામાં સંતોષકારક કાર્ય થઈ શકયુ નથી. આમ છતાં કાયદાના શિક્ષણના ભાગ રૂપે, કેટલીક કાયદાની કોલેજમાં આવી સુવિધાઓ પુરી પાડતા કાનૂની સહાય કેન્દ્રો આરંભાયા છે.

સામાન્યરીતે, કાનૂની સહાય કેન્દ્ર એટલે એવી જગ્યા કે સ્થળ, કે જયાં કાયદાકીય કે પેરા લિગલ સેવાઓ, વ્યવસાયિક નિપૂણતા ધરાવતી વ્યકિતઓ દ્વારા, કાયદાકીય સમસ્યાઓ ધરાવનારને મફત અથવા નજીવી ફી લઈને પુરી પાડવામાં આવે છે.

કાયદાની કોલેજ અંતર્ગતનું કાનૂની સહાય કેન્દ્ર એ ફકત લોકોને કાનૂની સેવાઓ પુરૂ પાડતું કેન્દ્ર નથી, પરંતુ કાયદાના વિદ્યાર્થીઓને કાયદાનું પ્રત્યક્ષ ઉપરાંત વ્યવસાયિક શિક્ષણ પુરૂ પાડતું સ્થળ પણ છે, 'એપ્રેન્ટીસશીપ પદ્ધતિ' ના દૂર કરાયા પછી બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા પ્રત્યક્ષ કાનૂની શિક્ષણપદ્ધતિના ભાગ રૂપ કાનૂની સહાયના વિષયને અભ્યાસક્રમના ભાગરૂપ તૃતીયવર્ષ એલએલ.બી.માં દાખલ કરવામાં આવ્યો છે.

કાયદાની કોલેજમાં કાનૂની સહાય કેન્દ્રને નીચે મુજબની જગ્યાઓમાંથી કોઈ એક સ્થળે સ્થાપી શકાય જેમ કે :–

૧. સંસ્થાની જગ્યામાં,
૨. સંસ્થાની આસપાસમાં રહેલી જગ્યા કે જયાં ગરીબોની વસ્તી હોય કે
૩. અદાલતો આસપાસની જગ્યામાં

કાનૂની સહાય કેન્દ્રની જગ્યાની પસંદગીમાં ઉપરોક્ત બાબત ઉપરાંત વિદ્યાર્થીઓને અનુકુળ પડતી જગ્યા પણ વિચારી શકાય.

આર્થિક રીતે સદ્ધર સંસ્થા, કોલેજ કેમ્પસ ઉપરાંત કોલેજ કેમ્પસની બહાર પણ આવા કાનૂની સહાય કેન્દ્રોનીરચના, પ્રસંગોપાત કે કાયમી ધોરણે, આસપાસની વસ્તિમાં કે ગામડાઓમાં પણ કરી શકે છે. આ ઉપરાંત આવા કોલેજ દ્વારા સંચાલિત કાનૂની સહાય કેન્દ્ર દ્વારા, શહેરના અન્ય આવી સેવાઓ પુરી પાડતા કેન્દ્રો ઉપરાંત કાનૂની સહાય પુરી પાડવામાં ઈચ્છુક અને અગ્રેસર વકીલ મિત્રો દ્વારા સહયોગમાં રહીને કાર્ય કરવું જોઈએ.

મોટાભાગની કાયદાની કોલેજોમાં, સંસ્થાના પ્રાંગણમાં જ કાનૂની સહાય કેન્દ્રની રચના કરવામાં આવે છે જેથી તેના વિદ્યાર્થીઓને, કાયદાકીય સમસ્યાઓની આંટીઘૂંટીઓ તેમજ વ્યવસાયિક નિપુણતા ધરાવતા વકીલ મિત્રો તેમજ અસીલ સાથેના સંવાદને પ્રત્યક્ષ રીતે નિરખીને કાનૂની સમસ્યાઓને બરાબર ઓળખતા શીખે.

કાયદાની કોલેજમાં આવેલ કાનૂની સહાય કેન્દ્રના કાર્યો :

કાયદાની કોલેજમાં આવેલ કાનૂની સહાય કેન્દ્ર મુખ્યત્વે બે કાર્યો કરે છે.

(૧) શિક્ષણ અને

(૨) સેવા

શિક્ષણ કાર્ય તે નીચે જણાવેલી ત્રણ પદ્ધતિઓ દ્વારા કરે છે.

(૧) પ્રત્યક્ષકાર્ય દ્વારા, તે સમસ્યાઓને ઓળખવાનો પ્રયત્ન કરે છે, કાનૂની સંશોધન અંગેના લખાણ તેમજ  પ્રત્યક્ષીકરણની પદ્ધતિ દ્વારા સત્યોને તપાસે છે, જુદી જુદી કાનૂનીપદ્ધતિઓ જેવી કે, સમાધાન,લવાદી ઉપરાંત જુદીજુદી દાવા અંગેની

પદ્ધતિઓ, અદાલતી પ્રક્રિયાઓ, વ્યવસાયિક નિતીમત્તાના ધોરણો, નિર્ણય કરવાની પ્રક્રિયાઓ અને કાયદાના અર્થઘટનને સમજવાનો પ્રયત્ન કરે છે.

(૨) સામાજિકસમસ્યાઓને સમજીને આવી સમસ્યાઓ અને કાયદા વચ્ચેના સંધાનને ઓળખવું તેમજ સામાજિક એન્જિનીયર તરીકેની ભૂમિકાને લક્ષમાં લઈને સામાજિક પદ્ધતિને કઈ રીતે કાયદા સંગત બનાવવી તે અંગેનું અધ્યયન કરવું.

(૩) તેના અભ્યાસ દ્વારા વર્ગમાં ભણાવેલા કે લાઈબ્રેરીમાં ભણેલા કાયદાઓને પ્રત્યક્ષ રીતે અમલમાં કઈ રીતે મુકાય કે મુકી શકાય તે અંગેનો વિશ્દ અભયાસ કરવો.

આ ઉપરાંત કાયદાના અભ્યાસને સામાજિક રીતે સુસંગત બનાવવો અને વ્યવસાયિક રીતે અને વૈજ્ઞાનિક રીતે કાયદાના અભ્યાસને વિવિધક્ષેત્રો સાથે કેવી રીતે સાંકળવો અને પ્રયોજવો તેનો અભ્યાસ કરવામાં આવે છે.

કાનૂની સહાય કેન્દ્ર દ્વારા સેવા અંગેનું કાર્ય નીચે જણાવેલી પદ્ધતિઓ દ્વારા સંભવી શકે છે.

(૧) પ્રત્યક્ષપણે સંવાદોથી,નિદર્શનથી કે માહિતી આપતા ચોપાનીયાઓ દ્વારા, લોકોમાં કાનૂની જાગરૂકતા અને કાનૂની સાક્ષરતા ફેલાવવી.

(૨) લોકોને કાનૂની પદ્ધતિ દ્વારા સામાજિક રીતે સક્ષમતા તરફ લઈ જવા અને તેમને જરૂરી સેવાઓ, વહીવટી અને દાવાદૂવીના સંદર્ભમાં પુરી પાડવી.

(૩) કલ્યાણલક્ષી ધારાઓના અમલીકરણને ચકાસવું અને સામાજિક–કાયદાકીય સંશોધન દ્વારા ગરીબોની સામાજિક, આર્થિક સમસ્યાઓને એકત્ર કરી મુલવવી.

(૪) ખરેખર દાવાલક્ષી સલાહ અને સહાય આપવી, જેમાં કાનૂની સલાહનો અને નિવારક કાનૂની સેવાઓનો પણ સમાવેશ થાય છે.

(૫) કાયદાકીય સુધારણાત્મક પ્રક્રિયાઓ સુચવવી અને જાહેર હીતવિવાદની અરજીઓ કરવી.

કાનૂની સહાય કેન્દ્ર કોલેજમાં સ્થાપવાથી, વિદ્યાર્થીઓને સર્વોત્તમ કાનૂની શિક્ષણનો લાભ પ્રાપ્ત થશે. ઉપરાંત કેટલીકવાર કોલેજ કેમ્પસમાં થતી સંઘર્ષજન્ય અન્યપ્રવૃત્તિઓને પણ નિવારીને કાયદા પ્રત્યેનો તેમનો અભિગમ સરળ બનશે.

કાનૂની સહાય કાર્યને અભ્યાસક્રમનો ભાગ બનાવવો જોઈએ કે કેમ તે અંગે ગંભીર વિચારણાઓ કરવામાં આવી હતી. જેમાં કાનૂની શિક્ષણ રાજય પર આધારીત હોવાને કારણે અને મોટાભાગની કોલેજો જાણે કે ખંડ સમયનો અભ્યાસક્રમ ચલાવતી હોય તેવું હોવાને કારણે, અનિયંત્રિત વિદ્યાર્થીઓની સંખ્યા, ઉપરાંત પ્રોફેસર તથા કર્મચારીગણ, મકાન, લાયબ્રેરી અને આર્થિકઅસગવડતાઓને કારણે ઉપરાંત પરીક્ષાપદ્ધતિની પ્રવર્તમાન પ્રણાલીને કારણે સક્ષમ ધારાશાસ્ત્રી બનવામાં તકલીફો પડે છે. આ ક્ષતિઓ નિવારવા કાનૂની સહાય કેન્દ્ર જરૂરી છે.

કાનૂની શિક્ષણનો અભ્યાસક્રમ અને તે શિખવવાનીપદ્ધતિ બદલાતા સમય અને સંજોગોમાં ઉણી ઉતરી છે. તેમાં જડમુળથી ફેરફાર જરૂરી છે.કાનૂની સહાયને અભ્યાસક્રમમાં સમાવવાથી આ બાબતોમાં ફેરફાર આવવાની શકયતાઓ નજરે પડે છે.

જેવી રીતે કાનૂની પ્રત્યક્ષ શિક્ષણ પદ્ધતિને વરેલા અને સક્ષમ તેવા કાયદાના શિક્ષકોની ખોટ વરતાય છે. તેવી જ રીતે કાનૂની સહાય કેન્દ્રોના વહીવટમાં વિદ્વતા અને અનુભવની ખામી નજરે પડે છે. આ વિષયને અભ્યાસક્રમમાં દાખલ કરી ભવિષ્યમાં આ પ્રકારની મુશ્કેલી નિવારી શકાય છે.

પ્રત્યક્ષ કાનૂની શિક્ષણને યોગ્ય રીતે ચલાવવામાં નાણાંનો અભાવ મુખ્ય કારણ છે. જો કે હવે બારકાઉન્સીલ દ્વારા ૧૯૭૬થી અમલમાં આવેલા નવા

અભ્યાસક્રમ મુજબ તૃતીયવર્ષ એલએલ.બી.ના વિદ્યાર્થીઓ માટેઆ વિષય તેમના અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવ્યો છે.

**કાનૂની સહાય કેન્દ્રની રચના :**

પ્રવર્તમાન માળખામાં, કાયદાની કોલેજોમાં કાનૂની સહાય કેન્દ્રની રચના નીચે મુજબ સંભવી શકે.

(૧) આવા કેન્દ્રોમાં કાનૂની પ્રત્યક્ષ શિક્ષણપદ્ધતિથી સજજ થયેલા ઓછામાં ઓછા બે પૂર્ણ સમયના અને બે ખંડ સમયના શિક્ષકો ( કે જેઓ ઓછામાં ઓછો પાંચ વર્ષનો વકીલ તરીકેનો અનુભવ ધરાવતા હોય તેવા હોવા જોઈએ ) આ શિક્ષકોમાંથી, સૌથી વધુ સીનીયર પૂર્ણ સમયના શિક્ષકને એકઝીકયુટીવ ડાયરેકટર તરીકે અને બાકીનાઓને એસોસીએટસ્ ડાયરેકટર તરીકે નિમવા જોઈએ.

(૨) દરેક કોલેજમાં કાનૂની પ્રત્યક્ષ શિક્ષણ માટેની એક મેનેજીંગકમીટીની રચના કરવી જોઈએ. જેમાં કાયદા વિદ્યાશાખાના અધ્યક્ષ, કોલેજના પ્રિન્સીપાલ, બારએસોસીએશનના પ્રમુખ અને જજીસ વગેરે હોવા જોઈએ આ ઉપરાંત સ્થાનિક બારએસોસીએશન, સ્થાનીક બિનસરકારી સંસ્થાઓ ઉપરાંત મીડીયા, પોલીસ, રેવન્યુ, શિક્ષણ, સમાજકલ્યાણ ઉપરાંત સામાજિક કાર્યકરોનો પણ તેમાં સમાવેશ થવો જોઈએ.

(૩) કાનૂની સહાય કેન્દ્રમાં સંકળાયેલા વિદ્યાર્થીઓ ઉપરાંત જુનીયર વકીલો માટે દરેક વર્ષમાં ઓછામાં ઓછા એક કે બે ઓરીએન્ટેશન પ્રોગ્રામ હોવા જોઈએ, કે જેના દ્વારા તેઓ પોતાની જવાબદારી સમજી શકે અને સમાજ પ્રત્યેનું તેમનું દાયિત્વ પુરી નિષ્ઠાથી નિભાવી શકે. આ અભ્યાસક્રમ દરમ્યાનમાં પોતાના અનુભવો અને નજરે પડેલી સમસ્યાઓ તથા તેનું નિરાકરણ નોંધવા માટે એક પ્રેકટીકલ રેકર્ડ

બુક પણ આપવી જોઈએ. અને આ અંગેના એસાઈન્મેન્ટસ પણ તૈયાર કરાવવા જોઈએ. કાનૂની પ્રત્યક્ષશિક્ષણના મેળવવા સારૂ નજીવી ફી, વિદ્યાર્થી પાસેથી મેળવવી જોઈએ.

(૪) કાનૂની સહાય કેન્દ્રની ઓફીસમાં એક સહાયક કે જે એકાઉન્ટન્ટ અનેટાઈપનું કાર્ય ઉપરાંત કોમ્પ્યુટરનો જાણકાર હોય તેવો હોવો જોઈએ. આ ઉપરાંત એક પટાવાળા કે મેસેન્જરની પણ નિમણુંક કરવી જોઈએ.

(૫) કાનૂની સહાય કેન્દ્રને સુચારુરૂપે ચલાવવા માટે વાર્ષિક બજેટની પણ જોગવાઈઓ વિદ્યાર્થીઓની સંખ્યા અને વર્ષ દરમયાન થનારા કાર્યક્રમો પર આધારીત થવી જોઈએ. આવી જોગવાઈ કોલેજના નિયમિત ભંડોળમાંથી કે યુ.જી.સી દ્વારા અપાયેલી ગ્રાંટમાંથી કે સરકાર દ્વારા ફાળવાયેલ કાનૂની શિક્ષણ માટેની ગ્રાંટમાંથી ઉપરાંત તે અંગેનો કેટલોક ભાગ તેમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ પાસેથી પણ મેળવી શકાય.

(૬) જે વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમને સફળતાપૂર્વક પુરો કર્યો હોય તેમને ડીગ્રી કે ડીપ્લોમાં સર્ટીફીકેટ આપવા જોઈએ અને વિશિષ્ટ મેરીટ સર્ટીફીકેટ પણ આપવા જોઈએ. અને આવા વિદ્યાર્થીઓને કાયદાની કોલેજોમાં આવેલા કાનૂની સહાય કેન્દ્રોમાં કે સરકાર દ્વારા ચાલતા કાનૂની સહાય કેન્દ્રોમાં પેરા લિગલ્સ તરીકે જોડવા જોઈએ.

(૭) આ પદ્ધતિને વધુ પ્રોત્સાહીત કરવા કાયદાના અભ્યાસક્રમમાં કાયદો અને ગરીબી, કાયદો અને વિકાસ, કાયદો અને સામાજિક બદલાવ જેવા સામાજિક ન્યાયને વરેલા વિષયોનો પણ તેમાં સમાવેશ કરવો જોઈએ. જેથી વિદ્યાર્થીઓ આવી સમસ્યાઓને બહુ નજીકથી નીહાળીને તેને ઓળખી શકે અને આવી સામાજિક

સમસ્યાઓનો ભવિષ્યમાં કાયદાકીય નિવારણ કઈ રીતે લાવી શકે તે અંગે વિચારતા થાય.[386]

### ૪.૬.૩ યુનિવર્સિટી

ગુજરાતમાંની યુનિવર્સિટીઓમાં જુદી જુદી વિદ્યાશાખા સાથે સંલગ્ન અનેક કોલેજીસ આવેલી છે. યુનિવર્સિટીઓ દ્વારા ઉચ્ચ અભ્યાસક્રમો પૂરા પાડવામાં આવે છે. આ અભ્યાસક્રમો પણ કર્યા બાદ વિદ્યાર્થી જે તે જ્ઞાનના કે ડીગ્રીના સહારે નોકરી ધંધા કે વ્યવસાયમાં જોડાય છે એટલે કે હવે તેની સામાજિક ભાગીદારીની શરૂઆત થાય છે. સામાજિક ઉપરાંત આ ક્ષણે તેનામાં રાજકીય અને આર્થિક જવાબદારીઓ પણ ઉપસ્થિત થાય છે. યુનિવર્સિટીના અભ્યાસક્રમ દરમ્યાન જો તેમને કાનૂની જાગરૂકતાઓ અવગત કરાવવામાં આવે અને કાયદાના મહત્વના અંગ તરીકે ભારતનું બંધારણ કાયદો, માનવઅધિકારો, ફોજદારી તથા દિવાની કાયદાઓ ઉપરાંત કૌટુંબિક કાયદાઓનું જ્ઞાન પુરુ પાડવામાં આવે તો તેમના જીવનના અભ્યાસ પછીના તુરત જ શરૂ થતાં નાજુક તબકકાઓમાં તે કાનૂની સહાય જેવા હથિયારથી સજજ થઈને સમાજમાં પોતાનું એક આગવું સ્થાન બનાવી શકે તેમ છે. કોલેજીસ તથા યુનિવર્સિટીઓમાં મહિલાઓ પ્રત્યેના વધતા જતા અત્યાચારો અને તેમાં પણ સ્ત્રીઓની જાતિય સતામણી જેવાં અત્યંત મહત્વપૂર્ણ વિષય પરત્વે યુનિવર્સિટી સંસ્થાનો દ્વારા દરેક યુનિવર્સિટીમાં વિમેન ડેવલોપમેન્ટ સેલની રચના કરવામાં આવી છે. આ સેલના અંતર્ગત વિવિધ કોલેજોમાં વિમેન ડેવલોપમેન્ટની કમિટિની રચના કરવામાં આવી છે. જયાં સ્ત્રીઓ અને પુરૂષોને કાયદાકીય હકક અને ફરજોનું જ્ઞાન આપવામાં આવે છે. મહિલાઓને તેમના અધિકારો પ્રત્યે જાગરૂકત કરીને સબળ બનાવવામાં આવે છે. સમાનતાથી સક્ષમતા તરફ લઈ જવાનો અભિગમ કાનૂની સહાય દ્વારા પૂરો પાડવામાં

---

386 Legal Clinics in Law Colleges; N.R.Madahav Menon.

આવે છે જેથી તેઓ ભવિષ્યમાં કોઈપણ અન્યાયનો ભોગ ન બનતા તેનો દ્રઢતાપૂર્વક સામનો કરીને સમાજમાં ન્યાય અને ગૌરવયુકત જિંદગી મેળવી શકે છે.

**૪.૬.૪ વકીલો**

કાનૂની સહાય તથા સલાહ તેમજ સામાજિક–આર્થિક ન્યાયના સંદર્ભમાં દેશના વકીલોની ફરજ અને ભૂમિકા પણ અગત્યના છે અને વકીલ તરીકેનું તેમનું એ સામાજિક ઉત્તિરદાયિત્વ પણ છે આમ તેઓ કાનૂની સહાય અંગેનું સૌથી સારૂ માધ્યમ ગણાય છે.

"દરેક દાવા, વિવાદ વાદી અને પ્રતિવાદી બંનેને બરબાદ કરે છે, અને બંનેમાંથી એકપણ પક્ષકાર માટે આ પરિસ્થિતિ લાભકારી નથી. ખૂબ જ પ્રગતિશીલ કાનૂન રચનાઓમાં પણ અદાલતોની દાવા ફરિયાદની કાર્યવાહી બને ત્યાં સુધી ઓછી રાખવી જોઈએ. અદાલતી દાવાઓ એ ઝઘડાનું કાનૂની સ્વરૂપ છે અને એવો પણ આક્ષેપ ઘણીવાર થાય છે કે પોતાના નાણાકીય સ્વાર્થ અને હિત માટે વકીલો તેને ઉત્તેજન આપે છે અને સમાધાનમાં સહાયક થતા નથી અને હકીકતે ગરીબોને તેમના વાદગ્રસ્ત પ્રશ્નોમાં સહાયક થવાના બદલે તે ઝઘડાઓમાંથી એ વકીલો પોતે શ્રીમંત થવા પ્રયત્નો કરતા હોય છે." [387]

આ રીતે અદાલતી દાવા ફરિયાદો કે વાદ વિવાદો ટીકાપાત્ર હોવા છતાં આજના સમાજના માળખામાં તે અનિવાર્ય ગણાય છે, તેમાં નૈતિક વિજયનો તો પ્રશ્ન જ નથી, માત્ર સામાજિક નબળાઈનો પરાજય હોય છે, માનવ વ્યકિત, એક નૈસર્ગિક કૃતિ છે. તે દરેકને પોતપોતાની માનસિક ભૂમિકા અને શકિત હોય છે દરેકને વિચાર શકિત તથા અંગત દ્રષ્ટિબિંદુ હોય છે અને તેથી સમાજની અન્ય વ્યકિતઓ સાથે સંમત ન થઈ

---

[387] V.S.Hegde,Gandhi's Philosophy of Law,Concept Publishing Co, New Delhi(1983)p.62

શકતાં સંઘર્ષો થાય છે જેનું નિવારણ આ અદાલતની કાર્યવાહીથી કરવા પ્રયત્નો થાય છે. તેને શાંત કરવા અન્ય કોઈ માર્ગ તેમને મળતો નથી. વકીલાતનો ધંધો એક ઉમદા વ્યવસાય છે, એ ન્યાયતંત્ર જેટલો જ પુરાતન છે, એ સદ્ગુણી જેટલો જ ઉમદા અને ન્યાય જેટલો ઉપયોગી છે[388], પણ આજે આ કાનૂની વ્યવસાયમાં માંગ અને પુરવઠાની, આર્થિક પરિભાષા પ્રચલિત થઈ છે અને આ ધંધાદારી વકીલો અસીલો પાસેથી બની શકે તેટલી વધુ લૂંટ ચલાવે છે અને પરિણામે શ્રીમંત અને ગરીબ અસીલોની વચ્ચે કાનૂની રજૂઆત અને પ્રતિનિધિત્વના પ્રશ્ને એક અસમાનતા ઉત્પન્ન થાય છે અને અદાલતી તકરારો કે કાર્યવાહી એ યુદ્ધનું નવું સ્વરૂપ છે.[389]

ભારતના વકીલો એમના ધંધાની મહાન પુરાતન પ્રણાલિકાના લાયક વારસો નહિ ગણી શકાય, જો તેઓ સમાજના ગરીબ વર્ગને સહાયક થવાનું ઉત્તરદાયિત્વ ટાળશે. તો ખરા કલ્યાણ રાજયમાં માત્ર ઉચિત વ્યવહારો અને કાર્યવાહી ત્યારે જ થઈ શકે જયારે સમાજનો સાધન સંપન્ન વર્ગ ત્યાગની વૃત્તિ તથા ભાવના કેળવે અને કલ્યાણ પ્રવૃત્તિ અને સ્વેચ્છાપૂર્વક સેવાઓ આપવા પ્રવૃત્ત થાય. વકીલોએ પણ આ રીતે વિચાર કરતા થવું પડશે, કાનૂનના વ્યવસાયનું સમાજના ગરીબ નિઃસહાય વર્ગને માટે એક નૈતિક તથા સામાજિક ઉત્તરદાયિત્વ છે. સમાજના ખરેખર ગરીબ અને વંચિત વર્ગ માટે વકીલાતના ધંધામાં સિનીયર સભ્યોએ પણ મૂલ્યવાન વ્યવસાયી સેવાઓ આપવાની પ્રવૃત્તિ કરવી જોઈએ. વકીલાત સેવા છે, સોદાગીરી નથી, વકીલાતના ધંધાના મૂલ્યો તથા ધોરણો, છેલ્લા ત્રણ ચાર દાયકામાં બદલાયાં છે અને વકીલ હવે માત્ર ધંધાદારી કારીગર નથી, જે માત્ર અસીલનાં કાનૂની બાંધકામ ચણતો રહે. એ સમાજનો સ્થપતિ છે, જે લોક કલ્યાણ માટે આવશ્યક સામાજિક આર્થિક પરિવર્તનોને

---

388 K.D.Gaur, Professional Responsibility of Lawyer,Cochin University Law Review(1985)p.207

389 Observed by Gujarat Legal Aid Committee and N.R. Madhav Menon, Consumer Confrontation Vol.5 No.7,Sep 1985 p.26

અસરકારક બનાવવા માટે જવાબદાર છે. તેણે એક વર્ગ વિહીન સમાન સ્તરીય એવી સામાજિક વ્યવસ્થા સ્થાપવા પ્રયત્ન કરવા જોઈએ, જેમાં સર્વને અવરોધ વગર સામાજિક, આર્થિક ન્યાય પ્રાપ્ત થાય. સમાજની ભાવિ વ્યવસ્થામાં આ ધંધાનું સ્વરૂપ માત્ર  સામાજિક સેવાનું જ હોઈ શકે અને ધન, લોભ તથા પ્રતિષ્ઠાનો અંશાત્મક ત્યાગ કરી તે ધંધાદારીએ પોતાનું સ્થાન  સમાજમાં સ્થાપિત કરવું પડશે. તેમના જ્ઞાન તથા વ્યવસાયી કૌશલ્યનો ઉપયોગ સમાજના ગરીબ વર્ગો માટે કરવાનું શીખવું પડશે. અસમર્થ, અકિંચન સાધનહીન અસીલોની અવગણના કરવાનો સમય હવે નથી એમ સ્વીકારવું પડશે. કાનૂની વ્યવસાયે, નવા યુગની સમાનતાના ધોરણે સ્થાપેલી સમાજ રચનામાં કાનૂની સહાયના નવા ક્ષેત્ર અને યોજનામાં, પ્રધાન ભૂમિકા ભજવવા તૈયાર થવું પડશે.

આજે ન્યાયપ્રણાલી, કાનૂની વ્યવસાય, સામાજિક કાર્યકર્તાઓ, રાજય સરકારો અને ન્યાયશાસ્ત્રીઓએ કાનૂની સહાયના ક્ષેત્રમાં સહકારની ભૂમિકા ભજવવાનું શરૂ કર્યું છે, છતાં હજી ઈચ્છિત પ્રગતિ થઈ નથી. કારણ, એક ઉપયોગી તંત્ર તરીકે ન્યાયાધીશ, ધંધાદારી વકીલ મંડળો, સમાજ કલ્યાણના સાધન તરીકે સરકારી તંત્ર, ન્યાયાશાસ્ત્રીઓ, હજી કાનૂની સહાયનું તત્વજ્ઞાનની પુરતી માહિતી ધરાવતા નથી. આ યોજના વિશાળ છે. કારણ ગરીબી વ્યાપક છે તેથી માત્ર વિધાનો, નિયમો કે નિયંત્રણો એ હેતુ સિદ્ધ કરવા માટે પર્યાપ્ત નહિ બને, તેથી એ બધા વિધાનો, નિયમો કે નિયંત્રણોનું પ્રત્યક્ષ પાલન તથા અમલવારીને ગતિશીલ બનાવવા પ્રજાએ પણ પરિશ્રમ કરવો પડશે. આ કાર્યક્રમ તથા અભિયાન જે તેના તત્વાર્થમાં સામાજિક તથા આર્થિક ન્યાયની પ્રાપ્તિ માટે છે, તે માટેના સરકારી અર્ધસરકારી કે સાર્વજનિક અભિકરણો તથા રાજયના આ અધિનિયમ હેઠળ નિયુકત સત્તાધીશોએ આ ઉચિત આદર્શ અને હેતુ માટે રાષ્ટ્રસેવાનું કાર્ય કરી તેને સફળ બનાવવું પડશે. રાજયના સત્તાધીશો, તથા સમાજના

વિભિન્ન વર્ગોના પ્રતિનિધિત્વવાળી કમીટિઓની ઉચિત રચના એવી રીતે થવી જોઈએ કે જેથી એ સહિયારા પ્રયત્નમાં બધાને ઉંડો રસ, ઉત્સાહ, અને ક્રિયાશીલતા તથા ગતિશીલતા ઉત્પન્ન થાયા. આ સમગ્ર કાર્યક્રમ એક એવા વિશાળ પ્રજા વર્ગ માટે છે કે, જેને જાગૃત કરવા, સાર્વજનિક સમૂહ માધ્યમો, જેવા કે રેડિયો, ટેલિવિઝન અને કાનૂની શિક્ષણ  શિબિરોનું સતત આયોજન, એવી રીતે થવાં જોઈએ કે જેથી આ ગરીબ અજ્ઞાન પ્રજા પોતાના કાનૂની અધિકારો સમજી શકે. આજે હજી પણ આ કલ્યાણ કાર્ય માટે નાણાંની તંગીનો અવરોધ છે. બિનજરૂરી, બેફામ વહીવટી ખર્ચાઓ તથા ભ્રષ્ટાચારો ઘટાડી નાણાંનો પૂરતો પ્રવાહ આ માર્ગે વાળવો એ આવશ્યક અને અનિવાર્ય છે.

સરકાર, ન્યાયતંત્ર, વકીલાતના ધંધાના વ્યવસાયીવકીલો, સામાજિક કાર્યકર્તાઓ, બધાએ આજ સુધી આ કાનૂની સહાય સલાહના ક્ષેત્રે યથાશકિત ફાળો આપેલ છે, છતાં જે પ્રગતિ થઈ છે તે સંતોષકારક  નથી.

૧૯૭૧ની ગુજરાત લિગલ એઈડ કમિટિની ભલામણો, ૧૯૭૭ની સમિતિના અહેવાલ, ૧૯૭૭ની "નેશનલ જયુડિકેચર" કમિટિના અહેવાલની બધી ભલામણોની સ્વિકૃતિ થાય તો કામ ખૂબ સરળ થશે, વળી કાયદાના વ્યવસાયી વકીલોએ ગરીબોને કાનૂની સહાયના પ્રશ્નમાં અત્યાર સુધી માત્ર મૌખિક સહાનુભૂતિ દાખવી છે. એ માટે ભારતની બાર કાઉન્સીલે લિગલ એઈડ રૂલ્સ ૧૯૮૩ માં બનાવી પ્રચલિત કર્યા છે. છતાં તેમાં કાનૂની સહાયના કેસો સ્વીકારી તેમાં સહાય કરવાનો જે આજ્ઞાર્થ પ્રબંધ છે તે અમલી બનાવવામાં બાર કાઉન્સિલ નિષ્ફળ ગયેલ છે, અને બાર કાઉન્સિલના નિયમો પૈકી નિયમ ૧૫ માં એવી સ્પષ્ટ જોગવાઈ છે કે જે વકીલ પાંચ વર્ષથી વકીલાત કરતો હોય તેણે વ્યવસાયી સેવા માટે કોઈ ફી લીધા વગર વર્ષે છ કેસો કાનૂની સહાયના

મેળવવા જોઈએ. જો આ નિયમનું ચુસ્ત પાલન તથા અમલવારી થાય તો આ કાનૂની સહાયના કાર્યક્રમને અસાધારણ ગતિ મળશે.

કાનૂની સહાય અને તેને લગતી પ્રવૃત્તિમાં સેવા આપવા માટે પણ પીઢ અને પ્રતિષ્ઠિત વકિલોએ આગળ આવવું જોઈએ. કિશોરચંદ વિરૂદ્ધ હિમાચલ રાજયનાં કેસમાં સર્વોચ્ચ અદાલતે એવી નોંધ કરી હતી કે પીઢ વકીલો માટે કાનૂની સહાયમાં સ્વેચ્છાએ ભાગ લેવાનો સમય હવે પાકી ગયો છે. એક સમયે ફ્રાન્સીસ બેન્કને, એવો ઉલ્લેખ કર્યો હતો કે સમગ્ર જીવનકાળ દરમિયાન વકીલો પોતાના વ્યવસાય ઉપર અને સમાજ ઉપર નભે છે અને તેથી જ વ્યવસાય પ્રત્યેનું ઋણ તેમણે ચૂકવવું જ જોઈએ.

વીસમી સદીના પ્રસિદ્ધ વિદ્વાન રાહુલ સાંકૃતાયનને પોતાની પુસ્તક માનવ સમાજમાં એક જગ્યાએ લખ્યું છે કે પ્રારંભમાં વકીલો સામાજિક કાર્યકર્તાઓની ભૂમિકા ભજવતા હતા અને દરેક વ્યકિતના કેસ લડતા હતાં તેમની પીઠ પાછળ એક ખીસ્સું હતું જેમાં અસીલ પોતાની ઈચ્છાનુસાર પૈસા તે વકીલના પીઠવાળા ખીસામાં નાખી દેતા હતાં વકીલને પોતાને પણ એ ખબર ન પડતી હતી કે તેના અસીલે તેમાં કેટલા પૈસા મૂકયા છે. કહેવાનો અર્થ એ છે કે કાનૂની સહાય યોજનાની સફળતાને કારણે વકીલોમાં સમર્પણની ભાવના હોવી અતયંત આવશ્યક છે આના માટે વકીલોએ નકકી કરવું જોઈએ કે આવા મહાન કાર્યને વ્યાપારની જગ્યાએ મિશન કેવી રીતે બનાવી શકાય.

જુદા જુદા સમય અને યુગમાં એવી કોઈને કોઈ ન્યાયિકપ્રણાલિ હતી કે જેના દ્વારા પક્ષકારોના વિવાદોને જે તે સમયમાં પ્રવર્તમાન વિધિ અનુસાર ઉકેલવામાં આવતા હતા. ભારતમાં કાનૂની વ્યવસાયનો ઈતિહાસ બહુ પ્રાચીન નથી. કાયદા ઘડવામાં, તેનો અમલ કરાવવામાં અને તેનો નિર્ણય કરવામાં રાજા એકાધિકારવાદ ધરાવતો હતો. પક્ષકાર પણ રાજાની સમક્ષ ઉપસ્થિત થઈને પોતાના વિવાદાસ્પદ

મુદ્દાઓને મૂકતો હતો. જેમ જેમ ન્યાયિકપ્રક્રિયા જટિલ બનતી ગઈ તેમ તેમ કાયદો અને તેની પ્રક્રિયા સામાન્ય વ્યકિતની સમજ બહાર બની ગઈ. ન્યાય અંગેનો નિર્ણય કરવાની અંગ્રેજી કાનૂનીપદ્ધતિ બહુ જ કઠીન અને જટિલ છે. તેથી આ અંગ્રેજી પ્રણાલિમાં કાનૂની વ્યવસાયનો સર્વપ્રથમ ઉદય થયો. અંગ્રેજી કાનૂનીપદ્ધતિમાં બે પ્રતિદ્વંદી પક્ષકાર હોય છે અને તે પોતાના વકીલો મારફતે અદાલતોમાં કાનૂની જંગ છેડે છે.

વકીલ, પક્ષકારોના મિત્રો ગણાતા હતા. આ વ્યવસાયનો મુખ્યઉદ્દેશ દરેક વ્યકિતને ન્યાય અપાવવાનો છે. આજે જેટલો ન્યાય જરૂરી છે. તેટલો કાનૂની વ્યવસાય પણ જરૂરી બની ગયો છે. [390] પરંતુ વર્તમાન યુગમાં કાનૂની વ્યવસાયનું સ્વરૂપ બદલાયું છે. આ વ્યવસાયમાં પક્ષકારને ન્યાય અપાવવાનો એટલો જરૂરી ગણાયો નથી કે જેટલો જરૂરી તેમાંથી લાભ મેળવવો. કાનૂની વ્યવસાયની સેવાઓ જે વ્યકિતના ખિસ્સામાં પર્યાપ્ત ધન સંપતિ છે, તેને વધારે અને સારી મળે છે. જેટલો વધુ ખર્ચ કરી શકે તેના વ્યસ્ત પ્રમાણમાં તેને કાનૂની સેવાઓ મળી શકે છે. અદાલતોમાં દાવા અંગેની કાર્યવાહી કાનૂની લડાઈ હોય છે. જે સામાન્યતઃ બીજા મુકાબલાઓ જેવી હોય છે. જે વ્યકિત અમીર હોય છે તેનો વકીલ પણ અનુભવી અને વ્યવસાયિક નિપુણતા ધરાવતો હોય છે. અમીર વ્યકિતઓ દ્વારા આવા ઉંચી ફી લેતા વકીલોને રોકવામાં આવે છે. ગરીબ વ્યકિત પોતાની ક્ષમતા અનુસાર ઓછા અનુભવી અને નવા વકીલને રોકે છે. આવી કાનૂની લડાઈમાં મોટેભાગે અમીર વ્યકિત વિજયી થાય છે અને સારી કાનૂની લડાઈમાં મોટેભાગે અમીર વ્યકિત વિજયી થાય છે અને સારી કાનૂની સેવાના અભાવે ગરીબ વ્યકિતનો પરાજય થાય છે. આમ પ્રવર્તમાન કાનૂની પ્રણાલિમાં ગરીબ વ્યકિત ખોટ ભોગવે છે.[391] આવી પરિસ્થિતિમાં ગરીબો દ્વારા અદાલતમાં જવું એ તેઓ માટે

---

[390] K.D.Gour, Professional Responsibility of Lawyer, Kochin University, Law Review (1985) 207

[391] Jerome, Frank, Courts on trail, Princeton, New Jersey, 1973.

યોગ્ય ગણાતું નથી. જો પક્ષકાર પોતે અથવા સામાજિક સંસ્થાઓના માધ્યમથી તેના વિવાદોને ઉકેલ લાવે તો તે સર્વોત્તમ ગણાય છે. મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે મુકદ્દમાબાજીથી વાદી અને પ્રતિવાદી બન્ને બરબાદ થાય છે ,અને કોઈપણ પક્ષકારને તેનાથી ફાયદો થતો નથી.[392] વિકસીત ન્યાયપદ્ધતિઓમાં પણ મુકદ્દમાબાજીને પ્રોત્સાહન અપાતું નથી. ખરેખર તો મુકદ્દમાબાજી લડાઈનું વિકસીત રૂપ છે કે જેમાં વ્યકિતઓ સીધી રીતે નહીં લડતા વકીલોના માધ્યમ દ્વારા અને કાનૂનની છત્રછાયામાં તેઓ લડે છે.[393]કયારેક કયારેક કાનૂની વ્યવસાય ઉપર એવો આરોપ મૂકવામાં આવે છે કે તેના દ્વારા મુકદ્દમાબાજીને પ્રોત્સાહિત કરાય છે. જેટલા વધારે દાવાઓ થશે તેટલી વધુ ફી મળશે. જેમ બિમારી ફેલાવાથી ડોકટરો વધુ કમાય છે તેવી રીતે દાવાઓ અને કેસોનો વધારો થવાથી વકીલોને વધુ કમાણી થાય છે. જો કે એ સંભવ નથી કે દાવા–કેસનો સંપૂર્ણપણે અંત આવે. કોઈપણ સભ્ય સમાજ માટે સુદૃઢ ન્યાયિક વ્યવસ્થા હોવી આવશયક છે કે જેથી સમાજના દરેક વ્યકિતને ન્યાય આપી શકાય. જો કોઈ કારણોસર વ્યકિતના અધિકારોનું ઉલ્લંઘન થાય તો તેને ઉપાય આપવા માટે ન્યાયિક કાર્યવાહી સિવાય અન્ય કોઈ યોગ્ય વિકલ્પ રહેતો નથી. એટલે કોઈપણ સમાજ ગમે તેટલો વિકસીત થયો હોય તેમ છતાં પણ તેમાં દાવાઓ અને કેસો તો થવાના જ. પરંતુ કાનૂની વ્યવસાયની ફરજ એ છે કે આવા દાવાઓ અને વિવાદો ઓછા કરવા અને ઝડપી ન્યાય અપાવવો. કાનૂની વ્યવસાય બધા જ વ્યવસાયોમાં ઉચ્ચ કોટિનો વ્યવસાય માનવામાં આવે છે. પરંતુ આ વ્યવસાયની આ છાપ ત્યાં સુધી જ રહેશે, કે જયારે વકીલો પોતાની સામાજિક જવાબદારી અદા કરે. કોઈપણ કલ્યાણ રાજયમાં ત્યાગ અને સેવાઓની ભાવના સિવાય કોઈપણ કલ્યાણકારી પ્રવૃત્તિ સંભવી શકે નહીં. વકીલોએ

---

[392] Supra note 22, p.62

[393] Observed by Gujarat Legal Aid Committee. Madhav Menon N. R. Consumer Confrontation, Volume V No.7 Sept 1985, p.26.

પણ સમસ્ત જનકલ્યાણની ભાવના નજર સમક્ષ રાખીને થોડીક ત્યાગની ભાવના કેળવીને ન્યાય પ્રાપ્ત કરાવવાના ઉદ્દેશને ધ્યાનમાં રાખીને આ વ્યવસાયને સમર્પિત થવું જોઈએ. સમાજના ગરીબ અને નબળા વર્ગના લોકોને ન્યાય પ્રાપ્ત કરાવવો, એ દરેક વકીલની સામાજિક અને નૈતિક જવાબદારી છે. ગરીબ વ્યકિતઓ પાસેથી વધુ ફી લેવી, ન્યાય અપાવવામાં જાણીજોઈને વિલંબ કરાવવો, આવા પક્ષકારો સાથે અનુચિત વ્યવહાર કરવો, વકીલો માટે શોભાસ્પદ નથી. તેણે પોતાના અંગત હિતોથી બહાર આવીને સમાજના હિતનું પણ ધ્યાન રાખવું જોઈએ. એક વકીલ સામાજિક એન્જિનીયરની ભૂમિકા અદા કરે છે, કે જે સમાજના વિકાસ માટે બહુ જ ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે. વકીલે પોતાના વ્યવસાય કરતી વખતે એ ભૂલવું ન જોઈએ કે તે પણ એક મનુષ્ય છે અને માનવીય વ્યવહાર કરવો તેની પ્રથમ ફરજ છે. કોઈપણ વકીલ કેટલો ઉપયોગી છે, તે બાબત નકકી કરતી વખતે એ જોવું રહ્યું કે તે કેટલી હદ સુધી સમાજમાં સેવા આપે છે.[394] વકીલે અન્ય સામાજિક સંસ્થાઓ સાથે પોતાના ખભેખભા મિલાવીને
સામાજિક જવાબદારી પૂરી કરવી જોઈએ.[395]

કાનૂની સેવાના ક્ષેત્રમાં કાનૂની વ્યવસાયનું અત્યંત આવશ્યક યોગદાન છે. જેના સિવાય કાનૂની સેવા કાર્યક્રમ સફળ થઈ શકે નહીં. વકીલની તાલીમ કાનૂની સેવાથી જોડાયેલી સંસ્થાઓની પાસે રહીને જ થવી જોઈએ કે જેથી તે એક સારા વકીલની સાથે સાથે એક સારો સમાજ સેવી બની શકે.[396]કાનૂની વ્યવસાયનો પૂર્ણ સહયોગ ત્યારે જ મળી શકે કે જયારે વકીલગણ પોતે સ્વેચ્છાએથી સેવા આપવા

---

394 Paton, G. W. Jurisprudence, Oxford (1972) 141

395 Svellen Bullock, The Helping Profession- Law and Social Work, Australian Law Journal. volo 58 No.6 Page 336

396 14th Report of Law Commission of India, vol.11, (1958) p. 917.

આગળ આવે અને કાનૂની સેવા યોજનામાં સક્રિય ભાગીદારી કરે.[397] અમેરિકા જેવા વિકસીત દેશોમાં પણ કાનૂની સેવાના ક્ષેત્રમાં કાનૂની વ્યવસાયે મહત્વની ભૂમિકા અદા કરી છે. ઈંગ્લેન્ડમાં લૉ સોસાયટીએ ગરીબ વ્યકિતઓને કાનૂની સહાય આપીને મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. ભારતમાં પણ કાનૂની વ્યવસાય પ્રત્યે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ પણ હૃદયપૂર્વક પોતાની સામાજિક અને નૈતિક જવાબદારી પૂર્ણ કરે અને સમાજના દરેક વ્યકિતને ન્યાય ઉપલબ્ધ બનાવે. આવું કરવાથી જ ભવિષ્યમાં કાનૂની વ્યવસાય પોતાની ગુણવત્તા કાયમી રાખી શકશે.ભારતમાં કાનૂની વ્યવસાય ઉપર એવો આક્ષેપ લગાડાયો છે કે કાનૂની સહાય ક્ષેત્રમાં, કાનૂની વ્યવસાય દ્વારા પોતાની સામાજિક જવાબદારી અદા કરાઈ નથી.[398] પરંતુ જો આપણે કાનૂની વ્યવસાયની સંપૂર્ણ બાબતોનું અધ્યયન કરીએ તો એવું સ્પષ્ટ થાય છે કે આ આરોપો સંપૂર્ણપણે સાચા નથી.[399]

વકીલોની વ્યવસાયિક આચારસંહિતા એવું નિર્દેશ કરે છે કે કોઈપણ વકીલ, પોતાના અસીલને તે ગરીબ છે કે તેની પાસે પૂરતાં પૈસા નથી, તે આધાર પર કાનૂની સેવા આપવાનો ઈન્કાર કરશે નહીં. આ જોગવાઈ હોવા છતાં કાનૂની સેવાના ક્ષેત્રમાં કાનૂની વ્યવસાય દ્વારા કોઈ મહત્વની ભૂમિકા ભજવાઈ નથી. કેન્દ્ર સરકાર અને રાજય સરકારના અથાગ પ્રયત્નો થકી જયારે કાનૂની સેવા આંદોલનને એક નવી દિશા અને ગતિ પ્રાપ્ત થઈ ત્યારે કાનૂની વ્યવસાયે પણ આ ક્ષેત્રમાં કંઈક કરવાની ફરજ પડી છે. ભારતીય એડવોકેટ ધારો, ૧૯૬૧ની કલમ ૯–એ અંતર્ગત બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ, કાનૂની સેવા આપવા માટે સમિતિની રચના કરી. આવી સમિતિઓની રચના રાજય તેમ જ અન્ય સ્તર ઉપર કરવાની પણ વ્યવસ્થા કરાઈ. વ્યવસાયિક

---

397 Mukherjee D. C. Legal Profession, AIR 1982, vol. 69, p.65
398 Leland G. Stenford, Footprint of Justice, San Diego Country Law Library, DMC (1960) p.72
399 Bajpayee B. N. Legal Aid and Bar Council, Indian Bar Review, vol. XI (2), 1984, p.1

વર્તણુંક પર બાર કાઉન્સીલ દ્વારા કેટલાક નિયમો બનાવાયા તેમાં પણ વકીલોની પણ સામાજિક જવાબદારી ઉપર ભાર મૂકાયો હતો. નિયમ ૪૬ અનુસાર, દરેક વકીલે એ વાતનું ધ્યાન રાખવાનું રહે છે કે તે ગરીબ વ્યકિતને ન્યાયથી વંચિત રાખશે નહી. તે પોતાની ક્ષમતા અનુસાર જરૂરીયાતમંદ લોકોને મફત કાનૂની સેવા પણ પૂરી પાડશે. વકીલોનું એક મોટું સંમેલન થર્ડ ઓલ ઈન્ડિયા લોયર્સ કોન્ફરન્સ, ૧૯૬૨માં વકીલોના કાનૂની સહાય સંબંધી જવાબદારી ઉપર સંપૂર્ણપણે ચર્ચા કરાઈ અને તેમાં નીચે જણાવેલા સૂચનો કરાયા.

૧. અપરાધિક બાબતોમાં તેમ જ જેલ અપીલોમાં અસીલનું પ્રતિનિધિત્વ વકીલે જ કરવું.

૨. અસીલ દ્વારા અદાલતી ફી તથા બીજી ફી લેવી જોઈએ નહીં.

૩. દિવાની પ્રક્રિયા ધારાના ઓર્ડર ૩૩ માં, લખાયેલ અકિંચન શબ્દના સ્થાને સહાય યોગ્ય વ્યકિત લખવું જોઈએ. સુપ્રિમ કોર્ટ તથા હાઈકોર્ટના નિયમો પણ કાનૂની સહાયની જરૂરીયાતોને ધ્યાનમાં લઈને સંશોધન કરીને ફેરફાર કરવા તથા સુધારવા જોઈએ.

૪. વકીલોના સંગઠનોએ સુપ્રિમ કોર્ટ, હાઈકોર્ટ, જિલ્લા અને તાલુકા સ્તરે કાનૂની સહાય સમિતિઓની રચના કરવી જોઈએ.

૫. કાનૂની સહાયના સંબંધી યોજનાઓ બનાવી અને તેને અમલી બનાવવા પૂરેપૂરી શકિતનો ઉપયોગ કરવો જોઈએ.

અને તે રીતે આપણા દેશમાં કાનૂની સહાયની પદ્ધતિને અને પ્રક્રિયાને વેગવાન બનાવવી જોઈએ.

**૪.૬.૫ ન્યાયાધીશો**

ભારતની ન્યાયાધિશોએ કાનૂની સહાયના ક્ષેત્રમાં જનકલ્યાણના હેતુથી પ્રશંસાપાત્ર પગલાં લઈ ખૂબ પ્રોત્સાહન આપેલ છે, છતાં હજી આ ન્યાયાધિશો એક બુદ્ધિશાળી નિર્ણાયક વર્ગ તરીકે ગરીબોને કાનૂની સમસ્યાઓ પ્રત્યેનો તેમનો અભિગમ બદલવો પડશે અને સમસ્યાઓને વ્યકિતગત આપત્તિઓ ન ગણતાં તેના પ્રત્યે સામાજિક આર્થિક સમસ્યા તરીકે પ્રતિભાવ આપવો પડશે, અને સમાજના દુર્બળ સાધનહીનવર્ગોની જીવનની આવશ્યકતાને કેન્દ્રસ્થ રાખી, દ્રષ્ટિ પરિવર્તન કરી, કાનૂની સહાય પાછળના વિશાળ આદર્શ તથા સામાજિક ન્યાયની ઉપયોગિતા તેઓ સમજીને સ્વીકારે એ માટે તાલીમ શિબિરો પ્રજા કરતા જુના રૂઢીચુસ્ત ન્યાયતંત્રને માટે આજે વધુ જરૂરી છે. ન્યાયતંત્રની આ રીતે દ્રષ્ટિ તથા મન પરિવર્તન થાય તો જ આ કાર્યક્રમની સફળતા પ્રાપ્ત કરવા સહાય થશે. વડી અદાલતોમાં નિવૃત્ત ન્યાયાધીશોએ આ દિશામાં યથાશકિત ફાળો આપવા આગળ આવવું જોઈએ.

**૪.૬.૬ બિન સરકારી સંસ્થાઓ**

સમાજના ઘડતરમાં બિન સરકારી સંસ્થાઓ એટલે કે N.G.O.નો સૌથી મહત્વનો ફાળો છે એવું કહેવાય છે કે, કલ્યાણ રાજયમાં, રાજયનું કાર્ય અત્યંત વધી ગયું છે એવું કહેવાય છે કે રાજય હવે વ્યકિતની આંતરિક બાબતોમાં પણ ડખલ કરતું થયું છે. કલ્યાણ રાજયમાં વ્યકિતઓ માટે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ ઘડવામાં આવે છે પરંતુ કેટલાક કારણોસર આ યોજનાઓનો લાભ છેવાડાના વ્યકિતઓ સુધી પહોંચી શકતો નથી. આ લાભ પહોંચાડવામાં બિન સરકારી સંસ્થાનોની ભૂમિકા સૌથી અગત્યની છે. આજે વિવિધ ક્ષેત્રમાં કામ કરતા અનેક બિન સરકારી સંસ્થાનો અસ્તિત્વમાં છે જેઓ પોતાની રીતે, દાન દ્વારા, સરકારી અનુદાનો દ્વારા કે વિદેશમાંથી મળતા નાણાંના સહારે લોકો માટેની કલ્યાણકારી યોજનાઓને અમલમાં મુકીને ખાસ કરીને વંચિતો, સમાજના નબળા વર્ગના સભ્યો, દલિતો, મહિલાઓ, બાળકો તથા વૃદ્ધો

માટે અગત્યની સેવાઓ પૂરી પાડી રહયા છે. બિન સરકારી સંસ્થાનો દ્વારા સમાજ કલ્યાણનું કાર્ય જો આવી સંસ્થાઓ કાનૂની જાગરૂકતા ફેલાવવાનું કાર્ય કરે તો તે સમાજના વંચિતો માટે અમૂલ્ય સેવા પૂરી પડાય તેવું કહેવાશે. સમાજના વિવિધ વર્ગના લોકોને તેમના કાયદાકિય અધિકારો તથા હકથી જાગૃત કરાવીને તેમને મળતી યોજનાઓનો યથાયોગ્ય લાભ કઈ રીતે મેળવી શકાય તે માટે તથા અન્યાયનો સામનો કઈ રીતે કરી શકાય તે માટે તેમને કાનૂની જાગરૂકતા દ્વારા સજ્જ કરવામાં આવે છે. ગુજરાતના અગત્યના કાનૂની સેવા પૂરી પાડતા કેન્દ્રોમાં મહિલાઓ માટે "અવાજ", અને સમાજના દરેક વર્ગો માટે નિઃશુલ્ક કાનૂની સેવા અને સહાય પૂરી પાડતા, "શ્રી યોગક્ષેમ માનવ ગૌરવ સંસ્થાન" તેમજ "સામાજિક ન્યાય કેન્દ્ર" છે. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા વિવિધ ક્ષેત્રમાં કામ કરતા બિનસરકારી સંસ્થાનો માટે સમયાંતરે કાનૂની જાગરૂકતા શિબિરોનું આયોજન કરવામાં આવેલ છે. આ અંગેની માહિતી આપણને પરિશિષ્ટ ૧૧માંથી મળી આવે છે.

### ૪.૬.૭ સરકારી સત્તામંડળો

એક અહેવાલ પ્રમાણે, ભારતની કોર્ટોમાં કેસોનો અસંખ્ય ભરાવો થઈ ગયેલ છે. તેમાં સુપ્રિમ કોર્ટ, હાઈકોર્ટ તથા અધિનસ્થ અદાલતોમાં લગભગ ત્રણ કરોડ જેટલા કેસોનો ભરાવો છે. જેમાંથી ગુજરાત હાઈકોર્ટમાં લગભગ તેત્રીસ લાખ કેસો અનિર્ણિત છે. મોટાભાગના કેસો સરકાર સામેના કે સરકાર તરફી છે.

ફ્રાંસની અદાલતોની જેમ ભારતમાં વહીવટતંત્રની અલગ અદાલત નથી. ફ્રાંસમાં નાગરિકો–નાગરિકોને માટે અલગ અદાલત અને નાગરિકો અને વહીવટી અધિકારીઓ માટે અલગ અદાલત છે ભારતમાં નાગરિકો અને સરકારી અધિકારીઓ માટે એક જ ન્યાયપ્રણાલી અસ્તિત્વમાં છે.

કલ્યાણ રાજય બનવાને કારણે રાજયની જવાબદારીમાં અત્યંત વધારો થવાને કારણે, વહીવટી અધિકારીઓને વધુને વધુ સત્તાઓ આપવામાં આવી. એક કહેવત પ્રમાણે દરેક સત્તા ભ્રષ્ટાચારગામી હોય છે અને સંપૂર્ણ સત્તા એ સંપૂર્ણ ભ્રષ્ટાચારગામી હોય છે. આમ વધુ પડતી સત્તાને કારણે તેનો દુરઉપયોગ થયો જેના કારણસરકારીતંત્રના અભિગમ પ્રમાણે, નાગરિકોની જરૂરિયાતો કે પ્રશ્નોનો ઉકેલ ન આવવાના કારણે, નાગરિકોના હક્કનું વધુને વધુ માત્રમાં હનન થવા માંડયુ.

જો સરકારી સત્તા મંડળોમાં કાનૂની સહાયને લગતી જાગરૂકતા શિબિરોનું આયોજન કરવામાં આવે તો સરકારી અધિકારીઓ દ્વારા લોકોના હકનું વધુ સારી રીતે રક્ષણ અને જતન થઈ શકે. આમ તે કાનૂની સહાયમાં એક અગત્યનું માધ્યમ બની શકે તેમ છે. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા જુદા જુદા સત્તા મંડળોને માટે આવી જાગરૂકતા શિબિરોનું આયોજન કરી અધિકારીઓને આ પ્રત્યે જાગૃત કરવામાં આવે છે.

## પ્રકરણ–૫

# કાનૂની સહાય ગુજરાતમાં

## ૫(૧) ગુજરાત પરિચય

ધી બોમ્બે રી–ઓર્ગેનાઈઝેશન એકટ ૧૯૬૦, તા. ૨૫–૪–૧૯૬૦થી અમલમાં મૂકવામાં આવ્યો. આ ધી બોમ્બે રી–ઓર્ગેનાઈઝેશન એકટ ૧૯૬૦ના પાર્ટ–II ક. ૩ માં જ નવા રાજયની રચના કરવામાં આવી અને તેમાં જણાવવામાં આવ્યું કે, નિમણુંકની તારીખથી જ આ રાજયો અસ્તિત્વમાં આવશે અને તે રીતેતે સમયના બૃહદ મુંબઈ રાજયનું વિભાજન થતાં, તા.૧–૫–૧૯૬૦થી આ નવું રાજય અસ્તિત્વમાં આવ્યું. આ નવું રાજય "ગુજરાત રાજય" તરીકે ઓળખાયું.

હૂણ પ્રજા સાથે ભારતમાં પ્રવેશેલી "ગુર્જર" નામની વિદેશી જાતિનો પ્રદેશ એટલે ગુજરાત એવું કહેવામાં આવે છે.

ગુજરાતની વર્તમાન પરિસ્થિતિ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે દર્શાવી શકાય.

| ક્રમ નંબર | વિગત | માહિતી |
|---|---|---|
| ૧ | સ્થાપના | ૧ લી મે ૧૯૬૦ |
| ૨ | પાટનગર | ગાંધીનગર |
| ૩ | સ્થાન | ૨૦–૮ં અને ૨૪–૪૨ં |
| ૪ | ઉત્તર–દક્ષિણ લંબાઈ | ૫૯૦ કિ. મી. |
| ૫ | પૂર્વ–પશ્ચિમ લંબાઈ | ૫૦૦ કી. મી. |
| ૬ | ક્ષેત્રફળ | ૧,૯૬,૦૨૪ ચો. કિ. મી. |
| ૭ | રેલ્વે | ૫૧૮૬ કિ. મી. |
| **ક્રમ નંબર** | **વિગત** | **માહિતી** |
| ૮ | મુખ્ય ભાષા | ગુજરાતી |
| ૯ | પોસ્ટ ઓફિસ | ૮,૯૭૩ |
| ૧૦ | પંચાયતી રાજનો અમલ | ૧લી એપ્રિલ, ૧૯૬૩ |
| ૧૧ | ધારાસભા | એકગૃહી |
| ૧૨ | લોકસભા | બેઠક : ૨૬ |
| ૧૩ | રાજયસભા બેઠક | ૧૧ |
| ૧૪ | વિધાનસભા બેઠક | ૧૮૨ |
| ૧૫ | જિલ્લા | ૨૫ |
| ૧૬ | તાલુકા | ૨૨૪ |

| | | |
|---|---|---|
| ૧૭ | મહાનગર પાલિકા | ૭, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર અને જૂનાગઢ |
| ૧૮ | નગરપાલિકા | ૮૫ |
| ૧૯ | નગરપંચાયત | ૬૧ |
| ૨૦ | ગ્રામ પંચાયત | ૧૩,૭૫૩ |
| ૨૧ | શહેરો | ૨૪૨ |
| ૨૨ | ગામડા | ૧૮,૫૩૯ |
| ૨૩ | રાજયના કુલ મતદારો | ૩,૩૨,૩૮,૧૯૫ (૨૦૦૨) |
| ૨૪ | પુરૂષ મતદારો | ૧,૭૦,૬૬,૪૦૭ |
| ૨૫ | સ્ત્રી મતદારો | ૧,૬૧,૭૧,૭૮૮ |
| ૨૬ | ચોખ્ખી માથાદીઠ આવક | અંદાજિતઃરૂ.૨૮,૩૫૫/– (૨૦૦૪–૦૫) |
| ૨૭ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૧,૦૭૨ |
| **ક્રમ નંબર** | **વિગત** | **માહિતી** |
| ૨૮ | સામૂહિક આરોગ્ય કેન્દ્રો | ૨૭૩ |
| ૨૯ | વસતી | ૨૦૦૧ મુજબ |
| ૩૦ | કુલ વસતી | ૫,૦૬,૭૧,૦૧૭ |
| ૩૧ | પુરૂષો | ૨,૬૩,૮૫,૫૭૭ |
| ૩૨ | સ્ત્રીઓ | ૨,૪૨,૮૫,૪૪૦ |
| ૩૩ | પુરૂષ–સ્ત્રી પ્રમાણ | ૧૦૦૦ પુરૂષોએ ૯૨૦ |
| ૩૪ | સૌથી વધુ પુરૂષ–સ્ત્રીનું પ્રમાણ | ૯૮૭ સ્ત્રીઓ (અમરેલી અને ડાંગ જિલ્લો) |
| ૩૫ | સૌથી ઓછુ પુરૂષ–સ્ત્રીનું પ્રમાણ | ૮૩૫ સ્ત્રીઓ ( સુરત જિલ્લો ) |

| | | |
|---|---|---|
| ૩૬ | વસ્તી વૃદ્ધિનો દર | ૨૨.૬૬% |
| ૩૭ | વસતી ગીચતા | ૨૫૮ દર ચો. કી. મી. |
| ૩૮ | શહેરી વસતી | ૩૭.૩૬% |
| ૩૯ | અનુસૂચિત જનજાતિ | ૭૪,૮૧,૧૬૦<br>(કુલ જનસંખ્યાના ૧૪.૭૬% ) |
| ૪૦ | અનુસૂચિત જાતિ સંખ્યા | ૩૫,૯૨,૭૧૫<br>(કુલ જનસંખ્યાના ૭.૦૯%) |
| ૪૧ | વસતીની દ્રષ્ટિએ ભારતમાં ગુજરાતનું સ્થાન | ૧૦ મું |
| ૪૨ | સૌથી વધુ વસતી વધારાનો દર | સુરત (૪૭.૦૧% ) |
| **ક્રમ નંબર** | **વિગત** | **માહિતી** |
| ૪૩ | કૃષિ અને પશુપાલન | કપાસ, મગફળી, દિવેલાં, તલ અને વરીયાળી ઉત્પાદનમાં દેશમાં પ્રથમ– ડુંગળી ઉત્પાદનમાં દેશમાં બીજો ક્રમ – મગફળી, દિવેલાં, ડુંગળી ઉત્પાદકતા દેશમાં પ્રથમ તથા કૃષિ અને બાગાયતી પાક વિકાસ દર ૯.૩૭ ટકા (૧૯૯૪–૯૫ થી ૨૦૦૫–૦૬ ) – સોઈલ હેલ્થ કાર્ડ વિતરણ ૧૩.૫૩ લાખ ખેડૂતો– કૃષિ ઉત્પાદન : કૃષિપાક : ૧૫૧ લાખ મે.ટન – બાગાયતી પાક : ૧૧૫ લાખ મે. ટન – પશુપાલન : દુધાળા પશુઓ (૬૦ લાખ) – દુધ ઉત્પાદન (વાર્ષિક) : ૬૭.૪૫ લાખ મે. ટન – દુધ ઉત્પાદનમાં દેશમાં પાંચમાં ક્રમે |
| | **સાક્ષરતા :** | |

| | | |
|---|---|---|
| ૪૪ | અસરકારક સાક્ષરતા દર | ૬૯.૧૦% |
| ૪૫ | પુરૂષ સાક્ષરતા | ૭૯.૬૬% |
| ૪૬ | સ્ત્રી સાક્ષરતા | ૫૭.૮૦ % અનુ.જાતિ |
| ૪૭ | પુરૂષ સાક્ષરતા | ૮૨.૫૬% |
| ૪૮ | અનુ.જાતિ સ્ત્રી સાક્ષરતા | ૫૦.૩૮ % |
| ૪૯ | અનુ.જનજાતિ પુરૂષ સાક્ષરતા | ૫૯.૧૮% |
| ૫૦ | અનુ.જનજાતિ સ્ત્રી સાક્ષરતા | ૩૬.૦૨% |
| ૫૧ | સૌથી વધુ સાક્ષર જિલ્લો | અમદાવાદ (૭૯.૫૦% ) |
| ૫૨ | સૌથી ઓછો સાક્ષર જિલ્લો | દાહોદ (૪૫.૧૫ %) |
| **ક્રમ નંબર** | **વિગત** | **માહિતી** |
| | **શૈક્ષણિક સુવિધા :** | |
| ૫૩ | આંગણવાડી | ૪૧,૪૮૪ |
| ૫૪ | પ્રાથમિક શાળાઓ | ૪૦,૯૦૫ |
| ૫૫ | માધ્યમિક શાળાઓ | ૮,૨૧૬ |
| ૫૬ | ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | ૩,૫૭૪ |
| ૫૭ | પી.ટી.સી. કોલેજ | ૨૬૮ |
| ૫૮ | આઈ.ટી.આઈ. | ૩૩૭ |
| ૫૯ | કુટિર ઉદ્યોગ તાલીમ કેન્દ્ર | ૪૯ |
| ૬૦ | ઉચ્ચ શિક્ષણ કોલેજ | ૬૫૬ |

| | | |
|---|---|---|
| ૬૧ | ટેકનિકલ શિક્ષણ ઈન્સ્ટિટયૂટસ | ૪૭૧ |
| ૬૨ | મેડિકલ કોલેજ | ૧૩ |
| ૬૩ | ડેન્ટલ કોલેજ | ૮ |
| ૬૪ | ફિઝીયોપેરાપી કોલેજ | ૧૩ |
| ૬૫ | નર્સિંગ કોલેજ | ૩ |
| | **દરિયાઈ માહિતી : (બંદરો)** | |
| ૬૬ | દરિયાઈ સીમા | ૧૬૦૦ કિ.મી. |
| ૬૭ | અખાત | દક્ષિણે ખંભાતનો અખાત – પશ્ચિમે કચ્છનો અખાત |
| ૬૮ | બંદર | ૪૧ આયાત – નિકાસ (બંદર દ્વારા) ૧૦૮૦ લાખ મે. ટન. |
| **ક્રમ નંબર** | **વિગત** | **માહિતી** |
| ૬૯ | મહાબંદર | કંડલા (કેન્દ્ર સરકાર હસ્તક) – મધ્યમ તથા નાના બંદરો : ઓખા, માંડવી, ભરૂચ, ભાવનગર, નવલખી, વેરાવળ, બેડી, સિકકા, પોરબંદર, મગદલ્લા, અલંગ, બેટદ્વારકા, જાફરાબાદ, ઘોઘા, મહુવા, માંગરોળ, જખૌ, રાજપરા પીપાવાવ, દહેજ, મુન્દ્રા, હજીરા. |
| ૭૦ | સૌથી વધુ લાંબો દરિયા કિનારો ધરાવતો જિલ્લો | જામનગર |
| | **વન્ય સંપત્તિ :** | |
| ૭૧ | રાષ્ટ્રીય ઉદ્યાનો | ૪ |
| ૭૨ | અભયારણ્યો | ૨૨ |

| | | |
|---|---|---|
| ૭૩ | જંગલ વિસ્તાર | ૧૮,૬૫,૫૦૦ હેકટર (૨૦૦૧–૦૨) |
| ૭૪ | સિંહ | ૩૫૯ |
| ૭૫ | દિપડા | ૧,૦૭૦ |
| ૭૬ | રીંછ | ૨૪૭ |
| ૭૭ | ઘડખર | ૩,૮૬૩ |
| ૭૮ | નીલગાય | ૯૭,૦૦૪ |
| ૭૯ | ગીધ–જીપ્સ | ૨,૬૪૭ |
| ૮૦ | પક્ષીઓ | ૧૬,૦૨,૪૭૬ – ૧૪૯ પ્રજાતિ |
| ૮૧ | હવાઈ મથક | અમદાવાદ, રાજકોટ, ભૂજ, જામનગર, વડોદરા, ભાવનગર, પોરબંદર, કેશોદ, કંડલા |
| ૮૨ | આંતરરાષ્ટ્રીય હવાઈ મથક | અમદાવાદ |
| **ક્રમ નંબર** | **વિગત** | **માહિતી** |
| | **રસ્તા :** | |
| ૮૩ | નેશનલ એકસપ્રેસ વે | ૯૩ કિ.મી. |
| ૮૪ | રાષ્ટ્રીય હાઈવે | ૩,૧૬૭ કિ.મી. |
| ૮૫ | રાજય હાઈવે | ૧૮,૭૬૫ કિ.મી. |
| ૮૬ | ગામ રસ્તા | ૪૯,૧૫૫ કિ.મી. |
| ૮૭ | ગામડાઓનું રસ્તાથી જોડાણ | ૯૮.૮૦ |
| | **ઔદ્યોગિક માહિતી :** (નવે. ૨૦૦૬ અંતિત) | |
| ૮૮ | રજિસ્ટર્ડ ફેકટરી | ૩૧,૧૬૭ |

| | | |
|---|---|---|
| ૮૯ | રજિસ્ટર્ડ લઘુ ઉદ્યોગ | ૩.૧૦ લાખ |
| ૯૦ | મોટા અને મધ્યમ ઉદ્યોગ | ૨,૨૦૦ |
| ૯૧ | ઉત્પાદન | રૂા.૨,૦૭૩ અબજ |

## ૫.૧ સ્વાતંત્ર્ય પૂર્વે અને સ્વાતંત્ર્ય પશ્ચાત

### સ્વાતંત્ર્ય પૂર્વે

સ્વાતંત્ર્ય પૂર્વે બ્રિટીશ શાસનમાં, ૨૫મી મે ૧૯૪૪ના રોજ એક સમિતિ લોર્ડ રશકલીફના અધ્યક્ષ પદે નિયુકત થઈ હતી,[400] ભારતની ગરીબ પ્રજાને કાનૂની સહાય અને સલાહ કઈ રીતે આપી શકાય અને અસ્તિત્વ ધરાવતી પ્રથામાં તેમજ દીવાની તથા ફોજદારી પ્રક્રિયામાં કાનૂની સહાયની રીત કઈ રીતે સુધારી શકાય તે માટે આ કમિટિ નિયુકત થઈ હતી. આ કમિટિની ભલામણો નીચે મુજબની હતી.

૧) કાનૂની સહાય દરેક અદાલતોમાં મળવી જોઈએ અને બધા પક્ષકારોને સહાય આપવી જોઈએ.

૨) આ પ્રબંધો માત્ર સામાન્ય ગરીબો માટે નહીં પણ વિશાળ વર્ગને આવરી લેવાય એ રીતે થવા જોઈએ.

૩) કાનૂની સહાય માટે કઈ પણ ચૂકવવા જે અસમર્થ હોય, તેને તે સહાય મફત આપવી જોઈએ.

૪) આ યોજનાનો જે ખર્ચ થાય તે રાજયે ભોગવવો જોઈએ.

૫) આ યોજનાની સફળતા માટે કાયદાના વ્યવસાયમાં જોડાયેલાને જવાબદાર ગણવા જોઈએ.

---

400 Rushcliffe Committee was appointed in, England by Lord Chancellor ,in 1944 to enquire into Legal Aid Facilities to Poor in Civil and Criminal Cases.

૬)	સહાય લેનારને ગરીબ શબ્દથી ન સંબોધતા 'સહાય પ્રાપ્ત વ્યકિત' એ રીતે સંબોધવા જોઈએ.

## સ્વાતંત્ર્ય પશ્ચાત

રસકિલફ કમીટિ જે, બ્રિટીશ શાસનમાં થઈ હતી, તેની ભલામણોનો અમલ કે સ્વીકાર થાય તે પહેલા ભારત સ્વતંત્ર થયું, પણ તે સમયની ભારત સરકાર અને પ્રાંતીય સરકારો વચ્ચે આ સંદર્ભમાં જે પત્રવહેવાર થયો હતો તથા મુંબઈ રાજયની વિધાનસભા તથા વિધાન પરિષદે જે ઠરાવો કર્યા હતા તેના આધારે મુંબઈ સરકારે ન્યાયમૂર્તિ એન. એચ. ભગવતીના અધ્યક્ષપદે એક કમિટિની નિયુકિત ૨૩ માર્ચ ૧૯૪૯ના રોજ કરી હતી.[401]એ કમીટિએ દીવાની તથા ફોજદારી કામોમાં ગરીબ પ્રજા, મર્યાદિત સાધનોવાળી પ્રજા તથા પછાતવર્ગને કાનૂની સહાય આપવાના પ્રશ્નની વિચારણા કરી. જે ભલામણો આ કમિટિએ તા. ૩૧ ઓકટોબર ૧૯૪૯ના રોજ કરી તે ખૂબ જ અભ્યાસપૂર્વક થયેલી વ્યાપક ભલામણો હતી,[402] પણ નાણાંકીય મુશ્કેલીઓને લીધે તે પૂરી અમલી બની નહીં અને વધુ પ્રગતિ થઈ શકી નહીં. ૧૯૫૨ માં, ફરીથી ભારતસરકારે પ્રાંતીય સરકારોને, આ બાબતે વધુ સહાયના પ્રબંધો કરવા અને ફોજદારી કેસોમાં પાંચ વર્ષથી વધુ સજાપાત્ર અપરાધોમાં કાનૂની સહાય આપવા સૂચન કર્યુ. સને ૧૯૫૬ માં, ભારત સરકારે ફરીથી ત્રીજીવાર રાજયસરકારોને એવી સલાહ આપી કે કાનૂની સહાયનો પ્રશ્ન ગંભીર છે, અને પંચવર્ષિય યોજનાઓના સંદર્ભમાં ખર્ચની જોગવાઈ થવી જોઈએ, પણ મુંબઈ રાજય સરકારે આ બાબત પ્રોત્સાહક પ્રતિસાદ આપ્યો નહીં. લગભગ કોઈ રાજયમાં ગરીબો માટેની આ કાનૂની સહાયની યોજના

---

[401] Vide Government Resolution, Legal Department No. 3157 dated 23rd March,1949. the Report was submitted in 1950.

[402] An Outline of Legal Aid scheme as proposed by the committee on Legal Aid and Advice in State of Bombay has been given in Appendix I in the XIV Report of First Law commission 1958, Vol. 1.

બાબત ઉત્સાહ ન હતો. કારણ નાણાંકીય  જવાબદારી વધી જતી હતી.[403]સને ૧૯૫૭માં  સપ્ટેમ્બર, ૧૮ના રોજ મળેલી ભારતના બધા રાજયોના કાયદામંત્રીઓની પરિષદમાં એવો ઠરાવ સર્વાનુમતે થયો કે બધા રાજયોએ કાનૂની સહાય માટેની પોતાની યોજનાઓ ઘડવી અને ભારત સરકારના કાનૂન મંત્રાલયને મોકલવી. આ નિર્ણયથી રાજયોએ ગરીબ અને વંચિતને કાનૂની સહાય આપવી જોઈએ તે બાબતનો સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો, પણ તેના અમલ ઢીલો હતો.[404] સને ૧૯૫૮માં, ભારતના લૉ–કમિશને પોતાનો ન્યાયના વહીવટમાં સુધારા અંગેનો રિપોર્ટ રજૂ કર્યો, જેમાં એક આખું પ્રકરણ કાનૂની સહાય માટે આપ્યું અને ખેદ વ્યકત કર્યો કે રાજયસરકારો આ પ્રશ્નને ઓછો મહત્વનો ગણે છે, તે યોગ્ય નથી.[405]

સને ૧૯૬૦માં કેન્દ્ર સરકારે કાનૂની સહાય ગરીબોને મળે, તે માટેની એક યોજના ઘડી રાજયોને તથા આવા કાનૂની સહાય આપનારી સંસ્થાઓને મોકલી,[406] પણ સને ૧૯૬૨માં, આ યોજનાના નાણાંકીય ખર્ચને પહોંચી વળવાની રાજયોએ પોતાની લાચારી ફરીથી વ્યકત કરી, તેથી કેન્દ્ર સરકારે કેન્દ્રની સહાય અને ટેકાથી ચાલી શકે એવી યોજના બનાવી,[407] પણ તેમાં સફળતા મળી નહીં.

ટૂંકમાં રાજય સરકારો કાનૂની સહાયને મહત્વ આપતી નહોતી. જે પરિસ્થિતિ ગરીબો, અસમર્થો, અકિંચનો માટે નિરાશાજનક હતી.

આ સમય દરમ્યાન ગુજરાત, મુંબઈ રાજયમાંથી અલગ થઈ અલગ સ્વતંત્ર રાજય બની ચૂકયું હતું. નવી રચાયેલી ગુજરાત સરકાર, આ કાનૂની સહાય સલાહ અને પ્રજાકીયના હિત માટેના નિર્ણયો લેવા માટે વધુ જાગૃત હતી, તેથી ગુજરાત

---

[403] XIV Report of First Law Commission 1958,Vol.1 at 594.
[404] H.C.Dholakia,Legal Aid Development in India,10 KV.L.J.72,1984.
[405] Supra note 4,p.589.
[406] G.O.Koppel, Legal Aid in India, 8 J.O.I.L.I., 1966 at 246.
[407] Ibid.

સરકારે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ શ્રી પી. એન. ભગવતીના અધ્યક્ષપદે એક કમિટિની નિયુકિત કરી.[408] જેનો હેતુ કાનૂની સહાય અને સલાહમાં પ્રવૃત્ત સંસ્થાઓને પ્રોત્સાહન આપવાનો અને નાણાકીય સહાય આપવાનો હતો.

### ૫.૧(૧) ગુજરાત રાજયમાં ભગવતી કમિટિની રચના

સને ૧૯૮૭માં, કેન્દ્રનો 'લિગલ સર્વિસીઝ ઓથોરિટીઝ એકટ'[409] અમલી બન્યો, પણ ગુજરાત તે પહેલાંથી (૧૯૭૦ થી) કાનૂની પ્રશ્નના સંદર્ભમાં જાગૃત હતું.

કાનૂની સહાયના અતિ મહત્વના પ્રશ્નના સંદર્ભમાં, ગુજરાતની સરકારે, ગરીબો તથા પછાત અને દલિત વર્ગો માટે કાનૂની સહાયની અનિવાર્યતાનો સ્વીકાર કરી સને ૧૯૭૦ના જુનની ૨૨મી તારીખે એક આજ્ઞા બહાર પાડી, એક કમિટિ રચી[410]એ કમિટિના અધ્યક્ષ તરીકે ન્યાયમૂર્તિશ્રી પી. એન. ભગવતીની નિયુકિત કરી હતી. કમિટિના સભ્યો તરીકે એ વખતના ગુજરાતના એડવોકેટ જનરલ જે. એમ. ઠાકોર, વસંતલાલ વી. મહેતા અને માધવસિંહ સોલંકીની નિયુકિત થઈ હતી અને કમિટિના કાર્યકારી સચિવ કે. એમ.સતવાણી હતા.

આ નિયુકિતના હુકમના ત્રીજા પેરેગ્રાફમાં આ કમિટિની નિયુકિતનો હેતુ સ્પષ્ટ કરતાં, સરકારે એવી સ્પષ્ટતા કરી કે દીવાની, ફોજદારી, મહેસુલી પ્રશ્નો, મજુર પ્રશ્નો તથા અન્યકાર્યવાહીમાં ગરીબ વ્યકિતઓને, મર્યાદિત સાધનોવાળી વ્યકિતઓને અને પછાત વર્ગની જનતાને કાનૂની સહાય આપવાના પ્રશ્નની વિચારણા કરવા તથા

---

408 Report of the LegalAid Committee, Appointed by the Government of Gujarat under Government Resolution, Legal Department No.LAC/1070/D, Dated 22nd June 1970. The Report was submitted in 1971 at iii.

409 The Legal Services Authorities Act, 1987 (Act No.39 of 1987) Received the assent of the president on 11-10-1987 Act published in Gaz. of India; 12-10-1987 part II-5,1, (No.55). For statement of objects and Reasons, see Gaz. of India; 24-8-1980 Part II-5.2, Ext. at 28 (No.39).

410 Supra note 9.

એવી ભલામણો કરવાના હેતુથી આ નિયુકિત થાય છે, જેથી આવી વ્યકિતઓને કાનૂની સહાય અને સલાહ સરળતાથી મળી શકે અને ન્યાય સરળતાથી ઉપલબ્ધ થાય.

ત્રીજા પેરેગ્રાફના અંતમાં, એવું પણ ઉમેર્યુ છે કે આવી કાનૂની સલાહ તથા સહાયમાં પ્રવૃત્ત સંસ્થાઓને પ્રોત્સાહન આપવા, અને નાણાંકીય સહાય આપવાના પ્રશ્નની પણ વિચારણા આ કમિટિએ કરવી અને કમિટિએ પોતાનો અહેવાલ ચાર મહિનામાં રજૂ કરવો. આ રીતે કાનૂની સહાય–સલાહ અને લોકઅદાલતનો પાયો ગુજરાત માં આ કમિટિના અહેવાલથી નખાયો.[411]

ગુજરાત લિગલ એઈડ કમિટિ એ ૭ જૂલાઈ ૧૯૭૦ ના રોજ કામ શરુ કર્યુ અને સૌ પ્રથમ આ અંગેની ભૂમિકા તૈયાર કરી,કાનૂની સહાય પ્રત્યે જનતાનો અભિપ્રાય શું છે તે જાણવા એક પ્રશ્નોતરી તૈયાર કરી અને વહેંચી, જેમાં ૩૭ પ્રશ્નો હતા. આ પ્રશ્નોતરીના ઉત્તરો અને સૂચનો જે જુદી જુદી વ્યકિતઓ તરફથી મળ્યા તેની સંખ્યા ૩૧૫ હતી, તેમાં ૧૨ જજીસ, અમદાવાદ સિટી સિવિલ ક્ષેત્રના ન્યાયાધિશ, સ્મોલ કોઝ કોર્ટના જજીસ, આસિસ્ટન્ટ જજીસ, સિનિયર જજીસ, જૂનિયર ડિવિઝન જજીસ, ડિસ્ટ્રીકટ અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, તાલુકા મેજિસ્ટ્રેટ, સરકારી વકીલો, પોલીસ પ્રોસિકયુટર, બાર એસોસિએશન્સ, વિધાનસભાના સભ્યો, જિલ્લા પંચાયતોના પ્રમુખો અને ૪૨ ખાનગી વ્યકિતઓએ આ પ્રશ્નાવલીનાં જવાબો તથા સૂચનો મોકલ્યાં. એ રીતે ૩૧૬ નિવેદનો વ્યકિતઓ તથા જુદા જુદા સંગઠનો અને મંડળો વિગેરે પાસેથી મળ્યા.[412]

સને ૧૯૭૦ ના નવેમ્બર–ડિસેમ્બરમાં કમિટિએ અમદાવાદ, વડોદરા અને રાજકોટ એમ ત્રણ કેન્દ્રોએ અસંખ્ય સાક્ષીઓની જુબાનીઓ લીધી જેમાં

411 Ibid

412 Ibid

ન્યાયાધીશો, વકીલો, કાયદાના શિક્ષકો, સામાજિક કાર્યકર્તાઓ, પ્રતિષ્ઠિત નાગરિકોનો સમાવેશ થતો હતો. પ્રથમ બેઠક રાજકોટ, બીજી વડોદરા અને ત્રીજી અમદાવાદમાં થઈ. આ સુનાવણી ૨૨ દિવસ ચાલી અને તેમાં ૧૬૯ જુબાની દેનાર વ્યકિતઓ ઉપસ્થિત થઈ. કમિટિની એકંદરે ૪૦ બેઠકો થઈ.[413]

## ૫.૧ (૨) ભગવતી કમીટિનો અહેવાલ

આ કમિટિનો અહેવાલ ૧૪ વિભાગમાં વહેંચાયેલો છે.[414] પ્રથમ ભાગમાં કમિટિએ કાનૂની સહાયનું તત્વજ્ઞાન સમજાવ્યું છે.

ભારતના બંધારણના અનુચ્છેદો ૧૪ તથા ૩૮ ને મહત્વ આપી (જોગવાઈઓને મૂળરૂપમાં લેવી) કાનૂન સમક્ષ સમાનતા અથવા કાનૂનની સમાન સુરક્ષાની વાત કરેલ છે. બંધારણના અનુચ્છેદ ૩૮ પ્રમાણે એવી સમાજ રચનાનો અનુરોધ કરવામાં આવ્યો છે, જેમાં અસરકારક રીતે રાષ્ટ્રજીવનમાં સામાજિક, આર્થિક અને રાજદ્વારી ન્યાય પ્રજાને ઉપલબ્ધ થાય.

આ રીતે સમાન ન્યાયનું, સમાન રીતે વિતરણ થાય એ મૂળભૂત આવશ્યકતા છે. જે માટે વિધેયાત્મક અને પ્રકિયાત્મક કાયદાઓનો સમાન લાભ, પ્રજાને મળે, પણ આ પરિસ્થિતિ માટે પ્રજાની સામાજિક, આર્થિક અને રાજકીય પરિસ્થિતિમાં આજે જે ભેદ પ્રચલિત છે તે અડચણરૂપ નીવડે તેમ છે. ગરીબ–અમીર વચ્ચે, શિક્ષિત અને નિરક્ષર વચ્ચે, ન્યાય વહીવટમાં અસમાનતા એ સમાજ માટે ઘાતક છે. પ્રર્વતમાન સામાજિક અને આર્થિક અસમાનતા મટાડવા કાનૂનને વિધેયાત્મક રીતે, ગરીબ તરફી બનાવવા અને શ્રીમંતોને મળે તેવો જ લાભ ગરીબોને મળે એવો બનાવવા,

---

413 Ibid

414 Supra note 4, p.1.

અને આજે કાયદો પહેલાં કરતાં વધારે સામાન્ય માનવના જીવન તથા વહેવારોને સ્પર્શે છે તે માનવના રોજબરોજના જીવન સાથે પ્રત્યેક ક્ષણે કાયદો સંકળાયેલો છે.

ઉપર દર્શાવેલ ન્યાયમૂર્તિ ભગવતીની સમિતિના અહેવાલના છઠ્ઠા ભાગમાં આ કાનૂની સહાય કાર્યક્રમના ધ્યેય તથા હેતુ બતાવેલ છે.

અહેવાલનાં આઠમા ભાગમાં કાનૂની સહાયના કાર્યક્રમનું સંગઠન માળખું કેવું હોઈ શકે એ બતાવ્યું છે, તે માટે પ્રથમ મતો કાનૂની સહાયનો વ્યાપ અને વિસ્તાર કયો હોઈ શકે તેનો વિચાર કરતાં, લાગે છે કે દરેક અદાલતી કાર્યવાહીમાં દાવાના મૂલ્યની કોર્ટ ફી, બીજા બોજાઓ અને ખર્ચ જે થાય તેમાં –

૧) કોર્ટ ફી એટલે દાવો અગર અદાલતી કાર્યવાહી દાખલ કરવાનું શુલ્ક તથા વચગાળાની અન્ય પ્રક્રિયાત્મક કાર્યવાહીનાં શુલ્ક તથા બજાવણી ખર્ચ બધાનો સમાવેશ થાય.

૨) સમન્સ કાઢવાની ફી, બજાવવાનો ખર્ચ, તથા અન્ય વચગાળાની મનાઈ હુકમો જેવી કાર્યવાહી ઈત્યાદિનો ખર્ચ પણ સમાવિષ્ટ થાય.

૩) પક્ષકારોના ખીસ્સામાંથી અદાલતમાં નહીં, પણ બહાર થતો ખર્ચ, જેવા કે સાક્ષી ભથ્થા, ખરીનકલોનો ખર્ચ, ઈત્યાદિનો સમાવેશ થાય છે અને

૪) વકીલાતની ફી જે પક્ષકારે પહેલેથી ચૂકવવી પડે તેનો સમાવેશ થાય છે.

આ ખર્ચમાં પક્ષકારોનો પોતાના નિવાસ સ્થાનેથી અદાલતના સ્થળે જવાનો મુસાફરી ખર્ચ, તેમજ મુદતને દિવસે સાક્ષીઓને લાવવા તથા પાછા લઈ જવાનો મુસાફરી તથા ખાધાખોરાકીનો ખર્ચ, એ બધાનો હિસાબ કરતા કાનૂની કાર્યવાહી કેટલી ખર્ચાળ છે તે દર્શાવેલ છે. તેથી પ્રશ્ન એ થાય છે કે, કાનૂની સહાયના ક્ષેત્રમાં આ બધા ખર્ચમાંથી કયા ખર્ચનો સમાવેશ કરવો જોઈએ અને તે કાનૂની સહાય ભંડોળમાંથી ચૂકવવા જોઈએ તેમ દર્શાવેલ છે.

## ૫.૧ (૩) ગુજરાતમાં ભગવતી કમિટીના રિપોર્ટનો અમલ

ભારતમાં કાનૂની સહાયના ક્ષેત્રમાં ગુજરાત અગ્રેસર છે. કાનૂની સહાયનો પ્રારંભ સને ૧૯૭૨ થી ગુજરાતમાં શરૂ થયો હતો.[415] એ પ્રથમ પ્રયત્ન પ્રાયોગિક હતો, કારણ સમગ્ર કાનૂની માળખામાં અને આજ સુધીની પ્રચલિત કાનૂની પ્રથામાં આ એક નવું પગલું હતું. તેનો વ્યાપ શરૂઆતમાં ખૂબ જ મર્યાદિત રાખવામાં આવ્યો હતો અને દરેક જિલ્લાનો એક તાલુકો તે માટે પસંદ કરવામાં આવ્યો હતો, આ પસંદ થયેલા તાલુકા, રાજયનાં પછાત ગણાતા તાલુકા હતા. આ પ્રથમ પગલામાં કોર્ટોમાં વિચારાધિન હોય તેવા કેસોમાં વકીલ રોકી આપવાનું કાર્ય થતું હતું.

સંસદે, લિગલ સર્વિસીઝ ઓથોરિટીઝ એકટ, ૧૯૮૭ માં ઘડયો તે પહેલાં ગુજરાત રાજયમાં, ગુજરાત સરકારે ગરીબોને તથા રાજયના પછાત વર્ગોને લગતા કાનૂની સહાયના પ્રશ્નના સંદર્ભમાં એક સમિતિ ન્યાયમૂર્તિ શ્રી પી. એન. ભગવતીનાં અધ્યપક્ષપદે તે પ્રશ્ન બાબત તપાસ કરી રાજય સરકાર પોતાનો અહેવાલ રજૂ કરવા નિયુકત કરી હતી.આ કમિટિએ પોતાનો અહેવાલ સને ૧૯૭૧ માં રજૂ કર્યો.

ભગવતી કમિટિનો આ અહેવાલ સને ૧૯૭૧ માં રજૂ થયો, તેના અનુસંધાનમાં તેની સૂચનાઓને અને ભલામણોને અમલ કરાવવા માટે ગુજરાત રાજય સરકારે એક પાઈલોટ પ્રોજેકટ બનાવ્યો. જે ગરીબોને કાનૂની સહાય તથા સલાહ આપવા શું થવું જોઈએ તથા શું થઈ શકે તે માટેનો હતો. આ પ્રોજેકટ સને ૧૯૭૨ માં થયો, તે વખતે રાજયના અમુક પછાત વિસ્તારોને પસંદ કરવામાં આવ્યા અને આ પ્રોજેકટનો લાભ પ્રજાના અમુક જ કક્ષાના લોકોને આપવા અને ઉપલબ્ધ કરાવવા પ્રબંધ થયો તેમજ આ કાનૂની સહાય યોજના માટે અને યોજનાનું નિયંત્રણ કરવા માટે ગુજરાતની રાજય સરકારે નિયમો ઘડયા.

---

[415] Government of Gujarat, Resolution No.LAC/1017/D Dated 31-1-1972.

૧) કાનૂની સહાય નિયમો ૧૯૭૨ [416]

૨) કાનૂની સલાહ નિયમો ૧૯૭૨ [417]

૩) લિગલ એઈડ (ડીફેન્સ પર્સોનલ) નિયમો ૧૯૭૨ [418]

એ પ્રમાણે નિયમો રચાયાં.

આ પાઈલોટ પ્રોજેકટના અમલ અંગેની કાર્યવાહી પછી સને ૧૯૭૬માં (મફત) કાનૂની સહાય તથા સલાહ ગુજરાત રાજયમાં બધે સ્થળે બધી જ વ્યકિતને ઉપલબ્ધ થાય તે રીતે તેનું વિસ્તૃતિકરણ કરવામાં આવ્યું.

ગુજરાત રાજયમાં ગરીબ તથા મર્યાદિત આર્થિક સાધનોવાળી દરેક વ્યકિતને તેનો લાભ મળે એ માટે સને ૧૯૮૨ માં, ગુજરાત રાજય સરકારે આ કાનૂની સહાયના સંદર્ભમાં પોતાની નિતિ જાહેર કરી અને એક નવી સર્વગ્રાહી યોજના કાનૂની સહાય તેમજ સલાહ માટેની અસ્તિત્વમાં આવી. જે "ગુજરાત સ્ટેટ લિગલ એઈડ એન્ડ એડવાઈઝ" યોજના ૧૯૮૨ તરીકે ઓળખાય છે.[419] આ ૧૯૮૨ ની યોજનાના અમુક જોગવાઈઓમાં ગુજરાત સરકારના કાયદા ખાતાએ તારીખ ૧૨/૪/૧૯૮૫ ના પોતાના સરકારી હુકમ તથા પરિપત્રોથી સુધારા પ્રચલિત કર્યા. [420]

આ નિયમો ૧૯૮૫ માં, પ્રચલિત થયા તેમાં મર્યાદિત આવકવાળા પ્રજાજનોને તથા સામાજિક અને આર્થિક રીતે આજ પર્યંત વંચિત એવા વિશાળ વર્ગને લક્ષમાં રાખી કાનૂની સહાયની સરળ ઉપલબ્ધતા શકય થાય તેવા પ્રબંધો થયા. આ અંગે બધુ જ કરવા ગુજરાત સરકાર તથા કાનૂનના વ્યવસાયીઓ વચનબદ્ધ હતા અને આવા

---

416 Notifiation No.GHK-300/72/LAC/-1072-D/(i) Dated 3-11-1972

417 Notifiation No.GHK-300/72/LAC/-1072-D/(ii) Dated 3-11-1972

418 Notifiation No.GHK-300/72/LAC/-1072-D/(iii) Dated 3-11-1972

419 Gujarat Legal Aid and Advise Scheme came in to force 1982 and Gujarat Legal Aid and Advise Board as constituted by the Govt, of Gujarat Resolution No. LAC/1080/3290/D. Dated 30-4-1982

420 Gujarat Legal Aid and Advise Schme 1982, some clause of the scheme have been amented vide G.R. Legal Dept. No. LAC/1080/3290/LA cell Dated 12-4-1985.

ઉપેક્ષિત તથા પછાત વર્ગો માટે મફત કાનૂની સહાય તથા સલાહની પ્રવૃત્તિ શરૂ થઈ. આમ, સને ૧૯૭૬ માં, ભારતના બંધારણના વિભાગ–૪ માં રાજયનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોમાં જે નવો અનુચ્છેદ ૩૯(અ) ઉમેરાયો હતો તેનાથી રાજય ઉપર ગરીબોને કાનૂની સહાય માટે જે જવાબદારી ઉત્પન્ન થઈ હતી તે અદા કરવાના હેતુથી ૧૯૮૨ નાં ઉપર સૂચિત હુકમો થયા હતાં. ગુજરાત રાજયની આ નવી કાનૂની સહાય યોજના પ્રમાણે ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડની રચના સને ૧૯૮૨ માં થઈ.

## ૫.૨ ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ

### ૫.૨(૧) ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડની રચના

ગુજરાત રાજય સરકારે તા.૩૦મી એપ્રિલ ૧૯૮૨ના રોજ એક ઠરાવ[421] કરી મફત કાનૂની સહાય અને સલાહ યોજના નવા સ્વરૂપે દાખલ કરી તેનો તત્કાલ અમલ શરૂ કર્યો. આ યોજનાના સુચારૂ અમલ માટે 'ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ' એ નામનું વિધિસરનું વ્યવસ્થાતંત્ર ઉભું કરવામાં આવ્યું. ત્યારબાદ અનુચ્છેદ ૩૯(અ) નાં અનુસંધાનમાં આ બોર્ડમાં જુદા જુદા વર્ગના ૧૮ સભ્યોને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું. આ બોર્ડની વડી કચેરી ગુજરાત હાઈકોર્ટ કમ્પાઉન્ડ(જુના)માં રાખવામાં આવી અને એ રીતે ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડની રચના થઈ. [422]

આમ, સમાજના નબળા વર્ગોની વ્યકિતઓ તથા અપૂરતા આર્થિક સાધનોવાળી વ્યકિતઓને મફત કાનૂની સહાય આપવાની ભાવનાથી મફત કાનૂની સહાય અને સલાહ આપવાની એક યોજના સરકાર દ્વારા તૈયાર કરી તેના અમલ માટે ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડની રચના કરવામાં આવી.

---

421 Supra note 20.

422 કાનૂની શિક્ષણ શિબિર, પ્રકાશક ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ જાન્યુ. ૧૦૦૪ તેમજ કાનૂની સહાય બોર્ડની પ્રવૃત્તિઓ અંગેની માહીતી પ્રકાશક ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ, માર્ચ – ૧૯૯૩ પાના નં. ૨

## ૫.૨(૨) ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડનું માળખું

આ બોર્ડનું માળખું નીચે પ્રમાણે હતું :–

(૧) ગુજરાત રાજયના મુખ્યમંત્રી, હોદ્દાની રૂએ અધ્યક્ષ તરીકે.

(૨) ગુજરાત રાજય વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ, હોદ્દાની રૂએ સહઅધ્યક્ષ તરીકે.

(૩) રાજયની હાઈકોર્ટના કોઈ ચાલુ અથવા નિવૃત્ત ન્યાયમૂર્તિ ઉપાધ્યક્ષ તરીકે.

(૪) ઉપરાંત

અ: મંત્રીશ્રી, કાયદો અને ન્યાયતંત્ર.

બ: કાયદા વિભાગના સચિવ હોદ્દાની રૂએ બોર્ડના સભ્યો તરીકે.

(૫) રાજય સરકાર, સંસદસભ્ય, ધારાસભ્ય, બાર કાઉન્સીલના સભ્ય, વકીલોના પ્રતિનિધિ, અનુસૂચિત જાતિના પ્રતિનિધિ, અનુસૂચિત જનજાતિના પ્રતિનિધિ, ઔદ્યોગિક મજૂરોના પ્રતિનિધિ, સ્ત્રીઓના પ્રતિનિધિ વગેરેમાંથી પણ સભ્યો તરીકે.

(૬) વિદ્યમાન કે નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશ, સિટિ સિવિલ કોર્ટના ન્યાયાધીશ, આસી.જજ વગેરેમાંથી જે સહઅધ્યક્ષશ્રીને યોગ્ય જણાય તેને બોર્ડના સભ્ય સચિવ તરીકે નિમવામાં આવતાં.[423]

આ બોર્ડની પ્રવૃત્તિઓના અમલીકરણ માટે નીચે મુજબની પેટા કચેરીઓની રચના કરવામાં આવેલ. જે કોર્ટ પંચના સત્તા વિસ્તારમાં બાબત આવતી હોય તે કોર્ટ પંચના કાર્યાલયમાં આવેલ કાનૂની સહાય સમિતિ તે બાબત અંગેનું કામ સંભાળતી.

---

[423] Ibid

– રાજયની હાઈકોર્ટ કાનૂની સહાય સમિતિના અધ્યક્ષ મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે તથા કામકાજ માટે એક સચિવની નિમણૂંક કરવામાં આવતી.

– સિટિ સિવિલ અને સેશન્સ કોર્ટ કાનૂની સહાય સમિતિ માટે તે જ કોર્ટના પ્રિન્સિપાલ જજ આ સમિતિના અધ્યક્ષ તરીકે.

– સ્મોલ કોઝ કોર્ટ કાનૂની સહાય સમિતિ માટે તે જ કોર્ટના ચીફ જજ આ સમિતિના અધ્યક્ષ તરીકે.

– ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ કાનૂની સહાય સમિતિ માટે ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ આ સમિતિના અધ્યક્ષ તરીકે.

– મજૂર અને ઔદ્યોગિક કોર્ટ કાનૂની સહાય સમિતિ માટે તે જ કોર્ટના પ્રમુખ આ સમિતિના અધ્યક્ષ તરીકે.

– ગુજરાત મહેસુલ પંચ કાનૂની સહાય સમિતિ માટે તે જ પંચના અધ્યક્ષ આ સમિતિના અધ્યક્ષ તરીકે.

– તમામ જિલ્લા અને સેશન્સ કોર્ટમાં જિલ્લા કાનૂની સહાય સમિતિઓની રચના કરવામાં આવેલી અને તે જિલ્લા ન્યાયાધીશ તે સમિતિના અધ્યક્ષ તરીકે.

– તમામ તાલુકા કોર્ટમાં તાલુકા કાનૂની સહાય સમિતિઓની રચના કરવામાં આવેલી અને જે તે તાલુકાના મુખ્ય સિનિયર જજ તે સમિતિના અધ્યક્ષ તરીકે નિમવામાં આવતા.[424]

## ૫.૨(૩) ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડની પ્રવૃત્તિ

આ બોર્ડની પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે હતી.

---

424 કાનૂની સહાય અને લોક અદાલત તથા અન્ય પ્રવૃત્તિ અંગે માહિતી, પ્રકાશક ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડલ ફેબ્રુઆરી ૧૯૯૦ પાના નં. ૪

૧. કાનૂની સહાય અને સલાહ ક્ષેત્રે

સમાજના નબળા વર્ગોની વ્યકિતઓ તથા અપૂરતા આર્થિક સાધનોવાળી વ્યકિતઓને મફત કાનૂની સહાય આપવાની ભાવનાથી ગુજરાત રાજય સરકારે ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહકાર બોર્ડની રચના કરી.

આ બોર્ડની મુખ્ય પ્રવૃત્તિ કોઈપણ દીવાની, ફોજદારી, મહેસૂલી, મજૂર કે ઔદ્યોગિક અદાલત, પંચ કે સત્તાધારી સમક્ષ ચાલતા કે દાખલ કરવાના દાવા, ફરિઆદ, અરજી, અપીલ, રીટ અરજી, રિવિઝન અરજી અગર પ્રકરણ અંગે સમાજના નબળા વર્ગોની વ્યકિતઓને તથા અપૂરતા આર્થિક સાધનોવાળી વ્યકિતઓને મફત કાનૂની સહાય આપવાની અને આ અંગે રાજયમાં આવેલ કોઈપણ કોર્ટ,પંચ કે સત્તાધારી સમક્ષ રજૂઆત વગેરે કાર્ય માટે બોર્ડ તરફથી મફત વકીલની સહાય આપવાની હતી તથા કેસ દાખલ કરવા માટે જરૂરી સ્ટેમ્પ ફી, નકલ ફી, પ્રોસેસ ફી વગેરેનો ખર્ચ પણ આપવામાં આવતો અને તે બોર્ડની મુખ્ય પ્રવૃત્તિ હતી. [425]

### ૫.૨(૪) કાનૂની સહાય અને સલાહ ક્ષેત્રે

શરૂઆતમાં કાર્યક્ષેત્ર મર્યાદિત રાખવા એવા જ પક્ષકારોને કાનૂની સહાય આપવાનું ધોરણ હતું જેની વાર્ષિક આવક માત્ર રૂા. ૫,૦૦૦/– અથવા તેથી ઓછી હોય, પરંતુ તે પછી ફુગાવો થતાં તથા મોઘવારી વધતા એ નાણાંકીય મર્યાદા પ્રથમ વધારીને સને ૧૯૮૫ માં રૂા.૬૦૦૦/–, પછી ઓકટોબર–૧૯૮૮ માં રૂા.૧૨,૦૦૦/– અને[426]ત્યારપછી રૂા. ૨૦,૦૦૦/–ની વાર્ષિક આવકવાળી દરેક વ્યકિતને આવી કાનૂની સહાય મળી શકે એવું ધોરણ હતું, પણ આ નાણાંકીય મર્યાદા અમુક પ્રકારની વ્યકિતઓને લાગુ પડતી નહીં અને આવા ખાસ વર્ગોમાં –

---

425 Ibid at p.5

426 The General outline of Legal Aid work in Gujarat State, Published by the Gujarat State Legal Aid and Advise Board, March 1992 at 3.

**અનુસૂચિત જાતિ,**

**અનુસૂચિત જનજાતિ,**

**વિમુકત જાતિ,**

**ભટકતી – વિચરતી કોમો,**

**સ્ત્રીઓ અને**

**બાળકો**

**ને આ વાર્ષિક આવકની મર્યાદા લાગુ પડતી નહોતી.**[427]

**વધુમાં નીચે જણાવેલ કિસ્સાઓમાં કાનુની કાર્યવાહી દાખલ કરવા અથવા સહાય આપવા માટે બોર્ડને અધિકાર આપવામાં આવેલ.**

**(અ) અતિ મહત્વની જાહેર બાબતમાં,**

**(બ) જેમાં સમાજના નબળા વર્ગને સ્પર્શે તેવો ચૂકાદો આવવાની શકયતા હોય તેવા કોઈપણ કસોટીરૂપ કિસ્સામાં,**

**(ક) અન્યથા કાનૂની સહાયને પાત્ર ગણવામાં આવે તેવા કોઈ પણ કિસ્સામાં કાનૂની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ.** [428]

**આમ, કોઈ કિસ્સામાં જનહિત સમાયેલું હોય તો તેવા કિસ્સામાં કાનૂની સહાય આપવામાં આવતી. વધુમાં સમાજના નબળા વર્ગના માણસોને અસર પહોંચતી હોય તેવા કિસ્સામાં પણ કાનૂની સહાય આપવામાં આવતી હતી.** [429]

**ઉપર જે આવકની મર્યાદા સહાય પાત્રતા માટે બતાવી અથવા જે સહાય સલાહ માટે અધિકૃત વિશિષ્ટ વ્યકિતઓ કે વર્ગો બતાવ્યા તેને કાનૂની સહાય તથા**

---

427 કાનૂની સહાય બોર્ડની પ્રવૃત્તિઓ અંગેની માહિતી,લ પ્રકાશક ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ માર્ચ ૧૯૯૩ પાનનં.૬

428 કાનૂની સહાય અને લોક અદાલત તથા અન્ય પ્રવૃત્તિ, પ્રકાશક ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ ફેબ્રુઆરી ૧૯૯૦ પાનનં.૫

429 Ibid,at 5.

સલાહ બોર્ડ દ્વારા જરૂર મળતી, પણ તેવી સહાય દરેક વાદગ્રસ્ત પ્રશ્નોમાં મળવી જોઈએ એવો પ્રબંધ નહોતો. કેટલાક વિવાદો, વાદગ્રસ્ત પ્રશ્નો એવા હોય કે જેમાં સમાજ, રાષ્ટ્ર કે જનતાનું કંઈ જ હિત ન હોય અને માત્ર એક જ વ્યકિતનું હિત સમાવિષ્ટ થતું હોય તો, તેવા પ્રસંગોમાં કાનૂની સહાય મળી શકતી નહી. આવા પ્રસંગો નીચે પ્રમાણેના હતા.

(અ) બદનક્ષી કે માનહાની જેમાં માત્ર એક જ વ્યકિતને હિત હોય.

(બ) દ્વેષપૂર્વકની ફરિયાદ માં જેને હાનિ થઈહોય તે વ્યકિતને જ હિત હોઈ શકે.

(ક) લગ્નસંબંધી તકરારો અથવા લગ્ન કરાર કે તેના ભંગના પ્રસંગોમાં માત્ર પતિ–પત્નીને જ હિત હોઈ શકે.

(ડ) બળાત્કાર અગર પ્રપંચથી કોઈ સ્ત્રી સાથેના દુર્વ્યવહારમાં તે સ્ત્રીને જ હિત હોઈ શકે.

(ઈ) ચૂંટણી યથાર્થતાની તકરારોમાં તે વ્યકિત ઉમેદવારને જ હિત હોઈ શકે.

(ઉ) માસ દંડ થાય તેવા ફોજદારી ગુન્હા માટે સજા પામનારને જ હિત હોય.

(ઋ) દારૂબંધી ધારો, જુગાર પ્રતિબંધક કાયદો, અનૈતિક વહેવાર માટે લોહીનો વેપાર, પોલીસ અધિકારમાં ન આવે તેવા અપરાધો તથા કેસ સેશન્સમાં મોકલવાની પ્રક્રિયા.

આ બધા એવા પ્રસંગો છે જેમાં સંડોવાયેલ અથવા જેનાથી વ્યથિત થયેલ વ્યકિતએ પોતાનો બચાવ પોતે જ કરી લેવો જોઈએ, કારણ એ માત્ર વ્યકિતના જ પ્રશ્નો છે, સમાજની સમસ્યાઓ નથી અને રાજય એવી તકરારો કે દાવામાં સહાયરૂપ થઈ શકે નહીં. [430]

---

[430] Ibid

## ૫.૨(૪)(૧) કાનુની સહાય અને સલાહ મેળવવા માટે

કાનૂની સહાય માંગનાર જે કોઈ વ્યકિત

(અ) ફકત પ્રતિનિધિની હેસિયતથી અથવા

(બ) ફકત વિશ્વાસપાત્ર કે સત્તાવાર હેસિયતથી હિત ધરાવતી હોય તેવી વ્યકિતને મફત કાનૂની સહાય આપવામાં આવતી નહીં.

આમ, જયારે કોઈપણ કાનૂની કાર્યવાહીમાં કાનૂની સહાય માંગનાર કોઈપણ વ્યકિતનું પોતાનું હિત અન્ય વ્યકિત કે વ્યકિતઓ સાથે સંયુકત રીતે સમાન હિત હોય અને તેવી અન્ય વ્યકિત કે વ્યકિતઓ સદર કાર્યવાહીમાં પુરતું પ્રતિનિધિત્વ ધરાવતી હોય તેવા કિસ્સામાં કાનૂની સહાય માંગનાર વ્યકિતને કાનૂની સહાય મળી શકતી નહીં.

તેમ જ જયારે કાનૂની સહાય માંગનાર કોઈપણ વ્યકિત કાનૂની કાર્યવાહીમાં ઔપચારિક રીતે પક્ષકાર હોય અને જેને સદર કાર્યવાહીના પરિણામથી કોઈ મહત્વનો ફેર ન પડતો હોય અથવા સદર કાર્યવાહીમાં યોગ્ય પ્રતિનિધિત્વ ન આપવાથી જેના હિતને નુકસાન થતું ન હોય ત્યારે તેવી વ્યકિતને કાનૂની સહાય મળી શકતી નહિ. [431]

વિનામૂલ્યે કાનૂની સહાય કે સલાહ માંગનાર વ્યકિતએ આવી કાનૂની સહાય કે સલાહ મેળવવા માટે નીચેના સ્થળે અરજી કરવાની જોગવાઈ થયેલી હતી.

(અ) અમદાવાદ ખાતેની હાઈકોર્ટ, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, સ્મોલ કોઝ કોર્ટ, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કોર્ટ, ઔદ્યોગિક અથવા મજૂરઅદાલત, ગુજરાત રાજય મહેસૂલપંચ અથવા અન્ય અદાલત, પંચ કે સત્તાધારી સમક્ષ કોઈપણ

[431] Ibid

કાનૂની કાર્યવાહી ચાલુ હોય અથવા દાખલ કરવાની હોય, તો જે તે સંબંધિત કાનૂની સહાય સમિતિના અધ્યક્ષને અરજી કરવાની રહેતી.

(બ) અન્યસ્થળે જે તે જિલ્લા કે તાલુકા કોર્ટમાં આવેલ કાનૂની સહાય સમિતિના અધ્યક્ષને અરજી કરવાની રહેતી. [432]

વિનામૂલ્યે કાનૂની સહાય અને સલાહ ઈચ્છતી વ્યકિતએ તેના માટે નિયત કરેલ ફોર્મમાં કાનૂની સહાય સમિતિના અધ્યક્ષને પરિશિષ્ટ–૧માં દર્શાવ્યા પ્રમાણેની અરજી કરવાની જોગવાઈ કરવામાં આવેલી. [433]

આવી અરજી માટે આવકનું પ્રમાણપત્ર નીચેના પૈકીની કોઈપણ વ્યકિત પાસેથી મેળવવાનું રહેતું.

(અ) તાલુકા વિકાસ અધિકારી

(બ) મામલતદાર

(ક) વિધાનસભા

(ડ) ગ્રામપંચાયત/નગર પંચાયતના અધ્યક્ષ

(ઈ) તાલુકા પંચાયતના પ્રમુખ

(ઉ) જિલ્લા પંચાયતના પ્રમુખ

(ઋ) નગરપાલિકાના સભ્ય

(ખ) મ્યુનિસિપલ કોર્પોરેશનના સભ્ય

(ગ) શાળાના હેડ માસ્તર

(ઘ) ગ્રામ સહકારી મંડળીના અધ્યક્ષ.

---

432 કાનૂની સહાય અને સલાહ અંગેની વિગતો તથા કાનૂની માર્ગદર્શિકાઓ, પ્રકાશક, ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ, જૂન ૧૯૯૬ પાનનં. ૩.

433 Ibid.

કોઈપણ એક પાસેથી આવકનું પ્રમાણપત્ર મેળવી રજૂ કરવાની જોગવાઈ હતી. પરંતુ જેને આવક મર્યાદા લાગુ પડતી ન હોય તેણે આવકનું પ્રમાણપત્ર મેળવવાની જરૂર રહેતી નહીં.[434]

આમ, કાનૂની સહાયની યોજનાનો પૂરો લાભ મળી શકે તે માટે આ કાનૂની સહાય તથા સલાહની યોજના તથા પ્રબંધો સમગ્ર રાજયના પ્રત્યેક તાલુકા સુધી વિસ્તૃત કરવામાં આવેલ. જેને માટે તાલુકાની કાનૂની સહાય, સલાહ સમિતિના અધ્યક્ષ તાલુકાના વરિષ્ઠ ન્યાયાધિશ હતા. છતાં ગુજરાતમાં જે લોકો અમુક વિશિષ્ટવર્ગની વ્યકિતઓ તરીકે કાનૂની સહાયપાત્ર હોય અને આવકની મર્યાદાના સંદર્ભમાં અધિકૃત હોય તેઓ સંબંધિત અદાલતમાં કાનૂની સહાય માંગી શકે, આવે પ્રસંગે જે હકુમત ધરાવતી તથા જે કક્ષાની અદાલતમાં આવો કેસ કે કાર્યવાહી થવાની હોય અથવા જે કાર્યવાહીમાં આવી કાનૂની સહાય માટે અધિકૃત વ્યકિતનો બચાવ કરવાનો હોય તે અદાલતની કાનૂની સહાય સમિતિ તે પક્ષકારોને માર્ગદર્શન આપતી તથા અરજી બાબત નિર્ણય કરતી. જો કેસ ઉપલી અદાલતમાં અગર અપીલમાં જાય તો તે બધી અદાલતોની કાનૂની સહાય સમિતિઓ પણ આવી જ કાર્યવાહી કરતી. જો એવું બને કે કેસ એક તાલુકામાં દાખલ થયો હોય અને કાનૂની સહાયનો અરજદાર બીજા તાલુકામાં કે જિલ્લામાં વસવાટ કરતો હોય તો તે બીજા જિલ્લાની કાનૂની સહાય સમિતિ, જેમાં કેસ દાખલ થયો હોય તે જિલ્લાની સમિતિ સાથે પત્રવ્યવહાર કરી આ અંગેની કાર્યવાહી નિસ્બત ધરાવતી અદાલતમાં કરતી, આવે પ્રસંગે નિયત કોર્ટ જે વકીલ તેને માટે નિયુકત કરે તેનો સંપર્ક સાધી અરજદાર કાર્ય કરી શકતો.[435]

એવા પ્રસંગો જેમાં કાનૂની સહાય માંગનાર અને તેને પાત્ર અરજદાર ગુજરાત રાજયનો હોય અને તે અન્ય રાજયની અદાલતમાં સહાય માંગતો હોય તેવા

---

[434] Ibid, at 4

[435] Ibid.

પ્રસંગે કેન્દ્રમાં સ્થાપિત "કમીટિ ફોર ઈમ્પ્લિમેન્ટીંગ ઓફ લિગલ એઈડ સ્કીમ" અર્થાત કાનૂની સહાયની યોજનાને અમલી બનાવનાર સમિતિ આવે પ્રસંગે મદદરૂપ થતી. આવા ગુજરાત જેવા કાનૂની સહાય, સલાહ બોર્ડ અન્ય રાજયોમાં પણ હતા અને સર્વોચ્ચ અદાલતમાં પણ આવી સમિતિ હતી. જે આવી રાજય બહારની અથવા સર્વોચ્ચ અદાલત સુધીની કાર્યવાહી માટે જરૂરી કાનૂની સહાય આપતી.

આમ, જે કોઈ વ્યકિતને આર્થિક મૂંઝવણ હોય તો આ બોર્ડ, તેને કાનૂની બાબત પરત્વે વિનામૂલ્યે એડવોકેટ રોકી આપતી. ન્યાય મેળવવાની બાબતે કોઈને ગરીબાઈ વચ્ચે ન આવે તે ધ્યેય હતું.

આ ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ દ્વારા, તેની સ્થાપનાથી એટલે કે તા. ૩૦/૪/૧૯૮૨ થી ૧૯૯૭–'૯૮ સુધીમાં પરિશિષ્ટ–૨ માં જણાવ્યા મુજબ બોર્ડનેમળેલ કુલ ૨૩,૧૨૯ અરજીઓમાંથી ૨૨,૦૯૫ અરજી મંજૂર કરી જે તે પક્ષકારોને કાનૂની સહાય સલાહ આપેલ. આ ૨૨,૯૦૫ અરજીઓમાં ૩,૭૫૦ શિડયુલ કાસ્ટ, ૧,૭૬૮ શિડયુલ ટ્રાઈબ, ૪,૪૯૫ સ્ત્રીઓની, ૧૬૩ બાળકો અને ૧૧,૯૧૯ અન્ય અરજીઓનો સમાવેશ થાય છે. આમ, કુલ ૨૨૦૯૫ વ્યકિતઓને ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડે કાનૂની સહાય આપેલ.[436]

આ કાનૂની સહાયની પ્રવૃત્તિઓ જુદા જુદા રાજયોમાં ભિન્ન ભિન્ન રીતે થતી હતી તેને એક ધોરણે બાંધવા તથા તેમાં એકસૂત્રતા લાવવા સને ૧૯૮૭ નો "લિગલ સર્વિસીઝ ઓથોરિટીઝ એકટ" થયો છે[437] અને વર્તમાન સંજોગોમાં આ અધિનિયમ હેઠળ સમગ્ર ભારતમાં બધા જ સ્થળે, એક સરખા ધોરણે કાનૂની સહાય તથા સલાહ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં પણ લિગલ સર્વિસીઝ

---

436 The General Outline of Legal Aid work in Gujarat at 20 and ken Note address dliverd by Mr. J. N. Bhatt on 12th July 1988 at SPIPA- Ahmedabad.

437 Supra Note at 15

ઓથોરિટીઝ એકટ તા.૭/૪/૧૯૯૭થી અમલમાં આવેલ છે, અને તે અનુસંધાનમાં ગુજરાત રાજય કાનૂની સેવા નિયમો, ગુજરાત રાજય સરકારના તા.૩/૫/૧૯૯૭ના જાહેરનામાથી અમલમાં મૂકવામાં આવેલ છે. [438] તેથી હવે વર્તમાન સંજોગોમાં ગુજરાત રાજયમાં કાનુની સહાય ક્ષેત્રની આ પ્રવૃત્તિ, લિગલ સર્વિસીઝ ઓથોરિટીઝ એકટ અન્વયે થઈ રહેલ છે અને તે રીતે ગુજરાત રાજય સહાય અને સલાહકાર બોર્ડની આ પ્રવૃત્તિ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા થઈ રહેલ છે અને એ દ્વારા 'સમાન ન્યાય' નું ધ્યેય પ્રાપ્ત કરવાના પ્રયત્ન થઈ રહ્યા છે.

**૫.૨(૪)(૨) કાનૂની શિક્ષણ શિબિર ક્ષેત્રે**

ગુજરાત રાજયમાં, પ્રથમવાર કાનૂની સહાય–સલાહ ગરીબ અને વંચિતને આપવાની યોજનાનો પ્રારંભ સને ૧૯૭૨માં થયો. તે માટે પ્રથમ અમુક પ્રાદેશિક વિસ્તારો પસંદ કરવામાં આવ્યા અને એ પ્રાદેશિક વિસ્તારોમાં કાનૂની સહાય–સલાહ માટે એક તંત્રની રચના થઈ. જેમાં પ્રથમ સ્થાને રાજય કાનૂની સહાય સમિતિ તેની નીચે જિલ્લા કક્ષાએ તથા તાલુકા કક્ષાએ કાનૂની સહાય સમિતિઓ રચવામાં આવી. દરેક જિલ્લામાંથી પ્રથમ એક પછાત તાલુકો પસંદ કરાયો અને સમયાંતરે બધા તાલુકાના વિસ્તારોશમાં આ યોજના વિસ્તૃત થઈ. આ કાનૂની સહાય અને સલાહ યોજનાનો લાભ, અમુક મર્યાદિત આવકવાળી વ્યકિતઓ તથા અમુક મર્યાદિત વર્ગની વ્યકિતઓને મળે એવો પ્રબંધ હતો. પરતું સને ૧૯૮૨ માં, એક સરકારી ઠરાવથી આ પ્રત્યક્ષ કાનૂની સહાય અને સલાહ માટે, ગુજરાત કાનૂની સહાય અને સલાહ બોર્ડની રચના થઈ. જેમાં મર્યાદિત આવકવાળી જ નહીં પણ અન્ય સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગો તથા પછાત જાતિઓને તથા સ્ત્રીઓ, બાળકોને પણ તેમાં આવરી લેવાયા. જેમાં આવકની મર્યાદા લાગુ પડતી નહોતી.

---

[438] Government of Gujarat Notification No.GK/97/21/LAB/2594/16/I, Dated 03-05-1997.

સને ૧૯૭૬ માં, ૪૨ માં બંધારણીય સુધારાથી બંધારણના વિભાગ ચોથામાં આપેલા રાજયનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોમાં અનુચ્છેદ ૩૯(અ) ઉમેરાતા, ભારતના રાજયોનાં શાસકોની સામાજિકન્યાય પ્રત્યેની જવાબદારી તથા ઉત્તરદાયિત્વ અન્વયે આ ઉચિત પગલાં લેવામાં આવ્યા અને તે રીતે નવા સંદર્ભમાં જે યોજનાઓ થઈ તેમાં આ કાનૂની શિક્ષણ શિબિરની પ્રવૃત્તિ શરૂ થઈ અને તે રીતે ગુજરાતમાં કાનૂની સહાય અને સલાહ બોર્ડના ઉપક્રમે કાનુની શિક્ષણ શિબિરો યોજવાની શરૂ થઈ. જે વકીલો, ન્યાયાધીશો, સામાજિક કાર્યકર્તાઓની વ્યાખ્યાનમાળાઓ છે જેનો હેતુ ગ્રામ જનતાને, ગરીબ જનતાને અને કાનૂનથી અજ્ઞાત લોકોને ઘર આંગણે જઈ તેમને કાનૂનથી જ્ઞાત કરવાનો હતો. કાયદાનું જ્ઞાન પ્રાપ્ત કરનાર સિવાય સમગ્ર રાજયની બહુમતી પ્રજા કાયદાકીય બાબતોથી અજ્ઞાન છે અને છતાં તેમનાં જીવનમાં તથા વ્યવહારમાં અનેકવાર કાનૂનનાં પ્રશ્નો કે સમસ્યાઓ ઉત્પન્ન થતા હોય છે અને આ કાનૂની પ્રશ્ન કે સમસ્યાઓનાં નિવારણ માટે અદાલતોમાં જવું પડતું હોય છે જયાં ખૂબ જ ખર્ચાળ પ્રક્રિયાઓ, વકીલો મારફત કરાવવી પડે છે. એ બધી પરિસ્થિતિ જેમ બને તેમ ઓછી કરવા આ કાનૂની શિક્ષણ શિબિરોની યોજના થઈ.

ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ દ્વારા આવી પ્રથમ કાનૂની શિક્ષણ શિબિર પંચમહાલ જિલ્લાના ગોધરા મુકામે તા.૨૫/૩/૧૯૮૪ ના રોજ યોજવામાં આવી હતી.[439]

આવી કાનૂની શિક્ષણ શિબિરોની કાર્યપદ્ધતિ સામાન્ય રીતે ઉપયોગી હોય તેવા વિવિધ વિષયો લઈને ન્યાયાધીશો, વકીલો, સમાજ સેવકો વગેરે મહત્વના વિષયોને સ્પર્શતા ધારાઓ અંગે વ્યાખ્યાનો આપતા. જે વ્યાખ્યાનો ઉપરથી પુસ્તક પ્રકાશિત કરવામાં આવતા હતા. આવી પુસ્તક ઉપરાંત કાનૂની માર્ગદર્શિકા, બોર્ડની

---

[439] Socio-Economic Justice through Lok-Adalat In Saurashtra,Jyotsna Bhagat,p.263.

પ્રવૃત્તિ અંગેની ચોપડીઓ, લોકઅદાલતો અંગેની માહિતી આપતા ચોપાનિયા વગેરે શિબિરોમાં શ્રોતાઓને વિનામૂલ્યે વહેંચવામાં આવતા. આ ઉપરાંત રાજયના જુદા જુદા વિસ્તારોમાં સરકારી, અર્ધ સરકારી સામાજિક સંસ્થાઓ અને અન્ય જે કોઈ બોર્ડના સંપર્કમાં આવ્યા હોય અને જેમને આ સાહિત્ય ઉપયોગી હોય તે બધાને પણ આવા પુસ્તકો વિનામૂલ્યે પુરા પાડવામાં આવતા હતા. સામાન્ય પ્રજાજન પણ જો માંગણી કરે તો તેને પણ જરૂરી સાહિત્ય વિના મૂલ્યે આપવામાં આવતું હતું. [440]

આ શિબિરોમાં વ્યાખ્યાનોને અંતે પ્રશ્નાવલિ રાખવામાં આવતી. જેમાં વ્યાખ્યાનના કોઈપણ વિષય અંગે અગર અન્ય વિષયો અંગે પ્રશ્નો આવકારવામાં આવતા અને આવા પ્રશ્નોના ઉત્તરો ત્યાં જ આપવામાં આવતા હતા.

આવી શિબિરો જિલ્લા કે તાલુકા મથકે તો યોજાતી પરતું રાજયનાં અંતરિયાળ વિસ્તારોમાં તેમજ પછાત વિસ્તારોમાં કે જયાં લોકોને ખરેખર કાનૂની રીતે જાગૃત કરવાની આવશ્યકતા હોય ત્યાં પણ આવી શિબિરોનું આયોજન થાય તે ઉપર ખાસ ભાર મૂકવામાં આવતો હતો.

આવી શિબિરોમાં સામાન્ય રીતે નીચેના વિષયોમાંથી યોગ્ય પસંદગી કરી વ્યાખ્યાનો આપવામાં આવતાં.

<u>(૧) સામાન્ય</u>

(અ) કાનૂની સહાય અને સલાહ બોર્ડની પ્રવૃત્તિઓ.

(બ) કાનૂની શિક્ષણ શિબિરો

(ક) કાનૂની સહાય કોને મળી શકે અને તેના નિયમનો.

(ડ) કાયમી સમાધાન પંચો – અને તેના ઉદ્દેશો.

<u>(૨) ખાસ જોગવાઈ</u>

---

[440] કાનૂની શિક્ષણ શિબિર,પ્રકાશક ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ

(અ) પેન્શન

(બ) દહેજ

(ક) વારસાનો કાયદો અને સ્ત્રીઓના હકકો.

(ડ) છૂટાછેડા અંગેના કાયદા અને સ્ત્રીઓના ખાસ હકકો.

<u>(૩) કેટલાક અધિનિયમો</u>

(અ) ગુજરાત પંચાયત ધારો

(બ) સહકારી મંડળીઓનો ધારો

(ક) કામદાર વળતર કાયદો

(ડ) મોટર અકસ્માત વળતરનો કાયદો

(ઈ) હિન્દુ ધારા હેઠળ ભરણપોષણનો કાયદો.

(ઉ) ક્રિમિનલ પ્રોસિઝર કોડ હેઠળ ભરણપોષણનો કાયદો

(ૠ) જમીન મહેસૂલી ધારો

(ખ) મજૂર અને ઉદ્યોગને સ્પર્શતા ધારાઓ

(ગ) ગ્રાહક સુરક્ષા ધારો.

(ઘ) લઘુતમ વેતન ધારો.

<u>(૪) સ્ત્રીઓને લગતા કાયદાઓ</u>

(અ) કૌટુંબીક પેન્શન

(બ) છૂટાછેડા

(ક) વારસો

(ડ) ભરણપોષણ, દિવાની તેમજ ફોજદારી કાયદા હેઠળ

(ઈ) દહેજ

(ઉ) બાળલગ્ન પ્રતિબંધક ધારો.

(૫) કામદારો અંગે

(અ) કામદાર વળતર કાયદો

(બ) ન્યૂનતમ પગાર કાયદો

(ક) વિમો અને ખાસ કરીને જૂથ વિમા યોજના

(ડ) મજૂરોના કાયદાની સામાન્ય માહિતી.

આ કાનૂની શિક્ષણ શિબિરોની સફળતાનો ખ્યાલ જોતા સને ૧૯૮૪ થી ૧૯૯૩ સુધીમાં ગુજરાતમાં ૪૦૬ કાનુની શિક્ષણ શિબિરો યોજાઈ ગયેલ છે, તેના પરથી આવે છે. વર્તમાન સંજોગોમાં આ પ્રવૃત્તિ લિગલ સર્વિસીઝ ઓથોરિટીઝ એકટ,૧૯૮૭ અમલમાં આવતાં ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ અન્વયે ચાલી રહેલ છે અને આ પ્રવૃત્તિ વિસ્તૃત થતી રહી છે.

## ૫.૩ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ

### ૫.૩(૧) ગુજરાત રાજયમાં લિગલ સર્વિસીઝ ઓથોરિટીઝ એકટ, ૧૯૮૭ નો અમલ

સને ૧૯૪૭માં, સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ સામાજિક અને આર્થિક ન્યાયના સંદર્ભમાં અનેકવિધ પ્રવૃત્તિ, તથા કાર્યક્રમો દેશમાં  યોજાયા. પરતું તેને વૈધાનિક સ્વરૂપ પ્રાપ્ત થયું નહિ. ભારતની ન્યાયપ્રણાલીએ આ માટે કાનૂની સહાય તથા સામાજિક–આર્થિક ન્યાયના સંદર્ભમાં અનેક નિર્ણયો આપી, તે કાર્યક્રમને ઉત્તેજન આપી, તેનું મહત્વ દર્શાવી ખૂબ જ ક્રિયાશીલ અભિગમ અપનાવ્યો. મૂળભૂત અધિકારો વિશાળ અર્થઘટન કરી કેન્દ્ર તથા રાજયોને પ્રેરણા અને માર્ગદર્શન આપેલ અને

ગરીબોને તથા સમાજની અસમર્થ કે વંચિતને તેમની આર્થિક કે અન્ય અસમર્થતાને કારણે ન્યાયથી વંચિત રહેવું ન પડે, તે માટે કાનૂની સહાય તથા સલાહના માર્ગો, રીત તથા પ્રક્રિયા પણ અવારનવાર સૂચવેલ અને તે રીતે રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના વિશાળ અર્થઘટન કરી સામાજિક તથા આર્થિક ન્યાયને રાષ્ટ્રની ન્યાય પદ્ધતિમાં સમાવિષ્ટ કરવા માટેના ભગીરથ પ્રયત્નો કરેલ.

છતાં પણ એ કાનૂની સહાય કે સલાહના પ્રશ્ને, બંધારણીય કે વિધિવિધાનયુકત સમાનતા મળતી નહતી. એ પરિસ્થિતિમાં બંધારણના આમુખમાં, સમાનતાના સિદ્ધાંતને અમલી અને અસરકારક બનાવવા, બંધારણના ૪૨ માં સુધારાથી ભારતના બંધારણમાં રાજય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં એક નવો અનુચ્છેદ ૩૯(અ) ઉમેરવામાં આવ્યો અને બંધારણના આ ૪૨ માં સુધારા અન્વયે આ જોગવાઈ તા.૩/૧/૧૯૭૭ થી અમલમાં આવી. જેના મથાળામાં જ પ્રજામાં "સમાન ન્યાય" એવા શબ્દો દર્શાવી અદાલતી તથા અન્ય કાર્યવાહીમાં ગરીબ–તવંગરના ભેદ દૂર કરી સર્વને સમાન ન્યાય મળવો જોઈએ એવી સ્પષ્ટ રાજયનીતિની રચના કરવામાં આવી અને તે રીતે ગરીબ, સાધનહિન પ્રજાને નિઃશૂલ્ક કાનુની સહાય ઉપલબ્ધ બને તે હેતુથી તા.૨૬ સપ્ટેમ્બર, ૧૯૮૦ ના રોજ ભારત સરકારે એક કમિટિ નિયુકત કરી ન્યાયમૂર્તિશ્રી પી.એન.ભગવતીના અધ્યક્ષપદે કમીટિ ફોર ઈમ્પ્લીમેન્ટીંગ લિગલ એઈડ સ્કીમ અર્થાત સંક્ષિપ્તમાં 'સિલાસ'(CILAS)ની રચના કરવામાં આવી. આ કમીટિને ભારતના બધા રાજયો તથા કેન્દ્ર શાસિત પ્રદેશો માટે એક સમાન ધોરણે કાનૂની સહાયના કાર્યક્રમનું સંચાલન કરવાનું કાર્ય, કે જે, સમગ્ર રાષ્ટ્રમાં લાગુ પાડી શકાય તેવી એક નમૂનાની યોજના રચવા માટે જણાવાયું અને એ રીતે આ કમિટિનાં ઉપક્રમે કાનૂની સહાય અને સલાહ માટે અનેક મંડળો રચાયા. આ કમિટિનું ભંડોળ સંપૂર્ણપણે કેન્દ્ર સરકાના અનુદાન ઉપર આધારિત હતું અને તે રીતે કાનૂની સહાય તથા સલાહની

યોજનાનો અમલ ચુસ્ત રીતે થાય તે ઈચ્છનીય હતું. કારણ, એ બંધારણીય આદેશ હતો. પણ આ સિલાસની કાર્યવાહીનું અવલોકન કરતાં, તેના કાર્યમાં ઘણી ક્ષતિઓ જોવામાં આવી.

આમ, બંધારણીય આદેશ અને અનેક પ્રયત્નો છતાં આ કાર્યોમાં ઘણી ક્ષતિઓ અને રુકાવટો આવતી હતી અને તે રીતે સને ૧૯૮૭ ,પહેલાં લગભગ એક દાયકાથી કાનૂની સહાય અને તેની યોજનાને વિધિવિધાનનું સ્વરૂપ આપવાના પ્રયત્નો થવા છતાં પણ અનેક કારણોને લીધે સને ૧૯૮૬, સુધી સંસદ આ બાબતે વિધાન કરી શકેલ નહીં.

અંતે સમગ્ર ભારતમાં, કાનૂની સહાય ક્ષેત્રે એક સમાન કાર્યવાહી થાય તે માટે સરકારને એમ જણાયું કે, રાષ્ટ્ર, રાજય અને જિલ્લા કક્ષાએ એક વિધાનોકત કાનૂની સહાય અને સેવાતંત્ર રચાય તે ઈચ્છનીય છે અને એ માટે અંતે સને ૧૯૮૭ માં ભારતની સંસદે "લિગલ સર્વિસીઝ ઓથોરિટીઝ એકટ" નામનો કાયદો પસાર કર્યો. આ લિગલ સર્વિસીઝ ઓથોરિટીઝ (સુધારેલ) એકટ, ૧૯૯૪ તા. ૯/૧૧/૧૯૯૫ થી ભારતમાં અમલમાં મૂકવામાં આવ્યો અને તે રીતે સમગ્ર ભારતમાં કાનૂની સહાય અને સલાહ માટે રાષ્ટ્રીય કાનૂની સેવા આયોગ, રાજય કાનૂની સેવા આયોગ, જિલ્લા કાનૂની સેવા આયોગ, ઉચ્ચતમ અદાલત કાનૂની સેવા સમિતિઓની રચના કરવામાં આવી. આ કાયદો ગુજરાત રાજયમાં પણ અમલમાં મૂકવામાં આવ્યો.

### ૫.૩(૨) ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળની રચના

લિગલ સર્વિસીઝ ઓથોરીટિઝ એકટ, ૧૯૮૭ કે જે કાનૂની સહાય અને સમાન ન્યાયના ક્ષેત્રે સમગ્ર દેશમાં એકસરખી રીતે કાર્યવાહી થાય તે માટે અમલમાં આવ્યો. તે સમગ્ર ભારતના તમામ રાજયોને લાગુ પડે છે, અને તે રીતે ગુજરાત રાજયમાં પણ આ કાયદો તારીખ ૭/૪/૧૯૯૭થી અમલમાં આવ્યો અને તે અન્વયે

ગુજરાત રાજય સરકારે એક જાહેરનામું[441] બહાર પાડી કાનૂની સેવા નિયમો ઘડી તારીખ ૩/૫/૧૯૯૭ થી અમલમાં મૂકેલ છે. જેના અંતર્ગત ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળની તારીખ. ૨૦/૧/૧૯૯૮ રચના કરવામાં આવેલ છે અને તે રીતે વર્તમાન સંજોગોમાં ગુજરાત રાજયમાં આ લિગલ સર્વિસીઝ ઓથોરીટીઝ એકટ, ૧૯૮૭ ની કલમ ૨૪, પેટાકલમ (૧) અન્વયે ગુજરાત સરકારના તારીખ. ૩૦/૪/૧૯૯૮૨ના ઠરાવ[442] હેઠળ રચાયેલ ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડનું અસ્તિત્વ બંધ થયેલ છે અને આ લિગલ સર્વિસીઝ ઓથોરિટીઝ એકટ,૧૯૮૭ [443]અન્વયે ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ અસ્તિત્વમાં આવેલ છે, રચાયેલ છે.

## ૫.૩(૩) ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળનું માળખું

લિગલ સર્વિસીઝ ઓથોરિટીઝ એકટ, ૧૯૮૭ અન્વયે જે રીતે રાષ્ટ્રીય કક્ષાએ રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળની રચના થાય છે અને અધ્યક્ષ પદે રાષ્ટ્રની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ અધ્યક્ષ હોય છે. તે રીતે રાજય કક્ષાએ રાજય કાનૂની સેવા સત્તા મંડળની રચના થાય છે. [444]

એ રીતે ગુજરાત રાજયમાં પણ, ગુજરાત સરકારના તારીખ ૩/૫/૧૯૯૭ ના જાહેરનામાં અન્વયે, ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળની રચના થયેલ છે. આ મંડળનું માળખું એ રીતે ગોઠવાયેલ છે ,કે રાજય કક્ષાએ જે રાજય કાનૂની સેવા સત્તા મંડળની રચના થાય છે, જેમાં મુખ્યસંરક્ષક (પેટ્રોન ઈન ચીફ)

---

441 Government of Gujarat Notification No. GK/97/21/LAB/2594/16/1/Dated 3-5-1997.

442 Government of Gujarat, Legal Department Resolution No.LAC/1080/3290/D.Dated 30-4-1982.

443 The Legal Service Authorities Act 1987 (act No.39 of 1987) Received the assent of the president on 11-10-1987 Act published in Gaz. of India; 12-10-1987,part II-S.1, Ext.at 1(No.55). For statement of objects and reasons, see Gaz. of India ; 24-8-1980 part II-S.2. Ext. at 28 (No.39).

444 Ibid.

રાજયની વડી અદાલતનાં મુખ્ય ન્યાયમૂર્તિ હોય છે અને કારોબારી અધ્યક્ષ તરીકે વડી અદાલતનાં ચાલુ કે નિવૃત્ત ન્યાયમૂર્તિની નિમણૂંક કરવામાં આવે છે. તે ઉપરાંત રાજય સરકારના કાયદામંત્રી, નાણાં વિભાગ, ગૃહ વિભાગ, કાયદા વિભાગના સચિવો, એડવોકેટ જનરલ, રાજય બાર કાઉન્સિલના અધ્યક્ષ, અનુસૂચિત જાતિ, આર્થિક વિકાસ નિગમના અધ્યક્ષ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળમાંથી બે અધ્યક્ષ સભ્યો તરીકે રહે છે. તેમજ પ્રખ્યાત એડવોકેટ, કાયદાના શિક્ષક કે શિક્ષણવિદ કે કાનૂની સેવા યોજનાના અમલીકરણમાં વ્યવસાયિક રીતે કામ કરતી અને રસ ધરાવતી વ્યકિત પૈકી ચાર વ્યકિતઓની સભ્યોની તરીકે નિમણૂંક કરવામાં આવે છે.

વડી અદાલતમાં કાનૂની સહાય સમિતિનાં વડી અદાલતના ન્યાયમૂર્તિ, અધ્યક્ષ તરીકે હોય છે તેમજ કાયદા વિભાગનાં સચિવ, એડીશનલ ડી.જી.પી.(લો એન્ડ ઓર્ડર) અનુભવી ગર્વમેન્ટ પ્લીડર, પ્રેસિડેન્ટ હાઈકોર્ટ બાર, મેમ્બર ગુજરાત બાર કાઉન્સિલ સભ્ય તરીકે હોય છે. ઉપરાંત અગાઉ જણાવ્યા મુજબના વર્ગમાંથી ચાર સભ્યો લેવામાં આવે છે.[445]

જિલ્લા કક્ષાએ જિલ્લા ન્યાયાધિશ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષ હોય છે અને જિલ્લા મેજિસ્ટ્રેટ–કલેકટર, જિલ્લા બાર એસોશિએશન પ્રમુખ, જિલ્લા સરકારી વકીલ, જિલ્લા પોલીસ અધિક્ષક તેમજ આગળ જણાવ્યા મુજબના વર્ગમાંથી ચાર સભ્યોની નિમણૂંક કરવામાં આવે છે.

[445] Gujarat State Legal Services Authority Notification No.CH/98/1/SLA/2598/1840/Dated 20-4-1988.

તાલુકા કાનૂની સેવા સમિતિના અધ્યક્ષ જે તે તાલુકાના ન્યાયાધીશ હોય છે અને તાલુકા બાર એસોશિએશનના પ્રમુખ, મામલતદાર ઉપરાંત આગળ જણાવ્યા વર્ગોમાંથી ચાર સભ્યોની નિમણૂંક કરવામાં આવે છે.[446]

આમ, આ કાયદા અન્વયે સમગ્ર રાજયમાં તાલુકામાંથી માંડી રાજય કક્ષા સુધીનું માળખું ગોઠવાયેલ છે.

## ૫.૩(૪) ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળની પ્રવૃત્તિ

ગુજરાત રાજયમાં સને ૧૯૮૨ થી ૧૯૯૭–૯૮ સુધી કાનૂની સહાય ક્ષેત્રે જે કાંઈ પ્રવૃત્તિઓ થતી હતી તે ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ દ્વારા થતી હતી. પરતું ત્યારબાદ સમગ્ર ભારતમાં ,કાનૂની સહાય ક્ષેત્રે એક સરખી અમલદારી થાય તે હેતુથી કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ, ૧૯૮૭ અમલમાં આવતા ગુજરાત રાજયમાં પણ તે અમલમાં મુકાયેલ છે અને તે રીતે ગુજરાત રાજયમાં ગુજરાત સરકારે એક જાહેરનામું તા.૩/૫/૧૯૯૭ થી બહાર પાડી આ કાયદો અમલમાં મૂકેલ છે અને આ કાયદાના અમલ માટે ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળની તા.૨૦/૧/૧૯૯૮ ના રોજ રચના કરવામાં આવેલ છે.

જેથી ગુજરાત રાજયમાં અત્યાર સુધીમાં કાનૂની સહાય ક્ષેત્રે જે કંઈ પ્રવૃત્તિઓ ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ દ્વારા થતી હતી ,તે વર્તમાન સંજોગોમાં તા.૨૦/૧/૧૯૯૮ થી આ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. અલબત, ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળની પ્રવૃત્તિઓ મહદ્અંશે ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ દ્વારા કાનૂની સહાય ક્ષેત્રે અત્યાર સુધી જે પ્રવૃત્તિ થતી તે જ છે કારણ કે, કાનૂની સેવા સત્તા મંડળ

[446]Government of Gujarat Notification No. GK/97/21/LAB/2594/16/1/ in exercise of the powers conffered by section 28 of the Legal Services Authority Act,1987(39 of 1987)Dated 3-5-1997.p.35.

અધિનિયમ, ૧૯૮૭ ની કલમ ૨૪ ની પેટા કલમ (૨) અન્વયે એવી જોગવાઈ કરવામાં આવેલી છે કે, "આ નિયમો અમલમાં આવ્યાના તરત પહેલાં ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ અથવા તે હેઠળ રચાયેલ વિવિધ સમિતિઓએ કરેલ કોઈ કાર્ય અથવા લિધેલ કોઈપગલું સંબંધિત સત્તા મંડળોએ અથવા સમિતિઓએ આ અધિનિયમ અને આ નિયમો હેઠળ યોગ્ય રીતે કરેલ અથવા લીધેલ છે તેમ ગણાશે" જેથી ગુજરાત રાજયમાં કાનૂની સહાયની પ્રવૃત્તિ ક્ષેત્રે એક સાંકળ રચાયેલ છે.

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળની પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.

(૧) કાનૂની સહાય અને સલાહ

(૨) ફરિયાદ એકમ.

(૩) જનહિત રક્ષા માટેના કેસો

(૪) કાનૂની શિક્ષણ શિબિરો

(૫) કાયમી સમાધાન પંચ

(૬) લોક અદાલત કાર્યક્રમ

ગુજરાત રાજય કાનૂની સહાય અને સલાહ બોર્ડ દ્વારા અત્યાર સુધી આ ક્ષેત્રોમાં જે કંઈ કાર્યવાહી, પ્રવૃત્તિ થઈ હતી તેને વિસ્તૃત કરવાનો, તેનો વ્યાપ વધારવાનો અને વધુને વધુ લોકો ને પોતાના કાનૂની અધિકારો પરત્વે જાગૃત કરી કાનૂની સહાયનો લાભ લેતા થાય તથા દરેકને સમાન ન્યાય મળે તેવા પ્રયત્નો થઈ રહેલ છે અને તે રીતે જોઈએ તો –

કાનૂની સહાય અને સલાહ ક્ષેત્રે આ સેવા સત્તા મંડળની રચના પહેલા તા.૨૧/૬/૧૯૯૮ સુધીમાં કુલ ૨૨૦૯૫ લોકોને આ કાનૂની સહાય આપવામાં આવેલ હતી. જેને આ સત્તા મંડળની રચના બાદ તેનો વ્યાપ વધારવામાં આવેલ છે. આમ,

ગુજરાત રાજયમાં આ મંડળ દ્વારા કાનૂની સહાય અને સલાહની પ્રવૃત્તિ જે અત્યાર સુધી ચાલી રહી હતી તેને આ મંડળની રચના બાદ વિસ્તૃત કરવાના પ્રયત્નો થઈ રહેલ છે.

કાનૂની શિક્ષણ શિબિર ક્ષેત્રે, ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ અસ્તિત્વમાં આવ્યું તે પહેલા ગુજરાત કાનૂની સહાય અને સલાહ બોર્ડ દ્વારા, સમગ્ર ગુજરાત રાજયમાં સમાજનાં નબળા વર્ગના લોકો, મહિલાઓ, બાળકો વિગેરે, કે જેઓ તેમને મળતા કાનૂની હકકો કે લાભોથી પરિચિત ન હોય તેમને હકકો વિશે જાણકારી આપવા અને કાનૂની અધિકારો પરત્વે જાગૃત કરવા માટે રાજયના જુદા જુદા સ્થળોએ કાનૂની શિક્ષણ શિબિરોનું આયોજન કરવામાં આવતું હતું અને આ કાયદાના અમલ પહેલા સમગ્ર ગુજરાત રાજયમાં સને ૧૯૮૨ થી તા.૧૭/૧૨/૧૯૯૭ સુધીમાં કુલ મળીને ૫૯૯ કાનૂની શિક્ષણ શિબિરો યોજવામાં આવેલ.આ કાયદાના અમલ બાદ હાલમાં આ કાનૂની શિક્ષણ શિબિરો ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા યોજવામાં આવે છે અને વધુને વધુ લોકો પોતાના કાનૂની હકકો અને અધિકારો પરત્વે જાગૃત બને, સભાન બને તે માટે આવી વધુને વધુ કાનૂની શિક્ષણ શિબિરો યોજી લોકોને જાગૃત કરવાનાં પ્રયત્નો થઈ રહેલ છે.

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ઉત્તરોઉત્તર વધુને વધુ શિબિરો યોજી વધુને વધુ લોકોને કાનૂન પ્રત્યે જાગૃત કરવાના અને તેના હકકો–અધિકારો વિશે માહિતગાર કરી કાનુનનો લાભ મેળવતા કરવાના પ્રયત્નો થઈ રહેલ છે. જેનો ખ્યાલ આ પરિશિષ્ટ ૧૧જોતાં મળે છે.

## ૫.૪ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ અને નિયમનો કાનૂની સહાય અને લિગલ સર્વિસીઝ ઓથોરિટીઝ એકટ ૧૯૮૭

૧૯૪૭માં, સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ સામાજિક ન્યાય, આર્થિક ન્યાયના સંદર્ભમાં જે સભાનતા આવી તેને લીધે અનેકવિધ પ્રવૃત્તિઓ, પ્રયત્નો તથા કાર્યક્રમો

દેશમાં યોજાયા, પણ તેનું કોઈ પ્રત્યક્ષ વહીવટી કે વૈધાનિક સ્વરૂપ એક અગર બીજા કારણોથી સ્પષ્ટ થતું નહોતું.

ભારતમાં ન્યાયધીશોએ કાનૂની સહાય તથા સામાજિક–આર્થિક ન્યાયના સંદર્ભમાં અનેક નિર્ણયો આપી તે કાર્યક્રમને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ખૂબ ઉત્તેજન આપી તેનું મહત્વ સમજાવી ખૂબજ વિધેયાત્મક પ્રયાસો આ ક્ષેત્ર માટે કર્યા છે. મૂળભૂત અધિકારો ૧૪, ૨૧, ૨૨ વિગેરેના વિસ્તૃત અર્થઘટન કરી, કેન્દ્ર તથા રાજયોને આ બાબત પ્રેરણા અને માર્ગદર્શન આપેલ છે અને ગરીબોને તથા સમાજની અસમર્થ કે સાધનહિન પ્રજાને તેમની આર્થિક કે અન્ય અસમર્થતાઓ ને કારણે ન્યાયથી વંચિત ન રહેવું પડે તે માટે કાનૂની સહાય તથા સલાહના માર્ગો અંગે અનેકવિધ સૂચનો કર્યા છે.

સામાજિક તથા આર્થિક ન્યાયની ભાવનાને રાષ્ટ્રની ન્યાયપદ્ધતિમાં સમાવિષ્ટ કરવા માટેના રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં કાનૂની સહાયને સમાવિષ્ટ કરી વિશાળ અર્થઘટન કર્યું હોવા છતાં એ કાનૂની સહાય કે સલાહના આ પ્રબંધને બંધારણીય માન્યતા, સીધી રીતે મળતી નહોતી. આ પરિસ્થિતિમાં ૧૯૭૬માં બંધારણના આમુખના સમાનતાના સિદ્ધાંતને અમલી અને અસરકારક બનાવવા બંધારણના ૪૨માં સુધારાથી, બંધારણમાં રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં એક નવો અનુચ્છેદ ૩૯ (અ) ઉમેરવામાં આવ્યો, જેના પ્રારંભમાંજ પ્રજાને ''સમાન ન્યાય'' એવા શબ્દો લખી અદાલતી તથા અન્ય કાર્યવાહીમાં, ગરીબ તવંગરના ભેદ દૂર કરીને બધાને સમાન ન્યાય મળવો જોઈએ એવી સ્પષ્ટ જોગવાઈ રાજયનિતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં કરવામાં આવી, અનુચ્છેદ ૩૯ (અ) કાનૂની સહાયના ક્ષેત્રમાં ઘણું મહત્વ ધરાવે છે.

ત્યારબાદ, ગરીબ અને વંચિત પ્રજાને મફત કાનૂની સહાય ઉપલબ્ધ બને એ હેતુસર ભારત સરકારે ૧૯૮૦ના સપ્ટેમ્બરની ૨૬મી તારીખે એક કમિટિ

નિયુકત કરી, જેનું નામ "કમિટિ ફોર ઈમ્પ્લિમેન્ટીંગ લિગલ એઈડ સ્કિમ" સંક્ષિપ્તમાં 'સિલાસ' ( CILAS ) એવું હતું અને તેના અધ્યક્ષ ન્યાયમૂર્તિશ્રી પી. એન. ભગવતી હતા. આ કમિટિએ ભારતના બધાં રાજયો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોમાં એક સમાન ધોરણે કાનૂની સહાયના કાર્યક્રમનું સંચાલન કરવાનું કાર્ય કરવા એક નમૂનાની યોજના રચી, જે સમગ્ર રાષ્ટ્રમાં લાગુ પાડી શકાય. આ કમીટિના ઉપક્રમે કાનૂની સહાય અને સલાહ માટે અનેક મંડળો રચાયા. આ કમિટિનું ભંડોળ સંપૂર્ણ પણે કેન્દ્ર સરકારના અનુદાન ઉપર આધારિત હતું આ કાનૂની સહાય તથા સલાહની યોજનાનો અમલ ચૂસ્ત રીતે થાય એ જોવા સરકાર આગ્રહી હતી, કારણ એ બંધારણીય આદેશ છે અને અનેક પ્રયત્નો છતાં આ કાર્યોમાં ઘણી ક્ષતિઓ નજરે પડતી હતી તથા રુકાવટો આવતી હતી, અને સરકારને એમ લાગ્યું કે રાષ્ટ્ર, રાજય અને જિલ્લા કક્ષાએ એક કાનૂની સહાય અને સેવા અંગેનું તંત્ર રચાય તો એ વધુ યોગ્ય ગણાય અને એ માટે અંતે ૧૯૮૭માં ભારતની સંસદે "લિગલ સર્વિસિઝ ઓથોરિટીઝ એકટ" નામનો કાયદો પસાર કર્યો.

લિગલ સર્વિસીઝ ઓથોરિટીઝ એકટ (૧૯૮૭)ના આમુખમાં જણાવેલ છે કે, કાનૂની સેવાઓ, સત્તાઓ અને સત્તા મંડળોની રચના કરી, સમાજના નબળા વર્ગોને મફત અને સક્ષમ કાનૂની સેવાનો પ્રબંધ કરવા, તથા સમાજને ન્યાય પ્રાપ્ત કરવાની સમાનતક આપવાની ખાતરી આપવા અને આર્થિક અથવા અન્ય અસમર્થતાને લીધે ન્યાય પ્રાપ્તિનો ઈન્કાર કોઈપણ વ્યકિતના સંદર્ભમાં ન થાય તેવી જોગવાઈ કરવા અને લોક અદાલતોની રચના દ્વારા, દેશની કાનૂની પદ્ધતિને સમાન તકના ધોરણે ઉત્તેજીત કરવા તથા ગતિશીલ બનાવવા અંગેનો આ અધિનિયમ છે.

એ રીતે સમાન ન્યાયના સિદ્ધાંતને સીધી રીતે અમલી બનાવી, કાનૂની સેવાને વૈધાનિકરૂપ કે માન્યતા આપવાના ધ્યેયથી આ અધિનિયમની રચના થઈ છે.

આ અધિનિયમમાં ૭ પ્રકરણો છે અને ૨૨ કલમો છે, આ પૈકી બીજા પ્રકરણમાં રાષ્ટ્રીય કાનૂની સેવાઓ તથા સત્તાઓની રચના કઈ રીતે થઈ શકે તે બતાવ્યું છે .

કલમ ૩ પ્રમાણે "રાષ્ટ્રીય કાનૂની સેવા ઓ તથા સત્તાઓ" ની રચના થશે. જે આ અધિનિયમ હેઠળ કેન્દ્રસ્થ સત્તા તંત્ર તરીકે કાર્ય કરશે. આ તંત્રમાં ભારતની સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અધ્યક્ષસ્થાને રહેશે, તેના વહીવટી ક્રિયાશીલ અધ્યક્ષ તરીકે સુપ્રિમ કોર્ટના એક ચાલુ અથવા નિવૃત્ત ન્યાયમૂર્તિની નિયુકિત રાષ્ટ્રપતિ ચીફ જસ્ટીસ સાથે ચર્ચા કરીને કરશે. તેના અન્ય સભ્યોમાં એવી વ્યકિતઓ હશે જે કેન્દ્ર સરકાર નિયત કરે તેવી લાયકાત તથા અનુભવવાળી ધરાવતી હશે અને તેમની નિયુકિત કેન્દ્ર સરકાર કરશે. કેન્દ્રિય સત્તાતંત્ર માટે એક સભ્ય સચિવ જે હશે, જે કાનૂન મંત્રાલયમાં વિશિષ્ટ સચિવથી નીચેનો દરજજો ધરાવતો ન હોય, આ કેન્દ્રિય તંત્રનો અન્ય કર્મચારી વર્ગ તથા એ તંત્રનો વહીવટી ખર્ચ, પગારો, ભથ્થા, નિવૃત્તિ વેતન બધું જ ભારતના સંચિતનિધિ ઉપર રહેશે.

આ કેન્દ્રસ્થ તંત્રનાં કાર્યો નીચે પ્રમાણે હશે.

કેન્દ્ર સરકારની સામાન્ય સૂચનાઓને અધીન રહીને

૧) આ અધિનિયમના પ્રબંધો પ્રમાણે કાનૂની સેવાઓ ઉપલબ્ધ બને તે માટેની નીતિ તથા સિદ્ધાંતોની રચના કરશે.

૨) આ અધિનિયમના પ્રબંધો હેઠળ, કાનૂની સેવાઓ ઉપલબ્ધ થાય તે ઉદ્દેશથી ખૂબ જ અસરકારક અને કરકસર યુકત યોજનાઓની રચના કરશે.

૩) પોતાના વ્યાયાધિકારમાં મૂકાયેલ ભંડોળનો ઉપયોગ કરી, તેની ઉચિત ફાળવણી રાજય સત્તાઓ તથા જિલ્લા સત્તાઓને કરશે.

૪) સામાજિક ન્યાયના સંદર્ભમાં ઉપભોરકતા સુરક્ષા, પર્યાવરણ સુરક્ષા, અથવા અન્ય વસ્તુઓ જે સમાજના દૂર્બળ વર્ગો માટે વિશિષ્ટ ચિંતાના વિષયો હોય, તે માટે નવાં વિધાનો કરવા તથા આ હેતુ માટે સામાજિક કાર્યકર્તાઓને કાનૂની કૌશલ્યની તાલીમ આ હેતુઓ માટે આપવા પ્રબંધ કરશે.

૫) ખાસ કરીને ગ્રામ્ય પ્રદેશો, ઝુપડપટ્ટીઓ, શ્રમજીવી નિવાસોમાં કાનૂની સહાય શિબિરોનું આયોજન બે હેતુઓ માટે કરશે પ્રથમ તો સમાજના દુર્બળ વર્ગોને તેમના અધિકારો બાબત શિક્ષિત કરવા તથા તેમના વિવાદો લોક અદાલતો દ્વારા સમાધાનથી નિર્ણિત કરવા પ્રોત્સાહન આપશે.

૬) વાદ ગ્રસ્ત પ્રશ્નો વાટાઘાટો, લવાદી, અને સમાધાનથી નિર્ણિત કરવા પ્રેરણા તથા ઉત્તેજન આપશે.

૭) કાનૂની સેવાના ક્ષેત્રમાં અને ગરીબોને આવી સહાયના વિશિષ્ટ સંદર્ભમાં સંશોધન કરશે અથવા તે માટે ઉત્તેજન આપશે. તે ઉપરાંત આ કેન્દ્રીય કાનૂની સેવાતંત્ર નીચેના કાર્યો કરશે.

અ) બંધારણના વિભાગ ૪ (અ) માં સૂચિત મૂળભૂત ફરજો જે નાગરિકો માટે નિયત થઈ છે તે પ્રત્યે પૂજા વચનબદ્ધ થાય તે માટેની કાર્યવાહી કરવામાં આવશે.

બ) થોડા થોડા સમયને અંતરે કાનૂની સહાયના કાર્યક્રમની અમલવારીને દિશા સૂચન તથા તેનું મૂલ્યાંકન કરવામાં આવશે તથા આ અધિનિયમ

નીચે જે ધનરાશીનો પ્રબંધ થયો હોય અને જે યોજનાઓની અમલવારી થઈ હોય તેનું મૂલ્યાંકન કરાવશે.

ક) જુદી જુદી સામાજિક કલ્યાણની સ્વૈચ્છિક સંસ્થાઓને નિર્દિષ્ટ યોજનાઓ માટે તથા રાજય અને જિલ્લા સત્તાધીશોને સહાયક અનુદાન તરીકે આપવા ભલામણો કરશે.

ડ) ભારતની બાર કાઉન્સિલસાથે ચર્ચા વિચારણા કરીને ઉપચારાત્મક કાનૂની શિક્ષણના કાર્યક્રમોનું આયોજન અને વિકાસ, યુનિવર્સિટીઓમાં તથા કાયદાની કોલેજોમાં અને અન્ય શિક્ષણ તંત્રોમાં કાનૂની સહાય તથા ઉપચાર કેન્દ્રો અને શિક્ષણ કેન્દ્રોના સથાપન તથા વિકાસના કાર્યો કરશે.

ઈ) કાનૂની જ્ઞાન સાક્ષરતા, જાગૃકતા, લોકોમાં જન્મ પામે તથા વિકાસ પામે, તે માટે ઉચિત પગલા લઈ, સમાજના દુર્બળ વર્ગોને તેમના અધિકારો, લાભો અને અન્ય વિશિષ્ટાધિકારો જેની પ્રત્યાભૂતિ સામાજિક કલ્યાણ વિધાનોથી તથા વહીવટી કાર્યક્રમોથી અને પગલાંથી મળી શકે તેમ હોય તે બાબત તે દુર્બળ વર્ગને જાગૃત કરવાનું કાર્ય કરવામાં આવશે.

ઉ) પાયાના સ્તરે કામ કરી રહેલ સામાજિક કલ્યાણની સંસ્થાઓ જે ખાસ કરીને અનુસૂચિત જાતિ, અને અનુસૂચિત જનજાતિ, સ્ત્રીઓ અને ગ્રામ્ય તથા શહેરોના શ્રમજીવી વર્ગોમાં કામ કરી રહેલ હોય તેને ટેકો અને ઉત્તેજન આપશે.

રાજય તથા જિલ્લા કક્ષાના સત્તાધીશોના કાર્યોનું અને સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓ તથા અન્ય કાનૂની સહાયતંત્રોના કાર્યોનું સંકલન અને માર્ગદર્શન કરી કાનૂની સેવાના કાર્યક્રમને અમલી બનાવવા કેન્દ્રિય તંત્ર યોગ્ય દિશા સૂચન કરશે

તથા કાનૂની સહાય ગરીબોને ઉપલબ્ધ થાય, એ માટે જયાં જયાં જરૂરી અને ઉચિત લાગેત્યાં ત્યાં આ અધિનિયમ હેઠળના કાર્યો કરવામાં અન્ય સરકારી તથા બિનસરકારી અભિકરણો, યુનિવર્સિટીઓ તથા અન્ય આવા કામમાં પ્રવૃત્ત તંત્રોની સહાય અને સહકારથી કાર્ય કરશે.

કાનૂની સેવાઓ તથા સત્તાધીશોના અધિનિયમની કલમ–૬ પ્રમાણે ''રાજય કાનૂની સેવા સત્તાધીશ''ની રચના થશે, જેમાંરાજયની હાઈકોર્ટના ચિફ જસ્ટિસ અથવા અન્ય ન્યાયમૂર્તિ અથવા નિવૃત્ત ન્યાયમૂર્તિ જેને રાજયપાલ મેખ્ય જસ્ટીસની સાથે ચર્ચા કરી નિયુકત કરે તે આ રાજય સત્તાતંત્રના અધ્યક્ષસ્થાને રહેશે. ઉપરાંત રાજય સરકાર નીયત કરે તેવા અનુભવ અને લાયકાતવાળી વ્યકિતઓની સભ્યો તરીકે નિયુકિત થશે. કાયદા સચિવ અગર ન્યાય ખાતાનાં સચિવ, આ રાજય સત્તાધીશ તંત્રના સભ્ય સચિવ બનશે, આ બધાની સેવાઓની શરતો રાજય સરકાર નકકી કરશે. આ તંત્ર માટે અન્ય કર્મચારીઓ અને અમલદારો જરૂર પ્રમાણે રાજય સરકાર નિયુકત કરશે, અધિનિયમ હેઠળના આ રાજય સત્તા તંત્રના વહીવટી ખર્ચ, પગારો, ભથ્થા, નિવૃત્તિ વેતન, બધુ રાજયના સંચિત નિધિમાંથી ચૂકવાશે.

આ રાજય સત્તામંડળ કેન્દ્રની સત્તાએ નિર્માણ કરેલી નીતિ તથા સૂચનોને અસરકારક બનાવશે. એ ઉપરાંત રાજય સત્તા નીચે સૂચિત બધાં અગર તે પૈકી કોઈપણ કાર્ય કરશે :–

અ) આ અધિનિયમથી નિયત થયેલ આવશ્યક ગુણતત્વોને સંતૂષ્ટ કરતી દરેક વ્યકિત માટે કાનૂની સેવાનો પ્રબંધ કરશે.

બ) લોક અદાલતોનું સંચાલન કરશે.

ક) નિગ્રહાત્મક અને વ્યૂહાત્મક પગલાં કાનૂની સહાયના કાર્યક્રમના સંદર્ભમાં લેશે.

આવી જ રીતનું ત્રીજું સત્તા તંત્રએ જિલ્લા સ્તરનું સત્તાતંત્ર આ અધિનિયમથી રચાયેલ છે.

અ) રાજયના દરેક જિલ્લામાં જિલ્લા સ્તરીય સત્તામાં જિલ્લાના, જિલ્લા જજ અધ્યક્ષસ્થાને રહેશે.

બ) રાજય સરકારે નિયત કરેલ અનુભવ તથા લાયકાતવાળા અનય સભ્યો હશે જે રાજય સરકાર નિયુકત કરશે.

આ જિલ્લા સત્તાતંત્રનો વહીવટી ખર્ચ રાજયના કોનસોલીડેટેડ ફંડમાંથી ચૂકવાશે. રાજયસત્તા તંત્ર અવારનવાર જે કાર્યો પ્રતિનિધિત્વથી તેને સોપે તે કાર્યો આ જિલ્લા તંત્ર કરશે. જિલ્લાની કાનૂની સેવાઓનું સંકલન કરશે, લોક અદાલતોનુ જિલ્લામાં સંચાલન કરશે અને નિયમો તથા નિયંત્રણોથજી રાજય સરકાર સોંપે તે કાર્યો કરશે.

આ અધિનિયમના પ્રકરણ–૪ ની કલમ ૧૨ ખૂબજ મહત્વની છે જેમાં આ કાનૂની સહાય માટે અધિકૃત કરવા માટેના આવશ્યક માપદંડ આપેલ છે.આ કલમ ૧૨ પ્રમાણે

જે વ્યકિત એ કોઈ દાવો કે ફરીયાદ કરવાની હોય અથવા તેમાં બચાવ કરવાનો હોય તે આવી કાનૂની સેવા માટે અધિકૃત રહેશે જો તે વ્યકિત :–

અ) અનુસૂચિત જ્ઞાતિ અગર અનુસૂચિત જનજાતિની સભ્ય હોય તે કાનૂની સહાય માટે અધિકૃત છે.

બ) માનવ દેહના વેપારના અપરાધોનો ભોગ બનેલ વ્યકિત, અથવા બંધારણના અનુચ્છેદ ૨૩ પ્રમાણે બેગાર (વેઠીયા) વ્યકિત, કાનૂની સહાય, માટે અધિકૃત છે.

ક) બાળક અથવા સ્ત્રી કાનૂની સહાય માટે અધિકૃત છે.

ડ)	માનસિક રીતે બિમાર અગર અન્ય અસમર્થ વ્યકિત કાનૂની સહાય માટે અધિકૃત છે.

ઈ)	સામૂહિક આપત્તિ, કોમી હિંસા, જ્ઞાતિય જુલ્મ, પૂર, દુષ્કાળ, ભૂકંપ, અથવા ઔદ્યોગિક દૂર્ઘટનાનો ભોગ બનેલ વ્યકિત.

ઉ)	ઔદ્યોગિક કામદાર (શ્રમજીવી) કાનૂની સહાય માટે અધિકૃત છે.

ઋ)	અનૈતિક વેપાર વિરોધી અધિનિયમની કલમ ૨ (જી) પ્રમાણે સંરક્ષણ ગૃહમાં નિગ્રહમાં હોય તેવી વ્યકિતઓ અથવા કિશોરબાળ ન્યાય અધિનિયમની કલમ–૨ (જે) પ્રમાણુ અટકાયતમાં હોય તેવી વ્યકિતઓ અથવા માનસિક રોગોની હોસ્પિટલો કે પરિચાર ગૃહોમાં અટકાયતમાં હોય તેવી વ્યકિતઓ કાનૂની સહાય માટે અધિકૃત છે.

ખ)	જે વ્યકિતનો કેસ સુપ્રિમ કોર્ટ સિવાય અન્ય અદાલત પાસે હોય, તેની આવક વાર્ષિક રૂા.૯,૦૦૦/– થી ઓછી હોય તે અથવા સુપ્રિમ કોર્ટ સમક્ષના રૂા.૧૨,૦૦૦/– બાર હજાર કરતાં ઓછી હોય તે અથવા આવકની રકમ જે કેન્દ્ર સરકાર નકકી કરે તેનાથી ઓછી હોય તે કાનૂની સહાય માટે અધિકૃત છે.

આ કલમ ૧૨ થી કાનૂની સહાયની અધિકૃતતા માટે જે માપદંડ સૂચિત કર્યા તે પૈકી કોઈપણ વ્યકિતનો કેસ પ્રથમ દર્શને વાદી કે ફરીયાદી તરીકે લડવા પાત્ર અગર બચાવપાત્ર છે એવું નિસબત ધરાવતી ઉપર સૂચિત સત્તાઓને લાગે તો તે હંમેશા કાનૂની સહાય માટે અધિકૃત ગણાશે. આવી રીતે પોતે કલમ ૧૨ ના કોઈપણ કારણસર કાનૂની સહાય માટે અધિકૃત છે એ બાબતનું એક સોગંદનામુ અરજદાર વ્યકિત દ્વારા રજૂ થાય અને એ સોગંદનામાનો અસ્વીકાર કરવા અગર તેને માન્ય ન

રાખવા કોઈ કારણ ન હોય તો આ અરજદાર કાનૂની સહાય માટે અધિકૃત રીતે લાયક ગણાશે.

## ૫.૫ કાયમી કાનૂની સહાય કેન્દ્ર

### ૫.૫.૧ વિશ્વનું પ્રથમ ચોવીસ કલાક કાર્યરત સહાય કેન્દ્ર

કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ–૧૯૮૭ના આમુખમાં દર્શાવેલ આદર્શોને સિદ્ધ કરવા અને તેનો ઝડપથી અમલ થાય તે માટે, અમદાવાદ શહેરમાં શાહીબાગ વિસ્તારમાં બંગલા નં. ૧૨, ડફનાળા, ખાતે સતત ૨૪ કલાકકાર્યરત, ૩૬૫ દિવસ અવિરત ચાલતું કાયમી અને સક્ષમ મફત કાનૂની સેવા કેન્દ્ર તા. ૪/૭/૯૯ થી શરૂ કરવામાં આવ્યું છે. [447]

જેમાં સને ૧૯૯૯ માં **૦૮૮૧** અરજીઓ આવી હતી

સને ૨૦૦૦ ના વર્ષમાં **૩૪૬૨** અરજીઓ આવી હતી.

સને ૨૦૦૧ ના વર્ષમાં **૧૯૨૩૩** અરજીઓ આવી હતી.

સને ૨૦૦૨ ના વર્ષમાં **૯૭૪૭** અરજીઓ આવી હતી.

સને ૨૦૦૩ ના વર્ષમાં **૩૭૦૦** અરજીઓ આવી હતી.

સને ૨૦૦૪ ના વર્ષમાં **૪૧૨૫** અરજીઓ આવી હતી.

સને ૨૦૦૫ ના વર્ષમાં **૬૦૭૧** અરજીઓ આવી હતી.

સને ૨૦૦૬ ના વર્ષમાં **૩૧૬૩** અરજીઓ આવી હતી.

સને ૨૦૦૭ ના ૦૧/૦૫/૦૭ સુધી **૮૬૮** અરજીઓ આવી છે,

કુલ **૫૧૨૫૦** માંથી **૪૮૫૨૮** અરજીઓનો સફળતા પૂર્વક નિકાલ થયેલ છે.[448]

---

447 Nyayapath, issue No.7-8.pp.68-69.

448 Gujarat State Legal Services Authority, Permanent Legal Services Clinic-Yearly statement up to 1-3-2007.

ગુજરાત રાજય સેવા સત્તા મંડળની છત્રછાયા હેઠળ ચાલતું આ મફત કાનૂની સલાહ અને સહાય કેન્દ્ર રાત દિવસ ૨૪ કલાક ખુલ્લું રહે છે ,અને વ્યકિતને પોતાના અનુકૂળ સમયે તેમજ ખાસ જરૂરિયાતના સમયે કાનૂની સેવા ઉપલબ્ધ થઈ શકે તે રીતની વ્યવસ્થાવાળું આ પ્રકારનું પ્રથમ કેન્દ્ર હોઈને સમગ્ર દેશમાં તે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે અને કઈ રીતે આ પ્રવૃત્તિ ૨૪ કલાક ચાલી શકે તેની માહિતી મેળવવા અને જાણવા માટે સમાજના વિવિધ વર્ગના અગ્રણીઓએ મુલાકાત લઈ તેની ભારોભાર પ્રશંસા કરી છે, તેમાં વિદેશથી આવેલ મહેમાનોનો પણ સમાવેશ થાય છે.[449]

કાનૂની સેવા કરવી તેનો અર્થ છે કે, કોઈ પણ કોર્ટ અથવા બીજા સત્તા મંડળ અથવા ટ્રિબ્યૂનલ સમક્ષ, કોઈ પણ કેસ એટલે કે દાવો કે અન્ય કાનૂની કાર્યવાહી કરવા માટે સહાય કરવી અથવા તો કોઈ પણ કાનૂની બાબત ઉપર સલાહ આપવી. આ કાર્ય માટે આ કેન્દ્ર ૨૪ કલાક કાર્યરત રહે છે. આથી એક સારવાર કેન્દ્ર તરીકે તેનું લિગલ કિલનિક નામ સાર્થક છે.[450]

સતત અવિરત રીતે કાનૂની સેવા પૂરી પાડવમાં કોઈ મુદ્દો રહેલો છે કે કેમ તે સ્પષ્ટ રીતે સમજવાની જરૂર છે. વ્યકિતને જેમ સેવા માટે ડોકટરની જરૂર પડે છે અને રાત કે દિવસના કોઈ પણ સમયે જરૂરિયાત ઉભી થાય તે રીતે કાયદા કાનૂનના આધાર વડે પણ રક્ષણની જરૂર પડે છે અને તેવી જરૂરિયાત માટે પણ રાત કે દિવસના કોઈ પણ સમયે સમસ્યા ઉપસ્થિત થઈ શકે છે. પોલીસ સ્ટેશનની સેવા સતત ૨૪ કલાક ઉપલબ્ધ રાખવી પડે. દીવાની કે ફોજદારી ન્યાયાધિશની ફરજમાં પણ ૨૪ કલાકમાંના કોઈપણ સમયે જરૂર પડે તેમના દ્વાર ખટખટાવી શકાય છે, તેવી કાનૂની જોગવાઈ છે, ત્યારે સર્વને સમાન ન્યાય, એટલે કે ન્યાય મેળવવા માટે સર્વને સમાન તક મળવી જોઈએ તે હેતુથી કાનૂની સેવા સત્તા મંડળની સ્થાપના થઈ છે. તેમાં આ પ્રકારે

449 Nyayapath, issue No.7-8.pp.68-69.
450 Ibid.

સેવા પૂરી પાડતાં કેવળ આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે જ નહીં, પરંતુ સમયના અભાવે પણ કોઈ ન્યાય મેળવવામાંથી વંચિત રહી ન જાય તેની ખાસ કાળજી રાખવાની કામગીરી આ કેન્દ્રએ હાથ ધરી છે.[451]

સને ૧૯૯૭માં, સ્થાપાયેલ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળની કામગીરીમાં સમાજના નબળા વર્ગોને વિના મૂલ્યે સક્ષમ કાનૂની સેવા આપવી, આર્થિક અથવા અન્ય અસમર્થતાના કારણે કોઈ પણ નાગરિકને ન્યાય મેળવવાની તકનો ઈન્કાર કરવામાં આવતો નથી, તે સુનિશ્ચિત કરવું, સમાનતાના ધોરણે કાનૂની પદ્ધતિનું કાર્ય ન્યાયને ઉત્તેજન આપે છે તે સુનિશ્ચિત કરવું, તેમ જ આ પ્રકારે ન્યાયના ઉત્તેજન માટે લોક અદાલત યોજવી તે બાબતોનો સમાવેશ થાય છે. તેના અનુસંધાનમાં સમગ્ર રાજયમાં કોર્ટના સ્થળોએ કાનૂની સેવા કેન્દ્રો સ્થાપવામાં આવેલ છે.

સત્તા મંડળના પેટ્રન–ઈન–ચીફ તથા કારોબારી અધ્યક્ષશ્રીએ કાનૂની સેવાના કાર્યને એક ઝુંબેશ તરીકે હાથ ધરી ન્યાય મેળવવા માટે સર્વને સમાન તક મળી રહે તેનું આયોજન કરવાની બંધારણીય ફરજ ઉપર ભાર મૂકી નાગરિકોમાં જાગૃતિ આવે અને પોતાના અધિકારો પ્રત્યે સભાન થાય તે દિશાના પ્રયત્નોમાં કાનૂની શિક્ષણ શિબિરોનું અને લોક અદાલતોનું આયોજન કર્યુ તેમાં રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, વકીલ મંડળ, સામાજિક સંસ્થાઓ અને કાર્યકર્તાનો સહકાર સાંપડતા દ્રષ્ટાંતરૂપ કાર્ય થયું તે ઉપરથી કાનૂની સેવા આવશ્યક સેવા ગણી, તારીખ ૪/૭/૧૯૯૯ ના રોજ મહાનગર અમદાવાદમાં ૨૪ કલાક કાર્યરત લિગલ કિલનિક (કાનૂની સહાય કેન્દ્ર) ની સ્થાપના કરવામાં આવી જેનું ઉદ્‌ઘાટન રાજયના નામદાર રાજયપાલશ્રી સુંદરસિંહ ભંડારીએ કર્યું.[452]

---

451 Ibid.

452 Ibid.

કાનૂની સેવા સત્તા મંડળનો ઉદ્દેશ ન્યાયને ઉત્તેજન આપવાનો છે તેથી આ કેન્દ્ર વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરે છે. સમાજમાં શાંતિ, સલામતી અને વ્યવસ્થા માટે કાનૂન અને તેના ઉપયોગમાં નીતિમત્તાનું ધોરણ જળવાઈ રહે તે બાબતોને મહત્વ આપી કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરી લોકોને તેમના અધિકારોથી માહિતગાર કરવામાં આવે છે અને ઉપાયો બતાવવામાં આવે છે. કાયદાના વિદ્યાર્થીઓને પણ કાનૂની વિષય ઉપર માર્ગદર્શન આપવા ઉપરાંત કોર્ટમાં કઈ રીતે કામગીરી થાય છે, એડવોકેટ તરીકેની જવાબદારી, તે માટે જાળવવાના નીતિમત્તાનાં ધોરણો, કોર્ટમાં તેમજ અસીલ પ્રત્યે કેવો વ્યવહાર રાખવો જોઈએ તેની સમજ આપવામાં આવે છે. તે એ અપેક્ષાએ કે તેના કારણે વિદ્યાર્થી ભવિષ્યમાં વકીલાતના વ્યવસાયમાં જોડાય ત્યારે તે માટે યોગ્ય રીતે સજજ હોય. વિદ્યાર્થીઓ ઉપરાંત જુદી જુદી સંસ્થાઓ માટેના એવા કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવે છે કે સંસ્થા ઈચ્છે તેટલી સંખ્યામાં વ્યીકતઓને કાનૂની સહાય તાલીમ–પેરા લિગલ ટ્રેઈનિંગ આપવામાં આવે છે. તે એ રીતે કે આ કેન્દ્રમાં મુકરર સમયે ચોકકસ વિષયો ઉપર કાનૂન અંગેની તેમજ તે કાનૂનનો આશરો લેવા માટે કઈ રીતે કાર્યવાહી કરી શકાય તેની સમજ આપવામાં આવે છે. જેમાં પ્રશ્નોત્તરીને પણ ખાસ સ્થાન આપવામાં આવે છે. આ તાલીમ માટે જે તે વિષયની પૂરતી માહિતી આપી શકે અને માર્ગદર્શન આપી શકે તેવા અનુભવી વ્યકિતઓની સેવા લેવામાં આવે છે.

આથી આ કેન્દ્રમાં સક્ષમ સેવા પૂરી પાડવા માટે સંશોધન વિભાગ પણ ખોલવામાં આવેલ છે. જેમાં હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ, અન્ય ન્યાયાધિશો, એડવોકેટો ઉપરાંત કાયદા સાથે સંકળાયેલ શિક્ષણ ક્ષેત્રના અનુભવી મહાનુભાવોનો સમાવેશ થાય છે. સક્ષમ અને મફત કાનૂની સેવા ઉપલબ્ધ હોય છે. તેના બહોળા પ્રચાર માટે માહિતી પુસ્તિકા, ચોપાનિયા, ડાયરીઓ તેમજ જાહેર સ્થળોએ પ્રચારનાં માધ્યમો દ્વારા સર્વને

સમાન ન્યાય માટેની યોજનાથી વાકેફ કરવામાં આવે છે. આ ઉપરાંત આ કિલનિકની પ્રવૃત્તિમાં તેના આયોજનમાં જે બાબતોનો સમાવેશ થાય છે તે જોઈએ તો કાનૂની સહાય અને તેની સાથે સંકળાયેલા વિષયો અને  કાર્યવાહીના કાયદાઓ વિષે કાયદાની કોલેજોમાં નિબંધ અને વકતૃત્વ સ્પર્ધાઓનું આયોજન કરવાની યોજના ઉપરાંત સંખ્યાબંધ કાર્યશાળા (વર્કશોપ), પરિસંવાદ (સેમિનાર), ઓપ અભ્યાસક્રમ (રિફ્રેશર કોર્ષ), વિષય અભિમુખ અનુસ્થાપન (ઑરિએન્ટેશન) દ્વારા કાનૂની સેવા પૂરી પાડવાનું ધ્યેય છે.[453]

આ કેન્દ્રમાં જાતે રૂબરૂ આવીને કે ટપાલ દ્વારા કોઈ પણ વ્યકિત પોતાની હકીકતની માહિતી આપી તે અંગે કાનૂની સલાહ માંગે તો તે બાબતમાં જરૂરી માર્ગદર્શન પૂરું પાડવાનું હોય છે અને તેનો પ્રશ્ન હલ કરવાનો રહે છે.

તે ત્રણ રીતે ઉકેલી શકે છે.

(૧) કાનૂની સલાહ આપીને,

(૨) પક્ષકારો વચ્ચે સમાધાન  કરાવીને, અને

(૩) કોર્ટની કાર્યવાહીમાં કાર્યવાહી માંડવા અથવા બચાવ કરવા માટે સહાય આપીને. અમુક પ્રકારના કેસો માટે તે વિષયના અનુભવીની સેવાઓ મળી રહે તેની પણ કાળજી રાખવામાં આવે છે.

જે વ્યકિતએ કેસ ફાઈલ કરવાનો હોય અથવા તેનો બચાવ કરવાનો હોય તેને મફત સહાય મેળવવી હોય તો સત્તા મંડળને એવી ખાતરી કરાવવી જોઈએ કે તેનો કેસ પ્રથમ દ્રષ્ટિએ કામ ચલાવવા માટેનો અથવા બચાવ કરવા માટેનો છે. તેમજ તે કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ,૧૯૮૭ની કલમ–૧૨ માં નિર્દિષ્ટ કરેલ કાનૂની સેવા મેળવવા હકદાર વર્ગમાં આવે છે. આ વર્ગમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત

---

453 Ibid.

જનજાતિના હોય, મહિલા, બાળક, ઔદ્યોગિક આપત્તિનો ભોગ બનેલ હોય, કિશોર ન્યાય અધિનિયમ અન્વયે કિશોરગૃહમાં રહેતો હોય, માનસિકઆરોગ્ય અધિનિયમ હેઠળ માનસિકરોગની હોસ્પિટલ અથવા નર્સિંગહોમમાં હોય, અનૈતિક વેપાર નિવારણ અધિનિયમ હેઠળ સંરક્ષણગૃહમાં હોય, કોઈ પણ પ્રકારની પોલીસ કસ્ટડીમાં કે સરકારી અટકાયતમાં હોય તેનો સમાવેશ થાય છે. તેની આવક ગમે તેટલી હોય આમ છતાં, વિના મૂલ્યે કાનૂની સેવા મેળવવા હકદાર બને છે જેથી આવકનો દાખલો આપવાની જરૂર રહેતી નથી. તે સિવાય પોતાની વાર્ષિક આવક રૂપિયા ૫૦,૦૦૦/– કે તેથી ઓછી હોવાનો દાખલો રજૂ કરે અથવા પોતાનું સોગંદનામું રજૂ કરે તો તેવા આર્થિક રીતે નબળા વર્ગના લોકો પણ વિનામૂલ્યે કાનૂની સેવા મેળવવા હકદાર બને છે. આવકનો દાખલો મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, પંચાયત વગેરે સત્તાવાળા પાસેથી મેળવી શકાય છે. તે ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્ય, સંસદસભ્ય વગેરેએ આપેલ આવકનો દાખલો પણ સ્વીકારી શકાય છે.

લિગલ કિલનિકમાં હાઈકોર્ટના માનનીય નિવૃત્ત ન્યાયાધિશો, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ તેમજ અનય કોર્ટોમાંથી નિવૃત્ત થયેલ ન્યાયાધિશો ઉપરાંત વકીલ મંડળના, નીચલી અદાલતથી માંડીને હાઈકોર્ટમાં પ્રેકિટસ કરતા એડવોકેટો તેમજ જે તે કોર્ટમાં ફરજ બજાવતા વિદ્યમાન ન્યાયાધીશોની સેવા ઉપલબ્ધ રહે છે. આ સેવાઓ સ્વેચ્છાએ આપવામાં આવે છે. તે ધ્યાનમાં લઈ કેન્દ્રમાં દરેકને અલગ અલગ સમય તેમની અનુકૂળતા મુજબ ફાળવવામાં આવે છે. સેવા સતત ઉપલબ્ધ થઈ શકે તે માટે સવારથી બપોર, બપોરથી મોડી સાંજ અને ત્યારપછીના રાત્રિના સમય માટે તે સમયગાળા દરમ્યાન લિગલ કન્સલટન્ટ ઉપલબ્ધ હોય તેવી ખાસ વ્યવસ્થા કરવામાં

આવી છે. તે સમયગાળા દરમ્યાન કૉ–ઓર્ડિનેટર અને સમાધાનકર્તાની સેવાઓ પણ મળી રહે છે.[454]

કાયદાના શાસનમાં કાનૂની સલાહ અને સહાયની જરૂર પડતી હોય છે તે જોતાં આ પરમેનન્ટ લિગલ એઈડ કિલનિક, કાયમી કાનૂની સહાય કેન્દ્ર , ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળનું મહત્વનું કેન્દ્ર છે.

રાષ્ટ્રનું પ્રથમ કાયમી મફત અને સક્ષમ કાનૂની સેવાઓનું કિલનિક એ, ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળની જનસમુદાયની સેવાઓને વરેલું કેન્દ્ર છે. આ કિલનિક સમગ્ર દેશમાં, કાનૂની સહાય કે જે જરૂરિયાતમંદ, અકિંચન, કચડાયેલા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સમાજના નબળા વર્ગો, બાળકો અને મહિલાઓનો, કિલનિકના સંદર્ભમાં મૂળભૂત અધિકાર છે, તેમના અધિકાર પુરુ પાડતું રાષ્ટ્રનું સૌ પ્રથમ કેન્દ્ર છે. ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળની છત્રછાયા હેઠળ તથા રાષ્ટ્રીય કાનૂની સેવાઓ સત્તા મંડળ ના માર્ગદર્શન હેઠળ કાનૂની સેવાઓ સત્તા મંડળ અધિનિયમ, ૧૯૮૭ની જોગવાઈઓ હેઠળ જે વૈધાનિક સેવાનું ધ્યેય નકકી કરવામાં આવ્યું છે અને આમુખમાં જે વચનો આપ્યાં છે, જે બંધારણીય ફરમાન છે તેની પૂર્તતા કરવા માટે આ કેન્દ્રનું લક્ષ્ય નીચે પ્રમાણેનું છે.[455]

(એ) મફત અને સક્ષમ ફરિયાદ નિવારણ અને રક્ષણાત્મક સહાય અને સલાહ પૂરી પાડવી.

(બી) કાયદાના શિક્ષણનો ફેલાવો કરવો.

(સી) વકીલાતના કાનૂની વ્યવસાય માટે તાલીમ આપવી.

(ડી) વકીલાતમાં સમાધાનકારી વલણ તૈયાર કરવું.

---

454 Ibid.

455 Hon'ble Justice J.N.Bhatt,Executive Chairman,Gujarat Legal Services Authority, Nyayapath, issue No.3.pp.6-8.

(ઈ) તકરારોની પતાવટની જરૂરિયાત પર ખાસ ભાર મૂકવામાં આવે.

(એફ) કાયદાના વિદ્યાર્થીઓમાં વકીલાતના વ્યવસાયની ક્ષમતા ઉભી કરવી.

(જી) લોકોની સમસ્યાઓનો ઉકેલ લાવવો.

(એચ) ચોકકસપણે વિચારવું અને ચોકકસપણે માનવું તે બંને વચ્ચેનો ભેદ બતાવવો.

(આઈ) કોર્ટ સમક્ષની કામગીરી માટે ઉત્સાહ રેડવો અને સામર્થ્ય કેળવવું.

(જે) કાયદાના ક્ષેત્રમાં વિશ્વસનીયતા બતાવવામાં આવે તો તેની અસર લાભકારક થાય છે. તેના વિશ્વવ્યાપી સામાજિકમૂલ્યોનું મહત્વ સમજાવવું.

(કે) ન્યાયાસન પર બિરાજમાન ન્યાયાધિશો તેમજ વકીલમંડળને તકરારોની અસરકારક પતાવટ માટે પ્રવૃત્ત કરવા.

(એલ) ખુલ્લુ પારદર્શી તેમજ ભરોસાપાત્ર વાતાવરણ ઉભુ કરવું.

(એમ) કાનૂની અને ન્યાયિક ઘડતરમાં નવું જોમ રેડવું.

(એન) વ્યવસાયમાં પ્રમાણિકતા અને નીતિમત્તા સ્થાપિત કરવી.

(ઓ) કાયદાના વિદ્યાર્થીઓ, વકીલો તેમજ ન્યાયાધીશોનો દ્રષ્ટિકોણ અને ધ્યેયના સફળતાપૂર્વકના અમલની બાંહેધરી આપવી.

(પી) કામગીરીની ઉચી અપેક્ષાઓ સ્થાપિત કરવી અને શોધી કાઢવું કે પૂર્તતા કર્યા વગરની સફળતા કેટલી બનાવટી છે.

(કયુ) પદ્ધતિમાંનાં પ્રચલિત અને અપ્રચલિત મૂલ્યો વચ્ચેના તફાવતને જાણવો.

(આર) તકરારોની પતાવટ માટે રચનાત્મક વલણ વિકાસવવું.

(એસ) કોર્ટમાં દાખલ કરતા અગાઉની તકરારોની પતાવટ માટે મજબૂત અને સંગીન વાતાવરણ ઉભુ કરવું.

(ટી) કાનૂની સહાય વધુ સારી રીતે થાય તે માટે સમયાંતરે ચર્ચાસભાઓ (સેમિનાર), કાર્ય શિબિરો, પરિસંવાદોનું આયોજન કરવું.

(યુ) મૂળભૂત અને પાયાના કાનૂની શિક્ષણનો ફેલાવો કરવો.

(વી) વરિષ્ટનાગરિકો, સ્વાતંત્ર્યસેનાનીઓ સહિત જે કોઈ કિલનિકની મુલાકાતે આવે તે તમામનું નિષ્ઠાભાવથી કામ કરવું.

(ડબલ્યુ) અધિનિયમના હેતુ પરત્વે પ્રજાજનોને વાકેફ કરવા.

(એકસ) કોર્ટ અને વિવિધ ટ્રિબ્યુનલોમાંના કામના ભારે ભરાવાનો ઘટાડો કરવો.

(વાય) કાયદો અને ન્યાયની અસરકારક અને કાર્યક્ષમ કાર્યપદ્ધતિ માટે વિસ્તૃત અને વ્યાપક શોધ અને સંશોધન કરવું.

(ઝેડ) કેસ અને કોર્ટના વહીવટમાં પદ્ધતિસરની સુધારણા કરવી.

(એએ) ટેકા વગરનાને ટેકો આપવો, વ્યવસ્થિત કરવાનું મુશ્કેલ હોય તેને વ્યવસ્થિત કરવું, કામના અતૂટ ભારણને ભાંગવું.

કાનૂની સહાય કિલનિક જનસમુદાયની સેવાના કાર્યના પ્રવૃત્તિ કેન્દ્ર છે. કાનૂની સેવા કિલનિક યોજનામાં ઘણા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. જેવા કે પ્રજાના જુદાં જુદાં વર્ગોમાં કાનૂન અંગે જાગૃતિ આણવી, કાયદાના તેમજ કાયદાને આનુષંગિક કામ કરનારાઓ માટે તેમના વિષયમાં હકારાત્મક અભિગમ કેળવાય તે માટે કાર્યકંમો કરવા, જુદાં જુદાં સ્તરે કાનૂની સલાહ આપવી અને રાજયની વૈધાનિક સત્તા સાથે જોડાઈને લોક અદાલતો માટે મદદ કરવી.

કાનૂન સહાય કાર્યક્રમોની ઉન્નતિ માટે મદદ કરવા માટે કાનૂની સહાયના જુદાં જુદાં પાસાઓમાં કાયદાના વિદ્યાર્થીઓને અગત્યનો અને આગળ પડતો ભાગ ભજવવાનું સોંપવામાં આવ્યું છે. સંશોધન અને વિકાસના ક્ષેત્રો નકકી કરી તેમાં મોટા પાયા પર કામ હાથ ધરવામાં આવ્યું છે. કિલનિકલ શિક્ષણના ભાગરૂપે મુખ્યત્વે

કાનૂની સહાય અને તેની સાથે સંકળાયેલ વિષયો અને અન્ય કાર્યવાહીના કાયદાઓ વિષે કાયદાની કોલેજોમાં નિબંધ અને વકૃત્વ સ્પર્ધાઓનું આયોજન કરવાનું પણ કિલનિકની યોજનામાં છે.કાયદાના તજજ્ઞો, નિવૃત્ત અને વિદ્યમાન ન્યાયાધીશો અને કિલનિકના અધિકારીઓની સીધી દેખરેખ હેઠળ કાયદાના વિદ્યાર્થીઓ તેમની પસંદગી પ્રમાણે કાનૂની સેવા કિલનિકની પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. આમ, કાયદાના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રતિષ્ઠા મળશે જે તેમની કાયદાના વ્યવસાયની કારકિર્દીમાં મદદરૂપ થશે.[456]

કાયદાના વિદ્યાર્થીઓ માટેના કિલનિકલ શિક્ષણના કાર્યક્રમો ઉદ્દેશો નોંધપાત્ર છે.

(૧) સામાન્ય કાનૂની પદ્ધતિ અને પ્રણાલીગત કાનૂની પદ્ધતિ એવી વકીલાત કરવાની રીતથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવા.

(૨) વકીલાત કરવામાં વૈકલ્પિક જુદી જુદી રીતનો ઉપયોગ અને તેની સુસંગતતાનું મૂલ્યાંકન કરવું.

(૩) વ્યવસાયની નીતિમત્તાના વિચારને અનુસરવાની સાથે કાયદો અને કાનૂની સહાયના સંબંધમાં સામાજિક અને માનવીય મૂલ્યોનું સર્જન કરવું અને ઉત્તેજન આપવું.

(૪) કાયદાના વિદ્યાર્થીઓને એ બતાવવું કે ખરેખર સમાજની કઈ સમસ્યાઓ છે કે, જેના લીધે તકરારો અને મુદ્દાઓ ઉભા થાય છે.

(૫) તેઓ જવાબદારી પ્રત્યે સભાન બને અને વ્યવસાયિક વર્તણૂંક તેમજ અદબ જાળવવાનું ચૂસ્તપણે પાલન કરે તે માટે તૈયાર કરવા.

(૬) ન્યાયાસનો પર બિરાજમાન ન્યાયાધીશો અને વકીલ મંડળો વચ્ચે બંધુતાની ભાવના પેદા કરવી અને તેને ઉત્તેજન આપવું.

---

456 Ibid.

(૭) કાયદાના ક્ષેત્રમાં વધુ સારી કારકિર્દી માટે વિદ્યાર્થીઓને કાનૂન સહાયક કાર્યક્રમ તરફ દોરવા અને વકીલો તેમજ ન્યાયાધીશોને સામેલ કરવા.

કાનૂની સેવા કિલનિક સંખ્યાબંધ કાર્યશાળા(વર્કશોપ) ચર્ચાસભા(સેમિનાર) ઓપ અભ્યાસક્રમ(રિફ્રેશર) તથા વિષય અભિમુખ અનુસ્થાપન(ઓરિએન્ટેશન)ના કાર્યક્રમો હાથ ધરવા માગે છે, તે ફકત કાયદાના વિદ્યાર્થીઓ માટે જ નહિ પરંતુ કાયદાના શિક્ષકો, વકીલો, ન્યાયાધીશ, અમલદારો, બિનસરકારી સંસ્થાઓ, કાયદાના અમલીકરણની એજન્સીઓ અને અન્ય કાનૂની સહાયનું કામ કરનાર તેમજ વિદ્યાપીઠો (યુનિવર્સિટીઓ)ના પદીધકારીઓ માટે પણ ખરાં કે જેથી સમાજના દરેક સ્તરે કાનૂની જ્ઞાન પહોંચાડવું અને સમાજના જરૂરિયાતમંદ અને પાત્રતા ધરાવતા વર્ગને સતત શિક્ષણ  પૂરું પાડવાની કિલનિકની ફરજની પૂર્તતા થાય. નિમ્ન વર્ગના અને પ્રતિકૂળ સંજોગોવાળા જૂથને કાનૂની સેવાઓ પૂરી પાડવા ઉપરાંત રાજય સત્તામંડળે સામાજિક ન્યાય મળી રહે તે માટે વધુ સારું કાર્ય કરવા માટેની ખુલ્લી ગોઠવણો અને યોજનાઓ કરી છે.

કાનૂની કિલનિક દ્વારા કાયદાના વિદ્યાર્થીઓને માટે એ તકો ઉભી કરવા માગે છે કે, જેથી તેઓ શીખે અને પછી ગરીબ લોકોને ન્યાય મેળવવાની તક પૂરી પાડી તેઓની સેવા કરે સાથોસાથ સમાધાન, માંડવાળ, મધ્યસ્થી, કેસનું આયોજન અને કોર્ટ કામકાજ, મુસદ્દા ઘડવાની આવડત જે કાયદાના વિદ્યાર્થીઓ અને કાનૂની સહાયકોને કામ લાગશે અને છેવટે ગરીબ લોકોને માટે કાનૂની સેવા કરવામાં ઉપયોગી થઈ શકે. કાયદાના વિદ્યાર્થીઓને વ્યવસાયિક શિક્ષણ પૂરું પાડવાના હેતુથી કાનૂની સેવા કિલનિક સમયાંતરે ન્યાયાધીશો તેમજ વકીલમંડળના વરિષ્ઠ સભ્યો તાલીમ આપે છે.

સ્વાભાવિક રીતે જ કાનૂની સેવા કિલનિક અને તેની અન્ય પ્રવૃત્તિઓમાં ભાગ લેવો તે કાયદાના વિદ્યાર્થીઓને, કાયદાના શિક્ષકોને અને સામાજિક કાર્યકરોને

મદદરૂપ નિવડે છે. તેઓને જાણવા મળે છે, એટલું જ નહીં પણ અસીલની સાથે કઈ રીતે વાતચીત કરવી, ખાસ વિષય માટેની જ સલાહનું કામ, સમાધાન કારી વલણવાળી વકીલાત અંગે પણ સમજ કેળવાય છે. જે અજ્ઞાની, અકિંચન, અભણ, કચડાયેલા અને સમાજના નબળા વર્ગોને તેમના હકકોની જાણકારી મળશે અને કિલનિકલ તેમજ અન્ય કાયદાના ક્ષેત્રમાં કામકાજ કરનારાઓની મદદથી તેમની કાનૂની તકરારોના નિવારણમાં ઉપયોગી નિવડશે. કાનૂની શિક્ષણના કાર્યક્રમોથી તેમના હકકો અને ફરજો વિષે સમજ કેળવાય છે, જે કોર્ટની પરંપરાગત પદ્ધતિનો વિકલ્પ બતાવી શકે છે. સમયાંતરે કિલનિકમાં અપાતી તાલીમ અને કાનૂની શિબિરો લોકો વચ્ચેની અને તેમાં પણ ખાસ કરીને લગ્નવિષયક અને કૌટુંબિક તકરારોમાં મધ્યસ્થી, વાટાઘાટો અને સલાહ સૂચનાની અગત્યતા અને આવડત જાણવાની તક પૂરી પાડે છે. છેલ્લા આઠ મહિનાના અનુભવે સફળતાપૂર્વક બતાવ્યું છે કે તે સારી રીતે ચાલે છે. લોક અદાલતોના સ્વરૂપમાં વૈકલ્પિક તકરારો ઠરાવની તાંત્રિક ગોઠવણ (ઓલ્ટરનેટીવ ડિસપ્યુટસ રેઝોલ્યુશન મિકેનિઝમ) કાનૂની સેવાના નિવારણ અને રક્ષણાત્મક કાર્યક્રમોનો વિકાસ પક્ષકારો અને દાવા–દૂવી કરનારાઓનો વિવાદ અને મુદ્દાઓ વિષે જાળવવાની અને તેમાં ભાગ લેવાની તક ઉભી કરે છે.

કાનૂની સેવા કિલનિકના સામાન્ય કાર્યક્રમો સિવાય, વાટાઘાટો, મધ્યસ્થી, સલાહ સૂચન અને સમાધાનની વિધિમાં કાયદાના વિદ્યાર્થીઓ, સામાજિક કાર્યકરો અને કાનૂની સહાયકો સામેલ થવાથી કાયદાની જુદી જુદી શાખાઓ જેના માટે વિવિધ પ્રકારના રસ્તાઓ અને જુદા જુદા પ્રશિક્ષિત ક્ષેત્રમાંથી જાણકારી હોવી જરૂરી છે, તેમાં નિપૂણતા પ્રાપ્ત કરી શકે છે.

કાનૂની સહાય કિલનિક એવું કેન્દ્ર છે કે જયાં કાનૂની અને કાનૂની સહાયક સેવાઓ, તજજ્ઞો અને વ્યવસાયિક રીતે તાલીમ પામેલ ન્યાયાસન પર

બિરાજતા અને વકીલમંડળના  સભ્યો તેમજ શિક્ષણશાસ્ત્રીઓ, ન્યાયવિદો તરફથી આપવામાં આવે છે. અને જેઓને કાનૂની સમસ્યા હોય તેમને આ કિલનિકમાં તે તમામ સેવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે. સેવા અને શિક્ષણની મદદ તેમજ તકરારોની પતાવટ તે કિલનિકનો અંતર્ગત ભાગ છે.

આ પ્રકારના કાનૂની સહાય કિલનિક જુદા જુદા જિલ્લાઓમાં પણ શરૂ કરી શકાય અને તે  હેતુ માટે ખાસ નકકી કરેલ લો કોલેજોમાં પણ કરી શકાય.[457]

કાનૂની સહાય કિલનિકનાં કાર્યો વિવિધ પ્રકારના અને મહત્વ ધરાવનારા છે તે પૈકી બે મોટા લક્ષ્યનો અમલ કરવા માટે છે :

(૧) પ્રશિક્ષણ અને કાનૂની શિક્ષણ, અને

(૨) જન સમુદાયની સેવા.

(૧) જરૂરિયાતવાળા લોકોમાં કાનૂની શિક્ષણની જાગૃતિ આવે તે માટે મૌખિક રીતે માહિતી આપવી અથવા માહિતી પુસ્તિકા, ચોપાનિયાં અને સામયિકો મારફતે પ્રચાર કરવો.

(૨) કાનૂની કાર્યવાહી દ્વારા સામાજિક પગલાં લેવાં માટે લોકોને સજજ કરવા. તેમને દાવા–દૂવી માટેની જરૂરી મદદ પૂરી પાડવી.

(૩) વિધાનમંડળોના ટેકાનો કાર્યક્રમ અને જાહેર હિતની દાવા–દૂવી મારફતે કાયદા સુધારણાની પ્રવૃત્તિઓ.

(૪) કલ્યાણ અંગેના જે કાયદા ઘડેલા છે તેનો હિસાબ લેવો અને તમામનો અમલ કરવો તેમજ સામાજિક કાનૂની સંશોધન મારફતે ગરીબોની સામાજિક આર્થિક સમસ્યાના કઠોર સ્વિકૃત મુદ્દાઓને શોધી કાઢવા.

---

[457] Ibid.

કાનૂની સેવા કિલનિકનું ગુજરાતનાં રાજયપાલશ્રી સુંદરસિંહજી ભંડારીએ તારીખ ૪ જુલાઈ, ૧૯૯૯ના રોજ ઉદઘાટન કરેલું ત્યારથી માંડીને છેલ્લા **નવ** વર્ષોમાં **૫૧૨૫૦** કેસો હાથ ધરવામાં આવેલા, જે પૈકી **૪૮૫૨૮** કેસોનો પરસ્પરની સમજૂતીથી નિકાલ થયો છે. આ કિલનિક જે રાતદિવસ ચાલે છે, તેના સંચાલન માટે મહેકમ અનુસાર સ્ટાફની ભરતી કરવામાં આવી નથી કે ફાળવવામાં આવ્યા નથી. હાલમાં કિલનિક ચાલે છે તેમાં લગભગ ૭૫ વ્યકિતઓ કામ કરી રહ્યા છે, તેઓ માનદ સેવાઓ આપે છે, તે પૈકી કેટલાકને આવવા જવા માટે વાહનની વ્યવસ્થા આપવામાં આવી છે અથવા તો આવવા જવાના ખર્ચને પહોંચી વળવા માનદ વેતન આપવામાં આવે છે. સમગ્ર આયોજન માટે માણસોની જરૂરિયાત અંગેની વિગતવાર દરખાસ્ત રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળનો ટેકો ખૂબ જ પ્રોત્સાહન આપનારો અને મદદરૂપ છે.

૨૧–૧૨–૨૦૦૬ સુધીમાં કુલ ૩૦૯ કરતા પણ વધુ તાલીમ વર્ગો, સેમિનાર, કાર્યશિબિરો, ઓરિએન્ટેશન કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. સમાજના જુદાં જુદાં ક્ષેત્રોમાંથી સત્તાધીશો અને મહાનુભાવોએ કિલનિકની મુલાકાત લીધી છે.[458]

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળની છત્રછાયા હેઠળ અને રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન અને સહાયથી ચાલતા અને અમદાવાદમાં ૨૪ કલાક ચાલતા એવા પ્રથમ કાનૂની સહાય કિલનિકના સંચાલનનો હેતુ પાર પડયો છે. તે અનુભવ ન્યાયાધીશો, વકીલો, મંડળના સભ્યો, બિનસરકારી સંગઠનો, સામાજિક સેવાઓને વરેલી કલબો અને સંસ્થાઓ, સરકારનો રચનાત્મક અભિગમ અને માનનીય કારોબારી અધ્યક્ષ માનનીયશ્રી ન્યાયમૂર્તિ એસ. પી. ભરુચા અને રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળના માનનીય મુખ્ય સંરક્ષણ માનનીય મુખ્ય

[458] Schedule No.12.

ન્યાયમૂર્તિ ડૉ. ન્યાયમૂર્તિશ્રી એ. એસ. આનંદના અસરકારક માર્ગદર્શન અને સહાયના કારણે થઈ શકયો છે. આ પ્રકારના કિલનિકો સને ૨૦૦૦ની સાલમાં અન્ય જિલ્લા કેન્દ્રોમાં પણ શરૂ થાય તે માટે ચક્રો ગતિમાન થયા છે. તેમાં ભલે ૨૪ કલાક ચાલતી ત્રણ પાળી ન હોય પરંતુ સેવાની ભાવનાને વરેલા લોકોની મદદથી આઠથી દસ કલાક માટેના કેન્દ્રોની શરૂઆત કરી શકાય.

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ પૈકીની લિગલ કિલનિક–કાનૂની ઉપચાર કેન્દ્ર ૨૪ કલાક ખુલ્લું રહે છે અને એવા કિસ્સાઓ પણ મોજૂદ છે કે, લોકોએ પોતાના કોઈ ફોજદારી કેસ અંગે અથવા દીવાની તકરાર બાબતની સમસ્યાઓના તાત્કાલિક ઉકેલની જરૂરિયાત પ્રસંગે અડધી રાત્રે શુદ્ધાં કે વહેલી સવારે સત્તા મંડળના દરવાજા ખટખટાવ્યા છે, અને જેઓ આ કિલનિકમાં ફરજ બજાવે છે તેઓએ કોઈપણ જાતનો વિલંબ કર્યા વિના કે અન્યથા કિલનિકમાં આવનાર વ્યકિત કસમયે આવ્યો છે તેનો રંજદાખવ્યા વગર પોતાની સેવાઓ સફળતાપૂર્વક પૂરી પાડી છે.

લિગલ એઈડ કિલનિક માત્ર ગુજરાત રાજયમાં જ નહિ, પરંતુ સમગ્ર દેશમાં અજોડ ગણાય તેવું બની રહ્યુ છે.

સમાજ વ્યવસ્થાના માળખામાં જકડાયેલા છેવાડાના માનવી માટેની દુનિયા કંઈક જુદી જ છે. જીવનનિર્વાહની મથામણ અને સામાજિક સમસ્યાઓના સંકજાઓમાંથી છૂટવાની માથાકૂટ એ જ નરી વાસ્તવિકતા છે.

રાજય કાયદાના શાસનના ખ્યાલને સાકાર કરવા ન્યાય તંત્રની વ્યવસ્થા ગોઠવી છે. પોલીસ રાજયને બદલે કલ્યાણ રાજયની દિશામાં કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. આમ છતાં સમાજના અદના માનવી માટે આ કલ્યાણકારી યોજનાઓમાં પોતાને કોઈ કાનૂની અધિકાર મળ્યો છે ખરો ? આ પ્રશ્ન અંગે તેની પાસે

કોઈ જાણકારી નથી અને જાગૃતિનો તદન અભાવ છે. કાયદાનું અજ્ઞાન એ બચાવ નથી. દરેક વ્યકિત કાયદો જાણે છે. આ અનુમાનને સ્વીકારી કાયદો ગતિમાન થાય છે. સામાન્ય પ્રજાજનને પણ આ બાબતની ખબર હોય છે. તે માની શકાય તેમ નથી. અભણતા કે અજ્ઞાનતાને કારણે કાયદાઓના વિશાળ જંગલ વચ્ચે સામાન્ય માણસ અટવાયેલો અને મૂંઝાયેલો હોવાનો અહેસાસ કરી રહયો છે. પોતાના કાનૂની અધિકાર કયા કયા છે ? આ અધિકાર મેળવવા કયાં જવું? શું કરવું ? ન્યાય મેળવવા માટે નાણાકીય મુશ્કેલીનો પહાડ માર્ગમાં અવરોધ ખડો કરતો હોય તો શું ન્યાય ન મળે ? આવા અનેક સવાલો અદના માનવીના મનને મૂંઝવી રહયો હોય ત્યારે આ બધી વિટંબણાઓ અને દહેશતમાં ઘેરાયેલા માનવીને મદદરૂપ થવું એ પણ રાજયની એક ફરજ છે.

મૂળભૂત અને બંધારણીય અધિકારો અંગે સર્વોચ્ચ અદાલત ખડે પટે સંત્રીની ભૂમિકા અદા કરી રહી છે, જેના નૂતન પ્રગતિશીલ અભિગમના કારણે સર્વને સમાન ન્યાય મળી શરે તે હેતુથી કાયદા દ્વારા ૧૯૮૭ માં રાષ્ટ્રીય કાનૂની સેવાસત્તા મંડળ નામની સંસ્થાની રચના થઈ છે. ગુજરાતમાં પણ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળની રચના થઈ છે. કાનૂની સહાયની દિશામાં ગુજરાતે ૧૯૮૨ માં દેશભરની સૌ પ્રથમ લોક અદાલત યોજી અને હવે ૨૪ કલાક સતત કાર્યરત એવી લિગલ સર્વિસ કિલનિક શરૂ કરીને સમગ્ર દેશને નવો રાહ ચિંધ્યો છે.

દર્દીને તત્કાળ તબીબી સેવાની જરૂર પડે તો સતત ૨૪ કલાક માટે કાર્યરત હોસ્પિટલ કે આરોગ્ય કેન્દ્રની સેવા ઉપલબ્ધ બની શકે. કોઈ પણ વ્યકિતને પોતાના જાનમાલ સામે ભય લાગે તો રક્ષણ મળી શકે તે હેતુથી સતત ૨૪ કલાક કાર્યરત હોય તેવી વ્યવસ્થા પોલીસ થાણા કે ચોકી મારફતે ઉપલબ્ધ બની શકે, પરંતુ

કાનૂની સહાય માટે સતત ૨૪ કલાક કાર્યરત હોય તેવી ન્યાય માટેની સહાયની વ્યવસ્થા સામાન્ય માનવી માટે ઉપલબ્ધ કેમ ન બની શકે ?

આ નૂતન ખ્યાલ સાકાર કરવા ગરવી ગુજરાતના અમદાવાદ શહેરના શાહીબાગ ડફનાળા ખાતેના મુખ્ય રસ્તાને અડીને આવેલા બંગલા નંબર ૧૨ માં ૪ થી જુલાઈ ૧૯૯૯ થી એક નૂતન અભિગમ રૂપે ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના ઉપક્રમે કાનૂની અધિકારની જાગૃતિ અને તેના અમલ માટે તાલીમબધ્ધ, સાધન–સજજ એવું કાનૂની સેવા કેન્દ્ર–લિગલ સર્વિસ કિલનિક શરૂ કરવામાં આવ્યું છે.[459]

મફત કાનૂની સહાય મેળવવા માટે બે પ્રકારના માપદંડો સ્વિકારવામાં આવ્યા છે. ભારત દેશ ગરીબી અને સામાજિક વિષમતાઓથી ભરેલો છે તેટલા માટે જેના માપદંડ નકકી કરતી વખતે ઉપરોકત બાબતોને ખાસ ધ્યાનમાં રાખવામાં આવી છે. જે અનુસાર પ્રથમ માપદંડ સામાજિક બાબતો અંગેનો છે એટલે કે સામાજિક રીતે નબળા કે પછાત ગણાતા કે બીજી કોઈ અસમર્થતાઓથી પીડાતા વ્યકિતઓ કે વર્ગો માટેની આ જોગવાઈ છે. સમાજના કહેવાતા નબળા વર્ગોમાં સૌથી મોખરે સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધો છે આ ઉપરાંત અનુસૂચિત જાતિ અને જનજાતિના સભ્યો ગણી શકાય. આમ આ વર્ગ માટે મફત કાનૂની સહાયની જોગવાઈ કરવામાં આવી છે. બીજો માપદંડ આર્થિક બાબતો અંગેનો છે. જે અનુસાર ગુજરાત રાજયમાં વાર્ષિક રૂા. ૫૦,૦૦૦/–થી ઓછી આવક ધરાવતા વ્યકિતઓ માટે મફત કાનૂની સહાય અંગેની જોગવાઈ કરવામાં આવી છે. આર્થિક બાબતો અંગે જો સર્વોચ્ચ અદાલતમાં કાનૂની સહાય મેળવવાની હોય તો આ મર્યાદા ૧,૨૦,૦૦૦/– ની છે.

---

459 Bharat Lakhtaria,Editor,Nyayapath,issue No.1.p.6.

કાનૂની સહાય કેન્દ્રમાં વિનામૂલ્યે કાનૂની સહાય મેળવવા ઈચ્છિત વ્યકિતની વાર્ષિક આવક રૂપિયા ૫૦ હજારથી વધુ ન હોવી જોઈએ. અથવાતો વાર્ષિક આવક રૂપિયા ૫૦ હજારથી વધુ નથી તે અંગેનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે, નીચે જણાવેલી વ્યકિતઓમાંથી કોઈપણનો સંપર્ક સાધીને આવકનું પ્રમાણપત્ર મેળવી શકશે. આવી વ્યકિતઓ પ્રજાના પ્રતિનિધિઓ છે, અથવા જાહેર સેવકો છે. : [460]

– તાલુકાના અધિકારી
– મામલતદાર
– ધારાસભ્ય
– ગ્રામ પંચાયતના સરપંચ
– નગરપંચાયતના અધ્યક્ષ
– તાલુકા પંચાયતના પ્રમુખ
– જિલ્લા પંચાયતના પ્રમુખ
– નગરપાલિકાના સભ્ય
– મ્યુનિસિપલ કોર્પોરેટર
– શાળાના હેડમાસ્તર
– ગ્રામ સહકારી શાખ મંડળીના અધ્યક્ષ

આ વ્યકિતઓ પાસેથી પણ આવકનું પ્રમાણપત્ર મેળવવામાં મુશ્કેલી પડતી હોય તો સોગંદનામું (એફિડેવિટ) રજૂ કરી શકો છો. વાર્ષિક આવકના પ્રમાણપત્રના બદલે રજૂ કરાયેલું સોગંદનામું વિનામૂલ્યે કાનૂની સહાય મેળવવા માટે માન્ય રહી શકે છે.

---

460 Nyayapath,issue No.1.p.7.

અરજદાર તરીકે આપનું પૂરેપૂરું નામ તથા સરનામું કોરા કાગળ પર જમણી બાજુએ ઉપરના ખૂણાના ભાગે લખવાનું રહેશે. ડાબી બાજુએ હાંસિયાને અડીને અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળને ઉદેશીને વિગત લખવાની રહેશે. રાજય કાનૂની સેવા સત્તા મંડળની જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ કાનૂની સેવા સમિતિઓની રચના કરવામાં આવી છે. તાલુકા કક્ષાએ તાલુકા ન્યાયાધિશ અને જિલ્લા કક્ષાએ જિલ્લા ન્યાયાધિશ હોદાની રુએ આ સમિતિના અધ્યક્ષ છે. તેમને ઉદ્દેશીને જિલ્લા અથવા તાલુકાના સરનામા સાથે અરજી કરી શકો છો. તેમના તરફથી કાનૂની સહાય મળી શકશે.

આવી અરજી અરજદાર જાતે લખી શકે છે. અથવા જાતે લખી શકે તેમ ન હોય તો અન્ય વ્યકિત પાસેથી લખાવી શકે છે. અરજી લખતી કે લખાવતી વેળાએ વિગતમાં શિર્ષકમાં ' બાબત' કે 'વિષય' લખવો. જેમ કે પતિ–પત્ની તકરાર, જમીન–મિલકતની તકરાર વગેરેનું મથાળું લખવું. આ ઉપરાંત સામાવાળા કે સરકારી તંત્ર અથવા પક્ષકારોનાં પૂરેપૂરાં નામ–સરનામાની વિગત જણાવવી અને જે પ્રશ્ન હોય તે ટૂંકમાં મુદ્દાસર રજૂ કરવો. ત્યારબાદ તેના સમર્થનમાં કોઈ દસ્તાવેજ, કાગળ કે બીજા જરૂરી લાગતા હોય તેવા પુરાવાની ઝેરોક્ષ નકલ રજૂ કરવી અને જરૂરી જણાય ત્યારે અસલ પ્રત પણ રજૂ કરવી. અરજીના અંતે સહી, દસ્તખત– અંગૂઠાનું નિશાન કરવાનું રહે છે.

અરજીના આધારે કાનૂની સહાય સમિતિના જવાબદાર કાર્યકર જરૂર જણાય તો રૂબરૂ સાંભળશે અને પછી જેની સામે ફરિયાદ હશે તેવા સંબંધિત પક્ષકારને બોલાવવા માટે અને આગળની કાર્યવાહી માટે નિયત તારીખની મુદતે પત્ર લખશે, તે દિવસે અરજદારે પણ નકકીક કરેલ સમયે ઉપસ્થિત રહેવાનું કહેશે.

સમાજના નબળા વર્ગોને વિનામૂલ્યે કાનૂની સેવા અને સહાય આપવી એ કાનૂની સહાય કેન્દ્રનો ઉદ્દેશ છે. દરેકને ન્યાય મેળવવાની તકનો સમાન ધોરણે લાભ મળવો જ જોઈએ. આર્થિક મુશ્કેલી અવરોધરૂપ ન જ બનવી જોઈએ. સર્વને સમાન ન્યાય અને સમાન તકના ધોરણે કાનૂની પદ્ધતિએ સ્વીકારેલો સિદ્ધાંત વાસ્તવિક રીતે અમલમાં આવ્યો છે. સામાન્ય રીતે કોઈ પણ પ્રકારના દીવાની, ફોજદારી, મહેસૂલી, મજૂર, ઔદ્યોગિક અદાલત કે પંચ સમક્ષ દાખલ કરવાના થતા દાવા કે ફરિયાદો, અરજી, અપીલ, રીટ, રીવિઝન અરજી અથવા તો એવા કોઈપણ પ્રકારના અન્ય કેસોમાં કાનૂની સહાય મળી શકે છે.

કાનૂની સહાય સમિતિ અથવા સત્તા મંડળ આપને કાયદાના નિષ્ણાત વકીલોની પેનલમાંથી કોઈ એક વકીલ કાનૂની માર્ગદર્શન આપશે. તે અંગે એક પણ પૈસાનો ખર્ચ કરવાનો નથી. અરજદાર, અરજી કે ફરિયાદ કે તેવી બાબત, કોર્ટમાં દાખલ કરવા માટે જે કાંઈ ઝેરોક્ષ કે કોર્ટ ફી કે ટાઈપીંગનો ખર્ચ થાય, તે તમામ ખર્ચ જે તે કાનૂની સેવા સમિતિ અથવા સેવા સત્તા મંડળ કરશે.[461]

તા.૪/૭/૧૯૯૯ થી તા.૧/૫/૨૦૦૭ સુધી લિગલ સર્વિસ કિલનિકની કામગીરી[462]

| ફરિયાદ–કેસનો પ્રકાર | સંખ્યા |
|---|---|
| દિવાની | ૧૦૫૪૧ |
| ફોજદારી | ૪૯૬૧ |
| મજૂર અદાલત વિષય | ૦૭૬૨ |
| ભરણપોષણ | ૪૮૫૬ |
| નોકરી બાબત | ૨૮૪૧ |
| પેન્શન બાબત | ૧૮૦૮ |

[461] Nyayapath,issue No.1.p.8.
[462] Schedule No.6

| | |
|---|---|
| મોટર વાહન અકસ્માત વળતર વિષયક | ૨૨૮ |
| અન્ય | ૩૩૦૫ |
| કુલ ફરિયાદ–કેસ | ૫૧૨૫૦ |
| કુલ નિકાલ | ૪૮૫૨૮ |
| કાર્યવાહી હેઠળ | ૨૭૨૨ |

દેશમાં એક સરખી રીતે કાનૂની સહાય અને તેની સાથે સંકળાયેલી જુદી જુદી પ્રવૃત્તિઓ વ્યવસ્થિત રીતે થાય તે હેતુથી ભારત સરકારે, ૧૧મી ઓકટોબર, ૧૯૮૭ના રોજ કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ ઘડયો છે.તેનો અમલ દરેક રાજયોમાં ખૂબ ધીમી ગતિએ થયો. કેન્દ્ર સ્તરે કેન્દ્રીય કાનૂની સેવા સત્તા મંડળની રચના થઈ છે, જયારે રાજય કક્ષાએ જે તે રાજયોના, કાનૂની સેવા સત્તા મંડળો રચાયા છે. ૧૯૮૯માં કાયદો ઘડાયા બાદ ૧૯૯૪માં સુધારો કરવામાં આવ્યો છે.

ગુજરાત સરકારે, ૧૯૯૭ માં, ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળની રચના કરી હાઈકોર્ટના તે વખતના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી કે. જી. બાલાક્રિષ્નનની હોદ્દાની રૂએ પેટ્રોન–ઈન ચીફ તરીકે તેમજ કારોબારી અધ્યક્ષ તરીકે ન્યાયમૂર્તિ શ્રી જે. એન. ભટ્ટની સૌ પ્રથમ નિયુકિત કરી હતી.

હાલમાં ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી યાદરામ મીના પેટ્રોન–ઈન ચીફ તરીકે અને કારોબારી અધ્યક્ષ તરીકે શ્રી કે. જે. શેઠનાની આગેવાની હેઠળ સેવા સત્તા મંડળ પોતાની પ્રવૃત્તિઓ ચલાવી રહ્યું છે.

## કાનૂની સહાયની ઈમારતની આધારશીલાઓ :

### સહ–અધ્યક્ષશ્રીઓ

| ક્રમ | નામ | કાર્યકાળ |
|---|---|---|
| ૧ | માનનીય ન્યાયમૂર્તિ શ્રી એમ. પી. ઠકકર | તા.૨૦/૮/૮૧ થી ૧૪/૩/૮૩ |

| | | |
|---|---|---|
| ૨ | માનનીય કાર્યકારી ન્યાયમૂર્તિ શ્રી પી. ડી. દેસાઈ | તા.૧૫/૩/૮૩ થી ૨૭/૯/૮૩ |
| ૩ | માનનીય ન્યાયમૂર્તિ શ્રી પી. એસ. પોટ્ટી | તા.૨૮/૯/૮૩ થી ૧/૨/૮૫ |
| ૪ | માનનીય કાર્યકારી ન્યાયમૂર્તિ શ્રી બી. કે. મહેતા | તા.૨/૨/૮૫ થી ૨૦/૩/૮૫ |
| ૫ | માનનીય ન્યાયમૂર્તિ શ્રી પી.આર. ગોકુલક્રિષ્ણન | તા.૨૧/૩/૮૫ થી ૧૨/૮/૯૦ |
| ૬ | માનનીય ન્યાયમૂર્તિ શ્રી આર. સી. માંકડ | તા.૧૩/૮/૯૦ થી ૧/૧૨/૯૦ |
| ૭ | માનનીય ન્યાયમૂર્તિ શ્રી જી. એન. રે | તા.૨/૧૨/૯૦ થી ૬/૧૦/૯૧ |
| ૮ | માનનીય કાર્યકારી ન્યાયમૂર્તિ શ્રી આર. સી. માંકડ | તા.૭/૧૦/૯૧ થી ૧૮/૨/૯૨ |
| ૯ | માનનીય કાર્યકારી ન્યાયમૂર્તિ શ્રી આર. એ. મહેતા | તા.૧૯/૨/૯૨ થી ૧૪/૬/૯૨ |
| ૧૦ | માનનીય ન્યાયમૂર્તિ શ્રી એસ. એન. સુન્દરન | તા. ૧૫/૬/૯૨ થી ૧૩/૧૨/૯૩ |
| ૧૧ | માનનીય ન્યાયમૂર્તિ શ્રી બી. એન. કિરપાલ | તા. ૧૪/૧૨/૯૩ થી ૧૧/૯/૯૫ |
| ૧૨ | માનનીય કાર્યકારી ન્યાયમૂર્તિ શ્રી આર. એ. મહેતા | તા. ૧૨/૯/૯૫ થી ૧/૭/૯૬ |
| ૧૩ | માનનીય ન્યાયમૂર્તિ શ્રી જી. ડી. કામત | તા. ૨/૭/૯૬ થી ૪/૧/૯૭ |
| ૧૪ | માનનીય કાર્યકારી ન્યાયમૂર્તિ શ્રી આર.એ. મહેતા | તા. ૫/૧/૯૭ થી ૨/૫/૯૯ |

## ઉપાધ્યક્ષશ્રીઓ

| ક્રમ | નામ | કાર્યકાળ |
|---|---|---|
| ૧ | માનનીય ન્યાયમૂર્તિ શ્રી  એમ. કે. શાહ | માર્ચ ૧૯૮૨ થી ૧૯૮૪ |
| ૨ | માનનીય ન્યાયમૂર્તિ શ્રી એસ. બી. મજમુદાર | ૧૯૮૪ થી ફેબ્રુઆરી ૧૯૯૨ |
| ૩ | માનનીય ન્યાયમૂર્તિ શ્રી બી. એસ. કાપડિયા | માર્ચ ૧૯૯૨ થી ડીસે.૧૯૯૨ |
| ૪ | માનનીય ન્યાયમૂર્તિ શ્રી જી. ટી. નાણાવટી | ડિસે. ૧૯૯૨ થી જાન્યુ. ૧૯૯૪ |
| ૫ | માનનીય ન્યાયમૂર્તિ શ્રી એ. પી. રવાણી | જાન્યુ. ૧૯૯૪ થી માર્ચ ૧૯૯૫ |
| ૬ | માનનીય ન્યાયમૂર્તિ શ્રી એમ. બી. શાહ | માર્ચ ૧૯૯૫ થી સપ્ટે. ૧૯૯૫ |
| ૭ | માનનીય ન્યાયમૂર્તિ શ્રી આર. એ. મહેતા | સપ્ટે. ૧૯૯૫ થી ફેબ્રુ. ૧૯૯૬ |
| ૮ | માનનીય ન્યાયમૂર્તિ શ્રી એન. જે. પંડયા | ફેબ્રુ. ૧૯૯૬ થી એપ્રિલ ૧૯૯૭ |

## સભ્ય સચિવશ્રીઓ

| ક્રમ | નામ | કાર્યકાળ |
|---|---|---|
| ૧ | શ્રી એ. એસ. દેસાઈ | માર્ચ ૧૯૮૨ થી સપ્ટે.૧૯૮૪ |
| ૨ | શ્રી બી. બી. દેસાઈ | તા.૧/૧૦/૮૪ થી ૩૧/૩/૮૯ |
| ૩ | શ્રી પી. એ. સૈયદ | તા.૧/૪/૮૯ થી ૩૧/૩/૯૪ |
| ૪ | શ્રી એ. એસ. ત્રિવેદી | તા. ૧/૪/૯૪ થી ૩૧/૩/૯૭ |

## ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ

## પેટ્રોન–ઈન–ચીફ મુખ્ય સંરક્ષકશ્રીઓ

| ક્રમ | નામ |
|---|---|
| ૧ | માનનીય કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી આર. એ. મહેતા |
| ૨ | માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી કે. શ્રીધરન |
| ૩ | માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી કે. જી. બાલાકૃષ્ણન |
| ૪ | માનનીય કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી સી. કે. ઠકકર |
| ૫ | માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ડી.એમ.ધર્માધિકારી |
| ૬ | માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ડી.એસ.સિંહા |
| ૭ | માનનીય કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ ડૉ. જે.એન.ભટ્ટ |

| | |
|---|---|
| ૮ | માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ભવાનીસિંહ |
| ૯ | માનનીય કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી બી.જે.શેઠના |
| ૧૦ | માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી વાય આર.મીના. |

## કારોબારી અધ્યક્ષશ્રી

માનનીય ન્યાયમૂર્તિ શ્રી જે. એન. ભટ્ટ તા. ૧૮/૨/૯૭ થી ૧૮/૭/૨૦૦૫

માનનીય ન્યાયમૂર્તિ શ્રી કે. આર. વ્યાસ તા.૧૮/૮/૨૦૦૫ થી ૨૪/૨/૨૦૦૬

માનનીય ન્યાયમૂર્તિ શ્રી બી. જે. શેઠના તા.૧૪/૩/૨૦૦૬થી ૧૪/૪/૨૦૦૭

## સભ્ય સચિવશ્રીઓ

(૧) શ્રી સુધિર એસ. શાહ તા. ૧૬/૩/૯૮ થી ૧૪/૭/૯૯

(૨) શ્રી જી. એ. આહુજા તા. ૩૧/૭/૯૯ થી ૩૦/૪/૨૦૦૦

(૩) શ્રી વાય એમ શુકલા(ઈન્ચાર્જ) તા. ૧૨/૫/૨૦૦૦ થી ૨૪/૫/૨૦૦૧

(૪) શ્રી પી.પી.ભટ્ટ તા. ૨૫/૫/૨૦૦૧ થી ૨૨/૫/૨૦૦૩

(૫) શ્રી એ.જી. ઉરેઝી તા. ૧૯/૬/૨૦૦૩ થી ૯/૬/૨૦૦૪

(૬) શ્રી એસ.જી.પઠાણ(ઈર્ન્ચાજ) તા. ૧૦/૬/૨૦૦૪ થી ૪/૮/૨૦૦૪

(૭) શ્રીમતી જે. યાજ્ઞિક તા. ૫/૮/૨૦૦૪ થી ૧/૪/૨૦૦૬

(૮) શ્રી સુધિર એસ. શાહ તા. ૧/૪/૨૦૦૬ થી ..............

## ઉપસચિવશ્રીઓ

(૧) શ્રી એલ. એન. ડોકટર (૨) શ્રી એ.એસ. મોદી (૩)શ્રી યુ. એમ. કોકલ

(૪) શ્રી એસ.જી. બારોટ (૫) શ્રી જે.ડી. ત્રિવેદી (૬) કુ. એમ.સી. પંચોલી

(૭) શ્રી એમ. ડી. લાલા (૮) શ્રી જી. સી. શાહ (૯) શ્રી ડો.એ.સી.જોષી

કાનૂની સેવા સત્તા મંડળની વર્તમાન માળખાકીય વ્યવસ્થા

**<u>રાષ્ટ્રીય સ્તરે</u>**

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ

માનનીય ન્યાયમૂર્તિ શ્રી કે.જી.બાલાકૃષ્નન

પેટ્રોન – ઈન – ચીફ – મુખ્ય સંરક્ષકશ્રી

મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયા

**<u>રાજય સ્તરે</u>**

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ

માનનીય ન્યાયમૂર્તિશ્રી વાય આર.મીના.

પેટ્રોન – ઈન – ચીફ – મુખ્ય સંરક્ષકશ્રી

મુખ્ય ન્યાયમૂર્તિશ્રી, ગુજરાત હાઈકોર્ટ

માનનીય ન્યાયમૂર્તિ શ્રી બી.જે.શેઠના – કારોબારી અધ્યક્ષશ્રી

ન્યાયમૂર્તિશ્રી, ગુજરાત હાઈકોર્ટ

શ્રી સુધિરભાઈ એસ.શાહ – સભ્ય સચિવશ્રી

– ઉપ સચિવશ્રી

**<u>જિલ્લા સ્તરે</u>**

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ

જિલ્લા ન્યાયાધીશ – અધ્યક્ષશ્રી

જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેકટર – સભ્યશ્રી

જિલ્લા બાર એસોસિએશનના પ્રમુખ – સભ્યશ્રી

જિલ્લા સરકારી વકીલ – સભ્યશ્રી

જિલ્લા પોલીસ વડા – સભ્યશ્રી

તથા જુદા જુદા ક્ષેત્રના બીજા ચાર અગ્રણી સભ્યશ્રીઓ

**<u>તાલુકા સ્તરે</u>**

વરિષ્ઠ ન્યાયાધીશ – અધ્યક્ષશ્રી

તાલુકા બાર એસોસિએશનના પ્રમુખ – સભ્યશ્રી

મામલતદાર – સભ્યશ્રી

તથા જુદા જુદા ક્ષેત્રના બીજા ચાર અગ્રણી સભ્યશ્રીઓ

## ૫.૭ વૈકલ્પિક તકરાર નિવારણ પદ્ધતિ

માનવસમાજની શરૂઆત વ્યકિતથી શરૂ થઈને કુટુંબ ત્યારબાદ ગામ, તાલુકા, રાજય અને દેશ સુધીના ક્રમિક તબકકાઓમાં જોવા મળે છે. સાથે સાથે જ્ઞાતિ, જાતિ અને ધર્મ આધારિત રચનાઓ પણ જોવા મળેલી છે. શરૂઆતમાં એકબીજાની

વચ્ચે સહકાર અને શાંતિની ભાવના સમાયેલી હતી. સમયની સાથે માનવીય સમાજમાં મતભેદ, વિવાદો અને તકરારો પણ જોવા મળી. જે તેના અંતિમ પરિણામમાં યુદ્ધ સુધી પહોંચી. આ તમામ બાબતો પાછળ વ્યકિત–વ્યકિત વચ્ચેના અને વ્યકિત અને સમાજના પરસ્પર હિતનો કે હકકનો સંઘર્ષ જોવા મળે છે આવા સંઘર્ષ અને તેના ઉકેલ માટે સમાજ અને રાજયનું વલણ હંમેશા પ્રગતિકારક રહેલું છે. આવા વિવાદોનો અંત લાવવાના હેતુસર તેમનો ઉકેલ લાવવા માટે અને પક્ષકારો વચ્ચે સુમેળ સધાય તે માટે અનેક પદ્ધતિઓ અસ્તિત્વમાં આવી છે. કાળક્રમે તેમાંની કેટલીક પદ્ધતિઓ નાશ પામી છે અને કેટલીયે નવીનવી પદ્ધતિઓના સંશોધન અંગેની પ્રક્રિયા અવિરતપણે ચાલુ રહી છે

વ્યકિત–વ્યકિત અને સમાજ વચ્ચેના નિરાકરણ માટે રાજય દ્વારા પુરી પડાતી ન્યાયના વિતરણનીપદ્ધતિ એ સૌથી મહત્વનો ભાગ ભજવ્યો છે. પ્રાચિન સમયમાં રાજાઓ પોતે જ ન્યાયનું વિતરણ કરતા હતા અને તેમની અધ્યક્ષતામાંજ ન્યાયનું વિતરણ થતું હતું. ધીરે ધીરે રાજાના પ્રતિનિધિઓ અને ત્યારબાદ રાજય દ્વારા અસ્તિત્વમાં આવેલી ન્યાયપ્રણાલી દ્વારા ન્યાયનું વિતરણ થવા માંડયુ. પ્રવર્તમાન સમયમાં રાજય વડે શ્રેણીબદ્ધ અદાલતોની શ્રૃંખલાઓ જોવા મળે છે. કાયદો ,રાજા દ્વારા કે રાજયની સર્વોચ્ચ સત્તા દ્વારા ઘડવામાં આવે છે અને તેથી જ તેવા આદેશોનું પાલન એ પ્રજાજનોની ફરજ બની જાય છે.આવી ફરજના ભંગના પ્રસંગે રાજયનું પીઠબળ કે રાજય સરકાર દ્વારા તેનું પાલન કરાવવામાં આવે છે.

આમ છતાં વિવિધ સમાજોમાં કે રાજયોમાં ન્યાયાલયોની પ્રવર્તમાન પદ્ધતિની સમાંતરજ મનુષ્ય સમાજે તેમની વચ્ચેના વિવાદોના ઉકેલ માટેની અનેક વૈકલ્પિક પદ્ધતિઓને પણ સ્વીકારી છે અને વિકસાવી છે. આવી પદ્ધતિઓનું અસ્તિત્વ પ્રાચીન સમયના ગ્રંથોમાંથી આપણને મળી આવે છે. આવી પદ્ધતિઓમાં મુખ્ય રીતે

વિવાદના પક્ષકારો, અન્ય નિષ્પક્ષ વ્યકિતની સહાય અને સલાહ લેતા માલુમ પડયા છે કે જેઓ આવા વિવાદના મુદાઓને સાંભળી તેમના પ્રશ્નો અંગેની યોગ્ય ચર્ચાવિચારણા કરીને બંને પક્ષોને માન્ય તેવા નિર્ણયો આપતા હોય છે અને પક્ષકારો સ્વૈચ્છિક રીતે તેનો અમલ પણ કરતા હોય છે. ભારતમાં પંચ પ્રણાલી અસ્તિત્વમાં હતી. જે અનુસાર જે તે ગામ કે જ્ઞાતિના અમુક પ્રતિષ્ઠિત આગેવાનો કે જે આવા પ્રશ્નોની જાણકારી ધરાવતા હોય અને સંભવિત રીતે કાયદા–કાનૂન તથા ધર્મના જ્ઞાતાઓ હોય તે પંચની ભૂમિકા ભજવતા હતા. અને તેમના નિર્ણયો પ્રજાને શિરોમાન્ય રહેતા હતા. પંચ ત્યાં પરમેશ્વર એવું કહેવામાં આવતું હતું.

રાજા જહાંગીરના સમયમાં પણ, એક ન્યાયઘંટની સ્થાપના કરવામાં આવી હતી. કોઈપણ વ્યથિત વ્યકિત ઈચ્છે ત્યારે તે ન્યાયઘંટ વગાડીને ન્યાય મેળવવાની અરજ રાજા સમક્ષ કરી શકતો હતો અત્યારની નજરે પડતી મફત કાનૂની સહાયના મૂળ કદાચ આપણને ત્યાંથી મળી આવે છે સમયાંતરે આપણા દેશમાં પંચાયત રાજયની સાથે પંચાયતી ન્યાય પદ્ધતિની પણ ભૂમિકા અગત્યની રહી છે અને આજે પણ સમાંતર વૈકલ્પિક તકરાર નિવારણ પદ્ધતિઓનું અસ્તિત્વ ચાલુ રહ્યું છે અને તે વધુ સફળતા પૂર્વક પોતાની ભૂમિકા ભજવી રહ્યું છે.

કુટુંબકક્ષાએ વડિલો કે સગાઓ દ્વારા, સમાજ કે જ્ઞાતિના સ્તરે સમાજના આગેવાનો કે જ્ઞાતિના પંચ દ્વારા ,વેપાર ધંધામાં મહાજનો દ્વારા, મધ્યસ્થી કે લવાદીની ભૂમિકા ભજવીને પક્ષકારોના વિવાદમાં સમાધાનકારી ભૂમિકા ભજવાઈ રહી છે. પ્રવર્તમાન ન્યાયપ્રણાલિની કેટલીક ખામીઓ નજરે પડી છે જેમાં અત્યંત વિલંબ, પ્રક્રિયાત્મકકાયદાઓની ભરમાળ તથા અત્યંત ખર્ચાળપદ્ધતિ છે આ પદ્ધતિના અસરકાર વિકલ્પ તરીકે વૈકલ્પિક તકરાર નિવારણ પદ્ધતિની શરૂઆત થઈ હોય તેવું

માનવામાં આવે છે. જેમાં કાનૂની સહાયની ભૂમિકા અને તે થકી લોક અદાલતોની ભૂમિકાને અવગણી શકાય તેમ નથી.

તકરારના નિવારણ માટેની લવાદી અને સમાધાન પ્રક્રિયાએ પ્રાચીન અને પ્રચલિત પ્રણાલી છે. લવાદીપદ્ધતિમાં બે કે તેથી વધુ પક્ષકારોના વિવાદને, સક્ષમ અદાલત સિવાયની વ્યકિત દ્વારા, તે બંને પક્ષકારોને સાંભળ્યા પછી નિર્ણય આપવા માટેની સોંપણી કરવાની પદ્ધતિ છે. લવાદીમાં લવાદ પક્ષકારોને સાંભળીને તેમના નિર્ણય જાહેર કરે છે. જયારે સમાધાન અંગેની પદ્ધતિમાં વિવાદના પક્ષકારોમાં રસ ધરાવતી વ્યકિત તેમના પ્રશ્નનો શાંતિપૂર્વક ઉકેલ આવે તે માટે બંને પક્ષકારો દ્વારા વાટાઘાટો કરી તેમના વિવાદના મુદાઓ અંગે બાંધછોડ કરાવવી તેમને પરસ્પર સમજૂતી તરફ લાવે છે. એટલે કે સમાધાન કાર્યવાહીમાં સમાધાન કરાવનાર બંને પક્ષો વચ્ચે સમજૂતિ ઉભી કરાવે છે. અત્યારે લવાદી અને સમાધાન અધિનિયમ, ૧૯૯૬ અસ્તિત્વમાં છે.

પ્રવર્તમાન ન્યાયપ્રણાલીની ખામીઓ ઉપરાંત ગરીબાઈ, નિરક્ષરતા કે અન્ય કારણોસર સમાજનો ગરીબ, નબળો તથા વંચિત વર્ગ ન્યાયની પ્રાપ્તિથી વંચિત રહેવા પામે છે. તેના પરિણામે પક્ષકારો વચ્ચેની તકરારોના ઉકેલ માટે વૈકલ્પિક તકરાર નિવારણ પદ્ધતિનો વધુ સ્વીકાર થવા માંડયો છે .જે થકી લોકો ઝડપથી, મફત સક્ષમ, સમાન અને અસરકારક ન્યાય મેળવી શકે છે. વૈકલ્પિક તકરાર નિવારણ પદ્ધતિઓ જેવી કે, લવાદી, સમાધાન, મઘ્યસ્થીની સાથે સાથે કાનૂની સહાયના ભાગરૂપે લોક અદાલતોને અપનાવવાનું વધુ વલણ જોવા મળે છે.

વૈકલ્પિક તકરાર નિવારણ પદ્ધતિ એ જુદી જુદી અનેક પ્રક્રિયાઓ દર્શાવે છે. જેના દ્વારા પક્ષકારો વચ્ચેના વિવાદનું સુખદ નિરાકરણ લાવી શકાય તેમ છે. આમા

મીડીએશન, સ્વૈચ્છિક લવાદી, ફરજીયાત લવાદી, ન્યૂટ્રલ, ઈવેલ્યુએશન, ફેસીલીએશન અને સમરી ન્યાય પ્રક્રિયાનો સમાવેશ થાય છે.

ભારતમાં વૈકલ્પિક તકરાર નિવારણ પદ્ધતિ એ નવી નથી અગાઉ આ અંગેનો લવાદી અધિનિયમ, ૧૯૪૦ અમલમાં હતો. જેમાં સુધારા થઈને આજે લવાદી અને સમાધાન અધિનિયમ, ૧૯૯૬ અસ્તિત્વમાં છે. વૈકલ્પિક તકરાર નિવારણ પદ્ધતિના સિદ્ધાંતો ભારતીય કાયદા પદ્ધતિમાં ન્યાયના વિતરણની વૈકલ્પિક પ્રણાલી તરીકે સફળતાપૂર્વક સ્વીકારાયેલા છે. કાનૂની સહાય તેનું અત્યંત દર્શનિય ઉદાહરણ છે. વૈકલ્પિક તકરાર નિવારણ પ્રક્રિયાના મુખ્ય લક્ષણોમાં ,

અનૌપચારિકતા

સમન્યાયના સિદ્ધાંતને લાગુ પાડવા.

વિવાદોના પક્ષકારો વચ્ચે પ્રત્યક્ષ સંવાદ અને વાતચીત.

ઉકેલ દ્વારા પક્ષકારોમાં સંતોષની ભાવના.

સમાજના વંચિત વર્ગોને ન્યાય મેળવવાની વધુ તકો.

વ્યથિત પક્ષકારો વચ્ચે, તેમના રહેઠાણ કે સમાજની જગ્યાએ જ મળતો ન્યાય.

વિલંબ અને ખર્ચાળ પદ્ધતિથી અલગ રીતે જ ઝડપી, સરળ અને મફત ન્યાય.

મધ્યસ્થી કરવી એટલે તકરારોનો નિકાલ લાવવો, ઓકસફર્ડ ડીક્ષનેરી[463]ના જણાવ્યા અનુસાર લવાદ એટલે એવી વ્યકિત ,કે જે વિવાદનો ઉકેલ લાવે છે અને જેને તે બાબતમાં સંપૂર્ણ સત્તા છે આ શબ્દના મૂળ સોળમી સદીમાં જોવા મળે છે લેટીન ભાષામાં તેનો અર્થ જજ કે સર્વોચ્ચ સત્તાધિશ તેવો થાય છે.

વૈકલ્પિક તકરાર નિવારણ પદ્ધતિના મુખ્ય બે લાભ જોવા મળે છે.

---

[463] Oxford English Mini Dictionary, p.24.

૧. જયાં સુધી પ્રવર્તમાન ન્યાયપ્રણાલીને લાગુ પડે છે ત્યાં સુધી આ પદ્ધતિને અનુસરવાથી જ ન્યાયની મુખ્ય ધારામાં જે કેસનો ભરાવો થયો છે. તે ઓછો થઈ શકે તેમ છે. જેના કારણે રેગ્યુલર અદાલતો દ્વારા તેમનું નિયમિત ન્યાયિક કાર્ય કોઈપણ જાતના બોજા વિના અસરકારક રીતે અને ઝડપથી થઈ શકે.

૨. પક્ષકારોની દ્રષ્ટિએ જોવા જઈએ તો પ્રક્રિયાત્મક કાયદાની આંટીઘૂંટીની જગ્યાએ બહુજ સરળ, તત્કાલ અને ઝડપી ન્યાયથી તેઓના અત્યંત કિંમતી સમય અને ધનનો વ્યય થતો અટકે છે

સમગ્ર વિશ્વમાં અદાલતોમાં પડતર કેસો અંગે વૈકલ્પિક તેમજ પૂરક વ્યવસ્થા શોધવાનો પ્રયાસ થઈ રહયો છે અને કેટલાક દેશામાં આવી વ્યવસ્થા અસ્તિત્વમાં આવી છે.

તત્વચિંતકોના અભિપ્રાય પ્રમાણે ન્યાયમાં વિલંબ થવા માટે માત્ર વકીલ કે ન્યાયાધીશ જવાબદાર નથી, તે માટે ન્યાયાધીશોની સંખ્યા, કેસોનો ભરાવો તેમજ અસંખ્ય પરિબળો જવાબદાર છે, પરંતુ જયાં સુધી આદર્શ વિચારો અને આદર્શ સૂચનો, અમલમાં ન આવે તયાં સુધી શું કરવું ? તેથી જે જે વ્યવસ્થા છે તેમાં પણ સર્વશ્રેષ્ઠ કામગીરી કરવામાં આવે તો ખરેખર વાસ્તવિક રીતે આપણે "સામાજિક ન્યાય" ના ખ્યાલમાં ભાગીદાર થયા ગણાય અને પ્રજાને ન્યાય તંત્ર પર વધુને વધુ વિશ્વાસ પડે અને તેથી જ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ અદાલતની સાથે સાથે લોક અદાલતો યોજે છે, જેમાં વિદ્વાન વકીલો, પક્ષકારો, સામાજિક સંસ્થા તથા સરકારી અર્ધ સરકારી સંસ્થાનો સારો સહકાર પણ મળે છે અને લોકોને ઝડપી, ઓછો ખર્ચાળ અને કાયમી સુખદ ન્યાય મળી રહે છે.[464]

---

464 Nyayapath, issue No.1, p.8.

આ વૈકલ્પિક તકરાર નિવારણ સિધ્ધાંત યુનોના ૧૯૨ દેશોમાંથી લગભગ ૧૩૦ જેટલા દેશોએ એક યા બીજા સ્વરૂપે સ્વીકારેલા છે.

આ સિદ્ધાંત વાસ્તવમાં આપણા ભારત દેશમાં નવો નથી. એક યા બીજા સ્વરૂપે પ્રાચીન સમયથી સમાધાન, વાટાઘાટ અને લવાદ મારફત તકરારોના નિકાલની પ્રક્રિયા ખૂબ જ જાણીતી છે અને તેનાં મૂળ ખૂબ જ ઉંડાણમાં પડેલા છે.

સમાધાન, ચર્ચા–વિચારણા અને સાથે બેસીને તકરારનો ઉપાય શોધવો એ આપણી પરંપરા અને પ્રણાલિકા છે અને સમાધાનકારી વલણ તે તો આપણી સંસ્કૃતિની ઉષા સાથે જન્મે છે. પંચ તે પરમેશ્વર, પંચાયતી ન્યાય અને ગામના મુખી દ્વારા લવાદી બનીને કુટુંબના, ગામના, સમાજના ઘટકો વચ્ચેના પ્રશ્નોનો, તકરારોનો નિકાલ કરવાનો ઈતિહાસ વર્ષો જૂનો છે.[465]

## ૫.૮ વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યો

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ સંચાલિત કાનૂની સહાય કેન્દ્રમાં નીચે જણાવેલી વિવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. [466]

૧. મહિલા કાનૂની સહાય કેન્દ્ર

૨. મીલેટ્રી, આર્મી, નેવીનાં સૈનિકો માટે મફત તેમજ કુટુંબીજનો માટે કાનૂની સેવા, સલાહ કેન્દ્ર

૩. પેન્શન અંગે કાનૂની સેવા સલાહ કેન્દ્ર

૪. પેરા લિગલ કાનૂની તાલીમ કેન્દ્ર તથા આધુનિક વકીલાતનાં આયામ

૫. જેલનાં કેદીઓને મફત કાનૂની સેવા / કાનૂની સહાય / સલાહ કેન્દ્ર

૬. મજુર અને ઔદ્યોગિક કામદાર અંગે મફત કાનૂની સેવા, સલાહ, સહાય સેલ

---

[465] Ibid.
[466] Schedule 5.

૭. કુદરતી આપત્તિમાં ભોગ બનેલ વ્યકિતઓને કાનૂની સેવા વ્યવસ્થાનું કેન્દ્ર

૮. લોક અદાલત

૯. જનરલ લોક અદાલત

૧૦. પરમેનન્ટ લોક અદાલત

૧૧. મોબાઈલ લોક અદાલત

૧૨. પૂર્વ વિવાદ લોક અદાલત

૧૩. કાનૂની શિક્ષણ શિબિર

૧૪. શારીરિક અને માનસિક પડકારરૂપ વ્યકિતઓને લગતો વિભાગ

૧૫. કરવેરા કાનૂની સહાય કેન્દ્ર

૧૬. વિવાદ સમાધાન માધ્યમ

૧૭. સમાધાન માટે મધ્યસ્થી કેન્દ્ર

૧૮. સુલેહ કેન્દ્ર

૧૯. ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા પ્રસિદ્ધ થતું કાનૂની સેવા અંગેનું સાહિત્ય

૨૦. કાનૂની સેવા માહિતી કેન્દ્ર

૨૧. મફત "કાનૂની સેવા" આપતો ન્યાયરથ

૨૨. મહિલાને ટેલિફોન દ્વારા સતત ૨૪ કલાક કાનૂની માર્ગદર્શન

૨૩. સંશોધન અને વિકાસ વિભાગ

૨૪. માનવ અધિકારોનાં રક્ષણ અંગેનો વિભાગ

૨૫. સામાન્ય વિભાગ

૨૬. કાયમી સમાધાન પંચ

૨૭. બાળકોનાં કાનૂની અધિકારો અંગેનો વિભાગ

રાજયના પ્રજાજનો કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમના હેતુની જોગવાઈઓથી વાકેફ થાય તે માટેના વ્યવસ્થિત પ્રચાર અભિયાન માટે યોગ્ય માળખાંવાળું અને અસરકારક આયોજન  જરૂરી છે, ઉપરાંત સબંધિત વ્યકિતઓને કેળવવા માટે ઘનિષ્ટ કાનૂની શિક્ષણનું અભિયાન વિકસાવવાની પણ એટલી જ તાતી જરૂરીયાત છે. કાયદો માત્ર પુસ્તકમાં જ રહે  તે યોગ્ય ગણાય નહીં તેથી લોકોને કાયદાનું શિક્ષણ આપવું અગત્યનું છે. આ માટે રાજય સત્તા મંડળે જુદી જુદી જગ્યાઓએ જુદા જુદા કાયદાઓનો ખ્યાલ આપવાનું કાર્ય ઉપાડયું છે. આવી હજારો શિબિરો યોજઈ ચુકી છે અને તે કાર્ય અવિરતપણે ચાલુ રાખવામાં આવ્યું છે. કાયદાના અધિકાર સમજાવવાનો હેતુ લોકોને ન્યાય કચેરીઓ તરફ કેસો દાખલ કરવા દોડતા કરવાનો હોઈ શકે નહીં પરંતુ આફત આવી પડે તયારે કાયદાનું મેળવેલું જ્ઞાન  અવશ્ય ઉપયોગી થાય.[467]

પ્રજાના જુદા જુદા વર્ગોને સ્પર્શતા તથા મહિલાઓના ન્યાયી હિતમાં કરવામાં આવતા કાયદાઓ સબંધમાં કાયદાના જાણકાર વકીલો વગેરેની સહાયથી શિક્ષણ શિબિરો યોજવામાં આવે છે.

કાનૂની સહાય કેન્દ્ર દ્વારા તેની વિવિધ પ્રવૃત્તિઓના ભાગરૂપ નીચેના દિવસો ખાસ ઉજવવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | ૦૮ માર્ચ | | આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ. |
| ૨. | ૧૪ એપ્રિલ | | ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતિ |
| ૩. | ૦૨ ઓકટોબર | | મહાત્મા ગાંધી જયંતિ |
| ૪. | ૩૧ ઓકટોબર | | સરદાર પટેલ જયંતિ |

[467] ગુજરાત રાજયમા. નિઃશુલ્ક અને સક્ષમ કાનૂની સેથા અને લોક–અદાલતના માળખાનું વ્યવસ્થા તંત્ર,ટી.પી.દવે,પાન.નં.૨૯

| | | |
|---|---|---|
| ૫. | ૦૯ નવેમ્બર | રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ |
| ૬. | ૧૦ ડિસેમ્બર | માનવ અધિકાર દિન |

### ૫.૮.૧ કિલનિકની પ્રાપ્તિઓ

ન્યાયમૂર્તિ શ્રી જે. એન. ભટ્ટે કારોબારી અધ્યક્ષ તરીકે ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળની કામગીરીનો હવાલો સંભાળ્યા પછી તેની કામગીરી ખૂબ જ સુવ્યવસ્થિત અને વેગવંતી બની છે. દિનપ્રતિદિન સમાજનાં જુદાં જુદાં વર્ગના સંખ્યાબંધ વ્યકિતઓ સાથે ચર્ચા વિચારણા કરવામાં આવે છે અને તેઓ તરફથી પ્રાપ્ત થતાં ઉપયોગી સૂચનોનો અમલ કરવામાં આવે છે અને આમ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળની પ્રવૃત્તિને પ્રજાકીય વેગ મળી રહ્યો છે. આ પ્રવૃત્તિમાં નામાંકિત વકીલો, ન્યાયાધીશો, બિનસરકારી સંગઠનો અને અગ્રણી વ્યકિતઓ સેવાકાર્યમાં પૂરેપૂરા ઓતપ્રોત બન્યા છે. દરેકના સહકારથી વધુને વધુ લોકોને કાનૂની સહાય બાબતે જાગ્રત કરીને કાનૂની સહાય કેન્દ્ર અને કાનૂની સેવા સત્તા મંડળના દ્વારે મોકલવામાં આવી રહ્યાં છે.

દેશભરમાં સૌ પ્રથમ શરૂ કરાયેલું કાનૂની સેવા કેન્દ્ર એક અદભૂત વ્યવસ્થાતંત્ર ધરાવે છે કે જે જરૂરિયાતમંદ લોકોને પોતાના કાનૂની પ્રશ્નો સરળાથી હલ થઈ શકે તે માટેની સવલત પૂરી પાડે છે. ઓસ્ટેલિયાના અને દક્ષિણ આફ્રિકાની સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિશ્રીઓએ આ કેન્દ્રની મુલાકાત લીધી છે. અહીં થતી કામગીરી અને લોકોને આપવામાં આવતી સક્ષમ સેવાથી તેમજ માનદ સેવા આપતા સહુ કર્મચારીગણથી પ્રભાવિત થયા છે. કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરતી ઘણીબધી સંસ્થાઓ તરફથી આ કેન્દ્ર માટે જંગી દાનની દરખાસ્ત કરવામાં આવી હોવા છતાં, કાનૂની સેવા સત્તા મંડળના કારોબારી અધ્યક્ષ અને ન્યાયામૂર્તિ શ્રી જે. એન. ભટ્ટે વિનમ્રભાવે તેનો ઈન્કાર કર્યો છે અને કાનૂની સેવા કેન્દ્રમાં હદયપૂર્વક પરોપકારલક્ષી સેવા આપવા માટે

નમ્ર અપીલ કરી છે જે સહુને સ્પર્શી ગઈ છે. આ બાબત સહુને માટે ઉદાહરણરૂપ છે.[468]

ગુજરાત રાજય કાનૂની સહાય કેન્દ્રની પ્રાપ્તિઓ નીચેના વિષયના સંદર્ભે દર્શાવવામાં આવેલી છે.

૧. કાનૂની શિક્ષણ શિબિરો યોજવામાં આવી છે.

૨. કાનૂની શિક્ષણ શીબરોના વિવિધ લાભાર્થીઓને કાનૂની જાગરૂકતા પૂરી પાડવામાં આવી છે.

૩. જરૂરિયાતવાળા લોકોને કાનૂની સહાય આપવામાં આવી છે.

૪. કાનૂની સહાય યોજનાનો પ્રચાર અને પ્રસાર થાય તે હેતુસર હોર્ડીગ તથા બેનર મૂકવામાં આવ્યા છે.

૫. ભૂકંપગ્રસ્ત લોકોને મદદ માટે વિશિષ્ટ સેવા કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતા.

૬. પેરાલિગલ તાલીમ વર્ગો યોજવામાં આવ્યા હતા.

૭. પેરાલિગલ તાલીમનો લાભ લીધેલ વ્યકિતઓને કાનૂની સહાય સબંધી જાણકારી પૂરી પાડવામાં આવી હતી.

૮. કાયમી મફત સલાહ અને સેવા કેન્દ્ર ખાતે મળેલ અરજીઓ અને કાયમી મફત સલાહ અને સેવા કેન્દ્ર ખાતે અરજીઓનો નિકાલ આ સાથેના પરિશિષ્ટ ૪ માં દર્શાવેલ છે.

કાનૂની સેવાઓના બહોળા પ્રચાર અર્થે લિગલ સર્વિસ કિલનિક દ્વારા યોજવામાં આવેલ જુદી જુદી પેરા લિગલ ટ્રેનિંગ્સ[469]

સામાન્ય રીતે કાનૂનીસેવા સત્તા મંડળ અધિનિયમ–૧૯૮૭ મુજબ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા જુદી જુદી કાનૂની શિક્ષણ શિબિરો યોજાય

---

468 Shree Gautam Shah,NyayaPth,IssueNo,2 p.30.

469 NyayaPath,issue No.7-8.p.56

છે. આજ દિવસ સુધી આશરે ૭૦,૦૦૦થી વધુ કાનૂની શિક્ષણ શિબિરો યોજાયેલ છે. તેમ છતાં કાનૂની સેવાઓનો ઉમદો સંદેશો સમાજના ગરીબ નબળા વર્ગના અને પછાત વર્ગની વ્યકિતઓ સુધી પહોંચી શકે અને તેઓને પણ આ યોજનાનો લાભ મળી શકે તે માટે ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના માનનીય કારોબારી અધ્યક્ષશ્રી જે. એન. ભટ્ટના સીધા માર્ગદર્શન હેઠળ લિગલ સર્વિસ કિલનિક ખાતે પેરા લિગલ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવે છે. આ પેરા લિગલ ટ્રેનિંગમાં જુદી જુદી સંસ્થાઓના તેમ જ કાયદાના વિદ્યાર્થીઓને કાનૂની સેવાઓનો પ્રાથમિક ખ્યાલ તેમજ માનવ અધિકારનો પ્રાથમિક ખ્યાલ તેમજ મહિલાઓના અધિકારોનો પ્રાથમિક ખ્યાલ તેમજ લોક અદાલત વિશેના પ્રાથમિક ખ્યાલની સમજ આપવામાં આવે છે અને જરૂરી સાહિત્ય પૂરું પાડવામાં આવે છે અને તેઓને કહેવામાં આવે છે કે તેઓએ આ સંદેશો વધુમાં વધુ વ્યકિતઓને પહોંચાડવાનો નમ્ર પ્રયાસ કરવો. કાનૂની સેવાઓનો સંદેશો સમાજના નબળા વર્ગની વ્યકિતઓ જેવી કે ગરીબ તેમજ પછાત વર્ગની વ્યકિતઓને કાનૂની સેવાઓનો વધુમાં વધુ લાભ મળી શકે તે માત્ર હેતુથી જરૂરી સાહિત્ય પૂરું પાડવામાં આવે છે અને તે રીતે સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓને તેમ જ કાયદાના વિદ્યાર્થીઓને આ પ્રાથમિક જ્ઞાન અને સાહિત્ય પૂરું પાડીને કાનૂની સેવા અધિનિયમ ૧૯૮૭ના આમુખમાં દર્શાવેલ સિદ્ધાંતોને પરિપૂર્ણ કરવા માટે નમ્ર પ્રયાસ થઈ રહ્યો છે.

ગુજરાત રાજયમાં અત્યારે ૧૮,૫૦૦/– ઉપર ગામડાંઓ અસ્તિત્વ ધરાવે છે અને રાજય સરકારના સંકલ્પ પત્રના મહત્વના મુદ્દા મુજબ ચાર તબકકામાં તમામ ગામડાંઓને ગોકુળ ગ્રામ યોજના હેઠળ આવરી લઈ ગામડાંઓને ગોકુળ ગ્રામ તરીકે નવાજવામાં આવશે, જે યોજના અન્વયે હાલમાં ત્રીજો તબકકો પૂરો થવાના આરે છે અને ૧૦,૦૦૦ ઉપર ગામડાંઓને ગોકુળ ગામ તરીકે ટાંકવામાં આવેલ છે.

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળે રાજય સરકારને જણાવેલ કે ભારતના બંધારણમાં આર્ટિકલ ૩૯ (એ) મુજબ રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો જણાવવામાં આવેલ છે તે પૈકી સામાજિક ન્યાય પૂરો પાડવાની રાજય સરકારની બંધારણીય ફરજ છે અને આવો ન્યાય ઝડપી, સરળ, સસ્તો અને વ્યાપક પ્રમાણમાં ઉપલબ્ધ થાય તે માટે ભારતીય બંધારણના આર્ટિકલ ૩૯માં પાર્લામેન્ટમાં સુધારો કરી આર્ટિકલ ૩૯એ નવી દાખલ કરવામાં આવી છે. દૂર દૂરના ગામડાઓમાં વસતા અભણ અને પછાત બિનશિક્ષિત અને જરૂરતમંદ લોકોને કાનૂની સમસ્યાઓનું સચોટ માર્ગદર્શન મળી રહે તે હેતુ અને આશયને લક્ષમાં રાખી આ તમામ ગોકુળીયા ગામની પંચાયતની ઓફિસે કાનૂની સેવા માહિતિ કેન્દ્ર ખોલવામાં આવે તો સામાજિક ન્યાયનો હેતુ પાર પાડી શકાય. રાજય સરકારને આ જાતની રજૂઆત કરવામાં આવતાં પંચાયત વિભાગે આ દરખાસ્તને તુરંત મંજૂરી આપી તમામ ગોકુળ ગ્રામમાં "કાનૂની સેવા માહિતી કેન્દ્ર" ખોલવાનો નિર્ણય લીધેલ છે અને તે અન્વયેની જરૂરી સૂચનાઓ બહાર પાડેલ છે. જિલ્લા વિકાસ અધિકારીઓ, ગ્રામ્ય વિકાસ અધિકારીઓ જિલ્લા ન્યાયાધીશની જુદા જુદા તબકકે મિટિંગો પણ થયેલ છે. લગભગ તમામ ગોકુળ ગામમાં કાનૂની સેવા માહિતિ કેન્દ્ર ખોલવા અન્વયેની કાર્યવાહી શરૂ થઈ ચૂકેલી છે. આ રીતના દૂર દૂરના ગામડા સુધી કાનૂની શિક્ષણ અને કાનૂની આટાપાટાના પ્રશ્નોના નિવેડા માટે પંચાયત ઓફિસે તલાટી–કમ–મંત્રી અથવા ગ્રામ્ય સેવકને તાલીમ આપવાની શરૂઆત કરવામાં આવી છે. ગામડાંના અશિક્ષિત અને અરક્ષિત પ્રજાના પ્રશ્નોના ઉકેલમાં પંચાયત વિભાગનો આ નિર્ણય ખૂબ જ ફળદાયી નિવડશે. આ પ્રકારની કાનૂની સેવા અને સત્તા મંડળની સફળતા પૂર્વકની કામગીરીમાં રાજય સરકારનો સમયોચિત નિર્ણય સામાજિક પ્રકારની ન્યાય ક્ષેત્ર ખૂબ જ ઉપયોગી થશે જ. ચોથા તબકકામાં રાજયના તમામ ગામડાંઓને ગોકુળ ગામ યોજનામાં આવરી લેવામાં આવશે ત્યારે ગુજરાત

રાજયના તમામ ગામોમાં કાનૂની સેવા માહિતી કેન્દ્ર દ્વારા લોકોને કાનૂની હકકો અને ફરજો અન્વયેની માહિતી ઘેરબેઠાં મળી શકશે.

### ૫.૮.૨ વિભાગો અને સેલ (એકમ)

**ન્યાયપથ સામાયિક**

મફત કાનૂની સેવા તરીકે "ન્યાયપથ" ત્રિમાસિક પ્રકાશનસામાયિક રાજય મંડળ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેની પ્રસિદ્ધિ તા. ૧૩/૨/૨૦૦૦ના રોજ પ્રથમ અંક તરીકે કરવામાં આવેલી.

ન્યાયપથ એ ઝડપી, સસ્તો અને અનુકૂળ રીતે ન્યાય મેળવવાનો રાહ દર્શાવે છે. અને તે દ્વારા વધુમાં વધુ સંખ્યામાં લોકો વિનામૂલ્યે કાનૂની સહાય અને કાનૂની સલાહનો લાભ લઈ શકે તે જોવા અને જે લોકો ન્યાય મેળવવા ઝંખે છે તેઓને માર્ગદર્શન આપવા ઘનિષ્ઠ પ્રયાસો કરે છેઆ કેન્દ્ર સમાજના અદના માનવીને પોતાના અધિકારની જાણકારી મળે તે હેતુથી કાનૂન સબંધી પ્રવૃત્તિના પ્રચાર અને પ્રસાર માટે "ન્યાયપથ" ત્રિમાસિક સામાયિકના અંક પ્રસિદ્ધ કરવામાં આવે છે. [470]

એપ્રિલ ૨૦૦૭ સુધીમાં અઢાર અંક બહાર પાડવામાં આવ્યા છે જેનું વિતરણ ગુજરાત રાજયની તમામ અદાલતો, લૉ કોલેજીસ, સરકારી કચેરીઓ અને કેટલીક બીન સરકારી સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓને પણ કરવામાં આવે છે.

લિગલ સર્વિસિસ કિલનિકના કાનૂની અંગે જાગૃતિના અભિયાનને આગળ ધપાવવા સામયિક " ન્યાયપથ" દ્વારા આગવી સેવા પ્રદાન કરવામાં આવે છે.

| અનુક્રમ નં. | ન્યાયપથ અંક નંબર | ન્યાયાપથની પ્રસિદ્ધિનો સમય |
|---|---|---|
| ૧ | ૧ | ૧૩ ફેબ્રુઆરી ૨૦૦૦ |
| ૨ | ૨ | મે– ૨૦૦૦ |

[470] Nyayapath, issue No.1,p.4.

| | | |
|---|---|---|
| ૩ | ૩ | ઓગષ્ટ – ૨૦૦૦ |
| ૪ | ૪ | ડિસેમ્બર – ૨૦૦૦ |
| ૫ | ૫ અને ૬ | એપ્રિલ – સપ્ટેમ્બર – ૨૦૦૧ |
| ૬ | ૭ અને ૮ | માર્ચ – ડીસેમ્બર – ૨૦૦૧ |
| ૭ | ૯,૧૦ અને ૧૧ | સપ્ટેમ્બર – ૨૦૦૨ |
| ૮ | ૧૨ અને ૧૩ | માર્ચ – ૨૦૦૩ |
| ૯ | ૧૪,૧૫૧૬ અને ૧૭ (સિલ્વરજયુબીલી વર્ષ ) | ઓકટોબર–૨૦૦૬ |
| ૧૦ | ૧૮ | જાન્યુઆરી – ૨૦૦૭ |

કાનૂની શિક્ષણ શિબિરોમાં તથા કાયમી સલાહ કેન્દ્રમાં મેળવેલું જ્ઞાન ઉપયોગી થઈ શકે છે અને મદદરૂપ પણ બની શકાય છે. તેથી જ વધુમાં વધુ કાનૂની સહાયનો પ્રચાર થાય તે માત્ર એક હેતુથી આ પ્રકારનું પ્રકાશન, સામયિક–મેગેઝિન બહાર પાડવામાં આવી રહયું છે. ન્યાયાધીશો અને ધારાશાસ્ત્રીઓ, સામાજિક કાર્યકર્તાઓ અને અધિકારીઓ, કાયદાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોના અને વગેરે અનેકના સહકાર, સામૂહિક અને રચનાત્મક પ્રયત્નોથી આ શકય બન્યુ છે. [471]

**રિસર્ચ એન્ડ ડેવલપીંગ વીંગ**

કાનૂની સેવા કેન્દ્રમાં આગવું મહત્વ ધરાવતી એક કાનૂની સેવા તરીકે રિસર્ચ અને ડેવલપીંગ વીંગનો આરંભ કરવામાં આવેલો છે. આ વીંગના ડાયરેકટર તરીકે હાલમાં વિદ્વાન પ્રોફેસર ડો. યોગેશ મહેતા કાર્યરત છે, કાયદો અને નયાયની અસરકારક અને કાર્યક્ષમ કાર્યપદ્ધતિ માટે અને કાનૂની ક્ષેત્રે વિસ્તૃત અને વ્યાપક શોધ

[471] Nyayapath, issue No.1.p.4.

અને સંશોધન કરવાનું જે કાનૂની ક્ષેત્રમાં વર્તમાન સમયમાં મહત્વનું કાર્ય ગણાય છે, તે માટે આ વીંગની સ્થાપના કરી રાજય સત્તા મંડળે એક અનોખી કાનૂની સેવાનો આરંભ કરેલ છે.

**પેન્શન સેલ :**

પેન્શનર વ્યકિતની દરેક બાબતો સાથે સંકળાયેલા કેસનો ઝડપી અને સરળતાથી ઉકેલ આવે તે માટે પેન્શન સેલની રચના કરવામાં આવી છે. સામાન્ય રીતે જનરલ સેલમાં આ અંગેની બાબતોને લેવામાં આવે છે. વર્ષ દરમ્યાન આવેલા કેસો નીચે મુજબ છે.

| વર્ષ | સામાન્ય | મહિલાઓ | કુલ |
|---|---|---|---|
| ૧૯૯૯ | ૩૫ | – | ૩૫ |
| ૨૦૦૦ | ૨૨૬ | – | ૨૨૬ |
| ૨૦૦૧ | ૨૬૩ | ૧૨ | ૨૭૫ |
| ૨૦૦૨ | ૨૫૬ | ૯૭ | ૩૫૩ |
| ૨૦૦૩ | ૨૨૩ | ૯૪ | ૩૧૭ |
| ૨૦૦૪ | ૧૭૪ | ૧૦૫ | ૨૭૯ |
| ૨૦૦૫ | ૧૨૩ | ૩૭ | ૧૬૦ |
| ૨૦૦૬ | ૧૧૪ | ૨૪ | ૧૩૮ |
| ૧/૫/૨૦૦૭ સુધી | ૧૭ | ૮ | ૨૫ |
| કુલ :૧/૫/૨૦૦૭ સુધી | ૧૪૩૧ | ૩૭૭ | ૧૮૦૮ |

## અરજી નં. ૨૨૮૪/૨૦૦૦[472]

સાધના પ્રાથમિક શાળા, બાપુનગર, અમદાવાદની ૧૩ (તેર) શિક્ષિકાબહેનોએ તા.૨૦/૧૦/૨૦૦૦ના રોજ ફરિયાદ કરી હતી કે તેઓની પ્રોવિડન્ટ ફંડની કપાત જમા કરાવવામાં આવતી નથી, કોરા ચેકોમાં સહી લઈ લેવામાં આવે છે અને પૂરો પગાર આપવામાં આવતો નથી. આ બાબતમાં વારંવાર વિનંતી કર્યા બાદ

472 Nyayapath, issue No.7-8,p.29.

શાળાના સંચાલકો સાથે તા. ૨૨/૯/૨૦૦૦, તા. ૨૪/૧૧/૨૦૦૦ અને તા. ૫/૧૨/૨૦૦૦ ના રોજ ચર્ચા માટે હાજર રહ્યા હતા અને તયારબાદ સંચાલકે રૂા.૧,૯૮,૦૦૦/– પ્રોવિડન્ડ ફંડની કપાતની રકમ પ્રોવિડન્ડ ફંડમાં જમા કરાવી છે, સહી કરેલા કોરા ચેકો કેન્સલ કર્યા છે અને પગારવધારો કરી આપ્યો છે. બાકીનાં નાણાં તેઓ તા. ૫/૧/૨૦૦૦ સુધીમાં જમા કરાવી દેશે. શિક્ષિકાઓ, સંચાલકરી અને આચાર્ય તરફથી આ બાબતમાં સમાધાન તા.૫/૧૨/૨૦૦૦ના રોજ કરવામાં આવ્યું છે અને તે પ્રમાણે કોઈ પણ શિક્ષિકાબહેન પાસેથી સંચાલક રાજીનામું લઈ લેશે નહિ અને કોઈ રાજીનામું આપશે તો તેની જાણ આ કિલનિકને કરશે તેવી લેખિત બાંયધરી સંચાલકે કિલનિકને આપી છે.

**અરજી નં. ૨૩૧૩/૨૦૦૦**[473]

ખેતી નિયામકશ્રી હેઠળ કોટન સ્પેશ્યાલિસ્ટની કચેરીમાં ફરજ બનાવતા શ્રી ધીરજલાલ અમૃતલાલ દવે માર્ચ–૧૯૬૩ માં નિવૃત્ત થયા અને ઓગસ્ટ–૯૦ માં અવસાન પામ્યાં. તેઓને રૂા. ૧૬૮/–નું માસિક પેન્શન મંજૂર કર્યુ હોવા છતાં સ્વર્ગસ્થની વિધવા સુભદ્રાબેનને સરકારના તા. ૧૯/૫/૮૯ ના ઠરાવ અન્વયે પેન્શન નિયામકશ્રી દ્વારા મંજૂર કરાવ્યું હતું. ગં. સ્વ. સુભદ્રાબેને તેમના સ્વ. પતિના સેવા અને પેન્શન સંબંધિત કાગળો રજૂ કર્યા હોવા છતાં અને વર્ષો સુધી વિનંતી કરવા છતાં પેન્શન નિયામકશ્રી, ખેતી નિયામકશ્રી અને તિજોરી અધિકારી તરફથી કોઈ પ્રતિભાવ આપવામાં આવ્યો ન હતો. પરિણામે તેઓ ઓછામાં ઓછું પેન્શન મેળવતા હતા. કિલનિકે ત્રણેય કચેરીઓ સાથે વખતો વખત પરામર્શ કરી, જરૂરી એવા ૧૯૬૯ના, ૧૯૭૫ ના, ૧૯૮૭ના અને ૧૯૯૮ના પગારધોરણો સંબંધિત નિયમોની નકલો પણ આપી તે કચેરીઓ વચ્ચે બેઠકની ગોઠવણી કરાવી અને છેલ્લે તા.૧૮/૧૧/૨૦૦૦ના

---

473 Ibid.

રોજ સુભદ્રાબેનનું માસિક પેન્શન રૂા.૩૪૮૪ નકકી કરતા હુકમો કરાવ્યા. તેઓને રૂા.૮૦,૧૪૬ની  તા.૧/૧/૯૬ના પછીના સમયગાળા સંબંધિત પેન્શન એરિયર્સની રકમ પણ મળી છે. તા.૧/૧/૯૬ પહેલાંના સમયની પેન્શનના તફાવતની રકમ ચૂકવવાની કાર્યવાહી અલગ રીતે પેન્શન નિયામકશ્રીએ હાથ ઉપર લીધેલી છે.

**૫.૮.૩ સામાન્ય સેલ**

કાયમી કાનૂની સેવા કેન્દ્રની સ્થાપનાની સાથેજ એટલે કે તા.૪/૭/૯૯ ના રોજ ગુજરાતના મહામહિમ રાજયપાલશ્રી સુંદરસિંહજી ભંડારી દ્વારા આ સેલનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સામાન્ય સેલમાં મોટેભાગે દરેક પ્રકારના કેસો આવતા હોય છે જેવા કે, દિવાની, ફોજદારી, મજુર અદાલત સબંધના, ખાધા–ખોરાકી અંગેના, એમ.એ.સી.ટી. અંગેના, તોફાનો, કુદરતી આપત્તિ, સર્વિસ મેટર તેમજ પેન્શન અંગેની બાબતો  વગેરે... કાનૂની સહાય કેન્દ્રમાં સામાન્ય સેલમાં મોટેભાગે રોજબરોજની ઘટનાઓને આધારિત પ્રશ્નો વધુ પ્રમાણમાં આવે છે જેમાં કૌટુંબીક પ્રશ્નો પણ સામેલ હોય છે. દારૂપીને પત્નિની મારઝુડ કરવી, પત્નિને કાઢી મુકવી, દહેજની માંગણી, પિતૃપક્ષની મિલકત પચાવી પાડવી, પત્નિ તરફથી પતિ અને તેના સગાવાલા તરફથી ક્રુરતાના કેસો વધુ પ્રમાણમાં આવે છે.

કાનૂની સહાય કેન્દ્રનો આરંભથી જ કેન્દ્રના હાથપગ સમા કર્મચારીઓ રાતદિવસ નિષ્ઠાપૂર્વક કાર્ય કરી રહયા છે. કેન્દ્રમાં રાખવામાં આવતા નીચે જણાવેલ પ્રત્રકો યોગ્ય રીતે રાખી કેસનું રેકર્ડ સંભાળવાનું કાર્ય તેઓ કરે છે.

લાભાર્થી પત્રક જેમાં કેસ નંબર, અરજી નંબર તથા સામાવાળાનાં નામ અને સરનામા તથા કેસની વિગત દર્શાવવામાં આવે છે, સલાહ આપનારાઓને આવવા જવાનો ટાઈમ દર્શાવતું "કન્સીલેટર અને કો–ઓર્ડીનેટર રજિસ્ટર","વીઝીટીંગ રજિસ્ટર" કે જેમાં કેન્દ્રના મુલાકાતીઓના અભિપ્રાય મુલાકાતીના સ્વહસ્તે નોંધવામાં

આવે છે. આ ઉપરાંત, કર્મચારીઓનું હાજરી પત્રક, રાત્રીમાં આવેલા નાઈટ કેસ રજિસ્ટર અને રસપ્રદ કેસ ફાઈલ, જેમાં સલાહકારોએ પતાવેલા કેટલાક રસપ્રદ કિસ્સાઓની નોંધ રાખવામાં આવે છે.

અરજદાર લાભાર્થીએ સૌ પ્રથમ કર્મચારી પાસે જવાનું હોય છે. લાભાર્થી સલાહ માટેની અરજી લાવેલ હોય તો કર્મચારી તે સ્વીકારશે. પરંતુ અરજી ન હોય તો પણ તેનું કામ અટકે નહીં તે માટે કર્મચારી ભાઈ તેને પુછપરછ કરીને જરૂરી વિગત લખીને અરજી તૈયાર કરે છે. અને તે અરજી અરજદારને વાંચી સંભળાવી તેના ઉપર તેની સહી લે છે. આવી અરજીમાં અરજદારનું તથા સામાવાળાનું આખું નામ તથા પૂરેપૂરું સરનામું તથા જે માટે સલાહ લેવાની હોય તેની વિગત અરજીમાં જણાવેલ હોવી જોઈએ. અરજી રજૂ થાય અથવા અરજદારના કહેવા મુજબની અરજી તૈયાર થાય તેના ઉપર અરજીનો નંબર અને વર્ષ દર્શાવી લાભાર્થી રજિસ્ટરમાં અરજીઓની વિગત નોંધવાની હોય છે. લાભાર્થી–રજિસ્ટરમાં પક્ષકારનાં નામ અને ચોકકસ સરનામા તથા કેસની વિગત અવશય દર્શાવવી જોઈએ. હાજર કન્સલ્ટનટ પાસે અરજીની ફાઈલ રજૂ થાય એટલે તેઓશ્રી અરજદારની બાબત સમજી લે અને સામાવાળાને કેન્દ્રમાં હાજર રહેવાનો પત્ર મોકલવાની સૂચના આપે ત્યારે કર્મચારી નકકી કરેલી મુદતે સામાવાળાને હાજર રહેવાનો પત્ર મોકલાવી અરજદારને ઠરાવેલી મુદતે હાજર રહેવાની સૂચના આપે છે. સામાવાળા હાજર થાય તયારે પક્ષકારોને સમાધાનથી અને કાયદાની આંટીઘૂંટી હોય તો તેની સમજ આપી સલાહકાર યોગ્ય કાર્યવાહી કરે છે. શકય છે સામાવાળા બે–ત્રણ મુદત સુધી હાજર ન રહે તો સમાધાન થઈ શકે નહીં કે અનય કોઈકાર્યવાહી થઈ શકે નહીં. એવા સંજોગોમાં પણ સલાહકાર અરજદારને કાયદાને અનુરૂપ સલાહ આપે છે.

અરજદાર અગર સામાવાળાને જે દિવસે અને સમયે હાજર રહેવા જણાવ્યું હોય તેની નોંધ કરી તેના ઉપર જે તે પક્ષકારની સહી લેવાની જવાબદારી કર્મચારીની હોય છે. વિશેષમાં તેને દાવામાં રોજનામું લખાય છે તે રીતે અરજી સાથે કાગળ જોડી તેમાં જે તે દિવસની કામગીરીની તારીખવાર નોંધ કરવી જોઈએ. ઉપરાંત કેન્દ્રમાંથી કોઈને પત્ર અગર અન્ય લખાણ મોકલવામાં આવ્યું હોય તેની ઓફીસ કોપી તેજ ફાઈલમાં સામેલ રાખવી. વિનંતી–પત્ર જો મોકલવામાં આવ્યો હોય તો તેની પણ નોંધ રાખવાનું આવશ્યક છે.

આ સેલ ના રસપ્રદ કિસ્સાઓમાં,

બેઘર બનેલા યુવકે અડધી રાત્રે અધિકાર માટે લિગલ કિલનિકનાં દ્વાર ખખડાવ્યાંઅને તેને થયેલન્યાયના અનોખા અહેસાસ નો કેસ.[474]

ફરિયાદ લખાવવા માટે વૃધ્ધ માતા અને પત્ની સાથે પોલીસ થાણે આવેલા યુવકે ફોજદાર સાથે ખૂબ માથાકૂટ કરી, છતાં ફરિયાદ લખાવ્યા મુજબ લેવાની આનાકાની થતી હતી. રાત અડધી વીતી ચૂકી હતી અને ફરિયાદ લેવાઈ જ ન હતી. બીજી તરફ પરિવાર ઘરવખરી સાથે સમગ્ર ફૂટપાથ પર ફેંકાઈ ગયો હતો. પબ્લિક ટેલિફોન પરથી પોલીસ કંટ્રોલ રૂમનો ફોન ૧૦૦ જોડીને ફરિયાદ કરવા પ્રયાસ કરી જોયો હતો.

ફોન જોડાય ખરો, સામે છેડેથી પોલીસ કંટ્રોલમાંથી જવાબ પણ મળે.... પોલીસ નામ પૂછે અને યુવક જવાબ આપે.

'વાસુદેવ શર્મા'

નામ સાંભળતાની સાથે જ પોલીસ કંટ્રોલમાંથી ફોન કટ થઈ જાય. એકવાર .. બે વાર.... ત્રણ વાર....

---

[474] Nyayapath, issue No.1.p.15.

નામ સાંભળતાની સાથે ફોન કટ થઈ જવાની બાબત યુવક માટે ખૂબ મૂંઝવણ પેદા કરનારી હતી. હવે શું કરવું ? કયાં જવું ?

છેવટે અચાનક મનમાં વિચાર ઝબકયો.....

શાહીબાગ, ડફનાળા અને બંગલા નં. ૧૨ માં લિગલ સર્વિસ કિલનિક શરૂ થઈ છે. પોલીસ થાણાની જેમ જ સતત ૨૪ કલાક કાર્યરત હોવાની વાત પણ વાંચી અને સાંભળી હતી. તેથી એક વાર પ્રયાસ તો કરી જોઉ.

રાતના ૧ વાગે કિલનિક પર આવ્યો... સજાગ અને સતર્ક સ્ટાફ કિલનિક પર હાજર હતો.

યુવકે પોતાની આપવીતી જણાવતાં કહયું. ''મારું નામ વાસુદેવ જગતરામ શર્મા છે. અસારવામાં રહું છું. છેલ્લા ૫૦ વર્ષથી અમે ભાડુઆત છીએ. પિતાજી હયાત નથી. ૨૦ વર્ષ પહેલાં તેમનું અવસાન થયું હતું. ૭૫ વર્ષની વૃદ્ધ અપંગ માતા અને મારી પત્ની અમે ત્રણેય સાથે રહીએ છીએ હાલમાં માતા અને પત્નીને પોલીસ થાણાની ફૂટપાણ પર મૂકીને આવ્યો છુ. ભાડુઆત તરીકેના પુરાવા રૂપે અમે ભરેલા ઈલેકિટ્રકનાં બિલો તથા મ્યુનિસિપલ ટેક્ષનાં બિલો છે. આ બધા આધાર હોવા છતાં મકાન માલિકે અમોને બેઘર બનાવી દીધા છે. રાત્રે સવા અગિયાર વાગ્યાના સુમારે એક ટોળકી સાથે મકાન માલિક અમારે ત્યાં આવ્યો. બળજબરીથી અમને બહાર કાઢી અમારી ઘરવખરી અને માલસામાન ફેંકી દીધો છે. આ ઉપરાંત મારી માતા તથા પત્ની પર કેરોસીન છાંટીને સળગાવી મારવાની ધમકી પણ આપી છે. અમે નિઃસહાય હાલતમાં મુકાતાં પોલીસ પાસે ફરિયાદ કરવા ગયા. પોલીસ ફરિયાદ નોંધવાની આનાકાની કરે છે. ફરિયાદ લખતી નથી. ઘરનો સામાન રોડ પર છે. પબ્લિક બુથમાંથી પોલીસ કંટ્રોલ રૂમના નં. ૧૦૦ પર વારંવાર ફોન કરી જોતાં મારું નામ સાંભળીને જ પોલીસ ફોન કટ કરી દે છે. હવે શું કરવું....

કિલનિકના સ્ટાફે યુવકની ફરિયાદની નોંધ ટપકાવી, રાત્રિનો ૧ વાગ્યો હતો. કિલનિક અધિકારીએ પોલીસને સૂચના આપી કે યુવકની ફરિયાદની ગંભીરતા ધ્યાનમાં લો. પોલીસે જવાબ આપ્યો કે એ ફરિયાદ અંગે સામા પક્ષકારને બોલાવીને પૂછવું પડે તેમ છે. કિલનિકના અધિકારીએ કહયું કે એ ભલે કરે, પ્રથમ ફરિયાદ તો નોંધો. અત્યારે સમાધાન કરવાનો કેસ નથી, ફરિયાદીને પોલીસ રક્ષણ આપો અને વિના વિલંબે તપાસની કાર્યવાહી કરો....

છેવટે પોલીસ તંત્ર ગતિમાન થયું. લિગલ સર્વિસ કિલનિકને આશ્રયે આવેલા ફરિયાદીની ફરિયાદ બરાબર લેવાય છે કે નહી અને પોલીસ કિન્નાખોરીભર્યા વર્તાવ કરતી નથીને તેની તપાસ કરવા માટે રાત્રે સવા ત્રણ વાગે કિલનિકના કો.ઓર્ડિનેટર અને બીજા ચાર સભ્યો જાતે જ પોલીસ મથકે ગયા. તેઓએ પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેકટર અને ઈન્ચાર્જ ઓફિસર સાથે ચર્ચા કરી પૂછપરછ કરી. હકીકત જાણી ફરિયાદની નકલ આપવામાં આવી ન હતી. વિનામૂલ્યે તત્કાળ આ નકલ આપવાની પોલીસની ફરજ છે અને ફરિયાદનો અધિકાર છે.

ફરિયાદીની વૃદ્ધ માતા અને પત્નીને કેરોસીન છાંટીને સળગાવી મારવાની ધમકી આપવામાં આવી હોવાનો આક્ષેપ ફરિયાદીએ કર્યો હતો. એના સંદર્ભમાં પોલીસ સબ ઈન્સ્પેકટરે વૃધ્ધ માતા અને પતિના નિવેદન નોંધ્યા ન હતાં જે નોંધવાની ફરજ હતી. પોલીસે ઘટના સ્થળનું પંચનામું કર્યુ હોવાનો ખુલાસો કર્યો હતો, જે સંતોષકારક ન હતો.

ખુદ માલિકે જ ઘરવખરી ઘરની બહાર જાતે ગોઠવી દીધી હોવાનું માનવાને કારણ જણાતું હતું. તટસ્થ તપાસ જણાતી ન હતી. ફરિયાદીના એક ભાઈ પાસેથી મકાન માલિકે લખાણ લઈને કબજો લીધો હોવાના પોલીસના ખુલાસા સામે મુદો એ હતો કે વૃદ્ધ માતાના મકાનમાં ભાડુઆત તરીકે રહેવાનો અધિકાર છે તેનું શું ?

ખરેખર તો કબજો તેને અપાવવો જોઈએ, અથવા તો મકાનનો કબજો પોલીસે રક્ષણ હેઠળ રાખીને તપાસ કરવી જોઈએ. મકાન માલિક બળજબરીથી કબજો લઈ શકે નહીં. ફરિયાદી સાથે કિન્નાખોરી ન દાખવવામાં આવે અને તટસ્થ તપાસ થાય તેવી નોંધ સાથે કિલનિકના કો–ઓર્ડિનેટર તરફથી ઉચ્ચ પોલીસ અધિકારીને અહેવાલ પાઠવવામાં આવ્યો.

અડધી રાત્રે પણ કાનૂની અધિકારનું પાલન થાય છે અને કાનૂની સેવા મળી રહે છે તેવો અહેસાસ યુવક અને તેના પરિવારને થતાં લાગણીવશ બની ગયાં.

આ ઉપરાંત બીજા કેસોમાં,

**અરજી નંબર : ૧૪૧૮/૨૦૦૦**

અરજદારનું નામ : નારણદાસ બાપાલાલ કડીયા[475]

કન્સલ્ટન્ટનું નામ : એમ. ડી. ધ્રુવ. અને ડો. એ. સી.ી જોષી

વિષય : મિલકતમાં ભાગ મેળવવા બાબત.

ફરિયાદ : વડીલોપાર્જીત મિલકતમાં મૂળીબહેન જેઓ મૃત્યુ પામ્યા હતા તેમનો ભાગ આપવા કોઈ કાર્યવાહી થઈ ન હતી.

કેસનો નિર્ણય : કુટુંબના સભ્યોને સંયુકત રીતે બોલાવી અને મિલકતનો ભાગ આપવા માટે સમજાવેલ અને તેમના વારસદારોને મિલકત આપવા માટે સમાધાન થયેલ.

કેસના નિરાકરણની તારીખ : તા. ૫/૨/૨૦૦૦. સુખદ સમાધાન.

**અરજી નંબર : ૧૩૦૦/૨૦૦૦**

અરજદારનું નામ : ચંદુભાઈ ગોવિંદભાઈ પંચાલ[476]

કન્સલ્ટન્ટનું નામ : પી. જી. રાવલ

---

[475] Nyayapath,issue No.1.p.25.

[476] Ibid.

વિષય : ઈન્ડસ્ટ્રીયલ યુનિટ જી. એસ. એફ. સી. ના હપ્તા ન ભરવાને કારણે યુનિટ બંધ કરાવેલ.

ફરિયાદ : આ ઓથોરિટીને બંધ પડેલા યુનિટ ચાલુ કરાવવા વિનંતી કરેલ છે.

કેસનો નિર્ણય : જી. એસ. એફ. સી. ના લોનના રૂા. ૭૨,૦૦૦/– બાકી હતા જે પૈકી યુનિટે રૂા.૧૦,૦૦૦/– ભરી દીધા તેથી યુનિટ ફરીથી ચાલુ કરવા માટે સમાધાન પર આવ્યા હતા.

કેસના નિરાકરણની તારીખ : તા. ૧૦/૬/૨૦૦૦ સુખદ સમાધાન.

**અરજી નંબર : ૧૪૮૩/૨૦૦૦**

અરજદારનું નામ : હસમુખલાલ મનુલાલ સોની[477]

કન્સલ્ટન્ટનું નામ :એ. કે. રૂવાલા, આર. એસ. શુકલ

વિષય : મકાન માલિક અને ભાડુઆત વચ્ચે વિખવાદ

ફરિયાદ : અરજદાર ભાડુઆત આ કિલનિકની મદદે આવેલા કારણ કે માલિકનો આશય મકાન ખાલી કરાવવાનો હતો કે જે તેના ૬૦–વર્ષથી કબજામાં હતું.

કેસનો નિર્ણય : માલિકને અત્રે બોલાવવામાં આવ્યા હતા અને મકાનમાં નાના–મોટા રીપેરીંગ કામ કરાવવા સમજાવ્યા હતા અને અરજદારે નિયમિત ભાડુ આપવા પણ સંમતિ આપેલ. આમ બંને વચ્ચે સુખદ સમાધાન થયેલ છે.

કેસના નિરાકરણની તારીખ : તા. ૧૨/૬/૨૦૦૦ સુખદ સમાધાન.

**અરજી નંબર : ૧૩૦૧/૨૦૦૦**

અરજદારનું નામ : બીપીનચંદ્ર ટી. પટેલ[478]

કન્સલ્ટન્ટનું નામ : પી. જી. રાવલ

---

477 Ibid.

478 Ibid.

વિષય : જી.એસ.એફ.સી.એ. લોનના હપ્તા ન ભરાતાં ઈન્ડસ્ટ્રીયલ યુનિટને બંધ કરાવી દીધેલ.

ફરિયાદ : અરજદાર બંધ મીલના કામદાર હતા અને ૧૮/૫/૨૦૦૦ના રોજ જી. એસ.એફ.સી. એ કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર યુનિટને સીલ કરાવી દીધેલ.

કેસનો નિર્ણય : જી. એસ. એફ.સી. ને અરજદારનું યુનિટ ચાલુ કરવા દેવાની બાબત ધ્યાને લાવીને જો યુનિટ ચાલુ થાય તો તેમનું દેવું ભરપાઈ કરી શકે તે બાબતની સમજ આપતાં માત્ર રૂા.૧૦,૦૦૦/– ની લોનનો હપ્તો સ્વીકારીને યુનિટ ચાલુ કરવા મંજૂરી આપેલ હતી.

કેસના નિરાકરણની તારીખ : તા. ૨૮/૬/૨૦૦૦ સુખદ સમાધાન.

**અરજી નંબર : ૧૭૨૮/૨૦૦૦**

અરજદારનું નામ : ભીલ અરૂણાબહેન દેવજીભાઈ[479]

કન્સલ્ટન્ટનું નામ : શ્રી એમ. ડી. ધ્રુવ અને પી. જી. રાવલ

વિષય : લગ્નજીવનમાં વિખવાદ

ફરિયાદ : પતિ–પત્ની પાસે તેમજ તેણીના કુટુંબીજનોનીપાસે રૂા.૨૫,૦૦૦/– ની રકમની માંગણી કરતા હતા અને નણંદ પણ હેરાન કરતી હતી.

કેસનો નિર્ણય : પતિને બોલાવવામાં આવ્યા. બંનેને સમજાવવામાં આવ્યા અને કિલનિકમાંથી સુખદ સમાધાન કરીને હસતે ચહેરે ગયા. પતિએ એવી ખાતરી આપી કે શરૂઆતમાં દર બે દિવસે તે આ કિલનિકમાં બંને વચ્ચેના સમાચાર આપતા રહેશે.

કેસના નિરાકરણની તારીખ : તા. ૧૨/૭/૨૦૦૦ સુખદ સમાધાન.

---

[479] Ibid.

### ૫.૮.૪ મહિલા સેલ

મહિલાઓ કે જે સમગ્ર વિશ્વની કુલ વસ્તીના લગભગ ૫૦% છે. પરંતુ તેઓ સમાજના કહેવાતા નબળા વર્ગો, જેવાં કે સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, દલિતો, એઈડસથી પ્રભાવિત કે શરણાર્થીઓ,માં  સૌથી વધુ અન્યાય અને અત્યાચારનો ભોગ બને છે.

સમાજના મુખ્ય પ્રવાહમાંથી તરછોડાયેલા કે બહાર ફેંકાયેલા વર્ગ તરીકે અને અત્યાચારોનો ભોગ બનવામાં સૌથી મોખરે રહેલ વર્ગ તરીકે, હાંસીયામાં ધકેલાઈ ગયેલ વર્ગ એટલે કે માર્જીનલાઈઝડ ગ્રુપ ઓફ સોસાયટી તરીકે 'મહિલા' વર્ગ મોખરે છે. તેમના માનવ અધિકારો તથા માનવ ગૌરવનું દિન–પ્રતિદિન હનન થાય છે. માનવ ગૌરવ એટલે વિકાસની યોગ્ય તક સમાજના આ વિશિષ્ટ વર્ગને વિકાસની યોગ્ય તકથી એક અથવા બીજા કારણોસર વંચિત કરી દેવાયા છે કે થઈ ગયા છે. સદીઓથી પરંપરાગત પિતૃપ્રધાન સમાજ વ્યવસ્થા કે અન્ય ધાર્મિક, સામાજીક કારણોસર મહિલાઓનું સતત શોષણ થઈ રહયું હતું. અને આજના સુસભ્ય અને સુસંસ્કૃત સમાજમાં પણ તેઓનું શોષણ થઈ રહયું છે.

આ અંગેના મુખ્ય કારણોમાં સામાજિક, આર્થિક કારણો ઉપરાંત ગરીબી, નિઃરક્ષરતા અને કાનૂની અજ્ઞાનતા મુખ્ય છે. આના કારણે તેઓ વધુને વધુ અન્યાયનો ભોગ બને છે. ગરીબીના કારણે તેઓ કાયદાની અદાલતોનો સંપર્ક કરી શકતા નથી અને નિરક્ષરતા અને કાનૂની અજ્ઞાનતાને કારણે વધુને વધુ અન્યાય સહન કરી રહયાં હતા અને છે.ભારતીય બંધારણના મૂળભૂત અધિકારોમાં દર્શાવેલ સમાનતાના અધિકારનું જાણે પુસ્તકો અને વ્યવહારમાં ભેદ જણાય છે.

આ માટે કાનૂની સહાય દ્વારા તેના મુખ્ય લાભાર્થીઓમાં, 'સ્ત્રી' ઓને આવકની કોઈપણ મર્યાદા વિશે તેમને સમાન અને સક્ષમ ન્યાય મળી રહે તે માટેની જોગવાઈ કરવામાં આવી છે.

મહિલાઓના શોષણને અટકાવવા ઉપરાંત તેમના કલ્યાણ માટે અનેક કાયદાઓ ઘડવામાં આવ્યા છે. પરંતુ એક અથવા બીજા કારણસર તેનો લાભ તેઓને પ્રાપ્ય નથી. તેમના પ્રત્યેના ગુનાઓમાં દિનપ્રતિદિન વધારો થઈ છે. નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરોના જણાવ્યા અનુસાર નિરક્ષરતા અને ગરીબી, ઉપરાંત પ્રવર્તમાન સામાજિક વ્યવસ્થાને કારણે તેઓ 'કાયદા' પાસે જઈ શકતા શકિતમાન નથી કે જઈ શકતા નથી.

આ સંજોગોમાં તેમને 'કાયદા'ની મદદની સૌથી વધુ જરૂર જણાય છે.

હમણાંજ ૨૦૦૫–૦૬ માં ઘરેલું હિંસા પ્રતિબંધ અધિનિયમ આવ્યો હોવા છતાં એક સમાચાર પત્રના જણાવ્યા મુજબ મહિનામાં ૭૦ થી ૭૫ જેટલા કેસો ધ્યાનમાં આવે છે.

વિશ્વભરમાં બાળકો અને સ્ત્રીઓને સમાજના નબળા વર્ગ તરીકે સ્વીકાર કરવામાં આવે છે. તેઓને કાનૂની રક્ષણ આપવા અને જાગૃતિ લાવવા સ્ત્રીઓ અને બાળકોને કેળવણી આપીને સાક્ષર બનાવવા અનુરોધ કરવામાં આવે છે. સાક્ષરતા સંપૂર્ણ પણે સિદ્ધ થાય ત્યાં સુધી રાહ જોવી એ પણ યોગ્ય નથી. આથી જ નિરક્ષર નબળા વર્ગોને કાનૂની જાગૃતિ આપવા અને ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકોને કાનૂની અધિકારોથી વાકેફ કરવા અને તેઓ પર થતા અત્યાચારો સામે રક્ષણ આપવાં માટે "મહિલા કાનૂની સલાહ કેન્દ્ર" ની જરૂરિયાત ઉપસ્થિત થઈ છે.[480]

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ અંતર્ગત અમદાવાદ, શાહીબાગ ખાતે બંગલા. નં. ૧૨ માં કાર્યરત કાયમી મફત અને સક્ષમ કાનૂની સહાય

---

[480] Y.M.Shukla, Nyayapath, issue No.3. p.13.

તેમ જ સેવા કેન્દ્ર હસ્તક મહિલાઓ માટે "મહિલા કાનૂની સલાહ કેન્દ્ર"નું તા. ૧૬મી ઓકટો ૨૦૦૧ ના રોજ ગુજરાત રાજયની વડી અદાલતના ન્યાયમૂર્તિ અને સેવા સત્તા મંડળના પ્રથમ કારોબારી અધ્યક્ષ શ્રી જે. એન. ભટ્ટ્રે દ્વારા મંગલદીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરાયું હતું.આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, "આપણા બંધારણમાં પુરુષ અને મહિલા એ રીતના તમામ નાગરિકોને સમાન હકકો અને અધિકારો આપેલા હોવા છતાં ધ્યાનમાં આવતી રોજ બરોજની મહિલાઓની વિટંબણાઓ અને અન્યાય અંગેના કેસો બાબતે તમામ મહિલાઓનાં બંધારણીય રીતે મળેલા સમાન હકકોનું રક્ષણ થવા પામે તે માટેના એકમાત્ર આશયથી જો મહિલા માટે કોઈ ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવે તો આવી વ્યવસ્થાને અનામત વ્યવસ્થા તરીકે ખપાવી ન શકાય તેમ જણાવી સર્વોચ્ચ નયાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ ડાઁ. એ. એસ. આનંદ દ્વારા અપાયેલા એક ચુકાદામાં સુચવ્યા મુજબ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ તરફથી હંમેશની જેમ તમામ સ્તરીય પરિણામલક્ષી કાર્યોના અમલીકરણ માટે આગવી પ્રતિભા હાંસલ થાય તે માટે મહિલા કાનૂની સહાય અને સલાહ કેન્દ્ર શરૂ કરાયું હતું

ન્યાયમૂર્તિ શ્રી ભટ્ટ્રે, વધુમાં જણાવ્યું હતુ કે, પ્રજાકીય સારાકાર્યની શરૂઆત કરવાની બાબત એકદમ સહેલી છે, પરંતુ શરૂઆત કર્યા પછી કાયમી ધોરણે સારા કાર્યો માટેની સંસ્થાઓ સારી રીતે સંચાલિત થતી રહે અને તેની પાછળનો ખરો આશય બહાર આવવા પામે તે રીતેના વહીવટ દ્વારા જો આવી સંસ્થા કાર્યરત રહે તો જ તેનો અર્થ સરી શકે. તેઓશ્રીએ મહિલા કાનૂની સલાહ કેન્દ્ર અવિરતપણે અને કાયમી ધોરણે જરૂરતમંદ ન્યાયવાંચ્છુ મહિલાઓને નિઃસ્વાર્થ અને નિઃશુલ્ક સેવાઓ આપીને સમગ્રદેશમાં ગુજરાત રાજયનું નામ રોશન કરવામાં આવશે તેવી આશા પ્રગટ કરી હતી.

આ તબકકે નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી સી. વી. જાનીએ પોતાના શુભ સંદેશામાં પાઠવ્યું હતું કે, ખાસ મહિલાઓ માટે ખોલવામાં આવેલ "મહિલા કાનૂની સલાહ કેન્દ્ર" ની કાર્યવિધિ પોલીસસ્ટેશનો વિગેરેમાં સ્ત્રીઓને પોતાના હકકો પર મરાતી તરાપ અન્વયેની અને અન્યાય સામે જરૂરી કાનૂની રક્ષણ મેળવવાની અવારનવાર પોલીસ સ્ટેશન જેવા ક્ષેત્રોમાં હાલ જે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

ઉદ્‌ઘાટન પ્રસંગમાં ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના સભ્ય ર્ડા. દમયંતીબહેન ભટ્ટ, જિલ્લાન્યાયાધીશ શ્રી એમ. ડી. શાહ, ચીફ મેટ્રોપોલીટન મેજિ. શ્રીમતી સ્મીતાબહેન શાહ, અમદાવાદ ફેમિલીકોર્ટના અધ્યક્ષ શ્રીમતી કલ્પનાબેન વીણ, સિટીસિવિલકોર્ટ અને સેશન્સજજ શ્રીમતી જયોત્સ્નાબેન યાજ્ઞિક, શ્રીમતી સોનીયાબહેન ગોકાણી, મહિલાસંસ્થાઓના અગ્રણી શ્રીમતી વસુબેન ભટ્ટ, ગુજરાત સ્ટેટ કન્ઝુમર્સ રીડ્રેસલ કમિશનના સભ્ય શ્રીમતી હિતેષીબેન ભટ્ટ, ગુજરાત સરકારના ગૃહ સચિવ અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શ્રી નિત્યાનંદ કાનુંગો, આરોગ્ય અને પરિવાર વિભાગના ઉચ્ચ પદાધિકારીઓ સર્વશ્રી ર્ડા. ગજજર, ર્ડા. કે. એન. પટેલ, હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી બી. એસ. કાપડીયા તેમ જ મોટી સંખ્યામાં મહિલા અને પુરુષ ધારાશાસ્ત્રીઓ, શ્રી ચંદ્રેશવીણ તથા કન્સલટન્ટ નિવૃત્ત જિલ્લા ન્યાયમૂર્તિ શ્રી બી. એસ. જયસ્વાલ અને સ્થાનિક ન્યાયિકકોર્ટોના ઉચ્ચ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.[481]

મહિલા સેલ ના રસપ્રદ કિસ્સાઓમાં,

તા. ૨જી માર્ચે રાતના દસ વાગ્યાના સુમારે પોતાના પિતા સાથે ૨૮ વર્ષીય ભાવના હાંફળા ફાંફળા કાયમી કાનૂની સેવા કેન્દ્ર પર આવી અને પોતાની આપવીતી કહી જણાવી.[482]

---

481 Nyayapath, issue No.7-8.p.31.
482 Nyayapath, issue No.2.p.24.

ભાવનાના લગ્ન અમરેલી જિલ્લાના હરિ નામના યુવક સાથે ગયા હતા. હરિ આફ્રિકાના દારેસલામથી અમરેલી આવ્યો હતો અને પોતાના સગા ભાઈના લગ્ન પતાવી તરત જ પરત દારેસલામ જવા ઈચ્છતો હતો. ભાવનાની ફરિયાદ હતી કે હરિએ અગાઉ લગ્ન કર્યા હોવા છતાં પોતે અપરિણિત છે તેમ જણાવી પોતાની સાથે છેતરપિંડી કરીને લગ્ન કર્યા હતા. તયારબાદ પોતાને આ છેતરપિંડીની ખબર પડતાં પતિ અને સાસરીયાઓ તરફથી ત્રાસ આપવાનો શરૂ થયો હતો. દામ્પત્યજીવન દરમિયાન બે સંતાનો પણ થયા હતા અને પતિ સામે ભરણપોષણ અને પત્ની તરીકેના અધિકારો માટે કોર્ટમાં કેસ કર્યા હતા. અગાઉ પોતે પતિ સાથે હક કરીને દારેસલામ ગઈ હતી અને તયાં પોતાને એક ઘરમાં પૂરી રાખવામાં આવી હતી અને દસમાસ વિતાવ્યા બાદ જબરજસ્તીથી ભારતમાં મોકલી આપી હતી કારણ કે હરિએ ત્યાં પણ ત્રીજા લગ્ન કર્યા હતા.

બે વર્ષ પછી હરિ પોતાના ભાઈના લગ્નપ્રસંગે દારેસલામથી અમરેલી આવ્યો હતો અને ફરી પાછો ચાલ્યો જવાની તૈયાર કરી રહ્યો હતો. પોતાના અધિકારો આપવાનો ઈન્કાર કરનાર પતિ હરિ આફ્રિકા ચાલ્યો ન જાય અને કોર્ટમાં હાજર થાય તેવી દાદ ભાવનાએ પોતાની કેફિયતમાં જણાવી હતી.

ભાવનાએ રજૂ કરેલી બાબતે કાનૂની સહાય કેન્દ્રના કન્સલ્ટન્ટશ્રીએ ફરિયાદરૂપે લખી લીધી. તત્કાળ અમદાવાદના ચીફ જયુડી. મેજિ. ની કોર્ટમાં ફરિયાદ નોંધાવી પતિ હરિ અને બીજાઓ સામે સમન્સ મેળવવામાં આવ્યા અને તેની બજવણી માટે હાથોહાથ ભાવનાબેનને આપી અમરેલી જિલ્લા પોલીસ વડાની કચેરીએ મોકલી આપતા સમન્સની બજવણી થઈ અને કોર્ટમાં કાર્યવાહી હાથ ધરવામાં આવી. પતિ હરિએ ફેમીલી કોર્ટ સમક્ષ પોતે હાજર રહી પોતે કોર્ટની મંજૂરી વગર ભારત નહિ છોડે તેવી બાંહેધરી આપી. ભાવનાના ભરણ–પોષણ અને બીજા લગ્ન વિષયક અધિકારો

અંગેની કોર્ટમાં કાર્યવાહી ચાલી રહી છે. મહિલા તરીકે મફત કાનૂની સહાય મેળવવાનો ભાવનાને અધિકાર છે ને તે કાનૂની સેવા સત્તા મંડળ તરફથી પૂરો પાડવામાં આવ્યો છે.

**અરજી નંબર : ૨૩૬/૨૦૦૦**

અરજદારનું નામ : સુરજબહેન લાલજીભાઈ ઠાકોર[483]

કન્સલ્ટન્ટનું નામ : કિરણભાઈ પંડિત, એમ. ડી. ધ્રુવ અને પી. જી. રાવલ

વિષય : વિરમગામની કંપનીએ વળતર આપવા બાબતે.

ફરિયાદ : સુરજબહેનની એવી ફરિયાદ હતી કે તેમના પતિ વોચમેન તરીકે ફરજ બજાવતા હતા એ દરમ્યાન તેમનું મૃત્યું થયું હતું.

કેસનો નિર્ણય : વિરમગામની કંપનીએ અરજદારના પતિને ૩૩ વર્ષની નોકરી ગણતરીમાં લઈ અને રૂા.૩૫,૦૦૦/–નું વળતર આપવા સમજાવેલ અને કંપનીએ વળતર રૂપે રૂા.૩૫,૦૦૦/– આપીને સુખદ સમાધાન કરેલ છે.

કેસના નિરાકરણની તારીખ : તા. ૨૭/૫/૨૦૦૦

**અરજી નંબર : ૧૩૩૯/૨૦૦૦**

અરજદારનું નામ : મકવાણા ગાયત્રીબેન મહેન્દ્રભાઈ[484]

કન્સલ્ટન્ટનું નામ : પી. જી. રાવલ.

વિષય : સેટલમેન્ટ

ફરિયાદ : પત્નીને પતિએ કાઢી મૂકેલી અને છેલ્લા ૪–માસથી તેના પિતા સાથે રહેતી હતી.

કેસનો નિર્ણયઃ તે બંનેને તા.૨૦/૬/૨૦૦૦, ૨૧/૬/૨૦૦૦ અને છેલ્લે તા. ૧/૭/૨૦૦૦૦ના રોજ કિલનિક પર બોલાવેલા અને સુખદ સમાધાન

[483] Nyayapath, issue No.1.p.25.
[484] Ibid.

કરાવેલ. તેઓ સુખેથી રહે છે અને દર બે દિવસે ટેલિફોન પર સુખી સમાચાર આપે છે. તેઓએ આ સંસ્થાનો આભાર વ્યકત કર્યો છે.

કેસના નિરાકરણની તારીખ : તા. ૧/૭/૨૦૦૦ સુખદ સમાધાન.

**અરજી નંબર : ૧૪૯૬/૨૦૦૦**

અરજદારનું નામ : વાઘેલા વર્ષાબેન દિનેશભાઈ[485]

કન્સલ્ટન્ટનું નામ : પી. જી. રાવલ

વિષય : પતિએ પત્નીને કાઢી મૂકેલ. જેણે એલિસબ્રીજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી.

ફરિયાદ : પતિ પત્નીને મારતા હતા.

કેસનો નિર્ણય : પોલીસને અરજદાર તથા તેના બે છોકરાઓને રક્ષણ આપવા તા.૫/૬/૨૦૦૦ ના રોજ વિનંતી કરેલ. પતિને ૧૫/૬/૨૦૦૦ના રોજ કિલનિક પર બોલાવેલ અને તા.૨૧/૬/૨૦૦૦ના રોજ પતિ–પત્નીને સંયુકત રીતે બોલાવ્યા હતા અને તેઓએ બાળકોના હિતમાં સુખદ સમાધાન કર્યુ હતું.

**અરજી નં. ૧૪૦૮/૦૪**[486]

અરજદાર : સામાવાળાના નામ બદલેલા છે.

નિયતિને દસેક દિવસથી પિયર આવેલી જોઈને પાડોશમાં રહેતા સુમનકાકીએ તેને પૂછયું. નિયતિ સાસરે જવાનો વિચાર નથી કે શું ? આ સાંભળીને નિયતિએ તો કંઈ જ જવાબ ન આપ્યો પરંતુ તેની મમ્મીએ સુમનકાકીને જણાવ્યું કે અનિકેત અને નિયતિ વચ્ચે વારંવાર થતાં અણબનાવને કારણે નિયતિ પિયરમાં આવેલી છે. તેથી સુમનકાકીએ નિયતિને બોલાવી અને કહ્યું જો બેટા, તું ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળમાં અરજી કર. તયાંથી તારી મુશ્કેલીનો ઉપાય જરૂરથી મળી આવશે.

---

485 Ibid.

486 Nyayapath, issue Oct-2006.pp.54-55.

આથી નિયતિ બીજે જ દિવસે સુમનકાકીએ બતાવેલ જગ્યાએ ગઈ અને અરજી કરી. તયાંના કન્સલટન્ટશ્રીએ જણાવ્યું કે તારા પતિ અનિકેતને આવતી મુદતે હાજર રહેવાની જાણ કરતો વિનંતી પત્ર મોકલીએ છીએ. તેથી આવતી મુદતે તમે સમયસર હાજર રહેજો. ત્યાર પછીની મુદતે અનિકેત અને નિયતિ બંને હાજર રહેલા તેથી કન્સલટન્ટશ્રીએ બંનેને અંદર બોલાવ્યા અને વાતચીત કરી વાતચીત દરમયાન બંનેને એકબીજાની ખામીઓ જોવાને બદલે એકબીજાની ખૂબી જોવાની સલાહ આપી અને આવતી મુદતે વિચારીને આવવા જણાવ્યું. ત્યારપછીની મુદતમાં બંનેને અલગ અલગ બોલાવીને વાતચીત કરી અને બંનેને સમાધાન કરવાની સલાહ આપી. અનિકેત અને નિયતિ બંને વચ્ચે જે બાબતે મતભેદ થયેલા તે બાબતોને લઈને વિસ્તૃત ચર્ચા કરી અને બંનેને બધું ભૂલીને નવેસરથી આજે જ પરણીને આવ્યા છીએ તેમ માનીને ઘરસંસાર શરૂ કરવા સલાહ આપી. અનિકેત અને નિયતિ બંને રાજીખુશીથી સમાધાન કરી ગયેલા.

ત્યારબાદ પંદર દિવસ પછી બોલાવેલી તારીખે બંનેની સાથે ફરીથી વાતચીત કરી, અને હવે બંનેને એકબીજા તરફથી જે કોઈ મુશ્કેલી હોય તેની જાણ કરવા કહ્યું તયારે અનિકેત અને નિયતિ બંનેએ કહ્યું કે અમે એકબીજાના પ્રેમને ઓળખી શકતા નહોતા. જે આપની પાસે આવ્યા બાદ અમે શીખ્યા છીએ. અનિકેતે કહ્યું કે મને નિયતિ જેવી પત્ની મળી છે તેની મને ખુશી છે જયારે નિયતિએ જણાવ્યું કે મને અનિકેત જેવા પતિ મળ્યા તેનો મને ગર્વ છે પરંતુ અમને બંનેને આ રીતે એક કરવા બદલ આપનો અને આપની સંસ્થાનો અમે આભાર માનીએ તેટલો ઓછો છે અને આમ સુખદ સમાધાન થવાને કારણ ફાઈલ બંધ કરવામાં આવી.

**અરજી નંબર : ૧૬૭૭ /૦૪**[487]

---

487 Ibid.

અરજદાર : સામાવાળાના નામ બદલેલા છે.

પંકજ અને રમીલાના લગ્નને દોઢ વર્ષ થયેલા હોવા છતાં બંને વચચેનો પ્રેમ જોઈને લોકો દંગ રહી જતા. રમીલા વ્યવહાર કુશળ હતી તેણે પંકજના આખા ઘરની જવાબદારી ખૂબ જ સરસ રીતે ઉપાડી લીધેલી પરંતુ કુદરતને કંઈ અલગ જ મંજૂર હતું. ઓફિસેથી પાછા આવતા એક અકસ્માત દરમ્યાન પંકજનું મૃત્યું થયું.

રમીલા અને પંકજની માતા સિવાય હવે ઘરમાં કોઈ જ નહોતું. પંકજ પ્રાઈવેટ નોકરી કરતો હોવાથી ખાસ કાંઈ બચત ન હતી. રમીલા અને પંકજની માતાની હાલત દિવસે ને દિવસે કફોડી બનતી ગયેલી. એક દિવસ અચાનક રમીલાની બહેનપણી સુનિતા તેને મળવા આવી. રમીલા પહેલાં તો તેને ખૂબ જ પ્રેમથી ચા–નાસ્તો કરાવતી પરંતુ આજે ઘરમાં કાંઈ જ નહોંતું તેથી રમીલા ચૂપચાપ શરમાતી નજરે બેઠી હતી. પંકજની માતાએ ચા બનાવીને સુનિતાને આપી. સુનિતા એક સમાજ સેવિકા પણ હતી. તેથી તેણે રમીલાને સલાહ આપી કે રમીલા તને વિધવા સહાય મળી શકે છે. તો તુ તેને માટે અરજી કર અને રમીલાને આ માટેની બધી જ માહિતી સમજાવી.

બીજા દિવસે રમીલાએ વિધવા સહાય મેળવવા માટે અરજી કરેલી. પરંતુ તા. ૧૫/૭/૦૩ ના રોજ અરજી કરેલ હોવા છતાં તા.૧/૧૨/૦૪ સુધી તેને વિધવા સહાયના નાણાં મળ્યા ન હતા. તેથી સુનિતાએ રમીલાને "ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ" માં જઈને પોતાની અરજી આપવા જણાવેલ અને સાથે સમજાવ્યું કે ત્યાંથી તને મફત કાનૂની સલાહ અને સહાય પણ મળશે. તેથી તને એકપણ રૂપિયાનો ખર્ચ થશે નહીં. રમીલાએ તા.૧૬/૧૨/૦૪ના રોજ ડફનાળા, શાહીબાગ ખાતે આવેલ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળમાં અરજી કરી. ત્યારબાદ ત્યાંની કાર્યવાહી મુજબ સમાજ સુરક્ષા ખાતાને વિનંતી પત્ર લખવામાં આવ્યો. તયાંના અધિકારી ત્યારપછીની મુદતમાં રૂબરૂ હાજર રહ્યા અને અરજદારની સંપૂર્ણ વિગતો સાંભળ્યા બાદ રેકર્ડ જોવા

માટે કન્સલટન્ટશ્રીને એક મુદત આપવા જણાવ્યું. તેથી તેમને મુદત આપવામાં આવી. તા.૬/૧૨/૦૫ ના રોજ બંને પક્ષકારો હાજર હતા તયારે સામાવાળાએ જણાવ્યું કે તા.૧/૭/૦૫ થી મંજૂરી આદેશ આપવામાં આવેલ જે અનવયે અરજદારે ડબલ્યુ. એફ.એ. ખાતુ ખોલાવવું પડે તેથી અરજદાર રમીલાબહેને જણાવ્યું કે તેમણે ખાતુ ખોલાવ્યું છે તે ખાતાનો નંબર અને ઝેરોક્ષ તેમણે સમાજ સુરક્ષા ખાતાના અધિકારીને આપી. ત્યારબાદ તે અધિકારીએ આગળની કાર્યવાહી વિશે અરજદાર રમીલાબહેનને સમજ આપી અને એકાદ મહિનામાં પોસ્ટમાં તપાસ કરવા જણાવ્યું તયારબાદ અરજદાર એક દિવસ આવ્યા અને જણાવ્યું કે હું ગઈ કાલે જ પોસ્ટ ઓફિસમાં જઈને આવી અને બહેન મને કહેતા ખૂબ જ આનંદ થાય છે કે તમારી કલમના લીધે મને વિધવા સહાયના નાણા મળ્યા. નહિંતર અમે અભણ કાંઈ કરી શકીએ તેમ ન હોતા. તેમણે કન્સલટન્ટશ્રીને જણાવ્યું કે મને અસારવા પોસ્ટ ઓફિસના પોસ્ટ ખાતા દ્વારા રૂા. ૧૮,૪૦૦/– (અંકે રૂપિયા અઢારહજાર ચારસો પૂરા) ચૂકવી દેવામાં આવેલા છે. અને રૂા. ૧૮,૫૩૦/– મંજૂર થયેલા જેમાંથી રૂા.૧૩૦/– જમા રાખેલા છે. તેથી અરજદારે ખૂબ જ ખુશી સાથે જણાવ્યું કે મને વિધવા સહાયના નાણા મળી ગયેલા છે. તેથી આજરોજ મારી અરજી બંધ કરવામાં આવશે તો મને વાંધો નથી અને તેમનું ઉપર મુજબનું સુખદ સમાધાન થયેલું હોવાથી તેમની અરજી બંધ કરવામાં આવી.

### ૫.૮.૫ જવાન સેલ

જવાન સેલની રચના લશ્કરી સેવાઓ બજાવતા ચાલુ કે નિવૃત્ત વ્યકિતઓ (જવાન) ને મફત અને સક્ષમ કાનૂની સહાય મળી રહે તે હેતુથી કરવામાં આવી છે. આ કેન્દ્ર આપણા યુદ્ધમાં સાહસનો સામનો કરી રહેલ અને દેશની રક્ષા કાજે

મરી મીટનાર તેવા જવાનો માટે  છે . જવાન સેલનું ઉદઘાટન તા.૧૭/૨/૨૦૦ના રોજ એર ચીફ માર્શલ (નિવૃત્ત) શ્રી એ. વાય. ટીપનીશના હસ્તે કરવામાં આવ્યું હતું.

### ૫.૮.૬ જેલ સેલ

સમાજના નબળા અને કચડાયેલા વર્ગો તેમજ ગરીબ વર્ગના લોકોને અનેક કારણોસર જેલમાં નાના મોટા ગુન્હા હેઠળ કાચા કામના કેદી તરીકે જેલમાં રહેવું પડતું હોય છે.  તેમજ સજા પામેલ વ્યકિતઓ પણ પાકા કેદીઓ તરીકે તેઓને જેલમાં રહેવું પડતું હોય છે. જેલના કેદીઓને પણ અમુક અધિકારો છે તે બાબતની જાણકારી આપવા તેમજ કેદીઓને પડતી મુશ્કેલીઓ નિવારવા અને સજા થયેલ કેદીઓને જો તેઓ ઈચ્છે તો અપીલ કરવા યોગ્ય સક્ષમ અને વિના મુલ્યે કાયદાકીય સલાહ અને સેવાની જરૂરત હોય છે. આ હકીકત ધ્યાનમાં રાખી સને ૨૦૦૩ માં ગુજરાત સ્ટેટ લિગલ સર્વિસ ઓથોરીટી દ્વારા જેલ સેલ શરૂ કરવામાં આવેલ છે. જેનું ઉદઘાટન સુપ્રિમ કોર્ટના નામદાર નયાયમૂર્તિ શ્રી એસ. રાજેન્દ્ર બાબુના વરદહસ્તે તા.૮/૩/૨૦૦૩ના રોજ કરેલ હતું. ત્યારથી ગુજરાત સ્ટેટ લિગલ સર્વિસ ઓથોરીટીમાંથી કન્સલટન્ટ જેલમાં અઠવાડિયામાં બે દિવસ આવે છે અને કેદીઓની મુશ્કેલીઓ સાંભળી તેનું નિરાકરણ કરે છે.[488] અમદાવાદ મધ્યસ્થ જેલ સેલમાં ૧/૫/૨૦૦૭ સુધી  કુલ **૧૨૬૭** અરજીઓ મળી છે.

જેલમાં કેદીઓને પડતી મુશ્કેલીઓ ધ્યાને રાખી તેમજ કેદીઓને કોર્ટોમાં લાવવા લઈ જવાની પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી નાના ગુન્હોના કેદીઓના કેસ ચલાવવા ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ, તેઓના વિસ્તાર કે સબ જેલમાં જઈ કેસો ચલાવવા માટે ગુજરાત હાઈકોર્ટ દ્વારા સરકયુલર કાઢવામાં આવેલ છે અને આમ નાના ગુન્હાઓમાં કાચા કામના કેદીઓના કેસો જેમ બને તેમ ઝડપથી ચલાવી તેનો નિકાલ

---

[488] NyayaPath, issue No.18,p.5.

થાય તે માટે અને અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે કેદીઓને કાયદાકીય શિક્ષણ અને તેમના અધિકાર અંગેની જાગૃતિ આપવા અંગેની એક કાનૂની શિક્ષણ શિબિર રાખવા માટે,જેલસેલ ની રચના કરવામા આવી છે.નાના ગુન્હાઓના કેદીઓના કેસોનો નિકાલ ઝડપથી કરવામાં આવતો નથી અને કારણસર ઘણીવાર તેઓની સામે તહોમત પુરવાર થાય તો પણ જે સજા થાય તેના કરતા વધુ સમય માટે તેઓએ જેલમાં રહેવું પડે છે. આ બાબત પ્રત્યે ધ્યાન દોરીને જેલોમાં જઈને તેવા કેદીઓના કેસોનો ઝડપી નિકાલ લાવવા માટે જેલસેલ ની રચના કરવામા આવી છે.

| વર્ષ | સામાન્ય | મહિલાઓ | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૩ | ૩૦૭ | ૪૧ | ૩૪૮ |
| ૨૦૦૪ | ૭૧ | ૫૧ | ૧૨૨ |
| ૨૦૦૫ | ૧૯૬ | ૧૮ | ૨૧૪ |
| ૨૦૦૬ | ૩૧૧ | ૧૪ | ૩૨૫ |
| ૧/૫/૨૦૦૭ સુધી | ૨૫૨ | ૬ | ૨૫૮ |
| કુલ :૧/૫/૨૦૦૭ સુધી | ૧૧૩૮ | ૧૩૦ | ૧૨૬૭ |

**૫.૮.૭ ભૂકંપ સેલ**

૨૬ મી જાન્યુઆરી–૨૦૦૦નાં રોજ આવેલ ધરતીકંપે ગુજરાતને હલાવી નાંખ્યું. ઘણાં જીવોની સંપૂર્ણ ધૂળધાણી થઈ ગઈ. કાનૂની સેવા સત્તા મંડળના તાલુકા સ્તરેથી રાજય અને રાષ્ટ્રીય સ્તરે તેના કાર્યકર્તાઓ માટે એક પડકાર

હતો.કુદરતી આપત્તિ સામે રક્ષણ મેળવવાની વ્યવસ્થામાં કાયદા અને કાનૂની સેવાઓની કામગીરી એ ઘણી જ ઉપયોગી અને મહત્વની છે.

" ભૂકંપ અંગે રસપ્રદ કિસ્સાઓ..."નીચે દર્શાવેલ છે.

(૧) ભૂકંપ ફાઈલ નં. ૪૭/૨૦૦૧[489]

ભૂકંપ ફાઈલ નં. ૪૭/૨૦૦૧માં અરજદાર દીવ્યરથ એપાર્ટમેન્ટ, દેવ શેરી, સાંકળી શેરી, રાયપુર, ખાડિયા, અમદાવાદના રહીશો વિરુદ્ધ દેવ ડેવલોપમેન્ટ, એ/૪ દેવદર્શન ફલેટ, મહાદેવ ચોક, ધના સુથારની પોળ, રિલિફ રોડ, અમદાવાદના બિલ્ડરો (૧) પરાગભાઈ શાહ (૨) પંકજભાઈ સોની (૩) વિજયભાઈ સોનીની વિરુદ્ધ ભૂકંપની અસર નીચે આવેલ દીવ્યરથ એપાર્ટમેન્ટમાં થયેલ નુકસાનીનાં વળતર માટે ઉપરોકત બિલ્ડરો વિરુદ્ધ ફરિયાદ અરજી આવતાં અત્રેની સંસ્થામાંથી બિલ્ડરોને પત્ર લખી સમાધાન માટે બોલાવતાં આ કામના બિલ્ડરોએ તા.૭/૨/૨૦૦૧ના રોજ પત્ર લખી જાણ કરી કે અરજદાર સાથે સામાવાળાને નુકસાન વળતર અંગે સમાધાન થઈ ગયેલ છે અને તે મતલબની અરજદારોએ તેમનો કેસ આગળ ચલાવવો નથી તેવી જા કરતાં અરજદારની અરજીનો સુખદ નિકાલ આવેલ છે.

(૨) ભૂકંપ અરજી નં. ૫૫ /૨૦૦૧[490]

ભૂકંપ અરજી નં. ૫૫/૨૦૦૧ ફરિયાદ રમેશચંદ્ર જયંતિલાલ ઠાલગરા અને બીજાઓ રહે. ૧૧૪૬/૮/૨, મયાભાઈની બારી, કાલુપુર, અમદાવાદ વિરુદ્ધ સામાવાળા મણીલાલ વનમાળીદાસ ઠકકર તથા તેમના વારસદાર. અરજદારની અરજીની હકીકત એ છે કે જે ભાડાવાળી જગ્યા તારીખ ૨૬/૧/૨૦૦૧ ના રોજ ભૂકંપથી સંપૂર્ણ નાશ પામેલ છે. અરજદારનો ભાડુઆત તરીકે હક રહે કે નહીં ? સરકાર તરફથી સહાય મળે કે નહીં ? તેમજ મકાન માલિક ફરી બાંધી આપશે કે નહીં ?

[489] Nyayapath, issue No.7-8, p.34.
[490] Ibid.

તે મતલબની સલાહ અંગે અરજી આપતા અરજદારને પોતે ભાડુઆત છે તે રીતે ભૂકંપમાં મામલતદાર કચેરીની અરજીમાં રાહત અંગે રજૂઆત કરવાની સમજ આપી તેમજ જો મકાન માલિકને રાહત મળે તો તે મકાન નવેસરથી બનાવી મકાન માલિકે કબજેદાર ભાડુઆતને સોંપવું પડે તેવી સલાહ કરી તેમજ ભાડુઆત ગુજરી ગયા હોય તો તેના વારસદારને ટેનન્સી હકો મળે છે તે બાબતની સલાહ આપવામાં આવી. તેમજ મકાન માલિક સરકાર તરફથી રાહતની સલાહ લે અને જે ઉપયોગ માટે રાહત મેળવી હોય તે પ્રમાણે ઉપયોગ ન કરવામાં આવે તો કાનૂની રાહે કાર્યવાહી થઈ શકે તે બાબતની સમજ આપી તેમજ હાલના તબકકે આ મતલબની નોટિસ મકાન માશ્રલિકને કરી અરજદારોને સલાહ સૂચન કર્યા બાદ અરજદારોને જરૂરી જણાય ત્યારે અત્રેની સંસ્થાની મદદ લેવા સમજ આપી કેસનો નિકાલ કરેલ છે.

ડૉ. એ. એસ. આનંદ, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તત્કાળ જવાબ તરીકે તેમના પત્ર તા. ૫ મી ફેબ્રુઆરી–૨૦૦૧ દ્વારા તેમને સમસ્ત ભારતનાં કાનૂની કાર્યકર્તાઓને ખાસ કરીને ગુજરાતને ધરતીકંપથી અસરગ્રસ્ત થયેલાઓને શકય તમામ સાધનસામગ્રીનો ઉપયોગ કરીને સમયસર મદદ કરવાની અપીલ કરી. મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાત કાનૂની સેવા સત્તા મંડળનાં મુખ્ય સંરક્ષકએ તેમનાં સ્તરે તત્કાળ પગલાં તરીકે તેમને કચેરી તથા કાયમી કાનૂની મદદ કેન્દ્રનાં બનેલા કર્મચારીગણને ધરતીકંપથી અસરગ્રસ્ત થયેલાઓને તત્કાળ જરૂરી રાહત સામગ્રી જેવી કે હંગામી આશરો લઈ શકાય તેવા તંબુ, ખોરાક તથા દવાઓ પૂરી પાડવા માટે ભૂજ ખાતે મોકલ્યા હતા. ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના કારોબારી અધ્યક્ષ, ન્યાયમૂર્તિ શ્રી જે. એન. ભટ્ટ દ્વારા તથા સભ્યસચિવશ્રી વાય. એમ. શુકલની મદદથી ભૂજમાં તથા તેની

આજુબાજુ ખરાબ રીતે અસરગ્રસ્ત પામેલા વિસ્તારોમાં ખાસ કાનૂની સેવા કેન્દ્રો ઉભાં કરવા ખાત્રી આપી હતી.[491]

કોર્ટમાં નામાંકિત નાગરિકો દ્વારા જાહેરહીતની અરજીઓ દાખલ થઈ જેમાં નિવૃત્ત ન્યાયમૂર્તિ, વરિષ્ઠ વકીલો, તકનીકિ નિષ્ણાંતો, કલાકારો અને સક્રિય સામાજિક કાર્યકરોનો સમાવેશ થયો હતો. હાઈકોર્ટ તારીખ ૧૭/૨/૨૦૦૧ ના રોજ અસરગ્રસ્તોને ઝડપી અને અસરકારક કાનૂની સહાય આપતો વચગાળાનો આદેશ અને માર્ગદર્શન આપતો હુકમ કર્યો. "પેરેન્સી પેટ્રીઓ" નો સિદ્ધાંત લાગુ પાડી કોર્ટ ઠરાવ્યું કે ધરતીકંપનો ભોગ બનેલાઓને રાજયસરકારે અને સેવાભાવી લોકોએ ઉભા કરેલા સાધનોમાંથી રાહત મેળવવાના અધિકાર છે. તે પણ ઠરાવ્યું કે નાગરિકના માતા–પિતા અથવા વાલી તરીકે સરકારને ભોગ બનેલાઓને રાહત પૂરી પાડવાનું કાનૂની ઋણ છે અને તે તેના માટે જવાબદાર હોવાનું કોર્ટે અવલોકન કર્યું. રાજયની કામગીરીનું સંચાલન બંધારણ દ્વારા થાય છે. અને કાયદાના સિદ્ધાંતોએ દેશનાં નાગરિકોનાં માતા–પિતા અને વાલી તરીકે મોટી હોનારતના નિઃસહાય ભોગ બનેલાઓને મદદ અને ટેકો કરવા માટે ઉપચારાત્મક પગલાં લેવા પડે છે. જે હાલનાં જાહેરહીતનાં દાવા જેવા સંયુકત પગલાં લઈ તેમનાં વતી સેવાભાવી સંગઠનો દ્વારા અમલ થઈ શકે તેમ છે. કોર્ટે ઠરાવ્યું કે સમસ્ત દેશ તથા પરદેશમાંથી મોટી સંખ્યામાં દાન તથા ફાળો, રોકડમાં તથા બીજા સ્વરૂપમાં મળ્યો જે કોર્ટ રાજય સરકાર તથા કેન્દ્ર સરકારનાં મહેસૂલી નાણાંભંડોળનો એક ભાગ નહીં હોવાનું ઠરાવ્યું. જે ફાળો અને દાન રોકડમાં તથા અન્ય સ્વરૂપમાં આવ્યા તે સરકાર પાસે ટ્રસ્ટમાં છે તે ભોગ બનેલાઓના ઉપયોગમાં લેવાશે. આવા ટ્રસ્ટમાં ભોગ બનેલાઓના હકક અને હિતની જાળવણી માટે દરમિયાનગીરી કરવી પડે એમ

[491] NyayaPath,issue No.7-8,pp.17-20.

છે. કેમ કે તેઓ આપત્તીથી વ્યથિત થઈ રહેલા છે અને તેઓ તેમની જાતનું અસરકારક રીતે રક્ષણ કરવા માટે અશકિતમાન છે.

ત્યારબાદ કોર્ટે કાનૂની કાર્યકર્તાઓ દ્વારા કાનૂની સહાય પૂરી પાડવાની પદ્ધતિ વિકસાવી હતી. [492]

મુખ્ય ન્યાયમૂર્તિ તથા ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના મુખ્ય સંરક્ષક અને તેની કારોબારીના અધયક્ષ ન્યાયમૂર્તિ શ્રી જે. એન. ભટ્ટના તેઓએ નીચલા સ્તરથી ઉપલા સ્તરની વિવિધ કાનૂની સેવા સત્તા મંડળોને નીચેના કામોને અગ્રતાક્રમ આપી હાથ પર લેવા તત્કાળ આદેશો જારી કર્યા.

(૧) દુર્ઘટનાને કારણે જીવિત અને મરણ પામેલી વ્યકિતની ઓળખ.

(૨) તેઓને તેમની મિલકત પાછી મેળવવામાં મદદ કરવી.

(૩) અનાથ થઈ ગયેલાં બાળકો તથા દરિદ્ર સ્ત્રીઓની કાળજી લેવી.

(૪) જીવન અને મિલકત નુકસાની સામેનાં વીમામાં નિરાકરણ લાવવા માટે તેઓને કાનૂની સલાહ આપવી. તેઓને તેઓના પેન્શન, ગ્રેજયુઈટી અને વળતર સરકાર દ્વારા જાહેર કરાવવા પણ મદદ કરવાની છે.

### ૫.૮.૮ મોબાઈલ યુનિટ (ન્યાયરથ)

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ સંચાલિત કાયમી કાનૂની સહાય કેન્દ્રમાં "શારીરિક અને માનસિક અશકત વ્યકિતઓ માટે ખાસ કાનૂની સહાય કેન્દ્ર" અને, મોબાઈલ લિગલ સર્વિસીઝ યુનિટનું ઉદઘાટન તા. ૨૯/૩/૦૩ ના રોજ ભારતના નામદાર રાષ્ટ્રપતિ ડાૅ. એ. પી. જે. અબ્દુલકલામ સાહેબે કર્યું હતું.

## ૫.૯ કાનૂની સહાય કેન્દ્રની પ્રાપ્તિઓ

[492] Ibid.

**કાનૂની સહાય કેન્દ્ર ની પ્રાપ્તિઓ ,આંકડાના સંદર્ભ માં નીચે મુજબ દર્શાવી શકાય.**[493]

## વર્ષ ૧૯૯૯

| **અનુ.ક્રમ** | **કેટેગરી** | **જનરલ** |
|---|---|---|
| ૧ | દિવાની | ૩૩૩ |
| ૨ | ફોજદારી | ૧૭૩ |
| ૩ | ભરણ પોષણ અને વૈવાહિક | ૧૩૩ |
| ૪ | મજૂર બાબતો અંગે | ૪૯ |
| ૫ | સર્વિસ બાબત | ૭૭ |
| ૬ | પેન્શન બાબત | ૩૫ |
| ૭ | એમ.એ.સી.ટી. | ૧૯ |
| ૮ | ભૂકંપ | ૦૦ |
| ૯ | તોફાનો | ૦૦ |
| ૧૦ | અન્ય | ૬૨ |
| ૧૧ | જેલ | ૦૦ |
| ૧૨ | માનસિક અને શારિરીક અપંગતા | ૦૦ |
| ૧૩ | રોકાણકારો અંગે | ૦૦ |
| | **કુલ અરજીઓ** | ૮૮૧ |
| | **કુલ નિકાલ અરજીઓ** | ૮૫૦ |
| | **કુલ બાકી અરજીઓ** | ૩૧ |

## વર્ષ ૨૦૦૦

[493] Schedule No.6.

| અનુ.ક્રમ | કેટેગરી | જનરલ |
|---|---|---|
| ૧ | દિવાની | ૯૬૨ |
| ૨ | ફોજદારી | ૫૭૩ |
| ૩ | ભરણ પોષણ અને વૈવાહિક | ૬૯૮ |
| ૪ | મજૂર બાબતો અંગે | ૧૨૩ |
| ૫ | સર્વિસ બાબત | ૩૮૦ |
| ૬ | પેન્શન બાબત | ૨૨૬ |
| ૭ | એમ.એ.સી.ટી. | ૪૪ |
| ૮ | ભૂકંપ | ૦૦ |
| ૯ | તોફાનો | ૦૦ |
| ૧૦ | અન્ય | ૪૫૬ |
| ૧૧ | જેલ | ૦૦ |
| ૧૨ | માનસિક અને શારિરીક અપંગતા | ૦૦ |
| ૧૩ | રોકાણકારો અંગે | ૦૦ |
| | **કુલ અરજીઓ** | ૩૪૬૨ |
| | **કુલ નિકાલ અરજીઓ** | ૧૯૭૧ |
| | **કુલ બાકી અરજીઓ** | ૧૫૨૨ |

**વર્ષ ૨૦૦૧**

| અનુ.ક્રમ | કેટેગરી | જનરલ | વુમન | ટોટલ |
|---|---|---|---|---|
| ૧ | દિવાની | ૧૨૮૬ | ૪૪ | ૧૩૩૦ |
| ૨ | ફોજદારી | ૪૯૧ | ૨૯ | ૫૨૦ |
| ૩ | ભરણ પોષણ અને વૈવાહિક | ૮૯૭ | ૧૮૪ | ૧૦૮૧ |
| ૪ | મજૂર બાબતો અંગે | ૯૭ | ૦૦ | ૯૭ |
| ૫ | સર્વિસ બાબત | ૬૨૨ | ૧૮ | ૬૪૦ |
| ૬ | પેન્શન બાબત | ૨૬૩ | ૧૨ | ૨૭૫ |
| ૭ | એમ.એ.સી.ટી. | ૩૩ | ૦૧ | ૩૪ |
| ૮ | ભૂકંપ | ૫૪૬ | ૦૦ | ૫૪૬ |
| ૯ | તોફાનો | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૦ | અન્ય | ૮૬૪ | ૧૪ | ૮૭૮ |
| ૧૧ | જેલ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૨ | માનસિક અને શારિરીક અપંગતા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૩ | રોકાણકારો અંગે | ૧૩૮૩૨ | ૦૦ | ૧૩૮૩૨ |
| | **કુલ અરજીઓ** | ૧૮૯૩૧ | ૩૦૨ | ૧૯૨૩૩ |
| | **કુલ નિકાલ અરજીઓ** | ૫૭૯૮ | ૧૧૦ | ૫૯૦૮ |
| | **કુલ બાકી અરજીઓ** | ૧૪૬૫૫ | ૧૯૨ | ૧૪૮૪૭ |

**વર્ષ ૨૦૦૨**

| અનુ.ક્રમ | કેટેગરી | જનરલ | વુમન | ટોટલ |
|---|---|---|---|---|
| ૧ | દિવાની | ૭૦૧ | ૩૬૩ | ૧૦૬૪ |
| ૨ | ફોજદારી | ૨૨૩ | ૬૧૨ | ૮૩૫ |
| ૩ | ભરણ પોષણ અને વૈવાહિક | ૩૩૩ | ૫૮ | ૩૯૧ |
| ૪ | મજૂર બાબતો અંગે | ૨૦ | ૦૩ | ૨૩ |
| ૫ | સર્વિસ બાબત | ૪૯૬ | ૧૧૩ | ૬૦૯ |
| ૬ | પેન્શન બાબત | ૨૫૬ | ૯૭ | ૩૫૩ |
| ૭ | એમ.એ.સી.ટી. | ૨૧ | ૧૧ | ૩૨ |
| ૮ | ભૂકંપ | ૩૪ | ૧૬ | ૫૦ |
| ૯ | તોફાનો | ૧૮ | ૫૮૯ | ૬૦૭ |
| ૧૦ | અન્ય | ૬૨૦ | ૧૮ | ૬૩૮ |
| ૧૧ | જેલ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૨ | માનસિક અને શારિરીક અપંગતા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૩ | રોકાણકારો અંગે | ૫૧૪૫ | ૦૦ | ૫૧૪૫ |
| | **કુલ અરજીઓ** | ૭૮૬૭ | ૧૮૮૦ | ૯૭૪૭ |
| | **કુલ નિકાલ અરજીઓ** | ૨૧૮૪૧ | ૧૧૯૧ | ૨૨૦૩૨ |
| | **કુલ બાકી અરજીઓ** | ૬૮૧ | ૮૮૧ | ૧૫૬૨ |

**વર્ષ ૨૦૦૩**

| અનુ.ક્રમ | કેટેગરી | જનરલ | વુમન | ટોટલ |
|---|---|---|---|---|
| ૧ | દિવાની | ૭૩૧ | ૪૫૩ | ૧૧૮૪ |
| ૨ | ફોજદારી | ૨૪૨ | ૫૨૬ | ૭૬૮ |
| ૩ | ભરણ પોષણ અને વૈવાહિક | ૨૫૬ | ૫૪ | ૩૧૦ |
| ૪ | મજૂર બાબતો અંગે | ૪૧ | ૦૧ | ૪૨ |
| ૫ | સર્વિસ બાબત | ૨૭૩ | ૮૮ | ૩૬૧ |
| ૬ | પેન્શન બાબત | ૨૨૩ | ૯૪ | ૩૧૭ |
| ૭ | એમ.એ.સી.ટી. | ૧૮ | ૦૮ | ૨૬ |
| ૮ | ભૂકંપ | ૦૫ | ૦૦ | ૦૫ |
| ૯ | તોફાનો | ૦૪ | ૦૧ | ૦૫ |
| ૧૦ | અન્ય | ૩૧૪ | ૦૨ | ૩૧૬ |
| ૧૧ | જેલ | ૩૦૭ | ૪૧ | ૩૪૮ |
| ૧૨ | માનસિક અને શારિરીક અપંગતા | ૦૯ | ૦૯ | ૧૮ |
| ૧૩ | રોકાણકારો અંગે | ૦૦ | ૦૦ | ૦૦ |
| | **કુલ અરજીઓ** | ૨૪૨૩ | ૧૨૭૭ | ૩૭૦૦ |
| | **કુલ નિકાલ અરજીઓ** | ૨૦૫૦ | ૧૭૮૦ | ૩૮૩૦ |
| | **કુલ બાકી અરજીઓ** | ૧૦૫૪ | ૩૭૮ | ૧૪૩૨ |

**વર્ષ ૨૦૦૪**

| અનુ.ક્રમ | કેટેગરી | જનરલ | વુમન | ટોટલ |
|---|---|---|---|---|
| ૧ | દિવાની | ૮૨૨ | ૪૫૭ | ૧૨૭૯ |
| ૨ | ફોજદારી | ૨૭૬ | ૪૧૮ | ૬૯૪ |
| ૩ | ભરણ પોષણ અને વૈવાહિક | ૨૯૧ | ૩૮૦ | ૬૭૧ |
| ૪ | મજૂર બાબતો અંગે | ૮૫ | ૦૧ | ૮૬ |
| ૫ | સર્વિસ બાબત | ૨૧૯ | ૫૭ | ૨૭૬ |
| ૬ | પેન્શન બાબત | ૧૭૪ | ૧૦૫ | ૨૭૯ |
| ૭ | એમ.એ.સી.ટી. | ૨૦ | ૧૨ | ૩૨ |
| ૮ | ભૂકંપ | ૦૭ | ૦૨ | ૦૯ |
| ૯ | તોફાનો | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૦ | અન્ય | ૨૭૦ | ૪૧ | ૩૧૧ |
| ૧૧ | જેલ | ૭૧ | ૫૧ | ૧૨૨ |
| ૧૨ | માનસિક અને શારિરીક અપંગતા | ૦૯ | ૧૦ | ૧૯ |
| ૧૩ | રોકાણકારો અંગે | ૯૪ | ૨૫૨ | ૩૪૬ |
| | **કુલ અરજીઓ** | ૨૩૩૯ | ૧૭૮૬ | ૪૧૨૫ |
| | **કુલ નિકાલ અરજીઓ** | ૧૭૯૮ | ૧૩૪૯ | ૩૧૪૭ |
| | **કુલ બાકી અરજીઓ** | ૧૫૯૫ | ૮૧૫ | ૨૪૧૦ |

**વર્ષ ૨૦૦૫**

| અનુ.ક્રમ | કેટેગરી | જનરલ | વુમન | ટોટલ |
|---|---|---|---|---|
| ૧ | દિવાની | ૨૧૫૫ | ૧૨૩૫ | ૩૩૯૦ |
| ૨ | ફોજદારી | ૩૭૦ | ૨૬૦ | ૬૩૦ |
| ૩ | ભરણ પોષણ અને વૈવાહિક | ૩૩૨ | ૪૪૧ | ૭૭૩ |
| ૪ | મજૂર બાબતો અંગે | ૧૪૯ | ૦૭ | ૧૫૬ |
| ૫ | સર્વિસ બાબત | ૩૨૬ | ૨૬ | ૩૫૨ |
| ૬ | પેન્શન બાબત | ૧૨૩ | ૩૭ | ૧૬૦ |
| ૭ | એમ.એ.સી.ટી. | ૧૮ | ૦૫ | ૨૩ |
| ૮ | ભૂકંપ | ૦૭ | ૦૨ | ૦૯ |
| ૯ | તોફાનો | ૦૦ | ૦૯ | ૦૯ |
| ૧૦ | અન્ય | ૨૦૪ | ૧૧૩ | ૩૧૭ |
| ૧૧ | જેલ | ૧૯૬ | ૧૮ | ૨૧૪ |
| ૧૨ | માનસિક અને શારિરીક અપંગતા | ૧૦ | ૨૭ | ૩૭ |
| ૧૩ | રોકાણકારો અંગે | ૦૦ | ૦૧ | ૦૧ |
| | **કુલ અરજીઓ** | ૩૮૯૦ | ૨૧૪૧ | ૬૦૩૧ |
| | **કુલ નિકાલ અરજીઓ** | ૧૬૮૯ | ૧૪૦૪ | ૩૦૯૩ |
| | **કુલ બાકી અરજીઓ** | ૩૭૯૬ | ૧૫૯૨ | ૫૩૮૮ |

**વર્ષ ૨૦૦૬**

| અનુ.ક્રમ | કેટેગરી | જનરલ | વુમન | ટોટલ |
|---|---|---|---|---|
| ૧ | દિવાની | ૫૬૮ | ૩૨૧ | ૮૮૯ |
| ૨ | ફોજદારી | ૨૫૮ | ૨૮૭ | ૫૪૫ |
| ૩ | ભરણ પોષણ અને વૈવાહિક | ૩૨૧ | ૩૬૯ | ૬૯૦ |
| ૪ | મજૂર બાબતો અંગે | ૧૪૫ | ૧૧ | ૧૫૬ |
| ૫ | સર્વિસ બાબત | ૮૨ | ૩૩ | ૧૧૫ |
| ૬ | પેન્શન બાબત | ૧૧૪ | ૨૪ | ૧૩૮ |
| ૭ | એમ.એ.સી.ટી. | ૧૦ | ૦૪ | ૧૪ |
| ૮ | ભૂકંપ | ૧૮ | ૦૦ | ૧૮ |
| ૯ | તોફાનો | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૦ | અન્ય | ૧૪૫ | ૧૦૯ | ૨૫૪ |
| ૧૧ | જેલ | ૩૧૧ | ૧૪ | ૩૨૫ |
| ૧૨ | માનસિક અને શારિરીક અપંગતા | ૧૬ | ૦૩ | ૧૯ |
| ૧૩ | રોકાણકારો અંગે | ૦૦ | ૦૦ | ૦૦ |
| | **કુલ અરજીઓ** | ૧૯૮૮ | ૧૧૭૫ | ૩૧૬૩ |
| | **કુલ નિકાલ અરજીઓ** | ૩૬૧૬ | ૨૧૫૪ | ૫૭૭૦ |
| | **કુલ બાકી અરજીઓ** | ૨૧૬૮ | ૬૧૩ | ૨૭૮૧ |

**તારીખ ૦૧/૦૫/૨૦૦૭ સુધી**

| અનુ.ક્રમ | કેટેગરી | જનરલ | વુમન | ટોટલ |
|---|---|---|---|---|
| ૧ | દિવાની | ૬૧ | ૪૯ | ૧૧૦ |
| ૨ | ફોજદારી | ૫૫ | ૧૬૮ | ૨૨૩ |
| ૩ | ભરણ પોષણ અને વૈવાહિક | ૬૬ | ૪૩ | ૧૦૯ |
| ૪ | મજૂર બાબતો અંગે | ૧૮ | ૧૨ | ૩૦ |
| ૫ | સર્વિસ બાબત | ૨૨ | ૦૯ | ૩૧ |
| ૬ | પેન્શન બાબત | ૧૭ | ૦૮ | ૨૫ |
| ૭ | એમ.એ.સી.ટી. | ૦૧ | ૦૩ | ૦૪ |
| ૮ | ભૂકંપ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૯ | તોફાનો | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૦ | અન્ય | ૨૯ | ૪૪ | ૭૩ |
| ૧૧ | જેલ | ૨૫૨ | ૦૬ | ૨૫૮ |
| ૧૨ | માનસિક અને શારિરીક અપંગતા | ૦૨ | ૦૩ | ૦૫ |
| ૧૩ | રોકાણકારો અંગે | ૦૦ | ૦૦ | ૦૦ |
| | **કુલ અરજીઓ** | ૫૨૩ | ૩૪૫ | ૮૬૮ |
| | **કુલ નિકાલ અરજીઓ** | ૫૫૧ | ૩૭૬ | ૯૨૭ |
| | **કુલ બાકી અરજીઓ** | ૨૧૪૦ | ૫૮૨ | ૨૭૨૨ |

# પ્રકરણ – ૬

# સમસ્યાઓ અને સંભાવનાઓ

કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલા માધ્યમોના સંદર્ભે ઉપસ્થિત સમસ્યાઓ અને તે અંગેની સંભાવનાઓ નીચે મુજબ દર્શાવી શકાય. પ્રસ્તુત પ્રકરણમાં સમગ્રતયા સમસ્યાઓ અને સંભાવનાઓ દર્શાવીને યથા યોગ્ય સૂચનો પણ કરવામાં આવ્યા છે.

સમસ્યાઓ ઉપરાંત ભવિષ્યની સંભાવનાઓ પ્રત્યે નજર નાખીએ તો કાનૂની સહાય યોજના અને કેન્દ્ર થકી યોગ્ય અને અસરકારક પરિણામો પ્રાપ્ત થઈ શકે તે માટે નીચે મુજબના સૂચનો કરી શકાય.

કાનૂની સહાય યોજના એ ખંડ સમયની પ્રવૃતિ ન બની રહેતા લોકોની યોજનાનું સ્વરૂપ લે એ સૌથી અગત્યનું છે. કાનૂની સહાયનો અર્થ ફકત નિઃશુલ્ક સેવાઓ પુરી પાડવી તેટલો જ નથી થતો પરંતુ વિશાળ અર્થમાં કાનૂની સહાય પુરી પાડવાની પ્રક્રિયાને અત્યંત સરળ અને લોકભોગ્ય બનાવવા માટે જરૂરી એવી તમામ પ્રવૃતિઓનો આમાં સમાવેશ થાય છે આ માટે કાનૂની જાગરૂકતા અંગેના કાર્યક્રમોમાં વકીલો ઉપરાંત, સામાજિક કાર્યકરો અને સલાહકારો એવા હોવા જોઈએ, કે જેમનામાં આ યોજના પરત્વેની દિર્ધદ્રષ્ટિ અને આ યોજના પરત્વેનું તેમનું સમર્પણ હોય. આ ઉપરાંત બીજા પણ માધ્યમો જેવા કે, યુનિવર્સિટી, વકીલો, ન્યાયાધિશો, બિનસરકારી સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ અને લાભાર્થીઓના સંદર્ભે આ દરેકની પણ સમૂહ ભાગીદારી હોય તે જરૂરી છે.

ન્યાયતંત્ર કાનૂની સહાય અંગેના અમલની સઘળી જવાબદારી એકલા હાથે ઉપાડી શકે નહી. આ માટે આપણે એવી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ કે જેમાં કાનૂની સહાય યોજનાના એક કરતા વધારે ભાગીદારો હોય એટલે કે સમાજની વિશાળ

ભાગીદારી હોય આમ હિત ધરાવતા વર્ગોને સાંકળીને તેનો યોગ્ય રીતે અમલ કરવાથી તે વધુ વિસ્તાર પામશે અને તેનો લાભ છેવાડાની વ્યકિતઓને પણ મળશે.

## ૬.૧ યુનિવર્સિટી

યુનિવર્સિટીએ રાજયમાં ઉચ્ચ શિક્ષણ પુરુ પાડતું માધ્યમ છે. યુનિવર્સિટી અંતર્ગત કોલેજીસ આવતી હોય છે. આ કોલેજીસમાં અધ્યાપકો તથા વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ હોય છે કોલેજ કાળ દરમ્યાનમાં અનુભવોને આધારેજ તેમની ભાવી જીંદગીને ઓપ મળતો હોય છે. જેના આધારે તેઓ ભવિષ્યમાં વેપાર–ધંધામાં જોડાઈને પોતાનું સમાજનું અને દેશનું કલ્યાણ કરી શકે છે. યુનિવર્સિટીના શિક્ષણ વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાવિ શિક્ષકો હોય છે. યુનિવર્સિટી કક્ષાએ જો વિદ્યાર્થીઓને કાનૂની સહાય યોજનાની પૂરી માહિતી આપવામાં આવે અને એમ કરીને તેમને પેરા લિગલ્સ અંગેનો અભ્યાસ ક્રમ શિખવવામાં આવે તો તેઓ હકક, ફરજો અને જવાબદારી વિશે જાણતા થાય છે. પોતાના હકક ભોગવતા સામેવાળાના હકક કઈ રીતે સુરક્ષિત રાખવા અને સમાજના નબળા અને વંચિત વર્ગોને થતો અન્યાય કઈ રીતે દુર કરવો તે અંગેની રજુઆત તેઓ યોગ્ય રીતે કરી શકે છે. જો કે હવે યુનિવર્સિટીઓમાં કાનૂની સેલની રચના કરવામાં આવી છે. ખાસ કરીને મહિલાઓ અને દલિત વર્ગના વિદ્યાર્થીઓ માટેના સેલ ખોલવામાં આવ્યા છે. યુનિવર્સિટી કક્ષાએ કાનૂની સહાય કેન્દ્રોની જોગવાઈ કરવાથી વિદ્યાર્થીઓને કાયદા અંગેના મહત્વના પ્રાથમિક સિદ્ધાંતો અંગેની જાણકારી પ્રાપ્ત થઈ શકે. યુનિવર્સિટી કક્ષાએ જુદા જુદા પ્રકારના ટ્રેઈનિંગ પ્રોગ્રામોનું આયોજન કરીને કાનૂની સહાય અંગેના ઉદ્દેશો પ્રાપ્ત કરી શકાય તેમ છે.

આ માટે એક માનવ અધિકારો અંગેનો અભ્યાસક્રમ, સ્ત્રીઓ માટે તેમના અધિકારો અંગે અને ગ્રામીણ પ્રજા માટે તેમના અધિકારો જેમાં ફોજદારી

કાયદાના સામાન્ય સિદ્ધાંતો ઉપરાંત જમીન મહેસૂલના કાયદાઓ વગેરે પ્રત્યે તેમને જાગરૂક કરી શકાય તેમ છે.

બેંગ્લોરની નેશનલ લૉ સ્કૂલ દ્વારા લિગલ સર્વિસ કિલનિક શરૂ કરવામાં આવેલા છે.

## ૬.૨ વકીલો

"ન્યાયના રાહમાં વકીલો, અવરોધરૂપ ન બનવા જોઈએ. તમારા મનમા અસીલનું હિત ભલે હોય પરંતુ રાષ્ટ્રની સમૃદ્ધિ અને સમાજ પ્રત્યેની સેવા તેમાં સૌથી ઉપરના ભાગે હોવી જોઈએ. વકીલો માટે ગાંધીજીની નમૂનારૂપ ભૂમિકા આદર્શ હોવી જોઈએ. પોતાના વ્યવસાયમાં નિપુણતા ઉપરાંત વકીલ સારો માનવી હોવો જોઈએ. દેશના વિકાસ માટે વ્યાવસાયિક કવચમાંથી તેને બહાર નીકળવું જોઈએ. "[494]

"મજબૂત વકીલ મંડળ અને મજબૂત ન્યાયતંત્ર સાથે ભેગા મળે તો સારો ન્યાય આપી શકે."[495]

'વ્યવસાયીકરણના લીધે 'સ્વકેન્દ્રિત' વકીલોએ તે છતમાંથી બહાર નીકળીને પોતાની જાતને સેવાલક્ષી અને સમાજલક્ષી બનાવવી જોઈએ. વ્યકિતગત કે સામુહિક કારણો અદાલત સમક્ષ લાવતી વેળાએ બંને પ્રતિસ્પર્ધી વકીલોએ અદાલતની કાર્યવાહીમાં બધી જ હકીકતો અને સંબંધિત કાયદાઓ રજૂ કરીને દ્રષ્ટિપાત કરી પોતાના પક્ષકારને જ ન્યાય થાય તેટલું જ નહી પરંતુ ન્યાયનું કારણ બનવું જોઈએ. તેઓની ભૂમિકા અને સામેલગીરી શકય બને ત્યાં સુધી હેતુલક્ષી અને બીનવ્યકિતગત

494 NyayaPath, issue2. p.26.
495 Hon'ble Justice D.M. Dharmadhikari, NyayaPath, issue 2.p.26.

હોવી જોઈએ. જેવી રીતે પબ્લિક પ્રોસીકયુટર સરકાર માટે નહીં પણ પ્રજા માટે કાર્ય કરે છે અને ન્યાયાધીશ કે જે પક્ષપાત વગર પોતાના હાથમાં ન્યાયનું ત્રાજવું પકડીને ન્યાય આપે છે. તકરાર અથવા કારણ બાબતે અદાલતે એકવાર ન્યાયિક નોંધ લીધી હોય તો પછી પ્રતિસ્પર્ધી વકીલે સાચી હકીકતો નકકી કરવાના ન્યાયાધીશના કાર્યમાં મદદરૂપ થવા પ્રયાસ કરવો જોઈએ કે જેથી કાયદો સચોટ રીતે લાગુ પડે અને સંગીન અને સાચો ન્યાય નીતરે. આ હકારાત્મક પ્રક્રિયામાં વકીલની પોતાના અસીલ પ્રત્યેની ફરજ ક્રમશઃ નિરર્થક બનીને ન્યાયના કારણ માટેની શ્રેષ્ઠ ફરજમાં વિલીન થઈ જાય. વકીલોના પક્ષે આ પ્રકારની પરિવર્તનશીલ દ્રષ્ટિ જરૂરી છે. કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ હેઠળ રચાયેલા નવા તખતા પર પરામર્શ અને વિવાદોના સમાધાનનાં નવા પ્રયોગમાં વાજબી ઈન્સાફી કાર્યવાહી થવી જરૂરી છે. વકીલોના લેબાશ ધારણ કરનારની અગત્યની અને સૌ પ્રથમ ફરજ ન્યાયના કારણ માટે સેવા આપીને સમગ્ર સમાજની સેવા કરવાની છે અને આચાર સંહિતા હેઠળની તેની બીજી બધી જ ફરજો ગૌણ છે. આચારસંહિતાના નિયમો પણ રૂઢિગત આરોપલક્ષી પદ્ધતિના આધારે જ ઘડાયા હોવાથી પરિસ્થિતિ મુજબ તેને નવેસર ફરી વ્યાખ્યાકૃત કરવાની જરૂર છે બ્રિટિશરો પાસેથી વારસામાં મેળવેલી રૂઢિગત આરોપલક્ષી પદ્ધતિ અને તેનાથી જુદી તપાસલક્ષી પદ્ધતિનો સમન્વય કરતી નવી પદ્ધતિમાં રૂપાંતર થવું જોઈએ કે જે આપણા લેખિત બંધારણમાં રહેલા ઉદ્દેશો સિદ્ધ કરવા અને ભારતીય સમાજ માટે અને આજની પરિસ્થિતિમાં સરસ રીતે અનુરૂપ બને. અદાલતો ન્યાયના વિતરણ માટે છે અને ન્યાય ઝંખનારાઓ માટે વકીલગણે અવરોધરૂપ કે અડચણરૂપ બનવું ન જોઈએ. ન્યાય ઝંખતા લોકોના માર્ગમાં રહેલા અડચણો અને અવરોધો દૂર કરવાની ફરજ વકીલગણની છે. ન્યાય ઈચ્છનારાઓ અદાલતના દ્વારા સુધી પહોંચી ટકોરા મારી શકે તે માટે તેઓએ સરળ અને સહેલો માર્ગ કરી આપવો જોઈએ. ખરેખર તો ન્યાય ઉપલબ્ધ બનાવવાનો માર્ગ કરી આપવા કરતાં

પણ કંઈક વિશેષ જરૂરી છે. વકીલગણે જરૂરીયાતમંદ ગરીબોને ન્યાય ઉપલબ્ધ બને તે માટે અસરકારક મદદ પૂરી પાડવી જોઈએ. અદાલત દ્વારા હાથ ધરવામાં આવતી સમગ્ર કામગીરી ન્યાયના વિતરણ માટે જ છે અને તે એક ઉદ્દેશ માત્રથી જ વકીલગણે પોતાની ભૂમિકા અદા કરવી જોઈએ. જયારે બે પ્રતિસ્પર્ધી પક્ષકારોની રજૂઆતો તેઓના પ્રતિસ્પર્ધી પક્ષકારોની રજૂઆતો તેઓના પ્રતિસ્પર્ધી વકીલો દ્વારા થાય છે ત્યારે દરેકનો પ્રયાસ પોતાના જ પક્ષકારની તરફેણમાં ચૂકાદો મેળવવાનો રહે છે. અદાલત પોતાની સમક્ષ રજૂ કરાયેલા કારણની તપાસ કરીને ન્યાય આપવા પ્રયાસ કરે છે. બ્રિટિશકાળથી આપણને વારસામાં મળેલી આ પદ્ધતિને આપણે અનુસરી રહ્યા છીએ જે " આરોપાત્મક પદ્ધતિ" તરીકે ઓળખાય છે. તે સરસ રીતે કામ કરે છે પરંતુ અસરકારક નથી કારણ કે તે પદ્ધતિમાં કેસમાં રોકાયેલો વકીલ શ્રેષ્ઠ નિષ્ણાંત અને ચારિત્ર્યવાન હોવાની  તેમજ ન્યાયી નિર્ણય લેવા અંગેના ન્યાયાધીશના પ્રયત્નોમાં તે મદદરૂપ બનશે તેવી અપેક્ષા રાખવામાં આવી છે પરંતુ વ્યવહારમાં આપણે મહદઅંશે તેનું 'નાટક' અથવા હિતોની ટકકર જ થતી જોવા મળે છે. બંને તરફથી રોકાયેલ વકીલો પોતાના અસીલોના હિતમાં સત્યને છૂપાવીને જુઠ્ઠાણાંનો સહારો લઈ પોતાનો કસબ અજમાવે છે. ન્યાયાધીશ માટે અસત્યના ઢગલામાંથી સત્ય શોધવું મૂશ્કેલ બને છે. આમ આ આરોપલક્ષી પદ્ધતિમાં તટસ્થ સાધનોના અભાવે સત્ય સુધી પહોંચવાની ન્યાયધીશની કામગીરી વધુ કપરી બની જાય છે અને કયારેક અશકય પણ બની જાય છે. આ આરોપલક્ષી પદ્ધતિમાં બંને તરફથી થતી પ્રભાવશાળી રજૂઆતોમાં ન્યાયધીશ સાચું શું છે તે ન જાણવો જોઈએ તેવો જ પ્રયાસ થાય છે. જો કે ખરેખર સત્ય શું છે તે તો પક્ષકારો અને તેમના સાક્ષીઓ તથા તેઓના કારણ સાથે સંકળાયેલા  સહુ કોઈ પક્ષકારો સારી રીતે જાણતા જ હોય છે.[496]

---

[496] Ibid.

## ૬.૩ ન્યાયાધીશો

મહાન તત્વચિંતક સોક્રેટિસે જજોને ચાર બાબત ધ્યાનમાં રાખવા માટે જણાવેલ છે.[497]

(૧) તટસ્થતાપૂર્વક મનન,

(૨) ચિંતન,

(૩) વિશ્લેષણ, અને

(૪) નિર્ણય

જજોએ આ ચાર શબ્દો કાયમ માટે પોતાની ન્યાયની કારકિર્દીમાં સફળતા મેળવવા માટે યાદ રાખવા જોઈએ.

ન્યાયતંત્રનું અસ્તિત્વ પક્ષકારના કારણે જ છે અને તેની જ સૌથી વધારે ઉપેક્ષા થઈ રહી છે. ન્યાયપ્રથા કાર્યક્ષમ અને અસરકારક બનાવવી હોય અને તેને નવો ઓપ આપવો હોય તો ન્યાયપ્રથામાં તેને એવી જાતનો યોગ્ય દરજજો મેળવો જોઈએ કે જેથી ન્યાયપ્રથાનો વિકાસ થાય અને ઈચ્છિત પરિણામો મેળવી શકાય. ન્યાયપ્રથામાં પરિવર્તનની આવશ્યકતા અંગે કોઈ વિવાદ હોઈ શકે નહીં. પોતાનું અસ્તિત્વ જાળવી રાખવા માટે દરેક સંસ્થા કે તંત્ર એ સમયની જરૂરિયાત અનુસાર બદલાવું જોઈએ. કારણ કે કોઈ પણ સ્થિર વ્યવસ્થા પ્રગતિ કરી શકે નહીં, આથી સમય સાથે તાલ મિલાવી શકાય તે હેતુથી દરેક માળખા અને તેના અમલ વિશે વખતો–વખત પુનઃવિચારણા થવી જોઈએ.[498]

જો આપણે ન્યાયતંત્રની વાત કરીએ તો તેની શરીર રચનામાં, ન્યાયધીશ મુખ્ય વડો છે. પક્ષકાર તેનું હદય છે. કાયદો અને વકીલો તેનાં હાથ છે. અન્વેષણ

---

[497] NyayaPath,issue2.p.26.

[498] NyayaPath,issue7-8.p.21-22.

કરનાર અને કાર્યવાહી કરનાર એજન્સી, તેનો જમણો પગ છે અને કર્મચારીગણ તેનો ડાબો પગ છે. અહીંયા કોઈ એક અંગને વધુ કે ઓછું મહત્વ આપવાનો પ્રયત્ન નથી. પરંતુ એક બાબત બહુ સ્પષ્ટ છે કે, પક્ષકાર આ વ્યવસ્થાતંત્રનું હદય છે અને ન્યાયના આ ઉપભોકતાનીસ્થિતિ આ સમગ્ર વ્યવસ્થાતંત્રમાં ઘણી નબળી છે. જે તંત્રનું હદય નબળું હોય તે તંત્રની શી દશા થાય તેની તમે કલ્પના કરી શકો છો. પક્ષકાર આ વ્યવસ્થાપંત્રનું સૌથી વધારે ઉપેક્ષિત અંગ છે. સામાન્ય રીતે કોઈ પણ વસ્તુ અથવા સેવાના ઉપભોકતાને ઘણા માનની નજરે જોવામાં આવે છે. જયારે ન્યાયપ્રથામાં સ્થિતિ તેનાથી તદન ઉલટી છે. કેટલીક વખત તો આપણે ભૂલી જઈએ છીએ કે સંસ્થાનું અસ્તિત્વ પક્ષકારના કારણે જ છે અને તેની જ સૌથી વધારે ઉપેક્ષા થઈ રહી છે. ન્યાયપ્રથામાં પક્ષકારે ઘણો અગત્યનો ભાગ ભજવવાનો છે, પરંતુ કમનસીબે વ્યવસ્થાતંત્રનું તે સૌથી નબળું અંગ છે. જો આપણે ન્યાયપ્રથા કાર્યક્ષમ અને અસરકારક બનાવવી હોય, તેમાં સુધારણા કરવી હોય, તેને નવો ઓપ આપવો હોય, તો આપણે નબળા હદયવાળા આ પક્ષકાર વિશે વિચાર કરવો જ પડશે. ન્યાયપ્રથામાં તેને એવી જાતનો યોગ્ય દરજજો મળવો જોઈએ કે જેથી ન્યાયપ્રથાનો વિકાસ થાય અને ઈચ્છિત પરિણામો હાંસલ થાય. ન્યાયના ઉપભોકતાને ઝડપી અને બિનખર્ચાળ ન્યાય જોઈએ છે.

રાજયવ્યવસ્થામાં ન્યાયતંત્ર પણ એક અગત્યનું અવિભાજય અંગ છે. ન્યાયતંત્રની સરખામણી શરીરની રચના સાથે કરવામાં આવે તો ન્યાયાધીશ એ મગજના સ્થાને છે અને પક્ષકાર હૃદય છે. કાયદો અને વકીલ તેના ડાબા – જમણા હાથ છે. અન્વેષણ અને કાર્યવાહી કરનાર એજન્સીઓ તથા કર્મચારીગણ તેના ડાબા જમણા પગ છે. સમગ્ર ન્યાયતંત્રની આ શારીરિક રચનામાં કોઈ પણ અંગનું વધુ કે ઓછું મહત્વ આંકવાનો પ્રયત્ન ન કરીએ ,તો પણ હૃદયનું સ્થાન ધરાવનાર પક્ષકારનું મહત્વ કેન્દ્ર

સ્થાને મુકવું જ રહયું. પક્ષકારોનાં કારણે જ સમગ્ર ન્યાયતંત્ર ધબકે છે. આથી તેની ઉપેક્ષા કરવી ન જ જોઈએ. જેમ નબળા હદયની સ્થિતિ અકલ્પ્ય છે. તેમ પક્ષકારની નબળી સ્થિતિ પણ અસ્વીકાર્ય ગણવી જોઈએ. [499]

વર્તમાન ન્યાયતંત્રની વાસ્તવિકતાને તપાસીએ તો સમગ્ર વ્યવસ્થામાં કેન્દ્ર સ્થાને રહેલો પક્ષકાર જ ઉપેક્ષિત હાલતમાં મુકાઈ ગયો છે. ન્યાયતંત્રમાં ન્યાયના ઉપભોકતાની હાલત તુચ્છ અને દયાજનક બની જતાં જેના કારણે ન્યાયતંત્ર છે એવા પક્ષકારની આ કમનસીબ અને અપમાનજનક સ્થિતિની સરખામણી અન્ય કોઈપણ વસ્તુ કે સેવાના ઉપભોકતાના માનભર્યા સ્થાનથી તદ્દન વિરુધ્ધ અને વિકટ બને છે. નબળા હદયના કારણે પક્ષઘાતના હુમલાની સંભાવના અને તેનાં ભયજનક પરિણામો સહન કરવાની સ્થિતિની કલ્પના આપણને ધ્રુજાવી દેનારી હોય છે ત્યારે ન્યાયતંત્રના હૃદય એવા પક્ષકારની નબળી સ્થિતિ અંગે ગંભીર અને ગહન અભ્યાસ કરવાનો સમય પાકી ગયો છે. અર્થાત ન્યાયતંત્રના નબળા દેખાવ અંગે 'જયુડિશિયલ કાર્ડિયોગ્રામ' કઢાવીને ન્યાયિકપ્રક્રિયામાં અવરોધક દરેક બાબતની છણાવટ કરીને નિદાન કરવું આવશ્યક બન્યું છે.

આપણે સહુએ યાદ રાખવું ઘટે કે આ દેશની મોટા ભાગની પ્રજા આઝાદીનાં ૫૦ વર્ષ પછી પણ અજ્ઞાન અને અબુધ છે. ગામઠી અને અભણ છે. ત્યારે તેને પોતાના કાનૂની હકની જાણકારી કેવી રીતે હોઈ શકે? આ અસમાન સ્થિતિમાં રહેલી પ્રજાની કફોડી સ્થિતિ હોય તે સ્વાભાવિક છે પરતું સમાજનો ભણેલો વર્ગ પણ ઘણીવાર પોતાના કાનૂની અધિકારો અને ઉપાયથી અજાણ છે,અને જે કંઈ થોડાક ભણેલા લોકો પોતાના કાયદેસરના હકોની જાણકારી ધરાવે છે, તેઓને પણ પોતાના હકકો વાસ્તવિક રીતે મેળવવા માટે મુશ્કેલીઓ અને મૂંઝવણો અનુભવવી પડે છે. લાંબી

---

[499] NyayaPath, issue2. p.10.

જટિલ કાનૂની કાર્યવાહીમાંથી પસાર થતાં તે પણ ત્રસ્ત બની જાય છે અને ત્યારપછી પણ સફળતાપૂર્વક હક મેળવનારાઓની સંખ્યા કેટલી? ન્યાયતંત્રના હૃદય એવા આ પક્ષકારોએ લાંબા સમય સુધી પોતાનો વારો આવે તેની આશાએ ઈન્તજારમાં લાબી કતારમાં ઉભા રહેવું પડે છે. કિંમતી સમય અને શારીરિક–માનસિક તેમજ આર્થિક શકિતના ખૂબ જ વ્યય બાદ પરિણામ શૂન્ય આવે ત્યારે તે નિરાશાથી ભાંગી પડે.

દર્દના યોગ્ય નિદાન વગર યોગ્ય ઔષધ કે ઉપચાર શકય નથી તેમ ન્યાયના ઉપભોકતા એવા પક્ષકાર માટે ઝડપી અને બિન ખર્ચાળ ન્યાય એ જ અકસીર ઈલાજ છે, તે આ જ ઝંખે છે અને તેને તાતી જરૂર પણ છે. કોઈએ સાચું જ અવલોકન કર્યુ છે કે, ''સમય અનુસાર કાયદાનો આધાર લેવાને બદલે કોઈ તેને કાયદો પોતાનો હાથમાં લેવા માટે લલચાવે. આપણી કાનૂની પધ્ધતિની નવરચના કરતી વખતે કોઈપણ બેધ્યાન રહી શકે નહીં. કોઈની સૂઝ અલગ હોઈ શકે.''

કામના ભારણના જટીલ પ્રશ્નના કારણે ન્યાયતંત્રએ સહન કર્યુ છે. ૧૯૨૪ ની રેન્કીન સમિતિએ પોતાના અહેવાલમાં આ બાબતનો નિર્દેશ કર્યો હતો. ત્યારબાદ અન્ય સમિતિઓ, કાયદાપંચના અહેવાલોમાં પણ આ બાબત રજૂ કરાઈ હતી. ન્યાયમૂર્તિ મલિમથના અધ્યક્ષ સ્થાને સ્થાપેલી ન્યાયમૂર્તિઓની બનેલી સમિતિએ ૧૯૯૦ માં પાઠવેલ અહેવાલમાં આ અંગે વિસ્તૃત રજૂઆત કરી છે. સમયની સાથે કેસોના નિકાલની નિષ્ફળતાનાં કારણે વડી અદાલતોમાં કેસોનો ભરાવો પરાકાષ્ટાએ પહોંચ્યો છે. આ નિષ્ફળતા અંગેના કારણો પરિબળો ઘણાં છે. રાજયના અન્યઅંગો પણ પોતાની જવાબદારીમાંથી છટકી શકે તેમ નથી. વકીલમંડળ એ ન્યાયિક પધ્ધતિનો એક આંતરિક ભાગ છે. જે સંગઠિત અને શકિતશાળી છે. સંસ્થાકીય આત્મવિશ્વાસનું પ્રત્યારોપણ કરવામાં ન્યાયિકબંધુત્વની ભાવનાએ ખૂબ જ મહત્વનો ભાગ ભજવવાનો

છે. વકીલાતનો વ્યવસાય ઉમદા ગણાય છે અને આઝાદી પહેલા અને પછી પણ ન્યાયિકબંધુત્વએ મહત્વની ભુમિકા અદા કરી છે. આમ છતાં હજુ કંઈક ઉણપ છે.

મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ધર્માધિકારીએ કહ્યું હતું કે, ન્યાયાધીશો માટે મુખ્યકર્મ જ ન્યાયનું છે. તેઓએ કર્મયોગી બનીને પોતાની ફરજ અદા કરવી જોઈએ.[500] ન્યાય પ્રત્યેની કર્તવ્યપરાયણતા જ સૌથી અગત્યની બાબત છે. ન્યાયાધીશો ને પોતાના કર્તવ્ય માટે કોઈ પ્રાત્સાહનની જરૂર નથી કે કોઈ પુરસ્કારની જરૂર નથી.

## ૬.૪ બિન–સરકારી સંસ્થાઓ (એન.જી.ઓ.)

બિનસરકારી સંસ્થાઓ આધુનિક યુગમાં સરકારના પૂરક બની ગયા છે અદ્યતન વ્યવસ્થાતંત્ર અને માળખાકિય સુવિધાઓથી સજ્જ તેવા બિનસરકારી સંસ્થાનો સમાજના જુદા જુદા વર્ગો માટે સફળતા પૂર્વક કાર્ય કરી રહયા છે. કલ્યાણ રાજયની ભાવનાની સાથેજ કાયદો લોકોના ઘર આંગણે આવીને ઉભો રહી ગયો છે. આ સંજોગોમાં બિનસરકારી સંસ્થાનોની ભૂમિકા સૌથી અગત્યની છે. કાનૂની સહાય અંગેની તેમની ભૂમિકા અંગેની સૌથી મોટી સમસ્યા એ છે કે મોટા ભાગના એન.જી.ઓ. પોતે નકકી કરેલા જુદા જુદા ક્ષેત્રોમાંજ કાર્યરત હોય છે. સમાજના નબળા વર્ગોના ઉત્થાન માટે એટલે કે દલિતો, સ્ત્રીઓ, વૃદ્ધો, બાળકો વગેરે માટેના ખાસ એન.જી.ઓ. અસ્તિત્વમાં છે અને તેમના કલ્યાણની ભૂમિકાઓ પણ સારી રીતે ભજવે છે. જો કે હવે એન. જી. ઓ. માં ફાઈવસ્ટાર કલ્ચર આવ્યું હોવાની પણ ચર્ચાઓ થઈ રહી છે. કેટલીકવાર કામ નાનુ અને તેના દેખાડો બહુજ મોટો હોય છે. આ બધામાં દરેક નાગરિક માટેની જે મૂળભૂત બાબતો છે તે કયાંય સંતાઈ ગઈ હોય તેવું લાગે છે. આજે કાનૂની સહાયના મુખ્ય બે પ્રકારોમાં સરકારી કાનૂની સહાય કેન્દ્ર અને બિનસરકારી કાનૂની સહાય કેન્દ્રો હોય  છે. પરંતુ બીજા પ્રકારના કાનૂની સહાય કેન્દ્રો બહુજ ઓછા

[500] NyayaPath, issue2. p.14.

જોવા મળે છે. જે પણ બિનસરકારી કાનૂની સહાય કેન્દ્રો કાર્યરત છે તે પોતાના એક નાના વર્તુળમાંજ અને ખાસ અમુક જ્ઞાતિ જાતિ પૂરતાજ કાર્યરત હોય છે. આ તેમની મોટી સમસ્યા છે ભવિષ્યની સંભાવનાઓ તરફ નજર કરીએ તો સરકાર દ્વારા અનુદાન મેળવતી કે નહિ મેળવતી સંસ્થાઓ એ સરકારીની પૂરક બનીની બહાર આવી છે. મૂળભૂત ગણાતી કાનૂની જાગરૂકતા અને કાનૂની સહાય અને સલાહ અંગેનું કાર્ય તેમણે કરવું જોઈએ. આમ થકી તેઓ સમાજની ન્યાય મેળવવાની અપેક્ષાઓ પૂરી કરી શકશે. અને આવું થશે તો જ લોકશાહી દેશમાં કાનૂની સહાય યોજના વધુને વધુ વિસ્તાર પામશે. સુપ્રિમ કોર્ટ દ્વારા પણ આવી સંસ્થાઓને કાનૂની સહાય યોજનામાં જોડાવવા માટેનું પ્રોત્સાહન મળ્યું છે. આજે ગુજરાત રાજયમાં એવા બે–ત્રણ એન.જી.ઓ. કાર્યરત છે કે જેઓ સમાજના દરેક વર્ગો માટે નિઃશુલ્ક કાનૂની સહાય અને સલાહ પુરી પાડે છે. ભારતમાં કાનૂની સહાયની શરૂઆત બિનસરકારી સંસ્થાનોના પ્રયત્નો દ્વારા જ થઈ હતી અને આજે પણ આ સદકાર્ય તેમના જ પ્રયત્નોથી ચાલુ છે. આજે પણ કેટલીક બિનસરકારી સંસ્થાઓ જેવી કે, ઓલ ઈન્ડિયા વુમન એસોસીએશન, રોટરી કલબ, લાયન્સ કલબ અને રેડક્રોસ સોસાયટી દ્વારા સમાજસેવાના કાર્યો ચાલી રહયા છે. ગ્રાહક સુરક્ષા કેન્દ્રો  દ્વારા લોકોને ગ્રાહક સુરક્ષા કાયદા અંગે તેવીજ રીતે મહિલા સંસ્થાઓ દ્વારા મહિલાઓ અંગે તેમના કાનૂની અધિકારો વિષે જાગરૂત કરાવવામાં આવે છે. ખરા અર્થમાં સામાજિક સેવા કરનારા કાર્યકર્તાઓએ અત્યાર સુધી જે કાર્ય કાનૂની સહાય માટે કરેલ છે તે લક્ષમાં લેતાં, સાચા સમાજસેવક તથા સ્વૈચ્છિક સેવાસંસ્થાઓને આ કામમાં પૂરતું પ્રોત્સાહન આપી યોજવામાં આવે એ હિતાવહ તથા ઈચ્છનીય છે, તેમને લીગલ સર્વિસીઝ ઓથોરિટીઝ એકટ, હેઠળની બધી કમિટિઓ તથા અભિકરણોમાં પ્રતિનિધિત્વ આપવું જોઈએ તથા જેમાં જરૂરી હોય ત્યાં તેમના આ ઉમદા કાર્ય માટે નાણાંકીય સહાય પણ આપવી જોઈએ.

જે સરકારી અગર બિનસરકારી સંસ્થાઓ સાથ આપે છે તેનાં નામ નીચે પ્રમાણે છે.

(૧) રોટરી કલબ, (૨) લાયન્સ કલબ, (૩) જેસીસ કલબ, (૪) સમાજકલ્યાણ બોર્ડ, (૫) મહિલા મંડળો, (૬) મજૂર મહાજન સંઘ ઉપરાંત અન્ય અનેક સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓ, શિક્ષણ શિબિરો યોજવાના કાર્યમાં સહકાર આપે છે.

આવા કાનૂની સહાય કેન્દ્રોમાં જો પેરા લિગલ્સની નિમણૂંક કરવામાં આવે તો કાનૂની સહાયના ઉત્તમ ધ્યેયને સરળતાથી પાર પાડી શકાય તેમ છે.

## ૬.૫ સરકારી સંસ્થાઓ

ન્યાયતંત્ર સમક્ષ પડતર કેસોની પડકારરૂપ સમસ્યાનો ઉલ્લેખ કરતાં મુખ્ય ન્યાયમૂર્તિશ્રી ધર્માધિકારીએ કહ્યું કે, ન્યાયાધીશોની સંખ્યામાં વધારો કરવા છતાં આ સમસ્યા હલ થઈ શકી નથી. તેમણે ધ્યાન ખેંચી  એવી બાબતનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, આવા પડતર કેસોમાં સામા પક્ષકાર તરીકે સરકારના જ કેસોની સંખ્યા વધુ છે. નાની નાની બાબતોમાં પણ સરકાર સામે કેસો થયા છે. જેમાં પગાર અને પેન્શનને લગતા કેસો જ ઘણા બધા છે, ખરેખર તો આવા કેસો કોર્ટ સમક્ષ ન આવે તે જોવાની જરૂર છે. આ શકય બની શકે તેમ છે. સરકારના વિવિધ ખાતાઓના પડતર કાનૂની વિવાદોનો ન્યાયતંત્ર પરનો ભાર ઓછો કરવા માટે વિવિધ ખાતાંઓના અધિકારીઓની એક પરામર્શ સમિતિ હોવી જોઈએ. જે આવી નાની બાબતોમાં સરકારના ખાતાંઓ સામે કેસો ન થાય અને ન્યાયી નિર્ણયો લેવાય તે બાબતે તકેદારી દાખવી શકે.એક અહેવાલ પ્રમાણે, ભારતની કોર્ટોમાં કેસોનો અસંખ્ય ભરાવો થઈ ગયેલ છે. તેમાં સુપ્રિમ કોર્ટ, હાઈકોર્ટ તથા અધિનસ્થ અદાલતોમાં લગભગ  ત્રણ કરોડ જેટલા કેસોનો ભરાવો છે. જેમાંથી ગુજરાત હાઈકોર્ટમાં લગભગ તેત્રીસ લાખ કેસો અનિર્ણિત છે મોટાભાગના કેસો સરકાર સામેના કે સરકાર તરફી છે.

આમ સરકારીતંત્રના અભિગમ પ્રમાણે, નાગરિકોની જરૂરિયાતો કે પ્રશ્નોનો ઉકેલ ન આવવાના કારણે, વાદવિવાદ વધતા રહે છે અને વર્ષોના વર્ષો લંબાતા રહે છે. સરકારી ખાતાઓમાં પણ કાયદાના જાણકારને કે પેરા લીગલ્સને જો રોકવામાં આવે તો નાની નાની બાબતો અંગે તે સલાહ સૂચન કરીને દાવા–દૂવીને રોકી શકે તેમ છે.

જો કાનૂની સહાય કેન્દ્રમાં આ બાબતોને લગતો અલગ સેલ ખોલવામાં આવે તો, અસંખ્ય પ્રશ્નોનો ઝડપી નિકાલ થઈ જાય તેમ છે. આ કેન્દ્ર દ્વારા આ સંબંધમાં પેન્શન મેટર, સર્વિસ મેટરને લગતા અલગ અલગ સેલ ખોલીને ઉપાય પુરો પાડવામાં આવ્યા છે જેમાં સામાન્ય સેલમાં ૨૮૪૧ અને મહિલા સેલમાં ૧૮૦૮ જેટલી અરજીઓ આવી છે. સમય અને સંજોગો પ્રમાણે સરકારી સેવામાં વ્યાપ વધવાને કારણે તથા સામે પક્ષે જનતામાં કાનૂની જાગરૂકતા વધવાને પરિણામે અનેક કાયદાકિય પ્રશ્નો ઉપસ્થિત થવાની સંભાવનાને જોતા સરકારી ખાતા દ્વારા દરેક ખાતા દિઠ એક કાનૂની વિવાદોના ઉકેલ માટેનું કાનૂની સહાય કેન્દ્ર શરૂ કરવામાં આવે તો મોટા ભાગની સમસ્યાઓ નિવારી શકાય તેમ છે.

જો રાજય ખરેખર આ કાનુની સહાય યોજનાને સહૃદયતાપૂર્વક અને સફળ રીતે ક્રિયાશીલ બનાવવાનો ઈરાદો રાખતું જ હોય તો, પ્રજા સાથેના જે વિવાદોમાં રાજય સંડોવાયેલું હોય તે વિવાદો રાજયે ઉદારતાપૂર્વક મૈત્રભર્યા સમાધાન માટે, લોકઅદાલતને સોંપવાની પહેલ કરવી જોઈએ એ રીત અપનાવવાથી અસંખ્ય કેસોનો ફેંસલો થશે અને ગરીબો જે અધિકાર માટે રાજય સાથે હોય તેનું કલ્યાણ થશે.

## ૬.૬ લાભાર્થીઓના સંદર્ભે

કાનૂની સહાય યોજનાનો સૌથી મહત્વના અંગ તરીકે લાભાર્થી કે જે કોઈ કાનૂની વિવાદમાં સપડાયો છે, અથવા તો તેને કાનૂની સમસ્યા નડી રહી છે અને

જાણે કે અજાણે તે અન્યાયનો ભોગ બની રહયો છે. સમાજના બળવાન અને સક્ષમ ગણાતા વર્ગો દ્વારા સમાજના વંચિત અને નબળા વર્ગો ઉપર જુલ્મ અને શોષણ કરવામાં આવે છે. એક તરફ તેઓની નબળી પરિસ્થિતિ, કાનૂની જાગરૂકતાનો અભાવ અને ગરીબાઈના કારણે તેઓ વકીલ રોકીને કેસ લડવાની બાબત તો એક તરફ રહી પરંતુ અદાલતના દ્વાર સમક્ષ પણ જઈ શકતા નથી. દિવાની બાબતોમાં તેમના કેસ વર્ષોને વર્ષો સુધી ચાલ્યા કરે છે, ફોજદારી બાબતોમાં તો ગુનાનો ભોગ બનેલ વ્યકિત એટલે કે વિકટીમ એ જાણે ભૂલાયેલી વ્યકિત છે. આ માટે લાભાર્થીઓ દ્વારા પોતાને અન્યાય થયો છે તેવી જાણ થાય કે તુરત જ તેમણે કાયદાનો આશરો લેવો જોઈએ. અને પોતાના હક માટે જાગૃત થવું જોઈએ. પ્રાચિન સમયમાં પણ લાભાર્થીઓ બાબતે કયા કયા પ્રકારની કાળજી રાખવી જોઈએ એવું જણાવીને એવી કઈ બાબતો છે કે જેમાં તેના હારની શકયતા વધી જાય છે તે જણાવવામાં આવ્યું છે.[501]

મનુસ્મૃતિના અગિયારમાં પ્રકરણમાં કેસ હારી જનાર વિષે નીચેના દસ મુદાઓ જણાવેલ છે.

(૧) કેસ વખતે ખોટા દસ્તાવેજ રજૂ કરનાર,

(૨) બનાવટી સાક્ષી રજૂ કરનાર,

(૩) કેસનો ખ્યાલ ન રાખનાર,

(૪) નિવેદન બદલી નાખનાર,

(૫) સામાવાળા પક્ષકાર સાથે વાતચીત કરનાર,

(૬) સલાહ સૂચન કરનાર,

(૭) જજના પશ્નની ઉપેક્ષા કરનાર,

(૮) કેસના સમયે આડીઅવળી વાતો કરનાર,

---

501 NyayaPath 2006, p.47.

(૯) કોર્ટમાં કેસ વખતે મૌન રહેનાર, અને

(૧૦) વિવાદના પાસાને ન જાણનાર, હારે છે.

લાભાર્થીઓ માટે, મધ્યસ્થી કે પરામર્શકર્તા પાસે તકરારનું મૂળ શોધવા અને સમાધાન માટે વિવિધ રીતો ઉપયોગમાં લેવાય છે. ઓસ્ટ્રેલિયાની 'લોયર્સ એન્ગેજમેન્ટ ઈન અલ્ટરનેટીવ ડીસ્પયુટ રીઝલોલ્યુશન' (લીડર) સંસ્થાએ[502] આ રીતમાં જુદાં જુદાં ૧૦ પગથિયાં સૂચવ્યા હતાં.

જે ખૂબ ઉપયોગી બની શકે છે. આ દસ પગથિયાં નીચે જણાવ્યા મજૂબ ના છે

૧૦. સમાધાન

૯. ફરી વ્યકિતગત બેઠક યોજવી

૮. સંયુકત બેઠક યોજવી

૭. વ્યકિતગત ચર્ચા યોજવી

૬. મુદ્દાઓનું ફળ જાણવું

૫. તકરારના મુદ્દા તારવવા

૪. નિવેદનોનો સારાંશ કાઢવો

૩. પક્ષકારોના નિવેદનોમાં સત્ય જાણું

૨. પક્ષકારોની સંયુકત બેઠક યોજવી

૧. પરામર્શ માટે પ્રાથમિક વાતચીતની બેઠક

યુનિવર્સિટી, બિનસરકારી સંસ્થાઓ અને લાભાર્થીઓના સંદર્ભે , કાયદા સહાયક કાર્યકરો (પેરા લિગલ્સ)ની નિમણૂંક કરી, કાનૂની સહાય કેન્દ્ર દ્વારા, કાનૂની સહાયના ઉદેશો અને લક્ષ્યાંકો પ્રાપ્ત કરવામાં અને કાનૂની સહાય યોજનાના ધ્યેયને સફળતા પૂર્વક પાર પાડવામાં સરળતા થઈ શકે તેમ છે. ભવિષ્યની

---

[502] NyayaPath issue No.2, p.21.

સંભાવનાઓ જોતાં કાનૂની સહાયમાં ઉપરોકત માધ્યમોમાં કાયદા સહાયકની ભૂમિકા સૌથી અગત્યની બની રહે તેમ છે.

પિડિત વર્ગોના અન્યાયનિવારણના કાર્યમાં, જેટલું વ્યાવસાયિક કાયદાનિષ્ણાતોનું મહત્વ છે તેટલું જ મહત્વ કાયદાસહાયકો(પેરાલિગલ વર્કસ)નું છે. આજના યુગમાં દરેક સેવાનું વ્યવસાયિકરણ જોવા મળે છે. તેથી દરેક વ્યકિત, દરેક પ્રકારની સેવા આપી શકતી હોતી નથી. દરેક સેવાક્ષેત્રના તેના આગવા વ્યાવસાયિકો હોય છે. કાનૂની સેવાના ક્ષેત્ર માટે પણ ખાસ કાયદાનિષ્ણાતોનો વર્ગ અસ્તિત્વમાં આવ્યો છે. "દરેક માણસ કાયદો જાણે છે," એવું કાયદાનું અનુમાન હોવા છતાં બધાજ માણસો બધો જ કાયદો જાણી શકે, તે અશકય છે. તેથી કાનૂની સેવાના ક્ષેત્ર માટે કાયદાનિષ્ણાતોની સેવા આવશ્યક બની જાય છે. વળી કાયદાનિષ્ણાતોની સેવાનો પૂરેપૂરો લાભ ઉઠાવી શકાય. તે માટે કાયદા સહાયકોની સેનાની પણ આવશ્યકતા છે. આવા કાયદા સહાયકો કાયદાનાક્ષેત્રમાં રહીને કે તેમાંથી બહાર રહીને કાયદાનિષ્ણાતોના હાથ મજબૂત બનાવી શકે છે.તેમની ભૂમિકા નીચે જણાવ્યા મુજબની ગણાવી શકાય.

કાયદા સહાયકો(પેરાલીગલ વર્કસ), કાયદાનિષ્ણાતો અને સર્વસામાન્યજન વચ્ચેનો માણસ છે. તે કાયદાના વ્યવસાયનો સભ્ય હોવા છતાં તે કાયદાનો વ્યવસાયિક નથી. તેનું કાયદા અંગેનું જ્ઞાન કાયદાનિષ્ણાત જેટલું ઉંડુ નથી ,તો તે કાયદાથી સાવ અજ્ઞાન પણ નથી. તેને કાયદાની ઔપચારિક તાલિમ હોય કે ન હોય, પણ તે પોતાના સેવાક્ષેત્રમાં કાયદાનો કયાં, કેટલો, કોની સામે, કેવીરીતે, કઈ બાબતો માટે, કયાં ઉપાયો મેળવવા માટે ઉપયોગ કરવો કે ન કરવો, તેનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતો હોય છે. તેઓ અન્યાયથી ઘવાયેલા નાગરિકને પ્રાથમિક સારવાર(ફસ્ટ એઈડ) આપે છે. ડૉકટર / સર્જનને તેના કાર્યમાં નર્સ, વૉડબોય, પાટા બાંધનાર, કંપાઉન્ડર, દર્દીની

સારવાર વખતે જુદા જુદા યંત્રો ઉપર દેખરેખ રાખતા ટેકનીશીયનો સહાય કરે છે. તેઓ જયાં સુધી નિષ્ણાત ડૉકટર / સર્જનની સેવા મળી શકે ત્યાં સુધી દર્દીને જીવંત રાખવા અને તેના દર્દને હળવું બનાવવા ખડે પગે પ્રયત્નશીલ હોય છે. તેવું જ કાયદાના સહાયકોનું કાર્ય ગણાવી શકાય.

કાયદાસહાયક (પેરા લીગલ) કાર્યકરો નીચેની મુજબનીકામગીરી બજાવી શકે છે.

(૧) સૌ પ્રથમ તો તેઓ અન્યાયથી ઘવાયેલ વ્યકિતને પ્રાથમિક સારવાર આપી શકે. દા. ત. ડોકટરી તપાસ કરાવવી, સત્તાવાળાઓને અરજીઓ / ફરિયાદ કરવી, સાક્ષીઓના નામ, સરનામાં મેળવવાં, સેવાભાવી વકીલ મેળવી આપવો, વગેરે.

(૨) આવા કાયદાસહાયક કાર્યકરો પોતાના સેવાક્ષેત્રથી સામાજીક અને કાનૂની તપાસ કરી તેમાં રહેલી અન્યાયપૂર્ણ પરિસ્થિતિઓને ઓળખી કાઢી શકે.

(૩) પોતાના સેવાક્ષેત્રમાં પ્રવર્તતા શોષણ, અન્યાય, કાયદાભંગ, માનવઅધિકારોના ઉલ્લંઘન, અધિકારોની અવગણના, વગેરેનાં સામૂહિક અને વ્યકિતગત ઉદાહરણો શોધી તેમના કાયદાકીય ઉકેલ શોધવા માટેના તબકકાવાર પ્રયાસો કરી શકે.

(૪) પોતાના સેવાક્ષેત્રમાં કાયદા હેઠળ કે વહીવટી પરિપત્રો હેઠળ જે કોઈ આર્થિક / સામાજિકઅધિકારો પ્રજાને મળી શકતા તેની જાણકારી મેળવી તેમાંથી કેટલા અધિકારો/ લાભો કોને, કેટલે અંશે મળે છે, અને કયા અને કેટલા અધિકારો / લાભો કોને, કેટલે અંશે, કેવી રીતે નથી મળતા, તેની વિસ્તૃત જાણકારી મેળવી શકે.

(૫) સરકાર તરફથી મળતા અધિકારો / લાભો / નીતિ / કાર્યક્રમોની હાનિકારક અસરો વિશે માહિતી મેળવી તે દૂર કરાવવા પ્રયત્નશીલ થઈ શકે.

(૬) સરકારની નીતિ / કાર્યક્રમો / ધારાકીય જોગવાઈઓ અને તેના વ્યવહારમાં કરાતા અમલમાં રહેલી વિસંગતતાઓ શોધી કાઢી તે દૂર કરાવી શકે. આમ કરીને સરકારને સતર્ક અને ઉત્તરદાયી બનાવી શકે.

(૭) સરકારી તંત્રોને ગતિમાન બનાવવા માટે જરૂર પડે તેમની સામે સમાજહિતલક્ષી દાવા (સોશિયલએકશન લિટીગેશન ) કરી શકે.

(૮) કાયદા સહાયકો પોતાના સેવાક્ષેત્રની પીડિત વ્યકિતઓને, "તમારા અધિકારો" નહિ પણ તેમના "જૂથના અધિકારો" વિશે માહિતી આપી, તેમને સરકારના આર્થિક / સામાજિક કાર્યક્રમો / નીતિઓ / લાભો / ધારાકીય જોગવાઈઓથી શિક્ષિત કરી શકે. આમ થવાથી તેમનામાં જૂથ તરીકેની ઓળખ વિકસશે અને તેમની કાયદામાં આસ્થા દૃઢ બનશે.

(૯) કાયદા સહાયકો આવા પીડિત વર્ગોને સંગઠિત કરી તેઓ તેવા જ બીજા વર્ગોના સહકારથી સંઘર્ષ કરે તે માટે તેમને મનોવૈજ્ઞાનિક રીતે ઉત્તેજન આપી શકે.

(૧૦) કાયદા સહાયકો બીજા અન્ય કાયદાસહાયકોને તૈયાર કરી શકે તેમને જે તે સેવાક્ષેત્રને લગતા કાયદાની ધારાકીયજોગવાઈઓ, કોર્ટની કાર્યવાહી, પુરાવાના નિયમો, કોર્ટમાંથી મળી શકતા ઉપાયો, વગેરેની તાલીમ આપી બીજી હરોળ ઉભી કરી શકે.

(૧૧) પીડિત / શોષિત વર્ગોને મળી શકતા કેટલાક લાભોને હજુ ધારાકીય સ્વરૂપ અપાયુ નથી. આવા લાભ સરકારની યોજના / પરિપત્રો / ઠરાવોના સ્વરૂપમાં હોય છે. (દા. ત. મધ્યાહન ભોજન યોજના, જવાહર રોજગાર યોજના, રેલ રાહત, દુષ્કાળ રાહત, અછત રાહત, પાણીના ઉપયોગને લગતા નિયમો, તગાવી લોન, ભૂકંપ રાહત, હુલ્લડ કે અકસ્માતમાં અપાતી રાહત, પાકવીમો, ખેતીધિરાણ, પોલિસજુલમનો ભોગ બનેલી વ્યકિતને અપાતી રકમ વગેરે) તેથી

તે સરકાર / શાસકપક્ષ / વહીવટકર્તા દાનના ધોરણે એડહોક સ્વરૂપે આપી તેનો પક્ષીય લાભ ઉઠાવતા હોય છે. આ બધાને ધારાકીય સ્વરૂપ અપાવી, તેમના અમલને વ્યવસ્થિત ધોરણે મૂકાવી, આવા લાભોને પ્રજાકીય અધિકારોનું કાયદાકીય સ્વરૂપ અપાવવાથી કોર્ટો દ્વારા તેમનો અમલ કરાવી શકાય તે માટે રાજતંત્ર ઉપર દબાણ લાવી શકાય.

(૧૨) પરંપરાગત કાયદા શિક્ષણ પ્રથામાંથી જે તે સેવાક્ષેત્ર માટેના પ્રતિબદ્ધ સેવાભાવી કાયદા નિષ્ણાતો અને કાયદા સહાયકો તૈયાર થઈ શકે તેમ નથી. તેથી જે તે સેવાક્ષેત્રના પાયાના કાર્યકરોનાં સંગઠનોના અગ્રણીઓ રાજયની યુનિવર્સિટીઓ સાથે મળીને પોતાના જે તે સેવાક્ષેત્રના જરૂરીયાતોને અનુલક્ષીને કાયદા સહાયકોને તૈયાર કરવા માટેના ટૂંકા ગાળાના ડિપ્લોમા / ડિગ્રી / પ્રમાણપત્ર કક્ષાના ખાસ અભયાસક્રમો ઘડાવી શકે. તેથી તેવા અભ્યાસક્રમોની વ્યવસ્થિત તાલીમ પામેલ કાયદાસહાયકો ઉપલબ્ધ થઈ શકે. તે ઉપરાંત આવા સેવાક્ષેત્રોમાં કાર્યકરતી હાલની વ્યકિતઓ માટે ખાસ તાલીમવર્ગો / ઓપવર્ગો / સેમીનારો / પરિસંવાદો વગેરેનું પણ આયોજન કરી શકાય. [503]

# પ્રકરણ – ૭

# પ્રશ્નોત્તરી – નિષ્કર્ષ

શું કાનૂની સહાય કેન્દ્રનો વાસ્તવિક રીતે સીધો સંબંધ સમાજના નબળા, ગરીબ અને વંચિત વર્ગો સાથે રહેલો છે ? કાનૂની સહાયના હેતુ વાસ્તવમાં કેવી રીતે અમલમાં છે ? કઈ રીતે પ્રતિબિંબિત થાય છે ? અને તેનાથી શું લાભાર્થીને ઝડપી, સરળ, સક્ષમ અને

[503] Role of Para-Legals, Dr. B. M. Shukla.

મફત ન્યાય મળે છે ? આ ઉપરાંત તે અંગેની પ્રક્રિયાઓ કેવી છે ? આ પ્રક્રિયા સાથે સંબંધિત અધિકારીઓના વર્તન અને વલણોનો અભ્યાસ કરવા માટે નીચે જણાવેલા ત્રણ ક્ષેત્રમાં પ્રશ્નાવલી દ્વારા તેમજ સાક્ષાત્કાર દ્વારા તેમના અભિપ્રાયો એકત્રિત કરી તારણો કાઢવામાં આવ્યા છે.

**પ્રશ્નાવલી નં. ૧ :–**

કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલ લાભાર્થીઓ માટે [504]

**પ્રશ્નાવલી નં. ૨:–**

કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલા સમાધાન કર્તા અને વકીલો માટે પ્રશ્નોત્તરી [505]

**પ્રશ્નાવલી નં. ૩ :–**

કાનૂની સહાય સાથે સંકળાયેલા ન્યાયાધિકારીઓ માટે[506]

આ સર્વેક્ષણ ગુજરાત રાજયના ન્યાયમૂર્તિઓ કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલ સમાધાન કર્તા અને વકીલો તેમજ કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલા એટલે કે આ કેન્દ્રમાં સહાય લઈ રહેલ અથવા તો સહાય લઈ ચુકેલ તેવા લાભાર્થીઓ દ્વારા લેવામાં આવ્યો હતો. પચ્ચીસ જેટલી પ્રશ્નાવલીઓ મળીને કુલ પંચોતેર પ્રશ્નાવલીઓ ભરવામાં આવી છે પ્રશ્નાવલીઓનું તારણ નીચે મુજબ છે.

**<u>કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલ લાભાર્થીઓ માટે</u>**

૧. કાનૂની સહાય કેન્દ્રમાંથી મફત અને સક્ષમ કાનૂની સહાય મળે છે તે અંગેની વિગતમાં ૪૦% લાભાર્થીઓ એવું માને છે કે આ અંગેની માહિતી તેમને મિત્રો અને સગા–સંબંધીઓ તરફથી મળી છે ૨૦ % લાભાર્થીઓ એવું માને છે કે આ અંગેની માહિતી તેમને વકીલ તરફથી મળી છે ૩૦ % લાભાર્થીઓ એવું માને છે

[504] Schedule No.7.
[505] Schedule No.8.
[506] Schedule No.9.

કે આ માહિતી તેમને પ્રચાર માધ્યમો તરફથી મળી છે. અને ૧૦ % લાભાર્થીઓ એવું માને છે કે કોર્ટ અને પોલીસ તંત્ર દ્વારા આ અંગેની માહિતી મળી છે.

મોટાભાગના લાભાર્થીઓને આ બાબત અંગેની માહિતી મિત્રો, સગા–સબંધીઓ અને પ્રચાર માધ્યમો તરફથી મળી છે.

૨. કાનૂની સહાય કેન્દ્રની એવી કઈ ખાસ બાબત કે જેના કારણે તેઓએ આ કેન્દ્રનો સંપર્ક કર્યો તે અંગેની માહિતીમાં ૧૦% લાભાર્થીઓએ મફત સેવા મળે છે તે કારણે૨૦% લાભાર્થીઓએ ઝડપી સેવા મળે છે તે કારણે ૩૦% લોકોએ સક્ષમ વ્યકિતઓની સહાય મળશે તેમ વિચારીને અને ૪૦ % લોકોએ સમાધાનકારી અભિગમનો લાભ મળશે તેવું જણાવ્યું હતું.

આમ મોટાભાગના લાભાર્થીઓએ સક્ષમ વ્યકિતઓની સહાય તથા સમાધાનકારી અભિગમે કાનૂની સહાય કેન્દ્ર બાબતે પ્રોત્સાહિત કરેલ છે.

૩. કેસના પ્રકાર અંગેની માહિતી જણાવતા તેઓ માંણી ૨૦% લાભાર્થીઓ દિવાની કેસ બાબતે, ૨૦% લાભાર્થીઓ ફોજદારી કેસ બાબતે, ૪૦ % લાભાર્થીઓ કૌટુંબિક બાબતે અને ૨૦% લાભાર્થીઓ અન્ય કારણસર કાનૂની કેન્દ્ર પાસે આવ્યા હતા.

૪. લાભાર્થીઓએ કયા તબકકે કાનૂની સહાય કેન્દ્રની મદદ મેળવવા અંગેનો નિર્ણય લીધો હતો તે બાબતે જણાવતા ૬૦% લાભાર્થીઓએ બહુંજ શરૂઆતના તબકકે, ૨૦% લાભાર્થીઓએ કોર્ટ કાર્યવાહીથી કંટાળીને, ૧૦% લાભાર્થીઓએ કેસના અંતિમ તબકકે અને ૧૦% લાભાર્થીઓએ કોર્ટ કે વકીલના કહેવાથી આ કેન્દ્રમાં મદદ મેળવવાનો નિર્ણય લીધો હતો.

૫. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા અપાતી કે પુરી પડાતી સેવાઓથી તેમને સંતોષ છે ? અને જો ના તો કયા કારણોસર તે અંગે ૯૦% લાભાર્થીઓએ આ કેન્દ્ર દ્વારા

તેમને અપાતી સેવાથી સંતોષ છે તેવું કહયું હતું જયારે ૧૦% લાભાર્થીઓએ તેનો જવાબ ના માં આપ્યો હતો. કારણો જણાવવાનો તેમણે ઈન્કાર કર્યો હતો.

૬. કાનૂની સહાય કેન્દ્રમાં તેમનો કેસ કોના દ્વારા સાંભળવામાં આવ્યો તે અંગેની માહિતીમાં ૧૦% લાભાર્થીઓએ તેમનો કેસ કોઈ અધિકારી દ્વારા, ૪૦% લાભાર્થીઓએ તેમનો કેસ સમાધાન કર્તા દ્વારા, ૪૦% લાભાર્થીઓએ તેમનો કેસ વકીલ દ્વારા અને ૧૦% લાભાર્થીઓનો કેસ ન્યાયાધિશે સાંભળ્યો તેવું જણાવ્યું હતું.

૭. કાનૂની સહાય કેન્દ્રના સંબંધીત અધિકારી દ્વારા તેમના કેસને બરાબર સમજી યોગ્ય અને બિનપક્ષપાતપૂર્ણ મદદ કરાઈ હતી. આ બાબતનો ૧૦૦% લાભાર્થીઓએ હા માં પ્રત્યુત્તર આપ્યો હતો

૮. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા તેમના કેસનો ઉકેલ કેટલી બેઠકોમાં લાવવામાં આવ્યો હતો. તે બાબતે ૦૦% લાભાર્થીઓએ તેમનો ઉકેલ એક જ બેઠકમાં આવ્યો હતો તેવું જણાવ્યું, ૨૦% લાભાર્થીઓએ બે બેઠકમાં, અને ૫૦% લાભાર્થીઓએ ત્રણ કે વધુ બેઠકોમાં તેમના કેસનો ઉકેલ આવ્યો હતો તેવું જણાવ્યું જયારે ૩૦% લાભાર્થીઓના કેસનો ઉકેલ હજુ આવ્યો નથી.

૯. શું કાનૂની સહાય કેન્દ્રના અધિકારી કે સમાધાન કર્તા દ્વારા કેસના સમાધાન માટે કોઈ પ્રકારનું દબાણ કરાય છે કે કેમ ? અને જો હા તો કયા પ્રકારનું દબાણ કરાય છે તે અંગેની માહિતી આપતા ૯૦% લાભાર્થીઓએ આ અંગે દબાણ કરાતુ નથી તેવો જવાબ આપ્યો અને ૧૦% લાભાર્થીઓએ આ અંગે અનુત્તર રહયા.

૧૦. કાનૂની સહાય કેન્દ્રમાં થયેલા સમાધાનથી તેમને સંતોષ છે ? તેવું પૂછવામાં આવતા ૯૦% લાભાર્થીઓએ આ અંગે સંતોષ વ્યકત કર્યો હતો અને૧૦% લાભાર્થીઓએ આ અંગે અસંતોષ વ્યકત કર્યો હતો.

૧૧. કાનૂની સહાય અંગેની પ્રવર્તમાન પ્રણાલી શું લાભાર્થીઓ માટે યોગ્ય અને ઉપયોગી છે. ? તેવું જણાવતા ૧૦૦% લાભાર્થીઓએ આ તેને યોગ્ય અને ઉપયોગી ગણાવી હતી

૧૨. કાનૂની સહાય કેન્દ્રમાં કેસ સાંભળવા દરમ્યાન થતી પ્રક્રિયા અંગે પ્રતિભાવ આપતા ૧૦% લાભાર્થીઓએ તે સામાન્ય પ્રકારની છે તેવું જણાવ્યું, ૭૦% લાભાર્થીઓએ તે અત્યંત સરળ પ્રક્રિયા છે, ૧૦% લાભાર્થીઓએ તે ગુંચવળા ભરી છે અને૧૦% લાભાર્થીઓએ તે કોર્ટના જેવીજ છે તેવો પ્રતિભાવ વ્યકત કર્યો.

૧૩. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા લાભાર્થીઓને કોઈ સમસ્યા નડી કે શું ? તેના જવાબમાં ૮૦% લાભાર્થીઓએ કોઈપણ પ્રકારની સમસ્યા નડી નથી તેવું જણાવ્યું જયારે ૨૦% લાભાર્થીઓએ સમસ્યા નડી હતી  જેમાં મુખ્યત્વે બિન અનુભવી સમાધાન કર્તા હતા તેવું જણાવ્યુ હતું.

૧૪. કેસના સમાધાનના અમલ બાબતે તેમને પૂછતાં જણાવ્યું કે, ૪૦% લાભાર્થીઓને ફરી કાનૂની સહાય કેન્દ્રમાં આવવું પડયું હતું,૧૦ % લાભાર્થીઓને કોર્ટમાં જવું પડયું હતું, ૪૦% લાભાર્થીઓને લોક અદાલતમાં જવું પડયું હતું અને૧૦% લાભાર્થીઓને અન્ય વિકલ્પો જેવા કે શોધવા પડયા.

૧૫. કાનૂની સલાહ કેન્દ્રના તેમના અનુભવથી તેવું બીજા લોકોને તેમના કાનૂની કેસ માટે શું કરશે ? તે અંગેની પૃચ્છા કરતા ૭૦% લાભાર્થીઓએ કેન્દ્રનો સંપર્ક કરવાનું જણાવશે, ૧૦% લાભાર્થીઓએ કેન્દ્રનો સંપર્ક કરવાની ના પાડશે, ૧૦%

લાભાર્થીઓએ કોઈ નિષ્ણાંત વકીલની મદદ લેવાનું અને૧૦% લાભાર્થીઓએ અન્ય કોઈ રીતે ઉકેલ લાવવાનું જણાવ્યું હતું.

૧૬. શું આ કાનૂની સહાય કેન્દ્ર ૨૪ કલાક સેવાઓ આપે છે તે અંગેના પ્રત્યેત્તમાં ૧૦૦% લાભાર્થીઓએ તેનો જવાબ હા માં આપ્યો હતો

૧૭. તેમના કેસમાં સમાધાન નહી થવા પાછળના પરિબળો અંગે પૃચ્છા કરતાં ૨૦% લાભાર્થીઓએ પોતાના વલણને જવાબદાર ઠેરવ્યું હતું, ૭૦% લાભાર્થીઓએ સામાવાળા પક્ષકારના અભિગમને જવાબદાર ઠેરવ્યો હતો, ૧૦% લાભાર્થીઓએ વકીલ અને સમાધાન કર્તા લોકોને આ માટે જવાબદાર ઠેરવ્યા હતા.

**<u>કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલા સમાધાનકર્તા અને વકીલો માટે પ્રશ્નોત્તરી</u>**

૧. તેઓ કેટલા વર્ષથી કાયદાની પ્રેકટીસ કે સમાજસેવા કરી રહયા છે ? તે અંગે તેમને પૂછતાં ૬૦% એ પાંચ વર્ષથી નીચે અન૪૦% એ પાંચ વર્ષથી વધુ સમયગાળો દર્શાવ્યો હતો.

૨. તેઓ આ કાનૂની સહાય કેન્દ્રમાં કેવી રીતે જોડાયા ? તે અંગે પૂછતાં ૧૦% એ કોર્ટના સૂચનથી, ૧૦% એ મિત્રોના સૂચનથી,૪૦% એ સ્વૈચ્છિક રીતે સમાજપ્રત્યેના દાયિત્વને નિભાવવાને કારણે અને૪૦% એ વૈકલ્પિક તકરારને બળ મળે તે માટે આ કેન્દ્રમાં જોડાયા હતા તેવું જણાવ્યું હતું.

૩. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા અદાલત કર્તા વધુ ઝડપી અને સક્ષમ ન્યાય મળે છે ખરો ? તે અંગે પૂછતાં ૧૦૦% એ હા માં જવાબ આપ્યો હતો.

૪. કાનૂની સહાય કેન્દ્રમાં વકીલોની ભૂમિકા અંગે પૃચ્છા કરતા તેમણે માહિતી આપી ૮૦% એ ખૂબ અગત્યની છે, ૧૦% એ ઓછી મહત્વની છે, ૧૦% એ પ્રસંગોપાત મહત્વ ધરાવે છે તેવી માહિતી આપી હતી.

૫. કાનૂની સહાય કેન્દ્રની કાર્ય પદ્ધતિ અને વ્યવસ્થાથી તેમને સંતોષ છે કે કેમ ? તે અંગે જણાવતાં ૭૦% એ હા માં જવાબ આપ્યો હતો, ૩૦% એ ના માં જવાબ આપી તેમના નીચે મુજબના સુચનો જણાવ્યા હતા.

૬. કાનૂની સહાય કેન્દ્રને કારણે અદાલતોમાં કેસનું ભારણ ઘટે છે ખરૂ ? જે અંગેની માહિતી ૧૦૦% એ હા માં જવાબ આપ્યો

૭. કાનૂની સહાય કેન્દ્ર તેના મફત સક્ષમ અને ઝડપી ન્યાય અંગેના લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં સફળ થયું છે ખરૂં ? તે જણાવતા ૯૦% એ હા માં જવાબ આપ્યો હતો અને ૧૦% એ ના માં જવાબ આપ્યો હતો.

૮. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા થતું કામકાજ શું પ્રસિદ્ધ માટે કામ થાય છે ? તે અંગેના જવાબમાં ૨૦ % લોકોએ આ કાર્ય પ્રસિદ્ધ જનક છે તેવું જણાવ્યું હતું અને૮૦% લોકોએ તેનો જવાબ ના માં આપ્યો હતો.

૯. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા શું કેસનો નિકાલ વાસ્તવિક રીતે થાય છે ? તે અંગેની માહિતીમાં ૧૦૦% એ હા માં જવાબ આપ્યો હતો

૧૦. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા થતા કેસોનો નિકાલ શું માત્ર આંકડાકિય સિદ્ધિઓ દર્શાવવા માટે થાય છે ? તે અંગેના જવાબમાં૩૦ % એ હા માં જવાબ આપ્યો હતો અને ૭૦% એ ના માં જવાબ આપ્યો હતો.

૧૧. કાનૂની સહાય કેન્દ્રમાં અપાતી સેવા અંગે તેમને પૂછતાં તેમાંના ૭૦% લોકોએ અનુભવી વકીલોએ સેવા આપવી જોઈએ, ૩૦% એ જુનીયર વકીલોએ સેવા આપવી જોઈએ, ૯૦% એ દરેક વકીલે વર્ષમાં ઓછામાં ઓછા ૧૨ કેસમાં

સેવાઓ આપવી જોઈએ. અને૧૦.% એ વકીલોએ સેવા આપવી જ ન જોઈએ તેવું જણાવ્યું.

૧૨. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા થતી પ્રવૃત્તિઓમાં તેમને પસંદગી ક્રમ પસંદ કરવાનું જણાવતાં ૨૦% એ સમારંભો અને મહાનુભાવોની આગતા સ્વાગતા કરવાની પ્રવૃત્તિ, ૩૦% એ લોક અદાલતો યોજવાની પ્રવૃત્તિ, ૪૦% એ કાનૂની જાગરૂકતા શિબિરો યોજવાની અને૧૦% એ પ્રસિદ્ધિ જનક ઉપાયો પ્રયોજવાની પસંદગી કરી હતી.

૧૩. કાનૂની સહાય કેન્દ્રની પ્રવૃત્તિના સંચાલન માટેની નાણાંકીય સવલતો કયાંથી મળે છે ? એ અંગે ૪૦% એ કેન્દ્ર સરકાર પાસેથી, ૩૦% એ રાજય સરકાર પાસેથી, ૧૦% એ સ્વૈચ્છિક સંસ્થાઓ અને૧૦% એ અનુદાન દ્વારા અને ૧૦% એ ઉપરોકત તમામ પાસેથી મળે છે તેવું જણાવ્યું.

૧૪. ઉપરોકત રીતે મળતી નાણાંકીય સવલતોનો મહંદ અંશે ઉપયોગ કયાં થાય છે ? અંગેની માહિતીમાં ૧૦% એ વહીવટી ખર્ચમાં, ૩૦% એ કાનૂની જાગૃત્તિ અને પ્રકાશન માટે, ૫૦% એ ખરેખર કાનૂની સહાય પુરી પાડવા માટે અને ૧૦% એ સમારંભો અને પ્રસિદ્ધિ માટે થાય છે તેવું જણાવ્યું.

<u>કાનૂની સહાય સાથે સંકળાયેલા ન્યાયાધિકારીઓ માટેની પ્રશ્નોત્તરી.</u>

૧. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા લાભાર્થીઓને ઝડપી, સક્ષમ અને મફત ન્યાય મળે છે તેવી માહિતી અંગે ૧૦૦% ન્યાયાધિકારીઓએ હા માં જવાબ આપ્યો હતો

૨. શું કાનૂની સહાય કેન્દ્ર થકી અપાતી સહાયથી અદાલતમાં કેસનું ભારણ ઘટે છે ? તે અંગે ૧૦૦% ન્યાયાધિકારીઓએ હા માં જવાબ આપ્યો હતો

૩. કાનૂની સહાય કેન્દ્ર તરફથી પ્રાપ્ય પરિણામોના આંકડાકિય મૂલ્યોના સંદર્ભમાં તેઓનો અભિપ્રાય મેળવતા૧૦૦% ન્યાયાધિકારીઓએ વાસ્તવિક જણાવ્યાું.

૪. કાનૂની સહાય અંતર્ગત યોજાતી લોક અદાલતોથી સામાજીક ન્યાયનો હેતુ પૂર્ણ થાય છે તે અંગે ૧૦૦% ન્યાયાધિકારીઓએ હા માં જવાબ આપ્યો હતો.

૫. કાનૂની સહાય કેન્દ્રો દ્વારા યોજાતી કાનૂની જાગરૂકતા શિબિરોથી શું સામાજીક ન્યાયનો હેતુ પૂર્ણ થાય છે ? તે અંગે ૧૦૦% ન્યાયાધિકારીઓએ હા માં જવાબ આપ્યો હતો.

૬. લોક અદાલતો અને કાનૂની જાગરૂકતા શિબિરોની ઝુંબેશના કારણે તેઓના રોજીંદા કાર્યમાં શું દખલ થાય છે ? તે અંગ ૧૦૦% ન્યાયાધિકારીઓએ ના માં જવાબ આપ્યો હતો.

૭. કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલા વકીલોની ભૂમિકા અંગે ૮૦% ન્યાયાધિકારીઓએ તે અનિવાર્ય છે, ૨૦% ન્યાયાધિકારીઓએ ખૂબજ અગત્યની છે,

૮. કાનૂની સહાય કેન્દ્રમાં દરેક વકીલ દ્વારા વર્ષમાં અમુક કેસમાં સેવાઓ આપવાની ફરજીયાત બનાવવું જોઈએ તે અંગે ૯૦ % ન્યાયાધિકારીઓએ હા માં જવાબ આપ્યો અને ૧૦% ન્યાયાધિકારીઓએ ના માં જવાબ આપ્યો હતો.

૯. કાનૂની સહાય અને તેના અનુષંગિક પાસાઓ જેવા કે લોક અદાલત, કાનૂની જાગરૂકતા શિબિરોમાં તેમની ભૂમિકા અંગે ૧૦૦% ન્યાયાધિકારીઓએ આવશ્યક અને ખૂબજ અગત્યની છે

૧૦. કાનૂની સહાય મેળવનાર લાભાર્થીઓ અંગે પૃચ્છા કરતાં તેમણે જણાવ્યું કે ૪૦% ન્યાયાધિકારીઓના મત મુજબ તેઓ ખરેખર ગરીબ હોય છે, ૪૦% ન્યાયાધિકારીઓએ જણાવ્યું કે તેઓ યોગ્ય હોય છે, ૧૦% ન્યાયાધિકારીઓના

મત મુજબ તેઓ અયોગ્ય હોય છે અને ૧૦% ન્યાયાધિકારીઓ માને છે કે, તેઓ વકીલો દ્વારા આવેલા હોય છે.

૧૧. ૧૦૦% ન્યાયાધિકારીઓએ વર્તમાન સંદર્ભમાં વૈયકિતક તકરાર નિવારણ પદ્ધતિને અત્યંત અસરકારક ગણાવી હતી.

## <u>કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલ લાભાર્થીઓ માટે</u>

### ટેબલ ૧

**કાનૂની સહાય કેન્દ્રમાંથી મફત અને સક્ષમ કાનૂની સહાય મળે છે તે અંગેની વિગત**




1. ૪૦ % લાભાર્થીઓ એવું માને છે કે આ અંગેની માહિતી તેમને મિત્રો અને સગા – સંબંધીઓ તરફથી મળી છે,
2. ૨૦% લાભાર્થીઓ એવું માને છે કે આ અંગેની માહિતી તેમને વકીલ તરફથી મળી છે.
3. ૩૦ % લાભાર્થીઓ એવું માને છે કે આ માહિતી તેમને પ્રચાર માધ્યમો તરફથી મળી છે. અને
4. ૧૦ % લાભાર્થીઓ એવું માને છે કે કોર્ટ અને પોલીસ તંત્ર દ્વારા આ અંગેની માહિતી મળી છે.

**ટેબલ ૨**

કાનૂની સહાય કેન્દ્રની એવી કઈ ખાસ બાબત કે જેના કારણે તેઓએ આ કેન્દ્રનો સંપર્ક કર્યો તે અંગેની માહિતીમાં




1. ૧૦ % લાભાર્થીઓએ મફત સેવા મળે છે તે કારણ
2. ૨૦% લાભાર્થીઓએ ઝડપી સેવા મળે છે તે કારણે
3. ૩૦% લોકોએ સક્ષમ વ્યકિતઓની સહાય મળશે તેમ વિચારીને અને
4. ૪૦ % લોકોએ સમાધાનકારી અભિગમનો લાભ મળશે તેવું જણાવ્યું હતું

**ટેબલ નં. ૩**

**કેસના પ્રકાર અંગેની માહિતીની વિગત**




1. ૨૦ % લાભાર્થીઓ દિવાની કેસ બાબતે,
2. ૨૦% લાભાર્થીઓ ફોજદારી કેસ બાબતે,
3. ૪૦ % લાભાર્થીઓ કૌટુંબિક બાબતે અને
4. ૨૦% લાભાર્થીઓ અન્ય કારણસર કાનૂની કેન્દ્ર પાસે આવ્યા હતા.

**ટેબલ નં. ૪**

**લાભાર્થીઓએ કયા તબકકે કાનૂની સહાય કેન્દ્રની મદદ મેળવવા અંગેનો નિર્ણય લીધો હતો.**




1. ૬૦% લાભાર્થીઓએ બહુંજ શરૂઆતના તબકકે,
2. ૨૦% લાભાર્થીઓએ કોર્ટ કાર્યવાહીથી કંટાળીને,
3. ૧૦% લાભાર્થીઓએ કેસના અંતિમ તબકકે અને
4. ૧૦% લાભાર્થીઓએ કોર્ટ કે વકીલના કહેવાથી આ કેન્દ્રમાં મદદ મેળવવાનો નિર્ણય લીધો હતો.

## ટેબલ નં. ૫

કાનૂની સહાય કેન્દ્ર દ્વારા અપાતી કે પુરી પડાતી સેવાઓથી તેમને સંતોષ છે ?

**અને જો ના તો કયા કારણોસર**




1. ૯૦% લાભાર્થીઓએ આ કેન્દ્ર દ્વારા તેમને અપાતી સેવાથી સંતોષ છે તેવું કહયું હતું જયારે
2. ૧૦% લાભાર્થીઓએ તેનો જવાબ ના માં આપ્યો હતો. કારણો જણાવવાનો તેમણે ઈન્કાર કર્યો હતો.

**ટેબલ નં. ૬**

**કાનૂની સહાય કેન્દ્રમાં તેમનો કેસ કોના દ્વારા સાંભળવામાં આવ્યો છે.**




1. ૧૦% લાભાર્થીઓએ તેમનો કેસ કોઈ અધિકારી દ્વારા,
2. ૪૦% લાભાર્થીઓએ તેમનો કેસ સમાધાન કર્તા દ્વારા,
3. ૪૦% લાભાર્થીઓએ તેમનો કેસ વકીલ દ્વારા અને
4. ૧૦% લાભાર્થીઓનો કેસ ન્યાયધિશે સાંભળ્યો તેવું જણાવ્યું હતું.

**ટેબલ નં. ૭**

**કાનૂની સહાય કેન્દ્રના સંબંધિત અધિકારી દ્વારા તેમના કેસને બરાબર સમજી યોગ્ય અને બિનપક્ષપાતપૂર્ણ મદદ કરાઈ હતી.**




1. ૧૦૦% લાભાર્થીઓએ હા માં પ્રત્યુત્તર આપ્યો હતો.

**ટેબલ નં. ૮**

**કાનૂની સહાય કેન્દ્ર દ્વારા તેમના કેસનો ઉકેલ કેટલી બેઠકોમાં લાવવામાં આવ્યો હતો.**




1. ૦૦% લાભાર્થીઓએ તેમનો ઉકેલ એક જ બેઠકમાં આવ્યો હતો તેવું જણાવ્યું,
2. ૨૦% લાભાર્થીઓએ બે બેઠકમાં, અને .
3. ૫૦% લાભાર્થીઓએ ત્રણ કે વધુ બેઠકોમાં તેમના કેસનો ઉકેલ આવ્યો હતો તેવું જણાવ્યું, જયારે
4. ૩૦.% લાભાર્થીઓના કેસનો ઉકેલ હજુ આવ્યો નથી.

**ટેબલ નં. ૯**

**શું કાનૂની સહાય કેન્દ્રના અધિકારી કે સમાધાન કર્તા દ્વારા કેસના સમાધાન માટે કોઈ પ્રકારનું દબાણ કરાય છે કે કેમ ? અને જો હા તો કયા પ્રકારનું દબાણ કરાય છે**




1. ૯૦% લાભાર્થીઓએ આ અંગે દબાણ કરાતુ નથી તેવો જવાબ આપ્યો અને
2. ૧૦% લાભાર્થીઓએ આ અંગે અનુત્તર રહયા.

**ટેબલ નં. ૧૦**

**કાનૂની સહાય કેન્દ્રમાં થયેલા સમાધાનથી તેમને સંતોષ છે ?**




1. ૯૦% લાભાર્થીઓએ આ અંગે સંતોષ વ્યકત કર્યો હતો અને
2. ૧૦% લાભાર્થીઓએ આ અંગે અસંતોષ વ્યકત કર્યો હતો.

**ટેબલ નં. ૧૧**

**કાનૂની સહાય અંગેની પ્રવર્તમાન પ્રણાલી શું લાભાર્થીઓ માટે યોગ્ય અને ઉપયોગી છે?**




1. ૧૦૦% લાભાર્થીઓએ આ તેને યોગ્ય અને ઉપયોગી ગણાવી હતી

**ટેબલ નં. ૧૨**

**કાનૂની સહાય કેન્દ્રમાં કેસ સાંભળવા દરમ્યાન થતી પ્રક્રિયા કેવી હોય છે ?**




1. ૧૦% લાભાર્થીઓએ તે સામાન્ય પ્રકારની છે તેવું જણાવ્યું,
2. ૭૦% લાભાર્થીઓએ તે અત્યંત સરળ પ્રક્રિયા છે,
3. ૧૦% લાભાર્થીઓએ તે ગુંચવળા ભરી છે અને
4. ૧૦% લાભાર્થીઓએ તે કોર્ટના જેવીજ છે તેવો પ્રતિભાવ વ્યકત કર્યો.

**ટેબલ નં. ૧૩**

**કાનૂની સહાય કેન્દ્ર દ્વારા લાભાર્થીઓને કોઈ સમસ્યા નડી કે શું ?**




1. ૮૦% લાભાર્થીઓએ કોઈપણ પ્રકારની સમસ્યા નડી નથી તેવું જણાવ્યું જયારે
2. ૨૦% લાભાર્થીઓએ સમસ્યા નડી હતી

   જેમાં મુખ્યત્વે બિન અનુભવી સમાધાનકર્તા હતા તેવું જણાવ્યુ હતું.

**ટેબલ નં. ૧૪**

### કેસના સમાધાનના અમલ બાબત અંગે પૂછયું




1. ૪૦% લાભાર્થીઓને ફરી કાનૂની સહાય કેન્દ્રમાં આવવું પડયું હતું,
2. ૧૦% લાભાર્થીઓને કોર્ટમાં જવું પડયું હતું,
3. ૪૦% લાભાર્થીઓને લોક અદાલતમાં જવું પડયું હતું અને
4. ૧૦% લાભાર્થીઓને અન્ય વિકલ્પો જેવા કે શોધવા પડયા.

ટેબલ નં. ૧૫

**કાનૂની સલાહ કેન્દ્રના તેમના અનુભવથી તેવું બીજા લોકોને તેમના કાનૂની કેસ માટે શું કરશે ?**




1. ૭0% લાભાર્થીઓએ કેન્દ્રનો સંપર્ક કરવાનું જણાવશે,
2. ૧0% લાભાર્થીઓએ કેન્દ્રનો સંપર્ક કરવાની ના પાડશે,
3. ૧0% લાભાર્થીઓએ કોઈ નિષ્ણાંત વકીલની મદદ લેવાનું અને
4. ૧0% લાભાર્થીઓએ અન્ય રોઈ રીતે ઉકેલ લાવવાનું જણાવ્યું હતું.

**ટેબલ નં. ૧૬**

**શું આ કાનૂની સહાય કેન્દ્ર ૨૪ કલાક સેવાઓ આપે છે ?**




1. ૧૦૦% લાભાર્થીઓએ તેનો જવાબ હા માં આપ્યો હતો

**ટેબલ નં. ૧૭**

**તેમના કેસમાં સમાધાન નહી થવા પાછળના પરિબળો કયા છે ?**




1. ૨૦% લાભાર્થીઓએ પોતાના વલણને જવાબદાર ઠેરવ્યું હતું,
2. ૭૦% લાભાર્થીઓએ સામાવાળા પક્ષકારના અભિગમને જવાબદાર ઠેરવ્યો હતો,
3. ૧૦% લાભાર્થીઓએ વકીલ અને સમાધાન કર્તા લોકોને આ માટે જવાબદાર ઠેરવ્યા હતા.

**<u>કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલા સમાધાન કર્તા અને વકીલો માટે પ્રશ્નોત્તરી.</u>**

**ટેબલ નં. ૧**

તેઓ કેટલા વર્ષથી કાયદાની પ્રેકટીસ કે સમાજસેવા કરી રહયા છે ?




1. ૬૦% એ પાંચ વર્ષથી નીચે અને
2. ૪૦% એ પાંચ વર્ષથી વધુ સમયગાળો દર્શાવ્યો હતો.

**ટેબલ નં. ૨**

તેઓ આ કાનૂની સહાય કેન્દ્રમાં કેવી રીતે જોડાયા ?




1. ૧૦% એ કોર્ટના સૂચનથી,
2. ૧૦ % એ મિત્રોના સૂચનથી,
3. ૪૦% એ સ્વૈચ્છિક રીતે સમાજપ્રત્યેના દાયિત્વને નિભાવવાને કારણે અને
4. ૪૦% એ વૈકલ્પિક તકરારને બળ મળે તે માટે આ કેન્દ્રમાં જોડાયા હતા તેવું જણાવ્યું હતું.

**ટેબલ નં. ૩**

કાનૂની સહાય કેન્દ્ર દ્વારા અદાલત કર્તા વધુ ઝડપી અને સક્ષમ ન્યાય મળે છે ખરો ?




1. ૧૦૦% એ હા માં જવાબ આપ્યો હતો.

**ટેબલ નં. ૪**

કાનૂની સહાય કેન્દ્રમાં વકીલોની ભૂમિકા અંગે




1. ૮0% એ ખૂબ અગત્યની છે,
2. ૧0% એ ઓછી મહત્વની છે,
3. ૧0% એ પ્રસંગોપાત મહત્વ ધરાવે છે અને
4. 00% એ જરૂરી જ નથી તેવી માહિતી આપી હતી.

**ટેબલ નં. ૫**

**કાનૂની સહાય કેન્દ્રની કાર્ય પદ્ધતિ અને વ્યવસ્થાથી તેમને સંતોષ છે કે કેમ ?**




1. ૭૦% એ હા માં જવાબ આપ્યો હતો,
2. ૩૦% એ ના માં જવાબ આપી તેમના નીચે મુજબના સુચનો જણાવ્યા હતા.

## ટેબલ નં. ૬

### કાનૂની સહાય કેન્દ્રને કારણે અદાલતોમાં કેસનું ભારણ ઘટે છે ખરૂ




1. ૧૦૦% એ હા માં જવાબ આપ્યો

## ટેબલ નં. ૭

કાનૂની સહાય કેન્દ્ર તેના મફત સક્ષમ અને ઝડપી ન્યાય અંગેના લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં સફળ થયું છે ખરૂં ?




1. ૯૦% એ હા માં જવાબ આપ્યો હતો અને
2. ૧૦% એ ના માં જવાબ આપ્યો હતો.

## ટેબલ નં. ૮

**કાનૂની સહાય કેન્દ્ર દ્વારા થતું કામકાજ શું પ્રસિદ્ધ માટે કામ થાય છે ?**




1. ૨૦ % લોકોએ આ કાર્ય પ્રસિદ્ધ જનક છે તેવું જણાવ્યું હતું અને
2. ૮૦% લોકોએ તેનો જવાબ ના માં આપ્યો હતો.

## ટેબલ નં. ૯

### કાનૂની સહાય કેન્દ્ર દ્વારા શું કેસનો નિકાલ વાસ્તવિક રીતે થાય છે ?




1. ૧૦૦% એ હા માં જવાબ આપ્યો હતો

## ટેબલ નં. ૧૦

**કાનૂની સહાય કેન્દ્ર દ્વારા થતા કેસોનો નિકાલ શું માત્ર આંકડાકિય સિદ્ધિઓ દર્શાવવા માટે થાય છે ?**




1. ૩૦% એ હા માં જવાબ આપ્યો હતો અને
2. ૭૦% એ ના માં જવાબ આપ્યો હતો.

### ટેબલ નં. ૧૧

કાનૂની સહાય કેન્દ્રમાં અપાતી સેવા તમે શું કહો છો




1. ૭૦% લોકોએ અનુભવી વકીલોએ સેવા આપવી જોઈએ,

2. ૩૦ % એ જુનીયર વકીલોએ સેવા આપવી જોઈએ,




1. ૯૦% એ દરેક વકીલે વર્ષમાં ઓછામાં ઓછા ૧૨ કેસમાં સેવાઓ આપવી જોઈએ.

   અને

2. ૧૦% એ વકીલોએ સેવા આપવી જ ન જોઈએ તેવું જણાવ્યું.

## ટેબલ નં. ૧૨

કાનૂની સહાય કેન્દ્ર દ્વારા થતી પ્રવૃત્તિઓમાં તેમને પસંદગી ક્રમ અંગેનું ટેબલ.




1. ૨૦ % એ સમારંભો અને મહાનુભાવોની આગતા સ્વાગતા કરવાની પ્રવૃત્તિ,
2. ૩૦% એ લોક અદાલતો યોજવાની પ્રવૃત્તિ,
3. ૪૦% એ કાનૂની જાગરૂકતા શિબિરો યોજવાની અને
4. ૧૦% એ પ્રસિદ્ધિ જનક ઉપાયો પ્રયોજવાની પસંદગી કરી હતી.

## ટેબલ નં. ૧૩

**કાનૂની સહાય કેન્દ્રની પ્રવૃત્તિના સંચાલન માટેની નાણાંકીય સવલતો કયાંથી મળે છે ?**




1. ૪૦% એ કેન્દ્ર સરકાર પાસેથી,
2. ૧૦% એ રાજય સરકાર પાસેથી,
3. ૧૦% એ સ્વૈચ્છિક સંસ્થાઓ અને
4. ૧૦% એ અનુદાન દ્વારા અને
5. ૧૦% એ ઉપરોકત તમામ પાસેથી મળે છે તેવું જણાવ્યું.

## ટેબલ નં. ૧૪

**ઉપરોકત રીતે મળતી નાણાંકીય સવલતોનો મહંદ અંશે ઉપયોગ કયાં થાય છે ?**




1. ૧૦ % એ વહીવટી ખર્ચમાં,
2. ૩૦ % એ કાનૂની જાગૃત્તિ અને પ્રકાશન માટે,
3. ૫૦ % એ ખરેખર કાનૂની સહાય પુરી પાડવા માટે અને
4. ૧૦% એ સમારંભો અને પ્રસિદ્ધિ માટે થાય છે તેવું જણાવ્યું.

પ્રસ્તુત પ્રશ્નાવલી કાનૂની સહાય સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સબંધિત વ્યકિતઓ એટલે કે, જે કાનૂની સહાય અને કાનૂની સહાય કેન્દ્ર સાથે સીધી રીતે સંકળાયેલા છે તેવા લાભાર્થીઓ, વકીલ મિત્રો અને સમાધાનકર્તાઓ અને માનનીય ન્યાયાધિશો પાસેથી પ્રશ્નાવલી દ્વારા તેમજ સાક્ષાત્કાર દ્વારા તેમના અભિપ્રાયોને એકત્રિત કરીને તારણો કાઢવામાં આવ્યા છે.

લાભાર્થીઓના મતે કાનૂની સહાય કેન્દ્ર અંગેની માહિતી તેમને તેમના મિત્રો, સગાસબંધીઓ અને પ્રચાર માધ્યમો તરફથી મળી છે. તેનો અર્થ એ થયો કે કાનૂની પ્રક્રિયા સાથે સંકળાયેલા અને કાનૂની સહાયના પ્રચારના માધ્યમોનો પણ આ ક્ષેત્રમાં અગત્યનો ફાળો છે. કાનૂની સહાય કેન્દ્રના લાભાર્થીઓને આ કેન્દ્રમાં આવતા સક્ષમ અધિકારીઓ અને તેમના સમાધાનકારી વલણને સૌથી વધુ પ્રોત્સાહિત કર્યા છે. આ કેન્દ્રમાં મોટાભાગના લાભાર્થીઓ, કૌટુંબિક પ્રકારના કેસ બાબતે કાનૂની કેન્દ્ર પાસે આવ્યા હતા. કાનૂની સહાય કેન્દ્રમાંથી નિવારક અભિગમ દ્વારા અને સમાધાનકારી વલણ દ્વારા તેઓનું કુટુંબ જીવન અને કૌટુંબિક પ્રશ્નોનો સૌહાદ પૂર્ણ ઉકેલ આવ્યો હતો.

કાનૂની સહાય કેન્દ્રની ભૂમિકાથી અવગત અને તેના કાર્યલક્ષી પરિણામોથી પ્રભાવિત થઈને મોટાભાગના લાભાર્થીઓએ બહુજ શરૂઆતના તબકકે આ કેન્દ્રમાંથી મદદ મેળવી હતી. અને લગભગ દરેક લાભાર્થીઓએ કાનૂની સહાય કેન્દ્ર દ્વારા પૂરી પડાતી સેવાઓથી સંતોષ વ્યકત કર્યો હતો. કાનૂની સહાય કેન્દ્રના સબંધિત અધિકારીઓ દ્વારા તેમને યોગ્ય અને બિનપક્ષપાત પૂર્ણ મદદ કરાઈ હતી અને કોઈપણ જાતનું દબાણ કરવામાં આવ્યું ન હતું તેવું જણાવ્યું હતું. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા થતી પ્રક્રિયા અત્યંત સરળ જણાઈ અને સમાજના વંચિત વર્ગો માટે તે લાભકારક અને યોગ્ય જણાઈ હતી. જેથી મોટાભાગના લાભાર્થીઓએ તેમના જેવા કાનૂની પ્રશ્નો ના ઉકેલ

અંગે કાનૂની સહાય કેન્દ્રનો સંપર્ક કરવાની સૌથી વધુ પ્રભાવિત કરતી બાબત જો તેમને જણાઈ હોય તો ચોવીસ કલાક મળતી સેવાઓ અંગેની છે.

કેન્દ્ર સાથે સંકળાયેલા સમાધાન કર્તા પાંચ વર્ષથી નીચેની પ્રેક્ટીસ વાળા અને સિનિયર વકીલો પણ હતા. વૈકલ્પિક તકરાર નિવારણ પદ્ધતિને બળ મળે અને સમાજ પ્રત્યેનું દાયિત્વ નિભાવવાને કારણે તેઓ આ કેન્દ્રમાં જોડાયા છે તેવું જાણવા મળ્યું. કાનૂની સહાય કેન્દ્રની ભૂમિકા અને કાર્યવ્યવસ્થા એ ખૂબજ અગત્યની છે તેવું જણાવી અદાલત કરતા વધુ ઝડપી અને સક્ષમ ન્યાય મળે છે તેવું જણાવ્યું હતું અને જેના કારણે અદાલતોમાં કેસનું ભારણ ઘટે છે. તેવા નિષ્કર્ષ પર આવ્યા હતા. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા કેસનો નિકાલ વાસ્તવિક રીતે થાય છે તેવું જણાવી,વધુને વધુ અનુભવી વકીલોએ સ્વૈચ્છિક રીતે આ કાર્યમાં જોડાવવું જોઈએ તેમ જણાવ્યું. કાનૂની સહાય સાથે સંકળાયેલા ન્યાયાધિકારીઓએ આ યોજનાથી સામાજિક ન્યાયનો હેતુ પરિપૂર્ણ થાય છે તેવું જણાવ્યું અદાલતોમાં કેસનું ભારણ ઘટે છે તે દ્વારા પક્ષકારોને ઝડપી અને સક્ષમ ન્યાય મળે છે તેવા નિષ્કર્ષ પર આવ્યા હતા. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા યોજાતી કાનૂની જાગરૂકતા શિબિરોનું મહત્વ જણાવી તેમને તેનાથી સામાજિક ન્યાયનો હેતુ પરિપૂર્ણ થાય છે તેવું જણાવ્યું હતું, આ કેન્દ્રમાં આવતા મોટાભાગના લાભાર્થીઓ ખરેખર ગરીબ હોવાને કારણે આ પદ્ધતિ તેમના માટે અત્યંત ઉપયોગી બની રહે તેમ જણાવ્યું હતું. સાથે સાથે વકીલોની ભૂમિકા પણ સૌથી અગત્યની તેવું દર્શાવ્યું હતું.

આમ વર્તમાન સંશોધનની સમસ્યાઓની પ્રશ્નોત્તરી પર આધારીત સમગ્રતયા તારણો નીચે મુજબ તારવી શકાય છે.

૧. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા ઝડપી, સક્ષમ અને મફત ન્યાય પ્રાપ્ત થાય છે.

૨. કાનૂની સહાય કેન્દ્રના વિવિધલક્ષી પાસાઓમાં તેના ઉપચારાત્મક પાસાઓ કરતા, નિવારક પાસાને વધુ યોગ્ય ગણાવી કાનૂની જાગરૂકતા શિબિરો થકી

અને વૈયકિતક તકરાર નિવારણ પદ્ધતિના ઉપયોગ દ્વારા સામાજિક ન્યાયના હેતુ ને પ્રાપ્ત કરવાના અત્યંત સરળતા પ્રાપ્ત થાય છે તેવું જણાવ્યું.

૩. કાનૂની સહાય કેન્દ્રની જોગવાઈઓ સમાજ માટે અત્યંત ઉપયોગી અને અસરકારક છે તેવું જણાવીને કાનૂની સહાય કેન્દ્રો ભવિષ્યમાં અદાલતના પૂરક તરીકે સંભવિ શકે તેવું તારણ કાઢયું છે. સમગ્રતયા થોડીઘણી સમસ્યાઓને બાદ કરતા પક્ષકારોને વાસ્તવિક રીતે સક્ષમ ઝડપી અને અસરકારક ન્યાય મળે છે.

# પ્રકરણ–૮

# ઉપસંહાર અને સૂચનો

## ઉપસંહાર :

"કાનૂની સહાય કેન્દ્ર : ગુજરાતમાં સમસ્યાઓ અને સંભાવનાઓ " વિષયના સંશોધન અંગે આ સંશોધન અધ્યયનમાં દર્શાવેલ હેતુઓને પૂર્ણ કરવામાં કાનૂની સહાય કેન્દ્ર મહદઅંશે સફળ નીવડેલ છે.

કાનૂની સહાય શરૂઆતમાં પરોપકારની ભાવનાથી શરૂથયેલ અને આજે તે હકકના સ્વરૂપમાં પ્રાપ્ય છે. યુરોપ, અમેરિકા અને ઈંગ્લેન્ડમાંથી વિકાસ થઈને આજે વિશ્વના મોટાભાગના દેશોમાં પ્રચલિત છે. દરેક દેશની પદ્ધતિ અને પ્રણાલી મુજબ ત્યાંના બંધારણિય કાયદાઓમાં કે અન્ય જોગવાઈઓમાં કાનૂની સહાયની જોગવાઈ કરવામાં આવી છે. બહુજ શરૂઆતમાં ભારતમાં બંધારણિય કાયદામાં આ અંગેની કોઈ સ્પષ્ટ જોગવાઈ હતી નહી. ફોજદારી કાર્યવાહી ધારો અને દિવાની કાર્યવાહી ધારામાં આ વિષયને લગતી અમુક જોગવાઈઓ હતી. ત્યારબાદ બંધારણના સુધારા દ્વારા અનુચ્છેદ ૩૯(એ) અંગેની જોગવાઈ અને ત્યારબાદ મૂળભૂત

અધિકારોના પ્રકરણમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. કાનૂની સહાયના વિવિધ સ્વરૂપો જેમાં નિવારક અને ઉપચારક એ બે મુખ્ય પ્રકાર છે. આ બંને પ્રકારોને પુરા પાડવામાં કાનૂની સહાય કેન્દ્રનો અગત્યનો ફાળો છે કાનૂની સહાય કેન્દ્ર કે રાષ્ટ્રિય કાનૂની સેવા સત્તા મંડળ હેઠળ અસ્તિત્વમાં આવે છે. જે થકી તે સમાજમાં કોઈપણ પ્રકારની અસમર્થતા અને ભેદભાવ દૂર કરીને સામાજિક ન્યાય પુરો પાડવાનું કાર્ય કરે છે.

કાનૂની સહાય તેમજ કાનૂની સહાય કેન્દ્રની પ્રવર્તમાન સમસ્યાઓ તેમજ ભવિષ્યની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને સંશોધન કરતા દ્વારા તેમજ આ વિષય સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલ વિદ્વાનો દ્વારા જે સૂચનો દર્શાવવામાં આવ્યા છે તેને આ અધ્યયનમાં સામેલ કરવામાં આવ્યા છે. જે ભવિષ્યમાં કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલ તમામ ન્યાયાઅધિકારીઓ, વકીલો, સામાજિક કાર્યકરતાઓ, લાભાર્થીઓ તેમજ આ વિષય સાથે સંકળાયેલ કાયદાના પ્રાધ્યાપકો, કાયદાના વિદ્યાર્થીઓ, પેરા લીગલ્સ તેમજ નાગરિકોને પણ મદદરૂપ થશે.

આ વિષય પરત્વેના નિષ્ણાતોએ દર્શાવેલા સૂચનો નીચે મૂજબ છે.

વીસમી સદીમાં લોર્ડ ડેનીંગ[507]રાજકીય અને કાનૂની ક્ષેત્રે એક અદભૂત અને ચમત્કારીક પ્રતિભા બની રહ્યા.તેઓ કાયદાકીય સુધારા અને પ્રગતિકારક કાનૂની સહાયના ચેમ્પિયનોના ચેમ્પિયન હતા.

લોર્ડ ડેનીંગે સાચા ન્યાય ઉપર ખૂબ જ ભાર મૂકયો છે.તેઓ હંમેશને માટે કાયદા સુધારા અને કાનૂની સહાયના ક્ષેત્રમાં દીવાદાંડીરૂપ બની રહેશે. લોર્ડ ડેનીંગે લખેલા ચાર પુસ્તકોમાં તેઓ બેંચ ઉપર રહ્યા તેટલા સમય દરમયાન કાયદાશાસ્ત્ર, કાયદાના

---

[507] Lord Denning, Justice J.N.Bhatt, NyayaPath, issue No.2. p.16

સુધારા અને પ્રગતિકારક કાનૂની સહાય માટેના અગત્યના સિદ્ધાંતોનાં વિકાસ માટે સુચન કર્યા છે.

તેઓ કાનૂની સહાયના તત્વજ્ઞાનના મુખ્ય પ્રણેતા હતા. તેમનો ગતિશીલ અને પ્રગતિકારક દ્રષ્ટિકોણ ૨૧મી સદીમાં કિંમતી માર્ગદર્શન રૂપ બની રહેશે. લોર્ડ ડેનીંગે એવું નિરિક્ષણ કર્યુ છે કે કાનૂની સહાય પાયાનો માનવીય હકક છે. લોર્ડ ડેનીંગના ખાસ અભિગમ અને વિચારોએ એક નવી દિશા ચિંધી છે.

જયારે કાનૂની સહાયની રચના, નીતિ, તત્વજ્ઞાન વિચાર અને અગત્યના શું છે તેનો જવાબ આપતી વખતે હું એવા તારણ ઉપર આવું છું કે દેખીતી રીતે મહેરબાની કરીને જસ્ટીસ બ્રેનના નીચેના વિધાને જોઈ જવું.

"અન્યાયની લાગણી સિવાય માનવ હદયમાં બીજુ કોઈ દુઃખ હોતું નથી. જયારે શ્રીમંતો કાયદાનું સુખ ભોગવે છે ત્યારે ગરીબોને કે જેમને ન્યાયની ખાસ જરૂર છે તે તેમને મળતો નથી. કારણ કે તે તેમની પહોંચની બહાર છે મુકત લોકશાહીની અસ્તિત્તને ધમકી આપવી કાલ્પનિક નથી પરંતુ વાસ્તવિક છે."

નામદાર ન્યાયમૂર્તિ શ્રી જે. એન. ભટ્ટ સાહેબ,(એકિઝકયૂટિવ ચેરમેનશ્રી, ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ) દ્વારા કરવામાં આવેલ સૂચનો[508]

(૧) પૂર્ણ સમય માટે સચોટ અને યથાર્થ કાનૂની શિક્ષણની અસરકારક કાનુની સહાય.

(૨) સંપૂર્ણ મજબૂત એવા સ્વતંત્ર વકીલગણ અને પક્ષકારો.

(૩) ન્યાયધીશો અને કાયદાકીય મુસદો તૈયાર કરવા માટે પ્રશિક્ષણ.

(૪) પક્ષકારો માટે કાનૂની સંભાળ કેન્દ્ર અને કાનૂની શિક્ષણ પધ્ધતિ.

(૫) કાનૂની બંધુત્વ અને ન્યાયવિદ્દો માટે તાલીમી વર્ગો.

---

[508] Justice J.N.Bhatt, Judicial Cardiogram, NyayaPath, issue No.2.p.16

(૬) દરેક રાજયમાં બે કેત્રણ અને રાષ્ટ્રીય સ્તરે એક અથવા બે સંશોધન અને વિકાસ કેન્દ્રો સ્થાપવાં.

(૭) યુનિવર્સિટી કક્ષાએ કાયદાને લગતા પ્રાથમિક સિદ્ધાંતોનો વિષય ફરજિયાત બનાવવો.

(૮) રૂ. ૧ લાખ સુધીની રકમના દાવા અંગે ફરજિયાત લવાદી હોવાં જોઈએ.

(૯) અમેરિકા અને યુરોપના દેશોમાં વિવાદો અંગે વૈકલ્પિક ઉપાયો અપનાવાયા છે તેવા ઉપાયો અમલી બનાવવા.

(૧૦) ઈન્સાફી કાર્યવાહી શરૂ થતાં પહેલાં કાર્યવાહી દરમિયાન અને કાર્યવાહી પૂરી થયા પછી અસરકારક સમજૂતીની અંગે શરૂઆત કરવી.

(૧૧) વ્યવસ્થિત, કુશળ અને તાલીમબધ્ધ તપાસણી અધિકારીઓ

(૧૨) સ્ટાફ સાથેની અદાલતી વહીવટ અંગેની તાલીમ

(૧૩) રાષ્ટ્રીય સ્તરે ભારતના નામદાર મુખ્ય ન્યાયમૂર્તિના વડપણ હેઠળ તેમના પછીના ક્રમના સુપ્રિમ કોર્ટના બે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ, રાજયોની વડીઅદાલતો પૈકીના બે અગ્રીમ મુખ્ય ન્યાયમૂર્તિઓ, કાયદા પંચના અધ્યક્ષ, ભારતની બાર કાઉન્સિલના અધ્યક્ષ, કાયદો અને ન્યાય વિભાગના સચિવ અને ન્યાયતંત્રના વહીવટ માટેના ડાયરેકટર જનરલનો સમિતિમાં સમાવેશ કરવો અને તેઓ માટે અલગ ખાતાનું આયોજન કરવું. જેમાં ત્રણ વિભાગ રાખવા : (૧) નીતિ વિષયક અને વહીટી બાબતો (૨) બાકી કામોનાં ભારણને અંકુશમાં તેમજ સુવ્યવસ્થિત રાખવા માટેની બાબતો અને (૩) સંશોધન, નવરચના અને તાલીમની બાબતો.

(અ) જે રીતે રાષ્ટ્રીય સ્તરે આયોજન થાય તે જ રીતે રાજય સ્તરે પણ ન્યાયતંત્રના વહીવટ માટે રાજયનું એકમ રાખવું. જેમાં વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિની અધ્યક્ષતામાં તે પછીના ક્રમના બે અગ્રીમ ન્યાયમૂર્તિઓ, રાજયના એડવોકેટ જનરલ, મુખ્ય સચિવ, રાજયની બાર કાઉન્સિલના અધ્યક્ષ અને કાયદા સચિવનો સમિતિમાં સમાવેશ કરી રાષ્ટ્રીય સ્તરની તેમજ રાજયની ન્યાયિક યોજનાનો અસરકારક રીતે અમલ કરવાની કામગીરી હાથ ધરવી.

(બ) તાલુકા સ્તરે પણ ન્યાયિક યોજનાના અમલ માટે જિલ્લા ન્યાયાધીશના અધ્યક્ષ સ્થાને સંયેકત જિલ્લા ન્યાયાધીશ, જિલ્લા કલેકટર, જિલ્લા પોલીસ વડા, ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ, જિલ્લા વિકાસ અધિકારી અને કાર્યપાલક ઈજનેરનો સમાવેશ કરતી સમિતિની રચના કરવી. જે આંતરિક પ્રશ્નો, વહીવટી પ્રશ્નો તેમજ અદાલતના વહીવટની બાબતો પણ હલ કરવા પ્રયાસો હાથ ધરશે.

નામદાર ન્યાયમૂર્તિ શ્રી જે.એન.ભટ્ટ સાહેબ,(એકિઝકયૂટિવ ચેરમેનશ્રી, ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ)ના નિર્દેશ મુજબ ગરીબ, પીડિત અને પછાત વર્ગના લાભાર્થે જિલ્લા તથા તાલુકા કાનૂની સેવા સમિતિના અધ્યક્ષશ્રીઓએ કાનૂની સેવાની મિટિંગ વખતે નીચેના દસ મુદ્દાઓ નું ચુસ્તપણે અને અગ્રતાપૂર્વક પાલન કરવું. તેથું જણાવવામાં આવ્યું હતું.આવી મિટિંગ બની શકે તો દર બીજા અને ચોથા શનિવારે ( રજા દરમ્યાન ) તેમ જ દર રવિવારે તેમ જ જાહેર રજામાં એક – એક મિટિંગ યોજીને "એ" ટુ "ઝેડ" [509] નો પ્રોગ્રામ આશરે ૩ થી ૪ મહિનામાં પૂરો થઈ શકે કે જેમાં સમગ્ર તાલુકામાં કાનૂની સેવાની પ્રાથમિક જાણકારી વધુ ઝડપથી થઈ શકશે :

---

[509] Justice J.N.Bhatt, Ten commandments, NyayaPath, issue No.7-8.p.42.

પ્રોજેક્ટ – ૧ :

**(A)** દરેક તાલુકાના સરકારી / અર્ધ–સરકારી અધિકારીશ્રીઓનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી,

**(B)** લાગતાવળગતા તાલુકા અને જિલ્લાના પ્રત્યેક એન.જી.ઓ.નો. સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

**(C)** સરકારી અને ખાનગી ક્ષેત્રની શાળાઓના બધાજ શિક્ષકોનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

**(D)** જુદી જુદી સંસ્થાઓના પ્રત્યેક સામાજિક કાર્યકરો અને વ્યાપારી વર્ગના પ્રમુખોનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

**(E)** તમામ સરકારી / ખાનગી શાળાઓના બધા જ આચાર્યશ્રીઓનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

**(F)** કોલેજના વિદ્યાર્થીઓને મળવું. ગામડાઓ કે તાલુકાઓ કે જયાં મહાવિદ્યાલયો સ્થપાઈ નથી ત્યાંના યુવાનો / વિદ્યાર્થીઓનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

**(G)** વાણિજય ભવન (જો તે સ્થાઈ ન હોય તો ખાનગી વ્યાપારી સંકુલો) ના બધા જ સભ્યોનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

**(H)** વિભિન્ન સંસ્થાઓના કર્મચારી સંઘના આગેવાનોનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

**(I)** તાલુકા, ગામડા, શહેરો અને જિલ્લા કક્ષાના દરેક પત્રકારોનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

**(J)** બધા જ મહિલામંડળો અને વિકાસગૃહો / યુનેસ્કોના કાર્યાલયનો પણ સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

(K) દરેક મંદિરના પૂજારીઓ કે મહંત / સ્વામી, ચર્ચ અને મસ્જિદ અને સ્થાનિક ભજનમંડળીઓનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

(L) હરિજન / આદિવાસી / બક્ષીપંચના નેતાઓનો (જો તેઓ ન મળે તો આ જ્ઞાતિના સભ્યો) સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

(M) ઉદ્યોગપતિઓ, લારી–ગલ્લાવાળા, નાના ફેરિયાઓ, રેંકડીવાળાઓ, ખેતમજૂરો અને મકાન બાંધકામ કરનાર મજદૂરોનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

(N) બધા જ તાલુકા અને શહેરના રમતવીરોનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

(O) બધા હોમગાર્ડનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

(P) રોટરી કલબની, દૂધ ઉત્પાદક સહકારી મંડળીની અને સેવા સહકારી મંડળીની દરેક વ્યકિતનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

(Q) લાયન્સ કલબના સભ્યો અને નાના ઔદ્યોગિક એકમોના બધાજ કામદારો અને માલિકોનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

(R) જેસીસ કલબ તથા પી. એન્ડ કયુ. માં દર્શાવ્યા સિવાય બીજી કોઈ સામાજિક કલબના સભ્યોનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

(S) લાયોનેસ કલબ અને બાર એસોસિએશનના સભ્યોનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

(T) બધા જ પોલીસ સ્ટેશનો અને ત્યાંના કર્મચારી વર્ગનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

(U) દરેક તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરીના તમામ કર્મચારીગણનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

(W) દરેક મામલતદારશ્રીની ઓફિસના દરેક કર્મચારીઓનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

(X) બધા જ તલાટી કમ – મંત્રીશ્રીઓનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.
બધા જ સરપંચ, ઉપ–સરપંચ તેમજ ગ્રામ પંચાયતના તમામ સભ્યોનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

(Y) બધા જ તાલુકા પંચાયત / જિલ્લા પંચાયત ઓફિસોના કર્મચારી વર્ગનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

(Z) બધાં જ સરકારી અને ખાનગી દવાખાનાઓના તબીબી સાથે સિવિલસર્જન અને સહાયક સરકારી વકીલોનો સંપર્ક કરવો અને એક મિટિંગ કરવી.

ગરીબોના અને વંચિતોને તેમના જીવન, સ્વતંત્રતા અને માનવ અધિકારોને ઉડી અસર કરે તેવા તેમના પ્રશ્નો અને સામાજિક–કાનૂની સમસ્યાઓના ક્ષેત્રમાં, સંશોધનાત્મક પ્રયોગો એ નિવારક કાનૂન સેવા કાર્યક્રમનો સહુથી વધુ મહત્વનો ભાગ છે. કાનૂની સહાય અંગેના સમગ્ર કાર્યક્રમ અંગેની  સફળતા, સંશોધન ઉપર જ આધાર રાખે છે. દુર્ભાગ્યે આપણા દેશનાં ગરીબો તેમની ગરીબીની આપત્તિઓ, સમસ્યાઓ વિશે વિશ્લેષણાત્મક સંશોધન થયું નથી. આ ગરીબોને ડગલેને પગલે અન્યાય સહન કરવો પડે છે અને આ અંગે દેશનાં શિક્ષિતોએ અને વકીલઓ ચિંતન કર્યું જ નથી. આપણા કાનૂનની કોલેજોના અભ્યાસક્રમો, કાનૂની વ્યાખ્યાનો, પરિસંવાદોનો વિચાર કરીએ તો જણાશે કે આપણે માત્ર દંભી સહાનુભૂતિ જ વ્યકત કરતા આવ્યા છીએ. તેમની પીડા યાતનાઓનો વિચાર કર્યો નથી કે તેને સંપૂર્ણ રીતે જાણવા પણ પ્રયત્ન કર્યો નથી. ગરીબી અંગેનું અજ્ઞાન તથા તેને સમજવાની ઉપેક્ષા આજે ગરીબ સમાજની દુર્દશાનું કારણ છે. આ ગરીબ વર્ગ અને તેની ગરીબી ઉડા મુળ આ દેશમાં

નાંખી ગયેલ છે.  આ ગરીબીનો વાસ્તવિક વિશદ જ્ઞાન વગર આપણો અભિગમ યાંત્રિક અને પ્રણાલિકાગત રહયો છે. આ ગરીબો નિરક્ષર છે એમ આપણે કહીએ છીએ પણ શિક્ષિતો હોવા છતાં આપણે બધા તેમની સમસ્યાઓને સમજવામાં અશિક્ષિત બન્યા છીએ. આ પરિસ્થિતિમાં ગરીબી તથા તેની સમસ્યાઓમાં અભ્યાસ અને સંશોધન અનિવાર્ય બને છે.[510]

આ સંશોધન માટેની રીત કમીટિએ પોતાના અહેવાલમાં દર્શાવેલ છે.

આ કાનૂની સંશોધનનું અવારનવાર સમયાંતરે મૂલ્યાંકન કરવું જોઈએ. જેથી એ કાર્ય યોગ્ય માર્ગે ચાલતું રહે અને કાનૂની સેવા કાર્યક્રમની અપેક્ષાઓ તથા તે માટે રાખેલા ધ્યેયનો યોગ્ય સાક્ષાત્કાર થઈ શકે.

જેમાં સંસ્થાકીય પરિવર્તનો મુખ્ય ભૂમિકા ભજવી શકે તેમ છે તેમાંના અગત્યના નીચે મુજબ છે.

(૧) પરંપરાગત કાનુની સેવાના કાર્યક્રમના પુરસ્કર્તાઓ માને છે કે, દેશની રાજકીય અને આર્થિક વ્યવસ્થાનો પાયો મજબૂત છે, પણ તેમાંથી થોડા લોકો બાકાત રહે છે. તેથી વધુ વકીલો આ ક્ષેત્રમાં આવે તે આ કાનૂની પદ્ધતિનો લાભ વધુ લોકોને મળી શકે અને તેમની સમસ્યાઓનો યોગ્ય ઉકેલ લાવી શકાય.

(૨) પ્રવર્તમાન કાનૂની પદ્ધતિમાં તથા તેના માળખામાં ઘણીવાર ગરીબોને અન્યાય થાય છે, પણ તેનો ઉપચાર આજની વાદી–પ્રતિવાદી કે ફરિયાદી–તહોમતદારની જે પદ્ધતિ છે તેનાથી આપી શકાય. પરતું આ

[510] Jyotsana Bhagat; Socio-Economic Justice Through Lok-Adalat in Saurashtra (Ph.D.Thesis).

સત્ય નથી. તેમાં ગરીબો તથા સાધનસંપન્ન સમાજ વચ્ચે મૂળભૂત રીતે ન્યાયપ્રાપ્તિમાં તથા ન્યાય અન્યાયમાં ભેદ થાય છે. આ ગરીબોએ અનેક અન્યાયપૂર્ણ સંસ્થાઓને અધિન થવું પડે છે. તેથી આજની ન્યાયપ્રાપ્તિની રીત કોઈપણ રીતે ગરીબોની સમસ્યા માટે ઉચિત રીતે સહાયક નથી.

(૩) જો કાનૂની સેવા કાર્યક્રમ, માત્ર ગરીબીના રોગનાં લક્ષણોના ઉપચાર માટે ચાલતો રહે અને ગરીબીના કારણોના મૂળમાં ઉતરે નહીં અને જો આ ગરીબીના દર્દની સાચી દવા કરવી હોય તો ગરીબીને સદંતર નામશેષ કરી નાંખે એવી રીત અપનાવવી જોઈએ. આજની કાનૂની સહાય અને સેવાની પ્રવૃત્તિ પ્રમાણમાં ઉપરછલ્લી જણાય છે.

ભારત એક વિકાસશીલ દેશ છે. સ્વતંત્રતા પશ્ચાત આપણા દેશે કોઈપણ વિકાસશીલ દેશની સરખામણીમાં અત્યંત સારી પ્રગતિ કરી છે.પરંતુ,આ પ્રગતિ હોવા છતાં દેશના મોટાભાગના નાગરિકોને સમૃદ્ધિ અને ખુશાલી પ્રાપ્ત થઈ નથી. જે તેમને મળવી જોઈએ.

આનું સૌથી મોટું કારણ એ છે કે, આપણા દેશની વસ્તીનો એક બહુ મોટો ભાગ ગરીબી રેખાથી નીચે તેનું જીવન વ્યતિત કરી રહયો છે અને બીજું કારણ એ છે કે,આવા ગરીબોમાં સાધનોના અભાવને કારણે તેઓને ન્યાયથી વંચિત રહેવું પડે છે.

ન્યાયની એ સૌથી મોટી વિડંબણા છે કે, દલિત અને ગરીબ વર્ગ જેને ન્યાયની સૌથી વધુ આવશ્યકતા છે તેને જ ન્યાય પ્રાપ્ય નથી. ન્યાયમૂર્તિ શ્રી કિષ્ણઐયરે પોતાની પુસ્તક[511] માં ગરીબોને કાનૂની સહાય અંગે કહયું છે કે, ભારતમાં પ્રત્યેક પાંચમી વ્યકિત દલિત છે અથવા તો સાંસ્કૃતિક, આર્થિક તથા સામાજીક અસમર્થતાથી પિડીત છે.

---

[511] Law, Freedom and Change, Justice Krishna Iyer.

ન્યાયમૂર્તિ શ્રી પી. એમ. ભગવતીએ કહયું કે, ગરીબ અને નિરક્ષર લોકો, અદાલતની શરણ લેવા માટે સમર્થ હોવા જોઈએ. તેમની અજ્ઞાનતા કે નિર્ધનતા, અદાલતો દ્વારા તેમના ન્યાયપ્રાપ્તિના માર્ગમાં રૂકાવટ બનવી ન જોઈએ. જો તેઓ એટલા માટે ન્યાય પ્રાપ્ત કરવામાં અસમર્થ છે,કેમ કે એમના માટે તેને સહન કરવાનું સાર્મથ્ય નથી, તો તેનાથી તેમને કાનૂનના સમાનતાના સિદ્ધાંતથી દુર કરી દેવાનું થશે, કે જેની બંધારણના અંતર્ગત ખાત્રી આપવામાં આવી છે. જે તેમના મનમાં અન્યાય,કટુતા, ધ્રૃણા અને હતાશાની ભાવના ઉત્પન્ન કરશે. આ ભાવના તેમનામાં લોકશાહી સંસ્થાઓ અને કાયદાના પ્રત્યે ઉદાસીનતા ઉત્પન્ન કરવાને માટે જવાબદાર છે. એટલા માટે કાનૂની સહાય, ન્યાયની એક મૂળભૂત અપેક્ષા અને ન્યાયના વહીવટનું એક અનિવાર્ય અંગ છે.[512]

સામાન્ય ફરીયાદ એવી છે કે ગરીબ વર્ગના લોકોની અપેક્ષાએ અમીર વર્ગના લોકોને કાયદાનું રક્ષણ બહું સારી રીતે મળે છે.[513] તેનું કારણ એ છે કે, સ્વતંત્રતા પૂર્વે, બ્રિટીશરોનું શાસન હોવાને કારણે ભારતમાં ન્યાયવ્યવસ્થા, બ્રિટીશ પ્રણાલિકાઓને અનુરૂપ સ્થાપિત થઈ છે.[514] એટલે આ ન્યાયપ્રણાલી એવા શાસકો દ્વારા અપાયેલી છે કે જે, ભારતની પ્રજાને ગુલામીના એહસાસ હેઠળ દબાવી રાખવા માગતા હતા, પરંતુ સ્વતંત્રતા બાદ બદલાયેલી પરિસ્થિતી અનુસાર ન્યાયિક વ્યવસ્થાનું પરિવર્તન થયું નથી. જેમાં માનવીય દ્રષ્ટિની ખામી નજરે પડે છે.[515] અને તેટલા માટે ગરીબ વર્ગને સાચો ન્યાય સરળતાથી મળી રહયો નથી.[516]જયારે અદાલતના દ્વાર માત્ર સોનાની ચાવીથી જ ખુલતા હોય તો, ગરીબ કે જેને ન્યાયની અત્યંત આવશ્યકતા છે તે

---

512 Legal Aid in India.Justice P.N.Bhagvati.
513 Mrs. Indira Gandhi,Prime Minister of India,Saral Kanuni gyanmala,issue no.3.p.1.U.P.Legal Aid Programme.
514 Justice D.A.Desai, in All India Law Seminar, at Jodhpur,1981.
515 Justice Bhagvati, an Interview before Hindustan,NewsPaper 20-26 Feb,1983.
516 Ibid.

ન્યાયથી વંચિત રહી જશે. [517] પરિણામ એ આવશે કે તે કાયદાની વ્યવસ્થાને પોતાનો દુશ્મન માનવા લાગશે.[518]

આપણા બંધારણનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોને સામાજિક ન્યાય ઉપલબ્ધ કરાવવાનો છે પરંતુ એ પણ એટલું કડવું સત્ય છે કે, બંધારણના ૬૦ વર્ષો બાદ પણ સામાજિક ન્યાય લોકોની પહોંચથી દૂર છે. દેશમાં એટલી ભયંકર ગરીબાઈ,દરિદ્રતા અને નિરક્ષરતા છે કે જેને સમજયા વિના ન્યાય કરવો સંભવ નથી [519]

કાનૂની સહાય કાર્યક્રમને અપનાવાથી દેશમાં બે પ્રકારના નવા વાતાવરણ જોવા મળશે.

૧. ન્યાયની સરળ પ્રાપ્તિ અને

૨. શોષણથી મુકિત

કાયદાની જોગવાઈઓ અને પુસ્તકોમાં  માં ગરીબોને માટે ઘણી બધી યોજનાઓ કરવી એ પ્રયાપ્ત નથી. પરંતુ જરૂરી એ છે કે આવી યોજનાઓને વ્યવહારમાં અમલમાં મુકવી.

પ્રવર્તમાન કાયદા વ્યવસ્થાથી પીડીત, દેશના લાખો અને કરોડો ગરીબ અને નબળા વર્ગોનો વિશ્વાસ ઉઠવા માંડયો છે. આર્થિક અસમર્થતા અને બીજી અસમર્થતાઓને કારણે તેઓ અદાલતના દ્વાર ખટખટાવતા અને સંઘર્ષ કરવા માટે તેમના સાહસને તોડી નાખ્યો છે. ન્યાય અત્યંત ખર્ચાળ અને વિલંબકારી છે અત્યંત વિલંબ પછી, જો અદાલત દ્વારા કોઈ ગરીબને ન્યાય મળે તો એનો કોઈ અર્થ નથી. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે કાયદાએ ઉપાયતો આપ્યો પણ દાકતરી ભાષામાં કહીએ

---

517 Limen Abbot, Editor 'Outlook' on 25 th Anniversary of Legal Aid Society in New York.

518 'Recorder' News Paper of San Fransisco, issue, 6,1916.

519 Supra note 9.

તો જાણે ઓપરેશન સફળ થયું પણ દર્દી મરી ગયો. આપણે ઓપરેશન પણ સફળ કરવાનું છે અને રોગીને પણ બચાવવાનો છે એટલા માટે તાત્કાલિક ઉપાય માટે કાનૂની સહાય અત્યંત આવશ્યક છે. જે અંગેની જોગવાઈઓ કાનૂની સહાય અંગેની યોજનામાં કરેલી છે (ભૂમિકા) ન્યાયમૂર્તિ શ્રી કિષ્ણઐયરે કહયું છે કે."....... ભારતની રાજધાની દિલ્હીમાં તિલકનગર રોડ ઉપર એક લાલઈમારત છે જેને સુપ્રિમકોર્ટ તરીકે ઓળખવામાં આવે છે જયારે હું ગરીબ વિસ્તારમાંથી પસાર થતો અદાલતની તરફ જતો હોઉ છું, ત્યારે મને એવું લાગે છે કે આ લોકોને ન્યાય ઉપલબ્ધ નથી.[520] તો આપણે શું આ વાસ્તવિકતાથી આંખો બંધ કરીને એવું કહી શકીએ કે ગરીબ, દલિતો અને વંચિત લાખ્ખો લોકો એવા છે કે જે અદાલત, ન્યાય તથા કાયદાનાક્ષેત્રથી હજુ પણ અછુત છે....." [521] આપણા માટે પ્રશ્ન એ છે કે, આવા ગરીબોને ન્યાય કેમ પ્રાપ્ય નથી અને તેમને ન્યાય કઈ રીતે આપી શકાય.કાયદા વ્યવસ્થામાં આ જે ખામીઓ નજરે પડે છે તે આપણી પ્રવર્તમાન વ્યવસ્થાને કારણે જ છે.આપણે સત્યને શોધવા કરતા સાક્ષીઓ અને વકીલના પોપટ પાળીએ છીએ. આવા પોપટ બીજુ બધું બોલે છે પરંતુ સત્ય કયારે પણ બોલતા નથી. આચાર્ય રજનીશજીના કહેવા મુજબ અહીંયા માણસોમાં પણ આવા પોપટોની એટલી બધી સંખ્યા થઈ ગઈ છે કે જેમનો કોઈ જવાબ નથી. આ પોપટો એજ કહે છે જે તેમનો માલિક કહે છે.[522] શું વકીલ આ રૂપમાં તેના અસીલનો પોપટ માત્ર નથી તેને સત્ય કરતા વધુ, પોતાના અસીલની ચિંતા છે, અને આવી પરિસ્થિતિમાં ન્યાયની કલ્પના કરવી તે અત્યંત દૂષ્કર બની ગંયું છે. પ્રવર્તમાન ન્યાયપ્રણાલી પર ચિંતા કરતા ન્યાયાધિશ શ્રી પી. એન. ભગવતીએ કહયું છે કે " ન્યાય આપવાની અત્યારની પ્રણાલી જો આ જ રીતે ચાલતી રહી તો એક દિવસ એવો આવશે કે, જયારે લોકો આ

---

520 Justice KrishnaIyer, in his Lecture given at B.J.S.Rampuria College, Bikaner (Raj) dated 17-11-80.

521 Manjur Ahmad v. R.T.A. Kota & Others, AIR 1979 Raj 98.

522 Shri Acharya Rajnishji, In Search of Truth,p.10.

પ્રણાલીને ધિકકારશે કે ઠોકર મારશે'' [523] ન્યાયધિશ લોઢાએ પણ આવું જ કહયું છે કે '' જો આપણે આમાં નિષ્ફળ રહીશું તો કેસ લડવાવાળા લાખો કુટુંબો કે જેઓ આને કારણે ત્રસ્ત છે તે વર્તમાન ન્યાયપ્રણાલીના વિરૂદ્ધ ક્રાન્તિ ઉપર ઉતરી આવશે.[524]આ પરિસ્થિતિમાંથી છુટકારો મેળવવા માટે ભારત ઉપરાંત બીજા અન્ય દેશોમાં પણ સતત વિચારવિમર્શ ચાલી રહયો છે. બધી બાજુથી એકજ પ્રશ્ન અને એક જ જવાબ આવે છે કે, કાયદાકિય સમાનતા, સામાજીકન્યાય, સમાનતા અને સ્વતંત્રતાની, કાયદાના પુસ્તકોના સોનેરી અક્ષર બની રહેવાની જગ્યાએ તેને પ્રેકટીકલ રૂપ આપીને કાર્યાન્વિત કરવા જોઈએ. આ પ્રકારે આપણે ન્યાયની કેન્સરરૂપી શલ્યચિકિત્સાના રૂપમાં ગરીબોને માટે સહાય પદ્ધતિ અંગેના વિચારનો ઉદ્દ્ભવ થયો.

ન્યાયમૂર્તિશ્રી પી. એન. ભગવતીએ કહયું છે કે ન્યાયના વહિવટમાં અમીર અને ગરીબ વચ્ચે જે અસમાનતા છે તેને આપણે સમાપ્ત કરી દેવી જોઈએ. આવું કરવાથી જ આપણે ગરીબોમાં, કાયદાના પ્રત્યે વિશ્વાસ ઉત્પન્ન કરી શકીશું. તોજ ગરીબ, કાયદાને અનિષ્ટ સમજવાની જગ્યાએ મિત્ર સમજશે અને આ કાર્ય એટલું પ્રભાવશાળી કાનૂની સહાય સંગઠનોના સહયોગથી થઈ શકશે, કે જે ગરીબોને સ્પષ્ટરીતે સમજાવી શકે કે કાયદો કેવી રીતે તેમના રક્ષણ માટે ઘડાયો છે અને તેઓ કઈ રીતે તેનો મહત્તમ લાભ પ્રાપ્ત કરી શકશે અને પોતાના અધિકારોને મેળવી તથા સ્થાપિત કરી શકે. [525] એટલે કે આ યોજનાથી આપણે કાયદાના પિતા–પુત્રના પ્રતિક (વાલીપણું) પ્રણાલીને પ્રસ્થાપિત કરવી પડશે.[526]જોલી જયોર્જ વર્ગીશ વિરૂદ્ધ કોચિન બેન્ક [527] ના કેસમાં સુપ્રિમ કોર્ટે એવું ઠરાવ્યું કે એક ગરીબ પરંતુ ઈમાનદાર,

---

[523] Legal Aid on India, in Law and The Commanwealth, Singhvi and Das.
[524] Indian Judicial System, Navbharat Daily, 27-10-82.
[525] Legal Aid in India.
[526] Doctrine of Frenk, Follower of Realistic School.
[527] AIR 1979 SC 1377.

કરજદારને એવા આધાર ઉપર ધરપકડ કરવી અને જેલમાં મોકલવો, કે તે પોતાની ગરીબાઈને કારણે હુકમનામામાં જણાવેલ, નવી ધિરાણની રકમ ચુકવવાને માટે અસમર્થ છે. તો તે ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૧ અને ઈન્ટરનેશનલ કૉવેનન્ટ ઓન સિવીલ એન્ડ પોલીટીકલ રાઈટ્સ,ની કલમ ૧૧ નું હનન કહેવાશે. આંતરરાષ્ટ્રિય અધિકારોની આ કલમ એવું જણાવે છે કે, કોઈપણ વ્યકિત પોતાની કરારજન્ય જવાબદારી પુરી કરવામાં અસમર્થ હોય માત્ર તે કારણસર તેને બંદી બનાવવામાં આવતો નથી.

ન્યાયમૂર્તિ કિષ્ણઐયરે બહુમતી નિર્ણય આપતા જણાવ્યું હતું કે ,એક ગરીબ વ્યકિતને, ફકત દેવું ન ચુકવવાને કારણે જેલમાં મોકલવો તે બંધારણના અનુચ્છેદ ૨૧ અંતર્ગત તેના જીવન અને વૈયકિતક સ્વતંત્રતાથી વંચિત કરવા બરાબર છે. ગરીબ હોવું એ કોઈ અપરાધ નથી. એટલા માટે ગરીબોને મફત કાનૂની સહાયનો અધિકાર અનુચ્છેદ ૨૧ દ્વારા મળતા જીવન અને વૈયકિતક સ્વાતંત્ર્ય દ્વારા મળતા મૂળભૂત અધિકાર અંતર્ગત માનવામાં આવ્યો છે.[528] આ પ્રકારે કાનૂની સહાયના મૂલ્યને ઓછુ આંકી શકાય તેમ નથી.

બંધારણ દ્વારા અપાયેલા આર્ટી. ૨૧ના મૂળભૂતઅધિકાર અંતર્ગત જીવન અને સ્વાતંત્ર્ય અને કોફેપોસા અધિનિયમ,ની કલમ ૮(ડ)અનુસાર કોઈપણ આરોપી વ્યકિતને તેની સુનવણી દરમ્યાન જરૂરી કાનૂની સહાય આવશ્યક હોય છે. જરૂરી કાનૂની સહાય વિના બધાજ અધિકારો નિરર્થક થઈ જશે.[529]

ભાગલપૂર જેલના કેદીઓની આંખો ફોડીને તેમને અંધ બનાવવાના જઘન્ય હત્યાકાંડથી સુપ્રિમ કોર્ટ હચમચી ગઈ અને ખત્રી વિરૂદ્ધ રાજય[530]ના કેસમાં દૃઢ

---

[528] Superintendent and Reambresher Legal Affairs West Bengal v. S.Bhaumic AIR 1981 SC 917.
[529] Smt.Kavita v. State of Maharastra.
[530] AIR 1981 SC 928.

તાપૂર્વક કહયું કે મફત કાનૂની સેવાનો અધિકાર પૂરો પાડવો એ રાજયનું કર્તવ્ય છે. આ અધિકાર એ સમયથી જ ઉત્પન્ન થાય છે, કે જયારે આરોપી વ્યકિતને મેજીસ્ટ્રેટ સમક્ષ સૌ પ્રથમવાર લાવવામાં આવે છે.

કાનૂની સહાય કાર્યક્રમનો બીજો મહત્વનો પક્ષ તેની વિસ્તૃત વિષયસુચી છે.

ન્યાયમૂર્તિ શ્રી પી.એન.ભગવતીએ[531]તેના બે પ્રકાર બતાવ્યા છે. તેમના મત મુજબ,

તેમનો પ્રથમ પ્રકાર ઉપચારાત્મક છે, જે લોકોને તેમનો વિવાદ, અદાલત તથા ટ્રિબ્યુનલ વગેરેમાં લઈ જવા સંબંધે, કાનૂની સહાય તથા સલાહ આપવાને સંબંધિત છે, પરંતુ કાનૂની સહાયનો બીજો મહત્વપૂર્ણ પ્રકાર નિવારક છે. જેના દ્વારા, લોકોને કાનૂની અધિકારો અને કાનૂની જ્ઞાનના સંબંધમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. તેમજ ગ્રામિણક્ષેત્રમાં કાનૂની સહાય શિબિરોના માધ્યમથી કાનૂની સેવાને લોકોના ઘરના આંગણે સુધી લઈ જવાનો પ્રયાસ કરવામાં આવે છે. પેરા લિગલ ટ્રેનિંગના માધ્યમ દ્વારા આ પ્રયાસ કરવામાં આવે છે.

કાનૂની સહાય કેન્દ્ર દ્વારા કાનૂની સહાય અંગેના ઉપદેશો, નીચે મુજબની પ્રક્રિયાઓ દ્વારા પ્રાપ્ત કરી શકાય તેમ છે.

### ૧. કાનૂની જ્ઞાનની જાગરૂકતા

જયાં સુધી કાનૂની જ્ઞાનનો સબંધ છે, ત્યાં સુધી કાનૂની સહાય કાર્યક્રમએ સૌથી અગત્યનો મુદ્દો છે.તેના માટે રાજય સરકારે, લોકોને પોતાના અધિકારો તથા સામાજીક કલ્યાણની યોજનાઓ પ્રતિ કાનૂની જાગરૂકતા ઉત્પન્ન કરાવવાના હેતુસર, પ્રચાર સામગ્રી તથા નાની પુસ્તિકાઓના માધ્યમથી પ્રચાર કરવો યોગ્ય છે.ન્યાયાધિશ શ્રી ભગવતીએ કહયું છે કે ,જો આપણે ખરેખર આને કાર્યાન્વિત કરવા માંગતા હોય અને

[531] Proceeding of the Workshop on Establishment of Legal Services, Lucknow (1981).p.1

તેને પ્રભાવશાળી બનાથવા માગતા હોઈએ તો તેના માટે તે અત્યંત આવશ્યક છે કે, તે વ્યકિત કે જેના લાભાર્થે આ અધિનિયમ બનાવવામાં આવ્યો છે ,તેને એ ખબર કે જ્ઞાન થવું જોઈએ કે ,તેને કયા અધિકાર આપવામાં આવ્યા છે. ન્યાયમૂર્તિ શ્રી ભગવતીએ એવું પણ સૂચન કર્યું હતું કે લોકો તેને સરળતાથી સમજી શકે તે માટે તે અત્યંત આવશ્યક છે કે આવા પ્રકાશનોને હિન્દી ભાષામાં કે યથાયોગ્ય  તેમની માતૃભાષામાં પ્રગટ કરવા જોઈએ.[532]

## ૨. કાનૂની સહાય શિબિર

ન્યાયને લોકોના ઘરઆંગણે પહોંચાડવા માટેનો આ એક મહત્વપૂર્ણ રસ્તો છે. કોઈપણ વિવાદના સબંધમાં કાનૂની સહાય કે સલાહ માટે લોકોએ કાનૂની સહાય કેન્દ્ર સુધી પહોંચવું પડે છે. જે કેટલાક લોકો માટે કઠિન હોય છે. કાનૂની સહાય શિબિર દ્વારા નાના પ્રકારના વિવાદોને બહું ઝડપથી ઉકેલી શકાય છે. તેના દ્વારા ન્યાયપ્રાપ્તિના વિલંબને પણ દૂર કરી શકાય છે. આવી શિબિરો બહુ ટૂંકા સમયમાં નિયમીત સમયાંતરે ગોઠવવી જોઈએ. આવી શિબિરો દ્વારા જે બાબતો અદાલતોમાં છે તેને બહુ ઝડપથી ઉકેલ લાવી શકાય છે અને જે બાબતો અદાલતમાં ગઈ નથી તેને પણ અદાલત બહાર જ સરળતા પૂર્વક ઉકેલી શકાય છે. ગુજરાત રાજયમાં આ માટે એક ખાસ પ્રકારની મોબાઈલ વાન (લિગલ એમ્બ્યુલન્સ) મોબાઈલ રથ ની સેવા પણ શરૂ કરવામાં આવી છે.

## ૩. કાનૂની પ્રક્રિયામાં પરિવર્તન

દેશમાં પ્રવર્તમાન સામાજીક, આર્થિક પરિસ્થિતિઓના સબંધમાં, અદાલતો દ્વારા "સાંભળવાના અધિકાર" ઉપર પુનઃવિચાર કરવામાં આવ્યો હતો.

[532] Proceeding of the Workshop on Establishment of Legal Services, Lucknow (1981).p.3

ન્યાયમૂર્તિ શ્રી પી.એન. ભગવતી અનુસાર ગરીબોની સમસ્યા મુખ્યત્વે વ્યકિતગત સમસ્યા નથી, પરંતુ તેમની સમસ્યા એક વર્ગની સમસ્યા કે સામાજીક સમસ્યા છે.[533]અને તેથી જનહિતવાદી સંસ્થાઓ, સમાજના આ ગરીબ વર્ગને માટેનું પ્રતિનિધિત્વ કરીને તેમને અદાલત સમક્ષ લઈ જઈ શકે છે. અદાલતોએ હોસ્પિટલ કે કિલનિકની રીતે કાર્ય કરવું જોઈએ કે જેથી ગરીબોને તેનો લાભ મળી શકે.[534]

સંપૂર્ણ અધ્યયન બાદ આપણે એવું કહી શકીએ કે, કાનૂની સહાય કાર્યક્રમની જરૂરીયાત ભારતમાં છે કારણ કે, મોટા ભાગના લોકો ગ્રામ્ય વિસ્તારમાં રહે છે. તેઓ નિરક્ષર છે ઉપરાંત ગરીબી રેખાથી નીચે પોતાનું જીવન વ્યતિત કરી રહયા છે, ઉપરાંત કાયદાની પ્રક્રિયાની જટિલતાને તેઓ સમજી શકતા નથી.

કાનૂની સહાય પદ્ધતિમાં કાનૂની સહાયનો એક સંગઠનાત્મક ઢાંચો તૈયાર કરવામાં આવે છે. કારણ કે ખાલી સંગઠનના નિર્માણથીજ કામ થતું હોતું નથી. પરંતુ તેનો યોગ્ય વહીવટ પણ જરૂરી છે. સંગઠનાત્મક પ્રણાલી યોગ્ય રૂપે કામ કરે તેના માટે સામાજિક ભાગીદારીના સિદ્ધાંતને અપનાવવો જોઈએ. આ સિદ્ધાંત અનુસાર કાનૂની સહાય સંબંધી કાર્યક્રમોને દર્શાવેલ ક્રમમાં યોજવા જોઈએ. યોજનાઓ બનાવવી. સંગઠન બનાવવું, કર્મચારીઓની વ્યવસ્થા કરવી નિદર્શન કરવું, સમન્યવ કરવું, વેતન ચૂકવવું અને તે માટે બજેટ તૈયાર કરવું વગેરે આવી જાય છે.

આધુનિક કાયદા પદ્ધતિમાં, કાનૂની સહાય એ સામાજિક ન્યાય મેળવવાનું એક અગત્યનું સાધન છે મૂળભૂત રીતે તે કાયદાનું શાસન, કાયદા સમક્ષની સમાનતા, લોકશાહી, સામાજિક ભાતૃત્વ અને સ્વતંત્રતાના સિદ્ધાંતો સાથે જોડાયેલું છે. ગરીબી અને નિરક્ષરતાના દુષણોને કારણે સમાજના વંચિત વર્ગના લોકો કાયદાના

533 Ibid,p.5.

534 Justice Mohanlal Srimal,Chief Justice of Rajasthan High court, All India Judicial Conference dated 24.01.1983.

મીઠાફળ ચાખી શકતા નથી. અને કલ્યાણકારી યોજનાઓનો લાભ લઈ શકતા નથી, તેમના માટે કાનૂની સહાય અત્યંત ઉપકારક બની રહે તેમ છે. નજીકના વર્ષોમાં કાનૂની સહાયના ખ્યાલમાં પાયાનો બદલાવ આવ્યો છે. આજના સમયમાં કાનૂની સહાય એ ફકત દાવા–દૂવીને ઉકેલવાનું જ સાધન નથી. પરંતુ ગરીબાઈને નિર્મૂળ કરવાનું યોગ્ય વિકાસ માટેનું અને તે થકી સામાજીક ન્યાય મેળવવાનુ આપણી કાયદા પદ્ધતિના અંતર્ગત ભાગરૂપ છે.  કાનૂની સહાયની ચળવળ સૌ પ્રથમ યુરોપમાં, ત્યારબાદ અમેરિકા અને ધીરે ધીરે વિશ્વના બીજા ભાગોમાં પ્રસરી, બીજા વિશ્વયુદ્ધ પછીના થયેલા બનાવોએ આ કાનૂની સહાયને માનવ અધિકારના જાગૃતપ્રહરી તરીકે જોઈ અને ધીરે ધીરે કાનૂની સહાય એ મૂળભૂત માનવ અધિકાર છે તેવું પ્રસ્થાપિત થયું. ભારતમાં કાનૂની સહાય સ્વાતંત્ર્ય પછીની ઘટના છે, જોકે સ્વાતંત્ર્ય પૂર્વેના તથા કેટલાક બિન સરકારી સંગઠનોના પ્રયત્નો અને ત્યારબાદ રચાયેલી જુદી જુદી કમિટીઓ જેવી કે, બોમ્બે કમિટી, પશ્ચિમ બંગાળ સમિતિ, ગુજરાત સમિતિ, નિષ્ણાતોની સમિતિ, જયુડીકેચર સમિતિ અને ભગવતી કમિટીથી તેમાં વેગ આવ્યો છે અને હવે તે બંધારણીય આદેશ બની ગયો છે. ન્યાયતંત્રની ક્રિયાશીલતાને પણ તેમાં અવગણી શકાય તેમ નથી. ફોજદારી કાર્યવાહી ધારો અને દિવાની કાર્યવાહી ધારાની જોગવાઈઓ ઉપરાંત બંધારણના આર્ટિકલ ૨૧ માં તેનો સમાવેશ અને તેના પરિણામે જોવા મળતા અસંખ્ય ચુકાદાઓ અને અત્યંત ઉપયોગી માર્ગદર્શિકાઓ આપણી સમક્ષ આવી છે કે જે સમાજના નબળા અને વંચિત વર્ગોને કાનૂની સહાય એક અધિકારની રૂએ પૂરી પાડે છે. બળાત્કાર જેવા ગંભીર ગુના ઉપરાંત જાતીય સતામણીના  ભોગબનેલાને પણ કાનૂની સહાય આપવા પર ભાર મૂકાયો છે દિલ્હી ડોમીસ્ટીક વુમેન ફોરમમાં આ અંગે જણાવવામાં આવ્યું હતું. કાનૂની સેવાને વધુ સારી બનાવવા માટે જે સંભાવનાઓ નજરે પડે છે તે નીચે મુજબ ગણી શકાય.

૧. રાષ્ટ્રિય માનવ અધિકાર પંચે લિગલ એઈડ કમિટિ નામની સ્પેશીયલ સબ કમિટિઓ બનાવવી જોઈએ કે જે કાનૂની સહાયની ચળવળને મદદ કરે અને પ્રોત્સાહન આપે સ્પેશીયલ લિગલ એઈડ ફંડ પણ ઉભું કરવું જોઈએ કે જેથી જરૂરિયાત મંદને આર્થિક મદદ પણ કરી શકાય.

૨. કાનૂની સેવા સત્તા અધિનિયમના અસરકારક અમલિકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા યોગ્ય તથ્યયુકત નાણાની જોગવાઈ કરવી જોઈએ.

૩. બંધારણિય કાયદા જેવા મૂળભૂત કાયદાઓ ઉપરાંત અન્ય કાયદાઓમાં થતા સુધારા વધારા કે નવા અમલમાં આવતા કાયદાઓને કાનૂની સહાય સાથે સાંકળી લેવા જોઈએ અને તે અંગેના નિયમો બનાવવા જોઈએ.

૪. કાનૂની સહાય યોજના સાથે સંકળાયેલા દરેક વિવિધ વર્ગના લોકોને કમિટી કે સત્તા મંડળમાં યોગ્ય સ્થાન મળવું જોઈએ.

૫. કાનૂની સહાયનો એક અગત્યનો હેતુ, કાનૂની જાગરૂકતા લાવવાનો છે, તે માટે સમૂહ પ્રત્યાયનો જેવા કે, રેડિયો, ટેલીવિઝન, સમાચારપત્રો, ચોપાનિયા વગેરે દ્વારા અને નિયમિત સમયાંતરે વિવિધ જૂથો માટે કાનૂની જાગરૂકતા કેમ્પના આયોજન કરવા જોઈએ, જેથી લોકોને તેમના કાયદાકીય હકક વિશે જાણકારી પ્રાપ્ત થાય.

૬. કાનૂની સહાય પ્રાપ્ત કરવા માટેની આર્થિક મર્યાદાને સમય અને સંજોગો સાથે મોંઘવારી તથા ફુગાવાના દરની સાથે બદલવી જોઈએ જેથી આવા લોકો તેનો યથાયોગ્ય લાભ મેળવી શકે.

૭. કાયદાના વ્યવસાયકારો માટે કાનૂની સહાય પ્રત્યે ખાલી દયાભાવના હોવી જરૂરી નથી, પરંતુ વાસ્તવમાં ગરીબ વ્યકિતઓને સંપૂર્ણ અર્થમાં કાનૂની સહાય

પ્રાપ્ત થાય એ માટેના પ્રયત્નો કરવા જોઈએ આમ કાનૂની સહાય, કેવળ વચન ન બની રહેતા યર્થાથ સાબિત થવી જોઈએ.

૮. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, કાનૂની સહાયના નિયમો પ્રમાણે જે વકીલે ઓછામાં ઓછી પાંચ વર્ષની સેવાઓ કરી છે તેમણે વર્ષમાં ઓછામાં ઓછા છ કેસમાં પોતાની વ્યવસાય સેવાઓને આવી વ્યકિતઓ માટે મફત આપવી જોઈએ.આ માટે કોઈપણ વકીલ તેમાંથી બાકાત રહેવા ન જોઈએ. જે વકીલ આવી સેવાઓ પુરી ના પાડે તેમનું આગલા ર્વષો માટે રજીસ્ટ્રેશન થવું ન જોઈએ. સિનિયર તેમજ ધુરંધર વકીલોએ પણ વર્ષમાં નકકી કરેલ કાનૂની સેવાઓ આપવી ફરજીયાત બનાવવી જોઈએ આ નિયમનું સખ્તાઈથી અમલ થવો જોઈએ જેથી લાંબાગાળાના કાનૂની સહાય કાર્યક્રમને એ મદદરૂપ થશે.

૯. કાનૂની સહાય યોજના માટે કેન્દ્ર કે રાજય તરફથી મળતા અનુદાનના ઉપયોગથી યુનિવર્સિટી અને લૉ કોલેજીસને પણ તેમના સંકુલમાં કાનૂની સહાય કેન્દ્રો સ્થાપવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

૧૦. કાયદાની કોલેજના સ્નાતક અને અનુસ્નાતક એમ બંને કક્ષાના વિદ્યાર્થીઓ માટે કાનૂની પ્રત્યક્ષ શિક્ષણ પદ્ધતિને અનુરૂપ કાનૂની સહાય કેન્દ્રો સ્થાપીને તેમને તેમાં જોડવા જોઈએ.

૧૧. યોગ્ય અને ઉમદા સામાજીક કાર્યકર્તાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓને પણ કાનૂની સહાય યોજનામાં સાંકળી લેવા જોઈએ આવા સભ્યોનું કાનૂની સહાય કમિટીઓમાં યોગ્ય પ્રતિનિધિત્વ હોવું જોઈએ. આ ઉપરાંત કાનૂની સહાય જેવા ઉમદા કાર્યને કરી શકવા અસમર્થ પરંતુ ઉત્સાહિત લોકોને નાણાંકિય સુવિધાઓ પણ પૂરી પાડવી જોઈએ.

૧૨. કાયદા ઘડનારી અને કાયદાનો અમલ કરાવતી સંસ્થાઓએ પોતાના માળખાકીય અને પ્રક્રિયાત્મક બાબતોમાં ફેરફાર કરાવીને મફત અને ઝડપી ન્યાય મળે તે માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ આ માટે પ્રિટ્રાયલ સેટલમેન્ટ અને કોર્ટ દ્વારા સંચાલિત તેવા વૈકલ્પિક તકરાર નિવારણ કેન્દ્રો ચાલુ કરવા જોઈએ કે જેથી કોર્ટમાં જતા પહેલા લોકો તેમના પ્રોબ્લેમને આવા કેન્દ્રોમાં ઉકેલી શકે.

કાનૂની સહાયના ભવિષ્યને વધુ સારુ બનાવવા માટે કાનૂની સહાય ચળવળને પ્રજાની ચળવળમાં બદલવી પડશે. કાનૂની સહાયના અર્થને ફકત કોર્ટ સુધી મર્યાદિત ન રાખતા તેમાં સમાજને કાયદાકિય જાગૃતિ અપાવવા અંગેના સેમિનાર વૈકલ્પિક તકરાર પદ્ધતિને વધુ ઉપયોગી અને લોકભોગ્ય બનાવવી અને મીડીયામાં તેનો પ્રચાર કરવો વગેરે ગણાવી શકાય. કાનૂની સહાય કેન્દ્ર અમદાવાદ દ્વારા, આ અંગેના અનેક પ્રયત્નો કરવામાં આવે છે. જુદી જુદી જગ્યાએ બેનર તથા હોર્ડિંગ્સ લગાવીને પ્રજાને જાગૃત કરવાના પ્રયત્નો થાય છે. મોટા શહેરોમાં રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, બેન્ક તેમજ શાળા કોલેજોની આસપાસ જયાં પ્રજાની અવર જવર વધારે રહે છે જયાં આ પ્રકારના પોસ્ટર્સ મુકવામાં આવે છે. નાના નાના ચોપાનીયાની વહેંચણી કરવામાં આવે છે.[535] આ ઉપરાંત સમયાંતરે સમાચાર પત્રો, મેગેઝીન્સ તથા ટી.વી.માં પણ આ અંગેની જાહેરાત જોવા મળે છે. આમ કાનૂની સહાય કેન્દ્ર, અમદાવાદનું આ કાર્ય અત્યંત સરાહનીય છે. આ ઉપરાંત પેરા લિગલ્સની ભૂમિકાને અગત્યની ગણીને તેમના દ્વારા પ્રિલીટીગેશન સ્ટેજને ઉકેલવા પર ભાર મૂકવો જોઈએ. કાનૂની સહાય યોજનાને આગળ ધપાવે તેવી કેટલીક કાયદા દ્વારા સંચાલિત સંસ્થાઓની પણ રચના કરવી જોઈએ અને તેમને પણ આ સમગ્ર પ્રક્રિયાના સરખા ભાગીદાર બનાવવા જોઈએ. જેવી

[535] Schedule No.17.

કે, સામાજીક ન્યાયસમિતિઓ, કૌટુંબિક સલાહ કેન્દ્રો વગેરે દ્વારા સમાજની પ્રત્યેક્ષ કે પરોક્ષ ભાગીદારીથી તેમના પણ આ અંગેની જવાબદારી વધશે.

કાયદાના વિદ્યાર્થીઓ, કાયદાના શિક્ષકો, બિન સરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ, આંગણવાડીના કાર્યકર્તાઓ તેમજ સ્કૂલના શિક્ષકો અને પંચાયતના સભ્યોને પણ પેરા લિગલ તરીકેની ટ્રેનિંગ આપીને આ યોજના વધુ સારી રીતે બનાવી શકાય.

કાનૂની સહાય કેન્દ્રના માળખામાં ફેરફારો કરીને તેમાં પૂર્ણ સમયના ન્યાયધિશ તેમજ વકીલ અને સમાધાન કર્તાની નિમણૂંક અંગેની જોગવાઈ કરવી જોઈએ. જેઓ આ કેન્દ્રની સમગ્ર પ્રવૃતિઓ અને કાર્યો ઉપર સીધુ નિયત્રણ રાખી શકે.

પૂર્ણ સમયના કાનૂની સલાહકારોની નિમણૂંક કરવી જોઈએ અને તેમને યોગ્ય વેતન આપવું જોઈએ.

કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલા તમામ વ્યકિતઓને જુદા જુદા કેમ્પ, કાર્ય શાળાઓ કે સેમિનાર વગેરે આયોજન કરીને તેમને યોગ્ય ટ્રેનિંગ આપવી જોઈએ અને તેમના માટે જુદાજુદા ટાર્ગેટ ગ્રુપની સમસ્યાઓને ઓળખી પીછાણી શકે તે રીતે વિભાજીત કરી તૈયાર કરી તેમના માટે અલગ ઓરિએન્ટેશન અને રિફ્રેશર જેવા કોર્ષનું આયોજન કરવું જોઈએ.

સમાજ અને કાયદાની જરૂરિયાત પ્રમાણે જુદા જુદા વિભાગો શરૂ કરીને તેને અનુરૂપ જુદા જુદા સેલ ચાલુ કરવા જોઈએ. જેમકે આર્થિક ગુનાઓ અંગેનો, સાઈબર ક્રાઈમ્સ અંગેનો વગેરે...

કાનૂની સહાય કેન્દ્ર દ્વારા કાનૂની જાગરૂકતા આપવા માટે નાની નાની પુસ્તિકાઓ ઉપરાંત ઓડીયો વિઝયુઅલ મટીરીયલ, મેગેઝીન્સ વગેરેની જુદા જુદા ટાર્ગેટ ગૃપ માટે તૈયાર કરીને યોગ્ય રીતે તેની વહેંચણી કરવી જોઈએ.

દરેક કાનૂની સહાય કેન્દ્રની સમક્ષ એક ફરિયાદ બોક્ષ રાખવું જોઈએ અને દર પંદર દિવસે આવી ફરિયાદો પ્રત્યે ધ્યાન દોરવાવું જોઈએ અને તેનું યથાયોગ્ય નિરાકરણ કરવું જોઈએ.

દરેક કાનૂની સહાય કેન્દ્રમાં એક યોગ્ય અને સંપૂર્ણ માહિતી આપનાર વ્યકિત હોવી જોઈએ.

કાનૂની સહાય કેન્દ્રની કામગીરીને સફળ બનાવવા માટેની જોગવાઈઓ નીચે મુજબ દર્શાવી શકાય.

૧. યોગ્ય પ્રસિદ્ધિ –પોસ્ટર્સ દ્વારા,જાહેરાત દ્વારા, જાહેર જગ્યાઓએ નોટિસ દ્વારા માસ મિડીયા દ્વારા

૨. દાવા–દૂવી અંગે – કાનૂની પ્રક્રિયાને અત્યંત સરળ બનાવીને, ન્યાય સરળતાથી મળે તે માટેના વિવિધ પ્રયત્નોથી, યોગ્ય રીતે અનુસરણ કરવાથી, સામાજીક અને કાયદાકિય કાઉન્સેલીંગ કરવાથી, યોગ્ય દસ્તાવેજીકરણ, વિજાણુમાધ્યમોના ઉપયોગથી, અને પ્રવર્તમાન પ્રણાલી અને ભવિષ્યમાં ઉપસ્થિત થનારા કાયદાકિય પ્રશ્નો અંગેનો યોગ્ય સંશોધન પ્રણાલિ વિકસાવવાથી.

૩. વૈકલ્પિક તકરાર પદ્ધતિને યોગ્ય રીતે પ્રોત્સાહિત કરવાથી, મીડીએશન અને કાઉન્સલીંગસેલની સ્થાપના કરવાથી, લોક અદાલતો વગેરેનું આયોજન કરવાથી.

૪. જાગરૂકતા પ્રોગ્રામ – સ્કૂલ અને કોલેજ કક્ષાએ, ગ્રામ્ય અને શહેરી કક્ષાએ જુદા જુદા વંચિત અને નબળા વર્ગો ગૃપો માટે

૫. ટ્રેનિંગ પ્રોગ્રામ્સ –ખાસ કરીને કાયદાના વિદ્યાર્થીઓ, જુનિયર વકીલો, પેરા લિગલ્સ માટે

૬. વર્કશોપ અને સેમિનાર –કાયદાના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો માટે, સામાજીક કાર્યકરો માટે, વકીલો માટે અને ન્યાયતંત્રના અધિકારીઓ માટે

કાનૂની સહાય કેન્દ્ર દ્વારા સામાજીક અને કાયદાકિય સંશોધનને ઉત્તેજન આપવું જોઈએ. સમાજમાં થતા સામાજીક અને આર્થિક બદલાવના સંદર્ભમાં એવા પ્રશ્નોને પ્રવર્તમાન કાયદા પ્રણાલી સાથે કઈ રીતે સાંકળી શકાય તે અંગેનું વિશદ્ અધ્યયન કરવું જોઈએ.

અજ્ઞાન અને નિરક્ષર લોકોને સમય અને સંજોગો પ્રમાણે સક્ષમ બનાવવા માટે તેમને મળતા કાયદાકિય હકક અને લાભોની યોગ્ય ચર્ચા વિચારણા કરવી જોઈએ.

સમાજના નબળા અને વંચિત વર્ગોને તેમના માનવ અધિકારનું હનન ન થાય તેનું રક્ષણ થાય અને માનવ અધિકારો સારી રીતે ભોગવી શકાય તે માટે માનવ અધિકાર કર્મશીલોની મદદથી તેમને જાણકારી આપી શકાય.

આ ઉપરાંત, કોમ્યુનિટી લિગલ એજયુકેશન અને કાનૂની સહાય પ્રોગ્રામોને દાખલ કરવા જોઈએ.

સમાજના નબળા અને વંચિત વર્ગો માટે ઘડાયેલા કાયદાઓ તેમાં રહેલી ખામીઓ અને તેના અસરકારક અમલ અંગેની યોગ્ય રજુઆતો કાનૂની સહાય કેન્દ્રો દ્વારા થવી જોઈએ.

ત્રણ માસિક, છ માસિક કે એક વર્ષના સ્પેશ્યેલાઈઝ વ્યવસાયિક ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરવું જોઈએ. તેમને સર્ટિફિકેટ આપીને, કેટલાક સંજોગોમાં કે કોર્ટ સમક્ષ પણ પ્રતિનિધિત્વ કરી શકે એવા સક્ષમ કરવા જોઈએ.

આ માટે કાનૂની સહાય કેન્દ્ર જોડે સંકળાયેલા સર્વેને કાયદાકિય જ્ઞાન ઉપરાંત, સામાજીક પ્રશ્નોને ઓળખવાની તથા ઉકેલવાની કળા ,સંવાદિતતાની કળા, કાયદાની થીયરી (સૈદ્ધાંતિક જ્ઞાન), વાસ્તવિકતા અને પુરાવાઓના સંબંધોને સમજવાની કળા, વ્યવસાય અભિગમને સાચવવાની કળા, વ્યવસાયક જવાબદારીને નિભાવવાની કળા, સમૂહ પ્રત્યાયનને વિકસાવવાની કળા અને પોતાની કાર્યદક્ષતાને બતાવવાની કળા જરૂરી છે.

કાનૂની સહાય કેન્દ્રમાં જાહેર હિત વિવાદ, ખાસ કરીને કાયદો અને ગરીબી, તેમના નાગરિક હકકો અને પર્યાવરણ જેવા મુદાઓની બાબતે કરવા માટે ખાસ જાહેર હિત વિવાદ કેન્દ્ર ખોલવા જોઈએ. ઉપરાંત,સામાન્ય ફોજદારી ન્યાય અંગેનું કિલનિક, મિલકત અને કૌટુંબિક વિવાદ અંગેનું કિલનિક, માનવ અધિકારના ભંગ અંગેનું કિલનિકની વગેરે જરૂરીયાત પ્રમાણેના કિલનિકની રચના કરવી જોઈએ.

કાનૂની સહાય કેન્દ્રમાં મોટાભાગના લાભાર્થીઓ ઝડપી ન્યાયની અપેક્ષાએ આવતા હોય છે, પરંતુ એક પક્ષકારની અરજી પર સામાપક્ષકારને રજુ કરવાની સામાન્યરીતે વિનંતી કરી શકાય છે પરંતુ તે અંગે દબાણ થઈ શકતું નથી. જેથી સામાપક્ષકાર હાજર નહી રહી શકવાને કારણે કેસમાં ફરી વિલંબ જ થાય છે. આમ તેનો મૂળભૂત હેતુ જળવાતો નથી. કેટલીકવાર કાનૂની સહાય કેન્દ્રના સમાધાન કર્તાઓ અત્યંત વ્યસ્ત હોવાને કારણે, ઓછો સમય ફાળવી શકવાને કારણે, કાનૂની સહાય કેન્દ્રના વકીલ અને સમાધાન કર્તાઓને બીજાની સરખામણીએ ઓછુ મહેનતાણું મળવાને કારણે, વહીવટી પ્રક્રિયાઓને કારણે, સમારંભો અને પ્રસિદ્ધિની પાછળ સમય બગડવાને કારણે, સ્થાપિતહિતોને કારણે તેમાં વિલંબ થાય છે જેને કારણે લિગલ એઈડની કાર્યદક્ષતામાં ઘટાડો થાય છે.

કાનૂની સહાય કેન્દ્રમાં અત્યંત નવા વકીલો દ્વારા પ્રતિનિધિત્વ કરવામાં આવતું હોવાને કારણે, તેમની તૈયારીમાં વધુ સમય જતો હોવાને કારણે, દસ્તાવેજીકરણ કે ડ્રાફટીંગમાં ખામી રહી જવાના કારણે, અતિ ઉત્સાહમાં એક કરતા વધુ કેસો લેવાને કારણે કેટલીક ખામીઓ રહી જાય છે.

કાનૂની સહાય કેન્દ્રને વધુ સફળ બનાવવા માટે કાયદાકીય એટલે કે કાનૂની કાર્યવાહી પછીની અને કાનૂની કાર્યવાહી પૂર્વેની એમ બે અલગ રચનાઓ કરવી જોઈએ. જુદા જુદા સેલ કે એકમો પ્રમાણે જુદા જુદો નિષ્ણાતોની દર પંદર દિવસે મિટિંગો બોલાવવી જોઈએ જેમાં ન્યાયાધિશ , વકીલ, સામાજિકકાર્યકર, પ્રોફેસર, ડોકટર, સાયકોલોજીસ્ટ, પોલીસ ઓફિસર અને સામાજિકકલ્યાણ તથા સુરક્ષા વિભાગના અધિકારીઓ હોવા જોઈએ. જુદા જુદા સેલ માટે નિષ્ણાતોની એક કાયમી પેનલ પણ બનાવવી જોઈએ. આમ કાયમી સ્ટાફ ઉપરાંત સ્વૈચ્છિક કાર્યકરોની નિમણૂંક કરવી જોઈએ.

આજે કાનૂની સેવાનું ક્ષેત્ર વધુને વધુ વ્યાપક અને વિસ્તૃત થઈ રહયું છે. રાજય કાનૂની સેવા સત્તા મંડળો એ સમસ્યા એકમો(ગ્રિવન્સીસ સેલ) સ્થાપ્યા છે ,કે જેમાં તે લોકોનીસમસ્યાઓનું સમાધાન કરવાનો પ્રયત્ન કરે છે. આજે કાનૂની સેવાનો અર્થ મોટેભાગે ફકત કાનૂની સેવામાં સહાય આપવા પૂરતો મર્યાદિત કરી દેવામાં આવ્યો છે. જયારે એવા કેટલાય ગામ છે કે જયાં લોકોની ઘણી સમસ્યાઓ છે. પરંતુ તે કાયદા સાથે સંબંધીત નથી. કાનૂની સેવાનો ઉદ્દેશ લોકોને ન્યાય અપાવવાનો છે ,નહિ કે કેટલા ખાસ પ્રકારની સુવિધાઓ પુરી પાડવાનો એટલા માટે આપણે કાનૂની સેવાની અમુક નિશ્ચિત સેવામાં બાંધી શકીયે નહી. આપણે આજે સામાન્ય વ્યકિતઓની સામાજિક સમસ્યાઓને પણ ધ્યાનમાં રાખીને કાનૂની સેવા અંગેના કાર્યક્રમોની નવી રૂપરેખા

બનાવવી પડશે અને તે અંગેની પ્રક્રિયાને અત્યંત સરળ બનાવી લોકોના ઘરના આંગણા કે દરવાજા સુધી ન્યાય પહોંચાડવાનું કાર્ય કરવું પડશે.

દેશની સ્વતંત્રતાપ્રાપ્તિને ૬૦ વર્ષ વીતી ગયા છે. પરંતુ, સામાન્ય વ્યકિતને કાનૂની સેવા કાર્યક્રમો સબંધીત પુરી જાણકારી પણ નથી. જુદા જુદા સ્તર પર ઘણાય સંગઠનો દ્વારા કાનૂની સેવા પુરી પાડવાનો પ્રયત્ન થઈ રહયો છે, આમ છતાં સામાન્ય વ્યકિત હજુ પણ ન્યાયની પહોંચ બહાર છે, તેનું મુખ્ય કારણ એ છે કે આપણે કાનૂની સહાયના ક્ષેત્રને બહુજ સંકુચિત કરી દીધું છે. જયાં સુધી આપણે કાનૂની સેવાના ક્ષેત્રને એટલું વ્યાપક નહી બનાવીએ કે જેમાં તેમના રોજબરોજની સમસ્યાઓનો પણ સમાવેશ થઈ જાય, ત્યાં સુધી કાનૂની સેવા યોજના વ્યવસ્થિતરૂપે કાર્યાન્વિત થઈ શકશે નહી. કાનૂની સેવા ફકત અદાલતોમાંજ નહી, પરંતુ બાકી સરકારી વિભાગોને સબંધિત કાર્યવાહીઓમાં પણ આપવી જોઈએ. મ્યુનીસીપાલીટી, ઈન્કમટેક્ષ તથા અન્ય સરકારી વિભાગોનેસબંધિત કાર્યવાહીઓથી સામાન્ય વ્યકિત અત્યંતત્રસ્ત છે. પરંતુ ત્યાં કાનૂની સહાય રચવામાં આવી નથી. આવનારા વર્ષોમાં કાનૂની સેવાનું ક્ષેત્ર હજુ વ્યાપક થશે અને વધુને વધુ લોકો આ યોજનાનો લાભ લઈ શકે તે માટે અદાલત સિવાયના પણ અન્ય વિભાગોમાં વ્યકિતના કાનૂની અધિકારોના હનન માટે યોગ્ય ઉપચારની વ્યવસ્થા કરવી પડશે.

ભારતમાં કાનૂની સહાયનો વિકાસ પરોપકારની ભાવનાથી શરૂ થઈને છેવટે હકકમાં પરિણમ્યો છે. ભારતમાં કાનૂની સહાય અંગેના સિદ્ધાંતિક પાયો એટલો મજબૂત નથી. બીજા શબ્દોમાં કહીએ તો કાનૂની સહાય એ કાગળ પરનો વાઘ નજર પડે છે. મોટીમોટી વાતો અને ભગ્નહદયે કરેલા પ્રયત્નો, કાનૂની સહાયની ચળવળમાં જીવ પૂરી શકતા નથી. એટલા માટે વિશ્વના બીજા રાજયો કે જે પોતાના અનુભવથી,

જે જે પગલાંઓને તેમની પ્રણાલીમાં દાખલ કરેલા છે તેને આધારિત આપણે પણ કેટલાક પગલાઓ તાત્કાલિક ભરવા જોઈએ. જેવા કે,

૧. સરકાર દ્વારા કાનૂની સહાય કેન્દ્રો અંગેની એક મજબૂત નીતિ જાહેર થવી જોઈએ અને તેને અનુરૂપ નિયમો ઘડાવા જોઈએ.

૨. દરેક અદાલતોમાં કાનૂની સહાય કેન્દ્રો સ્થાપવા જોઈએ કે જેથી સંબંધિત અધિકારીઓ દ્વારા કોર્ટમાં અનિર્ણિત પડેલા કેસોના સૌહાદપૂર્ણ સમાધાન માટેના સતત અને અવિરત પ્રયત્નો થતા રહે.

૩. કાનૂની સહાય કેન્દ્રના નિયમન અને નિયંત્રણ સાથે સંકળાયેલ વ્યકિતઓ આ ઉમદા કાર્યમાં હદયપૂર્વક સમર્પિત થયેલી હોવી જોઈએ.

૪. ચોવીસ કલાક ચાલતા મફત કાનૂની સહાય કેન્દ્રની જેવાજ ચોવીસ કલાક ચાલતા કેન્દ્રો દરેક જિલ્લામાં હોવા જોઈએ.

૫. કાનૂની સહાય કેન્દ્રે, બીજી કાનૂની સેવાઓ પૂરી પાડતી સંસ્થાઓ સાથે રહીને સંકલનમાં રહીને કાર્ય કરવું જોઈએ.

૬. કાનૂની સહાય કેન્દ્રે તેની પ્રવૃત્તિઓમાં કાયદાના વિદ્યાર્થીઓને સામેલ કરવા જોઈએ.

૭. સરકાર દ્વારા પુરતા પ્રમાણમાં ફંડની જોગવાઈ કરવી જોઈએ જેથી કાનૂની સહાય કેન્દ્રને તેના કાર્યમાં કોઈ આર્થિક અગવડોનો સામનો ન કરવો પડે.

૮. કાનૂની સહાય કેન્દ્રની કાર્યવાહીઓનું વધુ વિસ્તૃતિકરણ થવું જોઈએ અને પરંપરાગત કાર્યો સિવાય નવા કાર્યો પણ હાથ ધરવા જોઈએ.

૯. કાનૂની સહાય કેન્દ્રે નવી સામાજિક – કાયદાકિય સમસ્યાઓને શોધી કાઢવી જોઈએ અને જરૂર પડે જનહિત વિવાદની અરજીઓ કરવી જોઈએ.

૧૦. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા ખરા અર્થમાં "લોકોની અદાલત" તરીકેની ભૂમિકા ભજવવી જોઈએ.

૧૧. સરકારી કાનૂની સહાય કેન્દ્રોએ, બિનસરકારી કાનૂની સહાય કેન્દ્રો સાથે અત્યંત નિકટતાપૂર્વકનું સંધાન રાખવું જોઈએ.

૧૨. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા વાર્ષિક અહેવાલ તથા તેની પ્રવૃત્તિઓ અંગેનો અહેવાલ તૈયાર કરવો જોઈએ અને પ્રસિદ્ધ કરવો જોઈએ.

૧૩. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા કાનૂની જાગરૂકતા પોગ્રામને અગ્રિમતા આપવી જોઈએ.

૧૪. કાનૂની સહાય કેન્દ્રે, લાભાર્થીઓને તેઓ આગળ આવીને કાનૂની સહાય યોજનાઓનો લાભ લે તે માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

૧૫. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા જુદા જુદા વિસ્તારમાં આવેલી સ્વૈચ્છિક સંસ્થાઓની સર્વગ્રાહીયાદી તૈયાર કરવું જોઈએ અને તેમની સાથે બને તેટલો સહયોગ સ્થાપવો જોઈએ.

૧૬. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા બીજી સ્વૈચ્છિક સંસ્થાઓને નાણાકિય રીતે મદદ પૂરી પાડવી જોઈએ.

૧૭. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા જરૂરી વ્યકિતઓને કાનૂની સેવાઓ પૂરી પાડવાના હેતુસર "માહિતીના અધિકારનો" શસ્ત્ર તરીકે ઉપયોગ કરવો જોઈએ.

૧૮. વૈશ્વિકરણ ના પરિણામે ઉભી થયેલી સમસ્યાઓને દુર કરવા માટે કાનૂની સહાય કેન્દ્ર દ્વારા આ દિશામાં નવા સંશોધનો થવા જોઈએ.

૧૯. ભારતની પ્રવર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં કાનૂની સહાય યોજનાની સમગ્ર બાબતોની પુનઃસમીક્ષા કે ચકાસણી કરવી જોઈએ.

૨૦. પ્રવર્તમાન કાનૂની સહાય યોજનાની ચકાસણી માટે એક વિશિષ્ટ કમિશનની રચના કરવી જોઈએ. જે કદાચ ગુજરાત રાજય દ્વારા શરૂ કરી શકાય.

૨૧. સમાજના વિશિષ્ટ વર્ગો માટે ખાસ પ્રકારના કાનૂની સહાય કેન્દ્રો સ્થાપવા જોઈએ કે જે તેમની વિશેષ કાળજી અને સંભાળ લઈ શકે જેવા કે સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, દલિતો, કેદીઓ વગેરે...

૨૨. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા પૂરી પડાતી સેવાઓની પરંપરાગત પદ્ધતિ હવે જૂની પુરાણી થઈ ગઈ હોય તેમ લાગે છે તે માટે કાનૂની સહાય પૂરી પાડવાની નવી પ્રણાલીઓને વિકસાવી જોઈએ.

૨૩. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા શકય હોય તો "ઈમરજન્સી સારવાર"ની જેમ "તાત્કાલિક સેવાઓ" પૂરી પડાવવી જોઈએ.

૨૪. ઈલેકટ્રોનિક યુગમાં સમાજમાં મોટાભાગના વ્યવહારો ઈલેકટ્રોનિક સાધન સગવડોથી થતા હોય છે જેથી અત્યંત ઝડપી અને ઈચ્છિત પરિણામો પ્રાપ્ત થાય છે. સમય અને સ્થળનું અંતર તેનાથી ઘટી જાય છે. જેમ કે ઈ–કોમર્સ, ઈ–બેન્કિંગ, ઈ–ટિકિટ તેવીજ રીતે ઈ–કિલનિકની પણ રચના કવી જોઈએ. જેથી જયાં આરોપી અને ફરિયાદી બહુજ દુરના અંતરે રહેતા હોય અને એકબીજાને બોલાવવાનો સમય મળી શકે તેમ ન હોય આવા સંજોગોમાં ઈ–કિલનિકના વિડિયો કોન્ફરન્સની સુવિધા દ્વારા વધુ ઝડપી ન્યાય પ્રાપ્ત થઈ શકે તેમ છે.

કાનૂની સહાય યોજનાને સુચારૂ રૂપે ચલાવવા માટે તથા વધારે પ્રભાવશાળી બનાવવા માટે નીચે દર્શાવેલા સૂચનો વિચારી શકાય.

કાનૂની સહાયના સંબંધમાં મફત શબ્દનો અર્થ બધા જ ખર્ચા વિના નહિં તેવો થતો નથી.થાય છે આમ છતાં એવા પક્ષકારો કે જે કાંઈપણ આપી શકવાની સ્થિતિમાં નથી. તેમની પાસેથી કોઈ ખર્ચ લેવો જોઈએ નહી.

આજના ભોતિકવાદી સમયમાં મફત કાનૂની સહાયએ પોતે એક કિર્તિસ્તંભ છે. પરંતુ તેમાં વકીલોનાં સહયોગની અપેક્ષા રાખવામાં આવે છે. પરંતુ નિઃશુલ્ક વકીલ મળવા કઠીન છે. સામાજિક કાર્યક્રમની આ યોજનાને વ્યવહારીક બનાવવા અને કલ્યાણ રાજયની યોજનાને સાકાર કરવા માટે તથા વંચિતોના કેસને લડવા માટે વકીલોને માટે યોગ્ય મહેનતાણાની વ્યવસ્થા કરવી જોઈએ. આજે તેમને લગભગ કેસ દીઠ ૨૫૦ રુપિયા મળે છે તે ર્મયાદા વધારવી જોઈએ. કેસના પ્રકારને ધ્યાનમાં લઈને તેમની ફી નકકી કરવી જોઈએ. કામની શરૂઆતના સમયેજ તેમને પાર્ટ પેમેન્ટ ચુકવવું જોઈએ અને ત્યારબાદ કેસના તબકકા પ્રમાણે તેની સમયસર ચુકવણી કરવી જોઈએ જેથી કોઈપણ પ્રકારના ભ્રષ્ટાચારને અવકાશ રહે નહી.

કાનૂની સહાય કેન્દ્રમાં સેવા આપનાર વકીલ કે સમાધાન કરતાને પુરતો સ્ટાફ પુરો પાડવો જોઈએ. અને નિયમિત સમયાંતરે તેમનું ઓરીએન્ટેશન થવું જોઈએ. અને કાયદાના નવા પ્રવાહોઓથી તેઓ અવગત થાય તે માટે વર્ષમાં એકાદવાર રીફ્રેશર કોર્ષનું આયોજન પણ કરવું જોઈએ.

કાનૂની સહાય કેન્દ્ર તેની સંપૂર્ણ સજજતામાં થોડા અંશે ઉણપ અનુભવે છે નવા કાયદાઓથી લાયબ્રેરી સજજ થવી જોઈએ. ઉપરાંત સમાજ ઉપયોગી જે તે નવા કાયદાઓનો ટુંકસાર દર્શાવતી પુસ્તિકાઓ કે ચોપાનીયા બને તો માતૃભાષામાં પ્રગટ કરવી જોઈએ અને તેનું વિના મૂલ્યે વેચાણ કરવું જોઈએ.

જે વકીલોની પ્રેકટીસ પાંચ વર્ષની થઈ ચૂકી છે તેઓને આ યોજના માટે પસંદ કરવા જોઈએ. અસહાય નિવૃત્ત વ્યકિતને વકીલ દ્વારા વાસ્તવિક રીતે કયાં સુધી

કાનૂની સહાય પૂરી પડાઈ છે તથા આ સંબંધમાં તે વકીલનો વ્યવહાર તે અસીલ સાથે કેવો રહયો. આ સબંધમાં આવા વંચિતોને પોતાનો અહેવાલ આપવાની પણ સુવિધા પૂરી પાડવી જોઈએ. આવા અહેવાલને ખાનગી રાખવામાં આવે જેથી વાસ્તવિક કાનૂની સહાયતા ખરું મૂલ્યાંકન થઈ શકે

કોઈ ગરીબ કે વંચિતને એકજ પ્રકારનાં મુકદમાઓમાં બે વખતથી વધારે સહાયતા આપવી યોગ્ય નથી. મફત કાનૂની સહાયના કારણમાત્રથી તે તેનો દુરૂપયોગ ન કરે તે વાતને પણ ધ્યાનમાં રાખવી જોઈએ. તેવીજ રીતે કોઈ એક જ ગરીબ વ્યકિતપર વારંવાર એક જ પ્રકારનાં મુકદમા થાય તો એવો નિષ્કર્ષ કાઢવો જોઈએ કે તે રીઢો અપરાધી છે અને આવા રીઢા અપરાધને કાનૂની સહાય પૂરી પાડવી તે ન્યાય તથા સમાજના હિતમાં નથી.

કાનૂની સહાયને પ્રોત્સાહિત કરવા માટે શ્રેષ્ઠ કાનૂની સહાય પૂરી પાડનાર વકીલને સમાજમાં વિશિષ્ટ પ્રસંગો પર સન્માનિત કરવો જોઈએ. આ દ્વારા આવી પ્રતિષ્ઠા મેળવવા માટેની પ્રતિયોગિતામાં જોડાઈને તે વધુને વધુ સફળ બનવાની તથા સહાયતા પૂરી પાડવાનો પ્રયત્ન કરશે.

આ યોજના અંતર્ગત સમાધાનકારી વલણને સૌથી વધુ પ્રોત્સાહિત કરવું જોઈએ.

અત્યંત આવશ્યક પરિસ્થિતિ સિવાય કોઈ ગરીબ વ્યકિતને વારંવાર બોલાવવા જોઈએ નહીં કારણ કે તેનાથી તેની રોજીરોટીપર અસર પડે છે.

કાયદાના તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ પર અભ્યાસક્રમના ભાગરૂપે એવી જવાબદારી મૂકવી જોઈએ, જેથી તે આવા વંચિતોની સમસ્યાઓને ઓળખે તથા તેમને તેમના હક અને ફરજોથી જાગૃત કરાવે. કાયદાના વિદ્યાર્થીઓ દ્વારા આવી રીતે તૈયાર કરાયેલા ટૂંકસારની એક કોપી કાનૂની સહાયના વકીલને આપવી જોઈએ.

જેવી વકીલનો સમય બગડે નહીં અને સમગ્ર સમસ્યાને તે ટૂંકમાં સમજી જાય. કાનૂની સહાય કિલનિક શકય હોય તો લૉ કોલેજના કેમ્પસમાં અથવાતો અદાલતોની બાજમાં સ્થાપવો જોઈએ જેથી પ્રજા દ્વારા તેનો અધિક લાભ લઈ શકાય. કાનૂની સહાય કાર્યક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીઓને શિષ્ટવૃત્તિ આપવી જોઈએ. કે જેથી તેઓ આ કાર્યક્રમાં હોંશપૂર્વક ભાગ લઈ શકે.

કાનૂની સહાયનો ખ્યાલ, ભારત જેવા વિકાસશીલ દેશો માટે અત્યંત અગત્યપૂર્ણ ખ્યાલ છે.સામાજિક તથા આર્થિક વિકાસના ધોરણોને પ્રાપ્ત કરવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કાનૂની સહાયનો ખ્યાલ ઉદ્દીપકનું કાર્ય કરે છે. આ થકી ભવિષ્યના સામાજિક, આર્થિક, કાનૂની પ્રશ્નોને વાચા આપી શકાશે, ન્યાયના સમગ્ર વહીવટમાં તે ઉચ્ચાલનબળ પુરૂ પાડીને નબળા અને વંચિત વર્ગોને સમાન બનાવી, સામાજીક રીતે તેમને ઉપર લાવે છે.

સમાજમાં જે લોકો અસમાન છે તેના માટે કાનૂની સહાય એક અગત્યના પાયારૂપ કાર્ય કરે છે જેના થકી ભવિષ્યની સામાજિક, આર્થિક વિકાસ અને ઉન્નતિની ઈમારત તેઓ ચણી શકે છે.

આમ, જયાં સુધી સમાજમાં એક કે બીજા પ્રકારે અસમાનતા પ્રવર્તતી રહેશે ત્યાં સુધી ભવિષ્યમાં કાનૂની સહાયનું મૂલ્ય રહેશે. આર્થિક, સામાજિક, શારિરીક, સાંસ્કૃતિક, ભૌગોલિક અસમાનતા કે પછી વિકસીત, વિકાસશીલ કે વિકાસ પામી રહેલ, આમ કોઈ પણ અસમાનતા ધરાવતા સમાજમાં, જો ન્યાયિસમાજનું પ્રતિબિંબ નિહાળવું હોય તો આવા સંજોગોમાં કાનૂની સહાયની જરૂરિયાત અને અગત્યતા આજના સંજોગો કરતાં પણ વધુ રહેશે.

ભારત જેવા દેશોમાં કે જયાં ગરીબી અને અજ્ઞાનતા પ્રવર્તે છે. ત્યાં આવનારા સમયમાં ભવિષ્યમાં વ્યવસાયિક રીતે,આર્થિક રીત અને સામાજિક રીતે

ભેદભાવ  પ્રવર્તે છે, ઉપરાંત અનિયંત્રિત વસ્તીવધારાની સમસ્યા સાથે નવાવિશ્વ સાથે કદમ માંડવા માટે, સરકાર તથા સમાજે, અદ્યતન ટેકનોલોજી, વેપાર–વ્યવસાય, સામાજિક તથા કાનૂનીરચના સાથે સજ્જ થઈને નવી રિતિનિતિઓ કસવી પડશે. ઔદ્યોગિકરણ, ઉદારીકરણ તથા ખાનગીકરણના સમયસંજોગોમાં, મોટા પાયે બેરોજગારી ઉપરાંત ગરીબીનાપ્રશ્નો, ઈલેકટ્રોનિકયુગમાં કોમ્પ્યુટર જેવા સાધનોની જાણકારીનો અભાવ, અજ્ઞાનતા, શહેરીકરણ તથા ગંદા વસવાટોની સમસ્યા, અપરાધોની વધતી સંખ્યા તથા કાર્યપદ્ધતિમાં ફેરફારોની સંખ્યામાં તથા રૂચિઓમાં વધારો થવાની સાથે નબળા અને સક્ષમવર્ગ વચ્ચેનું અંતર વધવાના કારણે સામાજિક, કાનૂની પ્રશ્નો ઉપસ્થિત થવાની શકયતા સામે કાનૂની સહાયનું મૂલ્ય ઓછું આંકી શકાય તેમ નથી અને તેમાં પણ કાનૂની સહાય પુરુ પાડતા કાનૂની સહાય કેન્દ્રને, ઉપરોકત સૂચનો દ્વારા સજ્જ કરીને સામાજિક ન્યાય પ્રાપ્તિ દિશામાં સૌથી સારા પગરણ માંડી શકાય તેમ છે.

## દાવાસૂચિ

**(TABLE OF CASES)**

| Case | Page No. |
|---|---|
| A.R.Antuley v. R.S.Nayak AIR 1982 SC 1630. | 40,41 |
| Abdul Azeez v. State of Mysore, 1975 Cr. L. J. 335. | 41, 170 |
| Ashok kumar Gupta v. State of U.P.AIR 1997 SC 201. | 09 |
| B.C.&Co. v.Union of India. AIR 1970 SC 106P | 32 |
| Babubhai v. State of U.P. AIR 1965 SC 1467 | 40 |
| Baburam L.v. Raghunathji Maharaj AIR 1976 SC 1734. | 21 |
| Bajiben Salambhai Chauhan v. U.P.S..R.T.C. (1990) Supp.SCC 799 | 23 |

| | |
|---|---|
| Bandhua Mukti Morcha v. Union of India, AIR 1984 SC 802 | 22,79 |
| Bar Council of Maharashtra v. M. V.Dabholkar (1975) 2 SCC. | 181 |
| Bezzi v. Bezzi 3 All E.R.785 (1955). | 90 |
| Bhuparam v. State of M. P 1977 Cr. L. J. (NOC) (M.P). | 170 |
| Bradford v. Southern Railway Co.195 U.S. 243 (1904) | 92 |
| Chandlur v. Fretage 347 U.S.3 (1954) | 93 |
| Chimanlal v.Chandanben,AIR 1965 Guj.210 | 173 |
| Crystel v. Crystel 2 All E.R.at 330 (1963) | 90 |
| Dudly v. Dudly,1705,45 E.R.112. | 56 |
| Dugan v. Willianson 3All. E.R.237 (1963) | 89 |
| E.P.Royappa v. State of Tamilnadu AIR 1974 SC 555 | 32 |
| Gallaury in Fort Worth Bank, 186 U.S. 177, (1902) | 92 |
| Gideon v. Wainwright 52 372 U.S. 335 (1969) | 57,95,98 |
| Herbert v. Herbert 2 All. E.R.915 (1963) | 89 |
| Hoskot Madhav Hayawadanrao v.State of Maharashtra AIR 1978 SC 1548 | 22,154,169 |

| | |
|---|---|
| Hukmaram and others v. State of Rajasthan, 1982 Cr. J. 2314 ( Raj.) | 169 |
| Hussainara Khatoon v. State of Bihar AIR 1979 SC 1369 | 22,41,152,170,182 |
| Hussainara Khatoon v.Home Secretary AIR 1971 SC 1360 | 40,41 |
| Indra Sawhney v.Union of India AIR 1993 SC 477 | 17 |
| Janardhan v. State of Hyderabad AIR 1951 SC 344 | 167 |
| Jatindra v.Dwarka(1983)ILR 20 Col.115 | 172 |
| Johnson v. Zerbs. 304 U.S.458 (1938) | 94 |
| Jolly George Verges v. Kochin Bank, AIR 1979 SC 1377 | 492 |
| Jugal Kishore v. Dhanodevi, AIR 1973 SC 2508 | 174 |
| K. Mallikharjuna Rao v. State of Andhra Pradesh 1980 W.R. 132 | 170 |

| | |
|---|---|
| K.K.Mathai v.Mater Dai School,AIR 1977 (NOC)242 Delhi. | 173 |
| Kadara Pahadiya v. State of Bihar AIR 1981 SC 1169 | 40 |
| Kario Man Singh Malu v. State of Gujarat, (1969) 10 Guj. L. R. 66. | 171 |
| Khatri and others v. State of Bihar AIR 1981 S.C. 928. | 22,40,151,179,493 |
| Kunnumal Mohammed and others v. State of Kerala AIR 1963 Karala 54. | 170 |
| M.Abdul Sattar v. H.A.Hakeem,AIR 1976 AP 89. | 173 |
| M.C.Mehta v. Union of India, AIR 1987 SC 1086 | 187 |
| M.H.Hoskot v. State of Maharastra,AIR 1978 SC 1548 | 39,43,57,59,144,160 |
| Madhu Mehta v. Union of India (1989) 4 SCC 62 | 40 |
| Manu Pragi Vashi v. State of Maharashtra (1995) 5 SCC 730 | 46 |
| Manjur Ahmed v. R.T.A.Kota & Others., AIR 1979 Raj 98 | 490 |
| Maneka Gandhi v. Union of India, AIR 1978 SC 597 | 159 |
| Marishankarn Rastogi v. Girdhari Sharma, AIR 1978 SC 1019. | 170 |
| Massiah v. U.S. 377 U. S. 201 (1964) | 98 |
| Mills v.Mills, 2 LL. E.R.237 (1963) | 89 |
| Moh.Abbas v. Tahera Khatoon,AIR 1974 Pat 324 | 173 |
| Moorti shree Behari v. Premdas, AIR 1972 All.287 | 173 |
| Motibai v. State. AIR 1954 Raj.241. | 151,167 |
| Mumbai Kamdar Union v. Abdulbhai, AIR 1976 SC 1459 | 181 |
| Nanglu Chhater v. Maheswar Bhai AIR 1981 Ori 152. | 173 |
| Nirja Chaudhary v. State of Maharashtra, AIR 1984 SC 1099 | 185 |
| Neill v.Clacier Mattel Co.Ltd, 3 All.E.R.477(1963). | 89 |
| Nowotinik v. Nowotinik, 2 All. E.R.618 (1965) | 89 |
| Peoples Union for Democratic Rights v. Union of India, AIR 1982 SC 1473. | 24,78 |
| Pitamber Dehury and others v. State of Orissa 1985. Cr. L. J. 424 ( Ori.H.C.) | 169 |

| | |
|---|---|
| Powell Qzie and others v. State of Alabama 51 287 U.S.45 (1932) | 95 |
| Prabhakar Rao v.State of Andhra Pradesh.AIR 1986 SC 210P | 32 |
| Prakash Cotton Mills v. State of Bombay,1959 Bombay L.R.836 | 13 |
| Parmanand Katra v. Union of India, AIR 1989 SC 2039 | 182 |
| Prithvipal Singh v. Suraj Kaur (1997) 79 Punj.L.R..525 | 174 |
| R.K.Garg v.Union of India,AIR 1981 SC 2138 | 32 |
| Raghubir Singh v. State of Bihar (1998) 4 SCC 481 | 40,45 |
| Ramkumar V. State of Bihar, AIR 1984 SC 536 | 21 |
| Ranjan Dwivedi & Union of India, AIR 1983 SC 624. | 153,159,171 |
| Rudul Shah v. Union of India, AIR 1983 SC 1086 | 38 |
| Sadhan Dutta Ray v. State of W.B. ( 1978) Cr. L. J. | 167 |
| Sadhuram Bansal v.Pulin Behari Sarkar AIR 1984 SC 1471 | 17 |
| Santosh De v. Archana Guha AIR 1994 SC 1229 | 40 |
| Sheela Barse v. Union of India AIR 1986 SC 1773 | 23,40,185,254 |
| Sheela barse v.State of Maharastra AIR 1983 SC 378 | 169 |
| Smt.Kavita v. State of Maharastra.AIR 1981 SC 1641 | 492 |
| State of Haryana v. Smt.Darshna Devi AIR 1979 SC 855 | 22,173 |
| State of Haryana v. Darshan, AIR 1979 S. C. 855 | 154 |
| State of M. P. v. Shobharan AIR 1966 S.C. 1916 | 152 |

| | |
|---|---|
| Shri Nivas Gopal v. Arunachal Pradesh (1998) 4 SCC 36 | 42 |
| State of West Bengal v. AnvarAli Sarkar,AIR 1952 SC 75P | 31 |
| Sukdas and others v. Territory of Arunachal Pradesh AIR 1986 S. C. 991. | 22,43,45,60,151,254 |
| Sunil Batra v. Delhi Administration, AIR 1987 SC 165 | 186 |
| Superintendent and Reambresher Legal Affairs West Bengal v. S.Bhaumic AIR 1981 SC 917. | 45,492 |

| | |
|---|---|
| Supreme Court Legal Aid Committee Presenting under-trial prisoners v. Union of India (1994) 6 SCC 731 | 42 |
| Sweden v. Bestluck, 386 U.S. 258, 1967. | 98 |
| Tarasingh v. State AIR 1951 SC 441 | 169 |
| Tika v. State of U.P. ( 1975 ) Cr. L. J. 337 | 169 |
| Umedsinh v. Bahadursinh and Others,1980 W.L.N. 276 | 23 |
| V.Krishna Bhatt v.Ravishay Kar,AIR 1978 Kamt.117 | 172 |
| Vimot v. Barber 15 Ch.D. 96. | 56 |
| W. W. Chitaley and V. B.Bakhali AIR Manual Civil and Criminal, 4th , 318 | 153 |
| X.v.Austria,Re-Application No.89/55.I.L.R. Vol.30,346. | 73 |
| X.v.Federal Republic of Germany, Re-Application No.604/59.I.L.R. Vol.30,311. | 73 |
| X.v.German Federal Republic, Re-Application No.127/55.I.L.R. Vol.30,368. | 74,76 |
| X.v.German Federal Republic, Re-Application No.89/55.I.L.R. Vol.30,346. | 73 |


# સંદર્ભ સૂચિ

## ક.પુસ્તકો.


A.C.Kapoor : Principals of Political Science, S. Chand Co. Ltd., Ramnagar, New Delhi (1981).

A.V.Dicey : Law and Public Opinion in England Macmillan & Co. Ltd., London (1962).

Ahmed S. Maqbul : Islam And Midevial and Modern Societies, Translation of the Indian Institute of Advance Studies, Vol.1 1965.

Atharvaved

Birendra Nath : Judicial Admonition in ancient India, Janaki, Patna (1979).

B. Malik : Criminal Trial, Law Publishers, Allahabad (2nd Ed.).

B. Shiva Rao : The Framing of India's Constitution : A Study (1968).

Bryce : Modern Democracy,Vol:II

Cappelleti Mauro : Towards Equal Justice - A Comparative Study of Legal Aid in Modern Societies, Oceana Publications Inc. (1975).

C.K.Takwani : On Administrative Law, Third Edition (1998) Eastern Book Company, Lucknow

Chhabra K. S. : Quantum of Punishment in Criminal Law in India, Punjab University, Chanidgarh, (1990)

Collin F.Padfield : Law made simple, Allen & Co. Ltd. London, (1970)

D.D.Basu : Shorter Constitution of India, Prentice Hall of India Pvt. Ltd., New Delhi, Vols. I - II (1996).

Denning : The Discipline of the Law (1982).

D.V.Chitaley & S.Appoo Rao : AIR Commentaries on the Code of Criminal Procedure

Egerton : Legal Aid, Sweet and Maxwell, London (1945)

Gokulesh Sharma : Human Rights and Social Justice, (1997),Deep & Deep Publication, Delhi

G.M.Lodha : Fumes, Flames and Firem, Unique Traders, Jaipur (1983)

Granville Austin : The Indian Constitution : Cornerstone of a Nation, Clarendon Press, London (1966)

G.S.Chhabra : Advance Study in the Constitutional History of India (1973)

Gujarat State Legal Aid & Advice Board : The General Outline of Legal Aid Work in Gujarat State, March - 1992

Gujarat State Legal Services Authority : Juridicare : A - Neo, Juristic Jet Journey, May - 1999.

H.M.Seervai : Constitutional Law of India, Universal Book Traders, Delhi vols. I-II (1975)

J.N.Pandey : Indian Constitution, (2004),Central Law Agency

Jawahar Lal Nehru : Discovery of India (1966 ,Reprint)

Judy Lane & Simon Hillyard : International Directory of Legal aid, Published by International Bar Association Educational Trust(1985)

L.M.Singhvi : Law and Poverty, N.M.Tripathi Pvt. Ltd. Bombay (1973)

M.K.Gandhi : Socialism of my Conception, Gandhi Series, Edited by Hingorani, Bhartiya Vidhya Bhavan Publication.

Nomita Aggarwal : Hand Book on Lok Adalat in India, Interest Publication, N. Delhi (1991)

P.B.Gajendragadkar : Law, Liberty and Social Justice (1969)

Paras Diwan : Justice at the Door-Step of People; The Lok Adalat System, Legal Aid Newsletter, New Delhi.Vol.XI (Part-I) April-June

Pollock and Maitland : History of English Law, Cambridge, at the University Press (1968)

S.K.De : The Cultural Heritage of India (1960)

S.N.Dhyani : Law, Morality and Justice, Metropolitan, Delhi (1981)

S.S.Sharma : Legal Services, Public Interest Litigations & Para-Legal Services,2nd Edition( 2006), Central Law Agency

Sujansingh : Legal Aid; Human Right to Equality, Deep & Deep Publication, Delhi (1996)

Suresh Kumar : Nirdhan Vidhik Sahayata(Hindi),(1984),Rajasthan Hindi Granth Academy

Thomas Paine : Common Sense (1776)

U.N.Ghoshal : A History of Indian Political Ideas (1959)

Upendra Baxi : Towards A Sociology of Indian Law, Satvahan Publications, N. Delhi (1986)

: Indian Supreme Court and Politics, Eastern Book Co, Lucknow (1980)

V.N.Shukla's : Constitution of India, Eastern Book Company, Lucknow (1998)

V.R.Krishna Iyer : Equal Justice and Forensic Process : Truth and Myth, Eastern Book Company, Lucknow (1986)

V.S.Hegde : Gandhi's Philosophy of Law, Concept Publishing Co., New Delhi (1983)

W.W.Chitaley & V.G.Bhakhale : A.I.R. Manual Civil and Criminal (4th Ed.)

## ખ.અહેવાલ.


1. Government of Gujarat, Report of the Committee on Legal Aid and Advice in the State of Gujarat, 1971.

2. Government of India, Encyclopedia of Social Work in India, Planning Commission, New Delhi, 1969.

3. Government of India, Law Commission of India, XIV Report, New Delhi, 1958.

4. Government of India, Report of Expert Committee on Legal Aid-Processual Justice to the People, 1973.

5. Government of India, Report of The Study Team On Nyaya Panchayat, 1962.

6. Government of Madhya Pradesh, Report of the Preparatory Committee for Legal Aid Scheme, Government of M.P., 1975.

7. Government of India, Report on National Juridicare : Equal Justice - Social Justice, 1977.

8. Gujarat Legal Aid and Advice Scheme, 1982.

9. Law Commission of India : Fourteenth Report, 1958.

10. Law Commission of India : One Hundred and Fourteenth Report, 1986.

11. Report of the Committee For Implementing Legal Aid Scheme (CILAS), 1980.

12. Report of the Motilal Nehru Committee, 1928.

13. Report of Workshop on Legal Aid Movement held in Shimla, 1933.

14. Report on the Processual Justice to the People, 1973.

15. Gujarat Legal Aid and Advice Scheme (Pilot Project), 1972.

## ગ. લેખ.


| | | |
|---|---|---|
| A.M.Ahmadi | : | "Access To Justice in India", Legal Aid News letter, Vol. XI, Part 4, January - March 1992. |
| Cappellti | : | "Judicial Review in the Contemporary Perspectives", 58 Calif, L.R. 1017 (1970) |
| C.P.Ramaswamy Aiyer | : | "Some Aspects of Social and Political Evolution in India" in S.K.De, Et. al. (ed.), The Cultural Heritage of India, vol. II (1969) |
| E.J.Cohen | : | "Legal Aid for the Poor: A Study in Comparative Law and Legal Reform, 59 L.Q.R. (1943) 250 |
| G.O.Koppel | : | Legal Aid in India, 8 J.I.L.I. 1966, 324 |
| H.C.Dholakia | : | "Legal Aid - Development in India", 10 Ku. L.J. 70 (1984) 70 |
| K.S.Chhabra | : | "Free Legal Aid for the Ruralities", Ku.L.J.,Vol.10 (1984) 91 |
| N.R.Madava Menon | : | "Law And Development of Weaker Section : A Note", Legal Aid Newsletter, Vol. IV, Parts 1 & 2, May-August, 1984, 9 |
| Paras Diwan | : | "Justice At The Door - Step of People : The Lok Adalat System", A.I.R. 1991, Journal Section, 85-89 |
| P.N.Bhagwati | : | "From The Chairman", Legal Aid News letter, Vol. IV, Parts 1 & 2, May-August 8, 1987, 1 |
| | : | "From The Chairman", Legal Aid Newsletter, Vols. IV-VI, November, 1984 - August, 1986 |
| R. Egerton | : | "Legal Aid, Historical Aspect of", 61, L.Q.R. 87 (1945) |

Rushcliffe Committee's Report

| | | |
|---|---|---|
| S.K.Agarwal | : | "Public Interest Litigation in India", I.L.I. 20 (1986) |
| | : | "Sociological Impact of Legal Aid in U.S.A.", J.C.P.S. 26 (1972) |
| V.R.Krishna Iyer | : | "Judicial Perestroika" Illustrated Weekly of India December 31, 1989 - January 6, 1990, 50 |
| | : | "Judicial System - Has It A Functional Future in Our Constitutional Order?" (1979) 3 Supreme Court Cases, Journal Section 1 - 18 |

## ઘ. સમાચાર પત્રો અનેસામાયિકો.

| | | |
|---|---|---|
| Legal Aid Newsletter | : | From May-August 1984 to July-September 1992. |
| The Official Newsletter Of N.A.L.S.A.(Nyaya Deep) | : | From July 1998 to January 2007 |
| The Official Newsletter Of G.S.L.S.A. (Nyaya Path) | | |
| Issue No.1 | : | 13 February, 2000 |
| Issue No.2 | : | May, 2000 |
| Issue No.3 | : | August, 2000 |
| Issue No.4 | : | December, 2000 |
| Issue No.5 & 6 | : | April-September, 2001 |
| Issue No.7 & 8 | : | March-December, 2001 |
| Issue No.9, 10 & 11 | : | September, 2002 |

| | | |
|---|---|---|
| Issue No.12 & 13 | : | March, 2003 |
| Issue No.14, 15, 16 & 17 | : | October, 2006 |
| Issue No.18 | : | January, 2007 |

Publication by the Legal Aid Clinic, Ahmedabad
(Gujarat State Legal Services Authority)

| | | |
|---|---|---|
| Hon'ble Dr. Justice J.N.Bhatt | : | Stellar Triumph, In Realm of Legal Services |
| | : | Legal Service, In Quest of Social Justice |
| | : | Juridical Panoroma of Indo-US, ADR, Bench and Bar |
| Prof. Dr. Yogesh Mehta | : | Legal Services A Strategy, Pledge and Mandate |
| | : | Lok Adalat and Public Interest Litigation |
| Member Secretary, G.S.L.S.A. | : | A Quest; Round the Clock, For Equal Justice |

## ચ. કાયદાઓ અને નિયમો.

1. Constitution (First Amendment) Act, 1951.
2. Constitution (Fourth Amendment) Act, 1955.
3. Constitution (Seventeenth Amendment) Act, 1964.
4. Constitution (Twenty Fourth Amendment) Act, 1971.
5. Constitution (Twenty Fifth Amendment) Act, 1971.

6. Constitution (Thirty Fourth Amendment) Act, 1974.

7. Constitution (Thirty Ninth Amendment) Act, 1975.

8. Constitution (Fortieth Amendment) Act, 1976.

9. Constitution (Forty Second Amendment) Act, 1976.

10. Constitution (Forty Fourth Amendment) Act, 1978.

11. Constitutional Law of India.

12. The Legal Services Authorities Act, 1987.

13. The Legal Services Authorities (Amendment) Act, 1994.

14. Gujarat Legal Aid Rules, 1972.

15. Gujarat Legal Advice Rules, 1972.

16. Gujarat Legal Aid (Defence Personnel) Rules, 1972.

## પરિશિષ્ટ

| પરિશિષ્ટ નંબર | વિષય | પાન નંબર |
|---|---|---|
| પરિશિષ્ટ–૧ | કાનૂની સહાય અથવા સલાહ મેળવવા માટેની અરજીનો નમૂનો | **252** |
| પરિશિષ્ટ–૨ | કાનૂની સહાય કેન્દ્ર દ્વારા, વકીલ મિત્રને મોકલવામાં આવતી યાદી | **256** |
| પરિશિષ્ટ–૩ | ગુજરાત રાજય કાનૂની સહાય કેન્દ્ર દ્વારા શરૂ કરાયેલ વિવિધ સેલના આરંભની તારીખ અને વિગતો | **527** |
| પરિશિષ્ટ–૪ | ફરિયાદ એકમમાં વર્ષવાર મળેલ અરજીઓ | **528** |
| પરિશિષ્ટ–૫ | વિવિધ સેલની માહિતી | **529-530** |
| પરિશિષ્ટ–૬ | તા.૦૧/૦૫/૨૦૦૭ સુધીમાં કાનૂની સહાય કેન્દ્ર, અમદાવાદ દ્વારા અપાયેલ કાનૂની સહાય | **531** |
| પરિશિષ્ટ–૭ | કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલ લાભાર્થીઓ માટે પ્રશ્નોત્તરી | **534** |
| પરિશિષ્ટ–૮ | કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલ વકીલો તથા સમાધાનકારીઓ માટેની પ્રશ્નોત્તરી | **540** |

| | | |
|---|---|---|
| પરિશિષ્ટ–૯ | કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલ ન્યાયાધિકારીઓ માટેની પ્રશ્નોત્તરી | **545** |
| પરિશિષ્ટ–૧૦ | કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલ કન્સલ્ટન્ટની યાદી | **550** |
| પરિશિષ્ટ–૧૧ | કાનૂની સહાય કેન્દ્ર દ્વારા અપાયેલ પેરા લિગલ ટ્રેનિંગની સૂચિ | **552** |
| પરિશિષ્ટ–૧૨ | કાનૂની સહાય કેન્દ્રની મુલાકાતે આવેલ મહાનુભાવોની યાદી | **570** |
| પરિશિષ્ટ–૧૩ | સમાચાર પત્રનો અહેવાલ | **588** |
| પરિશિષ્ટ–૧૪ | ભારતના વિવિધ રાજયો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કાનૂની સહાયને લગતા અધિનિયમના અમલની તારીખ | **589-591** |
| પરિશિષ્ટ–૧૫ | કાનૂની સહાય કેન્દ્ર દ્વારા ઉજવવામાં આવતા મહત્વના દિવસોની યાદી | **592** |
| પરિશિષ્ટ–૧૬ | કાનૂની સેવાઓ સાથે સંકળાયેલી અગત્યની તારીખો | **593** |
| પરિશિષ્ટ–૧૭ | કાનૂની સહાય કેન્દ્ર દ્વારા પ્રસિદ્ધ કરીને પ્રચાર અર્થે વહેંચણી કરાતું સાહિત્ય (નંબર : ૧ થી ૭) | **594-601** |



@ (R) Tele & Fax 079-232 24725 (M) 98243 14725

Dr. DILIP A. MEVADA

Lecturer, Siddharth law college, Sector-16 GANDHINAGAR (GUJ)

RESI :- 54/4, GH Type Sector-29, GANDHINAGAR (GUJ) 382 029

E-Mail:dilip_mevada@hotmail.com


**તા.**

**માનનીય શ્રી,**

——————————————————

——————————————————

——————————————————

——————————————————

## વિષય : સંશોધન કાર્ય અંગેની પ્રશ્નોત્તરી બાબત

હું ગાંધીનગરની સિદ્ધાર્થ લૉ કોલેજમાં છેલ્લાં નવ વર્ષથી કાયદાના પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે કામગીરી બજાવું છું. પીએચ.ડી.ના વિદ્યાર્થી તરીકે મારૂં સંશોધન કાર્ય નીચે મુજબના વિષય પર ચાલી રહયું છે.

' કાનૂની સહાય કેન્દ્ર : ગુજરાતમાં સમસ્યાઓ અને સંભાવનાઓ'

મારા સંશોધન કાર્ય માટે મે પ્રશ્નોત્તરી તૈયાર કરી છે. આ પ્રશ્નોત્તરી ન્યાયતંત્રના બિરાજમાન અને નિવૃત અધિકારીઓના/કાનૂની સહાય કેન્દ્રમાં સેવાઓ આપતા સમાધાનકર્તા અને વકીલ મિત્રોના તેમજ લાભાર્થીઓની આ પ્રવૃત્તિઓ અંગેના મંતવ્યો જાણવા તૈયાર કરી છે. તેની નકલ આ સાથે સામેલ છે. આપ આ પ્રશ્નોત્તરીના ઉત્તર પાઠવીને મને મારા સામાજિક કાનૂની સંશોધન કાર્યમાં સહાયરૂપ થશો તેવી મારી નમ્ર અપેક્ષા અને વિનંતી છે.

આપના મંતવ્યો તા................ સુધીમાં મને આ સાથે બિડેલા જવાબી કવરમાં મોકલશો અથવા તો ઉપરોકત મારા ટેલીફોન નંબર ઉપર સંપર્ક કરશો તો હું રૂબરૂમાં આવીને આપની પાસેથી મેળવી લઈશ.

હું ખાતરી આપું છું કે આપની ઓળખની ગોપનીયતા જાળવીશ અને આપે પ્રશ્નોત્તરીમાં વ્યકત કરેલા અભિપ્રાય ગુપ્ત રાખીશ અને તેનો ઉપયોગ માત્ર મારા શૈક્ષણિક સંશોધનના હેતુસર જ કરીશ.

આપના સહકારની અપેક્ષા સહ.

આપનો વિશ્વાસુ,

( પ્રો. ડૉ .દિલીપ મેવાડા)

બિડાણ :

૧. પ્રશ્નોત્તરી

૨. જવાબી કવર ( પત્ર વ્યવહાર ઘરના સરનામે કરવા વિનંતી )

## પ્રશ્નોત્તરી

<u>કાનૂની સહાય કેન્દ્રના લાભાર્થીઓ માટે પ્રશ્નોત્તરી</u>

૧. નામ

૨. પુરૂષ – સ્ત્રી

૩. ઉંમર

૪. સરનામું

૫. શૈક્ષણિક લાયકાત

૬. વૈવાહિક દરજ્જો

૭. વ્યવસાયિક દરજ્જો

પ્રશ્નોત્તરી

૧.	મફત અને સક્ષમ કાનૂની સહાય તમને મળશે તે અંગે તમે કયાંથી વિગત જાણી?

અ.	મિત્રો – સગાસંબંધીઓ

બ.	વકીલ

ક.	પ્રચાર માધ્યમ

ડ.	કોર્ટ – પોલીસતંત્ર

૨.	કાનૂની સહાય કેન્દ્રની કઈ બાબતના કારણે તમે તેનો સંપર્ક કયો?

અ.	મફત મળશે

બ.	ઝડપી મળશે

ક.	સક્ષમ વ્યકિતઓની સહાય મળશે

ડ.	સમાધાનકારી અભિગમનો લાભ મળશે

૩.	તમારા કેસના પ્રકાર કયો છે ?

અ.	દિવાની

બ.	ફોજદારી

ક.	કૌટુંબિક

ડ.	અન્ય

૪.	તમે કયા તબકકે કાનૂની સહાય કેન્દ્રની મદદ મેળવવાનો નિર્ણય લીધો ?

અ.	શરૂઆતના તબકકે

બ.	કોર્ટ કાર્યવાહીથી કંટાળીને

ક.	કેસના અંતિમ તબકકે

ડ.	કોર્ટ – વકીલના કહેવાથી

૫.	શું તમને કાનૂની સહાય કેન્દ્ર દ્વારા અપાયેલી સેવાથી સંતોષ છે?

અ. હા

બ. ના

જો ના, તો કયા કારણોસર

અ. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા અસહકાર ભર્યો વર્તાવ

બ. કેસ સમજવા–સમાધાન માટે અવાર નવાર ધકકા ખવડાવ્યા

ક. કોઈ ન્યાયાધીશ કે વકીલના દબાણના કારણે

ડ. અન્ય

કારણો : ..........................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

૬. તમારો કેસ કોણે સાંભળ્યો ?

અ. અધિકારીએ

બ. સમાધાનકર્તાએ

ક. વકીલે

ડ. ન્યાયાધીશે

૭. તમારો કેસ તેઓએ બરાબર સમજી યોગ્ય અને બિન પક્ષપાતપૂર્ણ મદદ કરી હતી ?

અ. હા

બ. ના

૮. તમારા કેસનો ઉકેલ લાવવામાં કાનૂની સહાય કેન્દ્રને કેટલો સમય લાગ્યો ?

અ. એક બેઠક

બ. બે બેઠક

ક. ત્રણ કે તેથી વધુ બેઠકો

ડ. ઉકેલ આવ્યો નથી – હજુ ચાલું છે.

૯. કાનૂની સહાય કેન્દ્રના અધિકારી–સમાધાનકર્તા દ્વારા સમાધાન માટે દબાણ કરાય છે ?

અ. હા

બ. ના

ક. હા,

તો કયા પ્રકારનું

દબાણ : ..........................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

૧૦. કાનૂની સહાય કેન્દ્રમાં થયેલાં સમાધાનથી સંતોષ છે ?

અ. હા

બ. ના

૧૧. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા થયેલું સમાધાન અમલી બન્યું છે ?

અ. હા

બ. ના

૧૨. પ્રવર્તમાન પ્રણાલિ લાભાર્થીઓ માટે યોગ્ય અને ઉપયોગી છે ?

અ. હા

બ. ના

૧૩. તમે આ અંગે કોઈ સૂચન કરવા માગો છો ?

અ. હા

બ. ના

ક. સૂચન હોય તો જણાવો.............................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

૧૪. કાનૂની સહાય કેન્દ્રમાં કેસને સાંભળવા માટે થતી પ્રક્રિયા અંગે તમારે શું કહેવું છે ?

અ. સામાન્ય પ્રકારની છે

બ. અત્યંત સરળ પ્રક્રિયા છે

ક. ગુંચવાડાભરી છે

ડ. કોર્ટના જેવી જ છે.

૧૫. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા તમને કઈ સમસ્યા નડી ?

અ. હા

બ. ના

જો હા, તો કેવી સમસ્યા નડી.

– ફીની માંગણી કરી – ખર્ચના પૈસા માગ્યા

– વિલંબ કરવામાં આવ્યો

– બિન અનુભવી સમાધાનકર્તા હતા

– સમાધાનકર્તાનું અસહકારભર્યુ વર્તન હતું.

૧૬. તમારા કેસના સમાધાનના અમલ બાબતે તમારે –

અ. ફરીથી કાનૂની સહાય કેન્દ્રમાં આવવું પડયું,

બ. કોર્ટમાં જવું પડયું.

ક. લોક અદાલતમાં જવું પડયું.

ડ. અન્ય વિકલ્પો શોધવા પડયા

.........................................................

...................................................................................................

...................................................................................................

૧૭. કાનૂની સહાય કેન્દ્ર અંગેના તમારા અનુભવથી તમે લોકોને કાનૂની કેસ માટે –

અ. કેન્દ્રનો સંપર્ક કરવાનું જણાવશો.

બ. કેન્દ્રનો સંપર્ક કરવાની ના પાડશો.

ક. નિષ્ણાત વકીલની મદદ લેવાનું જણાવશો

ડ. અન્ય કોઈ રીતે ઉકેલ લાવવાનું જણાવશો

૧૮. શું આ કેન્દ્ર ખરેખર ૨૪ કલાક (દિવસ અને રાત ) સેવા આપે છે ખરું ?

અ. હા

બ. ના

૧૯. તમારા કેસમાં સમાધાન નહીં થવા પાછળ કયા પરિબળો જવાબદાર હતા ?

અ. પોતાનું વલણ

બ. સામાવાળા પક્ષકારોનો અભિગમ

ક. વકીલ અને સમાધાનકર્તાનો અભિગમ

ડ. કન્સીલીયેટરનો અભિગમ

ઈ. અન્ય કારણો...........................................................................

.....................................................................................................

.....................................................................................................

આ પ્રશ્નોત્તરી ઉપરાંત પણ જો આપને કાનૂની સહાય કેન્દ્ર અને કાનૂની સહાય સંબંધી કંઈપણ બાબત સુચવવા જેવી લાગતી હોય તો અહીં જણાવશો.

**પ્રશ્નોત્તરી**

**<u>કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલા સમાધાનકર્તા અને વકીલ માટે પ્રશ્નોત્તરી</u>**

૧. નામ

૨. પુરૂષ – સ્ત્રી

૩. ઉમર

૪. સરનામું

૫. શૈક્ષણિક લાયકાત

૬. વૈવાહિક દરજ્જો

૭. વ્યવસાયિક દરજ્જો

**પ્રશ્નોત્તરી**

૧. તમે કેટલા વર્ષથી કાનૂની પ્રેક્ટિસ કે સમાજ સેવા કરો છો ?

.........................................................................................

૨. તમે આ કાનૂની સહાય કેન્દ્રમાં કેવી રીતે જોડાયા ?

અ. કોર્ટના સૂચનથી

બ. મિત્રોના સૂચનથી

ક. સ્વૈચ્છિક રીતે સમાજ પ્રત્યે દાયિત્વ નિભાવવા

ડ. વૈકલ્પિક તકરાર નિવારણ પદ્ધતિને બળ મળે

૩. શું તમે ખરેખર માનો છો કે આ કેન્દ્ર દ્વારા અદાલતો કરતાં વધુ ઝડપી–સક્ષમ ન્યાય મળે છે ?

અ. હા

બ. ના

૪. કાનૂની સહાય કેન્દ્રમાં વકીલોની ભૂમિકા અંગે તમારું શું માનવું છે ?

અ. ખૂબ અગત્યની છે

બ. ઓછી અગત્યની છે

ક. પ્રસંગોપાત મહત્વ ધરાવે છે.

ડ. જરૂરી જ નથી

૫. કાનૂની સહાય કેન્દ્રની કાર્યપદ્ધતિ અને વ્યવસ્થા અંગે તમને સંતોષ છે ?

અ. હા

બ. ના

જો ના, તો તમારા સૂચનો જણાવશો.

.........................................................................................................

.........................................................................................................

.........................................................................................................

૬. કાનૂની સહાય કેન્દ્રના કારણે અદાલતોમાં કેસોનું ભારણ ઘટે છે ખરૂં ?

અ. હા

બ. ના

૭. કાનૂની સહાય કેન્દ્ર તેના લક્ષ્યાંકો (મફત–સક્ષમ અને ઝડપી ન્યાય ) સિદ્ધ કરવામાં સફળ રહયું છે ખરૂં ?

અ. હા

બ. ના

૮. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા થતું કામકાજ પ્રસિદ્ધિ માટે થાય છે ?

અ. હા

બ. ના

૯. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા કેસનો નિકાલ વાસ્તવિક રીતે થાય છે?

અ. હા

બ. ના

૧૦. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા કેસનો નિકાલ માત્ર આંકડાકીય સિદ્ધિ દર્શાવવા થાય છે ?

અ. હા

બ. ના

૧૧. કાનૂની સહાય કેન્દ્ર અંગે વકીલ તરીકે તમે શું માનો છો ?

અ. અનુભવી વકીલોએ સેવા આપવી જોઈએ

બ.	જુનિયર વકીલોએ સેવા આપવી જોઈએ

ક.	વર્ષમાં દરેક વકીલે ઓછોમાં ઓછી ૧૨ કેસોમાં સેવા આપવી જોઈએ

ડ.	વકીલોએ સેવા આપવી જ ન જોઈએ

૧૨.	કાનૂની સહાય કેન્દ્ર દ્વારા થતી પ્રવૃત્તિઓમાંથી આપનો પસંદગીક્રમ જણાવશો.
?

અ.	સમારંભો અને મહાનુભાવોની આગતા–સ્વાગતાઓ કરવી ( )

બ.	લોક અદાલતો યોજવી ( )

ક.	કાનૂની જાગરૂકતા શિબિરો યોજવી ( )

ડ.	પ્રસિદ્ધિજનક ઉપાયો પ્રયોજવા ( )

૧૩.	કાનૂની સહાય કેન્દ્રની પ્રવૃત્તિઓના સંચાલન માટે નાણાંકીય સવલતો કયાંથી મળે છે તે આપ જાણો છો ?

અ.	કેન્દ્ર સરકાર પાસેથી

બ.	રાજય સરકાર પાસેથી

ક.	સ્વૈચ્છિક સંસ્થાઓ અને અનુદાન દ્વારા

ડ.	ઉપરોકત તમામ પાસેથી

૧૪.	આ નાણાંકીય સવલોતોનો ઉપયોગ મહંદ અંશે–

અ.	વહિવટી ખર્ચમાં થાય છે

બ.	કાનૂની જાગૃત્તિ અને પ્રકાશન થાય છે

ક.	ખરેખર કાનૂની સહાય પૂરી પાડવા માટે થાય છે

ડ.	સમારંભો અને પ્રસિદ્ધિ માટે થાય છે

સમાધાનકર્તા કે વકીલ તરીકે કાનૂની સહાય કેન્દ્ર અને તેની પદ્ધતિમાં આપને કઈ સમસ્યાઓ (પ્રોબ્લેમ્સ)નો સામનો કરવો પડયો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

સમાધાનકર્તા કે વકીલ તરીકે કાનૂની સહાય પદ્ધતિમાં આપ શું ફેરફાર સૂચવો છો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

ભવિષ્યમાં કાનૂની સહાય કેન્દ્ર થકી કાનૂની સહાય અંગેની કઈ સંભાવનાઓ (પ્રોસ્પેકટસ) નજરે પડે છે.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

આ પ્રશ્નોત્તરી ઉપરાંત પણ જો આપને કાનૂની સહાય કેન્દ્ર અને કાનૂની સહાય સંબંધી કંઈપણ બાબત સુચવવા જેવી લાગતી હોય તો અહીં જણાવશો.

## પ્રશ્નોત્તરી

<u>કાનૂની સહાય સાથે સંકળાયેલા ન્યાયાધિકારીઓ માટે પ્રશ્નોત્તરી</u>

૧. નામ

૨. પુરૂષ – સ્ત્રી

૩. ઉમર

૪. સરનામું

૫. શૈક્ષણિક લાયકાત

૬. વૈવાહિક દરજજો

૭. હોદ્દો

## પ્રશ્નોત્તરી

૧. શું કાનૂની સહાય કેન્દ્ર દ્વારા લાભાર્થીઓને ઝડપી, સક્ષમ અને મફત ન્યાય મળે છે ?

અ. હા

બ. ના

૨. કાનૂની સહાય કેન્દ્ર થકી અપાતી સહાયથી અદાલતમાં કેસનું ભારણ ઘટે છે ?

અ. હા

બ. ના

૩. કાનૂની સહાય કેન્દ્રથી પરિણામોના આંકડાકીય મૂલ્યના સંદર્ભમાં આપનો શું અભિપ્રાય છે ?

અ. આસ્તવિક છે

બ. ભ્રામક છે

ક. અતિશયોકિતભર્યા છે

ડ. પ્રસિદ્ધિજનક છે

૪. કાનૂની સહાય કેન્દ્ર અંતર્ગત યોજાતી લોક અદાલતોથી સામાજિક ન્યાયના હેતુ પૂર્ણ થાય છે ?

અ. હા

બ. ના

૫. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા યોજાતી કાનૂની જાગરૂકતા શિબિરોથી સામાજિક ન્યાયના હેતુ પૂર્ણ થાય છે ?

અ. હા

બ. ના

૬. લોક અદાલતો અને કાનૂની જાગરૂકતા શિબિરોની ઝુંબેશના કારણે આપના રોજિંદા કાર્યમાં દખલ થાય છે ?

અ. હા

બ. ના

૭. કાનૂની સહાય કેન્દ્ર સાથે સંકળાયેલા વકીલોની ભૂમિકા જણાવશો ?

અ. અનિવાર્ય છે

બ. ખૂબ જ અગત્યની છે

ક. ઓછી અગત્યની છે

ઠ. જરૂરી નથી

૮. કાનૂની સહાય કેન્દ્ર દરેક વકીલ દ્વારા વર્ષમાં અમુક કેસમાં સેવા આપવાનો ફરજયાત બનાવવું જોઈએ ?

અ. હા

બ. ના

૯. કાનૂની સહાય અને તેના આનુષંગિક પાસાઓ જેવા કે લોક અદાલતો, કાનૂની જાગરૂકતા શિબિરોમાં ન્યાયાધિકારીઓની ભૂમિકા –

અ. આવશ્યક છે

બ. ખૂબજ અગત્યની છે

ક. ઓછી અગત્યની છે

ડ. જરૂરી નથી

૧૦. કાનૂની સહાય મેળવનારા લાભાર્થીઓ–

અ. ખરેખર ગરીબ હોય છે

બ. યોગ્ય હોય છે

ક. અયોગ્ય હોય છે

ડ. વકીલોએ મોકલેલા હોય છે

૧૧. કાનૂની સહાય કેન્દ્ર દ્વારા થતી પ્રવૃત્તિઓ–

અ. સમારંભો અને મહાનુભાવોની આગતા સ્વાગતાઓ કરવી

બ. લોક અદાલતો યોજવી

ક. કાનૂની જાગરૂકતા શિબિરો યોજવી

ડ. પ્રસિદ્ધિજનક ઉપાયો પ્રયોજવા

૧૨. કાનૂની સહાય કેન્દ્રના વિવિધ કાર્યલક્ષી પાસાઓમાંથી આપ સૌથી વધુ કયું પસંદ કરો છો ?

..............................................................................................

..............................................................................................

..............................................................................................

૧૩. વર્તમાન સંદર્ભમાં વૈયક્તિક તકરાર પદ્ધતિ વિષે આપના મંતવ્યો જણાવશો.

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

૧૪. કાનૂની સહાય અંગેની સમસ્યાઓ અને તેને દૂર કરવા અંગે આપના સૂચનો જણાવશો.

..............................................................................................

..............................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

૧૫. કાનૂની સહાય કેન્દ્ર અને કાનૂની સહાય અંગેની ભવિષ્યની સંભાવનાઓ જણાવશો.

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

આ પ્રશ્નોત્તરી ઉપરાંત પણ જો આપને કાનૂની સહાય કેન્દ્ર અને કાનૂની સહાય સંબંધી કંઈપણ બાબત સુચવવા જેવી લાગતી હોય તો અહીં જણાવશો.

## પરિશિષ્ટ–૧૫

### કાનૂની સહાય કેન્દ્ર દ્વારા ઉજવવામાં આવતા મહત્વના દિવસોની યાદી.

| ક્રમ | દિવસો | તારીખ |
|---|---|---|
| ૧. | આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ | ૦૮ માર્ચ |
| ૨. | ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતિ | ૧૪ એપ્રિલ |
| ૩. | મહાત્મા ગાંધી જયંતિ | ૦૨ ઓકટોબર |
| ૪. | સરદાર પટેલ જયંતિ | ૩૧ ઓકટોબર |
| ૫. | રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ | ૦૯ નવેમ્બર |
| ૬. | માનવ અધિકાર દિન | ૧૦ ડિસેમ્બર |

## પરિશિષ્ટ–૧૬

## કાનૂની સેવાઓ સાથે સંકળાયેલી અગત્યની તારીખો

| ક્રમ | દિવસો | તારીખ |
|---|---|---|
| ૧. | કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ, ૧૯૮૭ | ૧૧/૧૦/૧૯૮૭ |
| ૨. | કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ (સુધારો)૧૯૯૪ | ૨૯/૧૦/૧૯૯૪ |
| ૩. | ગુજરાતમાં કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમનો અમલ | ૦૭/૦૪/૧૯૯૭ |
| ૪. | કાનૂની સેવા સત્તા મંડળ નિયમોનો અમલ | ૦૩/૦૫/૧૯૯૭ |
| ૫. | માન્ય ન્યાયમૂર્તિશ્રી જે. એન. ભટ્ટની પ્રથમ કારોબારી અધ્યક્ષ તરીકેની નિમણૂંક | ૧૮/૧૨/૧૯૯૭ |
| ૬. | ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળનું બંધારણ | ૨૦/૦૧/૧૯૯૮ |
| ૭. | રેગ્યુલેશન જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ | ૧૮/૦૪/૧૯૯૮ |
| ૮. | રેગ્યુલેશન રાજય સત્તા મંડળ | ૨૦/૦૪/૧૯૯૮ |

| | | |
|---|---|---|
| ૯. | ગુજરાત હાઈકોર્ટ કાનૂની સેવા સમિતિનું બંધારણ | ૨૧/૦૪/૧૯૯૮ |
| ૧૦. | વિશ્વનું સૌ પ્રથમ ચોવીસ કલાક ચાલતું કાનૂની સહાય કેન્દ્ર ખુલ્લુ મુકાયું. | ૦૪/૦૭/૧૯૯૯ |
| ૧૧. | રાષ્ટ્રિય કાનૂની સેવા દિવસ | ૦૯ નવેમ્બર ૧૯૯૫ |